શાળોપયોગી

# ઈંગ્લેન્ડનો ઈતિહાસ

આચાર્ય

G. O. B. D.

# ઇંગ્લેન્ડનો ઇતિહાસ

લેખક

**મહાશંકર પોપટભાઈ આચાર્ય.**

બી. એ., બી. ટી. (ઑનર્સ)

સુધારોવધારો કરનાર

**અંબાલાલ દલસુખરામ શાહ.**

બી. એ., એસ. ટી. સી.

શિક્ષક, ધી ન્યુ હાઈસ્કૂલ, અમદાવાદ.

**ધી ગુજરાત ઓરિએન્ટલ બુકડીપો,**

**ગાંધીરોડ, અમદાવાદ.**

**કિંમત : રૂ. ૪-૧૨-૦**

First Edition: 1926.
Second Edition: 1927. Reprint 1929.
Third Edition: 1930. Reprint 1932.
Fourth Edition: Revised 1938.

*All rights reserved by the Publisher.*

Printed by Manilal Purushottam Mistry, B. A. at the Aditya Mudranalaya, Raikhad, Ahmedabad, and published by Popatlal Maganlal, Manager, the Gujarat Oriental Book-Depot, Gandhi Road, Ahmedabad.

# નિવેદન

આપણા દેશની માન્યતા પ્રમાણે ઇતિહાસ એટલે પુરાણ અથવા પાંચમો વેદ! આમ છે તો આપણા દેશમાં ઇતિહાસ–શિક્ષણના લાભની ચર્ચા કરવાની આવશ્યકતા શાની હોય? ઇતિહાસના વાસ્તવિક સ્વરૂપ વિષે કદાચ મતભેદ હશે, પરંતુ લોકશિક્ષણમાં તેની ઉપયોગિતા તો સર્વ કોઈ એકમતે સ્વીકારે છે.

નિત્યના જીવનમાં જેમ વ્યક્તિ પોતાના પૂર્વ અનુભવ સંભારી તેને વ્યવહારમાં યોજે છે, અને પોતાના આચારમાં શાણપણ લાવે છે, તેમ કોઈ પણ સુશિક્ષિત સમાજ પોતાના પ્રાચીન કાળના તેમજ સંસ્કાર અને પરિસ્થિતિથી ભિન્ન એવા અન્ય કોઈ સમાજના અનુભવોને બોધપ્રદ અને માર્ગદર્શક કરી શકે છે.

આપણા વર્તમાન સંયોગોમાં ઈંગ્લેન્ડ જેવા સુસંસ્કૃત અને સમૃદ્ધ દેશનો ઇતિહાસ આપણને અનેક રીતે ઉપયોગી છે; આથીજ આપણી માધ્યમિક શાળાઓના અભ્યાસક્રમમાં વિચારપૂર્વક તેને યોગ્ય સ્થાન આપવામાં આવ્યું છે.

આપણી શાળાઓમાં ઇતિહાસનું શિક્ષણ અંગ્રેજીદ્વારા આપવાથી આપણા વિદ્યાર્થીઓ આવા રસિક વિષયની હકીકતોના કેવળ ભારવાહક બને છે, એમ સ્વાભાવિક રીતે અનુભવસિદ્ધ ગણાવા લાગ્યું. પરભાષાની અટપટી ગુંચવણોમાં પડેલાં આપણાં બાળકો એ ભાષાદ્વારા મળતા જ્ઞાનનો મર્મ ગ્રહણ કરી શકતાં નથી, એ વાત તો આપણા કેળવણીકારોએ પણ સ્વીકારી હતી. વળી યુનિવર્સિટિ રિફૉર્મ્સ કમિટી સમક્ષ ઘણા વિદ્વાનોએ માતૃભાષાદ્વારા શિક્ષણ આપવાની હિમાયત કરી હતી. પરિણામે મુંબઈ યુનિવર્સિટિએ પણ યુગબળને વશ થઈ ઇતિહાસના ઉત્તરો આપવામાં દેશી ભાષાનો ઉપયોગ કરવાની વૈકલ્પિક છૂટ આપી છે.

સાથે સાથે યોગ્ય પાઠ્ય પુસ્તકોના અભાવને આગળ ધરી દેશી ભાષામાં શિક્ષણ આપવાનો પ્રતિવાદ કરનારાઓ પણ શિક્ષણમાં માતૃભાષાના આગ્રહનો પરોક્ષ સ્વીકાર તો કરેજ છે. આવા સંયોગોમાં આપણી અલ્પધન ભાષામાં ઈંગ્લેન્ડના ઇતિહાસ વિષેનાં ગણ્યાંગાંઠ્યાં પુસ્તકોમાં એકાદની વૃદ્ધિ

કરવા માટે ક્ષમા માગવાની કે પ્રયોજન દર્શાવવાની જરૂર રહેતી નથી. આશા માત્ર એટલીજ છે, કે આપણો શિક્ષણરસિક વર્ગ અંગ્રેજી ભાષાનું જ્ઞાન નબળું પડી જવાના ભ્રમને વશ ન થતાં આ નવી મળેલી છૂટનો સંપૂર્ણ ઉપયોગ કરશે.

પ્રસ્તુત ગ્રંથની યોજનામાં જે નવીનતા જણાય, તેની યોગ્યતાનો નિર્ણય વાચકવર્ગને કરી લેવાની ભલામણ છે. ખાસ કરીને કહેવાનું માત્ર એટલુંજ છે, કે આ યોજના ઇતિહાસશિક્ષણની અર્વાચીન પદ્ધતિને અનુસરીને કરવામાં આવી છે. વળી વિષયનું સ્ફોટન કરતાં કાર્યકારણની પરંપરા જળવાઈ રહે, તેની બનતી સંભાળ રાખવામાં આવી છે. આ ગ્રંથનો કેટલોક ભાગ તો વિશેષે કરીને વર્ગશિક્ષણ માટે કાઢેલી નોંધ પરથી લખવામાં આવ્યો છે, એટલે અભ્યાસકોને માટે તે વિશેષ માર્ગદર્શક અને ઉપયોગી થઈ પડે એમ છે.

ઇતિહાસ અને સાહિત્ય એ તો એકજ પ્રજાજીવનનાં બે પડ છે; ઉભય પરસ્પરનાં ઉપકારક છે. પ્રજાનું બાહ્ય અને આંતર જીવન છૂટું શી રીતે પડી શકે? આથી શાળોપયોગી ગ્રંથની મર્યાદાનો વિચાર કરીને સ્થળે સ્થળે ઐતિહાસિક પ્રસંગોનો સાહિત્ય જોડે પણ યોગ સાધવામાં આવ્યો છે. સાથે સાથે પ્રજાજીવન ઘડનારાં બીજાં ઉપયોગી અંગોનો પણ આ ગ્રંથમાં યથા-શક્તિ વિચાર કરવામાં આવ્યો છે.

જે જે મિત્રોએ આ ગ્રંથ લખવામાં સલાહ, સહાય, સૂચના, અને પ્રોત્સાહન આપ્યાં છે, તે સર્વેનો આ સ્થળે કૃતજ્ઞતાપૂર્વક આભાર માનું છું.

જે દયાઘન પ્રભુની પ્રેરણાથી આ ગ્રંથ લખાયો અને સમાપ્ત થયો, તેની કૃપાથી વિદ્યાર્થીઓ અને ભાષાનુરાગી સાહિત્યરસિકો લેખકની ઉણપો પ્રત્યે ઉદાર ભાવે દુર્લક્ષ કરી કંઈક પણ ઉપયોગી તત્ત્વ મેળવી શકશે, તો લેખક પોતાને કૃતકૃત્ય થયો માનશે; વાચકવર્ગનો સંતોષ તેજ લેખકના પરિશ્રમનો યોગ્ય બદલો છે. અસ્તુ !

કમલા એકાદશી,
અધિક ચૈત્ર, સંવત ૧૯૮૩.
અમદાવાદ.

એમ. પી. આચાર્ય.

# ચતુર્થ આવૃત્તિની પ્રસ્તાવના

આ ગ્રંથની ચતુર્થ આવૃત્તિ પ્રકટ થાય છે, એજ તેની લોકપ્રિયતા સૂચવે છે. પરંતુ તેના લેખક રા. રા. મહાશંકર પોપટભાઈ આચાર્યનું અવસાન થએલું હોવાથી આ પુસ્તકમાં સુધારોવધારો કરવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું છે. એમાં વિદ્વાન્ ગ્રંથકર્તાની નૈસર્ગિક યોજના બની શકે તેટલી કાયમ રાખીને માત્ર આધુનિક જરૂરિઆતોનો સમાવેશ કરેલો છે. આ પુસ્તકમાં જે કંઈ સુધારોવધારો કર્યો છે, તે ખાસ કરીને મુંબઈ યુનિવર્સિટિએ સૂચવેલા નવીન અભ્યાસક્રમને અનુલક્ષીને કરેલો છે.

અગર જો મેટ્રિક્યુલેશનના વિદ્યાર્થીઓ માટે નવીન અભ્યાસક્રમમાં સ્ટુઅર્ટ સમય અને હેનોવર સમયનો સંપૂર્ણ અભ્યાસ કરવાનું નક્કી કરેલું છે એ ખરૂં, તેમ છતાં તેમના અભ્યાસમાં યોગ્ય સંકલના જાળવવાની જરૂરિઆત પણ તેટલીજ અનિવાર્ય છે. એથી કરીને પ્રાચીન સમય અને ટયુડર સમયનો રૂપરેખાત્મક અભ્યાસ આવશ્યક છે; તેટલા માટે તે સંબંધી યોગ્ય ઉલ્લેખ કરીને અભ્યાસના અનુસંધાનની જોગવાઈ કરી આપવામાં આવી છે. તે ઉપરાંત જો કે વિદ્યાર્થીઓ માટે 'વિકટોરિઅન યુગ' સુધીના અભ્યાસની મર્યાદા આંકવામાં આવી છે, પણ તે અભ્યાસની ખરી ખુબીનો તાદશ ચિતાર આણવા માટે વર્તમાન ઇતિહાસ તરફ દૃષ્ટિપાત કરવાની જરૂર પણ લેશમાત્ર ઓછી થતી નથી; અને તેથીજ ઈંગ્લેન્ડનું આજદિન સુધીનું રાજકારણ અને વર્તમાન જગતના સુધરેલા દેશોની પરિસ્થિતિનો ટૂંક ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે વિદ્યાર્થીઓને ઘણોજ લાભદાયી થઈ પડે એમ છે.

નવીન અભ્યાસક્રમ સંબંધી યુનિવર્સિટિએ રજુ કરેલું દૃષ્ટિબિન્દુ ધ્યાનમાં રાખીને, તેમજ શિક્ષક તરીકે મને જે જે અનુભવ મળેલા છે તે લક્ષમાં રાખીને પ્રસ્તુત ગ્રંથમાં સુધારોવધારો કર્યો છે. ઐતિહાસિક પ્રસંગોનું મહાત્મ્ય અને પાત્રોની યોગ્યતા વિચારીને ઉચિત ભાષામાં બોધપ્રદ શૈલીથી વિષયનું નિરૂપણ કરવામાં આવ્યું છે: વિશેષે કરીને અંગ્રેજ પ્રજાએ રાજ્યતંત્રના

વિષયમાં ક્રમે ક્રમે કરેલી પ્રગતિ, અને તેથી "નિયમિત રાજાસત્તાક રાજ્યતંત્ર"–પાર્લમેન્ટનું અસ્તિત્વ અને તેની સત્તાની વૃદ્ધિ, લોકજીવન અને લોકશાસન, દેશના કારભારની આંતરનીતિ અને દેશાવર સાથેની પરરાજ્યનીતિ, રાજદ્વારી પુરુષો અને વીર નરોનાં જીવનચરિત્રો અને તેમની રાજ્યનીતિ તથા વ્યૂહ-રચનાનાં ધ્યેય, સંસ્થાનોની સ્થાપના અને સામ્રાજ્યના વિકાસ અર્થે યોજાએલા પ્રયાસો, વ્યાપારવૃદ્ધિ અને વ્યાપારનાં ક્ષેત્રો, ઔદ્યોગિક પ્રવૃત્તિ, વ્યાપાર–વ્યવહારના માર્ગોનું સ્વામિત્વ, યુરોપનાં અન્ય રાષ્ટ્રોમાં ઉપસ્થિત થએલા પ્રસંગોમાં ઈંગ્લેન્ડનો હિસ્સો, સામ્રાજ્યનું હિત જાળવવાના પ્રયત્નો, સામ્રાજ્યની પ્રજાઓને લોકશાસનને માર્ગે લઈ જવાના અખતરા, આદિ અનેકવિધ પ્રસંગોનો ઉલ્લેખ સુસ્પષ્ટ રીતે કરવામાં આવ્યો છે. એથી કરીને આખોએ વિષય રસિક થઈ પડ્યા વગર રહેશે નહિ. રાજ્યબંધારણનો ભાગ નવેસરથી લખીને રજુ કરવામાં આવ્યો છે. ૧૭ નકશા, ૪૮ ચિત્રો, તવારીખ, સીમાસ્તંભો, સમયરેખા, ૧૪ જીવનચરિત્રો, નમુનારૂપ ૧૫૬ પ્રશ્નો, આદિથી ગ્રંથને આકર્ષક અને માર્ગદર્શક કરવામાં આવ્યો છે.

આ ગ્રંથ પ્રકટ કરવાના કાર્યમાં રા. દલસુખરામ ચુનીલાલ ત્રિવેદીએ પરિશ્રમ ઉઠાવી જે સલાહ, સૂચના અને સહાય આપી છે, તે માટે તેમનો આભાર માનવામાં આવે છે.

આશા છે કે પ્રસ્તુત ગ્રંથ અસલ ગ્રંથ કરતાં આજના વિદ્યાર્થીઓને વધુ ઉપયોગી થઈ પડશે.

તારીખ ૩–૩–૩૮ }
અમદાવાદ }

એ. ડી. શાહ.

# અનુક્રમ

## ખંડ ૧ લોઃ પૂર્વરંગ

### પ્રાચીન સમયથી ઇ. સ. ૧૪૮૫ સુધી


| પ્રકરણ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | અંગ્રેજ પ્રજા ... ... ... ... ... | ૩ |
| ૨ | ડેન લોકોનું આક્રમણ ... ... ... ... | ૭ |
| ૩ | નોર્મન વંશ ... ... ... ... ... | ૧૨ |
| ૪ | પ્લેન્ટેજીનેટ વંશ ... ... ... ... ... | ૧૯ |
| ૫ | લોકસત્તાનો ઉદય ... ... ... ... ... | ૩૦ |
| ૬ | એડવર્ડ ૩જો અને તેનો પૌત્ર ... ... ... | ૪૦ |
| ૭ | લૅંકેસ્ટર અને યોર્ક વંશ ... ... ... ... | ૪૬ |
| ૮ | પ્રજાજીવનનો વિકાસ ... ... ... ... | ૫૪ |
| | ૧. રાજકારણ ... ... ... ... ... | ૫૪ |
| | ૨. ઉદ્યોગ અને વાણિજ્ય ... ... ... ... | ૫૭ |
| | ૩. સમાજ ... ... ... ... ... | ૫૯ |
| | ૪. સાહિત્ય ... ... ... ... ... | ૬૧ |
| | ૫. ધર્મ ... ... ... ... ... | ૬૩ |


## ખંડ ૨ જોઃ નવયુગ

### ટ્યુડર વંશઃ ઇ. સ. ૧૪૮૫-૧૬૦૩


| | | |
|---|---|---|
| ૧ | હેનરી ૭મો ... ... ... ... ... | ૭૧ |
| ૨ | હેનરી ૮મો ... ... ... ... ... | ૭૬ |
| ૩ | એડવર્ડ ૬ઠ્ઠો અને મેરી ... ... ... ... | ૮૨ |
| ૪ | ઇલિઝાબેથ ... ... ... ... ... | ૮૬ |
| ૫ | યુરોપમાં ધર્મોદ્ધાર... ... ... ... ... | ૯૭ |

૬ ટ્યુડર સમયમાં ધર્મોદ્ધાર ... ... ... ... ૧૦૨
૭ નવી દુનિયાની શોધ ... ... ... ... ૧૧૧
૮ પ્રજાજીવનનો વિકાસ ... ... ... ... ૧૧૮

૧. પાર્લમેન્ટ ... ... ... ... ... ૧૧૮
૨. ઉદ્યોગ અને વાણિજ્ય... ... ... ... ૧૧૯
૩. સમાજ ... ... ... ... ... ૧૨૧
૪. સાહિત્ય ... ... ... ... ... ૧૨૧

## ખંડ ૩ જો: લોકશાસનનું મંડાણ

### સ્ટુઅર્ટ વંશ: ઇ. સ. ૧૬૦૩–૧૭૧૪

૧ જેમ્સ ૧લો ... ... ... ... ... ૧૨૭
૨ ચાર્લ્સ ૧લો ... ... ... ... ... ૧૩૪
૩ ચાર્લ્સ ૧લો: રાજાપ્રજા વચ્ચે યુદ્ધ ... ... ... ૧૪૬
૪ સૈન્યસત્તાક રાજ્ય ... ... ... ... ... ૧૬૦
૫ રાજાનું પુનરાગમન: ચાર્લ્સ બીજો ... ... ... ૧૭૨
૬ રાજ્યક્રાન્તિ: જેમ્સ બીજો ... ... ... ૧૯૦
૭ વિલિયમ ૩જો અને મેરી ૨જી ... ... ... ૧૯૭
૮ એન ... ... ... ... ... ... ૨૦૯
૯ સામ્રાજ્યનો ઉદય ... ... ... ... ... ૨૨૦
૧૦ સત્તરમા શતકનું ઇંગ્લેન્ડ ... ... ... ... ૨૨૪

૧. રાજકારણ ... ... ... ... ... ૨૨૪
૨. ધર્મ ... ... ... ... ... ૨૨૭
૩. ઉદ્યોગ અને વાણિજ્ય... ... ... ... ૨૨૯
૪. સમાજ ... ... ... ... ... ૨૩૦
૫. સાહિત્ય ... ... ... ... ... ૨૩૨

## ખંડ ૪ થોઃ મધ્યાહ્ન

### હેનોવર વંશઃ ઈ. સ. ૧૭૧૪–૧૯૧૪

### વિંડસર વંશઃ ઇ. સ. ૧૯૧૪–ચાલુ


| | | |
|---|---|---|
| ૧ | જ્યૉર્જ ૧લો | ૨૩૬ |
| ૨ | જ્યૉર્જ બીજો | ૨૪૪ |
| ૩ | પ્રતાપી પિટ્ટ | ૨૫૩ |
| ૪ | જ્યૉર્જ ૩જો | ૨૬૨ |
| ૫ | ફ્રાન્સનો રાજ્યવિપ્લવ | ૨૭૭ |
| ૬ | જ્યૉર્જ ૪થો | ૨૯૭ |
| ૭ | વિલિયમ ૪થો | ૩૦૩ |
| ૮ | મહારાણી વિક્ટોરિઆ | ૩૦૯ |
| ૯ | ઔદ્યોગિક અને સામાજિક પરિવર્તન | ૩૨૮ |
| ૧૦ | લોકશાસનનો વિકાસ | ૩૩૫ |
| ૧૧ | ઈંગ્લેન્ડની પરરાજ્ય નીતિ | ૩૪૩ |
| ૧૨ | ઈંગ્લેન્ડની પરરાજ્ય નીતિ [ચાલુ] | ૩૫૭ |
| ૧૩ | મહાવિગ્રહ અને વર્તમાન ઇતિહાસ | ૩૬૬ |
| ૧૪ | સામ્રાજ્યનો વિકાસ... | ૩૮૯ |
| ૧૫ | સામ્રાજ્યમાં સ્વરાજ્ય | ૪૦૧ |
| ૧૬ | આયર્લેન્ડનો ઇતિહાસ | ૪૧૧ |
| | પૂરવણી ૧ વર્તમાન જગત્... | ૪૨૧ |
| | પૂરવણી ૨ જીવનચરિત્રો | ૪૩૩ |


### બ્રિટિશ રાજ્યબંધારણ


| | | |
|---|---|---|
| ૧ | પાર્લમેન્ટનો વિકાસ | ૪૫૨ |
| ૨ | બ્રિટિશ રાજ્યબંધારણની વિશિષ્ટતા અને તાજ | ૪૫૫ |
| ૩ | પાર્લમેન્ટ... | ૪૬૦ |
| ૪ | પ્રધાનમંડળ | ૪૬૭ |
| | પરિશિષ્ટ ૧લું ... ... સીમાસ્તંભો | ૪૭૯ |
| | ,, ૨જું ... ... સમયરેખા | ૪૮૧ |
| | ,, ૩જું ... ... પ્રશ્નો | ૪૯૭ |

# વંશવૃક્ષો


| નામ | પૃષ્ઠ |
| --- | --- |
| ૧. નોર્મન વંશ ... ... ... ... ... ... ... | ૧૧ |
| ૨. પ્લેન્ટેજીનેટ વંશ ... ... ... ... ... ... | ૪૫ |
| ૩. યોર્ક વંશ ... ... ... ... ... ... ... | ૪૫ |
| ૪. લેંકેસ્ટર વંશ.... ... ... ... ... ... ... | ૪૫ |
| ૫. ટ્યુડર વંશ ... ... ... ... ... ... ... | ૭૦ |
| ૬. સ્ટુઅર્ટ વંશ ... ... ... ... ... ... ... | ૧૨૪ |
| ૭. હેનોવર વંશ ... ... ... ... ... ... ... | ૨૩૪ |
| ૮. વિંડસર વંશ ... ... ... ... ... ... ... | ૨૩૪ |


# નકશા


| નામ | પૃષ્ઠ |
| --- | --- |
| હેનરી ૨જાનું ફ્રાન્સનું રાજ્ય. ... ... ... ... | ૪૮ |
| એડવર્ડ ૩જાનું ફ્રાન્સનું રાજ્ય. ... ... ... ... | ૪૮ |
| ત્રીસ વર્ષનો વિગ્રહ. ... ... ... ... ... | ૫૨ |
| ડ્રેકની મુસાફરી. ... ... ... ... ... | ૧૧૫ |
| આંતર વિગ્રહ ... ... ... ... ... | ૧૪૯ |
| બેલ્જીયમનાં યુદ્ધો. ... ... ... ... ... | ૨૧૨ |
| અમેરિકામાં અંગ્રેજ સંસ્થાનો. ... ... ... ... | ૨૨૨ |
| સપ્તવાર્ષિક વિગ્રહ: યુરોપ. ... ... ... ... | ૨૫૬ |
| સપ્તવાર્ષિક વિગ્રહ: ઉત્તર અમેરિકા. ... ... ... ... | ૨૫૮ |
| નેપોલિયન જોડેના વિગ્રહો. ... ... ... ... | ૨૮૧ |
| દ્વીપકલ્પીય વિગ્રહ. ... ... ... ... ... | ૨૯૦ |
| બેલ્જીયમ: ઈ. સ. ૧૮૩૧ ... ... ... ... | ૩૪૯ |
| યુરોપમાં તુર્ક સામ્રાજ્ય: ૧૯૬૭ ... ... ... ... | ૩૫૯ |
| યુરોપમાં તુર્ક સામ્રાજ્ય: ૧૯૧૪ ... ... ... ... | ૩૬૦ |
| યુરોપનાં બાલ્કન રાજ્યો: ૧૯૧૪ ... ... ... ... | ૩૭૦ |
| મિસર અને રાતો સમુદ્ર. ... ... ... ... | ૩૯૭ |
| દક્ષિણ આફ્રિકા. ... ... ... ... ... | ૪૧૦ |

# ચિત્રો


| નામ | | | પૃષ્ઠ |
|---|---|---|---|
| જુલિયસ સીઝર | ... | ... | ૪ |
| રોમન ધ્વજવાહક | ... | ... | ૫ |
| વિલિયમ ૧લો. | ... | ... | ૧૩ |
| લંડન ટાવર. | ... | ... | ૧૫ |
| ધર્મયુદ્ધનો સૈનિક. | ... | ... | ૧૭ |
| રાજા જ્હૉન મેગ્નાકાર્ટા ઉપર સહી કરી આપે છે.... | | | ૨૮ |
| વીર બાળા જોન ઑાવ્ આર્ક... | | | ૫૦ |
| હેનરી ૭મો | ... | ... | ૭૧ |
| હેનરી ૮મો | ... | ... | ૮૦ |
| મેરી ... | ... | ... | ૮૪ |
| ઇલિઝાબેથ... | ... | ... | ૮૭ |
| સ્પેનિશ વહાણ | ... | ... | ૯૨ |
| અંગ્રેજ વહાણ | ... | ... | ૯૩ |
| કેક્સ્ટનનું છાપખાનું ... | | ... | ૯૮ |
| માર્ટિન લ્યુથર | ... | ... | ૧૦૦ |
| ટૉમસ કેન્મર | ... | ... | ૧૦૭ |
| ફ્રાન્સિસ ડ્રેક. | ... | ... | ૧૧૪ |
| શેકસ્પિયર... | ... | ... | ૧૨૨ |
| જેમ્સ ૧લો. | ... | ... | ૧૨૭ |
| ચાર્લ્સ ૧લો. | ... | ... | ૧૩૫ |
| જ્હૉન હેમ્પડન | ... | ... | ૧૪૦ |
| ઓલિવર ક્રોમ્વેલ | ... | ... | ૧૫૦ |
| ચાર્લ્સ બીજો | ... | ... | ૧૭૩ |
| જેમ્સ બીજો | ... | ... | ૧૯૦ |
| વિલિયમ ૩જો | ... | ... | ૧૯૮ |
| મેરી બીજી... | ... | ... | ૧૯૯ |
| ડયૂક ઑાવ્ માર્લબરો... | | ... | ૨૧૦ |
| જ્યૉર્જ ૧લો | ... | ... | ૨૩૬ |
| વિલિયમ પિટ્ટ | ... | ... | ૨૬૧ |
| જ્યૉર્જ ૩જો | ... | ... | ૨૬૩ |
| જ્યૉર્જ વૉશિંગ્ટન | ... | ... | ૨૭૦ |
| નાનો પિટ્ટ... | ... | ... | ૨૭૪ |
| હોરેશિયો નેલ્સન | ... | ... | ૨૮૩ |
| નેપોલિયન બોનાપાર્ટ... | | ... | ૨૮૬ |
| ડયૂક ઑાવ્ વેલિંગ્ટન... | | ... | ૨૯૨ |
| વિલિયમ ૪થો | ... | ... | ૩૦૪ |
| મહારાણી વિકટોરિઆ | | ... | ૩૦૯ |
| પ્રિન્સ આલ્બર્ટ | ... | ... | ૩૧૦ |
| લૉર્ડ પામર્સ્ટન. | ... | ... | ૩૧૫ |
| વિલિયમ યુવર્ટ ગ્લેડસ્ટન | | ... | ૩૨૩ |
| ડિઝરાયેલી.... | ... | ... | ૩૨૪ |
| એડવર્ડ ૭મો | ... | ... | ૩૩૫ |
| પંચમ જ્યૉર્જ | ... | ... | ૩૪૧ |
| એડવર્ડ ૮મો | ... | ... | ૩૮૬ |
| જ્યૉર્જ છઠ્ઠો | ... | ... | ૩૮૭ |
| રામ્સે મૅકડોનાલ્ડ | ... | ... | ૪૪૮ |
| મિ. બાલ્ડવિન | ... | ... | ૪૪૯ |
| મિ. નેવિલ ચેમ્બરલેઈન | | ... | ૪૫૦ |

# ખંડ ૧ લો: પૂર્વરંગ

## પ્રાચીન સમયથી ઇ. સ. ૧૪૮૫ સુધી

# ઇંગ્લેન્ડનો ઇતિહાસ

## પ્રકરણ ૧લું

### અંગ્રેજ પ્રજા

**ભૌગોલિક પરિસ્થિતિ:** યુરોપના નકશામાં ગ્રેટબ્રિટન અને આયર્લૅન્ડ-ના ટાપુઓ જુઓ. આયર્લૅન્ડ ગ્રેટબ્રિટનથી નિરાળો ટાપુ છે, અને ત્યાંના લોકોની સંસ્કૃતિ જુદી છે. આયરિશ લોકો અંગ્રેજો કરતાં જાતિમાં જુદા છે, અને તેઓ જુદી ભાષા બોલે છે. ગ્રેટબ્રિટન એકજ ટાપુ હોવા છતાં એક દેશ નથી. ઉત્તર તરફનો દેશ સ્કૉટલેન્ડ કહેવાય છે, અને આશરે ત્રણસો વર્ષ પહેલાં એ દેશમાં સ્વતંત્ર રાજ્ય હતું. પશ્ચિમ તરફનો પહાડી મુલક વેલ્સ કહેવાય છે, અને ત્યાંની પ્રજા આયરિશ ભાષાને મળતી ભાષા બોલે છે. આ બે દેશો બાદ કરતાં ગ્રેટબ્રિટનનો બાકીનો ભાગ તે ઇંગ્લેન્ડ છે. આ દેશ એટલો નાનો છે, કે આગગાડીની અઢાર કલાકની મુસાફરીમાં છેક દક્ષિણેથી નીકળી છેક ઉત્તરમાં એડિનબરો પહોંચી જવાય, અને માત્ર આઠ કલાકની મુસાફરીમાં પૂર્વથી પશ્ચિમ છેડા સુધી સફર કરી શકાય. આવા નાના દેશના વતનીઓએ પોતાનું સામ્રાજ્ય આજે પાંચે ખંડમાં શી રીતે સ્થાપ્યું, તેનો ઇતિહાસ ખરેખર રસિક થઈ પડે તેવો છે.

**બ્રિટન લોકો:** ઇ. સ. પૂર્વે ૮૫માં આ દેશમાં બ્રિટન લોકો રહેતા હતા. તેઓ કેલ્ટ જાતિના હતા. તે સમયે આયર્લૅન્ડ અને સ્કૉટલેન્ડમાં પણ કેલ્ટ લોકો વસતા હતા. તેઓ વનચર દશાના જંગલી હતા. તેઓ જમીન ખેડતા, અને પાકને પર્વતોની ગુફામાં સંઘરી રાખતા. સમુદ્રકિનારા પર રહેનારા

લોકો હોડીઓ અથવા તરાપા વાપરતા. તેમને વણતાં આવડતું નહોતું, તેથી તેઓ ચામડી પર એક જાતનો રંગ લગાડતા, અને ટાઢ બહુ પડે ત્યારે ચામડાં ઓઢતા. તેઓ અનેક દેવદેવીઓને માનતા. આ દેવોને તેઓ પશુઓનાં અને કવચિત્ મનુષ્યોનાં બલિદાન દેતા. તેમના ગોર ડ્રુઈડ કહેવાતા.

બ્રિટન લોકો છુટાંછવાયાં ગામડાંમાં પોતાના સરદારના રક્ષણ નીચે રહેતા. તેમની ટોળીઓ વચ્ચે પરસ્પર અણબનાવ ચાલતો, એટલે પરદેશી શત્રુઓને ચઢી આવવામાં કંઈ હરકત પડતી નહિ. ઈ. સ. પૂર્વે ૬૦માં રોમન લોકોએ બ્રિટન પર સવારી કરી, અને તે જીતી લીધો.

**રોમન લોકો:** એ સમયમાં રોમન લોકોની ચડતી કળા હતી, અને ભૂમધ્ય સમુદ્રના કિનારા પર આવેલા મુલકો તેમને તાબે હતા; છતાં તેમના પ્રસિદ્ધ અને શૂરવીર સેનાપતિ જુલિયસ સીઝરે ગૅાલ (ફ્રાન્સ) જીતવાનું બીડું ઝડપ્યું. આ યુદ્ધમાં બ્રિટનોએ પોતાના એકલોહિયા ભાઈ ગૅાલ લોકોને સહાય આપી, તેનું વેર વાળવા સીઝર બ્રિટનમાં ઉતરી આવ્યો.



જુલિયસ સીઝર

**સીઝરની સવારી:** બ્રિટનો બહાદુરીથી સીઝરની સામા થયા, પરંતુ શૌર્ય અને સાહસમાં તે સમયે રોમના લશ્કરની જગતમાં જોડ ન હતી. ભલભલા લોકો પણ તેની આગળ નમી ગયા હતા, ત્યાં બિચારા બ્રિટનોના શા ભાર? કટોકટીને પ્રસંગે એક રોમન ધ્વજવાહકે રંગ રાખ્યો. તે બોલ્યો, "મિત્રો, દેશની કીર્તિ

ખાતર મારી પાછળ ઝંપલાવો. દેશ અને સરદાર પ્રત્યે ફરજ બજાવો, પછી ભલે તેમાં પ્રાણની આહૂતિ આપવી પડે." સીઝરે બે સવારીઓ કરી: તેણે બ્રિટનો પાસેથી ખંડણી ભરવાનું, અને ગૉલ લોકોને મદદ ન આપવાનું વચન લીધું. પછીનાં સો વર્ષ સુધી કોઈએ બ્રિટનનું નામ લીધું નહિ.



રોમન ધ્વજવાહક

**બીજી રોમન સવારીઓ:** ઇ. સ. ૪૩માં રોમન શહેનશાહને બ્રિટનોને વશ કરવાની ઇચ્છા થઈ, એટલે ફરીથી રોમન લશ્કર બ્રિટન પર ચઢી આવ્યું. બ્રિટનોએ આ હુમલાથી પોતાનું રક્ષણ કરવાની તનતોડ મહેનત કરી; તેઓ પોતાની સ્વતંત્રતા જાળવવા માથું મૂકીને રોમનો જોડે લડ્યા, પણ તાલીમ પામેલી સેના સામે જંગલી બ્રિટનોનું કશું વળ્યું નહિ.

**રોમન રાજ્યના લાભાલાભ:** બ્રિટનમાં લગભગ ૩૫૦ વર્ષ રોમન અમલ રહ્યો. તે દરમિઆન બ્રિટનને ઘણા લાભ થયા. શરૂઆતમાં તો સુધરેલા રોમનોએ જંગલો કાપી નાખી સુંદર નગરો વસાવ્યાં. તેમણે ભેજવાળી જમીન સૂકવી નાખી એવી ફળદ્રુપ બનાવી, કે રોમન સૈન્યને જોઈતો ઘઉંનો જથો અહીંથી મળવા લાગ્યો.

રોમનોએ દેશમાં વિદ્યા, કળા, શિલ્પ, હુન્નર, કાયદા અને સુવ્યવસ્થા દાખલ કર્યાં. બ્રિટનો ઉપર રોમન સંસ્કૃતિ અને વૈભવની છાપ પડી. કાયદાથી દેશમાં શાન્તિ સ્થપાઈ, એટલે વિદ્યાકળાની પણ વૃદ્ધિ થઈ. રોમનોએ પત્થરનાં સુંદર મકાનો બાંધ્યાં, અને દેશભરમાં મોટા, સળંગ, અને પાકા રસ્તા બનાવ્યા.

પરંતુ રોમન અમલથી બ્રિટનને એક મોટો ગેરલાભ પણ થયો. રોમન રાજ્યની શાન્તિ અને શીળી છાયામાં બ્રિટનો પરાવલંબી થઈ ગયા, અને શુરાતન ખોઈ બેઠા. તેમનામાં પોતાનું રક્ષણ કરવાની ઇચ્છા કે શક્તિ રહી નહિ, અને તેમનો સ્વાતંત્ર્યપ્રેમ પણ વીસારે પડ્યો. એવામાં મધ્ય અને પૂર્વ યુરોપનાં જંગલી ટોળાં ઇટલીની ફળદ્રુપ ભૂમિ પર તૂટી પડ્યાં, એટલે રોમનોએ બ્રિટનમાંથી પોતાનું લશ્કર પાછું બોલાવી લીધું. (ઇ. સ. ૪૧૦) પરિણામે શુરાતન ગુમાવી બેઠેલા બ્રિટનોની બુરી દશા થઈ.

**રોમનોની વિદાય:** રોમન લશ્કર વિદાય થતાં ઉત્તરમાંથી પિકટ અને સ્કૉટ લુટારા ઉતરી પડ્યા. તેઓ ગામો લૂટવા અને બાળવા લાગ્યા. બ્રિટનોમાં પોતાનો જાનમાલ બચાવવાની શક્તિ ન હતી. આશરે ચાલીસ વર્ષ સુધી તેમણે મદદ માટે અરજીઓ મોકલાવી, પણ સહાય મળી નહિ. છેવટે તેમણે હેન્જીસ્ટ અને હોર્સા નામના જર્મન સરદારોને પોતાનું રક્ષણ કરવા માટે બોલાવ્યા, પણ આ મિત્રો તો શત્રુ કરતાંએ ભયંકર નીવડ્યા. તેમણે બ્રિટનોના શત્રુઓને હરાવી હાંકી કાઢ્યા એ ખરૂં, પણ તેઓ બ્રિટનોની સામે થયા, અને તેમને હરાવી ત્યાં તેમણે પોતાનાં માણસો વસાવ્યાં. તેમની પાછળ બીજી જર્મન ટોળીઓ પણ આવી પહોંચી.

બ્રિટનોના આમંત્રણથી આવેલા લોકો જ્યુટ જાતિના હતા. તેમણે કેન્ટમાં પોતાનું રાજ્ય સ્થાપ્યું. તેમની પછી ઈંગ્લેન્ડના દક્ષિણ અને પૂર્વ કિનારા ઉપર સેકસનો ધસી આવ્યા. બ્રિટનો આ નવા શત્રુઓની સામે થયા ખરા, પરંતુ સઘળું ફોકટ ગયું.

સેકસનો કદાવર અને ગૌર વર્ણના હતા. પ્રથમ તેમને જ્યુટ લોકો જોડે યુદ્ધો કરવાં પડ્યાં. તેઓ નદીમાર્ગે દેશના અંદરના ભાગમાં દાખલ થયા, પણ ત્યાં વસવાટ કરવાનું કાર્ય વિકટ હતું. બ્રિટનો સેકસનોની સામે તો થયા, પણ સેકસનોએ તેમને પશ્ચિમમાં હઠાવી કાઢીને પોતાનાં સંસ્થાનો સ્થાપ્યાં.[1] આ લોકો કોઈ પણ નવો પ્રદેશ જીતી લે, કે તરતજ ત્યાં વસવાટ કરી ખેતી શરૂ કરી દેતા; પછી વસ્તી વધી જાય, ત્યારે જુવાનીઆઓ પોતાની એક ટોળી બનાવી બીજે સ્થળે જઈને વસે, અને બ્રિટન લોકોને ત્યાંથી હાંકી કાઢે એમ ચાલ્યું. આ સેકસન શત્રુઓની સામે લડાઈમાં ઝૂઝનાર આર્થર નામનો રાજા હતો. ટેનિસને તેને પોતાનાં કાવ્યોમાં અમર કર્યો છે.

સેકસન લોકો દક્ષિણમાં વસતા હતા, ત્યારે એંગલ લોકો[2] પૂર્વમાં

---

૧. જે શહેરના નામને છેડે Sex હોય, તે સેકસન સંસ્થાન જાણવું. ઉદાહરણ–Sussex, Essex, Wessex.

૨. એંગલ લોકોની ટોળીઓ Folk કહેવાતી. ઉત્તર અને દક્ષિણની બે ટોળીઓએ જે સ્થળે વસવાટ કર્યો, તે અનુક્રમે Norfolk, Suffolk કહેવાય છે.

રાજ્ય જમાવતા હતા. તેઓ બ્રિટનો જોડે યુદ્ધ કરતા, અને તેમને હઠાવીને પોતાના રાજ્યનો વિસ્તાર કરતા. તેઓ ટેમ્સ નદીની ઉત્તરના પ્રદેશના માલિક થઈ પડ્યા. પરિણામે અનેક નાનાં રાજ્યો સ્થપાયાં. ઇ. સ. ૮૨૭માં ઇગબર્ટ નામે બળવાન અને ચતુર રાજાએ સર્વ રાજ્યોને પોતાના છત્ર નીચે આણ્યાં, અને યુરોપના અન્ય રાજાઓ સાથે મિત્રાચારી બાંધી દેશમાં શાન્તિ સ્થાપી. આ સમયે ઉત્તર તરફના નિર્દય અને નીડર ચાંચીઆ દેશમાં લૂટફાટ કરી ખુનરેજી ચલાવતા હતા, તેમાંથી બચવાને માટે જુદી જુદી પ્રજાને એકત્ર થયા વિના ઉપાય ન હતો. આખરે એંગલ અને સેકસન પ્રજા એકત્ર થઈ, અને તેમાંથી જે એક પ્રજા બની તેજ અંગ્રેજ પ્રજા છે.

---

# પ્રકરણ ૨જું

## ડેન લોકોનું આક્રમણ

**ડેન લોકો:** ઉત્તરના ચાંચીઆ લોકો[1] સ્વીડન, ડેનમાર્ક અને નોર્વેના રહેવાસી હતા. તેઓ અંગ્રેજો જેવા લાગતા, અને અંગ્રેજીને મળતી ભાષા બોલતા. તેઓ શૂરા, સાહસિક, નિર્દય અને નીડર હતા. તેઓ મોટાં વહાણોમાં બેસી, સાંકળીવાળાં બખતર પહેરી, હાથમાં ફરસી રાખી અનેક વેળા ઇંગ્લેન્ડના પૂર્વ કિનારા પર આવતા, અને લાગ મળે તો કોઈ નદી વાટે દેશની અંદર ઘૂસી જઈ લૂટફાટ ચલાવતા. અંગ્રેજો ઇંગ્લેન્ડમાં આવી ખ્રિસ્તી ધર્મ પાળવા લાગ્યા. પરંતુ આ લોકો તો જુના મૂર્તિપૂજક ધર્મને વળગી રહ્યા; એટલે લાગ આવે ત્યારે ધર્મદ્વેષને લીધે મંદિરો અને મઠો લૂટતા ને બાળતા, ધર્મગુરુઓની કતલ કરતા, અને અઢળક દ્રવ્ય લઈ જતા. આશરે ૨૦૦ વર્ષ દેશમાં અશાન્તિ ચાલુ રહી. પરંતુ અંગ્રેજો કોઈ વખતે બહાદુરીથી લડીને તેમને હરાવતા, ત્યારે આ ચાંચીઆ લોકો છેક ભૂમધ્ય સમુદ્ર સુધી નાસી જતા. ઇ. સ. ૮૫૦ પછી આવી નાસભાગ બંધ પડી. તેમને દેશની ફળદ્રુપ જમીન પસંદ પડી હતી, અને દેશના લોકોમાં તેમની સામે થવાની શક્તિ નહોતી, એટલે તેમણે

---

૧. આ લોકોને Viking (Creekman) કહે છે. The Seaking's Grave નામનાં રેનેલ રોડનાં કાવ્યોમાં તેમના જીવનનો તાદશ ચિતાર આપેલો છે.

ઈંગ્લેન્ડમાંજ વસવાનો નિશ્ચય કર્યો. એ ડેન લોકો ક્યાં વસ્યા હશે, તે કેટલાંક ગામોનાં નામ પરથી જાણી શકાય છે.*

આ ડેન લોકોને અટકાવનાર કોઈજ નહોતું. ઇ. સ. ૮૬૬માં તેમની એક ટોળીએ ઈંગ્લેન્ડમાં આવી યૉર્ક જીતી લીધું, અને નૉર્થમ્બ્રિઆના લોકોને હરાવ્યા. ત્યાંથી આગળ વધીને તેમણે મર્સિઆનું રાજ્ય પણ તાબે કર્યું.

**આલ્ફ્રેડ:** જો કે પૂર્વ, પશ્ચિમ અને ઉત્તરમાં ડેન લોકોએ વિજય મેળવ્યો, પણ તેમની સામે થનાર એક મહાન્ પુરુષ દક્ષિણમાં હતો. ત્યાંના આલ્ફ્રેડ નામના રાજાએ પ્રાણાન્તે પણ આ પરદેશીઓને નમતું નહિ આપવાનો નિશ્ચય કર્યો હતો. તે ડેન લોકોની જોડે અનેક વાર લડ્યો; પણ તેમાં કેટલીક વાર હારતો અને કોઈ કોઈ વાર જીતતો. ડેન લોકો આલ્ફ્રેડ જોડે સંધિ કરે અને તોડે; તેઓ દેશમાં ઉપદ્રવ કરવા માંડે, એટલે વળી પાછું યુદ્ધ થાય. એમ કેટલાંક વર્ષો સુધી ચાલ્યું. અંતે અનેક સંકટો સહન કરીને આલ્ફ્રેડે ડેન લોકો સાથે એક ભયંકર યુદ્ધ આદર્યું, અને તેમાં તે જીત્યો.[૧] ઇ. સ. ૮૭૮માં ડેન લોકોએ આલ્ફ્રેડ જોડે સંધિ કરી: તેમણે ઉત્તર અને પૂર્વના મુલકોમાં[૨] શાન્તિથી વસવાની કબુલાત આપી, અને દક્ષિણમાં આલ્ફ્રેડે રાજ્ય કર્યું.

ઇતિહાસમાં આલ્ફ્રેડને '**મહાન્**'નું ઉપનામ આપેલું છે, કારણ કે તે પ્રજાવત્સલ હતો. તે શૂરવીર, વિદ્યારસિક, સ્વાશ્રયી અને ઉદ્યોગી હતો. વળી લોકકલ્યાણ માટે કોઈ પણ પ્રકારનો ભોગ આપવામાં પાછો ન હઠે તેવો હતો. સેકસન રાજાઓએ રચેલા કાયદા પરસ્પર વિરોધી હતા. આલ્ફ્રેડે એ સર્વમાંથી સારા કાયદા તારવી કાઢ્યા, અને તેમનો અર્થ સ્પષ્ટ સમજાય તેવી રીતે

---

* જે ગામનાં નામને છેડે by અને wick કે wich આવે છે, તે ડેન લોકોનાં સંસ્થાન છે. (જેમકે—Derby, Berwick, Norwich: Byનો અર્થ નગર થાય છે, અને wick કે wichનો અર્થ શહેર થાય છે.)

૧. ઇ. સ. ૮૭૮માં ડેન લોકોએ લંડન જીતી લીધું, અને આલ્ફ્રેડને એથેલનીના ભેજવાળા પ્રદેશમાં ભિખારીની દશામાં રખડવું પડયું. છેલ્લું યુદ્ધ થતા પહેલાં આલ્ફ્રેડને સ્વપ્નમાં ડેન લોકો જોડે લડવાની પ્રેરણા થઈ હતી એવી એક દંતકથા છે. તે એડવર્ડ શર્લીના A legend of Athelney નામના કાવ્યમાં વર્ણવેલી છે.

૨. આ મુલકને ડેનલૉ (Danelaugh, Danelaw) કહેતા હતા.

ફરીથી લખાવ્યા. તેણે દેશમાં વિદ્યાનો પ્રચાર કરવાને માટે શાળાઓ સ્થાપી, અનેક ધર્મમંદિરો ઉઘાડયાં, અને પંડિતોને ઉત્તેજન આપ્યું. તેણે અનેક ગ્રંથોનાં ભાષાંતર અંગ્રેજી ભાષામાં કરાવ્યાં, અને કેટલાક ગ્રંથો નવા રચાવી સાહિત્યનો પાયો નાખ્યો. યુદ્ધકળામાં પ્રાપ્ત કરેલી નિપુણતાથી તેને લાગ્યું, કે ઇંગ્લેન્ડનું રક્ષણ કરવાને નૌકાસૈન્યની વધારે જરૂર છે, અને તેથી વહાણ બાંધવાની કળા શીખવા તેણે અંગ્રેજ કારીગરોને પરદેશ મોકલ્યા. એ જમાનામાં વ્યવસ્થિત સેના જેવું કશું ન હતું: જરૂર પડે ત્યારે ખેડુતોને યુદ્ધમાં સૈનિકો તરીકે લઈ જવામાં આવતા. આ ખેડુતો લડવા કરતાં પોતાનાં ખેતરોની સંભાળ લેવા વધારે આતુર રહેતા. વળી યુદ્ધ ચાલતું હોય ત્યારે દેશમાં પાક થતો નહિ, એટલે પ્રજાને ભૂખમરાનાં દુઃખો વેઠવાં પડતાં. આલ્ફ્રેડે આ સ્થિતિનો તોડ કાઢયો. તેણે ખેડુતોની ટુકડીઓ પાડી, અને એક ટુકડી રણક્ષેત્રમાં હોય, ત્યારે બીજી ઘેર રહે એમ ઠરાવ્યું.

આલ્ફ્રેડના મૃત્યુ પછીનાં કેટલાંક વર્ષનો ઇતિહાસ જાણવા જેવો નથી. આલ્ફ્રેડને પગલે નહિ ચાલનારા રાજાઓના સમયમાં ઇંગ્લેન્ડ પર ડેન રાજ્ય સ્થપાયું. ડેન રાજાઓમાં કેન્યુટ સુપ્રસિદ્ધ છે. કેન્યુટ અને તેના ખુશામતખોર હજુરીઆઓની વાત પરથી એ ડાહ્યા રાજાના સ્વભાવનો કંઈક પરિચય થાય છે. તેણે ડહાપણથી રાજ્ય ચલાવીને દેશની સ્થિતિમાં ઘણો સુધારો કર્યો. તેણે અનેક લોકપ્રિય કામો કરી પ્રજાની પ્રીતિ મેળવી. તેના બે પુત્રોના મરણ પછી લોકોની એવી ઇચ્છા થઈ, કે જુના રાજાના વંશજને ગાદી આપવી, અને તેથી ઇથલરેડના પુત્ર એડવર્ડને ગાદી મળી. એ રાજા સાધુચરિત અને ઇશ્વરપરાયણવૃત્તિવાળો હતો, તેથી તે **'એડવર્ડ ભગત'**ના નામથી ઓળખાય છે.

**એડવર્ડ:** આ ભલા રાજાના સમયમાં ગોડવિન નામનો અમીર સર્વસત્તાધીશ થઈ પડયો. થોડા સમય સુધી તો એના પોતાના તથા એના કુટુંબના હાથમાંજ રાજસત્તા હતી. ગોડવિનના મરણ પછી તેના પુત્ર હેરોલ્ડને તેની જગા મળી, અને એડવર્ડ વતી તે રાજ્ય ચલાવવા લાગ્યો. તે ચાલાક અને રાજ્યલોભી તરુણને રાજા થવાની ઇચ્છા હતી. તેણે દેશના જુદા જુદા વિભાગ પાડી પોતાનાજ કુટુંબમાં વહેંચી દીધા. તેણે પોતાના

એક ભાઈ ટોસ્ટીગને એક પરગણું આપ્યું, પણ ત્યાંના લોકોએ બળવો કરી તેને હાંકી કાઢ્યો. એથી ટોસ્ટીગ હેરોલ્ડનો શત્રુ બન્યો, અને તેનો નાશ કરવાની પેરવી કરવા લાગ્યો.

**હેરોલ્ડ:** એડવર્ડ ભગતને સંતાન ન હતું, એટલે મરણસમયે તેણે પોતાના ઉત્તરાધિકારી તરીકે હેરોલ્ડનું નામ સૂચવ્યું, અને મહાજને (Witan) પણ હેરોલ્ડને ગાદીવારસ ઠરાવ્યો. પરંતુ આવી રીતે મેળવેલી રાજસત્તાનો વૈભવ તે ભોગવી શક્યો નહિ; કારણ કે તેના રાજ્યાભિષેકના સમાચાર સાંભળી નૉર્મંડીના ઠાકોર (Duke) વિલિયમે ગાદીનો દાવો કર્યો. ગાદી પર કોણ આવે, તેનો નિર્ણય કરવાનું કામ મહાજનનું હતું. પરંતુ વિલિયમે તો હેરોલ્ડ પર વિશ્વાસઘાતનો આરોપ મૂક્યો, અને ધર્મયુદ્ધ માટે પોપનો આશીર્વાદ મેળવી તેણે મોટા સૈન્ય સાથે ઈંગ્લેન્ડ પર ચઢાઈ કરી. ઈંગ્લેન્ડના અમીરોની મદદ લઈને હેરોલ્ડ પણ તૈયાર થયો. પરંતુ એટલામાં એક અણધારી આફત આવી પડી. હેરોલ્ડનો ભાઈ ટોસ્ટીગ નોર્વેના રાજાની મદદ લઈ ઈંગ્લેન્ડ પર ચઢી આવ્યો. હેરોલ્ડ તેની જોડે લડયો,[1] અને યુદ્ધમાં ટોસ્ટીગ અને નોર્વેનો રાજા બંને મરાયા. પરંતુ આ યુદ્ધ ચાલતું હતું, તે દરમિઆન ઈંગ્લેન્ડના દક્ષિણ કિનારા પર નોર્મન લશ્કર ઉતર્યું, તેને હેરોલ્ડ અટકાવી શક્યો નહિ.

**હેસ્ટિંગ્સનું યુદ્ધ:** ઈ. સ. ૧૦૬૬. હેરોલ્ડ એક યુદ્ધમાંથી છુટો થયો કે તરતજ નોર્મનોની જોડે લડવા દક્ષિણમાં ગયો. તેનું લશ્કર નાનું અને થાકેલું હતું. તેના અનેક યોદ્ધાઓ મરી ખૂટયા હતા, અને નોર્મન તીરંદાજોના ધસારા સામે અંગ્રેજોથી ટકી શકાય એમ ન હતું. ઈ. સ. ૧૦૬૬ના

૧. આ યુદ્ધ ડર્વેન્ટ નદી પર આવેલા સ્ટેમ્ફર્ડબ્રિજ પર થયું. બંને સૈન્યો સામસામાં ગોઠવાયાં, એટલે હેરોલ્ડ વીસ ચુનંદા યોદ્ધાઓને સાથે લઈ પોતાના લશ્કરમાંથી બહાર નીકળી મધ્યમાં આવ્યો. તેણે બૂમ મારી કહ્યું, "ગોડવિનનો પુત્ર ટોસ્ટીગ આ સૈન્યમાં છે?" ટોસ્ટીગ તરતજ બહાર આવીને બોલ્યો, "એ અહીં નથી, એમ કહી શકાયજ નહિ." પછી હેરોલ્ડે કહ્યું, "ભાઈ ટોસ્ટીગ, ભાઈ ભાઈ જોડે લડે, તે કરતાં હું તને મારા રાજ્યનો ત્રીજો ભાગ આપું છું: તું સલાહ કર." ટોસ્ટીગે પૂછયું; "અને મારા મિત્રને શું આપીશ?" "ઈંગ્લેન્ડની સાત ફીટ જમીન; એ બીજા કરતાં ઉંચો છે, તો કદાચ એકાદ ફુટ વધારે આપું."

ઑકટોબરની ૧૪મી તારીખે હેસ્ટિંગ્સથી સાત માઇલ દૂર આવેલી એક ટેકરી પર નોર્મનો અને અંગ્રેજો વચ્ચે જીવ સટોસટની લડાઈ થઈ. અંગ્રેજોને તો જીવનમરણનો સવાલ હતો. મરવું કે મારવું એવો નિશ્ચય કરીને તેઓ લડતા હતા, એટલે તેમને નોર્મનો હરાવી શક્યા નહિ. આખો દિવસ બંને પક્ષ મરણીઆ થઈને લડયા. અંતે સંધ્યાકાળના ઝાંખા અજવાળામાં હેરોલ્ડ પડયો, તે સાથે અનેક ફરસીવાળા યોદ્ધા પોતાના રાજાના મૃત દેહ પાસે દેશની ખાતર પ્રાણ સોંઘા કરતા ટપોટપ પડયા. વિલિયમ જીત્યોઃ તેની સામે થનાર કોઈ રહ્યું નહિ. પોતાના વિજયના સ્મારક તરીકે એ યુદ્ધક્ષેત્રની પાસે તેણે એક મઠ બંધાવ્યો, અને તેનું નામ “Battle Abbey” પાડયું. તે મઠનાં ખંડેરો આજે પણ એ યુદ્ધની યાદ આપે છે.

પછી વિલિયમ લંડન તરફ ગયો. હેરોલ્ડના મરણના સમાચાર સાંભળી લોકોએ એક સેકસન રાજકુમારને ગાદી આપવાનું ઠરાવ્યું. પરંતુ વિલિયમ લંડન આવ્યો, ત્યારે સૌ કોઈ તેનાથી દબાઈ ગયા, અને મહાજને તેને ગાદી આપી. આમ વિલિયમ રાજા તો થયો, તોપણ લોકો કંઈ તેને એકદમ તાબે થયા નહિ. તેણે ૭ વર્ષના અખંડ પરિશ્રમથી ઇંગ્લેન્ડમાં નોર્મન વંશની અવિચલ સ્થાપના કરી.

---

## નોર્મન વંશ. ઇ. સ. ૧૦૬૬-૧૧૫૪

વિલિયમ ૧લો
[ ૧૦૬૬–૧૦૮૭ ]

- વિલિયમ ૨જો [૧૦૮૭–૧૧૦૦]
- હેનરી ૧લો [૧૧૦૦–૧૧૩૫]
  - રાજકુંવરી મટિલ્ડા [આંજૂના અમીર જોડે લગ્ન કર્યું.]
    - હેનરી ૨જો [પ્લેન્ટેજીનેટ વંશનો પહેલો રાજા]
- રાજકુંવરી એડેલા
  - સ્ટીફન [૧૧૩૫–૧૧૫૪]

# પ્રકરણ ૩જું

## નોર્મન વંશ

**નોર્મન લોકો:** ડેન લોકોની ટોળીઓ ઈંગ્લેન્ડમાં લૂટફાટ ચલાવતી હતી, ત્યારે ઉત્તરવાસીઓની કેટલીક ટોળીઓ ફ્રાન્સના ઉત્તર ભાગમાં પેસવાના પ્રયત્નો કરતી હતી. જળમાર્ગે દેશની અંદર દાખલ થઈ તેઓ ખેતરો લૂટતા અને ગામડાં બાળતા. તેમણે લોકોને એટલો બધો ત્રાસ આપવા માંડ્યો, કે ફ્રાન્સના રાજાને આ લોકો જોડે સંધિ કરવી પડી, અને તેમને વસવા માટે તેણે ઉત્તરનો થોડો મુલક કાઢી આપ્યો. આ મુલક નોર્થમેન્સલેન્ડ કહેવાયો; પાછળથી અપભ્રંશ થઈને એનું નામ નોર્મંડી પડયું. ઉત્તરવાસીઓએ પોતાનો પ્રાચીન ધર્મ તજીને ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો. તેમણે વિદ્યા, કળા, શિલ્પ, અને ધનુર્વિદ્યામાં નિપુણતા મેળવી, અને ફ્રાન્સના લોકોની રીતભાત ને ભાષા શીખીને તેમની જોડે તેઓ લગ્નવ્યવહારથી જોડાયા. તેઓ વિદ્યારસિક બન્યા, અને સ્ત્રીઓનું સન્માન કરવા લાગ્યા. ડેન લોકોની સાહસિકતા અને શૂરવીરતામાં ફ્રાન્સની રસિકતા, સુઘડતા, અને બુદ્ધિમત્તાનાં તત્ત્વોનું મિશ્રણ થયું. એ જમાનામાં નોર્મનોની બરોબરી કરી શકે, તેવી કોઈ પણ પ્રજા યુરોપમાં ન હતી. તેમની રાજ્યવ્યવસ્થા અને તેમના કાયદા પણ ઉત્તમ ગણાતા.[1]

---

૧. અંગ્રેજી ભાષામાં વપરાતા કેટલાક શબ્દો ઉપરથી નોર્મન લોકોની રહેણીકરણી વિષે કંઈક જાણી શકાય છે. જીવતાં પ્રાણીઓનાં નામ જેવાં કે Cow, Sheep, Deer અંગ્રેજી છે; પરંતુ તે પ્રાણીઓ મરી ગયા પછી રાંધવા જોગ થાય, તેને માટેના શબ્દો જેવા કે Beef, Mutton, Venison ફ્રેંચ છે. અંગ્રેજો જીવતાં પ્રાણીઓ પાળે, ઉછેરે; અને તે મરી જાય, ત્યારે ફ્રેંચ રસોઈઓ નોર્મન શેઠને વાસ્તે તે રાંધે.

આ ઉપરાંત Armour, Banner, Herald, Lance આદિ યુદ્ધને લગતા શબ્દો, Judge, Prisoner આદિ કાયદાને લગતા શબ્દો, Sermon, Sacrifice, Friar આદિ ધર્મને લગતા શબ્દો, Baron, Duke, Prince આદિ પદવી બતાવનારા શબ્દો: આ સર્વ ફ્રેંચ શબ્દો નોર્મન લોકો ઈંગ્લેન્ડમાં લાવ્યા. આ શબ્દો બતાવી આપે છે, કે નોર્મન લોકો ઇંગ્લેન્ડમાં જમીનદાર, સેનાનાયક, ન્યાયાધિકારી, ધર્માધિકારી અને અમીર હતા.

હેસ્ટિંગ્સના યુદ્ધમાં ઇંગ્લેન્ડે પોતાની સ્વતંત્રતા ગુમાવી. આ નોર્મન વિજય કંઈક જુદા પ્રકારનો હતો, પણ નોર્મન રાજાઓએ અંગ્રેજોને દેશમાંથી હાંકી કાઢ્યા નહિ, ઉલટું તેમનું રક્ષણ કર્યું. તેમના જુના કાયદા સ્વીકાર્યા, અને તેમની જોડે સંબંધ બાંધ્યો. વિલિયમ ૧લાએ તો અંગ્રેજ મહાજન પાસેથીજ ગાદી મળી હોય, એવો દેખાવ સુદ્ધાં કર્યો.

**વિલિયમઃ** ૧૦૬૬–૧૦૮૭. નોર્મંડીનો ઠાકોર (Duke) વિલિયમ હેસ્ટિંગ્સના યુદ્ધમાં હેરોલ્ડને હરાવી ઇંગ્લેન્ડનો રાજા થયો. ગાદીએ આવતાની સાથેજ તેણે એવો નિશ્ચય કર્યો કે દેશમાં અખંડ સત્તા તેની એકલાનીજ હોવી જોઈએ, અને બધી પ્રજા તેનેજ સ્વામી માને તેમ થવું જોઈએ. તે ચતુર, દીર્ઘદર્શી અને નિપુણ રાજતંત્રી હતો, તેમ છતાં તેની રાજ્યનીતિથી પ્રજાના સ્વતંત્ર જીવનનો નાશ થયો.



**વિલિયમ ૧લો**

**ફ્યૂડલ ધારોઃ** (Feudal System) વિલિયમની રાજ્યવ્યવસ્થા સમજવા માટે ફ્યૂડલ ધારા વિષે કંઈક જાણવું જોઈએ. એને "**લશ્કરી જાગીરદારનો ધારો**" કહીએ તોપણ ચાલે. કોઈ રાજા નવો દેશ જીતે, ત્યારે તેમાંથી અમુક ભાગ પોતે રાખે, અને બાકીની જમીન અમીરોને વહેંચી આપેઃ સરત માત્ર એટલીજ હોય કે જરૂરને પ્રસંગે અમુક માણસો લઈને અમીરે વર્ષમાં ચાલીસ દિવસ રાજાની મદદે આવવું, અને કોઈ કોઈ પ્રસંગે રાજાને નાણાં આપવાં. આ અમીરો પોતાને મળેલી જાગીરો એજ સરતે નાના જાગીરદારોને વહેંચી આપતા; અને નાના જાગીરદારો નાના વતનદારોને વહેંચતા; આમ બધી જમીન વહેંચાઈ જતી, એટલે રાજા અને ખેડુતો વચ્ચે નાના મોટા અનેક

વતનદારો અને જાગીરદારોની સાંકળ આવી રહેતી. દરેક વતનદાર કે જાગીરદાર પોતાના ઉપરી સરદારને વફાદાર રહેવાની પ્રતિજ્ઞા કરતો, પણ તે લોકો પર રાજાનો અધિકાર ચાલતો નહિ. જરૂરને પ્રસંગે રાજાને લશ્કર મળે, એ સિવાય તેની પાસે બીજી સત્તા થોડી હતી. દરેક અમીર પોતાના પ્રાંતમાં ન્યાયાધીશ, સેનાપતિ, રક્ષક, અને જમીનનો માલિક હતો. તે દિવાની અને ફોજદારી સત્તા ભોગવતો. તે ખાનગી સિક્કા પાડી શકતો. તે રાજાને પૂછ્યા વિના બીજા અમીર જોડે લડાઈ પણ કરી શકતો. આમ દરેક અમીર ખરી રીતે એક માંડલિક રાજા હતો. આથી રાજાની સત્તાનો આધાર આવા જોરાવર અમીરોની વફાદારી પર રહેતો. રાજા બળવાન હોય અને અમીરો પર દાબ રાખે, તો દેશમાં સંપ રહેતો. તેમ ન હોય તો અંદર અંદર ઝગડો થતો, અને તે અટકાવવાનું કંઈ પણ સાધન રાજા પાસે નહોતું; કેમકે લશ્કર તો પોતપોતાના ઉપરી અમીરની આજ્ઞામાં રહેતું. જો અમીર પોતાના જાગીરદારોને વશ રાખી શકે, તોજ પરગણાંમાં સુવ્યવસ્થા જળવાતી. ફ્યૂડલ ધારાના મૂળભૂત સિદ્ધાન્તો બે હતાઃ (૧) જમીન લેવી અને તેના બદલામાં જમીન આપનાર ઉપરી પ્રત્યે વફાદાર રહેવું. (૨) જરૂર પડે ત્યારે ઉપરીની લશ્કરી નોકરી બજાવવી, અને પ્રસંગોપાત નાણાં આપવાં.

યુરોપનાં ઘણાં રાજ્યોમાં આ ધારો પ્રાચીન કાળથી ચાલ્યો આવતો હતો. જે જમાનામાં દેશનો મુખ્ય ઉદ્યોગ ખેતીનો હતો, અને દેશમાં સુવ્યવસ્થા જાળવી શકે એવી પ્રબળ રાજસત્તા નહોતી, તે વખતે આવા જાગીરદારો લોકોના જાનમાલનું રક્ષણ કરી શકે એ ખરૂં; પણ આખરે ફ્યૂડલ પદ્ધતિનું એક અનિષ્ટ પરિણામ આવ્યું: દેશમાં અમીરો એટલા તો બળવાન થઈ પડ્યા, કે રાજા પણ તેમનાથી દબાઈ જતો, અને તેની સત્તા નામનીજ ગણાતી.

ફ્યૂડલ પદ્ધતિથી ફ્રાન્સની જે દુર્દશા થઈ હતી, તેનો અનુભવ વિલિયમને પુરેપુરો હતો. આથી તેણે ફ્યૂડલ પદ્ધતિમાં થોડા ફેરફાર કર્યા. જે સરદારો હેરોલ્ડના પક્ષમાં રહી તેની વિરુદ્ધ લડ્યા હતા, તેમની જાગીરો તેણે ખાલસા કરી, અને તે પોતાના અમીરોને વહેંચી આપી. કોઈ પણ અમીરની સત્તા વધી ન પડે, તેટલા માટે તેણે બધી જાગીરો એકજ સ્થળે ન સોંપતાં છૂટક છૂટક આપી. અત્યાર સુધી દરેક જમીનદાર પોતાના ઉપરીને

વફાદાર રહેવાની પ્રતિજ્ઞા લેતો, તેને બદલે વિલિયમે મોટા સરદારથી માંડીને નાનામાં નાના વતનદાર પાસે રાજાને વફાદાર રહેવાના સોગન લેવડાવ્યા. દેશમાં કુલ જમીનદાર કેટલા છે, તેમની જાગીરોનો વિસ્તાર કેટલો છે, અને તેમની પાસેથી કેટલો કર લઈ શકાય, એ બધાની નોંધ તેણે તૈયાર કરાવી. આ તપાસ એટલી તો કડકાઈ અને ચોકસાઈથી કરવામાં આવી, કે એક વાર (Yard) જમીનનો ટુકડો પણ દફતરે ચઢ્યા વિના રહી ગયો નહિ. તે દફતરને '**ચિત્રગુપ્તનો ચોપડો**' (Domesday Book) કહે છે. આ



**લંડન ટાવર**

દફતર ઇ. સ. ૧૦૮૫–૮૭ની વચ્ચે તૈયાર કરવામાં આવ્યું. વિલિયમે અમીરો પાસેથી ધીમે ધીમે સત્તા ખેંચી લીધી, અને વહીવટ ચલાવવાને પોતાના અમલદારો નીમ્યા. તેણે કેટલાક મોટા ગુનાનો ન્યાય આપવાનું પોતાના હાથમાં રાખ્યું. પ્રજામાં પોતાની સત્તા મજબુત બેસાડવા માટે તેણે નોર્મન અમીરોને કિલ્લા બાંધવાનું ઉત્તેજન આપ્યું. આ કિલ્લામાં અમીરો પોતાના લશ્કર સાથે રહેતા, અને આસપાસના લોકોને ખૂબ ત્રાસ આપતા. વિલિયમે પોતે પણ ઇ. સ. ૧૦૭૮માં '**લંડન ટાવર**' બાંધ્યો.

**ધર્મ સંબંધી નીતિ:** મુલ્કી રાજ્યવહીવટમાં સર્વોપરિ સત્તા રાજાની હોવી જોઈએ, એ વિલિયમની ધર્મ સંબંધી નીતિમાંએ પ્રત્યક્ષ થતું હતું. તેણે ધર્મસ્થાનોના વહીવટમાં સુધારા દાખલ કર્યા, અને ધર્માચાર્યો પવિત્ર અને નીતિમય જીવન ગાળે એવા નિયમો રચ્યા. તેણે ધર્મગુરુઓને માટે જુદી અદાલત સ્થાપી, છતાં તેના ઉપર પોતાનું આધિપત્ય રહે એવી વ્યવસ્થા કરી. રાજાની સંમતિ વિના ધર્માચાર્યો સભા મેળવી શકે નહિ કે કોઈ પણ ધારો ઘડી શકે નહિ, એવો પ્રતિબંધ વિલિયમે દાખલ કર્યો.

**છેલ્લાં વર્ષો:** વિલિયમનાં છેલ્લાં વર્ષો દુ:ખમાં ગયાં. તેના સરદારોએ બંડ કર્યું, તેનો પુત્ર સામો થઈ ગયો, અને તેની વિરુદ્ધ અનેક કાવતરાં થયાં. આ સર્વની સામે થવાને તેનામાં ઉત્સાહ કે શક્તિ રહી ન હતી. ઇ. સ. ૧૦૮૭માં ફ્રાન્સ જોડે યુદ્ધ થયું, તેમાં વિલિયમના લશ્કરે મેન્ટીઝ નગર બાળ્યું. એ જોવા તે પોતે ત્યાં ગયો હતો, ત્યાં તેના ઘોડાના પગ નીચે ધગધગતો અંગારો આવવાથી ઘોડો ચમક્યો. એથી વિલિયમને ઈજા થઈ, અને તે મરણ પામ્યો.

અંગ્રેજ લોકો માથું ઉંચું ન કરી શકે,[1] તેવી રીતે નોર્મન સત્તાનો મજબુત પાયો નાખી '**વિજેતા**' વિલિયમ મરણ પામ્યો. તેનામાં અનેક દોષો હોવા છતાં તે સારો રાજા હતો. તેણે અંગ્રેજ કાયદાને માન આપ્યું, જુનું રાજ્યબંધારણ બને તેટલું કાયમ રાખ્યું, અને અંગ્રેજ રાજકર્તા તરીકેજ દેશમાં એકતા અને વ્યવસ્થા આણ્યાં. નોર્મનોના અમલથી ઇંગ્લેન્ડને બીજા અનેક લાભ થયા. નોર્મનોએ શરૂઆતમાં તો ગરીબ કે ધનિક સર્વને એકસરખી રીતે રંજાડવા માંડ્યા એ ખરૂં, પણ તેથી અંગ્રેજ પ્રજામાંથી અંદર અંદરનો ભેદભાવ ટળી ગયો, અને એક પ્રજાતત્ત્વની ભાવના ઉત્પન્ન થઈ. વળી ઇંગ્લેન્ડ યુરોપના બીજા દેશોના સંસર્ગમાં આવ્યું: પરદેશી વેપારીઓ, કારીગરો,

---

૧. સ્વતંત્રતાના શોખીન અંગ્રેજોને શરૂઆતમાં ખૂચે તેવો એક બીજો ધારો વિલિયમે કર્યો: સત્રે આઠ વાગે ઘંટ વાગે કે તરતજ બધા લોકોએ અગ્નિ બુઝાવી નાખવો. તે સમયે ઇંગ્લેન્ડમાં લાકડાંનાં ઘર ઘણાં હતાં, તેથી સાવચેતી માટે આ ધારો હતો. આ ઘંટને The Curfew Bell કહેવામાં આવતો. સરખાવો:

The Curfew tolls the knell of parting day. [*Gray*]

શિલ્પીઓ, સાધુઓ ઇત્યાદિ ઇંગ્લેન્ડમાં નવી સંસ્કૃતિનાં બીજ લાવ્યા. એકંદરે નોર્મનોના આગમનથી ઇંગ્લેન્ડને લાભજ થયો છે.

**વિલિયમ બીજો**: ૧૦૮૭–૧૧૦૦. વિલિયમ બીજાને '**રક્તકેશી**'નું ઉપનામ મળેલું છે. તે તેના પિતાના જેવો પરાક્રમી હતો, પણ પૈસાનો લોભી હતો. તેના વખતમાં સ્કૉટલેન્ડનો રાજા ઇંગ્લેન્ડ પર ચઢી આવ્યો, તેને તેણે મારી હઠાવ્યો. તેણે વેલ્સનો દક્ષિણ ભાગ જીતી લીધો, અને ઉત્તર ભાગ જીતવાના ઘણા પ્રયત્નો કર્યા. પરંતુ જ્યારે તે ફાવ્યો નહિ ત્યારે તેણે લોકોને એવી છૂટ આપી, કે વેલ્સના લોકો પાસેથી કોઈ જે કંઈ લે તે પોતેજ રાખે. ક્રુઝેડ[1] (ધર્મયુદ્ધ)માં જવા માટે રોબર્ટને પૈસા જોઈતા હતા, તે તેણે નોર્મંડી કબજે રાખીને આપ્યા. જો કે તેણે રાજ્યની વૃદ્ધિ કરી, પણ તેણે પ્રજાને બહુ ત્રાસ આપ્યો. ફ્યૂડલ ધારાનો લાભ લઈ તેણે હર બહાને લોકો પાસેથી પૈસા કઢાવ્યા. તેનામાં દ્રવ્યલોભ હતો, તેનું ચારિત્ર્ય ભ્રષ્ટ હતું, અને તેનું જીવન વિષયી હતું; તેથી તે "ઈશ્વરને અપ્રિય અને મનુષ્યના તિરસ્કારને પાત્ર" થઈ પડયો હતો.


**ધર્મયુદ્ધનો સૈનિક**

**હેનરી ૧લો**: ૧૧૦૦–૧૧૩૫. 'રક્તકેશી'ના મરણ પછી રોબર્ટની ગેરહાજરીનો લાભ લઈ તેનો નાનો ભાઈ હેનરી ગાદીએ બેઠો. પાછળથી રોબર્ટ

૧. પેલેસ્ટાઈન ભગવાન્ ઈસુની મૃત્યુભૂમિ હોવાથી ખ્રિસ્તી લોકોનું પવિત્ર ધામ છે. જુના વખતમાં જ્યારે તે આરબ લોકોના તાબામાં હતું, ત્યારે ખ્રિસ્તી યાત્રાળુઓ સુખેથી આવજા કરી શકતા. પરંતુ તુર્ક લોકોએ એ પ્રાન્ત જીતી લીધો. તે પછી યાત્રાળુઓને બહુ દુઃખ પડવા લાગ્યું, એટલે એક ધર્માચાર્યે સર્વે શ્રદ્ધાળુ ખ્રિસ્તીઓએ ધર્મની રક્ષા માટે પ્રાણાન્ત સુધી લડવું એવો આદેશ કર્યો, અને તેને પરિણામે મુસલમાનો અને ખ્રિસ્તીઓ વચ્ચે જે ધર્મયુદ્ધો થયાં, તે 'ક્રુઝેડ'ને નામે ઓળખાયાં. ક્રુઝેડ શા માટે કહેવાતું હશે, તે તમે ખોળી શકશો?

ચઢી આવ્યો, એટલે કેટલાક અમીરોએ તેનો પક્ષ લઈ હેનરી સામે બંડ કર્યું, પણ તેમનું કંઈ વળ્યું નહિ. રોબર્ટ કેદ પકડાયો, અને નોર્મંડી હેનરીના હાથમાં આવ્યું. હેનરીએ એડવર્ડ ભગતના કાયદા પ્રમાણે ચાલવાનું વચન આપી પ્રજાની પ્રીતિ સંપાદન કરી. તેણે જુના સેકસન વંશની એક રાજકુંવરી સાથે લગ્ન કર્યું, અને અંગ્રેજોને પોતાના મિત્રો બનાવ્યા. તેણે દેશમાં સુધારા દાખલ કરી સુરાજ્ય સ્થાપ્યું, એટલે રંક કે રાય સર્વને સરખો ન્યાય મળવા લાગ્યો. પરિણામે રાજ્યની આવક પણ વધી.

હેનરી ૧લાના અમલમાં પ્રજાજીવનમાં જાણવા જેવા ફેરફાર થયા. નોર્મંડીના યુદ્ધ વખતે ફ્રેન્ચ સિપાઈઓ જોડે લડવાનો અંગ્રેજોનો ભય દૂર થઈ ગયો એટલુંજ નહિ, પણ પોતે તેમને જીતી શકે તેવા બળવાન છે, એવો આત્મવિશ્વાસ તેમનામાં આવ્યો. આ યુદ્ધમાં ભાગ લેનાર બંડખોર અમીરોની જાગીરો જપ્ત કરી હેનરીએ બીજા સરદારોને વહેંચી આપી. આ નવા અમીરો ઈંગ્લેન્ડને સ્વદેશ માનવા લાગ્યા, અને તેમણે અંગ્રેજો જોડે લગ્નસંબંધ પણ બાંધ્યો. આમ નોર્મનો અને અંગ્રેજોનો ભેદભાવ લુપ્ત થવા લાગ્યો. સામાન્ય પ્રજા અંગ્રેજી ભાષા બોલતી, પણ રાજદરબારમાં ફ્રેન્ચ ભાષા વપરાતી. નોર્મન લોકોએ ધીરેધીરે અંગ્રેજી ભાષા સ્વીકારી. અંગ્રેજ પ્રજા નોર્મન લોહીના મિશ્રણથી સંસ્કૃત, સાહસિક અને ચતુર બની, તેમ ફ્રેન્ચ ભાષાના મધુર સંમિશ્રણથી અંગ્રેજી ભાષા સમૃદ્ધ અને સંસ્કારી બની.

**સ્ટીફન:** ૧૧૩૫–૧૧૫૪. પાછલા વખતમાં હેનરી ૧લો જેની ચિંતા કર્યા કરતો હતો, તે વાત તેના મૃત્યુ પછી બની. હેનરીના મરણ પછી તેની પુત્રી મટિલ્ડાનો ગાદી ઉપર હક હતો, પણ એક સ્ત્રી રાજ્ય ચલાવે એ વાત લોકોને અને અમીરોને ગમી નહિ. એવામાં હેનરીનો ભાણેજ સ્ટીફન ફ્રાન્સથી ઉતરી આવ્યો, એટલે લોકોએ તેનો સહર્ષ સત્કાર કરી તેને રાજગાદી આપી. પરિણામે ગાદી માટેની તકરાર શરૂ થઈ. કેટલાક અમીરોએ સ્ટીફનનો પક્ષ લીધો, પણ કેટલાક મટિલ્ડાના પક્ષમાં રહ્યા. સ્કૉટ લોકો રાણીનો પક્ષ લઈ લડવા આવ્યા, પણ તેઓ હાર્યા (ઇ. સ. ૧૧૩૮), અને દેશમાં લડાઈ શરૂ થઈ. ઓગણીસ વર્ષ સુધી દેશમાં અરાજકતા રહી. પરંતુ છેવટે લડાઈથી

કંટાળી નિરાશ થએલી મટિલ્ડા દુઃખની મારી ઈંગ્લેન્ડ છોડી પોતાના બાળપુત્રને લઈ ફ્રાન્સ જતી રહી. (ઇ. સ. ૧૧૪૭)

હજુ દેશમાં શાન્તિ સ્થપાઈ નહોતી. આ અંધાધુંધીના સમયમાં અમીરો બળવાન થઈ પડ્યા હતા, અને તેઓ સ્ટીફન જેવા નરમ માણસને તાબે થઈ જાય તેમ નહોતું. આ પ્રસંગનો લાભ લઈ અમીરોએ ઠેરઠેર કિલ્લા બાંધ્યા. તેઓ કિલ્લામાં રહીને અનેક જુલમ ગુજારી શકતા. તેઓ લોકોને લૂટતા, મારતા, અને કેદમાં નાખતાઃ તેઓ લોકોને અકથ્ય અને અસહ્ય ત્રાસ આપતા. તેઓ ગામડાં અને શહેરો લૂટીને બાળી મૂકતા. દેશમાં કોઈ ખેતી કરી શકતું નહિ; કારણ કે પાક તૈયાર થાય એટલે આ ઉદ્ધત અમીરોના ફાટેલા નોકરો ખેડુતોને મારીને સઘળો પાક પડાવી લેતા. દેશમાં દુકાળ અને ભૂખમરો વર્તાઈ રહ્યો; લોકો પાસે ખાવાનું કશું રહ્યું નહિ. જુલમ અને ત્રાસથી કંટાળેલા લોકો કહેતા, કે "**ઈસુ અને સંતો સૂઈ રહ્યા છે.**"

આવી અંધાધુંધી અને અરાજકતાથી લોકો કંટાળી ગયા. પ્રબળ રાજ-સત્તાની કેટલી જરૂરિઆત છે, એ હવે તેમને સમજાવા લાગ્યું. એવામાં મટિલ્ડાનો પરાક્રમી પુત્ર હેનરી ઇ. સ. ૧૧૫૩માં લશ્કર લઈને ઈંગ્લેન્ડમાં આવ્યો, ત્યારે પ્રજાએ તેને વધાવી લીધો. સ્ટીફને જોયું કે હવે સામું થવું વ્યર્થ છે, તેથી તેની જોડે સમાધાન કર્યું. એમાં એવો ઠરાવ થયો કે સ્ટીફન જીવે ત્યાં સુધી રાજ્ય કરે, પણ તેની પછી હેનરી ગાદીએ આવે, અને સ્ટીફન જીવે ત્યાં સુધી હેનરી જોડે રહીને કામ કરે. આ પછી સ્ટીફન બીજેજ વર્ષે મરણ પામ્યો, અને નોર્મન વંશનો અંત આવ્યો.

---

# પ્રકરણ ૪થું

# પ્લેન્ટેજીનેટ વંશ

## હેનરી બીજો અને તેના પુત્રો : ઇ. સ. ૧૧૫૪–૧૨૧૬

**હેનરી ૨જો**: ૧૧૫૪–૧૧૮૯. સ્ટીફનના મૃત્યુ પછી મટિલ્ડાનો પુત્ર હેનરી ગાદીએ આવ્યો. હેનરીનો બાપ આંજૂનો ઠાકોર હોવાથી ઇતિહાસમાં આ વંશના રાજાઓ આંજવીન રાજાઓ પણ કહેવાય છે.

ઇંગ્લેન્ડની ગાદી મળવાથી હેનરી ઘણા મુલકનો સ્વામી થયો: તેને પોતાના બાપ પાસેથી આંજૂ અને ટુરેન પ્રાંતો મળ્યા, અને મા તરફથી નૉર્મંડી, ઇંગ્લેન્ડ, અને મેઇન મળ્યાં; વળી ફ્રાન્સના રાજાએ છુટાછેડા આપેલી રાણી જોડે લગ્ન કરીને તે પોઇટુ વગેરે કેટલાક પ્રાંતોનો માલિક બન્યો, અને પોતાના એક પુત્રના લગ્નસંબંધથી તેને બ્રિટની પ્રાંત મળ્યો.

આવા મોટા રાજ્યની માલિકી ઉપરાંત હેનરીને બીજા કુદરતી લાભ પણ મળ્યા હતા. તે ઉદ્યોગી ને ઉત્સાહી હતો, અને તેની ચપળતાથી તેને 'Unresting' એવું ઉપનામ મળ્યું હતું. તેનો સ્વભાવ ઉગ્ર હતો, છતાં પોતાના સ્વભાવ પર તે કાબુ ધરાવી શકતો. તે પ્રમાણિક, એકવચની, અને ક્ષમાશીલ હતો. તેણે સારી વિદ્યા સંપાદન કરી હતી. રાજકીય ઉપાધિઓમાંથી જે સમય ફાજલ પડતો, તે સમય તે વાંચવામાં કે ગંભીર તત્ત્વચિંતન કરવામાં ગાળતો. વિદ્યાને લીધે તેનામાં જે સંસ્કાર આવ્યા હતા, તેથી તેની રાજનીતિમાં ડહાપણ ને દઢતા દેખાતાં. જે તીક્ષ્ણ બુદ્ધિ અને અસાધારણ શક્તિથી તે વિદ્વત્તા મેળવી શક્યો, તે તેની યુદ્ધકળામાં પણ ખીલી નીકળતી. અનેક લડાઈઓમાં મોખરે રહીને તેણે પોતાના લશ્કરને વિજય અપાવ્યો હતો. વળી મનુષ્યસ્વભાવની ઉંડી પરખને લીધે તે અમલદારોની યોગ્ય પસંદગી કરી શકતો.

**રાજ્યવ્યવસ્થા:** આવા વિલક્ષણ ગુણ અને સ્વભાવવાળા રાજાએ ગાદીએ આવતાંજ પોતાની શક્તિ અને સત્તાનો પરિચય કરાવ્યો. અનેક વર્ષોથી અમીરો સત્તાના મદમાં ઉન્મત્ત બની ગયા હતા, તેમને ઠેકાણે લાવવાનું કામ તેણે પ્રથમ હાથમાં લીધું. છેલ્લી અંધાધુંધીના વખતમાં અનેક અમીરોએ રાજાની રજા વિના કિલ્લા બાંધ્યા હતા, તે સર્વને તોડી પાડવાનો તેણે હુકમ કર્યો. પોતે યુદ્ધમાં હોય, ત્યારે પણ રાજ્યવ્યવસ્થા નિયમિત રીતે ચાલ્યા કરે, તે માટે તેણે ચાર હોશિયાર મંત્રીઓને સઘળો રાજ્યકારભાર સોંપી દીધો. તેણે ન્યાય આપવાની પદ્ધતિમાં કેટલાક અગત્યના ફેરફાર કર્યા: તેણે ન્યાયાધીશોને પરગણાંમાં મોકલવા માંડયા, અને હાલની પંચ (Jury) ની બીજભૂત પદ્ધતિ દાખલ કરી. તેણે ઘણા અમીરો પાસેથી ન્યાય આપવાનો અધિકાર છીનવી લીધો, અને યોગ્ય અધિકારીઓ નીમીને રાજસત્તાને મજબુત કરી.

**હેનરીની પરરાજ્યનીતિ:** હેનરી આવા મોટા રાજ્યનો ધણી હતો, છતાં તેની રાજ્યતૃષ્ણા તૃપ્ત થઈ નહિ. તેને ફ્રાન્સના રાજાની જોડે ઘણી વાર તકરારના પ્રસંગો ઉભા થતા. આખરે ખુલ્લો વિગ્રહ થશે એમ પણ લાગ્યું. પરંતુ તેની ઇચ્છા ફ્રાન્સના રાજાની સામે મેદાનમાં પડવાની નહોતી, એટલે તેની જોડે તેણે લાભકારક સંધિ કરી, અને ફ્રેંચ રાજપુત્રી જોડે પોતાના પુત્રનો વિવાહ કર્યો. વળી તેણે વેલ્સનો કેટલોક ભાગ કબજે કર્યો; પણ એ પહાડી દેશમાં લશ્કર ઉતારવાનું કામ મુશ્કેલ હોવાથી ત્યાં સ્થાયી જીત મળી નહિ. તેણે સ્કૉટલેન્ડ પર કેટલાક હુમલા કર્યા, તેમાં પણ તે ઝાઝું ફાવ્યો નહિ: જો કે એક લડાઈમાં સ્કૉટલેન્ડનો રાજા કેદ પકડાયો, અને તેની પાસે તેણે પોતાનું આધિપત્ય સ્વીકારાવ્યું, પણ તે પછી તેણે તેને છોડી દીધો. છેવટે તેણે આયર્લૅન્ડ જીતવાનો નિશ્ચય કર્યો.

આયર્લૅન્ડમાં પ્રાચીન કાળથી ગૅાલ ઇત્યાદિ જાતિના લોકો રહેતા હતા. ઈંગ્લેન્ડની પેઠે ત્યાં પણ ઉત્તરવાસીઓ હુમલા કરતા, પણ અનેક સૈકાં સુધી એ લોકો અજીત રહ્યા હતા. પરંતુ દેશમાં સંપ ન હતો, અને સરદારો સત્તાને માટે લડી મરતા હતા. હેનરીએ કુસંપનો લાભ લેવાનો નિશ્ચય કર્યો. પોપે પણ તેને આયર્લૅન્ડ જીતવાની રજા આપી; કેમકે આયર્લૅન્ડના લોકો ખ્રિસ્તી ધર્મ પાળતા હતા એ ખરું, પણ તેઓ પોપને ધર્માચાર્ય તરીકે માનતા ન હતા. દરમિઆન હેનરીને થોડા વખતમાં આયર્લૅન્ડમાં વચ્ચે પડવાનો લાગ મળ્યો. ત્યાંના સરદારોમાં જે બે પક્ષ હતા, તેમાંના એકે હેનરીની મદદ માગી, અને તેના બદલામાં તેનું સ્વામિત્વ સ્વીકારવાનું વચન આપ્યું. હેનરીએ પોતાના જે સરદારને ત્યાં મોકલ્યો, તેણે દેશનો કબજો મેળવ્યો. પરંતુ હેનરીને ભય પેઠો, કે ત્યાંના સરદારો સ્વતંત્ર થઈ આયર્લૅન્ડ પચાવી પાડશે; એટલે ઇ. સ. ૧૧૭૨માં તેણે આયર્લૅન્ડ જઈ બધા સરદારોની પાસે પોતાનું આધિપત્ય સ્વીકારાવ્યું. સાથે સાથે તેણે ધર્મગુરુઓની સભા મેળવી, અને તેમને પોપને વડા ધર્માચાર્ય સ્વીકારવાનું સમજાવ્યું. આમ જો કે હેનરી આયર્લૅન્ડનો અધિપતિ બન્યો, પણ તે ત્યાંનો ખરો સત્તાધીશ થઈ શક્યો નહિ; કેમકે મજબુત રાજ્ય સ્થાપવા તેનાથી ત્યાં ઝાઝો વખત રહી શકાય તેમ ન હતું.

**હેનરી** અને **બેકેટ**: આ પ્રતાપી રાજાએ મુલ્કી રાજ્યવહીવટમાં સુધારા કર્યા, તે પછી ધર્મખાતામાં પેઠેલો સડો દૂર કરવા ધાર્યું. પાદરીઓની સત્તા ઘણી વધી પડી હતી, અને ધર્મખાતામાં ઘણી અવ્યવસ્થા હતી. વિલિયમ ૧લાએ ધર્મખાતાની જુદી અદાલતો સ્થાપી હતી, પણ તેનું પરિણામ જતે દિવસે ઉલટું આવ્યું. પાદરીઓ પોપનેજ અધિપતિ માનતા, અને તેની આજ્ઞા હોય તો રાજાની મરજી વિરુદ્ધ વર્તતા. તેઓ દેશની જાગીરો ભોગવતા, છતાં દેશના સામાન્ય કાયદાનો ભંગ કરતા. કોઈ પાદરી ગુનો કરે, તો તેનો ઈન્સાફ ધર્મખાતાની અદાલત મારફતે થતો. આ અદાલતમાં શિક્ષા નજીવી થતી. એક સામાન્ય ખૂનીને દેશના કાયદા પ્રમાણે મોતની સજા થતી; પણ કોઈ પાદરીએ ખૂન કર્યું હોય, તો તેને ધર્મ બહાર મૂકવામાં આવે, હલકી પાયરીએ ઉતારવામાં આવે, કે કંઈક હલકું પ્રાયશ્ચિત્ત કરવાની સજા થાય. હેનરીને આ ઉઘાડો અન્યાય ખૂંચવા લાગ્યો, અને તેણે તે માટે ઉપાયો શોધવા માંડ્યા. તેણે યોગ્ય સુધારા દાખલ કરવાની હોંસમાં **થોમસ–એ–બેકેટ** નામના પંડિતને કેન્ટરબરીનો ધર્માચાર્ય બનાવ્યો.[1]

એવામાં એક પાદરીએ ખૂન કરી ફાંસીની સજામાંથી બચી જવા માટે ધર્મખાતાની અદાલતનું શરણ લીધું. હેનરીએ સરદારોની સભાને દેશના જુના

---

૧. બેકેટ એક પૈસાદાર વેપારીનો પુત્ર હતો. તેણે ઇંગ્લેન્ડમાં અભ્યાસ કરી કેટલીક પરદેશી વિદ્યાપીઠોમાં ઉચ્ચ અભ્યાસ કર્યો હતો. તેની બુદ્ધિમત્તાથી આકર્ષાઇને રાજાએ તેને મંત્રીપદ આપ્યું હતું. તે વખતે તે ઘણા દબદબાથી રહેતો. તેના ઉપર રાજાની મહેરબાની પણ ઘણી હતી. ઘણી વાર બેકેટના ઘર આગળથી નીકળતાં રાજા ઘોડા પરથી ઉતરી અંદર જતો, અને પ્રસંગોપાત ત્યાં જમવા પણ બેસી જતો. રાજાને મશ્કરી કરવાની ટેવ હતી. એક વખત શિઆળામાં રાજા અને બેકેટ ઘોડા ઉપર બેસીને ફરવા જતા હતા, ત્યાં ટાઢે થરથરતા એક ભિખારીને જોઇ રાજાએ બેકેટનો કીમતી ઝભ્ભો આપી દેવા સારૂ તેના પર હાથ નાખ્યો; બેકેટે તે તાણી રાખ્યો એટલે ખેંચાખેંચ ચાલી; પણ આખરે ભિખારીને સ્વપ્નામાંએ નહિ એવું ઓઢવાનું મળ્યું. આટલી મિત્રાચારીને લીધે રાજા એમ માનતો હતો, કે ધર્મખાતાનો વહીવટ સુધારવામાં બેકેટ મને મદદ કરશે. બેકેટે તો તરતજ કહ્યું હતું, કે "અત્યારે આપ મારા પર જેટલો પ્રેમ રાખો છો, તેટલોજ પછી મને ધિક્કારશો; કેમકે આપ ધર્મના વહીવટમાં એટલા બધા વચ્ચે પડો છો, કે હું તે ચાલવા દઈશ નહિ."

ધારા શોધવાનું કહ્યું. એથી તેમણે એક લેખ તૈયાર કરીને જણાવ્યું કે કોઈ ગુનેગાર પાદરી છે કે નહિ, તેનો નિર્ણય સામાન્ય અદાલતે કરવો; જો પાદરી હોય તો ધર્મખાતાની અદાલતે તેની તપાસ કરવી, પણ પછી દેશના કાયદા પ્રમાણે સજા કરવાને માટે તેને ન્યાયની અદાલતમાં મોકલવો. આ ધારાને '**કલેરન્ડનના ધારા**' કહેવામાં આવે છે.

હેનરી બેકેટને પોતાનો મિત્ર ગણતો હતો, તેથી તેણે ધાર્યું કે આ નિકાલમાં બેકેટ સંમત થશે. પરંતુ દિવાનપદે બિરાજતો બેકેટ ધર્માધ્યક્ષ થયા પછી બદલાઈ ગયો હતો. ધર્માધ્યક્ષ થયા પછી તેણે દુનિયાનું વૈભવી જીવન તજી દીધું, સઘળો ઠાઠમાઠ મૂકી દીધો, અને અત્યંત ધાર્મિક જીવન ગાળવા માંડયું. ધર્મની બાબતમાં પોપનુંજ આધિપત્ય હોઈ શકે એમ માનીનેજ તેણે દિવાનપદ છોડયું હતું, અને ધર્મગુરુની જગા સ્વીકારી હતી. હેનરીએ બેકેટની મદદથી ધર્મમાં સુધારો કરવાની આશા છોડી દીધી. બેકેટે કલેરન્ડનના ધારામાં ન છૂટકે સહી કરવાની કબુલાત આપી હતી, પણ વખત આવે તે ફરી ગયો. રાજા અને ધર્માધ્યક્ષ વચ્ચેની તકરાર વધી પડી. બેકેટને પણ ઈંગ્લેન્ડમાં રહેવું સલામત લાગ્યું નહિ, એટલે તે રાતોરાત ફ્રાન્સ નાસી ગયો, અને ૭ વર્ષ (૧૧૬૪–૧૧૭૦) સુધી ત્યાં રહ્યો. પછી સમાધાન થવાથી બેકેટ ઈંગ્લેન્ડમાં પાછો આવ્યો, પણ આવતાં વેંત તેણે રાજાના પક્ષમાં ભળેલા ધર્મગુરુઓને ધર્મ બહાર કર્યા, એટલે હેનરીનો ક્રોધ ઝાલ્યો રહ્યો નહિ. ગુસ્સાના આવેશમાં તે બોલી ઊઠયો, "મારો રોટલો ખાનાર યોદ્ધાઓમાં કોઈ એવો નથી, કે જે આજકાલના એ ઉચ્છૃંખલ પાદરીને ઉડાવી દે?" રાજાનાં અવિચારી વેણ સાંભળી ચાર યોદ્ધા ઉપડયા, અને કેન્ટરબરી જઈ પહોંચ્યા. ત્યાં દેવાલયમાંજ ધોળે દહાડે બેકેટનું ખૂન થયું: ઇ. સ. ૧૧૭૦.

એકનો દુરાગ્રહ ને આંધળો પક્ષપાત, અને બીજાના અવિચારીપણાનું આવું માઠું પરિણામ આવ્યું. બેકેટની હત્યાની ખબર સાંભળતાંજ હેનેરીને બહુ પશ્ચાત્તાપ થયો. ત્રણ દિવસ સુધી ખાવું પીવું મૂકી દઈ તેણે વિલાપ કર્યો, અને પાંચ અઠવાડીઆં સુધી કોઈની મુલાકાત પણ લીધી નહિ. પછી તેણે પોપની માફી માગી, અને પ્રાયશ્ચિત્ત કર્યું. બેકેટની કબર પાસે જઈ તેણે પોતાની પીઠ પર ચાબુક મરાવ્યા. પોપે બેકેટને 'સંત' (Saint)ની પદવી

આપી, અને આયર્લેન્ડની જીન પછી હેનરીને માફી આપી. લોકો બેકેટને શહીદ માની દૂર દૂરથી પણ તેની કબરની જાત્રાએ આવવા લાગ્યા. કવિ ચૉસરે 'કેન્ટરબરી ટેઈલ્સ'માં આ યાત્રાળુઓનું વર્ણન આપ્યું છે.

**અંતઃ** આવા મહાન્ રાજાનાં છેલ્લાં વર્ષો દુઃખમાં વીત્યાં. પોતાના વિસ્તીર્ણ રાજ્યનો અમલ ચલાવવા માટે તેણે પોતાના ઉંમરલાયક પુત્રોને જુદા જુદા પ્રાંતોના હાકેમ બનાવ્યા, અને સૌથી મોટાને પોતાની પાસે રાખ્યો. પરંતુ તેમનામાં રાજ્યલોભ પેઠો: તેઓ અંદર અંદર તેમજ હેનરીની સામે લડવા લાગ્યા, અને હેનરીના શત્રુઓ જોડે મિત્રાચારી કરવા લાગ્યા. તેના ત્રણ પુત્રોએ પોતાની માતાની શીખવણીથી બળવો કર્યો. તેના બે પુત્રો તો મરણ પામ્યા, પણ બીજા બેએ તેની વિરુદ્ધ બળવો કર્યો. હેનરીની બેવફા રાણીની તેમાં ઉશ્કેરણી હતી, અને ફ્રાન્સનો રાજા તો મદદ આપવા તૈયાર હતો. અંગ્રેજ લશ્કર બળવાખોરોને પહોંચી વળ્યું, છતાં હેનરીએ તેમને માફી આપી. હવે તેને જીવનમાં રસ રહ્યો ન હતો, અને તેની તબીયત લથડતી જતી હતી. આવી સ્થિતિમાં તેણે બળવાખોરોની ટીપ જોવા માગી; તેમાં પોતાના પ્રિય અને કનિષ્ઠ પુત્ર જ્હૉનનું નામ સૌથી પહેલું જોઈને તેને બહુ લાગી આવ્યું. તે બોલ્યો, "હવે થવાનું હોય તેમ થાય; મને મારી કે જગતની કંઈ પણ પરવા નથી." માત્ર બે દિવસ પછી તે મરણ પામ્યો.

હેનરીએ પોતાના અમલમાં ઇંગ્લેન્ડમાં કરેલું કામ ભૂલી શકાય તેવું નથી. તેની ન્યાય આપવાની પદ્ધતિ વિશાળ સ્વરૂપમાં અદ્યાપિ પર્યંત ચાલુ છે. તેની રાજ્યનીતિનો હેતુ રાજસત્તાને પ્રતાપી ને બળવાન બનાવવાનો હતો, અને તેથીજ ફ્રાન્સ પર ચઢાઈ કરતી વખતે ફ્યૂડલ ધારા પ્રમાણે અમીરો પાસેથી ચાલીસ દિવસની નોકરી ન લેતાં તેણે પૈસા લીધા હતા, અને તેમાંથી પોતાને વફાદાર રહે તેવું લશ્કર ઉભું કર્યું હતું. તેણે રાજસભાની નવીન રચના કરીને અમીરોને નબળા પાડયા હતા. સ્કૉટલેન્ડ અને વેલ્સ ઉપર સ્વામિત્વનો દાવો કરી બ્રિટિશ ટાપુઓની એકતા સાધવાનો તેનો પ્રયત્ન પુરેપુરો સફળ ન થયો, છતાં તે સ્તુત્ય તો હતોજ. ખરેખર, હેનરી ઈંગ્લેન્ડનો પ્રતાપી, પરાક્રમી, અને મહાન્ રાજા હતો. તેણે દેશની મહત્તા વધારીને શાન્તિ સ્થાપી, અને રાજ્યવહીવટ માટે ઉત્તમ ધારા ઘડી કાઢયા.

**રિચર્ડ**: ૧૧૮૯–૧૧૯૯. હેનરીના મરણ પછી તેનો પુત્ર રિચર્ડ ગાદીએ બેઠો. બહાદુરી સિવાય બાપનો એકે ગુણ તેનામાં ન હતો. ઇતિહાસમાં તેને '**સિંહહૃદયનો**' કહેવામાં આવે છે. તે ઉદાર, ભોળો, પરાક્રમી અને અવિચારી હતો. રાજ્ય ચલાવવા કરતાં યુદ્ધ કરવામાં તે વધારે પ્રવીણ હતો. તેણે દસ વર્ષ નામનું રાજ્ય કર્યું, પણ તેમાંનો ઘણો ભાગ તો તેણે લડાઈમાંજ ગાળ્યો. તેણે પેલેસ્ટાઈનની રણભૂમિ પર અદ્ભુત પરાક્રમો દાખવ્યાં હતાં, અને તેની વાતો સાંભળી લોકોની છાતી ઉંચી આવતી હતી; પણ તે ઈંગ્લેન્ડમાં માત્ર બે વખત આવ્યો હતો, અને તેથી દેશની રાજ્યવ્યવસ્થા પર ધ્યાન આપી શક્યો ન હતો. તેની ગેરહાજરીમાં દેશમાં બખેડા થયા, અને અવ્યવસ્થા ચાલી. રિચર્ડના ભાઈ જ્હૉને તેને પદભ્રષ્ટ કરી ગાદી પચાવી પાડવાનો પ્રયત્ન કર્યો, અને પરરાજ્યો જોડે મસલત કરી રિચર્ડ વિરુદ્ધ અનેક ખટપટો ઉભી કરી. ક્રુઝેડ પુરી થયા પછી રિચર્ડ ઇંગ્લેન્ડ આવતો હતો, ત્યારે રસ્તામાં ઑસ્ટ્રિઆના ડાકોરે તેને કેદ પકડ્યો, અને જર્મન શહેનશાહને સોંપી દીધો. તેણે તેને એક વર્ષ કેદમાં રાખ્યો, અને આખરે ભારે દંડ લઈને છોડી મૂક્યો. ઇંગ્લેન્ડમાં આવીને રિચર્ડે વ્યવસ્થા આણી અને જ્હૉનને ક્ષમા આપી. ફ્રાન્સની એક લડાઈમાં તીર વાગવાથી રિચર્ડ મરણ પામ્યો. રિચર્ડની ગેરહાજરીથી દેશને એક લાભ થયો: એથી લોકોને વહીવટ ચલાવવાની તાલીમ મળવા લાગી. લડાઈના ભારે ખર્ચના પૈસા મેળવવા પ્રધાનોને લોકસભા બોલાવવી પડતી, અને તેમને ખુલાસા આપવા પડતા. રાજ્યતંત્રમાં પ્રજાનો અવાજ હોવો જોઈએ, એ સૂત્રનાં મૂળ આ સમયમાં નંખાયાં.

**જ્હૉન**: ૧૧૯૯–૧૨૧૬. રિચર્ડના મરણ પછી જ્હૉન ગાદીએ આવ્યો. તે કપટી, ખટપટી અને દુરાચારી હતો. ખરૂં જોતાં ગાદી ઉપર તેના ભત્રીજા આર્થરનો હક થતો હતો, પણ તે બાર વર્ષના કુંવરનો હક જાળવવાની દરકાર કોને હોય ? તેમ છતાં આર્થરે ફ્રાન્સના રાજાની મદદથી બંડ ઉઠાવ્યું; પણ તેમાં તે ફાવ્યો નહિ, અને ઉલટો કેદ પકડાયો. ભત્રીજો જીવે છે ત્યાં સુધી પોતાની સ્થિતિ સલામત નથી, એમ જાણી રાજલોભી કાકાએ તેનું ખૂન કરાવ્યું. શેકસ્પિયરે આ પ્રસંગનું હૃદય હલાવી નાખનારૂં વર્ણન આપ્યું છે. તે વાંચનારને જ્હૉનને માટે હાડોહાડ તિરસ્કાર વ્યાપે છે.

**નોર્મંડી ખોયું:** અત્યાર સુધી ઇંગ્લેન્ડના રાજાઓ નોર્મંડીના ઠાકોર હતા, અને એ રીતે જોતાં ફ્રાન્સનો રાજા તેમનો અધિપતિ હતો. આ અધિકારની રૂએ ફ્રાન્સના રાજાએ જ્હૉન પર આર્થરના ખૂનનું તહોમત મૂક્યું, અને તેનો જવાબ આપવા પોતાની પાસે હાજર થવા ફરમાવ્યું, પણ જ્હૉન ગયો નહિ. એથી ફ્રાન્સના રાજાને બહાનું મળ્યું. તેણે ફ્રાન્સમાં આવેલી જ્હૉનની ઘણીખરી જાગીરો જપ્ત કરી; આમ જો કે ભત્રીજાનું ખૂન કરી જ્હૉને ઇંગ્લેન્ડની ગાદી મેળવી, પણ બાપદાદાએ મેળવેલું નોર્મંડીનું રાજ્ય ગુમાવ્યું. ઇંગ્લેન્ડને તો આથી લાભજ થયો; કારણ કે રાજા અને અમીરોની દૃષ્ટિ નોર્મંડી ઉપરથી જતી રહી, અને તેઓ ઇંગ્લેન્ડને સ્વદેશ માની ત્યાં સ્થિર થયા. ઇંગ્લેન્ડનો પૈસો નોર્મંડી જતો અટક્યો, અને પ્રજાના હક સારૂ નોર્મન અમીરો અને અંગ્રેજ લોકો સરખો રસ લેવા લાગ્યા.

**પોપ જોડે તકરાર:** થોડા વખતમાં જ્હૉનને રોમના પોપ જોડે તકરાર થઈ. કેન્ટરબરીનો ધર્માચાર્ય મરણ પામ્યો, એટલે ત્યાંના સાધુઓએ તેને સ્થાને પોતાનામાંના એકની ચુંટણી કરી. સાધારણ રીતે રાજા અને પોપની અનુમતિથી આ પસંદગી થતી, પરંતુ સાધુઓ જ્હૉનને બરાબર ઓળખતા હતા, તેથી રાજાને પૂછ્યા વિના તેમણે આ નીમણુક કરી દીધી. જ્હૉનને આ વાતની ખબર પડતાં તેણે તે સ્થાને પોતાના એક માણસની નીમણુક કરી. જ્યારે પોપ પાસે તકરાર ગઈ, ત્યારે તેણે આ બંને નીમણુકો રદ કરી સ્ટીફન લેંગ્ટન નામના એક પવિત્ર અંગ્રેજ પંડિતની તે જગાએ નીમણુક કરી. જ્હૉન પોપની સામે થયો, અને તેણે આખા રાજ્યને ધર્મભ્રષ્ટ ગણવાનો હુકમ કાઢ્યો. ચાર વર્ષ સુધી મંદિરોમાં પ્રાર્થના થઈ નહિ, કોઈ ધર્મક્રિયા થઈ નહિ, કબરસ્તાનમાં મડદાં દટાયાં નહિ, અને લોકોને ભારે દુઃખ વેઠવું પડયું. ખરૂં જોતાં પોપનું આ પગલું ગેરવાજબી હતું, અને જ્હૉન લોકપ્રિય રાજા હોત, તો પોપનાં આવાં અયોગ્ય દબાણની સામો થઈ શકત. પરંતુ તેનાં અધમ કામો, તેની વિષયલંપટતા, તેનો લોભ અને તેની નિર્દયતાને લીધે એ પ્રજાને અકારો થઈ પડયો હતો. તેણે પોપના ફરમાનની દરકાર કરી નહિ, અને મરજીમાં આવે તેમ વર્તવા માંડયું. વળી પોપની આજ્ઞા માનનારા

પાદરીઓને લૂટવા અને મારવા માંડયા.[1] પોપે તેને ધર્મ બહાર મૂકયો, અને તેની પ્રજાને તેના પ્રત્યે વફાદાર રહેવાના બંધનમાંથી મુક્ત કરી. છેવટે ઈ. સ. ૧૨૧૨માં પોપે તેને પતિત અને પદભ્રષ્ટ થએલો જાહેર કર્યો, અને ફ્રાન્સના રાજાને ઇંગ્લેન્ડ જીતી લેવાની આજ્ઞા કરી.

હવે જ્હૉનને ચિંતા પેઠી. અમીરો અને પ્રજા તેને માટે કેવી લાગણી ધરાવે છે, એ તે સારી પેઠે જાણતો હતો; એટલે આ પ્રસંગે તે પોપને નમી પડયો. તેણે સ્ટીફન લેંગ્ટનને ધર્માધ્યક્ષ તરીકે કબુલ રાખ્યો, અને પોપના પ્રતિનિધિને પગે પડી રાજમુકુટ તેને ચરણે ધર્યો. પોપે તેને ખંડીઆ રાજા તરીકે સ્વીકારી રાજ્ય પાછું આપ્યું. આ વાત સાંભળી ઇંગ્લેન્ડના લોકોને શરમના માર્યા નીચું જોવાનું થયું. હવે રાજ્યતંત્રમાં સુધારા થવા જોઈએ, એવો જાહેર અસંતોષ લોકોએ દેખાડયો.

જ્હૉનને શરણે આવેલો જોઈ પોપે ફ્રાન્સના રાજાને પાછા જવાની આજ્ઞા કરી. ફિલિપે પાછા જવાની ના પાડી, પણ નૌકાસૈન્ય હારી જવાથી તે પાછો ગયો. જ્હૉનને તો ફિલિપની પાછળ પડી તેને મારવો હતો, પણ અમીરોએ તેની જોડે દરિયાપાર જવાની ના પાડી.

**પ્રજાનો સંપ અને મેગ્નાકાર્ટા:** પોપ જોડેની તકરારની પતાવટ થઈ, પણ તેથી જ્હૉનને બહુ લાભ થયો નહિ. તેના જુલમો વધી પડયા, એટલે પ્રજા ત્રાહે ત્રાહે પોકારી ગઈ. ફ્રાન્સથી પાછા આવતાં તેણે પોતાની મદદે આવવાની ના પાડનાર અમીરોનાં ખેતરો અને ગામડાં લૂટવા તથા બાળવા માંડયાં. હવે દેશના અમીરો, પાદરીઓ અને સામાન્ય લોકો સંપી ગયા, અને સ્ટીફન લેંગ્ટને તેમની આગેવાની લીધી. એકાદ વખતે જ્હૉને પાદરીઓ અને અમીરોને થોડા ઘણા હક આપીને ફોડવા પ્રયત્ન કર્યો, પણ તેમાં તે બહુ ફાવ્યો નહિ. વળી ઉત્તર અને દક્ષિણના અમીરોએ જરૂર પડે હથિયાર ઉપાડવાના સોગન લીધા.

અમીરોની સભા મળી હતી, તેમાં લેંગ્ટને હેનરી ૧લાનો પટો કાઢીને

---

૧. પાદરીઓ ઉપર જ્હૉનનો રોષ એટલો બધો વધી પડયો, કે વેલ્સના એક વતનીને પાદરીની હત્યાના આરોપસર તેની પાસે તપાસ માટે આણવામાં આવ્યો, ત્યારે તેણે કહ્યું કે "તેને જવા દો, તેણે મારા શત્રુને માર્યો છે."



**રાજા જહૉન મેગ્નાકાર્ટા ઉપર સહી કરી આપે છે.**

દેશના જુના કાયદા કેવા હતા તે સમજાવ્યું. એથી લોકોએ પોતાની માગણીઓ રાજા પાસે રજુ કરવાનો વિચાર કર્યો. તેમણે એક સેના તૈયાર કરી, અને તેને ‘**ધર્મસેના**’ એવું નામ આપ્યું. જહૉને હવે જોયું કે બધી પ્રજા સંપી ગઈ છે, અને સામા થવાથી કશું વળે એમ નથી; તેથી તેણે

લોકો કહે તેમ કરવાની તત્પરતા બતાવી. ઇ. સ. ૧૨૧૫ના જાન્યુઆરિની ૧૨મી તારીખે તેની પાસે પ્રજાની માગણીઓ રજુ કરવામાં આવી. તેણે વિચાર કરવા માટે મુદત માગી, પણ તે દરમિઆન તેણે લશ્કર તૈયાર કર્યું; પણ સંપીલી પ્રજા પાસે ભાડુતી લશ્કરનું શું ચાલે? છેવટે રનીમીડના મેદાનમાં અમીરો અને પ્રજાના આગેવાનોને જ્હૉન મળ્યો, અને અણગમતે મને ઇ. સ. ૧૨૧૫ના જૂન માસની ૧૫મી તારીખે તેણે પટ્ટા (Magna Carta) ઉપર સહી કરી. અદ્યાપિ પર્યંત અંગ્રેજોની સ્વતંત્રતા એ પટ્ટા વડે રક્ષાતી આવે છે. તેમાં નવું તો થોડુંજ હતું; ઘણીખરી કલમો તો જુનીજ હતી: તેમાંની બે કલમો મુખ્ય હતી.

(૧) કોઈ પણ સ્વતંત્ર માણસને રાજા પોતાની ઇચ્છામાં આવે તેવી સજા કરી શકે નહિ, કે કેદ પકડી શકે નહિ; દરેકની તપાસ તેના સમોવડીઆ કરે.

(૨) પાદરીઓ તેમજ નાના મોટા અમીરોની અનુમતિ વિના રાજા કોઈ પણ પ્રકારનો કર ઉઘરાવી શકે નહિ.

પહેલા અને બીજા હેનરીના પટ્ટા કરતાં આમાં નવું થોડુંજ છે, છતાંએ આ સનંદને '**મોટો પટ્ટો**' નામ આપવાનું કારણ એ છે, કે અત્યાર સુધીના પટ્ટાઓ રાજાઓએ સ્વેચ્છાથી આપેલાં વચનો હતાં, ત્યારે આ સનંદ તો એક અન્યાયી રાજા પાસેથી પ્રજાએ સંપ કરીને બળાત્કારે લીધી હતી. આ સનંદથી માત્ર થોડાક અમીરોનું નહિ, પરંતુ સમગ્ર પ્રજાનું હિત સચવાતું હતું. જો કે આ પટ્ટામાં અમીરો અને પાદરીઓના હક વિષે ઘણી કલમો હતી, છતાં લોકોને છેક ભૂલી જવામાં આવ્યા નહોતા. અંગ્રેજ લોકો આ પટ્ટાનું અભિમાન ધરાવે છે તે વાજબી છે. આ સરતો રાજા બરાબર પાળે તે માટે ૨૫ અમીરોની નીમણુક કરવામાં આવી, અને રાજા પ્રતિજ્ઞાભંગ કરે તો રાજાની જાગીરો, કિલ્લા વગેરે જપ્ત કરવાની તેમને સત્તા આપવામાં આવી.

**ફ્રાન્સ જોડે યુદ્ધ:** પરંતુ આપેલું વચન પાળવાની જ્હૉનની દાનત ન હતી. તેણે પોપને સર્વ હકીકત જણાવી બળાત્કારે કરી આપેલી સહી પાછી ખેંચી લેવાની રજા માગી. પોપે તેને રજા આપી, અને તેની સામે થનારને ધર્મ બહાર મૂકવાની ધમકી આપી. હવે જ્હૉનનાં દુષ્કૃત્યોની સીમા રહી

નહિ. તેણે ભાડુતી માણસો રાખી ગામડાં લૂટવા અને બાળવા માંડ્યાં. આથી કંટાળી ગએલા અમીરોએ ફ્રાન્સના રાજા લુઈને ઈંગ્લેન્ડમાં આવીને રાજ્ય કરવાનું આમંત્રણ આપ્યું. લુઈ મોટું સૈન્ય લઈને આવ્યો; જ્હૉન સામો થયો, અને લશ્કર લઈ તેને અટકાવવા દોડ્યો, પરંતુ વૉશ નદી ઉતરવા જતાં તેનો સામાન, ઝવેરાત, અને પ્રજા કરતાંએ વધારે પ્રિય રાજચિહ્નો ડૂબી ગયાં. જ્હૉનના હાથ હેઠા પડ્યા; તે બધી હિંમત હારી ગયો. ફીકર, ચિંતા, તાવ અને નિરાશાથી નબળો પડેલો રાજા ઇ. સ. ૧૨૧૬માં મરણ પામ્યો. તેના મૃત્યુથી પ્રજાને નિરાંત થઈ. પોતાના પ્રતાપી પિતાની શક્તિઓ ધરાવવા છતાં તેનામાં એટલા બધા દુર્ગુણો હતા, કે ઇતિહાસમાં તેનું નામ એક અધમ રાજા તરીકે ગણાય છે. તે સ્વાર્થી, લોભી, લુચ્ચો, દુરાચારી અને લંપટ હતો. "તે એવો તો અપવિત્ર હતો, કે નરક પણ તેના વાસથી અભડાઈ જાય."*

---

## પ્રકરણ ૫મું

### લોકસત્તાનો ઉદય : ઇ. સ. ૧૨૧૬-૧૩૨૭

**હેનરી ત્રીજો**: ૧૨૧૬-૧૨૭૨. જ્હૉનના મરણથી દેશની પરિસ્થિતિ ફેરવાઈ ગઈ; તેનો બાળપુત્ર હેનરી નવ વર્ષની ઉંમરે ગાદીએ બેઠો. લુઈ પરદેશીઓનું લશ્કર લઈ દેશમાં આવ્યો હતો, અને કેટલાક અમીરોએ તેને સહાય આપવાનું વચન આપ્યું હતું. પરંતુ કેટલાક રાજ્યનીતિજ્ઞ પુરુષોએ જોઈ લીધું, કે એથી તો દેશમાં પરદેશીઓનો પગપેસારો થશે, અને તેમના જુલમની સામે થવું ભારે પડી જશે. તેમણે ધીરે ધીરે લુઈનો પક્ષ તજી બાળક હેનરીનો રાજ્યાભિષેક કર્યો, અને રાજ્યકારભાર ચલાવવા માટે પેમ્બ્રોકના શાણા અને દીર્ઘદર્શી ઠાકોરની નીમણુક કરી. એથી કરીને લુઈને માઠું લાગ્યું, અને તેણે ગાદી મેળવવા માટે તજવીજ તો કરી, પણ તેમાં તે ફાવ્યો નહિ; એટલે છેવટે ઇ. સ. ૧૨૧૭માં અમુક રકમ લેવાનું કબુલ કરીને તે સ્વદેશ ચાલ્યો ગયો.

---

* "He was a Knight without truth, a King without justice, and a Christian without faith."

હેનરીના ૫૬ વર્ષના અમલના ચાર વિભાગ પડે છેઃ (૧) રાજાની બાલ્યાવસ્થા, (૨) સ્વતંત્ર રાજ્ય અને ગેરવહીવટ, (૩) સ્વચ્છંદી રાજસત્તાને દાબવા અમીરોના પ્રયત્નો, અને (૪) અખંડ શાન્તિ.

હેનરીની બાલ્યાવસ્થામાં પેમ્બ્રોકનો ઠાકોર બે વર્ષ સારો કારભાર ચલાવી મરણ પામ્યો, અને હ્યુબર્ટ ડી બર્ઘ નામના ચતુર પુરુષના હાથમાં કારભાર આવ્યો. તેણે દેશમાંથી પોપની સત્તા ઓછી કરવાનું કામ હાથમાં લીધું, અને દેશમાં શાંતિ સ્થાપવાના પ્રયત્નો કર્યા.[1] મોટા થયા પછી પણ હેનરી બીજાઓની સલાહ પ્રમાણે ચાલતો. પરિણામે રાજ્યમાં અનેક જાતની ગેરવ્યવસ્થા દાખલ થઈ. રાજાની જોખમદાર પદવીને છાજતા ગુણો તેનામાં ન હતા. પોતાના ખાનગી જીવનમાં તે પવિત્ર હતો, અને તેના આશયો સારા હતા; પણ રાજા તરીકે તે તરંગી, ઉડાઉ, હઠીલો અને નમાલો નીવડ્યો. તેનામાં રાજનીતિના કઠણ પ્રશ્નોનો નિકાલ આણવાની શક્તિ નહોતીઃ વૈભવ અને વિલાસમાં રચ્યોપચ્યો રહીને તે બીજાની બુદ્ધિએ ચાલતો. એથી દેશમાં અનેક પરદેશીઓ ભરાયા, અને પોતાનાં ગજવાં ભરવા લાગ્યા. વળી પોતાના પરદેશી સંબંધીઓ અને મિત્રોના પોષણ માટે રાજા પણ પ્રજા પાસે પૈસાની માગણી કરતો, એટલે પ્રજામાં ઊંડો અસંતોષ ફેલાયો.

આ પૈસા મેળવવા માટે રાજાને ઘણી વાર અમીરો, ઠાકોરો, અને ધર્માધ્યક્ષોની સભાઓ બોલાવવી પડતી, અને સુરાજ્યનાં વચનો આપવાં પડતાં. પરંતુ નાણાં મળ્યા પછી એ વચનો પાળવામાં આવતાં નહિ. વળી રાજા પોપને નમ્યો હતો, એટલે પોપ પણ વારંવાર ઇંગ્લેન્ડથી નાણાં મંગાવતો. પોપના સ્વાર્થી હેતુઓ સાધવા માટે પૈસા આપતાં પ્રજાને અકળામણ થતી.

---

૧. હેનરી મોટો થયો તે પછી તેને હ્યુબર્ટ જોડે તકરાર થઈ, એટલે તેને રજા આપવામાં આવીઃ તેના પર અનેક આરોપ મૂકવામાં આવ્યા, એટલે તેને કેદમાં પૂરવામાં આવ્યો. રાજાએ હ્યુબર્ટને પકડવાનો હુકમ કર્યો, એટલે હ્યુબર્ટ કોઈ ધર્માલયમાં ભરાઈ ગયો. પરંતુ ત્યાંથી તેને બહાર ખેંચી કાઢવામાં આવ્યો, અને તેને પગે બેડી પહેરાવવાની એક લુહારને આજ્ઞા થઈ. લુહારે જવાબ આપ્યો, કે "આ માણસે ઈંગ્લેન્ડને પરદેશીઓથી બચાવ્યું છે, તેથી તેને બેડી પહેરાવતાં પહેલાં કોઈ પણ પ્રકારે મારું મોત થાય, તે હું વધારે પસંદ કરું છું."

પ્રતિવર્ષ અઢળક નાણું ખેંચાઈ જતું, એથી પ્રજાને ઘણું સાલતું. આખરે અસંતોષનો ધુંધવાયલો અગ્નિ ભભૂકી ઊઠયો, અને અમીરોએ આ સ્વચ્છંદી રાજસત્તાને કંઈક કાબુમાં આણવાનો નિશ્ચય કર્યો.

**અમીરોનું બંડ:** ૧૨૫૮–૧૨૬૪. અમીરોએ જોયું કે રાજા તો પોપના હાથમાં રમકડું છે, અને પોપને પરદેશી લડાઈમાં જોઈતા પૈસા ઈંગ્લેન્ડમાંથી મળે છે. છેવટે તેઓ ઑક્સફર્ડમાં મળેલી પાર્લમેન્ટમાં હથિયાર સજીને ગયા, અને તેમણે દેશનો રાજ્યવહીવટ ચોવીસ અમીરો*ના હાથમાં સોંપી દેવાની રાજાને ફરજ પાડી. રાજપક્ષના લોકોએ આ પાર્લમેન્ટને "**ઘેલી**" ઉપનામ આપ્યું, પણ તેણે રાજ્યવ્યવસ્થાના નિયમો ઘડી એ પ્રમાણે ચાલવાના રાજાને સોગન લેવડાવ્યા. પરંતુ ઑક્સફર્ડના ધારાથી રાજ્યવહીવટ સિવાય બીજા કશા સુધારા થયા નહિ. આખરે તેમનામાં પણ પક્ષ પડી ગયા, જેમાંનો એક પક્ષ સાઈમન ડી મોન્ટફર્ડનો હતો.

તે વખતે અમીરોમાં સાઈમન ડી મોન્ટફર્ડ અગ્રેસર હતો. તે જો કે પરદેશી હતો, પણ લીસેસ્ટરનો જાગીરદાર થવાથી અંગ્રેજ બન્યો હતો, અને ઈંગ્લેન્ડનું કલ્યાણ કરવા આતુર હતો. તે ન્યાયપ્રિય, પ્રમાણિક, દેશપ્રેમી, અને યુદ્ધવિદ્યામાં નિપુણ હતો. દેશાવરમાં ફરી તેણે ઘણો અનુભવ મેળવ્યો હતો. તેણે રાજાને મૂર્ખતા વાપરવાને બદલે દેશમાં સુધારા કરવા અનેક વાર શિખામણ આપી હતી, પરંતુ સઘળું વ્યર્થ ગયું. અંતે તેણે દેશમાં સુવ્યવસ્થા આણવા માટે ગમે તે ભોગ આપવાની પ્રતિજ્ઞા લીધી. રાજાનો મોટો પુત્ર એડવર્ડ પણ શરૂઆતમાં સાઈમન જોડે મળી ગયો.

હેનરીએ અમીરોની અંદર અંદરની તકરારનો લાભ લેવા ધાર્યું. તેણે ઑક્સફર્ડના ધારા પાળવાની પ્રતિજ્ઞાનો ભંગ કરવાની પોપ પાસેથી રજા મેળવી, એટલે અમીરો લડાઈ કરવા તૈયાર થયા. પરંતુ આખરે ન્યાયી અને પવિત્ર ગણાતા ફ્રાન્સના રાજા લુઈને પંચ નીમવામાં આવ્યો. લુઈ પરિસ્થિતિથી વાકેફ નહોતો; એટલે તેણે એવો નિર્ણય આપ્યો કે દેશમાં રાજસત્તા સર્વોપરિ હોવી જોઈએ. આ નિર્ણય અમીરોને રૂચ્યો નહિ, એટલે લડાઈ

* ૧૨ રાજાએ પસંદ કરેલા; ૧૨ અમીરોએ પસંદ કરેલા.

સળગી. અમીરોની સરદારી સાઈમને લીધી; પણ એડવર્ડ પોતાના પિતાને મળી ગયો, એટલે અમીરોનો પક્ષ નબળો પડયો: છતાં સાઈમનના યુદ્ધકૌશલ્યથી અમીરોને જય મળ્યો, અને એડવર્ડ શરણે આવ્યો. સાઈમને રાજ્યવહીવટ પોતાને હસ્તક લીધો. તેના વહીવટ દરમિઆન પાર્લમેન્ટ વિશાળ પ્રતિનિધિત્વવાળી થઈ. અત્યાર સુધી અમીરો, ગરાસીઆઓ અને પાદરીઓની સભાઓ મળતી, પણ પ્રજાના પ્રતિનિધિઓને કોઈ પણ નોતરતું નહિ. સાઈમને દરેક પરગણા અને કસબામાંથી પ્રતિનિધિઓ બોલાવ્યા; અને દરેક શહેરને બે પ્રતિનિધિઓ મોકલવાની આજ્ઞા કરી, ઇ. સ. ૧૨૬૫: જો કે આ પ્રતિનિધિઓ સાઈમનનાજ પક્ષના હતા, અને તેણે પોતાનો પક્ષ મજબુત કરવા માટેજ તેમને બોલાવ્યા હતા, છતાં હાલની આમની સભાનો પાયો નાખવાનો જશ આ મહાપુરુષને ઘટે છે. થોડા મહીના પછી એડવર્ડ કેદખાનામાંથી નાસી છૂટયો, અને તેણે સાઈમનના પક્ષના કેટલાક અમીરોને પોતાના પક્ષમાં લીધા. એ પછી તેણે સાઈમન ઉપર અણધાર્યો હલ્લો કરી તેને ઇવશામના યુદ્ધમાં હરાવ્યો. યુદ્ધમાં સાઈમન મરાયો, પરંતુ તેનું જીવનકાર્ય પૂરૂં થયું હતું.

**શાન્તિ:** યુદ્ધ પૂરૂં થયું, દેશમાં શાન્તિ સ્થપાઈ, અને રાજાએ અમીરોને તેમની જાગીરો પાછી આપી. હેનરીના અમલનાં બાકીનાં વર્ષોમાં એવી શાન્તિ રહી, કે ઇ. સ. ૧૨૭૦માં તેનો પુત્ર એડવર્ડ ક્રુઝેડમાં ગયો.[1] એડવર્ડની ગેરહાજરીમાં હેનરી મરણ પામ્યો, છતાં કોઈ જાતની અવ્યવસ્થા થઈ નહિ.

**એડવર્ડ ૧લો:** ૧૨૭૨–૧૩૦૭. હેનરીના મરણ વખતે એડવર્ડ પેલેસ્ટાઇનમાં હતો, છતાં તેના નામની આણ ફેરવવામાં આવી, અને બે વર્ષ વ્યવસ્થિત રીતે રાજ્ય ચાલ્યું. તેનો પિતા નિર્બળ હતો, અને તેની માતા અભિમાની હતી; પણ તે પ્રતાપી હતો, અને ઇંગ્લેન્ડના મહાન્ રાજાઓમાં તેની ગણના થાય છે. તેનું ચારિત્ર્ય આલ્ફ્રેડ જેવું ન હતું, છતાં તેના જેવો

---

૧. આ યુદ્ધમાં એડવર્ડે બહુ પરાક્રમ કર્યું. તેની પત્ની એલીએનોર પણ તેની ભેગી ગઈ હતી. કહેવાય છે કે એક વખતે યુદ્ધમાં એડવર્ડના હાથમાં ઝેરી ખંજર વાગવાથી ઉંડો જખમ થયો હતો; પણ તેની સ્નેહાળ પત્નીએ તે જખમનું લોહી ચૂસી લઈ પોતાના પતિનો પ્રાણ બચાવ્યો હતો.

તે સમર્થ અને દેશપ્રેમી હતો. તેનામાં હેનરી બીજાના જેવો ઉત્સાહ હતો, અને તે ઉપરાંત કાયદા અને સુવ્યવસ્થા માટે તેને ઉંડો પ્રેમ હતો. સાઇમન ડી મોન્ટફર્ડે તેને યુદ્ધવિદ્યામાં નિપુણ બનાવીને તેનામાં રાજનૈતિક કુનેહ કેળવી હતી. તેનામાં શૌર્ય અને સત્યપરાયણતા હતાં, તેની સાથે પોતાની અને પારકાની ભૂલોમાંથી અનુભવ કાઢી તેનો લાભ લેવાની શક્તિ હતી. આને લીધે તેણે જેટલી મહત્તા મેળવી, તેટલીજ મહત્તા પોતાની ભૂલ તત્કાળ સ્વીકારી લેવાની ટેવથી પણ તેને મળી છે. તે વિદ્વાન્ અને કલાપ્રેમી હતો.

**વેલ્સની જીતઃ** ૧૨૮૨. એડવર્ડના જીવનનું મોટું ધ્યેય એ હતું, કે સમગ્ર ગ્રેટબ્રિટનને એકત્ર કરી તેને પોતાના છત્ર નીચે આણવું. વેલ્સના પહાડી લોકો ઇંગ્લેન્ડમાં કોઈ કોઈ વાર ત્રાસ વર્તાવતા હતા. હેનરી ૩જાના સમયમાં તેમણે સાઈમનને મદદ કરી હતી, અને એડવર્ડને વેલ્સના સરદાર લુવેલીને અધિપતિ તરીકે સ્વીકારવાની ના પાડી હતી. આટલેથી એડવર્ડને બહાનું મળ્યુંઃ લુવેલીનને શિક્ષા કરવાને મિષે તેણે વેલ્સ પર ચઢાઈ કરી. વેલ્સના લોકોને તાબે કરી લુવેલીનને ખંડીઓ બનાવી એડવર્ડ પાછો ફર્યો. તે પછી થોડાં વર્ષ બધું ઠીક ચાલ્યું; પણ લુવેલીન અને તેના ભાઈ ડેવિડે પાછો બળવો કર્યો, એટલે એડવર્ડે વેલ્સને ઇંગ્લેન્ડ જોડે જોડી દેવાનો નિશ્ચય કરીને યુદ્ધ આદર્યું. યુદ્ધમાં લુવેલીન મરાયો અને ડેવિડ કેદ પકડાયો. ડેવિડને કેદખાનામાં રીબાવી રીબાવીને મારી નાખવામાં આવ્યો. એક વર્ષ વેલ્સમાં રહીને એડવર્ડે રાજ્યવહીવટની ઉત્તમ વ્યવસ્થા કરી. તેણે વેલ્સમાં ઇંગ્લેન્ડના ધારા દાખલ કર્યા, પણ કેટલાક પ્રાચીન રીતરિવાજો જાળવવાની રજા આપી, અને કેટલીક વહીવટી સ્વતંત્રતા બક્ષી. આ રીતે એડવર્ડે વેલ્સના લોકોનાં મન નવા રાજ્યને અનુકૂળ કરી લીધાં. તેણે પોતાના જ્યેષ્ઠ પુત્રને "વેલ્સનો રાજકુમાર" એ ઉપનામ આપ્યું, અને વેલ્સની પ્રજાના દેશાભિમાનને સંતોષ્યું. ત્યારથી ઇંગ્લેન્ડનો પાટવી પુત્ર "પ્રિન્સ ઑવ્ વેલ્સ" કહેવાય છે.

**સ્કૉટલેન્ડની જીતઃ** વેલ્સની જીત મેળવ્યા પછી એડવર્ડની દૃષ્ટિ સ્કૉટલેન્ડ તરફ વળી. ઇ. સ. ૧૨૮૬માં સ્કૉટલેન્ડનો રાજા મરણ પામ્યો, અને તેની દૌહિત્રી ગાદીવારસ થઈ. એડવર્ડે તેનો વિવાહ પોતાના પાટવી

પુત્ર જોડે કર્યો, પણ લગ્ન થતા પહેલાં સ્કૅાટલેન્ડની રાજકુંવરી મરણ પામી. પરિણામે ગાદીના ત્રણ વારસદાર ઉભા થયા. એડવર્ડે તેનો નિકાલ કરવાનું કામ પોતાના હાથમાં લીધું. તેણે જ્હૉન બેલિયલની તરફેણમાં ચુકાદો આપ્યો, અને તે સ્કૅાટલેન્ડની ગાદી ઉપર પણ બેઠો. બેલિયલને રાજ્ય તો મળ્યું, પણ સ્કૅાટલેન્ડની પ્રજા એડવર્ડની ગુલામી સ્વીકારવા માટે બેલિયલને ફિટ્કાર દેવા લાગી. સ્કૅાટલેન્ડના અધિપતિ તરીકે એડવર્ડ વારંવાર બેલિયલને કંઈ કામને બહાને પોતાની પાસે બોલાવતો, પણ એ તો બેલિયલને લેશમાત્ર પસંદ પડતું નહિ. એથી તેણે ઇ. સ. ૧૨૯૫માં બળવો કર્યો, અને ફ્રાન્સની મદદ માગી. પરંતુ એડવર્ડ એકદમ સ્કૅાટલેન્ડ જઈ પહોંચ્યો. તેણે બેલિયલને ડનબારના યુદ્ધમાં હરાવ્યો, અને તેને પદભ્રષ્ટ કરી ત્યાં અંગ્રેજ સુબાની નીમણુક કરી.

**વૉલેસનો બળવો:** પરંતુ એટલેથી સ્કૅાટલેન્ડની જીત પૂરી થઈ નહિ. ત્યાંની સ્વાતંત્ર્યપ્રેમી અને પહાડી પ્રજા હાથ જોડીને બેસી રહે તેવી ન હતી. વૉલેસ નામના દેશાભિમાની વીર નરે સ્કૅાટલેન્ડને સ્વતંત્ર કરવાનો ઝંડો ઉપાડયો, અને અનેક માણસો તેને આવી મળ્યા. તેણે અંગ્રેજ લશ્કર પર ધસારો કરી તેને કાપી નાખ્યું, અને અંગ્રેજોને હરાવી વૉલેસે પોતાને 'દેશરક્ષક' જાહેર કર્યો, ઇ. સ. ૧૨૯૭. એડવર્ડ આ વખતે ફ્રાન્સમાં હતો. તેણે બળવાના સમાચાર સાંભળી ફ્રાન્સની તકરાર પતાવી દીધી. તે એકદમ ઇંગ્લેન્ડ આવ્યો, અને ચુનંદા યોદ્ધાઓ લઈ વૉલેસની સામે ગયો. ફૉલ્કર્ક પાસે યુદ્ધ થયું, તેમાં સ્કૅાટ લશ્કરે ઘણી બહાદુરી બતાવી; પણ અંગ્રેજ તીરંદાજો અને ઘોડેસવારોના એકત્ર બળ આગળ તેમનું ચાલ્યું નહિ. એડવર્ડે ઉદારતાથી બળવાખોરોને માફી આપી, પણ વૉલેસ તેને નમ્યો નહિ. આખરે ભારે ઇનામની લાલચથી કોઈ દેશદ્રોહીએ એ વીર નરને એડવર્ડને સ્વાધીન કર્યો. એડવર્ડે તેને ફાંસીની સજા કરી, ઇ. સ. ૧૩૦૫.

વૉલેસને મારીને પણ એડવર્ડ સ્કૅાટલેન્ડનું રાજ્ય નિષ્કંટક ભોગવે એમ ન હતું. એ વીર પુરુષના મરણની વાત સાંભળી દેશ ખળભળી ઊઠયો, અને સુસ્ત અમીરોએ પણ એડવર્ડની સામે થવા કંમર કસી. બહાદુર સરદાર રૉબર્ટ બ્રુસે તેમની સરદારી લીધી. જો કે બ્રુસ એડવર્ડના દરબારમાં ઉછર્યો

હતો, અને તેનું શૌર્ય જોઈ એડવર્ડ તેના ઉપર બહારથી પ્રીતિ બતાવતો; પણ અંતરમાં તેનાથી કંઈક ભય પામી તેને પોતાની પાસેજ રાખતો. પરંતુ એક દિવસ બ્રુસ નાસી ગયો, અને સ્કૉટલેન્ડના અમીરોને જઈ મળ્યો. સ્કૉટ લોકોએ તેનો રાજ્યાભિષેક કર્યો, અને સૌએ સંપ કરી અંગ્રેજોને હાંકી કાઢ્યા. એડવર્ડે એક મોટું લશ્કર સ્કૉટલેન્ડ મોકલ્યું, એટલે સ્કૉટ લોકોએ નાસભાગ કરી; કારણ કે તેમનામાં ખુલ્લા મેદાનમાં લડાઈ કરવાની શક્તિ ન હતી. પરંતુ લાગ આવે ત્યારે તેમણે અંગ્રેજ લશ્કર પર છાપો મારી તેને હેરાન કરવા માંડયું. પરિણામે બ્રુસનો નાશ કરવા માટે એડવર્ડે જાતે સ્કૉટલેન્ડ ઉપર ચઢાઈ કરી. તેણે કેટલાક અમીરોને પકડીને તેમની કતલ કરી, અને એક અમીરજાદીને લાકડાના પાંજરામાં પૂરી કિલ્લાની દિવાલ ઉપર ચઢાવી રાખી. પરંતુ એડવર્ડ વૃદ્ધ થઈ ગયો હતો: તેનામાંથી શુરાતન ગળી ગયું હતું, અને તેની કાયા કાયલી થઈ ગઈ હતી. ઇ. સ. ૧૩૦૭માં તેણે કાર્લાઈલ પાસે દેહ છોડયો. જો કે એડવર્ડ મરણ પામ્યો, પણ સ્કૉટલેન્ડ જીતવાની તેને તીવ્ર આતુરતા હતી: મરણસમયે તેણે એવી આજ્ઞા કરી હતી, કે "આખો દેશ જીતાય ત્યાં સુધી મારું શબ સૈન્યને મોખરે રાખીને ફેરવવું."

**એડવર્ડની રાજ્યનીતિ:** વેલ્સ, સ્કૉટલેન્ડ અને ફ્રાન્સના ઝઘડામાં એડવર્ડને પોતાની શક્તિ બતાવવાનો જે પ્રસંગ મળ્યો, તેમાં તેની દીર્ઘદૃષ્ટિ અને પ્રજાપ્રેમ જણાઈ આવે છે. તેની એક મુરાદ ગ્રેટબ્રિટનના અધિપતિ થવાની હતી, પણ તેની બીજી મુરાદ દેશના રાજ્યવહીવટમાં પ્રજાને વધુ રસ લેતી બનાવવાની હતી. તેનો સિદ્ધાંત એવો હતો કે જે બાબતમાં સર્વનું હિત સમાએલું હોય, તેમાં તેમની અનુમતિ હોવી જોઈએ. તે એક ચતુર ધારાશાસ્ત્રી અને પ્રવીણ રાજ્યનીતિજ્ઞ હતો. તેણે દેશના જુના ધારાઓનો કડક અમલ કરીને, તેમજ કેટલાક નવા ધારા દાખલ કરીને અમીરોની સત્તા નબળી પાડી, અને રાજસત્તા બળવાન બનાવવાનો પ્રયાસ જારી રાખ્યો.[1] તેણે પ્રજાને સોંપેલો

---

૧. અંધાધુંધીનો લાભ લઈ કેટલાક અમીરો વગર હકની જમીન પચાવી બેઠા હતા; એટલે એડવર્ડે એક એવો ધારો કર્યો હતો, કે દરેક જમીનદારે પોતાની જાગીરની સનંદ રજુ કરવી. સરેના ઠાકોરને સનંદ બતાવવાનું કહ્યું, એટલે તેણે તો એક જુની કટાએલી

અને શુદ્ધ ન્યાય સત્વર મળે તેવી વ્યવસ્થા કરી, અને રાજા ને પ્રજા વચ્ચે ભક્તિનાં બંધનો દૃઢ કર્યાં. આ બધા સુધારા તેણે પ્રજાની સંમતિથી કર્યા હતા, પણ દરેક વખતે પ્રજાના પ્રતિનિધિઓને બોલાવી તેમની ઇચ્છા જાણવામાં આવતી નહોતી. સાઇમન ડી મોન્ટફર્ડનું અનુકરણ કરીને એડવર્ડ એક પગલું આગળ વધ્યો; તેણે અમીરો, પાદરીઓ, ગરાસીઆ અને સામાન્ય શહેરીઓના પ્રતિનિધિઓને નોતર્યા, અને પહેલીજ વાર સંપૂર્ણ પ્રતિનિધિત્વવાળી પાર્લમેન્ટ બોલાવી. જો કે હાલની પાર્લમેન્ટ કરતાં તેમાં થોડા ઘણા ફેરફાર હતા, છતાં તે '**આદર્શ પાર્લમેન્ટ**'ના નામથી ઓળખાય છે.

વેલ્સ, સ્કૉટલેન્ડ, અને ફ્રાન્સની ચઢાઇના ખર્ચ માટે એડવર્ડને વારંવાર નાણાંની જરૂર પડતી, અને તેથી પ્રજાની સંમતિ વિના તેમના પર કરનો બોજો પડતો. રાજા કોઈ વાર અમીરો અને ગરાસીઆ પાસેથી કરજે નાણાં લેતો. પરિણામે પ્રજામાં પોકાર ઊઠયો, અને તેથી રાજાએ પાર્લમેન્ટ બોલાવી પોતાની ભૂલ કબુલ કરી નાણાંની માગણી કરી. પ્રજાએ આના બદલામાં મોટા પટ્ટા પ્રમાણે ચાલવાની કબુલાત ઉપરાંત બીજા કેટલાક હકો પણ માગ્યા, અને તે રાજાને કબુલ રાખવા પડયા.

એડવર્ડના સમયમાં રાજ્યબંધારણમાં પણ અગત્યના ફેરફાર થયા હતા. એ પ્રતાપી અને ઉદાર હૃદયના રાજાએ લોકકલ્યાણ સાધવા માટે પોતાની સર્વ શક્તિ વાપરી હતી. જો પરદેશી ઝગડામાં તેનું મન દોડયું ન હોત, તો દેશમાં વધારે સુધારા થાત. અલબત, સ્કૉટલેન્ડ અને વેલ્સના લોકો પ્રત્યે તેણે ક્રૂરતા દર્શાવી હતી, અને તેણે યાહુદીઓને ગેરવાજબી રીતે દેશપાર કર્યા હતા; પણ તેણે રાજ્યવહીવટમાં લોકશાસનનાં ઉદાર તત્ત્વો દાખલ કર્યાં હતાં: છતાં તેના મનમાં એવી ખુમારી હતી કે રાજસત્તા સર્વોપરિ હોવી જોઈએ. એડવર્ડ મહાન્ હતો; તેણે દેશના ઇતિહાસ ઉપર અવનવી છાપ પાડી.

**એડવર્ડ બીજો**: ૧૩૦૭–૧૩૨૭. પ્રતાપી એડવર્ડના મરણ પછી તેનો નિર્બળ મનનો અને વિલાસી પુત્ર એડવર્ડ બીજો ગાદીએ આવ્યો. તેનામાં

---

તરવાર રજુ કરીને કહ્યું, કે "આ મારી સનંદ. આ તરવારથી મારા પૂર્વજોએ વિલિયમ ત્રીજાના સમયમાં જાગીર મેળવી હતી, અને એ વડે હું જાગીરનું રક્ષણ કરનાર છું."

રાજ્ય ચલાવવાની આવડત કે તાકાત નહોતી, તેમ તેનામાં રાજદ્વારી કુનેહ કે શૌર્ય પણ ન હતું. તેનો સ્વભાવ આળસુ અને અલ્પસંતોષી હતો, અને તેથી કામ કરવા કરતાં મોજમઝા માણવામાં તેને વધારે આનંદ પડતો. જે જમાનામાં ચાલાક અને શૂરવીર રાજાની જરૂર હતી, તે વખતે આવા મૂર્ખ અને દમ વિનાના રાજાની કારકીર્દિ નિષ્ફળ નીવડે એમાં શી નવાઈ? તેની કારકીર્દિનો અંત રાજ્યહાનિ, કારાવાસ અને અકાળ મૃત્યુમાં આવ્યો.

**બેનૉકબર્નનું યુદ્ધ**: સ્કૉટલેન્ડની પરિસ્થિતિ દિન પ્રતિદિન બગડતી હતી. પિતાની અંતિમ ઇચ્છાનો અનાદર કરીને તે સ્કૉટલેન્ડનું યુદ્ધ અધુરૂં મૂકીને ઇંગ્લેન્ડ આવ્યો, અને સાત વર્ષ સુધી તેણે બ્રુસની સામું પણ જોયું નહિ. બ્રુસ તો એક પછી એક શહેરો અને કિલ્લા સર કરતો ગયો. ઇ. સ. ૧૩૧૪માં સ્ટર્લિંગના લશ્કરી મથક સિવાય ઘણુંખરૂં સ્કૉટલેન્ડ બ્રુસના કબજામાં આવી ગયું. હવે નમાલા એડવર્ડમાં સ્ટર્લિંગને બચાવવાનું શૂરાતન આવ્યું. અમીરો અલગ રહ્યા, છતાં તેણે જબરૂં લશ્કર લઈ સ્કૉટલેન્ડ પર ચઢાઈ કરી. બ્રુસ પાસે આવા મોટા લશ્કર સામે થવા જેટલું સૈન્ય ન હતું: તેની પાસે માત્ર પાયદળ હતું, તોપણ તેણે બેનૉકબર્નના નાળા પાસે પડાવ નાખી પોતાના નાના લશ્કરની ઉત્તમ વ્યૂહરચના કરી. તેણે લશ્કરને મોખરે ખાડા ખોદાવી તેમાં ખૂંટા ખોસી દીધા, અને ઇંગ્લેન્ડનું હયદળ નકામું કરી નાખ્યું. આટલું છતાં ઇંગ્લેન્ડના ચાલાક તીરંદાજોએ હલ્લો તો કર્યો, પણ સ્કૉટલેન્ડના મરણીઆ ભાલોડીઆઓએ નમતું આપ્યું નહિ. અંગ્રેજ લશ્કરમાં અવ્યવસ્થા થઈ રહી; એટલામાં પાસેના ડુંગરા ઉપર થઈને આવતાં માણસોને જોઈ તેમને શત્રુનું વધારાનું લશ્કર જાણી અંગ્રેજો ભયભીત થઈ નાસભાગ કરવા લાગ્યા. સ્કૉટ લડવૈયાઓને તો જીવનમરણનો સવાલ હતો, એટલે રોબર્ટ બ્રુસે છેવટનો હલ્લો કરી ભયંકર ખુનરેજી ચલાવી: પરિણામે કેટલાક મરણને શરણ થયા, અને કેટલાક જીવ લઈને નાઠા; છેવટે એડવર્ડ પણ બેરિકના કિલ્લામાં ભરાઈ ગયો. સ્કૉટલેન્ડ જીતવાના પ્રયત્નોનું પરિણામ ઉલટું આવ્યું. અંગ્રેજ ધુંસરી ફેંકી દઈ સ્કૉટલેન્ડ હવે સ્વતંત્ર બન્યું, અને બ્રુસનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. પછીનાં કેટલાંક વર્ષો સુધી તેણે ઇંગ્લેન્ડના રાજાને પજવવા માંડયો, અને નિર્ભયપણે ઉત્તર ઇંગ્લેન્ડના લોકોને

રંજાડવા અને લૂટવા માંડયા. વળી તેણે વેલ્સમાં બળવો જગાડાવ્યો, અને પોતાના ભાઈને આયર્લૅન્ડ જીતવા મોકલ્યો.

બેનૉકબર્નના યુદ્ધથી રાજાની રહીસહી પ્રતિષ્ઠા જતી રહી, અને અમીરો પણ હવે તેનો તિરસ્કાર કરવા લાગ્યા. લૅંકેસ્ટરનો ઠાકોર દેશમાં સત્તાધીશ થઈ પડયો, અને રાજાની સત્તા પર સખત કાપ પડયો. એડવર્ડે લૅંકેસ્ટરના ઠાકોરનો આવો અજુગતો કાબુ ફેંકી દેવાનું ધાર્યું. તેણે ડીસ્પેન્સરના નામથી ઓળખાતા પિતાપુત્રની પ્રીતિ મેળવવા માંડી. તેઓ હોશિયાર અને સુજ્ઞાણુ હતા. પરંતુ અદેખા અમીરો તેમના પર રાજાની કૃપા થાય એ સાંખી શક્યા નહિ, તેથી તેમના પર રાજ્યવહીવટમાં નિરર્થક વચ્ચે પડવાનું તહોમત મૂકવામાં આવ્યું, અને તેમની જાગીરો જપ્ત કરી તેમને દેશપાર કરવામાં આવ્યા. એડવર્ડ તેમનો પક્ષ લઈ લડયો; તેણે અમીરોને હરાવ્યા, અને તેમને પાછા બોલાવ્યા. પરંતુ રાજા ઉપર બીજી દિશામાંથી અણધારી આફત આવી પડી. તેની રાણી ઈસાએલા ફ્રાન્સ ગઈ હતી, ત્યાં રોજર મોર્ટિમર નામના અમીર જોડે કુછંદમાં પડી ખટપટ કરવા લાગી. ઇ. સ. ૧૩૨૬માં તે મોર્ટિમરની જોડે એક નાનું લશ્કર લઈ ઇંગ્લેન્ડ આવી. કેટલાક અમીરો અને ધર્માધ્યક્ષો તેમની જોડે ભળ્યા, એટલે રાજા વેલ્સ જતો રહ્યો. આખરે ડીસ્પેન્સર પિતા-પુત્ર પકડાયા, અને તેમને ફાંસીએ ચઢાવવામાં આવ્યા. મોર્ટિમર ડીસ્પેન્સરનો શત્રુ હતો, અને તેને દેશપાર કરવામાં આવ્યો હતો. પરંતુ તેણે રાણી સાથે મળીને વેરનો બદલો લીધો. ત્યારબાદ બાળરાજકુંવર એડવર્ડનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

પછીની કથા કરુણ છે. રાજા પર પ્રજાદ્રોહનાં, જુલમનાં અને એવાં બીજાં અનેક તહોમત મૂકવામાં આવ્યાં. સર્વ તહોમતો સ્વીકારીને એડવર્ડે રાજ્યનો ત્યાગ કર્યો; પણ વેલ્સથી આયર્લૅન્ડ તરફ નાસી જતાં તે માર્ગમાં કેદ પકડાયો, અને બર્કલીના કિલ્લામાં કમકમાટ ભરી રીતે તેનું ખૂન કરવામાં આવ્યું.

# પ્રકરણ ૬ઠ્ઠું

## એડવર્ડ ૩જો અને તેનો પૌત્રઃ ઇ. સ. ૧૩૨૭–૧૩૯૯

**એડવર્ડ ૩જોઃ** ૧૩૨૭–૧૩૭૬. બાળ એડવર્ડનો રાજ્યાભિષેક કરીને સઘળો રાજ્યવહીવટ તેની દુરાચરણી માતા ઇસાબેલા અને મોર્ટિમરે સંભાળ્યો. પરંતુ ઉંમરલાયક થતાની સાથે એડવર્ડે રાજ્યની લગામ પોતાના હાથમાં લીધી. તેણે મોર્ટિમર ઉપર પોતાના પિતાના ખૂનનું તહોમત મૂકી તેને ફાંસી દીધી, અને પોતાની માતાને મરતાં સુધી કેદમાં પૂરી રાખી.

**સ્કૉટલેન્ડ જોડે યુદ્ધઃ** સ્કૉટલેન્ડમાં ફરી પાછી તકરાર શરૂ થઈ. રૉબર્ટ બ્રુસ મરણ પામ્યો, પણ તેનો બાળ પુત્ર ડેવિડ ૭ વર્ષની વયનો હતો. આ તકનો લાભ લઈ રાજાએ બેલિયલના પુત્રને આગળ ધર્યો, અને સ્કૉટ લોકોએ તેનો ગાદી ઉપરનો હક સ્વીકાર્યો પણ ખરો. પરંતુ જ્યારે સ્કૉટ લોકોને ખબર પડી કે બેલિયલે ઇંગ્લેન્ડના રાજાને અધિપતિ તરીકે સ્વીકાર્યો છે, ત્યારે તેઓ છેડાઈ ગયા. તેમણે તેને પદભ્રષ્ટ કરી હાંકી કાઢ્યો, અને ડેવિડનો રાજ્યાભિષેક કર્યો. એડવર્ડે બેલિયલનો પક્ષ લઈ સ્કૉટલેન્ડ પર ચઢાઈ કરી, અને હેલિડૉન હિલ પાસે તેણે સ્કૉટ લોકોને સખત હાર ખવડાવી, ઈ. સ. ૧૩૩૩. પરંતુ બેલિયલને ફરીથી નાસવું પડ્યું, અને લગભગ ૭ વર્ષની લડાઈ પછી ડેવિડ સ્કૉટલેન્ડની ગાદીએ આવ્યો.

**ફ્રાન્સ જોડે તકરારઃ** હવે રાજાએ પોતાની દૃષ્ટિ ફ્રાન્સ પર નાખી. સ્કૉટ લોકોને ફ્રેન્ચોની મદદ મળતી હતી, એટલે તેણે સ્કૉટલેન્ડ પરનું વેર ફ્રાન્સ પર લેવાનું ધાર્યું. ફ્રાન્સના રાજાના મરણ પછી ખાલી પડેલી ગાદી ઉપર એડવર્ડે પોતાનો હક રજુ કર્યો.* ફ્રાન્સના કાયદા પ્રમાણે

---

*ફિલિપ ૩જો

| ફિલિપ ૩જો | |
|---|---|
| ફિલિપ ૪થો | ચાર્લ્સ |
| ઈસાબેલાઃ એડવર્ડ બીજાને પરણી. | ફિલિપ ૬ઠ્ઠો |
| એડવર્ડ ૩જો | જ્હૉન બીજો |

એડવર્ડને કશોજ હક નહોતો; કારણ કે "સાલિક લૉ" મુજબ દીકરીના વંશમાં ગાદી જઈ શકતી નહોતી. ફ્રાન્સના લોકોને પરદેશી રાજા ગમતો ન હતો, તેથી તેમણે ફિલિપ છઠ્ઠાને ગાદી આપી. એડવર્ડે નવા રાજાને નમન કરી તેનું આધિપત્ય તો સ્વીકાર્યું, પણ તેને લઢવાનું મિષ જોઈતું હતું. એડવર્ડની કેટલીક જાગીરો ફ્રાન્સમાં હતી, તે પડાવી લેવાની ફિલિપ પેરવી કરતો હતો. ઇંગ્લેન્ડનો વેપાર ફ્લાન્ડર્સ જોડે ચાલતો હતો, અને ફ્લાન્ડર્સના ઠાકોરને મદદ આપી ફિલિપ ઇંગ્લેન્ડના વેપારને તથા એડવર્ડની આવકને ધક્કો પહોંચાડતો હતો, તે એડવર્ડથી ખમાતું નહોતું. એવામાં ફ્લાન્ડર્સના લોકોએ પોતાના ઠાકોર સામે થવામાં એડવર્ડની મદદ માગી, એટલે તેનામાં બમણું જોર આવ્યું. આથી ફ્રાન્સ જોડે વિગ્રહ શરૂ થયો, અને તે કકડે કકડે એક સૈકા (ઇ. સ. ૧૩૩૮–૧૪૫૩)સુધી લંબાયો, તેથી તેને **'સો વર્ષનો વિગ્રહ'** કહે છે. સત્તાના લોભથી અને રાજ્યતૃષ્ણાથી આ વિગ્રહ મંડાયો, પણ પરિણામે બેમાંથી એકે પ્રજાને લાભ થયો નહિ; ઉલટું અસંખ્ય વીર પુરુષોનાં લોહી રેડાયાં, અને દેશની પૈસેટકે ખુવારી થઈ. પરંતુ એ જમાનો મસ્તીનો હતો. અમીરોને અને રાજાઓને રણખેલ વહાલા લાગતા. હથિયારોના ખડખડાટમાં પ્રજાનાં દુઃખોના પોકાર સાંભળવાની કોઈને પરવા ન હતી.

**ક્રેસીનું યુદ્ધ:** ઇ. સ. ૧૩૪૬. આરંભમાં તો અંગ્રેજોને બહુ જીત મળી નહિ. ઇ. સ. ૧૩૪૫માં એડવર્ડે મોટી સેના લઈ પારિસ ઉપર ચઢાઈ કરી; પણ ફ્રેન્ચ લશ્કર તેની પાછળ પડ્યું, એટલે તેણે ઉત્તર તરફ જવા માંડ્યું. તેમ છતાં ફ્રેન્ચો એડવર્ડની પુંઠે પડ્યા. એડવર્ડથી ફ્રેન્ચોના મોટા લશ્કર સામે ખુલ્લા મેદાનમાં લઢી શકાય એમ ન હતું, તેથી તેણે ક્રેસીની ધાર આગળ લઢવાનો વિચાર રાખ્યો. તેણે અંગ્રેજ તીરંદાજોને મોખરે રાખી તેની બાજુએ હયદળ ગોઠવી દીધું. ફ્રેન્ચ ઘોડેસવારોએ પણ વારંવાર હલ્લા કર્યા, પરંતુ તેમનું કાંઈ વળ્યું નહિ. ફ્રેન્ચ છાવણીમાં ગભરાટ તથા અવ્યવસ્થા થઈ ગઈ, અને ફ્રેન્ચો જીવ લઈને નાસી ગયા. આ યુદ્ધમાં એડવર્ડના પાટવી કુંવરે આગળ પડતો ભાગ લઈ ઘણું પરાક્રમ દાખવ્યું. તેના કાળા બખતરને લીધે તે **'શ્યામ યુવરાજ'** ને નામે ઓળખાય છે.[1]

૧. કુંવર ક્રેસીના યુદ્ધમાં ગયો, ત્યારે સોળ વર્ષનો હતો, અને હજુ સુધી તેણે

ક્રેસીના વિજય પછી એડવર્ડે કેલેને ઘેરો ઘાલ્યો. ઘેરો અગિઆર માસ સુધી ચાલ્યો. આખરે અનાજપાણી ખૂટી જવાથી ભૂખે મરતા લોકો એડવર્ડને શરણે આવ્યા અને કેલે જીતાયું. એડવર્ડે કેલેમાં અંગ્રેજો વસાવ્યા, અને આશરે ૨૦૦ વર્ષ સુધી તે અંગ્રેજોના હાથમાં રહ્યું. રાજાએ કેલેના વિજયનું સ્મરણ રાખવા માટે સોનાના નવા સિક્કાઓમાં વહાણની છાપ મુકાવી.

**પોઇટીયર્સનું યુદ્ધ:** ક્રેસીના યુદ્ધ પછી દશ વર્ષે એટલે ઇ. સ. ૧૩૫૫માં બંને દેશો વચ્ચે લડાઈ શરૂ થઈ. ક્રેસીના યુદ્ધનો વિજેતા શ્યામ યુવરાજ બોર્ડોમાં રહ્યો, અને લોકો ઉપર કેર વર્તાવવા લાગ્યો. તેના સિપાઈઓ આસપાસનાં ગામો લૂટતા અને બાળતા. ફ્રેન્ચોથી આ ખમાયું નહિ, અને અંગ્રેજોની જોડે યુદ્ધ કરવા એક મોટું સૈન્ય તૈયાર થયું. શ્યામ યુવરાજે સંધિ કરવાની તત્પરતા બતાવી, પણ ફ્રેન્ચોએ તે માગણી સ્વીકારી નહિ, એટલે પોઇટીયર્સનું યુદ્ધ થયું. આ યુદ્ધમાં પણ અંગ્રેજોએ ક્રેસીના જેવીજ વ્યૂહરચના કરી હતી, અને બહાદુર અંગ્રેજ તીરંદાજોએ ફ્રેન્ચોના ચાર ગણા સૈન્યને ત્રાહે ત્રાહે પોકરાવી હરાવ્યું. ફ્રાન્સનો રાજા તેના કેટલાક અમીરો સાથે કેદ પકડાયો. શ્યામ યુવરાજે 'રાજકેદી'નું ઉત્તમ સન્માન કર્યું, અને તેને ઇંગ્લેન્ડ મોકલ્યો. એડવર્ડે તેને સ્કૉટલેન્ડના રાજાની સાથે કારાગૃહમાં રાખ્યો.

**અંત:** એવામાં સ્પેનના રાજાના જુલમથી ત્યાંની રૈયતે બળવો કરી તેને ગાદી ઉપરથી ઉઠાડી મૂકયો. તેણે શ્યામ યુવરાજની મદદ માગી. એમાં પણ યુવરાજને જીત મળી, પણ તે પૈસેટકે ખુવાર થઈ ગયો, અને તેની તબીયત લથડી ગઈ. હવે ધીમે ધીમે અંગ્રેજો મેળવેલો મુલક ખોવા લાગ્યા. ઇ. સ.

---

કંઈ જાણવાજોગ પરાક્રમ કર્યું ન હતું. પોતાનો પુત્ર કંઈક પરાક્રમ કરી બતાવે એવી હોંસથી રાજાએ તેને સેનાપતિ બનાવ્યો હતો. લડાઇ થઈ રહ્યા પછી રાજા અને કુંવર રણક્ષેત્રમાં ફરવા નીકળ્યા, અને ફરતા ફરતા એક વૃદ્ધ અંધ રાજાના શબ પાસે આવી પહોંચ્યા બાજુમાં એક ઘોડાના પગથી છુંદાએલો અને લોહીથી ખરડાએલો વાવટો હતો. તેના ઉપર શાહમૃગનાં ત્રણ પીંછાં ચીતરી નીચે 'Ich Dien' (હું સેવા કરૂં છું.) એવા શબ્દો લખ્યા હતા. રાજાએ એ વાવટો ઉપાડી લઈ યુવરાજને આપી કહ્યું, કે "આ પીંછાંને તમે તમારૂં ચિહ્ન બનાવો, અને આ શબ્દોને તમારો મુદ્રાલેખ ગણો." ત્યારથી ઈંગ્લેન્ડનો પ્રત્યેક યુવરાજ એ ચિહ્નો અને મુદ્રાલેખ ધારણ કરે છે.

૧૩૭૫માં અંગ્રેજો પાસે માત્ર બોર્ડો, બેયોન અને કૅલે રહ્યાં. એડવર્ડને પણ ઘણો ખેદ થયો; આટલા પરાજય ઉપરાંત શ્યામ યુવરાજ પણ મરણ પામ્યો. રાજાએ પોતાનું મન મોજમઝામાં વાળવા માંડયું. પરંતુ હૃદયનો શોક એમ શી રીતે શાંત થાય? ઇ. સ. ૧૩૭૭માં ૫૫ વર્ષનો લાંબો અમલ ભોગવીને એડવર્ડ મરણ પામ્યો.

**રિચર્ડ બીજો**: ૧૩૭૭–૧૩૯૯.

**વૉટ ટાઇલરનું બંડ**: એડવર્ડના મરણ પછી તેના બાળ પૌત્ર રિચર્ડને ગાદી મળી, અને નવ પટાવતોએ રાજ્યવહીવટ ચલાવવા માંડયો. ફ્રાન્સ જોડે લડાઈ ચાલતી હતી, અને લોકોને ભારે કર ભરવા પડતા હતા. અનેક કારણો-થી ખેડુતોમાં ઉંડો અસંતોષ વ્યાપી રહ્યો હતો. વિકલીફના અનુયાયીઓ "સર્વ મનુષ્યો સમાન છે" એવો ઉપદેશ આપતા હતા, અને સડી ગએલા સમાજતંત્ર માટે તિરસ્કાર ઉત્પન્ન કરતા હતા.[1] એવામાં પાર્લમેન્ટે સોળ વર્ષની ઉંમર ઉપરનાં સ્ત્રીપુરુષોને માટે માથાવેરો નાખ્યો. લોકોએ કર ભરવાની ના પાડી, એટલે ઉઘરાતદારોએ જુલમ ગુજાર્યો. કેન્ટમાં એક ઉઘરાતદારે વૉટ નામના માણસની પુત્રીનું અપમાન કર્યું, એથી ધુંધવાએલો અગ્નિ ભભૂકી ઊઠયો. લોકો ઉશ્કેરાઈ ગયા, અને ઉઘરાતદારને મારી ગામમાંથી હાંકી કાઢયો. પછી કુહાડા, દાતરડાં, કોદાળી, પાવડા, કટાએલી તરવારો અને ભાંગેલાં ધનુષ્ય જે કંઈ હાથમાં આવ્યું, તે લઈ ને વૉટની સરદારી નીચે તેઓ લંડન તરફ ચાલ્યા, અને રસ્તામાં પણ અનેક લોકો તેમને આવી મળ્યા. લંડન પહોંચતાં લાખેક માણસો એકઠાં થઈ ગયાં. તેમણે રસ્તામાં ઘરો, અદાલતો અને દફતરો બાળ્યાં, અને કેન્ટરબરીના ધર્માધ્યક્ષ, અપ્રિય થઈ પડેલા અમલદારો, અને વકીલોનાં ખૂન કર્યાં.

આવા રાક્ષસી ટોળાને ચઢી આવેલું જોઈ પાર્લમેન્ટ અને અમીરો ભયભીત થઈ ગયા. હવે શું કરવું તે પણ તેમને સૂઝયું નહિ. પરંતુ પંદર વર્ષના રાજાએ અસાધારણ ધૈર્ય અને સમયસૂચકતા બતાવ્યાં. તે ઘોડે-

---

૧. જહૉન બૉલ નામનો એક પાદરી તો કહેતો કે:–

"When Adam delved and Eve span,
Who was then the gentleman?"

સવાર થઈ આ વીફરેલા લોકોને મળવા ગયો, અને તમારે શું જોઈએ છીએ એમ પૂછ્યું. લોકોએ પોતાની માગણીઓ રજુ કરી, અને તે પૂરી પાડવાનું રાજાએ વચન પણ આપ્યું. પરંતુ રાજાના એક હજુરીઆએ વૅાટને 'નામીચો ચોર' કહી સંબોધ્યો, એટલે વૅાટે તરવાર ઉગામી. રાજાની સમક્ષ આવી ઉદ્ધતાઈ ચલાવનાર વૅાટ પર ગુસ્સે થઈને રાજાની જોડે આવેલા લંડનના મેયરે તેને કાપી નાખ્યો, એટલે લોકોમાં પોકાર ઊઠયોઃ "મારો, મારો, મારો, આપણો સરદાર પડયો." રિચર્ડે પણ ત્યાંથી ખસ્યા વિના બહાદુરીથી જવાબ આપ્યોઃ "તમે શું તમારા રાજાને મારશો? ચાલો, તમારો સરદાર હું." પછી લોકોને ખેતરોમાં લઈ જઈ શાંત પાડયા. અજ્ઞાન અને ભોળા ખેડુતો રાજાનાં વચન પર વિશ્વાસ રાખી વીખરાઈ ગયા, પણ રાજાનું વચન રાજા પાસે રહ્યું. આ બળવાથી ક્રોધે ભરાએલા અમીરોએ ખેડુતોને સખત સજા કરવાનો નિશ્ચય કર્યો. તેમના આગેવાનોને પકડી ફાંસી દેવામાં આવી, અને બીજાં હજારો મનુષ્યોની કતલ કરવામાં આવી.

**રિચર્ડનો કારોબારઃ** જે અમીરોને રિચર્ડ પોતાના વિરોધી માનતો, અથવા જેઓ તેની સ્વતંત્રતામાં આડે આવતા હતા, તેમને તેણે સજા કરવા માંડી. પાર્લમેન્ટને તો તેણે ગણકારીજ નહિ, અને લોકો ઉપર કેર વર્તાવવા માંડયો. પરિણામે રાજાનો નાશ થવાનાં કારણો ઉભાં થયાં.

રિચર્ડના કાકાનો દીકરો હેનરી ઘણો લોકપ્રિય હતો. તે દેશમાં હોય તો આડો આવે, એમ જાણી રિચર્ડે તેને દેશપાર કર્યો. રિચર્ડનો કાકો મરી ગયો, ત્યારે તેણે તેની જાગીરો જપ્ત કરી હતી, છતાં એ જાગીરો હેનરીને આપવાનું વચન આપ્યું હતું. એ જાગીરો લેવા માટે હેનરીને દેશમાં આવવાનું બહાનું મળ્યું. એવામાં રાજા આયર્લૅન્ડ ગયો, તેનો લાભ લઈ હેનરી ઈંગ્લેન્ડ પાછો આવ્યો. સરદારો અને લોકો રિચર્ડના જુલમ અને બીનજવાબદાર અમલથી કંટાળ્યા હતા, એટલે હેનરીને મદદ મળતાં વાર લાગી નહિ. રાજાએ દેશમાં આવીને જોઈ લીધું, કે હવે તેનું કાંઈ વળે તેમ નથી, એટલે તેણે રાજ્યનો ત્યાગ કર્યો. તેને કિલ્લામાં પૂરવામાં આવ્યો, અને પાર્લમેન્ટે હેનરીને ગાદી આપી. બીજે વર્ષે કિલ્લામાં રિચર્ડનું ખૂન કરવામાં આવ્યું. કેટલાક માને છે, કે તે ભૂખમરાથી મરણ પામ્યો હતો.

## પ્લેન્ટેજીનેટ–યોર્ક–લેંકેસ્ટર વંશ

### પ્લેન્ટેજીનેટ વંશ. હેનરી ૨જો (૧૧૫૪–૧૧૮૯)

- હેનરી [મૃત્યુઃ ૧૧૭૩]
- રિચર્ડ ૧લો (૧૧૮૯–૧૧૯૯)
- જ્યૉફ્રે [મૃત્યુઃ ૧૧૮૬]
  - આર્થર [ખૂનઃ ૧૨૦૩]
- જ્હૉન (૧૧૯૯–૧૨૧૬)
  - હેનરી ૩જો (૧૨૧૬–૧૨૭૨)
    - એડવર્ડ ૧લો (૧૨૭૨–૧૩૦૭)
      - એડવર્ડ ૨જો (૧૩૦૭–૧૩૨૭)
        - એડવર્ડ ૩જો (૧૩૨૭–૧૩૭૭)
          - [મૃત્યુઃ ૧૩૭૬] શ્યામ યુવરાજ
            - રિચડ ૨જો (૧૩૭૭–૧૩૯૯)

### યોર્ક વંશ

- ૩જો પુત્ર
  - લાયોનલ
    - ફિલિપ્પા
      - રોજર
        - આન
          - રિચર્ડ
            - (૧૪૬૧–૧૪૮૩) એડવર્ડ ૪થો
              - (૧૪૮૩) એડવર્ડ ૫મો
            - રિચર્ડ ૩જો (૧૪૮૩–૧૪૮૫)

### લેંકેસ્ટર વંશ

- ૪થો પુત્ર
  - જ્હૉન
    - (૧૩૯૯–૧૪૧૩) હેનરી ૪થો
      - (૧૪૧૩–૧૪૨૨) હેનરી ૫મો
        - (૧૪૨૨–૧૪૬૧) હેનરી ૬ઠ્ઠો

# પ્રકરણ ૭મું

## લૅંકેસ્ટર અને યોર્ક વંશ

**હેનરી ૪થો:** ૧૩૯૯–૧૪૧૩.

**લોકસત્તાની વૃદ્ધિ:** રિચર્ડનું ખૂન થયું, અને એડવર્ડ ૩જાના ચોથા પુત્ર લૅંકેસ્ટરના ઠાકોરનો પુત્ર હેનરી ગાદીએ આવ્યો; એટલે પ્લેન્ટેજીનેટ વંશનો અંત આવ્યો, અને લૅંકેસ્ટર વંશની શરૂઆત થઈ. હેનરીનો ગાદી ઉપરનો દાવો ગેરવાજબી હતો; કેમકે ૩જા એડવર્ડના બીજા પુત્રના વંશમાં ૭ વર્ષનો એક બાળક હયાત હતો. પરંતુ પાર્લમેન્ટે સર્વાનુમતે હેનરીનો હક સ્વીકાર્યો: આમ પાર્લમેન્ટની કૃપાથીજ હેનરી ગાદીએ આવ્યો.

**રાજા અને પાર્લમેન્ટ:** પાર્લમેન્ટે હેનરીને ગાદી અપાવી, એટલે તેને પ્રસન્ન રાખવાના અનેક ઉપાયો હેનરીને યોજવા પડતા, અને તેની માગણીઓ સ્વીકારવી પડતી. હેનરીના અમલમાં અનેક બંડ થયાં; અનેક લડાઈઓ થઈ: તેના ખર્ચના પૈસા મેળવવા માટે પણ તેને પાર્લમેન્ટની ગરજ પડતી. પાર્લમેન્ટે આનો લાભ લીધો: પાર્લમેન્ટ હેનરીને નાણાં આપતા પહેલાં લોકોની ફરિયાદો પર ધ્યાન આપવાની ફરજ પાડતી. એથી આમની સભાનો નાણાં ઉપરનો કાબુ વધતો ગયો, અને દ્રવ્ય મેળવવા માટે રાજાને પાર્લમેન્ટની સત્તાને નમવું પડયું. આમ આર્થિક તંગીને લીધે રાજસત્તા ઉપર કાપ મુકાયો, અને પાર્લમેન્ટનો કાબુ રાજા ઉપર વધતો ગયો. હેનરીએ લોલાર્ડઝને નાસ્તિક ગણીને જીવતા બાળી મૂકવાનો કાયદો કર્યો, અને પાદરીઓને પોતાના પક્ષમાં લીધા.

**અંત:** પરંતુ પાછલાં વર્ષોમાં હેનરીએ પોતાની સત્તા સુસ્થિર કરી. સ્કૉટલેન્ડનો રાજા અભ્યાસ અર્થે ફ્રાન્સ જતો હતો, તેને માર્ગમાંથી પકડી હેનરીએ પોતાને ત્યાં કેદમાં રાખ્યો, અને પાછળથી પોતાની કુંવરી જોડે તેનું લગ્ન કરી સ્કૉટલેન્ડને મૈત્રીના બંધને બાંધ્યું. ફ્રાન્સનો રાજા ગાંડો થઈ જતાં ગાદીને માટે એવી તકરાર ઊઠી, કે ફ્રેન્ચોને દેશની બહાર નજર નાખવાનો વખત રહ્યો નહિ; ઊલટું આ તકરારમાં માથું મારવાનું ઇંગ્લેન્ડને બહાનું મળ્યું. જો કે હેનરી પોતે તટસ્થ રહ્યો, પણ તેના વંશજોએ ફ્રાન્સની ગાદી ઉપરનો જુનો દાવો રજુ કર્યો. હવે હેનરીની તબીયત લથડી. દેવળમાં

પ્રાર્થના કરતાં હેનરીને તમ્મર આવી અને તે મરણ પામ્યો, (૨૦મી માર્ચ ઈ. સ. ૧૪૧૩). હેનરીએ કુટિલ અને કપટભર્યાં ઉપાયોથી રાજસત્તા મેળવી, પણ તેના વંશજોને તે શાપરૂપ થઈ પડી. મુકુટધારીને શિરે અસ્વસ્થતાનો[1] અસહ્ય ભાર હોય છે, તે એકલા હેનરીનાજ મસ્તક પર ન હતો: પંદરમા સૈકામાં જ્યારે જ્યારે ઇંગ્લેન્ડની ગાદી ખાલી પડતી, ત્યારે હકદારની સામે દાવાદારો નીકળતા, દેશમાં ઝઘડા થતા, અવ્યવસ્થા ફેલાતી, અને પરિણામે અનેક જુનાં કુટુંબો નાશ પામતાં.

**હેનરી ૫મો**: ૧૪૧૩–૧૪૨૨. હેનરીએ બાલ્યાવસ્થામાં તેના પિતાને બહુ દુ:ખ દીધું હતું. દુરાચારી સોબતીને છોડાવવા જતાં ન્યાયાધીશને તેણે તમાચો માર્યો હતો, અને નીડર ન્યાયાધીશે કાયદાનું અપમાન કરવા માટે તેને કેદની સજા ફરમાવી હતી: છતાં તે ચતુર યોદ્ધો અને કુશળ રાજ્યનીતિજ્ઞ પુરુષ હતો. તેણે પિતાને પગલે ચાલી દીર્ઘદૃષ્ટિવાળી, નિષ્પક્ષપાત અને ન્યાયી રાજ્યનીતિથી પ્રજાનાં દીલ જીતી લીધાં.

**ફ્રાન્સ જોડે વિગ્રહ**: પોતાની સત્તા દૃઢ કરીને હેનરીએ ફ્રાન્સ તરફ ધ્યાન આપ્યું. ફ્રાન્સ જોડે ઇંગ્લેન્ડને વિગ્રહ ચાલતો હતો: એમાં લડાઈ ચાલે, સંધિ થાય, વળી લડાઈ ચાલે, એમ થયા કરતું: પરંતુ વિગ્રહ તો ચાલુજ હતો. ફ્રાન્સનો રાજા ગાંડો થઈ જતાં દેશમાં પક્ષ પડી ગયા, અને ત્યાં આંતરવિગ્રહ સળગ્યો. તેનો લાભ લઈ હેનરીએ ફ્રાન્સની ગાદીનો હક જાહેર કર્યો. આ હક અયોગ્ય હતો, પણ તેને તો બહાનું જોઈતું હતું. તેણે ફ્રાન્સમાં જઈ નોર્મંડી જીતવાનો પ્રયત્ન કર્યો. શરૂઆતમાં હારફ્લ્યુર બંદર હાથ કરી અંગ્રેજો કેલે જવા ઉપડયા, પણ રસ્તામાં ફ્રેન્ચ લશ્કરે તેમને રોકયા. ફ્રેન્ચો અને અંગ્રેજો વચ્ચે એઝંકૂર પાસે યુદ્ધ થયું, ઇ. સ. ૧૪૧૫. કાદવવાળી જમીનમાં અંગ્રેજ તીરંદાજો આગળ ફ્રેન્ચો લાચાર બની ગયા; ફ્રેન્ચોનાં લોખંડી બખતરો આ વખતે પણ તેમને નડયાં, અને ફરીથી તેમણે સખત હાર ખાધી.[1] હેનરીના

---

૧. Uneasy lies the head, that wears a crown. [Shakespeare]

૧. ફ્રેન્ચોનું મોટું લશ્કર જોઈ હેનરીનો એક સરદાર એવું બોલી ગયો, કે "આપણી પાસે વધારે માણસ હોત, તો કેવું સારૂં થાત." આ સાંભળીને હેનરીએ જે શૌર્યભર્યો ઉત્તર આપ્યો, તે શેકસ્પિયરના 'હેનરી ૫મો' નાટકના ૪થા અંકમાં ૩જા પ્રવેશમાં છે.




એડવર્ડ ૩જાનું ફ્રાન્સનું રાજ્ય




હેનરી ૨જાનું ફ્રાન્સનું રાજ્ય

હાથમાં નોર્મંડી આવ્યું, એટલે દેશપરદેશમાં તેની પ્રતિષ્ઠા વધી. ઈ. સ. ૧૪૨૦માં ફ્રાન્સ જોડે આ પ્રમાણે સંધિ થઈ; ફ્રાન્સનો રાજા જીવે ત્યાં સુધી હેનરી રાજ્યરક્ષક રહે, અને તેના મરણ પછી ફ્રાન્સનો રાજા બને. હેનરી ફ્રાન્સની રાજકુંવરી જોડે પરણ્યો, અને તે ઘણુંખરું ફ્રાન્સમાં રહેવા લાગ્યો: હવે તે માત્ર કામ પ્રસંગે ઈંગ્લેન્ડ આવતો. ઇ. સ. ૧૪૨૧માં તે ઈંગ્લેન્ડ આવ્યો, પણ તેને ખબર પડી કે સ્કૉટ લોકોની મદદથી ફ્રેન્ચોએ લડાઈ શરૂ કરી છે, અને તેનો ભાઈ કપાઈ મુઓ છે. એકાએક હેનરી ફ્રાન્સ પાછો ગયો, અને ત્યાં તેણે અનેક ઘેરા અને લડાઈઓમાં ભાગ લીધો; પણ ૩૫ વર્ષની વયે અપૂર્વ કીર્તિ મેળવી તે મરણ પામ્યો. તેણે યુદ્ધવિદ્યા અને સૌજન્ય માટે કીર્તિ મેળવી હતી, પણ તેના વંશજોને એ નામના માટે ભારે દંડ આપવો પડયો.

**હેનરી છઠ્ઠો**: ૧૪૨૨–૧૪૬૧.

**ફ્રાન્સ જોડે યુદ્ધ**: હેનરી ૫માના મરણસમયે તેનો પુત્ર બાર મહીનાનોએ નહોતો. હેનરીએ દીર્ઘદૃષ્ટિથી પોતાના એક ભાઈ ડયુક ઑફ્ બેડફર્ડને ફ્રાન્સનો, અને બીજાને ઇંગ્લેન્ડનો 'રાજરક્ષક' નીમ્યો હતો. બેડફર્ડે ફ્રાન્સમાં અંગ્રેજોનો પગ મજબુત કર્યો. પરંતુ ફ્રાન્સનો રાજા મરણ પામ્યો, એટલે તેના પુત્રે ચાર્લ્સ ૭મા તરીકે ગાદીનો દાવો કર્યો, અને લોકોએ તેને હકદાર વારસ તરીકે સ્વીકાર્યો પણ ખરો. બેડફર્ડે ઓર્લિઅન્સને ઘેરો ઘાલ્યો, પણ પછી બાજીનો રંગ બદલાયો. ફ્રાન્સને એક અણચિંતવી મદદ આવી મળી. **જોન ઑવ્ આર્ક** નામની નમ્ર, ધાર્મિક, દયાળુ અને કોમળ હૃદયની એક ફ્રેન્ચ ખેડુત કન્યાનો આત્મા પોતાના દેશનું દુઃખ જોઈ બહુ અકળાઈ ઊઠયો: તે સ્વપ્નો જોવા લાગી, અને તેને ગેબી પ્રેરણા થવા લાગી કે "ઊઠ, ફ્રાન્સનો ઉદ્ધાર કર." તેણે સિપાઈઓને કહ્યું, કે મને રાજા પાસે લઈ જાઓ. ત્યાં તેણે પોતાનાં સ્વપ્નો અને પ્રેરણાની વાતો કહી. રાજાએ ઘણી ખુશીથી તેને લશ્કર આપ્યું. સફેદ બખ્તર પહેરી હાથમાં ફ્રેન્ચ ઝંડો ફરકાવતી, સોનેરી સાજવાળા ઘોડા ઉપર બેસી, આ અદ્ભુત વીર બાળા ઓર્લિઅન્સ આવી પહોંચી. તેને જોઈ નિરાશ થઈ ગએલા ફ્રેન્ચ સૈનિકોમાં જોમ ને શુરાતન આવ્યાં. ભય ને આશ્ચર્યથી સ્તબ્ધ થઈ ગએલા અંગ્રેજોએ તેને માર્ગ આપ્યો, અને

ઓર્લિઅન્સનો ઘેરો ઊઠયો. પછી રાજાને રિમ્સ લઈ જઈ તેણે પરાપૂર્વની રીત પ્રમાણે તેનો રાજ્યાભિષેક કર્યો, અને કહ્યું કે "મહારાજ, હવે મારી પ્રેરણા બંધ થઈ ગઈ છે, મને મારે ગામ જવાની રજા આપો." પરંતુ ફ્રેન્ચ લોકો તો તેને દેવી માનતા હતા, એટલે ઓર્લિઅન્સની કુમારિકાને જવા કેમ દે? દરમિઆન એ વર્ષમાં એ બાળા અંગ્રેજોના હાથમાં કેદ પકડાઈ, અને અંગ્રેજોએ તેને ડાકણ ગણી જીવતી બાળી મૂકી, ઇ. સ. ૧૪૩૧. આટલું છતાં ફ્રાન્સમાં હવે અંગ્રેજ સત્તાનો અંત આવવાનું નિર્માણ થયું હતું. જો કે જાગૃત કરેલી પ્રજાભાવનાને પરિણામે ફ્રેન્ચો અંદર અંદર સંપી ગયા, અને ખરા દીલથી પોતાના રાજાને મદદ કરવા લાગ્યા.



**વીર બાળા જોન ઑવ્ આર્ક**

પરિણામે અંગ્રેજો એક પછી એક મુલક ખોતા ગયા. વળી આ વખતે બેડફર્ડ મરણ પામ્યો, અને ઈંગ્લેન્ડમાં પક્ષ પડયા. ઇ. સ. ૧૪૫૩માં અંગ્રેજોના હાથમાં માત્ર કેલે અને બીજો થોડો મુલક રહ્યો: ફ્રાન્સનો બાકીનો મુલક અંગ્રેજોના હાથમાંથી જતો રહ્યો.

સો વર્ષના વિગ્રહનો આ રીતે અંત આવ્યો. રાજ્યખટપટને લીધે ઉભા થએલા પક્ષોના પ્રપંચથી હેનરીએ પૂર્વજોએ સંપાદન કરેલો મુલક ખોયો, અને મળેલી આબરૂ ગુમાવી. પરંતુ રાજા નમાલો હોય, પાર્લમેન્ટમાં સડો પેસી ગયો હોય, અને સરદારો ખટપટી હોય, ત્યાં આ સિવાય બીજું શું સંભવે? પ્રજા ઉપર કરનો બોજો વધી પડયો: લોકો રાજ્યવ્યવસ્થાથી એટલા બધા કંટાળ્યા, કે તેમણે બંડ પણ જગાવ્યું.

**ત્રીસ વર્ષનો વિગ્રહ**: આવી તકનો લાભ લઈ યૉર્કના ઠાકોર રિચર્ડે પાર્લમેન્ટમાં સુધારો કરવા બાબત પોકાર ઉઠાવ્યો, અને લશ્કર એકઠું કરવા માંડયું. અનેક અસંતુષ્ટ ઉમરાવો અને લોકો તેના પક્ષમાં મળી ગયા. રિચર્ડે ફ્રાન્સ અને આયર્લેન્ડમાં રાજ્યની નીમકહલાલ નોકરી કરી હતી, અને પોતાના શૌર્ય વિષે દેશમાં નામના મેળવી હતી. તે રાજાનો નજીકનો સગો હતો, એટલે રાજ્યવહીવટ પોતાને હસ્તક મુકાવો જોઈએ એવી તેણે માગણી કરી. શરૂઆતમાં તો તેનું કહેવું કોઈએ સાંભળ્યું નહિ. પરંતુ દૈવયોગે રાજા ગાંડો થયો, અને રિચર્ડને 'રાજરક્ષક' નીમવામાં આવ્યો. થોડા વખતમાં રાજાનો રોગ મટી ગયો, એટલે રિચર્ડને રજા આપવામાં આવી. તેણે પોતાને વતન જઈ લશ્કર એકઠું કરવા માંડયું, અને પોતે એડવર્ડ ૩જાના વંશમાં જન્મેલો છે, એમ કહી ગાદીનો દાવો કર્યો. એથી દેશમાં રાજાનો અને રિચર્ડનો એવા બે પક્ષ પડી ગયા, અને તરવારો ખેંચાઈ. ઇ. સ. ૧૪૫૫માં સેન્ટ આલ્બન્સની લડાઈમાં રિચર્ડ જીત્યો, અને રાજા પકડાયો. પરંતુ થોડા વખતમાં રાણી માર્ગરેટે મોટું લશ્કર એકઠું કરી રિચર્ડને હરાવ્યો, અને તેને દેશમાંથી નસાડી મૂક્યો.

સેન્ટ આલ્બન્સના યુદ્ધથી શરૂ થએલો વિગ્રહ ૩૦ વર્ષ સુધી ચાલ્યો, તેથી તેને '**ત્રીસ વર્ષનો વિગ્રહ**' કહે છે. આ વિગ્રહમાં લેન્કેસ્ટરપક્ષ (રાજપક્ષ) વાળાઓએ પોતાના વાવટા ઉપર **રાતા ગુલાબનું**, અને યૉર્ક પક્ષ (રિચર્ડ પક્ષ) વાળાઓએ **સફેદ ગુલાબનું** ચિહ્ન રાખ્યું હતું, તેથી તેને 'Wars of Roses' એવું ઉપનામ મળેલું છે. લેન્કેસ્ટર વંશના રાજાઓની નિર્બળતા, પાર્લમેન્ટમાં પેઠેલો સડો, વધી ગએલા કરો, ઇત્યાદિ અનેક રાજકીય કારણોથી ઉભા થએલા અસંતોષને લીધે આ વિગ્રહ શરૂ થયો, પણ આખરે ઉમરાવો અને તેમના નોકરો સામસામા પક્ષમાં લડયા. ખેડુતો અને વેપારીઓ કંઈજ બનતું નથી એમ માની પોતાનું કાર્ય કર્યે જતા, એટલે આ વિગ્રહમાં બહુ ઉંડા ઉતરવાની જરૂર નથી. ૩૦ વર્ષના લાંબા ગાળામાં યૉર્ક અને લેન્કેસ્ટર પક્ષવાળાની વારાફરતી હારજીત થતી. જેમ જેમ લડાઈ આગળ ચાલતી ગઈ, તેમ તેમ બંને પક્ષનો વેરભાવ વધતો ગયો, અને જેઓ પકડાયા તેમના

ઉપર જુલમ પણ વધતા ગયા. હેનરી અનેક વાર કેદ પકડાતો, અને વળી પાછો છુટો થતો. ઇ. સ. ૧૪૬૦માં એક વાર રાજા કેદ પકડાયો, ત્યારે રાણીએ પોતાના પુત્રને નામે યુદ્ધ જારી રાખ્યું, અને સ્કૅાટ્લેન્ડથી લશ્કર લાવી રિચર્ડને હરાવ્યો. ઇ.સ.૧૪૬૦માં વેકફીલ્ડના ભયંકર યુદ્ધમાં યૉર્ક પક્ષવાળાની સખત હાર થઈ, અને રિચર્ડ મરાયો. યૉર્ક પક્ષવાળાઓએ રિચર્ડના પુત્ર એડવર્ડનો હક આગળ ધરી રાણીને હરાવી, અને




**ત્રીસ વર્ષનો વિગ્રહ : 'Wars of Roses'**

એડવર્ડનો લંડનમાં રાજ્યાભિષેક કરવામાં આવ્યો, ઇ. સ. ૧૪૬૧. હેનરીના નમાલા અમલથી કંટાળેલી પ્રજાએ પ્રતાપી અને શાંતિમય રાજ્યની આશાએ એડવર્ડને રાજા તરીકે સ્વીકાર્યો. આ પ્રમાણે લેન્કેસ્ટર વંશનો અંત આવ્યો, અને ઇંગ્લેન્ડની ગાદી યૉર્ક વંશમાં ગઈ.

**યૉર્ક વંશના રાજાઓ. એડવર્ડ ૪થો:** ૧૪૬૧–૧૪૮૩. એડવર્ડ ગાદીએ આવ્યો, પણ તેનાથી જંપીને બેસી શકાય તેમ ન હતું. તરવારના જોરે મેળવેલું રાજ્ય તરવારના જોર વડેજ સાચવી રાખવાનું હતું. હેનરીની

બહાદુર રાણી પોતાના પતિ અને પુત્રને ગાદી અપાવવા માટે હજુ જોસભેર લડતી હતી, પણ તે વારંવાર હાર્યે જતી હતી.

આખરે એડવર્ડનો પગ મજબુત થયો. તેના ઘણાખરા પ્રતિપક્ષીઓ મરી ખૂટયા હતા, અને બાકીનાને નિર્દયતાથી પૂરા કરવામાં આવ્યા. પોતાની આડે આવે તેને ઉડાવી દેતાં તે જરા પણ થોભતો ન હતો. કહે છે કે તેના ભાઈ કલેરન્સને પણ રાજદ્રોહના વાંકે કેદમાં પૂરી દારૂના પીપમાં ડુબાવી મારી નાખવામાં આવ્યો. સત્તાના તોરમાં પાર્લમેન્ટની તે કદી પરવા કરતો નહિ. તેને પૈસાની જરૂર પડે, ત્યારે પાર્લમેન્ટને પૂછ્યા વિના લોકો પાસેથીજ તે ઉઘરાવી લેતો. તેની વિષયાસક્તિ, સખતાઈ અને અભિમાનને લીધે લોકો કાયર થઈ ગયા હતા, એટલે ઇ. સ. ૧૪૮૩માં તે મરણ પામ્યો ત્યારે લોકો હરખાયા. એડવર્ડ બે પુત્રો મૂકી ગયો હતો. તેમાંથી મોટા પુત્રના નામની આણ હોંસભેર ફેરવવામાં આવી.

**એડવર્ડ ૫મો**: ૧૪૮૩. તેર વર્ષનો એડવર્ડ ગાદીએ આવ્યો, તે મરવાને માટેજ. તેની મા અને મામાએ રાજ્યવહીવટ પોતાને હસ્તક રાખવા ખટપટ તો ઘણીએ કરી, પણ પાર્લમેન્ટે બાળરાજાના કાકા રિચર્ડને 'રાજરક્ષક' ઠરાવ્યો. રિચર્ડે રાજાના મામાને ફાંસી દીધી, અને રાણીને કેદ કરી. પછી તેણે ગાદી પડાવી લેવાની તજવીજ કરવા માંડી. પાર્લમેન્ટ અને શહેરીઓની સંયુક્ત સભાએ તેને ગાદી સ્વીકારવાની વિનંતી કરી, જે તેણે ઘણી આનાકાની સાથે સ્વીકારી.

**રિચર્ડ ૩જો**: ૧૪૮૩–૧૪૮૫. એડવર્ડને કેદ કરી રિચર્ડ ઘણા ઠાઠમાઠ સાથે ગાદીએ આવ્યો, અને કેટલાક દિવસ તો બધું ઠીક ઠીક ચાલ્યું. પરંતુ રિચર્ડે રાજકુમારોને કેદ કર્યા હતા, તે લોકોને ગમ્યું નહિ, અને તેને વિષે પ્રજામાં અનેક પ્રકારની વાતો ચાલવા લાગી. કહેવાય છે કે તેણે નિર્દોષ રાજકુમારોને પથારીમાં ગુંગળાવીને મારી નંખાવ્યા, અને તેમનાં શબ દાદર નીચે દાટી દેવાનો હુકમ કર્યો. એક વાત તો ચોક્કસ છે, કે કેદખાનામાં ગયા પછી રાજકુમારો ફરીથી દેખાયા નથી. એમની હત્યાની વાત ખરી હોય કે ખોટી હોય, પરંતુ લેન્કેસ્ટર પક્ષવાળા જે માણસો ફ્રાન્સમાં જઈ રહ્યા હતા, એમને તો એટલુંજ જોઈતું હતું. તેમણે રિચમંડના ડયુક હેનરી

ટમુડરને પોતાના પક્ષનો અગ્રેસર બનાવ્યો, અને ગાદી મેળવવા ફરીથી તજવીજ કરવા માંડી. વળી આ કુટુંબો વચ્ચેનો રોજનો વિખવાદ બંધ પાડવા માટે હેનરીએ એડવર્ડ ૪થાની કુંવરી જોડે લગ્ન કરવાં એવું પણ લીધું. ગાદી ઉપર હેનરીનો હક તો નહિ જેવો હતો; છતાં રિચર્ડના અમલથી કંટાળેલા લોકોએ હેનરીનો હક કબુલ રાખ્યો. ઇ. સ. ૧૪૮૫માં હેનરી પોતાના પક્ષવાળાઓની સાથે નાનું લશ્કર લઈ ઇંગ્લેન્ડમાં ઉતર્યો. હજારો લોકો તેને મળી ગયા, અને બૉસ્વર્થ પાસે રિચર્ડ જોડે તેનો ભેટો થયો. અનેક અમીરો વિશ્વાસઘાત કરી હેનરીને જઈ મળ્યા. પરંતુ રિચર્ડ તો બહાદુરીથી લડ્યો, અને લડતાં લડતાં પડયો. તેનો મુકુટ થોરની વાડમાં પડ્યો હતો, ત્યાંથી ઉપાડી લઈ એક અમીરે હેનરીના મસ્તક ઉપર મૂકી પોકાર કર્યો, "મહારાજા, ઘણું જીવો." અનેક લડાઈઓ, પ્રપંચો, કુટિલતા, અને ખૂનામરકી ભરેલા 'ત્રીસ વર્ષના વિગ્રહ'ના અંત જોડે યૉર્ક વંશનો પણ અંત આવ્યો, તે સાથે પ્લેન્ટેજીનેટ વંશના સીધા વારસોનો પણ અંત આવ્યો.

રિચર્ડને રાક્ષસી સ્વભાવનો દુષ્ટાત્મા માનવામાં આવે છે; છતાં એટલું યાદ રાખવા જેવું છે, કે તેણે દેશમાં સારી રીતે રાજ્ય ચલાવ્યું હતું, અને વેપારઉદ્યોગને ઉત્તેજન આપ્યું હતું. પ્રાથમિક સ્વરૂપમાં ટપાલ ઓફિસની પદ્ધતિ તેના વખતમાં દાખલ થઈ હતી. વિદ્યાવૃદ્ધિ અને પુસ્તકપ્રચારનાં કાર્યોને તેણે ઉત્તેજન આપ્યું હતું.

---

# પ્રકરણ ૮મું

## પ્રજાજીવનનો વિકાસ

### ૧. રાજકારણ

અંગ્રેજ પ્રજા સ્વતંત્રતા માટે ઉંડો પ્રેમ ધરાવે છે. સેકસન લોકો જર્મનીનાં જંગલોમાં છુટીછવાયી ટોળીઓમાં રહેતા, અને જરૂર પડયે એકાદ સરદાર પસંદ કરતા. એ સરદારના મરણ પછી તેઓ નવો સરદાર પસંદ કરતા. લડાઈટંટા વખતે આ સરદારને વધારે અખત્યાર આપવામાં આવતો.

આ રીતે ધીમે ધીમે સત્તાધીશ અને બળવાન્ અમીરવર્ગ ઉભો થયો. ઈંગ્લેન્ડ-ના રાજ્યનો વિસ્તાર થતો ગયો, તેમ તેમ અમીરો વધતા ગયા, અને રાજા ઉપર અંકુશ રાખવા લાગ્યા. તે સમયમાં 'વિટન' નામની લોકસભાને પૂછ્યા વિના રાજાથી કશું અગત્યનું કાર્ય કરી શકાતું ન હતું. અત્યાર સુધી એ સભાના સભ્યોની પસંદગી રાજા કરતો, અને તેમાં રાજકુટુંબીઓ, ધર્માધ્યક્ષો, અને જાગીરદારો ઉપરાંત જેમને રાજા બોલાવે તેવા બીજા બધા આવતા, છતાં દેશમાં તેમનું પ્રાબલ્ય વધ્યું, એટલે રાજાને તેમની સલાહ પ્રમાણે ચાલવું પડતું. વંશપરંપરા ગાદી આપવાનો ધારો પણ ચાલતો ન હતો; ગાદીવારસ નીમવાની સત્તા વિટનના હાથમાં હતી. આ સભાએ હૅરોલ્ડને ગાદી આપી હતી, અને વિલિયમ વિજેતાને ઈંગ્લેન્ડનો રાજા સ્વીકાર્યો હતો. વિટનને હાલની ઉમરાવોની સભા જેવી ગણી શકાય; કેમકે તેમાં લોકોએ મોકલેલા પ્રતિનિધિઓ બેસતા ન હતા.

નોર્મન વિજય પછી બળવાન અમીરો અને રાજાઓ વચ્ચે ટંટો ચાલ્યો. યુરોપના બીજા દેશોની પેઠે ઇંગ્લેન્ડમાં જાગીરદારો જોરાવર થઈ રાજાને હફાવે નહિ, તે માટે ચતુર વિલિયમે ઉમરાવોને છુટી છુટી જગાએ જાગીરો આપી હતી, અને તેમાં વસેલા દરેક ખેડુતને સોગન લેવડાવ્યા હતા, કે **"હું મારા રાજાને વફાદાર રહીશ."** પોતાના ન્યાયાધીશો નીમીને અમીરોની સત્તા તોડવાની નીતિ હેનરી ૧લાએ ચાલુ રાખી, પણ તે ગાદીએ આવ્યો ત્યારે પ્રજાને તેણે એક સનંદ કરી આપી, અને દેશના કાયદા પ્રમાણે ચાલવાનું તેણે વચન આપ્યું. આમ અંગ્રેજી રાજ્યબંધારણમાં **"રાજા કાયદાથી પર નથી"** એ સૂત્રનાં બીજ પહેલવહેલાં નંખાયાં. હેનરી બીજાએ પણ એજ નીતિ ચાલુ રાખી. તેણે લડાઈના સમયમાં અમીરો પાસેથી લશ્કર મેળવવાને બદલે પૈસા લેવા માંડ્યા, અને તે વડે પોતાને વફાદાર રહે એવા ભાડુતી સિપાઈઓ રાખી જાગીરદારોનો મદ ઉતાર્યો. પરિણામે રાજસત્તા સર્વોપરિ થઈ પડી, છતાં હજુ સુધી સામાન્ય પ્રજાના હકનો વિચાર કરવામાં આવ્યો નહોતો. હેનરીએ એકસરખો ન્યાય તોળવાનો પ્રયત્ન કર્યો, પણ તેથી ધર્મખાતા જોડે અથડામણ થઈ, કલેરન્ડનના ધારા પસાર થયા, અને બેકેટની

હત્યા થઈ. એકંદરે હેનરી ફાવ્યો નહિ; તેનાથી ધર્મખાતાની અદાલતો તૂટી નહિ.

નિષ્ઠુર અને બેવચની જ્હૉનના અત્યાચારથી ત્રાસેલા અંગ્રેજો અને નૉર્મનો ભેદભાવ ભૂલીને એકત્ર થયા. ચતુર અને દીર્ઘદષ્ટિવાળા અમીરો પ્રજાના આગેવાન બન્યા. તેમણે રાજાને કાયદા પ્રમાણે વર્તવાની ફરજ પાડવા માંડી. તેમણે પોતાના સંયુક્ત બળથી **'મોટો પટ્ટો'** લખાવી લીધો, અને સમસ્ત પ્રજાના હકો માટેની માગણી કરી. એક માગણી એવી હતી, કે રાજા મહાજનની સંમતિ વિના કર નાખી શકે નહિ; જો કે આ સમયે મહાજનમાં તો ધર્માધ્યક્ષો અને અમીરોજ બેસતા, અને પ્રજાના સામાન્ય માણસને બેસવાનો હક ન હતો: છતાં આ માગણીથી રાજા પાર્લમેન્ટની મંજુરી વિના કોઈ પણ પ્રકારનો કર નાખી શકે નહિ એમ બન્યું.

પ્રજાપ્રતિનિધિસભાની ખરી સ્થાપના તો હેનરી ૩જાના સમયમાં થઈ. પરંતુ રાજા પરદેશી માનીતાઓને બોલાવતો, અને દેશનું દ્રવ્ય બરબાદ કરી મહાજન પાસે વધારે નાણાંની માગણી કરતો. સાઈમન ડી મોન્ટફર્ડે રાજ્યવહીવટમાં સુધારા કરવાની રાજાને ફરજ પાડી. તેણે પરગણામાંથી તેમજ દરેક નગરમાંથી બબ્બે લોકપ્રતિનિધિઓ બોલાવ્યા, એટલે ઇતિહાસમાં પહેલીજ વાર દેશના રાજ્યકારભારમાં સામાન્ય લોકોને ભાગ મળ્યો.

હાલની અંગ્રેજ પાર્લમેન્ટની[1] ખરેખરી રચના તે વખતે થઈ. ગરાસીઆ (Knights) અને શહેરીઓની સભા તે આમની સભા બની, અને ઉમરાવો અને ધર્માધ્યક્ષોની સભા તે ઉમરાવોની સભા બની.

શરૂઆતમાં સભાના બે ભેદ ન હતા. પહેલાં તો બધા પ્રતિનિધિઓ એકજ મકાનમાં બેસતા. ઇ. સ. ૧૪૧૩માં બે સભાઓ જુદા મકાનમાં મળી, ત્યારથી "હાઉસ ઑવ્ લૉર્ડ્ઝ"—અમીરોની સભા, અને "હાઉસ ઑવ્ કૉમન્સ" —આમની સભા એવા બે વિભાગ પડ્યા, અને તે અદ્યાપિ પર્યંત ચાલુ છે.

પરંતુ આ પ્રતિનિધિસભાનું સંપૂર્ણ પ્રજાકીય સ્વરૂપ તો એડવર્ડ ૧લાએ ઇ. સ. ૧૨૯૫માં 'આદર્શ પાર્લમેન્ટ' બોલાવી ત્યારે ઘડાયું હતું. એડવર્ડને લડાઈ માટે નાણાં જોઈએ, પણ પાર્લમેન્ટની મંજુરી વિના નાણાં કોણ આપે?

---

૧. ફ્રેન્ચ ધાતુ 'Parler'–બોલવું ઉપરથી 'પાર્લમેન્ટ' શબ્દ બન્યો છે.

હવે કર નાખવાનો હક પાર્લમેન્ટનેજ હોઈ શકે, એ સિદ્ધાંતનો બરાબર અમલ થવા લાગ્યો. ધીમે ધીમે આ સ્થિતિનો લાભ લઈ પાર્લમેન્ટે જુદા જુદા હકો રજુ કરવા માંડયા, અને અમુક હક પ્રથમ મંજુર કરો તો નાણાંની સગવડ કરી આપીએ એવી હઠ પકડવા માંડી. હજુ સુધી કાયદા ઘડવાની તેને સત્તા ન હતી, તેમજ સંધિવિગ્રહ જેવી અગત્યની રાજદ્વારી બાબતોમાં તેનો મત લેવાતો નહિ, તો પછી રાજાના પ્રધાનો ઉપર તેનો દાબ તો હોયજ ક્યાંથી? એડવર્ડ ત્રીજાને ફ્રાન્સ જોડે મહાન્ યુદ્ધ કરવું પડયું, ત્યારે તેને નાણાંની ગરજ પડી; એટલે પાર્લમેન્ટ વારંવાર મેળવવી પડતી. આ પ્રમાણે નાણાંનો કાણુ આવવાથી પાર્લમેન્ટની સત્તા વધતી ગઈ. પરંતુ કેટલાક અમીરો જોડે એડવર્ડે સંબંધ બાંધી તેમને મેળવી લીધા, એટલે પ્રજાહકની લડત કરવાનું કામ ધીમે ધીમે આમની સભા ઉપર આવી પડયું.

છતાંએ એમ સમજવાનું નથી, કે દેશમાં સામાન્ય લોકો આગળ આવ્યા. હજુ મદોન્મત્ત જમીનદારોનું જોર ઓછું થયું ન હતું; પાર્લમેન્ટ પણ તેમનાથી દબાઈ જતી. એડવર્ડ કે રિચર્ડ બીજાને પદભ્રષ્ટ કરાવનાર આ ખટપટી જમીનદારોજ હતા. હેનરી છઠ્ઠો નબળો નીવડયો, અને અમીરો ગાદી માટે અંદર અંદર લડી મુઆ. ત્રીસ વર્ષના લાંબા સમય સુધી દેશમાં દગોફટકો, નિષ્ઠુરતા, કૃતઘ્નતા અને કલહ વધી પડયાં. એ પક્ષનાં કેટલાંએ માણસ મરાયાં, અને છેવટે હેનરી ટયુડર વિજયી થયો. પ્રજાએ તેને ગાદી આપી. અમીરોનાં માણસો મરાયાં, તેમની મિલ્કત જપ્ત થઈ, અને તેમની સત્તા તૂટી.

---

## ૨. ઉદ્યોગ અને વાણિજ્ય

સેકસન લોકો ઇંગ્લેન્ડમાં આવ્યા, ત્યારે દેશમાં જંગલો અને ભેજવાળાં મેદાનો હતાં. આ જંગલોમાં કેટલાંક કુટુંબો ગામડાં વસાવી રહેતાં. એક ગામથી બીજે ગામ જવા માટે વાંકીચુંકી પગવાટો હતી. રોમન લોકોએ દેશમાં જે રસ્તા બાંધેલા, તેમના અવશેષો સિવાય દેશમાં બીજા રસ્તા ન હતા. સેકસન લોકો ગામડાંની આસપાસ વાડ કરી લેતા, અને ખેડુતો ખેતરો

ખેડી ગુજારો ચલાવતા. બધા ખેડુતો સાથે મળી સીમની બધી જમીન ખેડતા, અને ઉપજ વહેંચી લેતા. ઘેટાં માટે ચરો રાખવામાં આવતો, અને ડુક્કરો જંગલોમાં ચરતાં. ડેન લોકો આવ્યા પછી ગામડાંમાં સરદારો ધણી થઈ પડયા. તેઓ ખેડુતોને ખેડવા માટે જમીન આપે, અને પોતાની જમીન તેમની પાસે ખેડાવે. કોઈ ખેડુત નિર્વંશ મરણ પામે તો તેની જમીન સરદાર લઈ લેતો, એટલે તેની જાગીરમાં વધારો થતો. સરદારો પોતાની જાગીરમાં શાકતરકારી વાવતા; ફૂલઝાડ ઉછેરતા, અને ધાન્ય પકવતા; તેમાં દરેક ખેડુતને વેઠ કરવા જવું પડતું. ખેડુતો પોતાની જમીન ખેડે કે સરદારની? તેઓ બબડતા જાય, અને કામ કરતા જાય; વધારામાં સરદારના મુકાદમો ખેડુતોને માર મારે અને પજવે. ખેડુતોથી ગામ છોડીને બીજે જવાય એમ નહોતું; આથી તેમની સ્થિતિ ગુલામ જેવી થઈ ગઈ.

નોર્મન લોકોના આવ્યા પછી ઘણાં ગામડાં નવા જાગીરદારોના હાથમાં આવ્યાં, છતાં પ્રજાનો મુખ્ય ઉદ્યોગ ખેતીનો હતો, અને ખેડુતોની સ્થિતિ શૂદ્ર જેવી હતી. પરિણામે ગરાસીઆ અને ખેડુતોનાં મન ઉંચાં રહેતાં. ચૌદમા સૈકામાં ખેતરના ઉત્પન્નમાંથી ભાગ લેવાનું કે વેઠ કરાવવાનું છોડી દેવાનું કર્યું, અને ખેડુતોએ જમીન બદલ સરદારને ભાડું આપવાની રીત ચાલુ થઈ. આ પદ્ધતિ આખા દેશમાં અમલમાં આવતાં કેટલાંક વર્ષ વહી ગયાં. એડવર્ડ ૩જાના રાજ્યમાં ભયંકર મહામારી ફાટી નીકળી, જે 'કાળી મરકી'ને નામે ઓળખાય છે. તેમાં સંખ્યાબંધ માણસો મરી ગયાં, ગામડાં ઉજ્જડ થઈ ગયાં, ખેતરોનો પાક સડી ગયો, અને દેશ વેરાન થઈ ગયો. જે લોકો જીવતા રહ્યા તેઓ સસ્તા દરે કામ કરે નહિ, અને જમીનદારો વધારે રોજી આપે નહિ. પાર્લમેન્ટે મજુરોની રોજી ઠરાવી આપી; દરેક મજુરે માલિકને ત્યાં રહેવું, અને નાસી જનારને ડામ દેવાનું ઠરાવ્યું, પણ કાયદો પાળે કોણ? કેટલાક ગરજાઉ જમીનદારો મોંઘા દરે પોતાનું કામ કરાવી લેતા. મજુરોની અછત અને મોંઘવારીને લીધે જાગીરદારોએ ધાન્ય વાવવાનું બંધ કર્યું અને ઘેટાં ઉછેરવા માંડયાં. આ ઘેટાંનું ઊન ફ્લાન્ડર્સ જતું. એથી ઊનનો વેપાર ચાલુ થયો. એડવર્ડ ૩જાએ આ વેપારને ઉત્તેજન આપ્યું. તેણે ઊનની નિકાસ

ઉપર કર નાખ્યો, અને લડાઈમાં પડતી નાણાંની ખોટ પૂરી પાડી. ફ્લાન્ડર્સ-ના કારીગરોને દેશમાં બોલાવીને તેણે ઊનનાં કારખાનાં સ્થપાવ્યાં.

હવે મોટાં શહેરો વસવા લાગ્યાં. નોર્મન લોકો આવ્યા એટલે ફ્લાન્ડર્સ, નોર્મંડી અને ફ્રાન્સ જોડે વેપારનું બારૂં ખૂલ્યું. ધીમે ધીમે નદીતટે, ચાર રસ્તા મળતા હોય ત્યાં, મઠ પાસે, કે સગવડવાળાં સ્થળોએ શહેરો વસ્યાં. આ શહેરોની આસપાસ મોટો કિલ્લો અને ફરતી મોટી ખાઈ હોય. બહારની અવરજવર માટે લાકડાનો ખેંચી લેવાય તેવો પૂલ રાખવામાં આવતો. શહેરમાં એક બજાર હોય, અને વેપારીને ત્યાંજ માલ વેચવો પડે. બજારમાં મુસાફરો, વેપારીઓ અને આડતીઆઓ મળે, અને દારૂ, રેશમ, કાપડ, તેજાના વગેરેનો વેપાર ચાલે. તે સમયે સારા રસ્તા નહોતા, એટલે અંદરના ભાગનો વેપાર ખીલ્યો નહોતો; માત્ર નદીકાંઠે કે દરિયાકિનારે આવેલાં શહેરો આબાદ થયાં.

રિચર્ડ ૧લાને ધર્મયુદ્ધમાં જવા પૈસાની તાણ પડી, ત્યારે તેણે શહેરોની સ્વતંત્રતા વેચવા માંડી. આથી વેપારીઓને લાભ થયો. દરેક ધંધાદારીએ પોતાનું મહાજન બાંધ્યું. આ મહાજન માંદા કારીગરની સંભાળ રાખે, મરનારની વિધવાને પાળે, અને કારીગરોનાં બાળકોને ધંધાની તાલીમ અપાવે. કામનું અને રોજીનું એકસરખું ધોરણ બાંધવાનું કામ મહાજનના હાથમાં હતું. એડવર્ડ ૧લાએ આ ધંધાદારીઓને સુખસગવડ કરી આપ્યાં, અને વ્યાજખાઉ યાહુદીઓને દેશમાંથી હાંકી કાઢ્યા.

પ્રસંગોપાત દેશના જુદા જુદા ભાગમાં મેળા ભરવામાં આવતા. મેળામાં વેપારીઓ માલ લાવે, અને આસપાસના લોકો ત્યાંથી જોઈએ તે લઈ જાય. ખેડુતો ખેતરનું ઉત્પન્ન, ઢોરઢાંખર, વગેરે લાવીને ત્યાં વેચે, અને જોઈતી વસ્તુઓ લઈ જાય. પરદેશી વેપારીઓ ઊન લઈ જાય, અને લોઢું, તાંબું, રેશમ, અને જવાહીર આપી જાય. આ રીતે ઈંગ્લેન્ડનો વેપાર ચાલવા લાગ્યો. એ જમાનામાં ઈંગ્લેન્ડની મુખ્ય પેદાશ ઊન હતી.

---

## ૩. સમાજ

જંગલી અવસ્થાના બ્રિટનો ચામડી રંગતા. તેઓ ઘરો બાંધી જાણતા નહોતા. સેક્સનો ગામડાંમાં રહેતા, અને સાદું પણ નિયમિત જીવન ગાળતા.

તેઓ માંસાહાર કરતા, પણ સામાન્ય રીતે રોટલો ને માખણ ખાઈ ખેતરોમાં કામ કરતા. તેઓ રાત્રે વહેલા સૂઈ જતા, અને સવારે વહેલા ઊઠી કામે વળગતા. તેઓ હાથે કાંતેલાં અને વણેલાં ઊનનાં કપડાં પહેરતા. તેઓ જેવા તેવા જોડા પહેરતા. તેઓ વસ્તુને બદલે વસ્તુ આપી વ્યવહાર ચલાવતા. તેમનાં ઘર સાદાં અને નાનાં હતાં; શોભા કે કળાનું તેમાં નામ ન હતું. તેઓ લાકડાંની કે માટીની દિવાલો બનાવતા, તેમાં બારીની જગાએ કાણાં કરતા, અને ઘાસનાં છાપરાં બનાવતા. મોટા માણસોનાં ઘરો પત્થરનાં બાંધવામાં આવતાં, અને તેમાં એક બેઠકનો ખંડ, સ્ત્રીઓનો ખંડ, અને સૂવાનો ઓરડો એટલી સગવડ રહેતી. તેઓ ઘાસની કે ચામડાની પથારી પર સૂઈ જતા. તેમનામાં ઉંચાનીચાનો ભેદ ન હતો; શેઠ અને નોકર લાંબા મેજ પર જોડે બેસીને ખાતા. મેજની વચમાં એક ખાડામાં મીઠું રાખવામાં આવતું. હલકી પદવીના માણસો આ ખાડાની બીજી બાજુએ બેસતા. ડુક્કરનું માંસ ખાવું અને જવનો દારૂ પીવો, એ તેમનો વિલાસ ગણાતો.

નોર્મન લોકો અભિમાની અને જુલમી હતા. તેઓ ભોળા લોકો પર કેર વર્તાવતા, છતાં તેઓ રસિક, સુઘડ, અને સૌન્દર્યપ્રેમી હતા. તેઓ શિકારના શોખીન હતા. એથી દેશમાં ઠેરઠેર જંગલો અને શિકારની જગાઓ બનાવવામાં આવી. પરંતુ ગરીબ લોકોની હાલત જેવી ને તેવીજ રહી. તેમનાં ઘરોમાં એકાદ બે સ્ટૂલ, એકાદું મેજ, અને એક બે ધાતુનાં વાસણો હોય. આ સામાન ઘણો કિંમતી ગણાતો. શહેરના રસ્તા નાના, સાંકડા, અને અસ્વચ્છ હતા. રાત્રે રસ્તા પર તેલના ઝાંખા દીવા થતા. અંતે પોશાક પર નોર્મન લોકોની અસર થઈ. હવે લોકો ચકચકતાં અને રંગબેરંગી કપડાં પહેરવા લાગ્યા. ધંધાદારી લોકો ખાસ વસ્ત્રો પહેરતા, એટલે હજામ, કડીઓ, સુતાર, લુહાર, સોની વગેરે સહેલાઈથી ઓળખાતા. નોર્મન લોકો ચાંચવાળા લાંબા જોડા પહેરતા. આ ચાંચને છેડે દોરો કે રૂપાની સાંકળી બાંધી તેને ઘુંટણે બાંધી દેવામાં આવતી.

એકંદરે પ્રજાની સામાજિક સ્થિતિ દુઃખી હતી. લોકોમાં બેરોજગારી હતી, અને જાગીરદારો પ્રત્યે અસંતોષ હતો. મદોન્મત્ત જાગીરદારો રાજાની સામે પણ હથિયાર ઉપાડે, તેની અસર થયા વિના કેમ રહે? ખેડુતોએ

એકબીજાને મદદ કરવાની પ્રતિજ્ઞા કરી, અને 'કાળી મરકી' પછી લોકોમાં અસંતોષ વધતાં વૉટ ટાઇલરની આગેવાની નીચે બંડ થયું. સ્વતંત્ર થવાનો પ્રથમ પ્રયાસ નિષ્ફળ ગયો; પણ જમીનદારો સમજી ગયા કે જમાનો બદલાયો છે, અને ખેડુતોની જોડે સારી રીતે વર્તવાની જરૂર છે.

મરકીનો કેર, કરવેરાનો ત્રાસ, અને સામાન્ય દુઃખોમાં પણ પ્રજાની આનંદ ભોગવવાની શક્તિ અજબ હતી. ચૌદમી સદીમાં નાચરંગ, મીજમાની, જલસા, ઉજાણી, વગેરે ચાલતાં; લોકો ઘોડા ઉપર બેસીને વાજાં વગાડતા વગાડતા યાત્રાએ જતા.

આ યુગ પ્રેમશૌર્યભક્તિ ( Chivalry ) નો હતો. નખશિખ બખ્તર પહેરી જાગીરદારો શૌર્ય અને પરાક્રમના પ્રસંગો ઉપજાવતા. તેઓ દ્વંદ્વયુદ્ધ કરતા, અને બુઠ્ઠાં કે ધારવાળાં હથિયારો વાપરતા. આવા રણખેલ સ્થળે સ્થળે અને પ્રસંગે પ્રસંગે થતા, અને સેંકડો માણસો તે જોવા એકઠાં મળતાં. જુના યોદ્ધાઓને કસાવાના અને નવાઓને બહાર પડવાના આવા અનેક પ્રસંગો મળતા. મુરઘાંની લડાઈ, રીંછની કુસ્તી, પાડાઓની સાઠમારી વગેરે વિનોદ ચાલતા. લાગણી ઉશ્કેરે અને રોમાંચ ઉભાં થાય, એવા દેખાવો જોવામાં પણ લોકોને મઝા પડતી.

---

## ૪. સાહિત્ય

બ્રિટન લોકો જંગલી હતા. તેમને લખતાંવાંચતાં આવડતું ન હતું. તેમના ગોર ડ્રુઈડ કહેવાતા. તેઓ ભણેલાગણેલા હતા. તેઓ વીરોનાં જીવન, અને યુદ્ધ કે શુરાતનના પ્રસંગો ઉપર ગીતો રચીને લોકોને સંભળાવતા. આ ગીતો અને વાર્તાઓ મુખપરંપરાથી ચાલી આવતી. રોમન લોકોએ આ લોકોનો સંહાર કર્યો, એટલે તેમનું કંઠસ્થ સાહિત્ય નાશ પામ્યું.

રોમન લોકો સુધરેલા હતા. તેમને લખતાંવાંચતાં આવડતું હતું. જુલિયસ સીઝરે ઇતિહાસનાં પુસ્તકો લખ્યાં છે. બીજા લેખકોએ પણ બ્રિટન પર થએલા રોમન હલ્લા અને બીજા પ્રસંગો વિષે લખ્યું છે. તે સર્વ લખાણ લૅટિન ભાષામાં છે.

પ્રાચીન ઍંગ્લો–સૅક્સન લોકોએ રાસા રચ્યા છે. શૌર્યવીર્યની કથાઓ સાંભળવી તેમને બહુ ગમતી. દરેક ટોળીના સરદાર જોડે એક ભાટ હોયજ. રાત્રે બધા પરવારીને બેઠા હોય, ત્યારે આ ભાટ પોતાના સરદારના કોઈ પરાક્રમની, તેના કોઈ પૂર્વજના શુરાતનની, કે કોઈ પ્રાચીન વીરના એકાદ જીવનપ્રસંગની કથા કહે, કે દુહાઓ રચીને લલકારે. આવા એક રાસાનું નામ બીયોવુલ્ફ છે. તેમાં આપણા ભીમસેનની પેઠે બીયોવુલ્ફ રાક્ષસ જોડે લડે છે, પાતાળમાં જાય છે, અને છેવટે એક બીજા રાક્ષસ જોડે લડતાં મરણ પામે છે, એવી કથા છે.

ખરેખરૂં અંગ્રેજી કાવ્ય કેડમન નામના કવિએ રચ્યું. તે કવિ મઠમાં ગોવાળ હતો. દેવોએ તેને કાવ્યશક્તિની બક્ષિસ કરી એવી દંતકથા ચાલે છે. તેણે બાઇબલના કેટલાક પ્રસંગોનું વર્ણન કર્યું. તેનાં કાવ્યો લોકપ્રિય થઈ પડ્યાં. બીડ નામના સાધુએ અંગ્રેજી ગદ્યનો આરંભ કર્યો. તેણે મઠમાં બેસીને ૪૫ પુસ્તકો રચ્યાં, અને આખા યુરોપમાં પ્રસિદ્ધિ મેળવી.

ડેન લોકોએ મઠો અને વિદ્યામંદિરોનો નાશ કર્યો, તે પછી આલ્ફ્રેડે પંડિતોને બોલાવ્યા અને શાળાઓ સ્થાપી. તે પોતે વિદ્વાન હતો. તેણે અનેક ગ્રંથોનાં ભાષાંતર કર્યાં. ઍંગ્લો–સૅક્સન ક્રોનિકલ નામે પુસ્તકમાંથી ડેન લોકોના આક્રમણથી સ્ટીફનના અમલ સુધીના બનાવોની નોંધ મળે છે. સ્ટીફનના અમલમાં અંધાધુંધી ચાલવાથી ઇતિહાસ લખાતો બંધ થયો.

નોર્મન લોકોના આગમન પછી અંગ્રેજી ભાષાને મળતું ઉત્તેજન બંધ પડ્યું; કારણ કે દરબારમાં ફ્રેન્ચ ભાષા બોલવાનો શોખ થઈ પડ્યો. પરદેશી પંડિતો અને ધર્માધ્યક્ષો લેટિન અને ફ્રેન્ચ ભાષામાં લખવા લાગ્યા. પરંતુ પ્રજાની ભાષા તો ઍંગ્લો–સૅક્સન રહી. ઉલટું નોર્મન લોકો ધીમે ધીમે એ ભાષા બોલતા થયા. જ્હૉનના સમયમાં રાજાપ્રજા વચ્ચે ઝગડો થયો, ત્યારે નોર્મનો લોકો જોડે પૂરેપૂરા મળી ગયા. તેમની ભાષા ફ્રેન્ચ મટી અંગ્રેજી થઈ. નોર્મનોએ ભાષામાં સમૃદ્ધિ અને જુસ્સો આપ્યો.

ચૌદમા સૈકામાં જ્યૉફ્રી ચૉસર નામે સુપ્રસિદ્ધ કવિ થયો. તેણે જીવનનો વિવિધ અને વિશાળ અનુભવ 'કૅન્ટરબરી ટેઇલ્સ' નામે કાવ્યમાં ઉતાર્યો. લગભગ ૨૯ યાત્રાળુઓ બેકેટની કબરની યાત્રાએ નીકળ્યા છે. રસ્તામાં એક

ધર્મશાળામાં તેઓ ઉતર્યા; ધર્મશાળાના માલીકે કહ્યું કે રસ્તામાં વાર્તા કરતા જજો, અને સરસ વાર્તા કહેનારને વળતાં અહીં મીજમાની આપજો. પછી દરેક જણ વારાફરતી વાર્તા કહેવા લાગ્યો. એ વાર્તા તે 'કેન્ટરબરી ટેઇલ્સ.' તેમાં યોદ્ધાઓ, વહાણવટીઓ, વેપારીઓ, ક્ષમાપત્રો વેચનારા, સાધુઓ, પ્રવાસી સાધુઓ, વગેરે અનેક યાત્રાળુઓની, શુરાતનની, સામાન્ય જીવનની, વૈરની; અને સંતોની દંતકથાઓ, આખ્યાયિકાઓ અને કથાઓ કહેવામાં આવી છે. એથી તે જમાનાના પ્રજાજીવનનું માર્મિક ચિત્ર ખડું થાય છે.

ચૉસરના સમકાલીન કવિ લેંગ્લેન્ડે બીજો માર્ગ લીધો. તેણે 'પીયર્સ પ્લાઉમેન' નામે કાવ્યમાં પ્રજાનાં દુઃખો, ધર્મગુરુઓના ઢોંગ, સાધુઓના પ્રપંચ, સાધારણ મૂર્ખતા, ખટપટ, દ્વેષ ઇત્યાદિ કાળી બાજુનું ચિત્ર દોર્યું. બંને કવિઓનાં કાવ્યોથી તે સમયના ઇતિહાસનું ભાન થાય છે.

વિકલીફે બાઇબલનું ભાષાંતર કર્યું. બાઇબલની કથાઓને લોકપ્રિય કરવા ઉપરાંત તે ભાષાંતરથી અંગ્રેજી ગદ્ય ઘડાયું.

---

## ૫. ધર્મ

**બ્રિટન લોકો:** હાલમાં અંગ્રેજો ખ્રિસ્તી ધર્મ પાળે છે. ખ્રિસ્તી ધર્મ ઇંગ્લેન્ડમાં ક્યારે દાખલ થયો તે વિષે ચોક્કસ મત નથી; પણ રોમન અમલમાં ઘણા બ્રિટન લોકો ખ્રિસ્તી થયા. તે પહેલાં બ્રિટન લોકો અનેક દેવોને માનતા, અને તેમને પ્રસન્ન કરવા ક્રૂર વિધિઓ આચરતા. તેઓ પશુમેધ ઉપરાંત કોઈ વખતે નરમેધ પણ કરતા. તેમના ગોર ડ્રુઇડ હતા. આ લોકો જંગલના ઉંડાણમાં રહીને દેવોની પૂજા કરતા. તેમને વિષે જુલિયસ સીઝરે સુંદર વર્ણન આપ્યું છે.

**રોમન લોકો:** અસલના રોમન લોકો પણ મૂર્તિપૂજક હતા, અને તેમનામાં ખ્રિસ્તી ધર્મ પાળનારા થોડા હતા. પાછળથી જે સિપાઈઓ અને વેપારીઓ દેશમાં આવ્યા, તેઓ ઘણે ભાગે ખ્રિસ્તી હતા. આ સમયે ઇંગ્લેન્ડમાં ખ્રિસ્તી ધર્મ દાખલ થયો. રોમનો જતા રહ્યા ત્યાર પછી પણ નવા ધર્મના સંસ્કાર રહી ગયા.

**સેકસન લોકો:** સેક્સન લોકોએ દેશમાંથી ખ્રિસ્તી ધર્મના અવશેષો નાબુદ કરી નાખ્યા.[1] તેમણે મંદિરો લૂટયાં અને બાળ્યાં, અને ધર્મગુરુઓનો વધ કરી નાખ્યો: છતાં આયર્લૅન્ડ, સ્કૉટલેન્ડ, અને વેલ્સમાં નવો ધર્મ ફેલાતો હતો. બ્રિટનમાં તો પ્રજાનો મુખ્ય ભાગ સેકસન લોકોના ધર્મને માનતો હતો, અને આશરે સો વર્ષ સુધી ખ્રિસ્તીઓ ઉપર જુલમ વર્તાવવામાં આવ્યો; છતાં ખ્રિસ્તી ધર્મનો છેક ઉચ્છેદ થયો ન હતો.

એમ કહેવાય છે કે રોમન બજારમાં કેટલાંક અંગ્રેજ બાળકોને વેચાતાં જોઈ ત્યાંના ગ્રેગરી નામના સંતને તેમના પર દયા આવી. તેઓ મૂર્તિપૂજક છે એમ જાણી તેણે એ બાળકોના દેશમાં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવાનો નિશ્ચય કર્યો. ગ્રેગરી પોપ થયો એટલે તેણે ૬ઠ્ઠા સૈકાના ઉત્તરાર્ધમાં કેટલાક પાદરીઓ ઇંગ્લેન્ડ મોકલ્યા. તે સમયે ઈંગ્લેન્ડમાં એક રાજ્ય ન હતું. કેન્ટનો ઠાકોર ખ્રિસ્તી રાણી પરણ્યો હતો, એથી ત્યાં આવકાર મળશે એમ ધારી તેઓ ત્યાં ગયા. રાજાએ તેમનો સત્કાર કર્યો. તેમના મુખ્ય ધર્મોપદેશકને રાજાએ કેન્ટરબરીનો ધર્માધ્યક્ષ બનાવ્યો. જો કે ઇંગ્લેન્ડની રાજધાની લંડન છે, છતાં કેન્ટરબરીનો ધર્માધ્યક્ષ આજે પણ મુખ્ય ધર્માધ્યક્ષ ગણાય છે.

આ પછી દેશમાં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર થયો. અલબત, સામાન્ય મનુષ્યો ધર્મની બાબતમાં પરંપરાથી ચાલતા આવેલા સંસ્કારો એકદમ તજી દેતા નથી. વળી લોકો નવો ધર્મ સ્વીકારે ત્યારે તેમાં તેમને કશું નવું લાગતું નથી: ઉલટું ધારેલા લાભ મળતા નથી ત્યારે તેઓ જુનો ધર્મ સ્વીકારે છે, અને નવા ધર્મની નિંદા કરે છે. ઈંગ્લેન્ડમાં પણ આમજ બન્યું; બસો વર્ષ સુધી ધર્મની બાબતમાં અનેક ઉથલપાથલ થઈ.

પરંતુ ખ્રિસ્તી ધર્મથી દેશને બહુ લાભ થયો. ધર્મની જોડે દેશમાં સુધારો દાખલ થયો. એ જમાનામાં એકલા ધર્મગુરુઓ ભણેલા હતા. તેઓ રોમ અને યુરોપના બીજા દેશોમાં વારંવાર જતા આવતા, અને ત્યાંથી નવા

---

૧. આ સેકસન દેવો પરથી અંગ્રેજી સાત વારનાં નામ પડયાં છે.
સૂર્ય ચંદ્ર ઉપરથી Sunday અને Monday. ગર્જનાના દેવ Thor પરથી Thursday.
અંધકારના દેવ Tew પરથી Tuesday. સૌન્દર્યની દેવી પરથી Friday
યુદ્ધના દેવ Woden પરથી Wednesday. દ્વેષના દેવ Soetere પરથી Saturday.

નવા સંસ્કાર ઈંગ્લેન્ડમાં લાવતા. આ ધર્મગુરુઓ પોતાની જોડે પુસ્તકો લાવ્યા. તેમણે શાળાઓ, મંદિરો અને મઠો સ્થાપ્યા. તેમણે દયાનાં અનેક કાર્યો કરી બતાવી અંગ્રેજોને શીખવ્યું, કે લૂંટફાટ, મારામારી, કે શિકાર કરવા ઉપરાંત જીવનમાં બીજાં સારાં કાર્યો કરવાનાં હોય છે. આ ધર્મોપદેશકોએ દેશમાં વિદ્યા અને સંસ્કાર આણ્યાં.

**આલ્ફ્રેડ:** આલ્ફ્રેડ ગાદીએ આવ્યો, ત્યારે ધર્મ અને વિદ્યા વીસારે પડયાં હતાં. તેના સમયમાં ડેન લોકોએ ભયંકર ખુનરેજી ચલાવી. પરિણામે મંદિરો અને પુસ્તકોનો નાશ થયો, એટલે આલ્ફ્રેડે પરદેશથી વિદ્વાન ધર્મ-ગુરુઓને બોલાવ્યા, અને મંદિરો તથા શાળાઓ સ્થાપી. તેણે પોતે પણ અનેક ગ્રંથોનાં ભાષાંતર કરી ધર્મ અને વિદ્યાની જ્યોત જાગતી રાખી.

ત્યાર પછી નોર્મન વિજય સુધી ખાસ નોંધવા જેવું બન્યું નથી. એડગર અને તેના ડાહ્યા મંત્રીએ ધર્મોપદેશકોને બનતી સહાય આપી. પરંતુ ધર્મગુરુઓમાંથી ધાર્મિકતા અને વિદ્યાનો લોપ થતો ગયો. વિજેતા વિલિયમે ધર્માલયોની ખાલી જગાઓ નોર્મન પાદરીઓને આપવા માંડી, અને મુખ્ય ધર્માધ્યક્ષ પણ નોર્મન પાદરીને બનાવ્યો. નોર્મન વિજય પછી ત્રણ ફેરફારો થયા: નોર્મન લોકોએ અસંખ્ય મંદિરો અને ધર્માલયો બાંધ્યાં, પાદરીઓમાં ધાર્મિકતા અને વિદ્યાની વૃદ્ધિ થઈ, અને ધર્મગુરુઓનું પ્રાબલ્ય વધતું ગયું.

આલ્ફ્રેડથી માંડીને ટયુડર વંશના આરંભ સુધી ધર્મગુરુઓ અમીર–ઉમરાવો કરતાં પણ પ્રબળ થઈ પડયા. તેઓ રાજકાજમાં આગળ પડતો ભાગ લેતા, અને રાજાના મુખ્ય મંત્રી પણ થતા. આવા ધર્માધ્યક્ષોમાં લાન્ફ્રાન્ક, સ્ટીફન લેંગ્ટન, અને ટોમસ વુલ્સી મુખ્ય હતા.

આ યુગમાં પશ્ચિમ યુરોપના દરેક દેશમાં ધર્માલયોને રાજ્યના કાયદાથી સ્વતંત્ર બનાવવાના પ્રયત્નો થયા. ધર્મગુરુઓ પોતાની જુદી અદાલતો સ્થાપતા. તેઓ રોમના પોપને ઉપરી માનતા, અને રાજાની પરવા કરતા નહિ. આ અદાલતોમાં નામની સજા થતી, અથવા ગુનેગાર છટકી પણ જતો. આમ ધર્માલયોનું રક્ષણ શોધનારને કાયદાનું બંધન નડતું નહોતું. ન્યાયપ્રિય રાજાઓને આ વાત ખૂંચતી, અને ધર્મગુરુઓ સાથે તકરારો થતી. સોળમા સૈકામાં આ પ્રશ્નનું નિરાકરણ થયું.

રક્તકેશી વિલિયમના સમયમાં ધર્મગુરુઓ અને રાજાઓ વચ્ચે કલહનો આરંભ થયો. વિલિયમે મંદિરોની મિલ્કત લૂંટવા માંડી અને ધર્મખાતાની ખાલી જગાઓ પૂરી નહિ, એટલે એન્સેમ નામના ધર્માધ્યક્ષે એને ઠપકો આપ્યો. વિલિયમે તેને દેશનિકાલ કર્યો, પણ હેનરી ૧લાએ તેને માન સહિત પાછો બોલાવ્યો. પરંતુ હેનરીએ ધર્મખાતાના જમીનદારો રાજાના તાબેદાર હોવા જોઈએ એવી તકરાર ઉપાડી, ત્યારે એન્સેમે વિરોધ કર્યો; પણ પાછળથી સમાધાન કરવામાં આવ્યું. હેનરી બીજાના સમયમાં કલેરન્ડનના ધારા ઘડવામાં આવ્યા. આમાં બેકેટ નામના કેન્ટરબરીના મુખ્ય ધર્માધ્યક્ષે વાંધો લીધો, અને પાદરીઓને રાજ્યનો કાયદો લાગુ ન પડે એમ કહ્યું. પરિણામે બેકેટનું ખૂન થયું. બેકેટ મરીને મોટો થઈ ગયો; લોકો તેને પીર માની તેની કબરની માનતા માનવા લાગ્યા. હેનરીના શત્રુઓએ આ તક સાધી તેની નિંદા કરવા માંડી, અને હેનરીને જાહેરમાં પ્રાયશ્ચિત્ત કરવાં પડયાં. ધર્માલયોને પોતાને તાબે કરવાની તેની આશા અપૂર્ણ રહી ગઈ. હજુ કાળનો પરિપાક થયો ન હતો.

સત્તાના મદથી અને ધનવૈભવથી ધર્માલયોમાં સડો પેઠો. મધ્ય યુગમાં યુદ્ધો અને કલહોથી અશાંતિ પ્રવર્તી, એથી ધર્મપરાયણ જીવન ગાળવાની ઇચ્છાવાળા શ્રદ્ધાળુ માણસો સર્વસ્વ તજી જંગલમાં, કે નદીકિનારા પર આશ્રમ બાંધી પવિત્ર જીવન ગાળતા. ત્યાં તેઓ ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરતા, તપ આચરતા, અને આશ્રમના બાગબગીચામાં કામ કરતા. લોકો આ સાધુઓના જીવનનિર્વાહ માટે દ્રવ્ય અને ખેતરો આપતા. આથી સાધુઓ સમૃદ્ધ થતા ગયા. ધર્મવૃત્તિ સજીવ રહી ત્યાં સુધી આ નાણાંનો સદુપયોગ થયો. આ સાધુઓ ખેતી કરતા, ગામડાંના લોકોને મદદ કરતા, પ્રવાસીઓને આશ્રય આપતા, ગરીબોને સહાય કરતા, માંદાઓની માવજત કરતા, અને લોકકલ્યાણનાં બીજાં કાર્યો કરતા. તેઓ નાનાં બાળકોને લખતાંવાંચતાં શીખવતા. તે સમયનો મઠ આશ્રમ, ધર્મશાળા, પુસ્તકાલય, અને દવાખાનાની ગરજ સારતો. પરંતુ કાળબળે એ પરોપકારી વૃત્તિ ઘસાઈ ગઈ, અને સાધુઓ અધર્મી, દુરાચરણી, કુછંદી, અને સ્વેચ્છાચારી થવા લાગ્યા. પવિત્રતાના ધામ જેવા મઠોમાં ચોરી, છાકટાઈ, જુગાર, અને વ્યભિચારની બદીઓ દાખલ થઈ.

પારમાર્થિક કલ્યાણને બદલે ઐહિક કલ્યાણની વાસના વધી, એટલે સાધુઓએ રાજ્યના પ્રપંચોમાં માથું માર્યું. ઘણા ધાર્મિક અને શ્રદ્ધાળુ પુરુષોને આ સ્થિતિ ટાળવાના વિચારો આવ્યા, અને સાત્ત્વિક ધર્મનો પુનરુદ્ધાર કરવાના પ્રયત્નો ચાલ્યા. તેરમા સૈકામાં પ્રવાસી સાધુઓનો એક નવો માર્ગ થયો.* તેઓ આશ્રમના એકાંતમાં પડી ન રહેતાં ઉઘાડે પગે પ્રવાસ કરી લોકોને ધર્મોપદેશ કરતા. તેઓ ગરીબ રહેવાનું વ્રત લેતા, અને ગરીબોનાં ઝુંપડાંમાં પડી રહેતા. તેઓ ગરીબ લોકોમાં ભળી જઈ તેમને દરેક રીતે સહાય આપતા. આના બદલામાં લોકો તેમના ખાવાપીવાનો બંદોબસ્ત કરતા. શરૂઆતમાં તો તેમની હાંસી કે પજવણી થતી, પણ ધીમે ધીમે તેમની સેવાભક્તિની અસર સમાજ પર થઈ. તેરમા સૈકામાં તેમણે પ્રજાનું ઘણું હિત કર્યું. આજે મુક્તિફોજ કંઈક આવુંજ કામ કરે છે.

પરંતુ સેવાનોએ મદ ચડે છે. લોકપ્રિયતાના કેફમાં આ સાધુઓ ભાન ભૂલ્યા. તેઓ પ્રમાદી અને દુરાચારી જીવન ગાળવા લાગ્યા. તેઓ ધર્મને નામે ધતિંગ ચલાવી ભોળા લોકોને ઠગતા. તેઓ ખ્રિસ્તી ધર્મના સંતમહંતના ખરાખોટા અવશેષો વેચવા લાગ્યા. આ ફલાણા સંતનું હાડકું છે, આ અમુક પીરનો નખ છે, આ ઇસુખ્રિસ્તના ક્રુસનું લાકડું છે, આ જડીબુટ્ટી હઠીલા રોગને નાબુદ કરે છે, એવી અનેક ધૂર્તવિદ્યા તેમણે ચલાવી. રોમના પોપે પણ 'ક્ષમાપત્રો'[૧] કાઢ્યાં. લોકો એ ક્ષમાપત્રો ઠરાવેલી કિંમતે લેતા. આવા પ્રપંચથી ભાવિકોના ભાવ ડગ્યા, અને સામાન્ય લોકો કંટાળ્યા. ચૉસર કવિએ 'કેન્ટરબરી ટેઈલ્સ'માં આ સાધુઓના દુરાચાર અને સ્વચ્છંદની ફજેતી કરી છે.

ચૌદમા સૈકાના અંતમાં **જૉહાન વિકલીફ** નામનો અડગ સુધારક થયો. તેણે બાઇબલ સિવાય બીજું કશું પ્રમાણ માનવાની ના પાડી, અને ધર્માલયોના કુછંદ અને અધર્મ ઉપર પ્રહાર કર્યો. ધર્મગુરુઓ આચારવિચારમાં

---

* આ સાધુઓના બે ગુચ્છ હતા: શ્વેતાંબરી અને કૃષ્ણાંબરી.

૧. જડ કર્મકાંડને માનનારા લોકોની બુદ્ધિ એટલી તો કુંઠિત થઈ ગઈ હતી, કે ક્ષમાપત્રોમાં પોપે પાપની કિંમત ઠરાવી હતી, તેમાં પણ તેમને કશું અજુગતું લાગતું નહિ. બાપદાદાનાં કરેલાં પાપ ધોવાં હોય, તો તેનાંએ ક્ષમાપત્ર મળતાં. ભવિષ્યમાં થવાનાં પાપની મારી મળે, તેની ગોઠવણ "ઈશ્વરનો આડતીઓ" કરે તેમાં શી નવાઈ?

શિથિલ બન્યા હતા, એટલે તેણે ધર્મોપદેશ તૈયાર કરીને આખા દેશમાં મોકલવા માંડયા. ઉપરાંત પાદરીઓ વિરુદ્ધ લખાણ લખી તેણે છૂટે હાથે વહેંચવા માંડયું. તેણે બાઇબલનું સરળ અંગ્રેજીમાં ભાષાન્તર કરી લોકોની આંખો ઉઘાડી. લોકોને ધર્મની વ્યવસ્થામાં સુધારો જોઈતો હતો; ધર્મનાં તત્ત્વોમાં નહિ. લોકો દુરાચારી ધર્મગુરુઓનો તિરસ્કાર કરવા તૈયાર હતા, પરંતુ ધર્મના સિદ્ધાંતો ફેરવવા તૈયાર ન હતા. એથી વિકલીફ અને તેના અનુયાયીઓ '**લોલાર્ડ**' (વ્યર્થ લવરી કરનારા) નામથી ઓળખાતા. પરંતુ સુધારકો ઉપર જુલમ થવા માંડયો, એથી તેમની સંખ્યા ઘટી ગઈ અને તેમની હીલચાલ નરમ પડી; જો કે તેમણે આણેલી ધર્મજાગૃતિ રહી ગઈ. વિકલીફને 'Morning Star of Reformation' કહેવામાં આવે છે.*

રોમન લોકોએ આવીને બ્રિટનોને કંઇક અંશે ખ્રિસ્તી ધર્મ શીખવ્યો. સેકસનો મૂર્તિપૂજક હતા. ૬ઠ્ઠા સૈકામાં ખ્રિસ્તી ધર્મોપદેશકો કેન્ટમાં આવી વસ્યા. ડેન લોકોએ આવી ખ્રિસ્તી મંદિરો તોડી પાડયાં. પરંતુ આલ્ફ્રેડે એ ધર્મનો ફેલાવો કરવા બહુ મહેનત કરી. નોર્મન વિજય પછી ધર્મગુરુઓએ સ્વતંત્ર થવાનો પ્રયત્ન કર્યો. આથી જે તકરાર ઉભી થઈ, તેમાં બેકેટના વધથી ધર્મગુરુઓની સત્તા વધી. સોળમા સૈકા સુધી આ સ્થિતિ ચાલી. પાછળથી ધર્મભ્રમ આવ્યો; તેમાં વારંવાર ધર્મસુધારણા કરવાના પ્રયત્નો થયા. આ પ્રયત્નોમાં ત્રણ મુખ્ય છે: (૧) ૧૧–૧૩મું સૈકું: ધર્મયુદ્ધો, (૨) ૧૩–૧૪મું સૈકું: પ્રવાસી સાધુઓ, (૩) ચૌદમા સૈકાનો અંત: વિકલીફ અને તેના અનુયાયીઓની સેવા.

---

* આ ઉપરાંત પેલેસ્ટાઈનમાં થએલાં ધર્મયુદ્ધોની પણ નોંધ લેવી જોઈએ; કેમકે આ જમાનામાં ધાર્મિક ઉત્સાહ કેટલો હતો તે એના પરથી માપી શકાય છે. અગિઆરમા અને તેરમા સૈકાના વચગાળામાં આ યુદ્ધો થયાં. સાતે યુદ્ધોમાં તુર્ક લોકો ન જ હાર્યા. પરંતુ પૂર્વની વિદ્યા, કળા, સંસ્કાર, ધર્મપ્રિયતા આદિનો પરિચય પશ્ચિમની પ્રજાને થયો. ધર્મઝનૂની લોકોને લડવાનું મળતાં તેઓ રણભૂમિમાં ગયા, એટલે પાછળ શાંતિ થઈ; તેમાં દેશની સમૃદ્ધિ વધારવાની તક મળી; અને રિચર્ડ ૧લાએ લડાઈ માટે નાણાં લેવા સારૂ વેપારના કેટલાક ખાસ હકો વેચવા કાઢ્યા, એથી કેટલાંક શહેરોને તો બહુ લાભ મળી ગયો.

# ખંડ ૨જો: નવયુગ

## ટ્યુડર વંશ

[ ઇ. સ. ૧૪૮૫–૧૬૦૩ ]

# ટ્યુડર વંશવૃક્ષ

**હેનરી ૭મો**
(૧૪૮૫–૧૫૦૯)

- **આર્થર** (મૃત્યુઃ ૧૫૦૨)
- **માર્ગરેટ** લગ્નઃ **જેમ્સ ૪થો** (સ્કૉટલેન્ડનો)
  - **જેમ્સ ૫મો** (સ્કૉટલેન્ડનો)
    - **મેરી** (સ્કૉટ લોકોની રાણી)
      - **જેમ્સ ૧લો** (સ્ટુઅર્ટ વંશનો પહેલો રાજા)
- **હેનરી ૮મો** (૧૫૦૯–૧૫૪૭)
  - **એડવર્ડ ૬ઠ્ઠો** (૧૫૪૭–૫૩)
  - **મેરી** (૧૫૫૩–૫૮)
  - **ઇલિઝાબેથ** (૧૫૫૮–૧૬૦૩)
- **મેરી**
  - **ફ્રાન્સિસ** લગ્નઃ **હેનરી ગ્રે**
    - **લેડી જેન ગ્રે**

# પ્રકરણ ૧લું

## હેનરી ૭મો: ઈ. સ. ૧૪૮૫–૧૫૦૯

**દેશની સ્થિતિ:** ઇ. સ. ૧૪૮૫માં બોસ્વર્થના મેદાન પર રિચર્ડ ૩જાને હરાવી હેનરીએ પોતાને માથે મુકુટ ધારણ કર્યો, તે વખતે ઇંગ્લેન્ડની સ્થિતિ દયાજનક હતી. એડવર્ડ ૧લો એડવર્ડ ૩જો, કે હેનરી ૫મો એ ત્રણેના સમયની જાહોજલાલી જતી રહી હતી. ફ્રાન્સમાં આવેલું ઇંગ્લેન્ડનું રાજ્ય કમી થતું ગયું, સ્કૉટલેન્ડ સ્વતંત્ર બન્યું, અને આયર્લેન્ડમાં પણ ઇંગ્લેન્ડની સત્તા નામની હતી. ત્રીસ વર્ષના આંતરવિગ્રહથી ઇંગ્લેન્ડ છિન્નભિન્ન થઈ ગયું, અને યુરોપનાં રાજ્યોમાં તેની



**હેનરી ૭મો**

કશી ગણતરી રહી નહિ. આવી નિર્બળ દશાનો લાભ લઈ ફ્રેન્ચ, સ્કૉટ વગેરે શત્રુઓ કિનારા પાસે આવી લૂંટફાટ કરી જતા, પણ તેમને સજા કરવાની શક્તિ રાજામાં ન હતી. દેશની અંદર પણ આવી અધમ દશા હતી. મદોન્મત્ત જાગીરદારોની સત્તા વધી પડવાથી રાજાની સત્તાને સખત ફટકો લાગ્યો, એટલે રાજ્યવહીવટમાં હરકતો ઉભી થવા લાગી. આ જાગીરદારો હથિયારબંધ લશ્કર રાખતા, અને રાજાને નમાવી શકતા. દેશના મોટા અમલદારો લાંચીઆ બની અન્યાય કરતા. લૂંટફાટ, મારામારી, અને ખુનરેજી સાધારણ થઈ ગયાં. ધર્મગુરુઓ પતિત, ભ્રષ્ટ, અને દુરાચારી બની ગયા, અને ધર્મોપદેશને વીસરી ભોગવિલાસમાં પડયા, એટલે લોકોમાંથી શ્રદ્ધા જતી

રહી, અને ધર્મનાં તત્ત્વો કરતાં બાહ્યાચાર ઉપર પ્રીતિ વધી. જાદુ, મંત્ર, જંત્ર, ભૂત, પ્રેત, ડાકણ ઇત્યાદિમાં લોકો માનવા લાગ્યા, તે સાથે નૈતિક અધઃપાત થતો ગયો. ત્રીસ વર્ષના વિગ્રહમાં દગોફટકો, જુઠાણું, વિશ્વાસઘાત, કૃતઘ્નતા, અને દુરાચારનો ફેલાવો થઈ ગયો. ચાલુ યુદ્ધોને લીધે દેશમાં દુકાળ અને મરકીના ઉપદ્રવે ઘર ઘાલ્યું. એથી વસ્તી ઘટી ગઈ, સમાજનાં બંધનો શિથિલ થઈ ગયાં, અને અવ્યવસ્થા તથા અંધાધુંધી ફેલાઈ.

**ગાદી ઉપર હેનરીનો હક:** દેશની નૈતિક, માનસિક, ધાર્મિક, અને સામાજિક અધોગતિમાં વ્યવસ્થા આણી પ્રજાને શાન્તિ આપે, એવા રાજાની જરૂર હતી. હેનરી ટયુડર યોગ્ય પુરુષ હતો, એટલે લોકોએ તેને હરખથી આવકાર આપી રાજા તરીકે સ્વીકાર્યો. ઇંગ્લેન્ડની ગાદી ઉપર હેનરીનો હક કેટલો હતો, તે વંશવૃક્ષ[૧] જોતાં સમજાશે.

હેનરીએ લેન્કેસ્ટર વંશના વારસ તરીકે પોતાનો હક રજુ કર્યો. પાર્લમેન્ટે તે હક સ્વીકાર્યો, અને તેને અને તેના વંશજોને ગાદીના હકદાર ઠરાવ્યા. ગાદીએ બેઠા પછી હેનરીએ ઈલિઝાબેથ જોડે લગ્ન કરી સફેદ અને રાતા ગુલાબને એકત્ર કર્યાં, અને પોતાના પ્રતિપક્ષી અર્લ ઑવ્ વૉરિકને કેદમાં નાખ્યો.

બંડ: હેનરીના અમલમાં કેટલાંક બંડ થયાં. લેમ્બર્ટ સિમ્નલ નામનો ઑકસફર્ડનો વેપારી આયર્લેન્ડમાં જઈ કહેવા લાગ્યો, કે હું અર્લ ઑવ્ વૉરિક છું, અને કેદમાંથી નાસી છૂટયો છું. હેનરીએ ખરા વૉરિકને કેદમાંથી બહાર કાઢી રસ્તામાં ફેરવ્યો, તોપણ આયર્લેન્ડના ઘણા લોકો લેમ્બર્ટની વાત સાચી માની તેના પક્ષમાં લડવા તૈયાર થયા. પરંતુ સ્ટોક પાસે આ બળવાખોરોનું

૧. હેનરીનો ગાદી ઉપરનો હક જોવા માટે આ વંશવૃક્ષ ઉપયોગી છે.

યોર્ક વંશ — લેંકેસ્ટર વંશ — વેલ્સ

એડવર્ડ ૪થો | જ્હૉન બૉફોર્ટ | ઓવનટ્યુડર (હેનરી ૫માની વિધવા જોડે પરણ્યો.)

માર્ગરેટ બાફોર્ટ: લગ્ન — એડમંડ ટ્યુડર

ઇલિઝાબેથ. — લગ્ન: હેનરી ટ્યુડર

વાનું લશ્કર હારી ગયું, અને લેમ્બર્ટ કેદ પકડાયો, ઇ. સ. ૧૪૮૭: છતાં રાજાએ દયા દર્શાવી તેને રસોડાના હલકા ચાકરની જગાએ ગોઠવી દીધો.

પરંતુ પર્કિન વૉર્બેક નામના વેશધારી ધૂર્તે રાજાને જંપવા દીધો નહિ. તે માછીમારનો છોકરો હતો, છતાં ઇ. સ. ૧૪૯૨માં તેણે એવી વાત ફેલાવી કે રિચર્ડ ૩જાના સમયમાં ટાવરગઢમાં જે બે રાજકુંવરો મરી ગએલા કહેવાય છે તેમાંનો એક હું છું, એટલે ગાદીનો હક મારો છે. હેનરી આની સાબીતી શી રીતે આપી શકે? વૉર્બકને આયર્લેન્ડ, સ્કૉટલેન્ડ, અને ફ્લાન્ડર્સ તરફથી મદદ મળી. સ્કૉટલેન્ડના રાજાએ તો રાજકુટુંબની એક કન્યા આપી તેનું દરબારમાં સ્વાગત કર્યું. બે વર્ષ પછી કૉર્નવૉલમાં આવી તે રિચર્ડ ૪થા તરીકે જાહેર થયો. અહીં કેટલાક લોકો તેની જોડે ભળ્યા, અને તેમણે લંડન ઉપર સવારી કરી. પરંતુ રાજાનું સૈન્ય આવતું જોઈ વૉર્બેક નાસી ગયો, અને તેના મળતીઆઓ હાર્યા. વૉર્બેકને પકડીને ટાવરમાં પૂરવામાં આવ્યો, પરંતુ ઇ. સ. ૧૪૯૮માં તેના પર નાસી જવાનો આરોપ મૂકી તેને ફાંસી દેવામાં આવી.

**હેનરીની આંતર નીતિ:** હેનરી ગાદીએ આવ્યો ત્યારે અમીરો બળવાન હતા. તેઓ હથિયારબંધ માણસો રાખતા, અને તેમને ખાસ પોશાક અને પોતાનું ચિહ્ન આપતા. આ માણસો માલીક માટે યુદ્ધ કરતા, અને ગરીબ માણસો પર જુલમ ગુજારતા. પરંતુ તેમને અટકાવી શકે તેવી પ્રતાપી સત્તા નહોતી. અદાલતમાં અમીરો હથિયારબંધ માણસો સાથે જઈ ન્યાયાધીશ કે પંચને ધમકાવી મરજીમાં આવે તેવો ન્યાય કરાવતા. ત્રીસ વર્ષના વિગ્રહમાં કેટલાંક અમીર કુટુંબોનો નાશ થયો હતો, છતાં બાકી રહેલા અમીરોને ઠેકાણે આણવાનો હેનરીએ નિશ્ચય કર્યો. તેણે કાયદો કર્યો કે કોઈ પણ અમીરે અમુક સંખ્યા કરતાં વધારે માણસો રાખવાં નહિ, અને તેમને ખાસ પોશાક આપવો નહિ. આ ધારાને "પોશાક અને પુષ્ટિનો ધારો" કહે છે. તેણે ખાસ અદાલત * સ્થાપી તેમાં પોતાના મંત્રીઓને ન્યાયાધીશ તરીકે નીમ્યા, અને તેમને મોટી સત્તા આપી. સામાન્ય અદાલતો જેમાં માથું મારી

* આ અદાલત 'Star Chamber Court' કહેવાઈ; કેમકે રાજમહેલના જે ખંડમાં અદાલત ભરાતી, તેની છતમાં તારાનાં ચીતરામણ હતાં.

ન શકે, તેવા મોટા ગુનાની તપાસ આ અદાલતમાં થતી. તેમાં ન હતું પંચ, કે ન હતી અપીલ; ન્યાયાધીશ જે ફેંસલો આપે તે ખરો. આ અદાલત સ્થાપીને રાજાએ અમીરોની સત્તા તોડવા માંડી.

મધ્ય યુગમાં સત્તાધીશ બનેલા અમીરોના દિવસો ભરાઈ ગયા. તેમના મજબુત કિલ્લા કે ભારે બખ્તરો નકામાં થઈ પડ્યાં. દારૂગોળાની શોધ થઈ હતી, અને રાજા વિના બીજા કોઈથી તે રાખી શકાતો ન હતો. આથી પ્રાચીન યુદ્ધવિદ્યા છેક નકામી થઈ ગઈ. બખ્તરીઆ ઘોડેસવારો કે ધનુર્ધારીઓની સામે રાજાની એક તોપ અને પાયદળ બસ હતાં.

આ જુના અમીરોને હલકા પાડવા હેનરીએ મધ્યમ વર્ગમાંથી કેટલાક નવા અમીરો બનાવ્યા. આ અમીરો રાજાના ઉપકાર નીચે હોવાથી તેના પક્ષમાં રહે એમાં શી નવાઈ? હેનરી પોતાના સલાહકારો અને પ્રધાનોની પસંદગી પણ મધ્યમ વર્ગમાંથી કરતો. જુના અમીરોને આ વાત ગમતી નહોતી, પણ રાજાના ભયને લીધે તેમનાથી કશું થઈ શકતું નહિ.

હેનરીની ઇચ્છા સત્તાધીશ થવાની હતી. નાણાં માટે પાર્લમેન્ટ ઉપર આધાર રાખવો ન પડે, તેટલા માટે તેણે નાણાં મેળવવાની અનેક યુક્તિઓ અજમાવી. 'સ્ટાર ચેમ્બર' અમીરોના ભારે દંડ કર્યે જતી હતી, અને ગરીબો તથા ધનિકો પાસેથી મૉર્ટન પૈસા ઉઘરાવતો હતો. આ પ્રમાણે ધન મળવાથી ૧૩ વર્ષના ગાળામાં હેનરીએ એકજ વાર પાર્લમેન્ટ બોલાવી.

**હેનરીની દેશાંતર નીતિ** : તે સમયે યુરોપમાં હાલના જેવાં રાજ્યો ન હતાં. બ્રિટની અને બર્ગંડી હાલ ફ્રાન્સના પ્રાંતો છે, પણ તે સમયે જુદાં રાજ્યો હતાં. સ્પેનમાં પાંચ રાજ્યો હતાં, જેમાંનાં કેસ્ટાઇલ અને એરેગોન મુખ્ય હતાં. નેધર્લૅન્ડઝ (બેલજીયમ અને હોલેન્ડ) ઑસ્ટ્રિઆની ધુંસરી નીચે હતું, પણ તેના તરફ સ્પેન અને ફ્રાન્સનો ડોળો હતો. આવાં પ્રતાપી રાજ્યો પાડોશમાં હોય, એટલે હેનરીને તેવું પ્રતાપી રાજ્ય બનાવવાની સ્વાભાવિક ઇચ્છા થઈ. પરંતુ યુરોપનાં રાજ્યોમાં ઇંગ્લેન્ડની મહત્તા વધારવા હેનરીથી કોઈની જોડે યુદ્ધમાં ઉતરાય એમ ન હતું; છતાં ફ્રાન્સના રાજાએ બ્રિટનીને કબજે કરવાનો વિચાર કર્યો, ત્યારે તેણે તેની સામે થવાની તૈયારી કરી; કેમકે બ્રિટની ફ્રાન્સના તાબામાં જાય તો ઇંગ્લેન્ડ અને ફ્રાન્સ વચ્ચેનું જુનું વેર

જાગૃત થાય એવો ભય હતો. સ્પેનના રાજાને ફ્રાન્સ બળવાન થાય એ ગમતું ન હતું, એટલે તેણે હેનરીનો પક્ષ લીધો. પરંતુ ફ્રાન્સના રાજાને યુદ્ધમાં ઉતરવાની ખાસ ઇચ્છા ન હતી, એટલે અંગ્રેજ લશ્કર આવતાની સાથે તેણે મોટી રકમ આપી સંધિ કરી. દ્રવ્યલોભી હેનરીને ભાવતું મળી ગયું.

હેનરીની દીર્ઘદૃષ્ટિ તેણે બાંધેલા લગ્નસંબંધોથી જણાય છેઃ તેણે કેસ્ટાઈલ જોડે એરેગોનના ફર્ડીનાન્ડનું, અને ઈસાબેલાની પુત્રી કેથેરાઈન જોડે પોતાના પુત્ર આર્થરનું લગ્ન કરી સ્પેનની મૈત્રી સાધી, અને ફ્રાન્સની પ્રબળ સત્તાથી ઇંગ્લેન્ડનું રક્ષણ કર્યું. જો કે લગ્ન પછી થોડા સમયમાં આર્થર મરણ પામ્યો, પરંતુ ઇંગ્લેન્ડ અને સ્પેન આ સંબંધ જાળવી રાખવા આતુર હતાં, એટલે પોપની ખાસ રજા મેળવી કેથેરાઈનનું લગ્ન હેનરીના બીજા પુત્ર જોડે કરવામાં આવ્યું. તેણે ફ્રાન્સને બીજી રીતે પણ નિર્બળ કર્યું. તેણે પોતાની પુત્રી માર્ગરેટને સ્કૉટલેન્ડના રાજા જેમ્સ ૪થા જોડે પરણાવી ઇંગ્લેન્ડની ઉત્તર સરહદને નિર્ભય કરી, અને ફ્રાન્સના એક મિત્રને મેળવી લીધો.

ઇંગ્લેન્ડના વેપારના રક્ષણ અર્થે પણ હેનરીએ યુરોપી રાજ્યો જોડે સંધિ કરી. આયર્લૅન્ડ યોર્ક વંશ તરફ પક્ષપાત ધરાવતું હોવાથી આરંભમાં ત્યાં બંડખેડા થવા લાગ્યા. હેનરી ઇંગ્લેન્ડની વ્યવસ્થામાં ગુંથાએલો હતો, પરંતુ તેના પ્રતિનિધિ સર એડવર્ડ પૉયનિંગે આયર્લૅન્ડમાં શાન્તિ સ્થાપી. તેણે ઇંગ્લેન્ડના ધારા આયર્લૅન્ડને લાગુ પાડયા, અને ઇંગ્લેન્ડના રાજાની મંજુરી વિના આયરિશ પાર્લમેન્ટ મેળવવી નહિ, કે કોઈ પણ કાયદો પસાર કરવો નહિ એવો ધારો દાખલ કર્યો.

**મરણ અને સ્વભાવ**: ઇ. સ. ૧૫૦૯માં આ પ્રવીણ, રાજનીતિજ્ઞ અને દીર્ઘદર્શી રાજા મરણ પામ્યો. તે પાતળો, એકવડા બાંધાનો, અને બુદ્ધિશાળી હતો; તેની આંખો અને મુખમુદ્રા તેજસ્વી હતાં. તે દૃઢ મનનો અને ચતુર હતો, છતાં ક્રૂરતા, ધનલોભ અને શંકાશીલ સ્વભાવને લીધે લોકપ્રિય થઈ શકયો નહિ. તેણે સત્ત્વહીન થઈ ગએલી રાજસત્તાને પ્રતાપી બનાવી દેશમાં સુવ્યવસ્થા સ્થાપી, અને યુરોપમાં ઇંગ્લેન્ડની પણ મહારાજ્યમાં ગણતરી કરાવવી. તે સાથે નૌકાસૈન્યનો પાયો નાખી ઇંગ્લેન્ડની ભાવી મહત્તાનું

પ્રથમ દર્શન કર્યું. દેશનાં કળાકૌશલ્યને ઉત્તેજન મળે તેવી સંધિ કરી તેણે દેશની સમૃદ્ધિ વધારી. તેણે દેશની ભાવી મહત્તા અને સમૃદ્ધિનો માર્ગ ખુલ્લો કર્યો.

હેનરી મોટો રાજા કહેવાય કે નહિ તે વિવાદગ્રસ્ત છે, પરંતુ તેના શાસન દરમિઆન જગતના ઇતિહાસમાં અસાધારણ બનાવો બન્યા. પશ્ચિમ યુરોપમાંથી મુસલમાનોનો અમલ ઉતરી ગયો, હોકાયંત્રની શોધથી દરિઆઈ સફરને વેગ મળ્યો, અને જગતની ભૂગોળ સંબંધી લોકોના ખ્યાલ બદલાતા ગયા. કોલંબસે અમેરિકાની શોધ કરી, એટલે ભૂમધ્ય સમુદ્રના કિનારા ઉપરનો વેપાર આટલાંટિક મહાસાગર સુધી આગળ વધ્યો. પરદેશોની ચમત્કારિક વાતો સાંભળી યુરોપી લોકોનાં મન ચંચળ અને સાહસિક બન્યાં, અને લોકોમાં જ્ઞાન મેળવવાની જિજ્ઞાસા થવા લાગી. છાપવાની કળાની શોધ થવાથી સમગ્ર યુરોપમાં નવી વિદ્યાનો પ્રસાર વાયુવેગે થવા લાગ્યો. પ્રજાઓમાં જગત, ધર્મ, જ્ઞાન, અધિકાર ઇત્યાદિ માટે નવા વિચાર ઉછળી રહ્યા, અને પ્રેમશૌર્ય-ભક્તિની ભાવના આછી થવા લાગી. સારાંશ કે મધ્ય યુગનાં અંધારાં ઓસરી જઈ નવયુગની ઉષા પ્રગટી. આમાં ઇંગ્લેન્ડનો હિસ્સો થોડો હતો, છતાં સરવાળે વધારે લાભ તેને મળ્યો.

---

## પ્રકરણ ૨જું

### હેનરી ૮મોઃ ઇ. સ. ૧૫૦૯-૧૫૪૭

હેનરી ૭માનો તરુણ પુત્ર હેનરી ૮મો ગાદીએ આવ્યો, ત્યારે બહુ લોકપ્રિય હતો. તેણે એમ્પસન અને ડડલીનો વધ કરાવી લોકપ્રિયતા મેળવી, પણ તેમણે અન્યાયથી મેળવેલાં નાણાં તેણે પાછાં આપ્યાં નહિ. શરૂઆતમાં તેણે બાપ તરફથી મળેલો અઢળક પૈસો રંગરાગ, જલસા, અને મિજબાનીમાં ઉડાવવા માંડ્યો, પણ થોડા વખતમાં મોજમઝા છોડીને તે રાજકારણમાં પડ્યો.

**ફ્રાન્સ અને સ્પેનઃ** તે વખતે સ્પેનનું રાજ્ય સૌથી બળવાન હતું. તેનો રાજા નેધર્લેન્ડઝ ઉપર રાજ્ય કરતો હતો, અને સ્પેનિઆર્ડોએ અમેરિકામાંથી નાણું લાવી દેશને સમૃદ્ધ કર્યો હતો. ફ્રાન્સ તે સમયે ઇટલીનો કેટલોક પ્રદેશ

જીતી લેવાનો પ્રયત્ન કરતું હતું. તે જમાનામાં સર્વ ખ્રિસ્તી રાજ્યોનો અધીશ્વર પોપ ગણાતો. તેને ઇટલીની ચિંતા પેઠી, એટલે તેણે ફ્રાન્સની વિરુદ્ધ સ્પેનના રાજા જોડે સંધિ કરી. યુદ્ધમાં નામના કાઢવાના કોડવાળા હેનરીએ તેમની જોડે મળી જઈ ફ્રાન્સ સામે લડાઈ જાહેર કરી. ઇ. સ. ૧૫૧૩માં સૈન્ય લઈ હેનરી ફ્રાન્સ ગયો, અને તેણે કેલે પાસે ફ્રેન્ચોને હરાવ્યા.[૧]

સામાન્ય રીતે ફ્રાન્સ જોડે યુદ્ધ ચાલે ત્યારે સ્કૉટલેન્ડ ઇંગ્લેન્ડ જોડે લડવા તૈયાર હોય, પણ આ વખતે તેથી ઉલટું બન્યું. સ્કૉટલેન્ડનો રાજા જેમ્સ અંગ્રેજ રાજકુંવરીને પરણ્યો હતો, છતાં ફ્રાન્સની જુની દોસ્તીને વફાદાર રહી તેણે ૩૦,૦૦૦ માણસોના લશ્કર સાથે ઇંગ્લેન્ડ પર હલ્લો કર્યો. પરંતુ જેમ્સ પ્રવીણ સેનાપતિ ન હતો, તેથી ફ્લોડનના મેદાનમાં સ્કૉટલેન્ડના લશ્કરે સખત હાર ખાધી. જેમ્સ અને તેના કેટલાક સરદારો આ યુદ્ધમાં મરાયા. સ્કૉટલેન્ડમાં એક્કે કુટુંબ એવું નહોતું કે જેનું માણસ આ મેદાનમાં મરાયું ન હોય. અંગ્રેજો જીત્યા એટલે સ્કૉટલેન્ડ તરફનો ભય દૂર થયો.[૨]

**વુલ્સી:** ત્યાર પછી હેનરીએ મધ્યસ્થ રહીને કોઈ પણ પક્ષને બળવાન થવા ન દેવો એવી રાજનીતિ સ્વીકારી. આ રાજનીતિનું રહસ્ય સમજાવનાર વુલ્સી નામે પ્રવીણ રાજદ્વારી પુરુષ હતો. વુલ્સી સામાન્ય વર્ગના ધનિકને ત્યાં જન્મ્યો હતો. તેણે ઑકસફર્ડમાં વિદ્યા સંપાદન કરી 'બાલ–સ્નાતક' (Boy Bachelor)નું ઉપનામ મેળવ્યું. પોતાની અસાધારણ શક્તિ અને કાર્યદક્ષતાથી તે ધીમે ધીમે રાજ્યમાં ચડતી પાયરી મેળવતો ગયો. ફ્રાન્સ જોડેના યુદ્ધમાં દર્શાવેલી રાજનીતિથી રાજાની તેના પર અમીદૃષ્ટિ થઈ. તેના પર રાજાની કૃપાનો વરસાદ વરસવા લાગ્યો, અને પંદર વર્ષ સુધી (૧૫૧૪–૧૫૨૯) તે રાજાનો ખાનગી સલાહકાર, મુખ્ય પ્રધાન, અને જમણો હાથ બની રહ્યો. રાજાએ તેને યોર્કનો મુખ્ય ધર્માધ્યક્ષ બનાવ્યો. ઇ. સ. ૧૫૧૫માં

૧. આ લડાઈને 'Battle of Spurs' કહે છે; કારણ કે ફ્રેન્ચ ઘોડેસવારો એટલા તો વિહ્વલ થઈ ગયા, કે ઘોડાને એડી મારી રણક્ષેત્રમાંથી નાસી ગયા.

૨. "The Flowers of the Forest are wede away"થી શરૂ થતું લોકગીત આ ગમગીન પ્રસંગની સ્મૃતિ આપે છે.

પોપે તેને કાર્ડિનલ[1] બનાવી અપ્રતિમ માન આપ્યું. દેશમાં વુલ્સીનો અધિકાર વધી ગયો. રાજ્યખાતું અને ધર્મખાતું બંનેમાં શ્રેષ્ઠ અધિકાર વુલ્સી પાસે આવ્યો. વુલ્સીને પગાર ઉપરાંત ફ્રાન્સ અને સ્પેન તરફથી વર્ષાસન મળતાં. તેનો ઠાઠ રાજવી હતો. વુલ્સીના જીવનમાં બે મહત્ત્વાકાંક્ષા હતીઃ પોતાના રાજાને યુરોપમાં સર્વોપરિ કરવો, અને પોતાને પોપ થવું.

એક તરફ વુલ્સીનો ઉદય થતો હતો, અને બીજી તરફ યુરોપમાં અગત્યના રાજદ્વારી બનાવો બનતા હતા. સ્પેન અને ફ્રાન્સના રાજાઓ મરણ પામ્યા, અને નવા રાજાઓ વચ્ચે તકરાર થવાની તૈયારી હતી. વુલ્સીએ ધાર્યું કે ઇંગ્લેન્ડ કોઈ યુદ્ધમાં ઉતરે, તેના કરતાં તટસ્થ રહીને અથવા નબળી બાજુનો પક્ષ લઈને બીજાં રાજ્યોને બળવાન થવા ન દે, તેમાં તેનું શ્રેય છે. આજ પર્યંત ચાલતી આવેલી ઇંગ્લેન્ડની આ રાજનીતિનું પ્રથમ દર્શન કરનાર વુલ્સી હતો. તેણે જેને વધારે ગરજ હોય તેને મોંઘાસોંઘા થઈને મદદ આપવાનો નિશ્ચય કર્યો. બંને દેશને વુલ્સીની ગરજ હતી અને ઈંગ્લેન્ડની સહાયની જરૂર હતી, એટલે બંને રાજાઓએ તેને પોપ થવામાં મદદ કરવાનાં વચન આપ્યાં; જો કે એ વચન તેમણે કદી પાળ્યાં નહિ; તેઓ સ્વાર્થ સાધવાને માટે વુલ્સીને સાધન રૂપે ગણતા હતા. ઇ. સ. ૧૫૨૦માં વુલ્સીના પ્રયત્નથી ફ્રાન્સ અને ઈંગ્લેન્ડના રાજાઓ કેલે પાસે મળ્યા. અહીં બંને પક્ષે પોતાનો અતુલ વૈભવ દેખાડવાની સ્પર્ધા કરી. ત્યાંના ભપકાથી એ સ્થળનું નામ 'ધી ફીલ્ડ ઑફ ક્લૉથ ઑફ ગોલ્ડ'–The Field of Cloth of Gold–પાડવામાં આવ્યું. બે વર્ષ પછી સ્પેનના રાજા જોડે સંધિ કરી હેનરીએ ફ્રાન્સ ઉપર ચડાઈ કરી, તેમાં તે ફાવ્યો નહિ. થોડાં વર્ષ પછી તેણે જોયું કે સ્પેન વધારે બળવાન થતું જાય છે, એટલે તેણે ફ્રાન્સ જોડે સંધિ કરી. આથી યુરોપમાં સત્તાનું સમતોલપણું રહ્યું; પરંતુ સ્કૉટલેન્ડ તરફથી સરહદ ઉપરના હુમલા બંધ થયા, અને વુલ્સીનું ધાર્યું થયું. આમ ઈંગ્લેન્ડની ગણના મોટાં રાજ્યોમાં થવા લાગી, અને દરેકને તેની સહાયની ગરજ પડવા લાગી.

---

૧. પોપ કરતાં બીજા દરજ્જાનો ધર્માધિકારી 'કાર્ડિનલ' કહેવાય છે. એ કીરમજી રંગનો ઝબ્બો અને ટોપી પહેરે છે.

**વુલ્સીની આંતર નીતિઃ** દેશાંતર નીતિમાં વુલ્સીનો ઘણો સમય જતો, છતાં તેણે દેશની બાબતો ઉપર પણ ધ્યાન આપ્યું. તે માનતો હતો કે બહારની મોટાઈ મેળવ્યાથી અને વેપાર વધાર્યાથી ઈંગ્લેન્ડની ઉન્નતિ થશે. તેના મનોરથ મોટા હતા, છતાં દેશની અંદરની બાબતોમાં તે થોડું કરી શક્યો. તેણે ન્યાયખાતામાં કેટલાક સુધારા કર્યા. તેને ધર્માલયોમાં સુધારા કરવાની જરૂર લાગતી. તેણે પાદરીઓને પદ્ધતિસર કામ કરવાની ફરજ પાડી. તેણે તેમની પાસેથી પૈસો પડાવી લીધો, અને તેમના ગેરવાજબી હકો પાછા ખેંચી લીધા. તેણે કેટલાક મઠો બંધ કરી તેના દ્રવ્યનો દેશની વિદ્યા વધારવામાં ઉપયોગ કર્યો. તે વિદ્યારસિક પંડિત હતો અને નવી વિદ્યાનો હિમાયતી હતો, એટલે તેણે ઑક્સફર્ડ અને ઇપ્સીચમાં વિદ્યાલયો સ્થાપ્યાં. ઈંગ્લેન્ડની ભૌગોલિક સ્થિતિ જોતાં પરદેશી દુશ્મનોથી રક્ષણ કરવા નૌકાસૈન્ય જરૂરનું છે, એવું તેણે રાજાને સમજાવ્યું. આથી હેનરીના અમલમાં ૪૬ આરમારો બંધાઈ; આજનાં લડાયક વહાણો કરતાં તે વહાણો નાનાં છતાં ઘણાં ઉપયોગી હતાં.

**વુલ્સીનું પતનઃ** હેનરી પોતાની ભાભી કેથેરાઇન જોડે પોતાના પિતાની ઇચ્છાથી પરણ્યો હતો, અને તે વખતે પોપની ખાસ રજા મેળવવામાં આવી હતી. કેથેરાઇન સાજીમાંદી રહેતી, અને મેરી નામની પુત્રી સિવાય તેનાં બીજાં સંતાન મરી ગયાં. રાજાને પુત્રની પ્રબળ ઇચ્છા હતી, પણ કેથેરાઇનને પુત્ર થતો ન હતો. એથી રાજાએ માન્યું હોય કે આ લગ્ન શાપિત[1] હોવાથી ઈશ્વર તેના પર રૂઠ્યો છે. તે કેથેરાઇનની સખી એન બોલીન નામની લાવણ્યવતી નવયૌવનાના મોહમાં સપડાયો હતો, તેથી રાજાએ રાણીના છૂટાછેડા કરવાનો નિશ્ચય કર્યો, અને તેમ કરવા માટે પોપની રજા માગી. પોપ શું કરે? જે લગ્ન કરવાની રજા તેના પૂર્વાધિકારીએ આપેલી, તે રદ કરવાની રજા આપે તો તેની પ્રતિષ્ઠા કેટલી રહે? વળી સ્પેનનો રાજા કેથેરાઇનનો ભત્રીજો થતો હતો, અને તેને છેડવાની પોપની મરજી કે શક્તિ ન હતી. એથી તેણે પોતાની આફત દૂર કરવા વુલ્સી અને એક પ્રતિનિધિના પંચને નિર્ણય કરવાનું સોંપ્યું. આ બન્નેએ વિલંબ કરીને એ કામ પોપ પાસે

૧. ખ્રિસ્તી લોકોમાં સાળી કે ભોજાઈ જોડેનું લગ્ન નિષિદ્ધ ગણાય છે.

મોકલી દીધું. સ્પેનના રાજાના દાસ જેવો પોપ શો નિર્ણય આપશે એ સ્પષ્ટ હતું. હેનરીએ પોતાનો રોષ વુલ્સી ઉપર ઠાલવ્યો. હવે તેને વુલ્સીની ગરજ ન હતી, અને ઉમરાવો તેને આડખીલી માનતા હતા. પ્રજા પણ ભારે કર માટે વુલ્સીને જવાબદાર લેખતી હતી, અને પાદરીઓ ધર્માલયોમાં કરેલા સુધારા માટે વુલ્સીને ધિક્કારતા હતા. આમ વુલ્સીના મિત્રો થોડા અને શત્રુઓ ઘણા એવી સ્થિતિ હતી. જે રાજાની કૃપા પર મુસ્તકીમ રહીને કોઈની પરવા કર્યા વિના વુલ્સીએ બીનહરીફ રાજ્ય ચલાવ્યું, તેજ રાજા હવે વીફરી બેઠો. પોપ જોડે સંબંધ રાખવાની રાજાની મના હતી, છતાં વુલ્સી પોપનો પ્રતિનિધિ થયો, એટલે રાજાની આજ્ઞાનો ભંગ કરવાનો આરોપ મૂકી તેને અધિકાર પરથી ઉતારવામાં આવ્યો. તેનાં માલમિલ્કત જપ્ત કરવામાં આવ્યાં, અને તેને યોર્ક જવાની રજા આપવામાં આવી; પણ તેના શત્રુઓ એટલેથી સંતોષ પામ્યા નહિ. બીજે વર્ષે તેને રાજદ્રોહના



હેનરી ૮મો.

આરોપસર પકડવામાં આવ્યો; પણ લંડન આવતાં રસ્તામાં તે માંદો પડ્યો. લીસ્ટરના મઠમાં આવીને આ ભગ્નહૃદય અને હતાશ પુરુષે મહંતને કહ્યું, "હું મારાં હાડકાં નાખવા અહીં આવ્યો છું." મરતી વખતે તેના છેલ્લા શબ્દો એવા હતા કે "જેવી એક નિષ્ઠાથી મેં મારા રાજાની સેવા કરી છે, તેવી એક નિષ્ઠાથી જો મેં ઈશ્વરની સેવા કરી હોત, તો આ વૃદ્ધાવસ્થામાં[1] તે

૧. O father abbot,
An old man broken down with storms of state,
Is come to lay his weary bones amongst ye;
Give him a little earth for charity. [*Shakespeare*]

મને તરછોડત નહિ." આમ અજાણતાં વુલ્સીએ ભીષણ સત્ય ઉચ્ચાર્યું હતું. ઈંગ્લેન્ડ, તેની સંસ્થાઓ, તેનું સ્વાતંત્ર્ય એ સર્વને વીસરી જઈ પાર્લમેન્ટને ઠોકરે મારી વુલ્સી રાજ્યભક્ત મટી રાજભક્ત બન્યો હતો, અને ટયુડરોથી નિરંકુશ સત્તાનો રસ્તો મોકળો કરી ગયો હતો; છતાં તે જમાનાનો એ મહાપુરુષ હતો એ નિર્વિવાદ છે.

**છ રાણીઓ:** કેથેરાઈનથી હેનરી કેવી રીતે છુટો થયો, તે ધર્મોદ્ધારના પ્રકરણમાં કહેવામાં આવશે. કેથેરાઈનને કાઢી મૂકયા પછી રાજા એન બોલીનને પરણ્યો, પણ તેના ઉપર વ્યભિચારનો આરોપ મૂકી તેણે તેનો વધ કરાવ્યો. પછી તે જેન સીમુરને પરણ્યો. તે એક પુત્રને જન્મ આપી મરણ પામી. તેના પ્રધાન ટોમસ ક્રોમ્વેલે રાજદ્વારી કારણોસર જર્મન ઠાકોરની કુંવરી એન જોડે રાજાનાં લગ્ન કરાવ્યાં. બિચારી એન રૂપહીન અને ગમાર હતી, એટલે રાજાએ તેને તલાક આપી અને ક્રોમ્વેલનો વધ કરાવ્યો. ત્યાર પછી તેણે કેથેરાઈન હાવર્ડ જોડે લગ્ન કર્યું, પણ તે દુરાચારિણી છે એમ સાબીત થવાથી તેનો શિરચ્છેદ કરાવ્યો. છેવટે કેથેરાઈન પાર નામની વિધવા જોડે હેનરીનું લગ્ન થયું. રાજાને તેણે રીઝવી લીધો, અને અનેક વખત રાજાના રોષમાંથી બચી જઈને તેના મરણ સુધી તેણે રાણીપદ સાચવી રાખ્યું.

**હેનરીનાં સંતાનો:** હેનરીને મરણસમયે ત્રણ સંતાનો હતાં: પહેલી રાણી કેથેરાઈનની પુત્રી મેરી, બીજી રાણી એન બોલીનથી થએલી ઇલિઝાબેથ, અને ત્રીજી રાણી જેન સીમુરથી થએલો પુત્ર એડવર્ડ. પહેલાં તો રાજાએ બંને પુત્રીઓને ગેરકાયદેસર ઠરાવી પાર્લમેન્ટ પાસે ગાદીના હકથી બાતલ કરાવી હતી, પરંતુ પાછળથી એ પણ રદ કરાવી એવું ઠરાવ્યું કે હેનરી પછી એડવર્ડ ગાદીએ આવે, તેને સંતાન ન હોય તો મેરીને ગાદી મળે, અને મેરી નાવારસ હોય તો ઇલિઝાબેથ ગાદીએ આવે; વળી તે પણ સંતતિ વિનાની હોય, તો પોતાની બેન મેરીના વંશજોને ગાદી મળે. હેનરીની બેન પહેલાં ફ્રાન્સના રાજાને પરણી હતી, પરંતુ વિધવા થવાથી ઇંગ્લેન્ડના એક ઉમરાવ જોડે તેણે પુનર્લગ્ન કર્યું હતું; તેને લેડી જેન ગ્રે નામની એક વિદુષી પુત્રી હતી.

**મરણ:** રાજાની ઉંમર ૫૬ વર્ષની હતી, પણ તે ક્યારનોએ વૃદ્ધ બની ગયો હતો. છેલ્લાં પાંચ વર્ષોમાં તેનું શરીર અનેક રોગોનું ઘર થઈ પડ્યું હતું, અને જાડું તથા બેડોળ થઈ ગયું હતું. મૂળથી તેનો સ્વભાવ જલદ હતો, તેમાં વળી તે ચીડીઓ થઈ ગયો. ઇ. સ. ૧૫૪૭ના જાન્યુઆરિની ૨૮મી તારીખે હેનરી મરણ પામ્યો.

હેનરીના મરણસમયે દેશમાં ધાર્મિક, સામાજિક, રાજદ્વારી, કે કોઈ બીજી એવી સત્તા ન હતી, કે જે તેના તાબામાં ન હોય; રાજ્યતંત્રનાં તમામ અંગો તેની ઇચ્છા પ્રમાણે ચાલતાં. પોતાના પ્રધાનો, મિત્રો, કે બીજું કોઈ હેનરીની આડે આવે, તો તેનું નિકંદન કાઢવામાં તેને હરકત નડતી નહિ. તેને નિરંકુશ સત્તા જોઈતી હતી. તેને માટે કહેવાય છે, કે "He was the king, the whole king, and nothing but the king." છતાં તે જાલીમ ન હતો. તેણે હંમેશાં પ્રજાહિતનું રક્ષણ કરવાની કાળજી રાખી હતી. લોકમતને તેણે ઠોકર મારી હશે, પરંતુ વખત આવતાં તેને અનુકૂળ થઈ જતાં આવડતું હતું, એટલે પ્રજામાં તે પ્રિય થઈ પડતો. તેણે દેશમાં ધાર્મિક સ્વાતંત્ર્ય મેળવ્યું, વેપારને ઉત્તેજન આપ્યું, અને પ્રજાની સમૃદ્ધિને પોષી. તે ઉન્મત્ત ઉમરાવો પ્રત્યે ક્રૂર રીતે વર્તતો, અને તેમની પ્રતિષ્ઠા ઘટાડતો. પોતાના અમલમાં તેણે કોઈ પણ મોટી જગા ઉમરાવને આપી નહોતી. તે હંમેશાં મધ્યમ વર્ગમાંથીજ પોતાના પ્રધાનો પસંદ કરતો.

---

# પ્રકરણ ૩જું

## એડવર્ડ ૬ઠ્ઠો: ઇ. સ. ૧૫૪૭–૫૩

## મેરી: ઇ. સ. ૧૫૫૩–૫૮

**સમરસેટનો કારભાર:** હેનરી ૮માના મરણસમયે એડવર્ડનું વય દશેક વર્ષનું હોવાથી રાજ્યવહીવટ ચલાવવા માટે તેણે એક સમિતિ નીમી હતી. એ યુગ ધાર્મિક કલહનો હોવાથી તેણે એ સમિતિમાં દરેક પક્ષના માણસો નીમ્યા હતા, પરંતુ થોડા વખતમાં બાળરાજાનો મામો ડ્યૂક ઑવ્ સમરસેટ

રાજ્યરક્ષક નિમાયો. તે ધાર્મિક બાબતોમાં સુધરેલા વિચારનો અને ઉત્સાહી હતો, અને ગરીબોનો બેલી હતો. પરંતુ તે ઉતાવળીઓ, અવિચારી, અને રાજ્યલોભી હોવાથી પોતાની કારકીર્દિ સફળ કરી શકયો નહિ. તેણે સ્કૉટલેન્ડની કુંવરી મેરીનું લગ્ન એડવર્ડની જોડે કરવાની પેરવી કરવા માંડી. આ ગોઠવણ સીધી રીતે પાર નહિ ઉતરે એમ લાગવાથી તેણે સ્કૉટલેન્ડ પર ચડાઈ કરી, અને પિન્કાઈની ખુનખાર લડાઈમાં સ્કૉટ લોકોને સખત હાર ખવડાવી. પરંતુ એથી ધારેલું પરિણામ આવ્યું નહિ; કેમકે મેરીને ફ્રાન્સ મોકલીને તેનું લગ્ન ફ્રાન્સના યુવરાજ જોડે કરવામાં આવ્યું.

બંડ: આખા દેશમાંથી મઠો બંધ કરીને સાધુસંતોને રજા આપવામાં આવી હતી. હવે ગરીબોને દુઃખમાં મદદ કરનાર કોઈ ન હતું. મંદવાડમાં માવજત ઉઠાવનાર કોઈ ન રહ્યું, કે બાળકોને ભણાવનાર પણ કોઈ ન રહ્યું.

હેનરી ૮માએ હલકી ધાતુના સિક્કા પાડવાનું શરૂ કર્યું હતું, તે સમરસેટે ચાલુ રાખ્યું. એથી ભાવમાં વારંવાર વધઘટ થતાં પ્રજામાં અસંતોષ ફેલાયો. અધુરામાં પૂરૂં દેશમાં ભયંકર રોગ ફાટી નીકળ્યો, એટલે ધાર્મિક, સામાજિક, અને આર્થિક અસંતોષથી દુભાએલા લોકોએ ખુલ્લો બળવો જગાડયો. જો કે પરદેશી ભાડુતી લશ્કરની મદદથી બળવો બેસાડી દેવામાં આવ્યો, અને લોકોના આગેવાનોને ફાંસીએ ચડાવવામાં આવ્યા, પરંતુ સમરસેટનો સૂર્ય અસ્ત પામ્યો. રાજમંડપમાં સડો પેઠો હતો, અને અમીરો તેને ધિક્કારતા હતા. તેણે સ્કૉટલેન્ડ અને ફ્રાન્સ જોડે વેર બાંધ્યું, અને ધાર્મિક સુધારા દાખલ કરીને પાદરીઓની ખફગી વહોરી લીધી. રાજ્યમાં દેવું થઈ ગયું, અને ગરીબોનાં દુઃખ વધ્યાં; એટલામાં રાજદ્રોહના કારણસર તેણે પોતાના ભાઈનો વધ કરાવ્યો. પરિણામે સમરસેટને અણધાર્યો કેદ કરવામાં આવ્યો, અને ફાંસીએ ચડાવવામાં આવ્યો, ઇ. સ. ૧૫૫૨. હવે સર્વ સત્તા રાજ્યરક્ષક અર્લ ઑવ્ વૉરિકના હાથમાં આવી. તેણે ડયૂક ઑવ્ નોર્થબર્લેન્ડ નામ ધારણ કર્યું. તે ક્રૂર અને સ્વાર્થી હતો. તેનો અમલ સમરસેટ કરતાંએ ખરાબ નીવડયો.

અંતઃ એડવર્ડ બુદ્ધિશાળી, ચતુર, અને ભલો હતો. તેની તબીયત મૂળથી નરમ રહેતી, અને પંદર વર્ષનો થતાં ક્ષયનાં ચિહ્નો જણાવા લાગ્યાં.

રાજાના મરણ પછી પોતાની સત્તાનો અંત ન આવે તે માટે નોર્ધંબર્લેન્ડનો ડ્યૂક તજવીજ કરવા લાગ્યો. તેણે પોતાના પુત્રનું લગ્ન લેડી જેન ગ્રે જોડે કરવાની ખટપટ શરૂ કરી. તેણે એડવર્ડને સમજાવ્યું કે મેરી ગાદીએ આવશે, તો ધાર્મિક સુધારણાનું કાર્ય કથળી જશે. એથી તેણે એડવર્ડ પાસે લખાવી લીધું, કે તેના મરણ બાદ લેડી જેન ગ્રેને ગાદી મળે. આ લખતમાં રાજ્યના આગેવાન પુરુષોની સહી લેવામાં આવી. પછી નોર્ધંબર્લેન્ડના જુવાન અને ફાંકડા પુત્ર જોડે લેડી જેન ગ્રેનનું લગ્ન કરવામાં આવ્યું.

તરુણ રાજા ઇ. સ. ૧૫૫૩ના જુલાઈની ૬ઠ્ઠી તારીખે મરણ પામ્યો. એડવર્ડ વધુ જીવ્યો હોત, તો રાજા તરીકે કેવો નીવડત તે કહી શકાય નહિ; પરંતુ બાલ્યાવસ્થામાં ધર્મ અને કેળવણી માટે તેને અથાગ પ્રેમ હતો. તે રગેરગે ખરો ટ્યુડર અને નિષ્ઠુર હૃદયનો હતો.

**મેરી**: ૧૫૫૩–૧૫૫૮. એડવર્ડના મરણ પછી લેડી જેન ગ્રે ગાદીએ આવી, પણ તે માત્ર નવ દિવસ માટે. લેડી જેન ગ્રે એડવર્ડની ફોઈની પૌત્રી હતી. તે રાંક સ્વભાવની, વિદ્વાન, સુશીલ, ભોળી, અને સુધરેલા વિચારની હતી. તેને રાણી થવાની ઇચ્છા ન હતી, છતાં નોર્ધંબર્લેન્ડે સ્વાર્થ સાધવા માટે તેને ગાદીએ બેસાડી. તેણે એટલો વિચાર ન કર્યો કે લોકોની ઇચ્છા હેનરીની પુત્રી ગાદીએ આવે એવી હશે. મેરીએ ગાદી માટે દાવો કર્યો;



મેરી

એટલે નોર્થંબર્લેન્ડ લશ્કર લઈ તેની સામે ગયો. પરંતુ તે લશ્કર મેરીને મળી ગયું; અને નોર્થંબર્લેન્ડને આંસુભરી આંખે મેરીના નામનો જયઘોષ કરવો પડયો. નવ દિવસનું રાજ્ય ભોગવી લેડી જેન ગ્રે અને તેનો પતિ કારાગૃહમાં પડ્યાં. મેરીએ દયા આણી તેમને જીવતાં રાખ્યાં, પણ પાછળથી ખટપટો ઉભી થઈ; આ સર્વ ખટપટનું મૂળ જેન ગ્રે છે એવું અજુગતું આળ ચડાવીને મેરીએ તે પતિપત્નીનો વધ કરાવ્યો.

મેરી ગાદીએ આવતાં લોકો ખુશી થયા. તેણે અને તેની માતાએ એટલાં દુઃખો ભોગવ્યાં હતાં કે લોકો તેમની દયા ખાતા, અને મેરીને ગાદી મળવી જોઈએ એમ તેઓ માનતા. પાછલાં વર્ષોમાં એટલી બધી ઝડપથી ધર્મસુધારણા કરવામાં આવી હતી, કે સામાન્ય પ્રજાવર્ગ નારાજ થઈ ગયો હતો. લોકો જાણતા હતા કે મેરી એવા સુધારાની વિરુદ્ધ હોવાથી તેના રાજ્યમાં સર્વ દુઃખોનો અંત આવશે.

**ધર્મસુધારો:** પરંતુ પ્રજાની આશા ખોટી પડી. મેરી ચુસ્ત રોમન કેથોલિક હતી, એટલે તેણે ધાર્મિક સુધારા રદ કર્યા, ઈંગ્લેન્ડમાં પોપનું આધિપત્ય સ્થાપ્યું, અને આશરે ત્રણસો માણસોને જીવતાં બાળી મૂક્યાં. તેના આવા ધર્માંધ જુલમથી તેને '**હત્યારી મેરી**'નું ઉપનામ મળ્યું.

**લગ્ન:** મેરીએ ધાર્મિક કાર્ય આગળ ધપાવવા સ્પેનના રાજા ફિલિપ જોડે લગ્ન કરવાનો વિચાર કર્યો. પાર્લમેન્ટને આ વાત ગમી નહિ; કેમકે આ લગ્નથી ઈંગ્લેન્ડ સ્પેનનું ઉપરાજ્ય થઈ જાય, અને દેશમાં સ્પેનના જેવો ધાર્મિક જુલમ ચાલે; પણ મેરીએ પોતાનું ધાર્યું કર્યું. દેશમાં અનેક બંડફિસાદ ઊઠયાં, પણ તેથી કંઈ વળ્યું નહિ. ઉલટું કેટલાક પ્રતિષ્ઠિત માણસોને મારી નાખવામાં આવ્યા, અને દેશમાં જુલમ વધી ગયો. ધર્મને નામે ખૂનામરકી થવા લાગી, દેશમાં દારુણ દુઃખ વર્તી રહ્યું, પ્રજામાં અસંતોષના અંકુર ફૂટી નીકળ્યા, અને મેરીની ધાર્મિક રાજનીતિ નિષ્ફળ નીવડી.

પરંતુ લગ્નથી મેરી સુખી થઈ નહિ. તેનામાં સ્ત્રીના સુકુમાર ગુણો નહોતા, અને ફિલિપ સ્વાર્થી અને અભિમાની હતો. ફિલિપને પોતાથી બાર વર્ષ મોટી સ્ત્રી ગમી નહિ, એટલે એક વર્ષ રહીને તે પોતાને દેશ ચાલ્યો ગયો. ફરીથી એકજ વાર તે આવ્યો, અને તે પણ ઈંગ્લેન્ડને લડાઈમાં ઉતારવા માટે. દરમિઆન ફ્રાન્સ અને સ્પેનને યુદ્ધ થયું. ફિલિપે સ્પેનને મદદ

આપવાનું મેરીને સમજાવ્યું. પરંતુ પાર્લમેન્ટ વિરુદ્ધ પડી; છતાં મેરીએ લશ્કર મોકલ્યું. શરૂઆતમાં ઈંગ્લેન્ડને ફતેહ મળી, પરંતુ અંગ્રેજોના તાબાનું કેલે શહેર ફ્રેન્ચોએ જીતી લીધું. એથી લોકો ગુસ્સે થયા; દરમિયાન ફિલિપ મરણ પામ્યો. વંધ્યત્વના દુઃખથી પિડાએલી મેરીને આ આઘાત અસહ્ય લાગ્યો; તેનું હૃદય ભાંગી ગયું. તેણે કહ્યું કે "મારા મૃત્યુ પછી મારા હૃદયમાં 'ફિલિપ' અને 'કેલે' એ બે શબ્દો કોતરાએલા માલમ પડશે."[૧] મેરીના છેલ્લા દિવસો દુઃખ અને શોકમાં ગયા. ગાદીએ આવતાં જે પ્રજાએ તેને હરખભેર અને ઉમળકાથી આવકાર આપ્યો હતો, તેજ પ્રજા હવે તેને શાપ દેવા લાગી. તે ઇ. સ. ૧૫૫૮માં મરણ પામી. તે ગમે તેટલી ધર્માંધ હતી, છતાં મરતા પહેલાં તેણે પોતાની રાજનીતિની નિષ્ફળતા જોઈ લીધી. મરતી વખતે તેના મનમાં એક ડંખ રહી ગયો, અને તે એ કે જે સ્ત્રીએ પોતાની માતાનું સ્થાન લીધું હતું, તેની પુત્રી * પોતાની પછી ગાદીએ આવી પોતાનું કરેલું સર્વ કાર્ય રદ કરી નાખશે.

---

# પ્રકરણ ૪થું

## ઇલિઝાબેથ

### ઇ. સ. ૧૫૫૮–૧૬૦૩

**ઈંગ્લેન્ડની સ્થિતિ:** ઇલિઝાબેથ ગાદીએ આવી ત્યારે દેશની સ્થિતિ કફોડી હતી. તે ટયુડર વંશની છેલ્લી રાણી હતી. ઇંગ્લેન્ડ અને ફ્રાન્સને લડાઈ ચાલતી હતી, અને કેલે અંગ્રેજોના હાથમાંથી ગયું હતું. દેશમાં ધાર્મિક ઝઘડાઓએ એવું સ્વરૂપ પકડયું હતું, કે બંને પક્ષો વચ્ચે સમાધાનની આશા ન હતી. રાજ્યના ખજાનામાં નાણાં ન હતાં, અને હલકી ધાતુના સિક્કાઓથી વેપારમાં મંદી આવી હતી. ધર્માંધ મેરીએ ગુજારેલા જુલમોથી

---

૧. Women, when I am dead
Open my heart, and you find written
Two names, 'Philip' and 'Calais'. *Tennyson*

* મેરી અને ઇલિઝાબેથ ઓરમાન બેનો હતી.

લોકો ત્રાસી ગયા હતા. પોપનું આધિપત્ય સ્વીકારનાર કેથોલિકો ઇલિઝાબેથને હકદાર વારસ માનવાની ના પાડતા હતા; કેમકે હેનરી ૮માનું એન બોલીન જોડેનું લગ્ન પોપની સંમતિ વિના થયું હતું. કેથોલિક પંથીઓ સ્કૉટલેન્ડની મેરી સ્ટુઅર્ટને ખરી હકદાર ગણતા હતા. મેરી સ્ટુઅર્ટનું લગ્ન એડવર્ડ ૬ઠ્ઠા જોડે કરવાની તજવીજ ચાલી હતી, પણ તે ફ્રાન્સના યુવરાજને પરણી હતી. આ લગ્નસંબંધથી ફ્રાન્સનો રાજા ઇંગ્લેન્ડની ગાદી ઉપર પોતાનો હક સમજવા લાગ્યો, એટલે ઇંગ્લેન્ડ અને ફ્રાન્સને દુશ્મનાવટ થઇ. પોપ અને સ્પેન ઇંગ્લેન્ડનાં વિરોધી બન્યાં; કેમકે ઇલિઝાબેથ કેથોલિક પંથીઓને પત કરે એમ ન હતું. ઇંગ્લેન્ડ પાસે સારૂં લશ્કર કે નૌકાબળ ન હતું, કે પરદેશી હુમલાથી પોતાનું રક્ષણ કરી શકે. એકંદરે મામલો ગંભીર હતો.

**ઇલિઝાબેથનો સ્વભાવઃ** ઇલિઝાબેથને હેનરીના દરબારમાં સારૂં શિક્ષણ મળ્યું હતું. તે ચપળ, બુદ્ધિમતી, વિદ્યારસિક, ઉસ્તાદ ગાયક, અચ્છી ઘોડેસવાર, અને અચૂક નિશાનબાજ હતી. તેનામાં તેના પિતાનો જુસ્સો, નિર્ભયતા, અને આવેશ હતાં, અને તેની માતાની મિઠાશ હતી. ગમે તેવા અણીના પ્રસંગે તે શાંત મનથી વિચાર કરી મુશ્કેલીનો તોડ કાઢી શકતી. તેને સુંદર વસ્તુઓનો મોહ હતો, અને વૈભવ બતાવી સામાને આંજી નાખવાનો શોખ હતો. કોઇ વેળા સુંદર, રંગબેરંગી, ભપકાદાર અમૂલ્ય વસ્ત્રો સજી મોટા રસાલા સાથે નૌકામાં તે વિહાર કરતી, તો કોઇ વેળા દેશમાં પ્રવાસ કરીને પોતાની સત્તા અને વૈભવની છાપ પાડતી. કોઇ વેળા કાબેલ રાજ-



ઇલિઝાબેથ

દારીને ઘડીભર હંફાવે, એવા પ્રપંચ પણ ખેલતી. મિથ્યાભિમાન, ભપકાનો શોખ, અને જુઠું બોલવું એ તેના દોષ હતા, છતાં પરિસ્થિતિને પહોંચી વળવા માટે જોઈતા સર્વ ગુણો તેનામાં હતા. તેને બુદ્ધિના ચમત્કારવાળા વાણીના વિલાસ ગમતા. લોકપ્રિય થવાની તેની હોંસ છેવટ સુધી ટકી રહી. ક્યારે લોકોને ધમકાવીને કામ લેવું, અને ક્યારે તેમની ઇચ્છાને વશ થઈ નમી પડવું, એ તે બરાબર જાણતી. તે કહેતી કે "આ જગતમાં મારી પ્રિય પ્રજાના ચાહ સિવાય બીજી કશી વસ્તુ મને વહાલી નથી." તેનામાં મનુષ્યપરીક્ષાની અજબ શક્તિ હતી. તેણે સર વિલિયમ સેસિલ (લૉર્ડ બર્લે) નામના દેશહિતેચ્છુ અને પ્રમાણિક માણસને પ્રધાન નીમ્યો. વુલ્સીની પેઠે સેસિલ મધ્યમ વર્ગનો હતો, પણ તે ઘણો ચતુર, શાંત, દૂરદર્શી, અને વિચારક માણસ હતો. તેણે ચાલીસ વર્ષ સુધી એક નિષ્ઠાથી દેશની અને રાણીની ઉત્તમ સેવા કરી.

**સ્કૉટ લોકોની રાણી મેરી:** ઇલિઝાબેથને મોટો ભય સ્કૉટલેન્ડની રાણી મેરીનો હતો. મેરી અને તેનો પતિ ફ્રેંચ યુવરાજ પોતાને ઈંગ્લેન્ડની ગાદીનાં હકદાર માનતાં હતાં. સ્કૉટલેન્ડ અને ફ્રાન્સ એક થઈ જાય, તો ઈંગ્લેન્ડને ભારે પડે તેમ હતું. પરંતુ તેટલામાં એક સુયોગ ઉભો થયો. મેરી ફ્રાન્સમાં હોવાથી સ્કૉટલેન્ડમાં તેની મા રાજ્ય કરતી હતી. તે ચુસ્ત કૅથોલિક હતી, અને પ્રજાનો મોટો ભાગ સુધારક પક્ષનો હતો. જ્હૉન નૉક્સ નામના અડીઅલ સુધારકની આગેવાની નીચે લોકો રાણીની સામે થયા, અને તેમણે ઇલિઝાબેથની મદદ માગી. અત્યારે સ્કૉટલેન્ડ અને ઈંગ્લેન્ડને દોસ્તી બાંધવાનો અને ફ્રેન્ચ વગ ઓછી કરવાનો લાગ હતો, એટલે તેણે સુધારકોને મદદ આપી. પરિણામે સુધારકો જીત્યા, અને મેરીને પદભ્રષ્ટ જાહેર કરી. આથી સ્કૉટલેન્ડ અને ફ્રાન્સ વચ્ચેની અઢીસો વર્ષની દોસ્તી તૂટી, અને રણક્ષેત્રમાં સામસામા લડેલા સ્કૉટ અને અંગ્રેજ લોકો પહેલીજ વાર એક બીજાને પડખે રહીને લડયા. ધર્મના બંધનથી હવે સ્કૉટલેન્ડ અને ઈંગ્લેન્ડનો સંબંધ વધ્યો. તેજ વર્ષમાં મેરીનો પતિ મરણ પામ્યો, એટલે તે સ્કૉટલેન્ડ આવી. તે ઇલિઝાબેથ કરતાં દેખાવડી, રૂપાળી, અને તેના જેટલી શક્તિવાળી હતી.

તેની અજબ મોહિની અને શક્તિ જોઈ લોકો તેના પક્ષમાં ભળી ગયા. આટલેથી મેરીએ ઇલિઝાબેથ જોડે ખુલ્લી દુશ્મનાવટ દર્શાવી.

પરંતુ મેરીની લોકપ્રિયતા ઝાઝો વખત ટકી નહિ. તેની મૂર્ખતા અને અભિમાન લોકોને અસહ્ય થઈ પડ્યાં. તેણે લૉર્ડ ડાર્નલી નામના અમીર જોડે લગ્ન કર્યું, પણ આ લગ્ન સુખી નીવડયું નહિ; પતિપત્ની વચ્ચે તકરારો થયા કરતી, અને થોડા સમયમાં ડાર્નલીના દુરાચાર તરફ મેરીને ધિક્કાર ઉત્પન્ન થયો. દરમિઆન રિઝીયો નામના મેરીના મંત્રીને કેટલાક ઉમરાવોએ મારી નાખ્યો. ડાર્નલીનો આ ખૂનમાં હાથ છે એવો મેરીને વહેમ પડયો, એટલે તેનું વેર લેવા તેની ઉશ્કેરણીથી કેટલાક અમીરોએ ડાર્નલીનું ખૂન કર્યું. ત્રણ માસ પછી મેરીએ ડાર્નલીના ખૂની અર્લ ઑવ્ બોથવેલ નામના નિર્દય અને નફટ અમીર જોડે લગ્ન કર્યું. આવા બનાવોથી પ્રજા ત્રાસી ગઈ, અને અમીરોએ બળવો કર્યો. તેમણે મેરીને કેદ કરી, અને તેના બાળપુત્રનો જેમ્સ ૬ઠ્ઠા તરીકે રાજ્યાભિષેક કરીને રાજ્યવહીવટ ચલાવવા માંડયો.

એક વર્ષ કારાવાસ સેવ્યા પછી મેરી યુક્તિથી છટકી ગઈ. તેણે નાનું લશ્કર એકઠું કર્યું, અને ગાદી મેળવવા પ્રયત્ન કર્યો. પરંતુ અમીરોએ મેરીને ગ્લાસગો પાસે સખત હાર ખવડાવી. તેને ઘોડા ઉપર બેસી સરહદ ઓળંગી ઈંગ્લેન્ડમાં નાસી જવું પડયું. ઇલિઝાબેથ હવે ગુંચવણમાં પડી. તેને પ્રશ્ન થઈ પડયો, કે હવે કરવું શું? મેરીને સ્કૉટલેન્ડ મોકલી ગાદી મેળવવામાં મદદ કરે, તો અંગ્રેજો અને સ્કૉટ લોકોની મૈત્રી તૂટે; ફ્રાન્સ જવા દે તો ત્યાં રહીને તે ઈંગ્લેન્ડ વિરુદ્ધ ખટપટ કરે કે તરકટ રચે. અંતે ઇલિઝાબેથને એકજ માર્ગ સૂઝયો, અને તે એ કે મેરીને કેદ કરીને ઈંગ્લેન્ડમાં રાખવી.

પછીનાં ઓગણીસ વર્ષ સુધી મેરીની ખાતર મેરીને નામે અનેક બંડફિસાદ અને તરકટો થવા લાગ્યાં. મેરી કેથોલિક પંથની હતી, અને ઘણા કેથોલિકો ગાદી ઉપર તેનો હક માનતા હતા, એટલે ઇલિઝાબેથને મારી મેરીને ગાદીએ બેસાડવા માટેનાં કાવતરાંમાં કેટલાક અમીરો ભળ્યા: પણ એક કાવતરૂં પકડાયું, એટલે મેરીનું કાસળ કાઢવાનું ઠર્યું. મેરી ઉપર રાજ-દ્રોહના આરોપસર અદાલતમાં કામ ચાલ્યું, અને તેને ફાંસીની સજા થઈ.

ઇલિઝાબેથે કચવાતા મને અને અચકાતા હાથે શિક્ષાના કાગળ ઉપર સહી કર્યા પછી પણ કાગળો પાછા મંગાવ્યા, પણ ફોકટ! ઇ. સ. ૧૫૮૭ના ફેબ્રુઆરિમાં મેરીનો વધ થયો. એ કમનસીબ રાણીના વાળ ચિંતા અને દુઃખથી ધોળા થઈ ગયા હતા; તેને કોઈ મદદ કરનાર ન હતું, છતાં તે શાન્તિથી મરણને શરણ થઈ; પણ ગાદીનો વારસ સ્પેનના રાજા ફિલિપને ઠરાવી તેને વેર લેવાનો સંદેશો આપતી ગઈ. દુર્ભાગી મેરીના વધથી લોકો ખુશી થયા, અને ઇલિઝાબેથ પ્રત્યે લોકોનો ચાહ વધ્યો. હવે ઇલિઝાબેથ ભયમાંથી મુક્ત થઈ. મેરીના પુત્ર જેમ્સને પ્રોટેસ્ટન્ટ શિક્ષકોના હાથ નીચે ઉછેરવામાં આવ્યો.

**ઇલિઝાબેથ અને ફ્રાન્સ:** સ્કૉટલેન્ડ તરફનો ભય જતો રહ્યો, પણ ફ્રાન્સમાં ધાર્મિક ઝગડા ઉભા થવાથી તે પરદેશના મામલામાં ધ્યાન આપી શકે તેમ ન હતું. ઇલિઝાબેથે ફ્રાન્સના અને નેધર્લેન્ડઝના સુધારકોને મદદ કરી ફ્રાન્સને સજ્જ રાખ્યું, એટલે તે તરફનો ભય જતો રહ્યો.

**ઇંગ્લેન્ડ અને સ્પેન:** મેરીના મરણ પછી ઇલિઝાબેથને સ્પેનનો ભય પેઠો. સ્પેનનો રાજા ફિલિપ કેથોલિક પંથનો અડગ અનુયાયી હતો, અને સમગ્ર યુરોપમાં કળે કે બળે કેથોલિક પંથની પુનઃ સ્થાપના કરવાનો તેનો મનસુબો હતો. એથી ઉલટું ઇલિઝાબેથે ફિલિપની સામે ટક્કર ઝીલવા યુરોપના સુધારકોને છુપી રીતે મદદ કરવા માંડી. નેધર્લેન્ડઝના સુધારકો પર કેર વર્તાવી તેમને તાબામાં આણવાને ફિલિપ ખૂબ મહેનત કરતો હતો, પણ ત્યાંના સ્વાતંત્ર્યપ્રેમી લોકો ધર્માંધ રાજાને તાબે થવા ખુશી ન હતા, એટલે તેઓ સ્પેનની સામે થતા. ઇલિઝાબેથ તેમને માણસો અને નાણાંની મદદ આપી સ્પેનની ધુંસરી ફેંકી દેવા ઉશ્કેરતી. આમ ઇંગ્લેન્ડ સ્પેનને આડે આવતું હતું. નવા શોધાએલા અમેરિકા ખંડનાં બંદરોમાં વેપાર કરવાનો હક અમારો એકલાનોજ છે, એવો સ્પેન અને પોર્ટુગલ દાવો રાખતાં હતાં: કેમકે પોપે એ દરિયા ઉપર એમનું આધિપત્ય ઠરાવ્યું હતું; છતાં સુધારક ઇંગ્લેન્ડના સાહસિક વહાણવટીઓ પોપના હુકમની અવગણના કરી દરિયાની સફરે નીકળી પડતા, અને અમેરિકા જોડે વેપાર કરતા. તેમાં ડ્રેક જેવા

તો સ્પેનનાં થાણાં બાળતા કે લૂંટતા. ફિલિપ રાણી પાસે અંગ્રેજ ખલાસીઓ બાબત ફરિયાદ કરી તેમને સજા કરવાનું કહે, ત્યારે રાણી તેમને ઇનામ અને માન આપે. ફિલિપે શરૂઆતમાં કંઈ કર્યું નહિ, પણ પાછળથી તેને સખત પગલાં લેવાની જરૂર લાગી. હવે અંગ્રેજ ખલાસીઓ સ્પેનિઆર્ડોના હાથમાં સપડાય તો તેમને ખૂબ રીબાવવામાં આવતા. અંગ્રેજો પણ વેરનો બદલો વેરથી વાળવા લાગ્યા.

દરમિઆન સ્પેનના અમલથી કંટાળેલા નેધર્લૅન્ડઝના સુધારકોએ બળવો કર્યો, પણ તેમના આગેવાનનું ખૂન થયું. એથી ઇલિઝાબેથને ખુલ્લી રીતે ફિલિપની સામે થવાની તક મળી. તેણે નેધર્લૅન્ડઝના લોકોને માણસો અને નાણાંની મદદ[1] મોકલાવી, ઇ. સ. ૧૫૮૫. અંગ્રેજો સામેના યુદ્ધમાં સ્પેનિઆર્ડોને ખૂબ નુકસાન થયું. વધારામાં ડ્રેકે અમેરિકામાં જઈને સ્પેનને ઘણું નુકસાન પહોંચાડયું. એથી ફિલિપને લાગ્યું કે ઇંગ્લેન્ડને પોતાનો હાથ બતાવવાની જરૂર છે, એટલે છાની દુશ્મનાવટ ઉઘાડી થઈ, અને બંને પક્ષ સાવધ રહેવા લાગ્યા.

**સ્પેનનું નૌકાસૈન્ય:** ફિલિપે મોટી મોટી મનવારો બંધાવી, અને તેમાં અનુભવી તથા શૂરા સિપાઈઓ રોકયા. નિપુણ સેનાપતિ પાર્મા નેધર્લૅન્ડઝમાં હતો, તેને લશ્કર સાથે આવી મળવાનો હુકમ કર્યો. સ્પેનનો કાફલો કેડિઝ બંદરમાં તૈયાર થતો હતો, એટલામાં ડ્રેકે ઓચિંતો છાપો માર્યો, અને આતશબાજી ભરેલાં વહાણો છોડી મૂકયાં. આથી સ્પેનનાં વહાણોને નુકસાન થયું, અને મરામત પાછળ કેટલોક વખત ગયો. ઇ. સ. ૧૫૮૮ના મે માસની આખરે ૧૩૦ મોટાં વહાણો અને ૩૦,૦૦૦ માણસોનું સ્પેનનું નૌકાસૈન્ય પોપનો આશીર્વાદ લઈ ઇંગ્લેન્ડ તરફ ઉપડયું. તેનો સરદાર ડયૂક ઑવ્ મેડિના સિડોનિયા હતો. તેનામાં સેનાપતિ થવાની યોગ્યતા ન હતી; કેમકે કાફલો

---

૧. આ વિગ્રહ દરમિઆન ઝુટફન પાસે પ્રસિદ્ધ લેખક અને યોદ્ધો સર ફિલિપ સિંડની ઘવાઈને પડયો. તેને બહુ તરસ લાગી હતી. પાણીનું પ્યાલું તે મોંએ માંડવા જતો હતો, એટલામાં પાસેના જખમી સિપાઈને આતુર નજરે જોતો તેણે દીઠો. તેની મનોવૃત્તિ કળી જઈને ફિલિપે તેને પાણી આપીને કહ્યું, "મારા કરતાં તારે પાણીની વધારે જરૂર છે!"

કેમ ગોઠવાય તેની તેને ખબર ન હતી, અને પાણી ઉછળતું જોઈ તેનું માથું ચડી આવતું. આ કાફલા સાથે ૩૦૦ સાધુ હતા. ગોઠવણ એવી હતી કે તેઓ કેલે પહોંચે, ત્યારે પાર્મા ૧૭,૦૦૦ ચૂંટી કાઢેલા યોદ્ધાઓ લઈને તેમને મળે. ૨૦મી જુલાઈએ ઈંગ્લેન્ડના કિનારા ઉપરથી દરિયામાં શત્રુઓ દેખાયા, એટલે જાસુસોએ તાપણાં સળગાવી ખબર આપી. પહેલાં પ્રજા આ હુમલાથી ભયભીત થઈ, પણ થોડા વખતમાં લોકોમાં જુસ્સો આવ્યો. ધાર્મિક ભેદ



**સ્પેનિશ વહાણ**

ભૂલી બધા અંગ્રેજો એકઠા મળી પરદેશી શત્રુને હાંકી કાઢવા તૈયાર થયા. ઈંગ્લેન્ડના ૩૪ વહાણના કાફલામાં વેપારીઓએ પોતાનાં ખાનગી વહાણો સામેલ કર્યાં, અને શ્રીમંતોએ મોંમાગ્યાં નાણાં આપ્યાં. અંગ્રેજ કાફલાની સરદારી લૉર્ડ હાવર્ડ નામના કૅથોલિકને આપવામાં આવી. રાણીએ એકઠાં થએલાં માણસો સમક્ષ ભાષણ આપીને કહ્યું, "હું જાણું છું કે મારી કાયા સ્ત્રીની છે, પણ મારી છાતી રાજાની, અને તે પણ ઈંગ્લેન્ડના રાજાની છે."

શરૂઆતમાં સ્પેનિશ કાફલો ખાડીમાં અર્ધ ચંદ્રાકારે દાખલ થઈ આગળ વધવા લાગ્યો, પણ અંગ્રેજો બને તેટલું નુકસાન પહોંચાડવા પાછળ પડયા. સ્પેનિશ વહાણો મોટાં અને જલદી ફરી ન શકે તેવાં હતાં. સાંકડી ખાડી, અજાણ્યો દરિયો, અને વહાણોની સંખ્યાને લીધે સ્પેનિશ વહાણો પરસ્પર અથડાઈ પડયાં અને ગુંચવાઈ ગયાં. અંગ્રેજોનાં નાનાં વહાણો જાણીતા દરિયામાં માછલાંની પેઠે ફરી વળ્યાં. ૭ દહાડા સુધી આમ ચાલ્યું,



**અંગ્રેજ વહાણ**

છતાં સ્પેનનો કાફલો કેલે પહોંચ્યો. અહીં ગોઠવણ પ્રમાણે પાર્મા મળી શક્યો નહિ; કેમકે અંગ્રેજોના મિત્ર વલંદાઓએ તેને ઘેરી રાખ્યો હતો. વળી પાછાં અંગ્રેજોએ આતશબાજી ભરેલાં વહાણો છોડી મૂકયાં, એટલે કેડિઝનો અનુભવ યાદ લાવી સ્પેનિઆર્ડો ગભરાયા. તેમનાં વહાણોની નાસભાગ થવા લાગી. સર્વત્ર ધમસાણ મચી રહ્યું, કંઈ વ્યવસ્થા રહી નહિ, વહાણો પરસ્પર અથડાઈ પડયાં, કેટલાંક બળી ગયાં, કેટલાંક ભાંગી ગયાં, અને

કેટલાંક નાઠાં. અંગ્રેજો તેમની પૂંઠે પડયા, અને દારૂગોળો તથા ખોરાક ખૂટયો ત્યારેજ બંદરમાં પાછા આવ્યા. વધારામાં અંગ્રેજોના હાથમાંથી છટકેલાં વહાણોનો નાશ મહાન્ શક્તિએ કર્યો. સ્પેનિશ કાફલો બ્રિટનની પ્રદક્ષિણા કરી સ્પેન જવા ધારતો હતો, પણ રસ્તામાં જબરૂં તોફાન નડ્યું, અને તેમનાં વહાણો નોર્વે, સ્કૉટલેન્ડ, અને આયર્લૅન્ડના કિનારા ઉપર ભાંગીને ભુકો થઈ ગયાં. ૧૩૦ વહાણોમાંથી ૫૩ વહાણો ભાંગીતૂટી હાલતમાં સ્પેન પહોંચ્યાં. અંગ્રેજોને ખાસ નુકસાન થયું નહિ, છતાં વિજયના ગર્વથી ફુલાઈ ન જતાં ઈલિઝાબેથે એટલુંજ કહ્યું, કે "પ્રભુએ પવન મોકલ્યો, અને સ્પેનનાં વહાણોનો નાશ થયો." ફિલિપે પણ એજ બહાનું બતાવ્યું, પણ પશ્ચિમ યુરોપમાં ફિલિપની સત્તાનો અંત આવ્યો, અને ઈંગ્લેન્ડ સ્પેનના ભયથી મુક્ત થયું.

**ઈંગ્લેન્ડની જીતનાં કારણો:** પરંતુ માત્ર અકસ્માત્થી અંગ્રેજો જીત્યા ન હતા. વિજયનાં બીજાં પણ કારણો હતાં. આ જીતનો જશ સમસ્ત પ્રજાને ઘટે છે. સ્વદેશપ્રેમની ઉન્નત ભાવનાથી પ્રેરાઈ લોકો ધાર્મિક ભેદ ભૂલી જઈ શત્રુઓને હાંકી કાઢવા એકત્ર થઈ ગયા, અને સુધારકોએ કેથોલિક ઉપરીના હાથ નીચે હોંસથી કામ કર્યું. જો કે અંગ્રેજ નૌકાસૈન્ય સંખ્યામાં ઉતરતું હતું, પણ બીજી અનેક રીતે સ્પેનથી ચઢિઆતું હતું. હૉકિન્સ, ડ્રેક, હાવર્ડ, અને ફ્રોબિશર જેવા બહાદુર નાવિકો સ્પેનનો ખજાનો લૂંટી લાવ્યા હતા, તેમનું બળ માપી શકયા હતા, અને તેમનાં વહાણોની અગવડોથી માહીતગાર હતા. સ્પેનના કાફલાનું લશ્કર દરિઆઈ લડાઈમાં કશા ખપનું નહોતું, અને પાર્મા સામેલ થઈ શકયો નહિ ત્યારથી યુદ્ધનું પરિણામ લગભગ નક્કી થઈ ચૂકયું હતું.

**પરિણામ:** ફિલિપ હાર્યો અને સ્પેનનો ભય દૂર થયો. ઈંગ્લેન્ડમાં કેથોલિક સંપ્રદાય દાખલ કરવાના પોપના મનોરથને ફટકો પડયો, અને ધાર્મિક બાબતોમાં ઈંગ્લેન્ડ સ્વતંત્ર બન્યું. સ્પેનના લોકોની દરિયો ખેડવાની શ્રેષ્ઠતા અને દરિઆઈ યુદ્ધની પ્રતિષ્ઠા ઈંગ્લેન્ડે તોડી, અને તેણે સમુદ્ર પરનું વર્ચસ્વ મેળવ્યું.

**આયર્લૅન્ડ:** ૧૫૫૮–૧૫૮૪. હેનરી ૭માએ આયર્લૅન્ડમાં અંગ્રેજી કાયદા લાગુ પાડયા હતા. હેનરી ૮માએ ઇંગ્લેન્ડમાં ધારણ કરેલી ધર્મોદ્ધારની

નીતિ આયર્લૅન્ડમાં દાખલ કરવાનો વિચાર કર્યો હતો, પણ તેનો અમલ કરતા પહેલાં તે મરણ પામ્યો. એડવર્ડ છઠ્ઠાના સમયમાં ઉદ્દામ સુધારકો જોર પર આવ્યા, એટલે તેમણે આયર્લૅન્ડમાં સુધરેલી ધર્મક્રિયા દાખલ કરી. પરંતુ ઝઘડા અને બંડફિસાદને પરિણામે ઈંગ્લૅન્ડને આયર્લૅન્ડમાં આધિપત્ય જાળવવું કઠણ થઈ પડયું. ઇલિઝાબેથ ગાદીએ આવી ત્યારથી બળવાખોર અમીરો અંગ્રેજ લશ્કરને હંફાવતા હતા, તેમાં વળી અંગ્રેજ સુધારકોને આયર્લૅન્ડમાં વસાવવાનો પ્રધાનોએ વિચાર કર્યો, એટલે કૅથોલિક આયરિશ પ્રજા ખળભળી ઊઠી અને બળવા થયા. પોપે અને ફિલિપે આયરિશ પ્રજાને ઉત્તેજિત કરી, પણ ઇલિઝાબેથે સખત હાથે કામ લઈ ઇ. સ. ૧૫૮૪માં બળવાખોરોની જડ ઉખેડી નાખી. પરંતુ પોપ અને કૅથોલિક પંથીઓનાં તરકટ ચાલુ રહેતાં, અને તેઓ ઈંગ્લૅન્ડ સામે અસંતોષ ફેલાવતા. ઇ. સ. ૧૫૯૬માં અર્લ ઑફ્ ઈસેકસને આયર્લૅન્ડ મોકલવામાં આવ્યો, પણ તેણે નજીવી લડાઈઓ લડી શરમ ભરેલી સંધિ કરી. આથી તેનું સ્થાન બીજાને આપવામાં આવ્યું. ત્રણ વર્ષની સતત મહેનત પછી આયર્લૅન્ડમાં શાંતિ સ્થપાઈ.

**છેલ્લા દિવસો:** જે સમય ધાર્મિક કલહો અને પરદેશી યુદ્ધોનો હતો, તેમાં પણ ઇલિઝાબેથે અને તેના મંત્રીઓએ સામાજિક કલ્યાણનાં કાર્યો કરવાનો અવકાશ મેળવ્યો. વેપારરોજગારના કાયદા કરવામાં આવ્યા, અને નિરાધાર તથા રખડતા ગરીબોને મદદ આપી તેમનો ઉદ્ધાર કરવાનો કાયદો ઘડાયો, ઇ. સ. ૧૬૦૧. હવે રાણી વૃદ્ધ થઈ ગઈ હતી, અને તેના માનીતાઓ, પ્રધાનો, અને સલાહકારો એક પછી એક ખરી પડ્યા, એટલે તેને પણ કંટાળાભર્યું લાગતું. ઊગતા તરુણો જોડે કામ કરવાનું રાણીને ફાવતું ન હતું. તેણે મોજશોખથી આ ગમગીની ભૂલી જવાનો પ્રયત્ન કર્યો, પણ વ્યર્થ. તેનો સ્વભાવ બદલાયો હતો, અને તે અશક્ત થઈ હતી. અર્લ ઑફ્ લીસ્ટરના મરણ પછી તરુણ, સ્વરૂપવાન, અને બુદ્ધિમાન ઈસેકસ પર રાણીની મહેરબાની થઈ. પરંતુ તેણે આયર્લૅન્ડથી આવ્યા પછી ખટપટ કરવા માંડી, એટલે રાણીએ તેને ફાંસીની સજા કરી; જો કે એથી તેના હૃદયને ઘણો આઘાત થયો. રાણીના છેલ્લા દિવસોમાં નિર્જીવ બનેલી પાર્લમેન્ટ ધીમે ધીમે સ્વતંત્ર વલણ અંગીકાર કરવા લાગી. છેલ્લી પાર્લમેન્ટે ઇજારો આપવાની નુકસાનકારક

પદ્ધતિ કાઢી નાંખવાનું વચન આપવાની રાણીને ફરજ પાડી. સ્વતંત્ર વૃત્તિની ઇલિઝાબેથને બીજાની સ્વતંત્રતા ગમતી ન હતી. તેને લાગતું કે હવે તેનું કાર્ય પૂરું થઈ ગયું છે. જે લોકો એક સમયે તેને માટે પ્રાણ પાથરવા તૈયાર હતા, તેઓ હવે તેના પ્રત્યે બેદરકાર થવા લાગ્યા. યુગબળ ફરી ગયું હતું, પણ તેને અનુકૂળ થવાને આ પ્રતાપી રાણી લાયક ન હતી. ધીમે ધીમે રાણીની કાયા ઘસાઈ ગઈ, અને મોજશોખ પરથી તેનું મન ઊઠી ગયું. દિવસમાં અનેક વાર વસ્ત્ર બદલનારી રાણી અઠવાડીઆં સુધી એનાં એજ કપડાં પહેરી બાજુમાં તરવાર રાખીને ભોંય પર પડી રહેતી. પછી તેની બોલવાચાલવાની શક્તિ નાબુદ થઈ. ઇ. સ. ૧૬૦૩ના માર્ચની ૨૪મી તારીખે આ પ્રતાપી રાણી ૪૫ વર્ષનું લાંબું, પ્રતાપી, અને કલ્યાણકર રાજ્ય ભોગવી દેવલોક પામી. મરણશય્યા પર વારસ વિષે તેને પૂછવામાં આવ્યું. સ્કૉટલેન્ડના જેમ્સનું નામ લેવામાં આવ્યું, ત્યારે તે ધીમેથી માથું હલાવી શકી. એક ઘોડેસવાર મારતે ઘોડે આ સમાચાર લઈ સ્કૉટલેન્ડ તરફ રવાના થયો. ઇલિઝાબેથના મૃત્યુથી ટ્યુડર વંશનો અંત આવ્યો.

**ઇલિઝાબેથના સમયનું ઇંગ્લેન્ડ:** ઇલિઝાબેથનો અમલ ઘણી રીતે પ્રતાપી હતો. તેની મધ્યમ માર્ગવાળી રાજનીતિથી ધર્મ સંબંધી ઝઘડા શમી ગયા. પરદેશની ખટપટમાંથી નવરાશ મેળવી રાણીએ દેશનાં કળાકૌશલ્ય અને વેપારને ઉત્તેજન આપ્યું. હવે ઈંગ્લેન્ડનું ઊન ફ્લાન્ડર્સ જતું બંધ થયું, અને દેશમાંજ તેનું વણાટકામ થવા લાગ્યું, સુતર અને રેશમનો વણાટ ચાલુ થયો, અને બીજા ઉદ્યોગોનાં કારખાનાં ઉઘડ્યાં. એથી ભૂમધ્ય સમુદ્રના કિનારાનો વેપાર ઈંગ્લેન્ડમાં ચાલવા લાગ્યો, અને લંડન વેપારનું મોટું મથક થઈ પડ્યું. કોલંબસ અને વાસ્કો-ડી-ગામાએ કરેલી શોધનો લાભ લઈ અંગ્રેજ વહાણવટીઓ સફરે નીકળી પરદેશ જોડે વેપાર કરવા લાગ્યા. અમેરિકાના સોનારૂપાથી દેશની સમૃદ્ધિ વધવા લાગી, ખેતીવાડીમાં સુધારો થયો, અને રોજી વિનાના મજુરોને કામ મળ્યું. રખડેલ માણસોને માટે કામ શોધી આપવામાં આવતું, અને તેમના ગુજરાનનો બંદોબસ્ત કરવામાં આવતો. સમૃદ્ધિની સાથે દેશમાં વૈભવ અને સુખવિલાસ દાખલ થયાં, અને દેશની કળાને પ્રગતિ મળી.

ઇલિઝાબેથની કુશળ રાજનીતિને પરિણામે પરદેશી યુદ્ધોમાં અંગ્રેજો જીત્યા, એટલે તેમની ભીરુતા જતી રહી. ઈંગ્લેન્ડનું નૌકાસૈન્ય વધારવાની હેનરી ૮માએ શરૂ કરેલી નીતિને ઇલિઝાબેથ વળગી રહી. તેણે આપેલા ઉત્તેજનથી જે સૈન્ય તૈયાર થયું તે નાનું હતું, છતાં સ્પેનને હરાવી શકયું. અંગ્રેજ ખલાસીઓમાં સાહસિકતા અને આત્મવિશ્વાસ આવ્યાં. પ્રજામાં નવું લોહી ધબકવા લાગ્યું. વિજય, સાહસિકતા, સમૃદ્ધિ, અને શાન્તિથી દેશના સાહિત્યમાં અજબ ચેતન આવ્યું, અને અંગ્રેજી સાહિત્યમાં નવો યુગ બેઠો. અનેક કવિઓ, નાટયકારો, તત્ત્વજ્ઞાનીઓ અને લેખકોએ દેશમાં નવો ઉલ્લાસ આણી નવી અભિલાષાઓ પ્રકટાવી. આ સર્વની સામટી અસર પ્રજાના સામાજિક જીવન પર થઈ, અને લોકોમાં સ્વાશ્રય, આત્મજ્ઞાન અને સ્વાતંત્ર્યની ભાવના જન્મ પામી.

---

# પ્રકરણ ૫મું

## યુરોપમાં ધર્મોદ્ધાર

**નવી વિદ્યા:** મધ્ય યુગના અંતમાં ઈંગ્લેન્ડમાં ચાલતા ત્રીસ વર્ષના વિગ્રહ વખતે યુરોપના બીજા ભાગમાં ભવિષ્યના ઇતિહાસ પર પ્રબળ છાપ પાડનારા કેટલાક બનાવો બન્યા. મધ્ય એશિઆમાં લડાયક તુર્કો એશિઆ માઈનોર જીતી, ડાર્ડેનલ્સ ઓળંગી ડાન્યુબ નદીના કિનારા પર રહેનારા લોકોની જોડે યુદ્ધમાં ઉતર્યા. સરસ્વતીના મંદિર સમું કોન્સ્ટન્ટિનોપલ ઇ. સ. ૧૪૫૩માં તુર્કોના હાથમાં ગયું, એટલે સેન્ટ સોફિયાનું ખ્રિસ્તી દેવાલય મસ્જિદના રૂપમાં ફેરવાઈ ગયું. પરિણામે ગ્રીક ફિલસુફો અને પંડિતો બીજા દેશોમાં જવા લાગ્યા. તેમને કળારસિક અને વિદ્યાપ્રિય ઇટલીનાં સમૃદ્ધ નગરોમાં આવકાર મળ્યો. અનેક માણસો આ પંડિતોને ચરણે બેસી ગ્રીક સાહિત્ય અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવા લાગ્યા. લોકોમાં જ્ઞાનની પિપાસા વધી ગઈ. બીજી તરફ કોપરનીકસની શોધ સૃષ્ટિનાં રહસ્ય ઉકેલતી હતી. પોર્ટુગીઝ નાવિક વાસ્કો-ડી-ગામાનાં વહાણોએ અજાણ્યા સમુદ્રોમાં સફર કરીને હિંદુસ્તાનના બંદરમાં લંગર નાખ્યું, એટલે પૃથ્વીના કદ અને આકાર સંબંધી જ્ઞાનમાં

ઉથલપાથલ થઈ ગઈ. આમ નવી ભૂમિ, નવા લોક, અને નવા ધર્મના પરિચયમાં આવવાથી યુરોપી પ્રજાની બુદ્ધિ ચંચળ, સાહસિક અને ઉત્તેજિત બની; જાણે કે સમગ્ર યુરોપમાં નવું જોબન આવ્યું.



કેકસ્ટનનું છાપખાનું

મુદ્રણકળાની શોધને લીધે ઇ. સ. ૧૪૭૭માં વિલિયમ કેકસ્ટને ઈંગ્લેન્ડમાં પહેલવહેલું છાપખાનું ઉઘાડયું. વિદ્વાનો અને પાદરીઓને વરેલું જ્ઞાન હવે

સર્વસુલભ થઈ પડયું. લોકો જાતે પુસ્તકો વાંચી વિચારી સ્વતંત્ર અભિપ્રાય દર્શાવવા લાગ્યા. ધાર્મિક ગ્રન્થોનો અભ્યાસ કરીને અનેક વિદ્વાનો ધર્મગુરુઓના કાન પકડાવે તેવા થયા. અમુક માણસ આમ કહે છે માટે તે ખરૂં, એમ માનવાને બદલે મૂળમાં શું છે તેની તપાસ થવા લાગી. પરિણામે જણાયું કે ધર્મગુરુઓ ભ્રષ્ટ થઈ ગયા છે, અને તેમનો ધર્મોપદેશ સશાસ્ત્ર નથી, એટલે ધાર્મિક સુધારા માટે લોકોની ઝંખના વધતી ગઈ.

ઈંગ્લેન્ડમાં પણ નવી વિદ્યાની અસર થઈ. ઈંગ્લેન્ડ, જર્મની, અને નેધર્લેન્ડઝમાં કેટલાક લોકોએ ગ્રીક ભાષામાં લખાએલું બાઈબલ સ્વતંત્ર રીતે વાંચી શકાય એટલા માટે ગ્રીક ભાષાનો અભ્યાસ કર્યો. ઑકસફર્ડ નવા પંડિતોનું ધામ થઈ પડયું. જ્હૉન કૉલેટ, ઈરેસ્મસ, અને ટોમસ મોર બધા પંડિતોના અગ્રેસર હતા. કૉલેટે બાઈબિલની આજ્ઞા પ્રમાણે રહેણીકરણી પર ભાર મૂકયો. ઈરેસ્મસે છટાદાર ભાષામાં ધાર્મિક વહેમો ઉપર કટાક્ષમય અને વિનોદમય લખાણો કરી લોકોની બુદ્ધિને સતેજ અને સાવધ બનાવી. ટોમસ મોરે આદર્શ સમાજની રૂપરેખા દોરી. હેનરી ૮માએ નવા પંડિતોને ઉત્તેજન આપ્યું, પણ તે પરદેશો જોડે ખટપટમાં ઉતર્યો, એટલે કંઈ વધારે કરી શકયો નહિ. વુલ્સીએ જોયું કે ધર્માલયોમાં વેળાસર સુધારા નહિ થાય, તો ધર્મગુરુઓનું આવી બનશે. તે પોપનો પ્રતિનિધિ થયો, અને પોપ થવાની પણ તેને ઉમેદ હતી, પણ પોતાનો ઇરાદો પાર પાડતા પહેલાં તેનો અમલ ઉતરી ગયો. પરંતુ પોપની એકહથ્થુ સત્તાના અંતનો ડંકો વાગી ચૂકયો; એ સત્તાનો વિરોધ કરનાર અને પોપના સાર્વભૌમ અધિકારને ઠોકરે મારનાર જર્મનીમાં જન્મી ચૂકયો હતો. તેનું નામ માર્ટિન લ્યુથર હતું.

**માર્ટિન લ્યુથર:** આ સાધુ પુરુષ ખાણ ખોદનાર ગરીબ માણસનો પુત્ર હતો. તેના પિતાનો વિચાર તેને ધારાશાસ્ત્રી બનાવવાનો હતો, પણ તેનું વલણ ધાર્મિક હોવાથી તે મઠમાં જઈ ધર્મગ્રંથોનો અભ્યાસ કરવા લાગ્યો. વિટેનબર્ગના વિશ્વવિદ્યાલયમાં તે ધર્મશાસ્ત્રનો અધ્યાપક નિમાયો. તેણે બાઈબિલ પર વ્યાખ્યાનો આપી શકાય તે માટે તેનો ઉંડો અભ્યાસ કર્યો. તે એવાં તો સુંદર વ્યાખ્યાનો આપતો, કે પરદેશી વિદ્વાનો તે સાંભળવા

દોડી આવતા. બાઈબલના અભ્યાસથી તેણે જોઈ લીધું, કે શાસ્ત્રના આદેશ અને પોપની આજ્ઞાઓમાં બહુ ફેર છે, અને પોપ તો બાઈબલમાં ન હોય


માર્ટિન લ્યુથર

એવી ઘણી વાતો કર્યે જાય છે. દરમિઆન જર્મનીમાં ક્ષમાપત્રો વેચાવા આવ્યાં, એટલે લ્યુથરનો પિત્તો ઉછળ્યો. તેણે મંદિરોના દરવાજા પર જાહેર-નામાં ચોઢીને આ ક્ષમાપત્રોને શાસ્ત્ર-વિરુદ્ધ જણાવી તેમની નિંદા કરવા માંડી. આથી પોપે લ્યુથરને ધર્મ બહાર કર્યો, પણ લ્યુથરે પોપના ફરમાનને જાહેરમાં બાળી નાખ્યું. પરિણામે દેશમાં ખળભળાટ મચી રહ્યો. લ્યુથર જોડે શાસ્ત્રાર્થ કરવા એક શાસ્ત્રીને મોકલવામાં આવ્યો, પરંતુ તે હાર્યો એટલે લોકમાં લ્યુથરની કીર્તિ વધી. પોપે લ્યુથરને જવાબ દેવા માટે સેક્સનીમાં હાજર થવાનું ફરમાન કાઢ્યું. પોપના ફરમાનને માન આપી લ્યુથર ત્યાં ગયો, અને તેનો વિરોધ કાઢી નાખવામાં આવ્યો, પણ તેની જિંદગી સલામત નહોતી; માત્ર સેકસનીનો ઠાકોર લ્યુથરના પક્ષનો હતો, એટલે તે જીવતો રહ્યો; લ્યુથર રાતોરાત જીવ લઈ નાઠો. ત્યાર પછી તેણે બાઈબલનું જર્મન ભાષામાં ભાષાંતર કર્યું. હવે ધર્મોદ્ધારનું કામ ત્વરિત ગતિએ ચાલવા માંડયું. અનેક માણસો જાતે બાઈબલ વાંચી ખરાખોટાનો નિર્ણય કરી લ્યુથરના પંથમાં ભળવા લાગ્યા. પરંતુ લ્યુથર આટલેથી અટકયો નહિ. તેણે પોપ અને તેની વિધિઓ વિરુદ્ધ તીખી ભાષામાં જુસ્સાદાર લખાણો કરવા માંડયાં. તેણે પોપને ધર્માચાર્ય માનવાની ના પાડી, અને સાધુસાધ્વીઓનાં દુરાચરણની સખત ઝાટકણી કાઢી. જર્મનીના કેટલાક ઠાકોરો તેના પક્ષમાં ભળ્યા. લ્યુથરે સૌને પોકારીને શીખવ્યું, કે શાસ્ત્રો સમજવાનો સૌને હક છે, ઈશ્વરની ભક્તિ કરવામાં કોઈ દલાલની જરૂર નથી, અને બાહ્ય કર્મકાંડ

કરતાં આંતરભક્તિથી ઈશ્વર રીઝે છે. સેંકડો વર્ષોથી ધર્મગુરુઓમાં અંધ શ્રદ્ધા રાખનારા ખ્રિસ્તીઓને આટલો બધો સુધારો કરવાનું શી રીતે રુચે? આથી ખ્રિસ્તીઓમાં બે પક્ષ પડ્યા; (૧) પોપના અનુયાયીઓ: રોમન કેથોલિક, (૨) લ્યુથરના અનુયાયીઓ: પ્રોટેસ્ટન્ટ. જેમણે પ્રાચીન ધર્મ વિરુદ્ધ વાંધો ઉઠાવ્યો, તેઓ વિરોધી–પ્રોટેસ્ટન્ટ (Protestants) કહેવાયા. તેમણે પોપના આદેશ વિરુદ્ધ સુધારા રજુ કર્યા, એટલે તેમને 'સુધારક' કહી શકાય.

આ સમયે સ્વીટઝર્લૅન્ડમાં ઝૂવિંગલી નામનો સુધારક પોપની વિરુદ્ધ થયો. પરંતુ લ્યુથર કરતાં તેનો મત જુદો હતો. તેણે યુક્તિપ્રયુક્તિથી કામ લઈને સંપૂર્ણ સુધારો થતાં સુધી પોપને ખબર પડવા દીધી નહિ. બીજો સુધારક કેલ્વિન ફ્રાન્સથી સ્વીટઝર્લૅન્ડ ગયો. તેણે જીનીવામાં આદર્શ પંથ સ્થાપ્યો. તે ફ્રાન્સમાં આવીને ત્યાંના સુધારકોનો જબરો આગેવાન થઈ પડ્યો. જૉહાન નૉકસ નામનો સુધારક સ્વીટઝર્લૅન્ડમાં કેલ્વિનના હાથ નીચે અભ્યાસ કરી આવ્યો. તે સ્કૉટલેન્ડના સુધારકોનો ઉત્સાહી આગેવાન બન્યો. તેણે મેરી સામે જબરો વિરોધ કર્યો.

આમ યુરોપમાં ચારે તરફ ધર્મોદ્ધારની ભરતી આવી, અને પોપની સત્તાનો અસ્ત થવા બેઠો, એટલે ચતુર પોપ સમયને ઓળખી ધર્મમાં સુધારા કરવા મંડી પડ્યો, અને સુધારેલા કેથોલિક પંથનો પ્રસાર કરવા લાગ્યો. અનેક તરુણો નવા કેથોલિક પંથમાં ભળ્યા. લોયોલા નામના અમીરે આ પંથનો પ્રસાર કરવા એક સમાજ સ્થાપ્યો. તેના અનુયાયીઓ જેસ્યુઈટ કહેવાયા. તેઓ દેશેદેશ ફરી સુધારેલા કેથોલિક પંથનો ઉપદેશ કરવા લાગ્યા. કળથી અને સમજાવટથી જે લોકો આ ધર્મમાં ન ભળે, તેમને બળાત્કારથી આ ધર્મમાં લાવવા માટે 'ઇન્કિવઝિશન' નામની અદાલત સ્થપાઇ. પરંતુ આ જમાનામાં પ્રજાના ધર્મનો આધાર રાજાના ધર્મ ઉપર હતો. રાજા સુધારક હોય, તો પ્રજા પ્રોટેસ્ટંટ ધર્મ પાળે; અને કેથોલિક હોય, તો કેથોલિક પંથને માને. આમ રાજાનો ધર્મ તે પ્રજાનો ધર્મ એમ હતું. પરિણામે અનેક વર્ષો સુધી આ બે પંથ વચ્ચે ધાર્મિક દ્વેષ, સ્પર્ધા, અને કલહ ચાલ્યા કર્યા, અને જે ધર્મના પેગંબરે શત્રુઓને પણ ચાહવાનું ફરમાન કર્યું છે, તેના અનુયાયીઓમાં અંદર અંદર ધર્મને નામે લોહીની નદીઓ વહેવા લાગી.

# પ્રકરણ ૬ઠ્ઠું

## ટ્યુડર સમયમાં ધર્મોદ્ધાર

ઈંગ્લેન્ડમાં ધર્મોદ્ધાર માટે તૈયારી થઈ રહી હતી. લોકોને ધર્મમાં સુધારો કરવાની ઇચ્છા થઈ હતી. તેનાં કારણો નીચે પ્રમાણે હતાં.

૧. દેશમાં માત્ર પાદરીઓ ભણેલા હોવાથી રાજ્યમાં અને ધર્મખાતામાં મોટા હોદ્દા ભોગવતા. વુલ્સી ધર્મોપદેશ કરવાનું ભૂલીને રાજ્યવહીવટમાં ઉચ્ચોપચ્ચો રહ્યો. હવે લોકોને રાજ્યતંત્રમાં ભાગ જોઈતો હતો.

૨. દેશમાં ધર્મગુરુઓનું જોર હોવાથી તેઓ રાજાની સામે થતા, અને પોપની ઇચ્છા હોય તો રાજાની આજ્ઞાનું અપમાન કરવા તૈયાર થતા. તેઓ પૈસાદાર થવાથી વિલાસી જીવન ગાળતા. પાદરીઓ માટે દેશના કાયદાનું બંધન ન હોય, એ અન્યાય લોકોથી ખમાતો ન હતો.

૩. દર વર્ષે પોપને ભારે ખંડણી ભરવી પડતી; તેનાં નાણાં દેશના ખજાનામાંથી જતાં, તે પણ લોકોને ખૂંચતું હતું.

૪. મોટા ધર્માધ્યક્ષો પરદેશથી આવતા, એથી અંગ્રેજોને માઠું લાગતું.

૫. ધર્મમાં ચાલતાં જુઠાણાં અને ઢોંગથી પ્રજા કંટાળી ગઈ. લોકોને આ પ્રકારના ધર્મમાં શ્રદ્ધા ન રહી.

ઈંગ્લેન્ડમાં નવી વિદ્યાની અસર થઈ, પણ ખરો ધર્મોદ્ધાર જર્મનીમાં શરૂ થયો. હેનરી ૮મો કેથોલિક પંથનો હતો. લ્યુથરના એક પુસ્તકનો પ્રત્યુત્તર લખી તેણે પોપની તરફદારી કરી, તેના બદલામાં પોપે તેને 'ધર્મરક્ષક' નો ઇલકાબ આપ્યો. આજ પણ અંગ્રેજી સિક્કા પર Fid. Def. અક્ષરો કોતરેલા માલમ પડે છે. એ અક્ષરો Defender of the Faith માટેનું ટુંકું રૂપ છે. ઈંગ્લેન્ડના રાજાઓ સુધારક–પ્રોટેસ્ટન્ટ હોવા છતાં હજી સુધી એ ઇલ્કાબ રાખી રહ્યા છે.

હેનરીએ સ્વાર્થી મનોવૃત્તિઓ તૃપ્ત કરવા માટે પોપની સત્તાનો વિરોધ કર્યો. હેનરી પોતાની ભાભી જોડે પરણ્યો હતો. રાણીને પુત્ર ન થયો, એટલે તેને તલાક આપવાનો વિચાર કરી પોતાના પ્રધાન વુલ્સીને રસ્તો

કાઢવા કહ્યું. વુલ્સી કશું કરી શકયો નહિ, એટલે તેને બરતરફ કરવામાં આવ્યો. ત્યાર પછી ટોમસ ક્રોમ્વેલના હાથમાં કારભાર આવ્યો. તેણે રાજાને સલાહ આપી, કે દેશનું ધર્માધિપત્ય તમે પોતે રાખો, અને રોમ જોડેનો સંબંધ તોડી નાખો. પછી તેણે એક જુનો ધારો શોધી કાઢી જાહેર કર્યું, કે દેશના રાજ્યવહીવટમાં કોઈ પણ માણસ પોપની સત્તાને આધારે ડખલ કરશે તો તેને રાજદ્રોહી ગણવામાં આવશે. આથી ક્રોમ્વેલે તમામ ધર્મગુરુઓ ઉપર રાજદ્રોહનો આરોપ મૂકી તેમનો સખત દંડ કર્યો. પછી તેણે પાર્લમેન્ટ પાસે કાયદો કરાવીને ઠરાવ્યું, કે ધર્મખાતાનો ઉપરી રાજા છે, અને રાજાની અનુમતિ વિના ધર્મગુરુઓની પરિષદ્થી કોઈ પણ કાયદો રચી શકાશે નહિ. પરિણામે રોમને ભરવામાં આવતી ખંડણી બંધ કરવામાં આવી, અને ત્યાં કોઈ પણ મુકર્દમાની અપીલ કરવાનું નીકળી ગયું. આમ ધર્મગુરુઓના ખાસ હકો એક પછી એક રદ કરવામાં આવ્યા, અને રાજા પોતાની મરજી મુજબ ધર્માધિકારી નીમવા લાગ્યો. જેઓ રાજાનું ધર્માધિપત્ય કબુલ ન કરે, તેમના પર જુલમ થતો. દરમિઆન કેન્ટરબરીના નવા ધર્માધ્યક્ષ ક્રેન્મરે કેથેરાઈન જોડેનું રાજાનું લગ્ન ગેરકાયદેસર ઠરાવ્યું, અને તેને એન બોલીન જોડે પરણવાની જાહેર રજા આપી; જો કે રાજા તો બે માસ પહેલાં તેને ખાનગી રીતે પરણી ચૂકયો હતો. આથી પોપ અને રાજા વચ્ચે તકરાર વધી. આ તો પોપની સત્તા પર કાપ પડે છે, એમ જાણી તે મૂંગે મોઢે બેસી રહ્યો નહિ. તેણે હેનરીને પદભ્રષ્ટ જાહેર કર્યો, અને સ્પેનના રાજાને ઈંગ્લેન્ડ પર ચડાઈ કરવાની આજ્ઞા ફરમાવી. સ્પેનનો રાજા ચાર્લ્સ ચડાઈ કરવા તૈયાર હતો, પણ તેમ કરવાની તેનામાં તાકાત ન હતી. આથી હેનરીએ પાર્લમેન્ટ પાસે ધર્માધિપત્યના કાયદામાં કેટલોક સુધારોવધારો કરાવ્યો, અને પાદરીઓને નવો કાયદો માનવાની ફરજ પાડી, ઇ. સ. ૧૫૩૪.

હેનરી અને ક્રોમ્વેલે પોતાનું આધિપત્ય બેસાડવા માટે ઈંગ્લેન્ડના મઠોની સ્થિતિ તપાસવા પંચ નીમ્યું; કેમકે મઠમાં સાધુઓ પૈસાદાર બની ઉડાઉ જીવન ગાળતા, અને પોપને પોતાનો ઉપરી માનતા. મઠોમાં વ્યવસ્થા, નીતિ, કે સદાચારને સ્થાન ન હતું, એટલે તેમાં સુધારા કરવાની ઘણી

જરૂર હતી. પંચે તપાસ કરી લોહી ઉકળી આવે એવો હેવાલ પ્રકટ કર્યો, એટલે ઇ. સ. ૧૫૩૬માં રાજાએ પાર્લમેન્ટ પાસે કાયદો કરાવીને નાના નાના મઠો બંધ કર્યા. ત્રણ વર્ષ પછી મોટા મઠો બંધ કરવામાં આવ્યા. આમ મઠવાસીઓને કાઢી મૂકી તેમનાં માલમિલ્કત જપ્ત કરવામાં આવ્યાં. આવા મઠોની જમીન રાજાના કેટલાક મિત્રોને આપી દેવામાં આવી, અને તેમાંનાં નાણાં રાજ્યખર્ચમાં, નૌકા બાંધવામાં, શાળાઓ સ્થાપવામાં, કિલ્લા દુરસ્ત કરવામાં, અને બીજાં ધાર્મિક કે લોકહિતનાં કાર્યોમાં વાપરવામાં આવ્યાં.[1]

હેનરીએ બાઇબલના ટિન્ડેલકૃત ભાષાંતરમાં સુધારાવધારા કરાવી દરેક ધર્મસ્થાનમાં લોકોને વાંચવા માટે રાખવાની આજ્ઞા કરી. પરંતુ હેનરી સુધારક ન હતો. લોકો બાઇબલ વાંચી ધર્મની ચર્ચા કરવા લાગ્યા, જુના ધર્મની મશ્કરી કરવા લાગ્યા, અને અનેક વિધિઓની હાંસી કરવા લાગ્યા, એટલે તેણે તે વાંચવાની મના કરી. દેશમાં લ્યુથરનો પંથ જોર પર ન આવી જાય, એટલા માટે તેણે ૭ કલમોનો ધારો પ્રસિદ્ધ કરી દરેકને તે પ્રમાણે વર્તવાની ફરજ પાડી, અને તે ન માને તેને ભારે સજા કરવા માંડી. કેથોલિક પંથીઓ હેનરીને ધર્માધિપતિ માનતા નહોતા, અને પ્રોટેસ્ટન્ટ લોકો ૭ કલમો માન્ય કરતા નહિ, તેથી બન્નેનો સરખો ઘાણ વળવા લાગ્યો. હેનરીનું ધર્માધિપત્ય ન સ્વીકારવા માટે સર ટોમસ મોર અને રોચેસ્ટરના ધર્માધ્યક્ષ જેવા પ્રસિદ્ધ પંડિતોનો વધ કરવામાં આવ્યો.

પરંતુ ઇંગ્લેન્ડમાં ધર્મોદ્ધાર થયો તેનું ખરૂં કારણ ધાર્મિક નહિ પણ રાજદ્વારી હતું. કેથેરાઇનથી છુટા થવાનો હેનરીને માટે એકજ માર્ગ હતો,

---

૧. ક્રોમ્વેલે રાજાનું કામ એક નિષ્ઠાથી કર્યું. પરંતુ પ્રજામાં તે અકારો થઈ પડયો. રાજાના જાસુસો રાતદિવસ ફરતા, અને રાજાનું ભુંડું બોલનારનું આવી બનતું. પ્રજા ત્રાસી ગઈ હતી. મઠો બંધ થયા, એટલે ગરીબોનો આશરો તૂટયો. ધર્મની બાબતમાં આટલા બધા સુધારા થાય એ લોકોને રુચ્યું નહિ. આ સર્વ કારણોથી કેટલેક સ્થળે બંડ ઊઠયાં, તેમાંનું યોર્ક પરગણાનું બંડ 'Pilgrimage of Grace' કહેવાય છે. આ બંડખોરોનો આગેવાન જુવાન વકીલ હતો. રાજાએ તેમની ફરિયાદોની તપાસ કરી યોગ્ય કરવા વચન આપ્યું, એટલે બંડખોરો વીખરાઇ ગયા; પરંતુ રાજાએ વચન પાળ્યું નહિ, અને આગેવાનોને ફાંસી દીધી.

અને તે એ કે પોપથી સ્વતંત્ર થવું. વુલ્સી ધાર્યું કામ ન કરી શક્યો, એટલે તેને વચમાંથી દૂર કરી હેનરી પોતાનો અનુકૂળ પ્રધાન લાવ્યો. લ્યુથરના પક્ષ જોડે હેનરી સંમત ન હતો. તે તો જીવન પર્યંત કેથોલિક પંથનો અનુયાયી રહ્યો. પ્રજામાં પણ ધર્મગુરુઓ અપ્રિય થઈ પડ્યા, અને ધર્મમાં સુધારા થવાની જરૂર હોવા છતાં ધર્મના સિદ્ધાંતોમાં ફેરફાર થાય એવી કોઈની ઇચ્છા ન હતી. ધર્મોદ્ધારની બાબતમાં યુરોપના બીજા દેશો અને ઇંગ્લેન્ડ વચ્ચે આ મોટો ફરક છે. ઇંગ્લેન્ડ સિવાય યુરોપના બીજા દેશોમાં સામાન્ય લોકોથી માંડીને રાજા સુદ્ધાંએ પોકાર ઉઠાવી ધર્મોદ્ધાર કર્યો; પણ ઇંગ્લેન્ડમાં રાજકીય હેતુ પાર પાડવા માટે રાજાએ પોપની સત્તા તોડી, અને ધર્મોદ્ધારને નામે પોતાની સત્તા સ્થાપી તેને વધારે દૃઢ કરી.

એડવર્ડ ૬ઠ્ઠો બાળક હોવાથી ડ્યૂક ઑાવ્ સમરસેટ 'રાજરક્ષક' બન્યો. તે સુધારક હોવાથી ક્રેન્મરના સુધારા દાખલ કરીને તેણે ઇંગ્લેન્ડને પ્રોટેસ્ટન્ટ બનાવી દીધો. તેણે લોલાર્ડ વિરુદ્ધના કાયદા અને ૭ કલમોનો કાયદો રદ કર્યો, અને સર્વને રાજાનું ધર્માધિપત્ય સ્વીકારવાની ફરજ પાડી. જેઓ એ વાત કબુલ ન રાખે, તેમને પકડીને સજા કરવા માંડી. એ સાથે પાદરીઓને લગ્ન કરવાની છૂટ આપી. તેણે મૃતાર્થ પ્રાર્થના બંધ કરી, અને તમામ વહેમી રિવાજો ન માનવાની આજ્ઞા કરી. આ ઉપરાંત જડ, બાહ્ય દેખાવવાળી, અને કર્મકાંડોથી ભરેલી ઉપાસનાવિધિ કાઢી નાખી તેને સ્થાને સરળ અને સર્વ લોકો સમજી શકે તેવી ઉપાસનાવિધિ દાખલ કરી. મંદિરોમાંથી મૂર્તિઓનો નાશ કરવામાં આવ્યો, સંતોનાં ચિત્રો અને અવશેષો ફેંકી દેવામાં આવ્યા, અને બારીબારણાંના કાચ ઉપર બાઈબલના પ્રસંગો ચીતર્યા હતા, તેનો ભાંગીને ભૂકો કરવામાં આવ્યો. અત્યાર સુધી મંદિરોમાં લેટિન ભાષામાં પ્રાર્થના થતી, પરંતુ જૂજ લોકો લેટિન ભાષા સમજતા, તેથી પ્રાર્થના નીરસ અને આડંબર ભરેલી થઈ પડતી. હવે અંગ્રેજીમાં પ્રાર્થના કરવાનું ઠર્યું; અને પ્રાર્થનામાલાની સાર્વજનિક પોથી[1] પ્રગટ કરવામાં આવી.

---

૧. આ પોથી બે વાર પ્રસિદ્ધ થઈ. ઇ. સ. ૧૫૪૯માં જે પોથી પ્રગટ થઈ, તેનો આરંભ હેનરી ૮માના સમયમાં થયો. ઇ. સ. ૧૫૫૨માં પ્રાર્થનાપોથીમાં સુધારાવધારા કરવામાં આવ્યા.

સમરસેટ પછી ડ્યૂક ઑવ્ નોર્ધમ્બર્લૅન્ડ નામનો અમીર 'રાજરક્ષક' થયો. તેણે પણ સુધારાની નીતિ ચાલુ રાખી. પરંતુ તે પૈસાનો લોભી હતો, તેથી ધર્મ સુધારણાને બહાને તેણે કારીગરોનાં મહાજનમંડળોનાં નાણાં પડાવી લીધાં. આ નાણાંમાંથી તેણે કેટલીક શાળાઓ સ્થાપી, જે 'King Edward Grammar Schools' એ નામે ઓળખાવા લાગી.

એડવર્ડના અમલમાં હેનરીએ લૂંટવા માંડેલા મઠોમાંથી જે બાકી રહ્યા હતા, તેને બંધ કરી તેનાં નાણાં શાળાઓની સ્થાપનામાં વાપરવામાં આવ્યાં, અને જમીન, જાગીર વગેરે લાગતાવળગતામાં વહેંચી દેવામાં આવ્યાં.

આવા સુધારાના કાર્યમાં સ્વાભાવિક રીતે મતભેદ હોય; પણ આવો મતભેદ બતાવનાર ઉપર જુલમ કરવામાં આવતો. કેટલાક ધર્માધ્યક્ષો અને પાદરીઓ સામા થયા, પણ તેમને કેદમાં પૂરવામાં આવ્યા. આ સમયે પ્રોટેસ્ટન્ટ ધર્મસમાજનાં મૂળતત્ત્વોની બેતાલીસ કલમો તૈયાર કરવામાં આવી.

આ સુધારાના કામમાં બધી પ્રજા સંમત ન હતી. અનેક વર્ષોથી ચાલતી આવેલી ધાર્મિક માન્યતાઓ અને રૂઢિઓમાં એકદમ ફેરફાર કરવાની ઇચ્છા સામાન્ય માણસોને હોતી નથી. ઉપાસનાવિધિ અને કર્મકાંડમાં રહેલાં આડંબર, ભપકો, અને વૈભવની લોકોના મન પર છાપ પડતી હતી. આને બદલે સાદી વિધિ દાખલ થવાથી સર્વ શુષ્ક લાગવા માંડયું. સુધારા દાખલ કરતી વખતે ચલાવેલા જુલમથી પણ લોકો ત્રાસી ગયા. જો કે સુધારામાં શહેરના લોકોને રસ હતો, પણ અજ્ઞાન ગામડીઆઓને તેવો રસ ન હતો. તેમને તો નવા વિચાર નાસ્તિક લાગ્યા. આથી મેરી ગાદીએ આવી, ત્યારે પ્રજાનો ઘણો ભાગ ખુશી થયો.

કેથેરાઈનની પુત્રી મેરી ચુસ્ત કેથોલિક હતી. ગાદીએ આવતાં તેણે એડવર્ડ ૬ઠ્ઠાના અમલમાં થએલા સુધારાના કાયદા, અને હેનરી ૮માએ કરેલા પોપ વિરુદ્ધના કાયદા રદ કરી કેથોલિક ધર્મની રાજધર્મ તરીકે સ્થાપના કરી. એથી નવી પ્રાર્થનામાલા રદ કરી જુની ઉપાસનાવિધિ દાખલ કરવામાં આવી, અને લેટિન ભાષામાં પ્રાર્થના થવા લાગી. પાદરીઓએ લગ્ન કરવું એ નિષિદ્ધ ગણવામાં આવ્યું, અને જે પાદરીઓ પરણ્યા હતા

તેમને રજા આપવામાં આવી. જુના અમલમાં કેદ થએલા ધર્મગુરુઓને મુક્ત કરવામાં આવ્યા, અને તેમને બદલે લેટિમર, રિડલી અને ક્રેન્મર જેવા અડગ સુધારકોને તુરંગમાં પૂરવામાં આવ્યા. ઇ. સ. ૧૫૫૪માં પોપનું ધર્માધિપત્ય સ્વીકારી તેના પ્રતિનિધિ કાર્ડિનલ પોલને ચરણે ઈંગ્લેન્ડનો ધર્મસમાજ ધરવામાં આવ્યો. પાર્લમેન્ટના સભ્યો તેને નમ્યા, અને ધર્મધુરંધર પોપની સામા થવાનો તેઓએ અક્ષમ્ય અપરાધ કર્યો હતો, તે માટે કાર્ડિનલ પોલે પોપની વતી તેમને ક્ષમા આપી પાપમુક્ત કર્યા. પરંતુ હેનરી અને એડવર્ડના સમયમાં મઠની જે જાગીરો તેમને મળી હતી, તે આપવાની તેમણે સાફ ના પાડી. એ જાગીરો આપીને ક્રેન્મરે ઈંગ્લેન્ડમાં એવો પક્ષ ઉભો કર્યો, કે જે સ્વાર્થ વિચારીને સુધારાનો સાથી બની રહે.

મેરીનું કાર્ય આટલેથી ન અટક્યું. સર્વ સુધારકો દુષ્ટ છે, અને ઈંગ્લેન્ડના લોકોને પોપની ભયંકર ભ્રમણામાંથી બચાવવા એ મારૂં કામ છે, એમ તે પ્રમાણિકપણે માનતી. સૌએ કેથોલિક થવું જોઈએ એવો તેનો મત હતો. તેણે ધીમે ધીમે જુલમ ગુજારવા માંડ્યો. જે લોકો કેથોલિક થવાની ના પાડે, તેમને જીવતા બાળી મૂકવામાં આવતા. કહેવાય છે કે ત્રણ વર્ષમાં ત્રણસો પ્રોટેસ્ટન્ટોને જીવતા બાળી નાખવામાં આવ્યા. પોતાની માતાના છુટાછેડા કરાવનાર, અને સુધારક પંથ ફેલાવવામાં આગેવાનીભર્યો ભાગ લેનાર ક્રેન્મરને એ જીવતો શાનો છોડે? આમ ક્રેન્મર[1],



**થૉમસ ક્રેન્મર**

૧. મોતની વાત સાંભળી પહેલાં તો ક્રેન્મરના હાંજા ગગડી ગયા, અને તેણે કેથોલિક લોકોના લાભમાં કેટલાક કાગળો પર સહી કરી; પણ પાછળથી તેને એ ખોટું લાગ્યું, એટલે તે પસ્તાયો અને બહાદુરીથી મુઓ. મરતી વખતે તેણે જે હાથે સહી કરી હતી, તે ચિતામાં પહેલો ધરી બળી જતા સુધી તે અડગ ઉભો રહ્યો.

લેટિમર, અને રિડલી જેવા બીજા પ્રખ્યાત સુધારકો બળી મુઆ, તે છતાં લોકો પાછા ન હઠયાં, ત્યારે ગરીબ લોકોના નાના સમુદાયને એકસામટો બાળી નાખવામાં આવ્યો; છતાં પરિણામ ધાર્યા કરતાં ઉલટું આવ્યું. કેથોલિક ધર્મ પ્રત્યે લોકોને વધારે અણગમો આવ્યો, અને આખા દેશમાં ધર્માંધ જુલમની સામે પોકાર ઊઠયો. મરતી વખતે લેટિમરે રિડલીને કહેલા શબ્દો—'Be of good cheer, Master Ridley! We shall this day light a candle by God's grace in England as I trust; shall never be put out.'—ખરા પડતા દેખાયા.

ઇલિઝાબેથે ગાદીએ આવી જોઈ લીધું, કે સર્વ મુશ્કેલીઓમાંથી છૂટવા માટે સૌથી પહેલાં પ્રજાને પોતાના પક્ષમાં લેવી જોઈએ, અને દેશમાં ધર્મને નામે ઉભા થએલા પક્ષો વચ્ચે સમાધાન કરવું જોઈએ. તેના ધર્મ સંબંધી વિચારો તેના મંત્રીઓ જાણી શકતા ન હતા. ધર્મની બાબતમાં તે બહુ ચુસ્ત ન હતી, પણ ધર્મમાં સુવ્યવસ્થાની જરૂર છે એમ તે માનતી.

ઇલિઝાબેથથી દેશમાં બીજાનું આધિપત્ય ખમાયું નહિ, એટલે તેણે 'ધર્માધિપત્ય' નો કાયદો પસાર કર્યો, અને મેરીના સમયમાં થએલા કાયદા રદ કર્યા. પરંતુ કેથોલિક પંથીઓ નારાજ ન થાય, તેમજ પોતાની સત્તામાં ઘટાડો ન થાય, એ માટે તેણે કાયદામાં કેટલાક શબ્દોનો ફેરફાર કર્યો. તેણે ધર્મઐક્યનો કાયદો કરી સર્વને પ્રાર્થનાપોથી વાપરવાની આજ્ઞા કરી. પરંતુ તે પ્રાર્થનામાં કેથોલિક લોકોને કેટલુંક ખૂંચે તેવું હતું તે કાઢી નાખવામાં આવ્યું. તેણે ધર્માધ્યક્ષો રાખ્યા, અને કેથોલિક માર્ગની કેટલીક વિધિઓ દાખલ કરી. તેણે પ્રોટેસ્ટન્ટ અને કેથોલિક બંને પક્ષને રાજી રાખવા પ્રયત્ન કર્યો, તેથી તે 'મધ્યમ માર્ગ' કહેવાયો. જે જમાનામાં મતાંતરસહિષ્ણુતા બીલકુલ ન હતી, અને કેથોલિક કે પ્રોટેસ્ટન્ટ પંથીઓ લાગ આવે ત્યારે સામા ધર્મવાળા ઉપર કેર વર્તાવે, તે જમાનામાં રાણીએ દીર્ઘદૃષ્ટિ વાપરી ડહાપણભરેલો રસ્તો કાઢયો. પ્રજાજનો શાંતિ જાળવે, ત્યાં સુધી તેમના પર જુલમ થવાનો સંભવ ન હતો. ઇલિઝાબેથને બહારના દેખાવની જરૂર હતી. અંદરની શ્રદ્ધા હોય કે નહિ, તેની તે પરવા ન કરતી. અલબત, કેટલાક

ચુસ્ત પ્રોટેસ્ટન્ટો માનતા, કે ઇલિઝાબેથે ધર્મોદ્ધારને માટે નહિ જેવું કર્યું છે; અને કેટલાક હડહડતા કેથોલિકો માનતા, કે તેણે વધારા પડતું કર્યું છે; પણ પ્રજાને આ મધ્યમ માર્ગ ગમી ગયો.

આ પ્રમાણે ઇંગ્લેન્ડમાં સ્વતંત્ર ધર્મખાતાની સ્થાપના થતાં પોપનું ધર્માધિપત્ય ગયું, એટલે ઇંગ્લેન્ડનો સમાજ ધાર્મિક વિષયોમાં સ્વતંત્ર બન્યો. એડવર્ડના સમયની ૪૨ કલમોમાંથી ૩૯ કલમો સ્વીકારાઈ. આજ પણ ઇંગ્લેન્ડનો ધર્મસમાજ આ કલમો સ્વીકારે છે.

ધાર્મિક બાબતોમાં રાણી ઉદારચિત્ત હતી, પણ સ્કૉટ લોકોની રાણી મેરીને નામે ચાલતાં રોમન કેથોલિકોનાં તરકટો જાણી રાણીએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું; અને કેથોલિકો પર જુલમ વર્તાવવા માંડયો. પરિણામે જેસ્યુઈટોને દેશનિકાલ કરવામાં આવ્યા. પાર્લમેન્ટે ઇંગ્લેન્ડના ધર્મવહીવટને માન ન આપનાર વિરુદ્ધ સખત કાયદા કર્યા. કેટલાક કહે છે કે મેરીના સમયમાં જેટલા ધાર્મિક જુલમો થયા, તેના કરતાં ઇલિઝાબેથના અમલમાં ઓછા થયા નથી.

**પ્યૂરિટન લોકો**: ઇલિઝાબેથના અમલમાં એક નવો વર્ગ ઉભો થયો. કેટલાક ચુસ્ત ધાર્મિકોને ચાલુ સુધારા કરતાં વધારે સુધારાની જરૂર લાગી. તેઓ 'પ્યૂરિટન'–'સુધારક પંથીઓ' કહેવાયા. તેમની માગણીઓ એ હતી કે (૧) ધર્મમંદિરોનો વહીવટ દીક્ષિતો ( Bishops )ને હસ્તક જોઈએ, (૨) ઇલિઝાબેથે ઉપાસનામાં રાખેલી થોડી ઘણી વિધિ દૂર કરવી જોઈએ, અને (૩) પ્રાર્થનામાલાની પોથીમાં વધારે સુધારા દાખલ કરવા જોઈએ. ઇલિઝાબેથે આ વર્ગ ઉપર સખતાઈ રાખી તેને દાબી દેવાનો પ્રયત્ન કર્યો; પણ તેમની સંખ્યા વધતી ગઈ, અને આગળ જતાં તેમણે મોટાં પરાક્રમો કર્યાં. સારાંશ એ કે—

૧. ઇંગ્લેન્ડમાં ઘણા વખતથી ધર્મસુધારણા કરવાની માગણી ચાલતી હતી; કેમકે ધર્માલયોમાં ચાલતા દુરાચાર અને અવ્યવસ્થાથી લોકો કંટાળ્યા હતા.
૨. નવી વિદ્યા અને મુદ્રણકળાને લીધે લોકોમાં જ્ઞાનનો પ્રચાર થયો. તેઓ બાઈબલ વાંચતા વિચારતા થયા, એટલે ધર્મગુરુઓ અને પોપનાં શાસ્ત્રવિરુદ્ધ કાર્યો જાણી શક્યા.

૩. જર્મન સાધુ લ્યુથર પોપની સામે થયો. તેના અનુયાયીઓ પ્રોટેસ્ટન્ટ—સુધારકો કહેવાયા. પોપના અનુયાયીઓ રોમન કેથોલિક ગણાયા.

૪. ઈંગ્લેન્ડમાં રાજકીય હેતુથી ધર્મોદ્ધાર દાખલ થયો. હેનરી ૮માને રાણી કેથેરાઈન જોડે છુટાછેડા કરવા હતા, એટલે તેણે પોપનું આધિપત્ય કાઢી નાખ્યું: છતાં ધર્મના સિદ્ધાંતોમાં ફેરફાર થયો નહિ.

૫. એડવર્ડ ૬ઠ્ઠાના સમયમાં પ્રોટેસ્ટન્ટ ધર્મનો ફેલાવો થયો, અને પોપની વિરુદ્ધ કાયદા થયા. કેથોલિક માર્ગીઓને કેદમાં પૂરવામાં આવ્યા. હવે ઈંગ્લેન્ડ પ્રોટેસ્ટન્ટ દેશ થયો.

૬. મેરીએ ગાદીએ આવી કેથોલિક ધર્મની ફરી સ્થાપના કરી પોપનું ધર્માધિપત્ય સ્વીકાર્યું. તેણે ધર્મને નામે ઘણા જુલમો કર્યા.

૭. ઈલિઝાબેથે મધ્યમ માર્ગ સ્વીકાર્યો. ઉદ્દામ કેથોલિક અને પ્રોટેસ્ટન્ટ બંને ઉપર તેણે સખતાઈ કરી. પ્રાર્થનાપોથી અને ઉપાસનાવિધિ પ્રોટેસ્ટન્ટ પંથનાં રાખી કેથોલિક લોકોને ખુશી કરવા માટે તેમાં થોડા ફેરફાર કરાવ્યા. તેણે પોપનું ધર્માધિપત્ય કાઢી નાખી સ્વતંત્ર ધર્મખાતું સ્થાપ્યું.

નીચેની તારીખો યાદ રાખો:

ઈ. સ. ૧૪૫૩—તુર્ક લોકોએ કોન્સ્ટન્ટિનોપલ જીત્યું.
,, ૧૪૭૭—કેક્સ્ટને ઈંગ્લેન્ડમાં મુદ્રણકળા દાખલ કરી.
,, ૧૫૧૯—લ્યુથરે ક્ષમાપત્રો વિરુદ્ધ પોકાર ઉઠાવ્યો.
,, ૧૫૨૧—પોપે હેનરીને 'ધર્મરક્ષક' એવો ઈલ્કાબ આપ્યો.
,, ૧૫૩૪—હેનરીએ ધર્માધિપત્ય જાહેર કર્યું.
,, ૧૫૩૬—નાના મઠો બંધ કરવામાં આવ્યા.
,, ૧૫૩૯—હેનરીએ છ કલમોનો કાયદો કર્યો.
,, ૧૫૪૯—ધર્મઐક્યનો કાયદો થયો.

# પ્રકરણ ૭મું

## નવી દુનિયાની શોધ

તુર્ક લોકોએ કોન્સ્ટન્ટિનોપલ જીત્યું, એટલે ત્યાંના પંડિતોને બીજા દેશોમાં જવાની જરૂર પડી. આ પંડિતો જે પુસ્તકો લઈ ગયા, તેમાં પશ્ચિમ યુરોપ સંબંધી જે માહિતી હતી, તેની બીજા લોકોને ખબર ન હતી. એથી લોકોને વધારે જાણવાની અને જોવાની ઇચ્છા થઈ. મધ્ય યુગમાં ચીન, અરબસ્તાન, અને હિંદુસ્તાનથી રેશમ, જવાહીર, અને તેજાના ભરેલાં વહાણો યુરોપમાં આવતાં, તેથી પૂર્વના દેશોની સમૃદ્ધિ વિષે યુરોપમાં અનેક વાતો ચાલતી, અને સાહસિક ખલાસીઓ એ અજબ ભૂમિને નજરે નિહાળવાના મનસુબા કરતા. તેરમા સૈકામાં તુર્ક લોકોની સત્તા પ્રબળ થવાથી એમણે યુરોપ અને પૂર્વના દેશો વચ્ચેના વેપારમાં હરકત કરવા માંડી, એટલે હિંદુસ્તાન અને પૂર્વના દેશો તરફ આવવાનો માર્ગ શોધી કાઢવાની યુરોપના લોકોની ઇચ્છા તીવ્ર બની.

તે સમયે પોર્ટુગીઝ લોકોની ચડતી કળા હતી. તેમની પાસે સારાં વહાણો અને સાહસિક નાવિકો હોવાથી તેમણે અજાણ્યા સાગર ખેડવાની પહેલ કરી. પરંતુ તેમનાં વહાણો નાનાં હોવાથી કિનારા નજીક ચાલતાં, એટલે તેમનાથી લાંબી સફર થઈ શકી નહિ. ઘણાં વર્ષો સુધી તેમના બહાદુર ખલાસીઓએ પ્રયત્ન કર્યા, છતાં બહુ વળ્યું નહિ. પરંતુ ઇ. સ. ૧૪૮૬માં બાર્થોલોમિઓ–ડાયેઝ[1] નામનો વહાણવટી એક ભૂશિર (હાલની કેપ ઑવ્ ગુડ હોપ) સુધી આવી ત્યાંથી પાછો વળ્યો. ડાયેઝને અહીં તોફાનો સહન કરવાં પડયાં, એથી તેણે તેને 'તોફાની ભૂશિર' (Stormy Cape) એવું નામ આપ્યું; પણ અહીંથી હિંદુસ્તાનનો જળમાર્ગ જડવાની આશા બંધાઈ, તેથી પોર્ટુગલના રાજાએ તેને 'કેપ ઑવ્ ગુડ હોપ'નું નામ આપ્યું. બાર વર્ષ પછી વાસ્કો–ડી–ગામાએ આગળ વધીને હિંદુસ્તાનનો જળમાર્ગ

---

૧. આફ્રિકાનો નાતાલ પ્રાંત આ ખલાસીએ શોધ્યો હતો. ઈસુખ્રિસ્તની જન્મતિથિને દિવસે તેની શોધ થવાથી તેનું નામ 'નાતાલ' પાડયું હતું.

શોધી કાઢ્યો, અને તે કાલિકટ બંદરે જઈ પહોંચ્યો. આથી પોર્ટુગલનો વેપાર વધ્યો. લગભગ એક સૈકા સુધી લિસ્બન બંદરેથી સંખ્યાબંધ વહાણો હિંદુસ્તાન જવા ઉપડતાં, અને ખૂબ નાણું અને માલ લઈ આવતાં. લિસ્બન યુરોપનું મુખ્ય બંદર અને વેપારનું મથક બન્યું.

પરંતુ આ રસ્તો લાંબો અને ભયભરેલો હોઈ રસ્તામાં વહાણોને તોફાન નડતાં. એવામાં કેટલાકે એવી ગણતરી કરી કે પૃથ્વી ગોળ હોય તો આટ-લાંટિક મહાસાગર ઓળંગીને હિંદુસ્તાન પહોંચી શકાય. એ રસ્તે અમેરિકા ખંડ હશે, એવો ખ્યાલ કોઈને કયાંથી હોય? યુરોપી લોકો એમ માનતા કે આટલાંટિક મહાસાગર પૂરો થતાં એશિઆ ખંડ આવવો જોઈએ. કેટલાક એમ માનતા કે પાસિફિક મહાસાગર ઓળંગીને હિંદુસ્તાનમાં પહોંચી શકાશે. ઇ. સ. ૧૪૯૨માં કોલંબસે આટલાંટિકને રસ્તે હિંદુસ્તાન જવાનો વિચાર કર્યો. તેના સાહસ માટે સ્પેનનાં રાજારાણીએ તેને મદદ આપી. ત્રણ નાનાં વહાણો, ૧૨૦ ખલાસીઓ, અને એક વર્ષ ચાલે એટલો ખોરાક લઈને તે ઉપડયો. તેનું સાહસ અદ્ભુત હતું. તરેહવાર વાતો ચાલતી કે આટલાંટિકમાં જનારાં વહાણો પાછાં આવતાં નથી, અને તેમનું શું થાય છે તે કોઈ જાણતું નથી; છતાં એ સાહસિક નાવિક અજાણ્યા સાગરની સફરે ચાલ્યો. આટલાંટિકમાં વાતા નૈર્ઋત્ય કોણના પવનથી ધકેલાઈને કોલંબસનાં વહાણો પશ્ચિમ દિશામાં આગળ વધ્યાં. કોલંબસે માન્યું કે આ પવન આપણને હિંદુસ્તાન પહોંચાડશે, પણ તે ખોટું હતું. એથી ખલાસીઓએ બળવો કર્યો, પણ કોલંબસે તેમને શાંત પાડયા. અનેક સંકટો સહન કરીને પાંચ અઠવાડીઆં પછી તેઓ કેટલાક ટાપુઓ પાસે જઈ પહોંચ્યા. કોલંબસે તે ટાપુઓને 'વેસ્ટ ઇન્ડિઝ' એવું નામ આપ્યું. આ શોધના સમાચારથી યુરોપના લોકોમાં ખળભળાટ થયો, અને અનેક કાફલાઓ સફર કરવા તૈયાર થયા.

નવા કાફલાઓમાં ઇંગ્લેન્ડનો એક કાફલો હતો. ઇ. સ. ૧૪૯૭માં જ્હોન કેબટ નામનો વેપારી પાંચ વહાણો લઈને નવા દેશોની શોધ અર્થે નીકળી પડયો. તેનો વિચાર વાયવ્ય કોણને માર્ગે હિંદુસ્તાનમાં પહોંચવાનો હતો. એ રસ્તે જતાં તેણે લાબ્રાડોર અને ન્યુ-ફાઉન્ડ-લેન્ડના ટાપુઓ શોધી

કાઢયા. આ ઉજ્જડ ટાપુઓ જોઈ તેઓ હતાશ થઈ પાછા આવ્યા. ઈંગ્લેન્ડ ત્યાર પછીનાં પચાસ વર્ષ સુધી આ શોધોમાં કશો ભાગ લઈ શકયું નહિ. નવા દેશોની શોધ કરવામાં મુખ્યત્વે કરીને સ્પેન અને પોર્ટુગલના લોકો હતા.

વીસ વર્ષ પછી મેગેલન નામના પોર્ટુગીઝ નાવિકે મોટી સફર કરી. એ સાહસિક પુરુષ આટલાંટિક ઓળંગી બ્રાઝિલ ગયો. ત્યાંથી છેક દક્ષિણે એક સામુદ્રધુનિ પાસે આવ્યો, અને તેને મેગેલનની સામુદ્રધુનિ એવું નામ આપ્યું. આ સામુદ્રધુનિથી આગળ વધીને પાસિફિક મહાસાગરમાં થઈ લગભગ એશિઆના કિનારા પાસે પહોંચી, ત્યાંથી હિંદી મહાસાગર ઓળંગી, કેપ ઑવ્ ગુડ હોપ આગળ થઈને, તેનો કાફલો સ્વદેશ આવ્યો. રસ્તામાં મેગેલન મરણ પામ્યો, પરંતુ આખી પૃથ્વીની સફર કરનારો એ પહેલો કાફલો (ઇ. સ. ૧૫૧૯–૨૨) હતો. આ પ્રદક્ષિણાથી સાબીત થયું, કે પૃથ્વી ગોળ હોવી જોઈએ.

આવી શોધોમાં સ્પેન અને પોર્ટુગલના લોકોનો મુખ્ય ભાગ હતો, એથી તેઓ નવા શોધેલા દેશો ઉપર તેમનો હક માનવા લાગ્યા. તેમણે નવો મુલક વહેંચી લેવાનો પણ ઠરાવ કર્યો. પરંતુ અંગ્રેજો, વલંદા, અને ફ્રેન્ચો નવા દેશોમાં વેપાર કરવા ગયા, એ વાત સ્પેન અને પોર્ટુગલના લોકોને ગમી નહિ. એથી ખલાસીઓને અંદર અંદર તકરારો અને લડાઈઓ થવા લાગી.

યુરોપને નવી દુનિયાની શોધથી બહુ લાભ થયો. મધ્ય યુરોપમાં ભૂમધ્ય સમુદ્ર અગત્યનો હોઈ તેના કિનારા પર આવેલા દેશોનું મહત્ત્વ ઘણું અંકાતું. હવે આટલાંટિક મહાસાગરની અગત્ય વધી, અને તેના કિનારા પર આવેલા ઈંગ્લેન્ડને વિશેષ લાભ થયો.

આ નવી દુનિયાની[૧] શોધનો લાભ ઈંગ્લેન્ડે આ રીતે મેળવ્યો. ઈંગ્લેન્ડની પ્રાકૃતિક રચના તેના દરિઆઈ વેપાર માટે અનુકૂળ ગણાય છે. એડવર્ડ અને મેરીના ધાર્મિક જુલમનો કારમો કાળ જતો રહ્યા પછી દેશમાં શાંતિ સ્થપાઈ, તે દરમિઆન અંગ્રેજો દરિયા પર કાબુ મેળવવા લાગ્યા. પરંતુ સ્પેનનો બળવાન રાજા ફિલિપ અંગ્રેજોને નવી દુનિયા જોડે વેપાર કરવા દેતો ન હતો.

૧. કોલંબસે ખંડસ્થ ભૂમિ પાસેના ટાપુ શોધ્યા હતા. પછી અમેરિગો વેસ્પુસી નામનો નાવિક ખંડસ્થ ભૂમિમાં ગયો. તેણે એ ભૂમિનું નામ અમેરિકા પાડયું. ઈ. સ. ૧૫૦૦માં પોર્ટુગીઝ વહાણવટી કેબ્રલે દક્ષિણ અમેરિકાની શોધ કરી.

ઈંગ્લેન્ડના પશ્ચિમ કિનારા પર આવેલા કૉર્નવૉલ અને ડેવનના ખલાસીઓ સુધારક પંથના હતા, અને સ્પેનના લોકો કેથોલિક હતા, એટલે તેમની વચ્ચે તકરારો થતી. સ્પેનના લોકો અંગ્રેજોને પકડી તેમને નાસ્તિક ગણી સજા કરતા, અથવા તો ઈન્કિવઝિશનને હવાલે કરતા. પરંતુ એથી અંગ્રેજ ખલાસીઓ બહાદુર બન્યા, અને સ્પેનની પરવા રાખ્યા વિના તેમનાં વહાણો લૂંટવા લાગ્યા. હવે સ્પેનિઆર્ડો પણ હારવા લાગ્યા. આ રીતે વહાણ ચલાવવાની અને દરિઆઈ યુદ્ધ લડવાની તાલીમ મેળવી અંગ્રેજો સ્પેનના નૌકાસૈન્યને હરાવી શકયા. આ વહાણવટીઓમાં હૉકિન્સ, ફ્રોબિશર, અને ડ્રેકનાં નામ સુપ્રસિદ્ધ છે.

જહૉન હૉકિન્સે ઈ. સ. ૧૫૬૨–૬૮ દરમિઆન અમેરિકાની ત્રણ સફરો કરી. તે આફ્રિકાના હબસીઓને ઉપાડી જતો, અને સ્પેનિઆર્ડોનાં શેરડી અને તમાકુનાં ખેતરોમાં ગુલામો તરીકે વેચી દેતો. પરંતુ છેલ્લી સફરમાં સ્પેનિઆર્ડોએ મિત્રભાવ બતાવી તેને છેતર્યો. તેમણે હૉકિન્સનાં વહાણો પર હલ્લો કરી તેનાં ઘણાં માણસોને મારી નાખ્યાં. આ વખતે ફ્રાન્સિસ ડ્રેક નામનો હૉકિન્સનો સગો ત્યાં હતો. તેણે તેજ સ્થળે મનમાં નિશ્ચય કર્યો, કે મારે સ્પેનિઆર્ડો જોડે યુદ્ધ કરવામાં જીવન ગાળવું.

ઈ. સ. ૧૫૭૨માં ત્રણ વહાણો લઈને ડ્રેક સફરે નીકળ્યો. પનામાની સંયોગિભૂમિ ઉપર આવેલા નોંબ્ર–ડી–ડાયેઝ નામના સ્પેનના નગર પર તેણે હુમલો કર્યો, અને ત્યાંથી પુષ્કળ સોનું, રૂપું, અને દ્રવ્ય મેળવ્યું. પછી તેણે જમીનમાર્ગે પોતાની મુસાફરી શરૂ કરી. રસ્તામાં રેડ ઇન્ડિઅનો તેને ઉંચી ટેકરી પર લઈ ગયા. ત્યાં એક ઝાડની ટોચ પર ચઢીને તેણે "સુવર્ણાબ્ધિ"—પાસિફિક મહાસાગર પહેલી વાર જોયો. તેણે પ્રતિજ્ઞા લીધી, કે મારૂં વહાણ એક દિવસ એ સાગરનાં પાણીમાં સફર કરશે. એ પછી ડ્રેક



ફ્રાન્સિસ ડ્રેક


ઉત્તર મહાસાગર
આટલાંટિક મહાસાગર
હિંદી મહાસાગર
પાસિફિક મહાસાગર
આફ્રિકા

ઈંગ્લેન્ડ ગયો, પણ ચાર વર્ષ પછી તે પાંચ વહાણ અને સો ખલાસીઓ લઈ પ્લીમથ બંદરેથી મોટી સફરે રવાના થયો. તેણે આટલાંટિક મહાસાગર ઓળંગ્યો. પછી મેગેલનની સામુદ્રધુનિમાં થઈને તે પાસિફિક મહાસાગરમાં દાખલ થયો. આ દરિયામાં અંગ્રેજોનાં વહાણ આવેજ ક્યાંથી એમ ધારી સ્પેનિઆર્ડો ગફલતમાં રહેતા, એટલે ડ્રેકે તેમનાં વહાણો લૂટયાં, તેમાંનું દ્રવ્ય કબજે કર્યું, અને તેમનાં કેટલાંક શહેરો જીતી લીધાં.

આમ શત્રુઓ ઉભા કરીને ડ્રેકથી તે રસ્તે પાછા જવાય એમ ન હતું, એટલે તે કેલિફોર્નિઆ ભણી ચાલ્યો. ત્યાંથી પશ્ચિમ દિશામાં ચાલતાં તે મોલુક્કાસ જઈ પહોંચ્યો, અને ત્યાંથી કેપ ઑવ્ ગુડ હોપની પ્રદક્ષિણા કરી સ્વદેશ (ઇ. સ. ૧૫૭૭–૮૦) સિધાવ્યો. તે પોતાની જોડે પુષ્કળ સોનું, રૂપું, ઝવેરાત વગેરે લેતો આવ્યો. સ્પેનિઆર્ડોની ફરિયાદ ઉપરથી ફિલિપે ઇલિઝાબેથને ભલામણ કરી, કે ડ્રેકને સખત શિક્ષા થવી ઘટે છે. પરંતુ રાણીએ તો તેને ઘણું માન આપ્યું. રાણી "ધી ગોલ્ડન હાઇન્ડ" નામનું ડ્રેકનું વહાણ જોવા ગઈ, અને તેણે ડ્રેકને 'સર'નો ઇલ્કાબ આપ્યો.

માર્ટિન ફ્રોબિશરે ઉત્તર અમેરિકાના ઉત્તર કિનારેથી હિંદુસ્તાન જવાનો માર્ગ શોધવાનો પ્રયત્ન કર્યો. આ શોધ માટે તેણે ત્રણ વખત મુસાફરી કરી. પરંતુ સઘળું વ્યર્થ ગયું. ઓગણીસમા સૈકામાં આ માર્ગ શોધાયો, પણ તે ઉપયોગનો નહોતો; કારણ કે એ માર્ગમાં વર્ષનો ઘણોખરો ભાગ સમુદ્રમાં બરફના ડુંગરો તરતા હોવાથી વહાણોની સલામતી જળવાય તેમ ન હતું.

આ ઉપરાંત નોર્વેના ઉત્તર કિનારે થઈને ઉત્તર મહાસાગરમાંથી હિંદુસ્તાન આવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. બે નાવિકો એ રસ્તે ગયા, તેમાં એકનું વહાણ ભાગ્યું અને ખલાસીઓ ઠંડીથી મરણ પામ્યા, તોપણ બીજો શ્વેત સમુદ્ર સુધી પહોંચ્યો, અને ત્યાંથી જમીનમાર્ગે રશિઆમાં થઈ પાછો આવ્યો. આ માર્ગ પણ નકામો હતો; કેમકે વર્ષનો ઘણોખરો ભાગ ત્યાં પણ બરફ હોય છે. આ સફરોથી અંગ્રેજોને વહાણવટાની તાલીમ મળી.

આ પ્રમાણે કેટલાક માણસો નવી શોધ કરવાની આતુરતાથી, કેટલાક સ્પેનનો માલ લૂંટી લેવાની આશાએ, તો કેટલાક સંસ્થાન સ્થાપવાની

ઇચ્છાથી દરિઆઈ સફરે નીકળ્યા. હંફ્રી ગિલ્બર્ટે ન્યૂફાઉન્ડલેન્ડમાં સંસ્થાન વસાવવાનો વિચાર કર્યો, પણ ત્યાંની વેરાન જમીન, ભેજવાળી હવા, અને અતિશય ઠંડીથી સંસ્થાનવાસીઓ ત્યાંથી જતા રહ્યા. પાછા વળતાં રસ્તામાં ભયંકર તોફાનો નડ્યાં, છતાં ગિલ્બર્ટ પોતાનાં માણસોનો ઉત્સાહ જાળવવાનો પ્રયત્ન કરતો. ઘૂઘવાટ કરતાં મોજાં અને તોફાની પવનમાં સંભળાય એવા અવાજે તે કહેતો, કે "દોસ્તો ! ધીરજ રાખો ! સ્વર્ગ તો જમીનથી જેટલું નજીક છે, એટલુંજ સમુદ્રથી પણ છે."

વૉલ્ટર રેલીએ અમેરિકામાં સંસ્થાન સ્થાપી અવિવાહિત ઇલિઝાબેથના સ્મરણાર્થે તેનું નામ 'વર્જિનિઆ' પાડયું. પરંતુ ઇન્ડિઅનો વારંવાર હલ્લા કરતા, અને સંસ્થાનવાસીઓને મારી નાખતા, એટલે થોડા સમય પછી બચેલા માણસો ઈંગ્લેન્ડ પાછા ગયા. અહીંથી રેલી તમાકુ અને બટાટાના છોડ ઈંગ્લેન્ડ લઈ ગયો. જો કે દરિયાપારના મુલકોમાં સંસ્થાનો સ્થાપવામાં નિષ્ફળતા મળી, પણ એ વિચાર પ્રજાના હૃદયમાં કાયમને માટે વસી ગયો, એટલે ભવિષ્યમાં તેનો અમલ થયો. સારાંશ કે—

૧. સુધારક અંગ્રેજો અને કેથોલિક સ્પેનિઆર્ડો વચ્ચે દુશ્મનાવટ થઈ; કેમકે અંગ્રેજો નવી દુનિયા જોડે વેપાર કરે, એ સ્પેનિઆર્ડોને ગમતું ન હતું.

૨. સમુદ્રની સફરો અને દરિઆઈ યુદ્ધોથી અંગ્રેજોને જે તાલીમ મળી, તે સ્પેનના નૌકાસૈન્યને હરાવવામાં બહુ ઉપયોગી થઈ પડી.

૩. હૉકિન્સે અને ડ્રેકે સ્પેનિઆર્ડો પર અમેરિકામાં હુમલા કર્યા. ડ્રેક પૃથ્વીની પ્રદક્ષિણા કરનાર પહેલો અંગ્રેજ હતો. (ઈ. સ. ૧૫૭૭–૮૦)

૪. ફ્રોબિશરે હિંદુસ્તાન આવવાનો વાયવ્ય માર્ગ શોધવાનો અને બીજા એક વહાણવટીએ ઈશાન માર્ગ શોધવાનો પ્રયત્ન કર્યો.

૫. સર હંફ્રી ગિલ્બર્ટે અને વૉલ્ટર રેલીએ સંસ્થાનો સ્થાપવા પ્રયત્ન કર્યો, પણ સંસ્થાનવાસીઓને સખત કામ કરવાની ટેવ નહોતી, અને રેડ ઇન્ડિઅનો જોડે લડવા જેટલી તેમનામાં શક્તિ નહોતી, એટલે તેઓ સંસ્થાનો સ્થાપી શકયા નહિ.

# પ્રકરણ ૮મું

## પ્રજાજીવનનો વિકાસ

### ૧. પાર્લમેન્ટ

ટયુડર વંશના રાજાઓ સ્વતંત્ર મિજાજના અને આપઅખત્યાર ચલાવનારા હતા. તેઓ મરજીમાં આવે તેમ વર્તતા; તેમને પૂછનાર કોઈ ન હતું. સ્ટાર ચેમ્બર કોર્ટ સ્થાપી હેનરી ૭માએ ઉમરાવો કે પોતાની સામે થનાર હરકોઈને કચરી નાખ્યા. પાર્લમેન્ટની ગરજ ન પડે તે માટે તેણે અનેક ઉપાયો કામે લગાડ્યા. હેનરી ૮માએ મનમાન્યા કાયદા કરી લોકો પાસે સ્વીકારાવ્યા. પાર્લમેન્ટ તેની મરજી પ્રમાણે ચાલતી. એડવર્ડના અમલમાં થએલા કાયદામાં ફેરફાર કરવાની મેરીની ઇચ્છા થઈ, એટલે પાર્લમેન્ટે તેની મરજી મુજબ કાયદા ફેરવી આપ્યા. આ પ્રમાણે પાર્લમેન્ટ છેક નિર્જીવ હતી. પ્લેન્ટેજીનેટસમયમાં પાર્લમેન્ટે પ્રાપ્ત કરેલી સત્તા ચાલી ગઈ, અને હવે તેને 'હા જી હા' કરવાના દિવસો આવ્યા. ઇલિઝાબેથ સભ્યોને ધમકાવતી, અને કડવાં વચનો પણ સંભળાવતી. ટયુડરવંશી રાજાઓ પાર્લમેન્ટ પાસે ધારે તે કાયદા કરાવી બહારથી તેનું બંધન સ્વીકારતા. તે સમયમાં સભાસદોની વરણીના હક આપવાનું કામ રાજાના હાથમાં હતું, એટલે રાજાઓ લાગવગ વાપરી પોતાના પક્ષમાં સભ્યો ચુંટાય તેની સંભાળ રાખતા. અમુક વખતે કામ માર્યું જશે એવો ભય લાગે, ત્યારે નવા સભાસદો ચૂંટવાનો હક આપી રાજાઓ બહુમતી મેળવતા. ઇલિઝાબેથે એક પ્રસંગે ૬૨ નવા સભાસદો મેળવ્યા હતા. પાર્લમેન્ટ આ પ્રમાણે નિષ્પ્રાણ અને નિશ્ચેષ્ટ થતી ગઈ. હેનરી ૭મો ગાદીએ આવ્યો ત્યારે દેશમાં અવ્યવસ્થા હતી, એટલે મદોન્મત્ત અમીરોનાં ત્રાસદાયક યુદ્ધોમાંથી પ્રજાને બચાવી દેશમાં શાન્તિ સ્થાપે, એવા કડક અમલની પ્રજાને જરૂર લાગી. ઈંગ્લેન્ડ નબળું હતું, શત્રુઓ તેના પર ટાંપી રહ્યા હતા, અને લોકોને પોતાના રક્ષણની જરૂર હતી. એવે સમયે લોકોને પોતાના હકની પરવા ન હતીઃ છતાં ટયુડર રાજાઓ ચતુર અને સમયને ઓળખનાર હતા. તેઓ પોતાનું ધાર્યું કરતા, પણ પાર્લમેન્ટ પાસે બધું

મંજુર કરાવતા. હેનરી ૮માનું ધર્માધિપત્ય પાર્લમેન્ટે મંજુર રાખ્યું. ઉમરાવો નબળા પડવાથી આમવર્ગના હાથમાં પહેલવહેલી સત્તા આવી, એટલે તેમને તેનો બરાબર ઉપયોગ કરતાં આવડયું નહિ. ટયુડર રાજકર્તાઓએ મધ્યમ વર્ગને ચઢાવવાની મહેનત કરી હતી, એટલે રાજા તરફ તેમનું વલણ રહે એ પણ સ્વાભાવિક હતું. આથી પાર્લમેન્ટ કોઈ કોઈ સમયે મળતી, ત્યારે રાજાના લાભના કાયદા કરીને વીખરાતી. પરંતુ દેશમાં શાંતિ સ્થપાઈ, સમૃદ્ધિ આવી, અને સ્પેન જેવા જબરા શત્રુનો ભય દૂર થયો, એટલે ઇલિઝાબેથનાં છેલ્લાં વર્ષોમાં પોતાના હકો ઉપર લોકોનું ધ્યાન ગયું. હવે તેમણે પાણી બતાવવા માંડયું. રાણી અને પાર્લમેન્ટ વચ્ચે કોઈ કોઈ પ્રસંગે ચકમક ઝરવા લાગી. દેશમાં અશાંતિ ન થાય અને ધર્મની રક્ષા થાય, એ માટે પાર્લમેન્ટ વારંવાર રાણીને વારસ નીમવાની દરખાસ્ત કરતી. રાણીએ એ વાત કરવાની મના કરી, એટલે એક સભ્ય દરખાસ્ત લાવ્યો, કે આ સભાના સભ્યોને વિચાર અને વાણીની સંપૂર્ણ સ્વતંત્રતા હોવી જોઈએ. વળી ધાર્મિક કાયદા વિરુદ્ધ એક સભ્ય બોલ્યો હતો, તેને રાણીએ પાર્લમેન્ટમાં બેસવાની ના કહી, એટલે બીજા સભ્યો કોપ્યા. રાણીએ સમય ઓળખી જઈને હુકમ પાછો ખેંચી લીધો. એજ પ્રમાણે સભ્યોએ ઇજારા આપવાની એવી હઠ લીધી, કે છેવટે રાણીને નમતું આપવું પડયું, અને ઇજારા બંધ કરવાની ફરજ પડી. નવી પાર્લમેન્ટના સ્વતંત્ર અને શૂરા સભાસદો તેમજ કેટલાક પ્યૂરિટન સભાસદો સત્યના આગ્રહી હતા; તેઓ કોઈના નમાવ્યા નમે તેવા ન હતા.

ટયુડર રાજકર્તાઓ આપમુખત્યાર હોવા છતાં જુલમગાર ન હતા. તેઓ દેશનું અને પ્રજાનું હિત કરવા લક્ષ આપતા. લોકમતને પક્ષમાં લઈને કામ કરવાથી તેઓ લોકપ્રિય રહેતા. સ્ટુઅર્ટ રાજાઓમાં આવો એક ગુણ ન હતો, એટલે સ્વતંત્ર સત્તાનો દાવો કરવા જતાં રાજા અને પાર્લમેન્ટની વચ્ચે તકરાર પેઠી.

## ૨. ઉદ્યોગ અને વાણિજ્ય

અસલના વખતમાં ગામડાંના ખેડુતો ખેતી કરીને ગુજરાન ચલાવતા. પછી ઘેટાં ઉછેરવાનું કામ વધી પડયું, પણ એથી ખેડુતોને દુઃખ પડયું: કાચું

ઊન ફ્લાન્ડર્સ ચઢતું, અને ત્યાં બનેલું કાપડ ઇંગ્લેન્ડમાં વેચાતું. જમીનદારોને ઊન વેચી પૈસા મેળવવાનો લોભ થયો, એટલે ખેતરો ઉપરાંત ગોચરમાં પણ તેઓ ઘેટાં ઉછેરવા લાગ્યા. હવે ઢોર ચારો ચરવા ક્યાં જાય? ખેતરો ઓછાં થવાથી લોકોની રોજી ઓછી થઈ, તેમાં જમીનદારોના જુલમથી નવું દુઃખ ઉમેરાયું. નાનાં ગામડાં ઉજ્જડ થવા લાગ્યાં, અને કામ મળવાની આશાએ લોકો મોટાં ગામોમાં જવા લાગ્યા. તેઓ ઊન વણતાં શીખ્યા. કાચું ઊન લાવીને સ્ત્રીઓ રેંટીઓ કાંતે, તાર તૈયાર કરે, અને પુરુષો બહાર સાળ ગોઠવીને તેનાં કપડાં વણે. આ કપડું વેપારીને ત્યાં વેચાય, અને વેપારી તેને બીજે ગામ મોકલી આપે. તે વખતે વણાટનાં કારખાનાં ન હતાં. સામાન્ય સ્ત્રીઓ ઘર આગળ કાંતતી, પણ પૈસાદાર વણકરો કામદારો રાખી તેમની પાસે કામ કરાવતા.

હેનરી ૮માએ મઠોની જાગીરો જપ્ત કરી મઠ બંધ કર્યા, ત્યારે લોકો પર નવી આફત આવી પડી. મઠની જમીન હેનરીએ અમીરોને આપી દીધી, અને અમીરોએ તેમાં ઘેટાં ઉછેરવા માંડયાં, એટલે ખેતીના ધંધાને નુકસાન થયું. મઠના સાધુઓ ગરીબોને મદદ કરતા, તે પણ બંધ થયું. આમ લોકોનો ઉદ્યોગ પડી ભાગ્યો, અને તેમનામાં અસંતોષ ઉભો થયો. એડવર્ડ ૬ઠ્ઠાના સમયમાં કારીગરોનાં મહાજનોનાં નાણાં લઈ લેવામાં આવ્યાં, એટલે ખેડુતો ઉપરાંત વેપારીઓ, કારીગરો અને ઉમેદવારોમાં ખળભળાટ મચી રહ્યો. દેશમાં કામ વિનાના રખડેલ માણસો અને ભિખારીઓ વધી પડયા, એટલે ચોરી અને લૂંટફાટ ચાલવા લાગ્યાં.

પરદેશી મુસાફરોની શોધથી ઈંગ્લેન્ડમાં વહાણો બાંધવાનો ઉદ્યોગ ચાલ્યો, અને ટ્યુડર રાજકર્ત્તાઓએ તેને ઉત્તેજન આપ્યું. ડ્રેક અને હૉકિન્સે સફર કરી. હૉકિન્સે ગુલામો વેચવાની શરૂઆત કરી. ઇલિઝાબેથના અમલમાં હિંદુસ્તાન જોડે વેપાર કરવા માટે ઈસ્ટ ઇન્ડિઆ કંપનિ સ્થપાઈ. દેશમાં બટાટા, ગાજર, તમાકુ, વગેરેનાં વાવેતર થવા લાગ્યાં, અને ખેતીવાડીની પદ્ધતિમાં સુધારો થયો.

## ૩. સમાજ

ત્રીસ વર્ષના વિગ્રહમાં અનેક અમીર કુટુંબોનો નાશ થઈ ગયો. હવે શુરાતનનો જમાનો ગયો, અને વ્યાપારઉદ્યોગનો યુગ બેઠો. આમ ધંધારોજગારમાં યુગપલટો થયો, એટલે લોકોની રહેણીકરણીમાં ફેરફાર થવા લાગ્યા. જુની ઢબનાં ઘરોમાં નવી કળા અને નવું શિલ્પ દાખલ કરવામાં આવ્યાં. ધનિક લોકો ઈંટ અને લાકડાનાં રોનકદાર મકાનો બંધાવી અંદર નકસીકામ કરાવવા લાગ્યા. બારીઓમાં રેશમી પડદાનો અને ઘરમાં ચાંદી તથા બીજી ધાતુનાં વાસણોનો છૂટથી ઉપયોગ થવા માંડયો. પરાળની પથારી અને લાકડાનાં ઓશીકાંને બદલે ભપકાદાર છત્રપલંગ, સુંવાળાં ઓશીકાં, અને રૂની નરમ તળાઈઓ વપરાવા લાગી. મકાનની આસપાસ સુંદર બાગ બનવા લાગ્યા. ગરીબોનાં ઘરોમાં પણ લાકડાં અને ચુનાનો ઉપયોગ થવા લાગ્યો, અને બારીઓમાં કાચ જડાવા લાગ્યા.

હજુ રસ્તા ગંદા અને સાંકડા હતા. પરગામ જવાને માટે લોકો ઘોડાનો ઉપયોગ કરતા. રાજા અને દરબારીઓ સિવાય કોઈ ગાડી વાપરતું નહિ. ફેરીઆઓ ગામેગામ ફરી માલ વેચતા, અને વર્તમાનપત્રોની ગરજ સારતા. લોકો તેમની પાસેથી નવી નવી ખબરો જાણી શકતા.

આઠમા હેનરી અને ઇલિઝાબેથના સમયમાં લોકોમાં ફક્કડ કપડાં પહેરવાનો શોખ વધ્યો. કહેવાય છે કે ઇલિઝાબેથ પાસે ત્રણ હજાર કપડાંની જોડ હતી. આ જોઈ લોકો પણ કિંમતી અને ભાતભાતનાં વસ્ત્રો પહેરવા લાગ્યા, અને ખૂબ દારૂ વાપરવા લાગ્યા. નાચરંગ, જલસા, અને મહેફિલનો પાર ન રહ્યો. આમ ઈંગ્લેન્ડમાં લક્ષ્મીની છોળ ફરી વળી, અને સમૃદ્ધિની અસરથી સામાજિક જીવનમાં ફેરફાર થવા માંડયા.

## ૪. સાહિત્ય

ટયુડરસમય નવજીવનનો હતો. એ યુગમાં સાહિત્યની વસંત બેઠી. એ જમાનાના સાહિત્યનો જોટો મળવો મુશ્કેલ છે. નવાં પરાક્રમો, નવાં સાહસો, નવી સફરો, નવી નવી પ્રજાના સંસર્ગ અને પરિચયને લીધે અંગ્રેજોનું જીવન સમૃદ્ધ થયું, અને તેમની કલ્પના પ્રફુલ્લ થઈ. અંગ્રેજી ભાષામાં સુંદર

પદ્યગ્રંથો લખાયા. ગ્રીક અને લેટિન ભાષામાંથી અનુકરણ થયાં, અને બાઈબલનું સરસ ભાષાંતર થયું. રોજર એસ્કામ, સર ફિલિપ સિડની, અને લીલી જેવા પ્રતિભાશાળી લેખકોએ તેજસ્વી અને સુંદર ગદ્ય લખાણનો પાયો નાખ્યો. હુકર નામના લેખકે પ્રૌઢ શૈલીમાં ધાર્મિક ચર્ચાત્મક ગ્રંથ લખ્યો. પ્રસિદ્ધ ફિલસુફ લૉર્ડ બેકને આધુનિક વિજ્ઞાનની શોધ કરવામાં કામ લાગે એવા અનુપમ શાસ્ત્રનો ગ્રંથ લખી 'પદાર્થવિદ્યાના પિતા'નું માનભર્યું ઉપનામ મેળવ્યું. તેના નિબંધોમાં તેની મર્મભેદી અવલોકનશક્તિ, તીક્ષ્ણ બુદ્ધિ, અને વિચારોને યોગ્ય ભાષામાં રજુ કરનારી તેજસ્વી શૈલી માલમ પડી આવે છે.

આ યુગ ખાસ કરીને નાટકોને માટે પ્રસિદ્ધ છે. ડૉ. માર્લોએ ફૉસ્ટસ નામનું નાટક લખી નામના મેળવી, પણ ૨૯ વર્ષની વયે તે અકાળ મૃત્યુ પામ્યો. શેકસ્પિયરનાં નાટકોની જગતમાં જોડ નથી. તેનાં અનેક નાટકોમાંથી કોનાં નામ ગણાવવાં અને કોનાં નહિ એ પ્રશ્ન છે. મનુષ્યસ્વભાવના ખુણે-ખુણામાં ફરી વળી તેણે કલ્પનાસૃષ્ટિનાં જે પાત્રો નિર્માણ કર્યાં છે, તે સજીવ હોઈ આપણી વચ્ચે ફરતાં હોય એમ લાગે છે. બીજો પ્રસિદ્ધ નાટ્યકાર બેન જોન્સન હતો. ઉતરતી પંક્તિના અસંખ્ય નાટ્યકારોનાં નામ ગણવાનો અહીં અવકાશ નથી.



શેકસ્પિયર

આ ઉપરાંત નાનાં ગીતથી માંડીને મોટાં રૂપકો પણ આ યુગમાં લખાયાં. કવિઓમાં '**ફૅરી ક્વીન**'ના લેખક એડમંડ સ્પેન્સરનું નામ પહેલું આવે છે.

આ ઉપરાંત પ્રવાસનાં વર્ણનો અને ઇતિહાસના ગ્રંથો રચાયા. નવા ધર્મનો પ્રચાર કરવા માટે રચાએલાં વ્યાખ્યાનોના ગ્રંથ પણ પ્રગટ થયા. સ્પેનને હરાવ્યા પછી અંગ્રેજોમાં રાષ્ટ્રીય અભિમાન જાગ્યું, અને તેમને પૂર્વજોનાં પરાક્રમો વાંચવાની હોંસ થઈ. શેકસ્પિયરે પણ કેટલાંક ઐતિહાસિક

નાટકો રચી આ ઉત્સાહને ખીલવવામાં મદદ કરી.[1] પંદરમા સૈકાના અંતમાં છાપવાની કળાની શોધ થવાથી આ ગ્રંથોનો લોકોમાં ઘણો પ્રચાર થયો, એટલે લોકજીવન ઉપર સાહિત્યની પ્રબળ અસર પડી.

ટયુડરોનો યુગ ઇંગ્લેન્ડમાં મોટો હતો. એ યુગમાં દેશની મોટાઈ વધી. હેનરી ૮માએ વેલ્સ ભેળવી દઈ પાર્લમેન્ટમાં તેના પ્રતિનિધિઓને બેસવાની રજા આપી. આયર્લૅન્ડ પણ ઉપરાજ્ય બની ગયું, અને ઇલિઝાબેથના મરણ પછી સ્કૉટલેન્ડ ભળ્યું, એટલે ગ્રેટબ્રિટનનું સંયુક્ત રાજ્ય થયું. પ્રતાપી રાજકર્તાઓએ દેશમાંથી અવ્યવસ્થા અને અરાજકતાની જડ ઉખેડી શાંતિ સ્થાપી. સ્પેનની જીત પછી અંગ્રેજ નૌકાસૈન્યની પ્રતિષ્ઠા વધી, અને દેશમાં વેપાર-ઉદ્યોગ વધ્યો. આ પ્રમાણે દેશમાં એકતા સ્થપાયા પછી ઇંગ્લેન્ડે ધીરે ધીરે દરિયાપારના મુલકોમાં રાજ્ય મેળવી સામ્રાજ્યવિસ્તાર કરવા માંડયો.

એ કાળ સંક્રાન્તિનો હતો. મધ્યયુગ ગયો, અને અર્વાચીન યુગ બેઠો. દરમિઆન ધર્માલયોમાં સુધારા થયા, રાજ્યવહીવટમાં ફેરફાર થયા, અને સમાજની નવીન રચના થઈ તેજસ્વી રાષ્ટ્રીય સાહિત્ય ઉત્પન્ન થયું. સાથે સાથે દુનિયાભરમાં વેપાર ખેડાવા લાગ્યો. આમ જીવનના દરેક અંગમાં નવજીવન પ્રસરી રહ્યું, માટે તે 'નવયુગ' ગણાય છે.

---

૧. શેકસ્પિયરના ઇંગ્લેન્ડ માટેના ઉદ્‌ગારો તેનાં નાટકોમાં પ્રસંગે પ્રસંગે આવે છે.

This England never did, nor never shall
Lie at The foot of a Conqueror. *King John*

\+ + + +

This Earth of majesty, this seat of Mars,
This Eden demi—paradise.

\+ + + +

This precious stone set in silver sea,
This blessed plot, this earth, this realm, this England.

***Rechard II***

# સ્ટુઅર્ટ વંશવૃક્ષ

**જેમ્સ ૧લો**
( ઇ. સ. ૧૬૦૩—૨૫ )

- **હેનરી** [ મૃત્યુ: ૧૬૧૨ ]
- **ચાર્લ્સ ૧લો** (ઇ. સ. ૧૬૨૫–૪૯)
  - **ચાર્લ્સ ૨જો** *(ઇ. સ. ૧૬૬૦–૮૫)
  - **જેમ્સ ૨જો** (ઇ. સ. ૧૬૮૫–૮૯)
    - **મેરી** લગ્ન: **વિલિયમ** ( ઇ. સ. ૧૬૮૯–૧૭૦૨ )
    - **એન** (ઇ. સ. ૧૭૦૨–૧૪)
- **ઇલિઝાબેથ** લગ્ન: પેલેટાઇનનો ફ્રેડરિક
  - **સોફિયા.** લગ્ન: હેનોવરનો રાણો
    - **જ્યૉર્જ ૧લો**

---

* ઇ. સ. ૧૬૪૯–૬૦ સુધી સૈન્યસત્તાક રાજ્ય.

# ખંડ ૩જો : લોકશાસનનું મંડાણ

## સ્ટુઅર્ટ વંશ

[ ઇ. સ. ૧૬૦૩-૧૭૧૪ ]

## સ્ટુઅર્ટ વંશ

ત્રીસ વર્ષના વિગ્રહ જોડે મધ્યયુગનો અંત આવ્યો. ખૂનામરકી અને ખટપટથી પ્રજા ત્રાસી ગઈ હતી, અને દેશમાં શાન્તિ અને વ્યવસ્થા ઝંખતી હતી. હેનરી ૭મો અને તેના વંશજોએ કડક અમલ ચલાવ્યો, અને તેમની સામે થનાર લોકોને તેમણે છૂંદી નાખ્યા, છતાં તેઓ ડાહ્યા અને ચતુર હતા; તેઓ પ્રજાની રૂખ જોઈને વર્તતા. એને પરિણામે સોળમા સૈકામાં એક નવી ભાવના જન્મ પામી. રાજાઓ પ્રજાનાં વિચાર અને વાણીમાં એકતા આણે એમાં તેમને કશી હરકત ન હતી. રાજાની આણ માનવી, અને ધર્મ પણ રાજાની ઇચ્છા પ્રમાણે પાળવો એવી સ્થિતિ આવી. કૅથોલિક પંથીઓને દેશના શત્રુ ગણવામાં આવ્યા, અને પ્યૂરિટનો તરફ પ્રજા તિરસ્કાર દર્શાવતી. પરિણામે આપણે સર્વ એકજ પ્રજા છીએ, એવી રાષ્ટ્રભાવના લોકોમાં જન્મ પામી: એટલે કે પ્રજામાં આત્મભાન આવ્યું.

ધર્મસુધારણાથી આ ભાવનાને પોષણ મળ્યું. રાજા કરતાં ઈશ્વર મોટો છે, માટે જરૂર પડે તો રાજાની સામે થવામાં કંઈ ખોટું નથી, એમ પ્યૂરિટન પંથીઓ માનતા હતા.

ટ્યુડર વંશના અંતમાં ધર્મોદ્ધારના સ્વાભાવિક ફળ રૂપે દેશમાં બે ભાવનાઓ જન્મ પામી. તેને ખીલવવાને માટે દેશમાં દૂરદર્શી અને ચતુર રાજાની જરૂર હતી. સ્ટુઅર્ટ રાજાઓમાં આ કાર્યને માટે જરાએ યોગ્યતા ન હતી. તેઓ દેશકાળને ઓળખતા ન હતા, ધર્મની બાબતમાં ઉદાર ન હતા, તેમજ લોકોની લાગણી સમજવાની પરવા રાખતા નહોતા. રાજાને તો રાજ્ય કરવાનો દૈવી હક છે, એમ માની તેઓ આપઅખત્યાર અને બીનજવાબદાર અમલના હિમાયતી બન્યા. ટ્યુડરોની પેઠે વર્તનાર સ્ટુઅર્ટ રાજાઓમાં ટ્યુડરોની ચતુરાઈ ન હતી. હવે સમય બદલાઈ ગયો હતો. પરિણામે રાજા–પ્રજા વચ્ચે વિરોધ જામ્યો. આખરે મોટો પ્રશ્ન ઉભો થયો કે દેશમાં રાજકર્તા કોણ? રાજા કે પ્રજા? સ્ટુઅર્ટ અમલમાં ધાર્મિક અને રાજદ્વારી સ્વાતંત્ર્યનો ઝઘડો ચાલ્યો, જેનું પરિણામ તમે આ ખંડને અંતે જોશો.

# પ્રકરણ ૧લું

## જેમ્સ ૧લો : ઇ. સ. ૧૬૦૩–૨૫

**ઈશ્વરી હક**: ઇલિઝાબેથના મરણ પછી સ્કૉટ લોકોની નામચીન રાણી મેરીનો પુત્ર જેમ્સ ગાદીએ આવ્યો. તેણે ગ્રેટબ્રિટન અને આયર્લૅન્ડના સંયુક્ત રાજ્યના રાજાનું અભિમાનદર્શક પદ ધારણ કર્યું.

જેમ્સ વિદ્વાન્, બુદ્ધિશાળી, અને રમુજી હતો, પણ અહંભાવ અને મમતાથી તેના ગુણો ઢંકાઈ ગયા. તે પ્રજામાં હાસ્યપાત્ર થઈ પડયો; અને જ્યારે તેણે પોતાનામાં રાજ્ય ચલાવવાની અસાધારણ શક્તિ છે એમ કહેવા માંડયું, ત્યારે તો લોકોના તિરસ્કારની સીમા ન રહી. કયાં ટયુડર વંશના ભવ્ય, ગૌરવશાળી, અને દમામદાર રાજ્યકર્તાઓ, અને કયાં અનાડી, પતરાજીખોર, મિથ્યાભિમાની, અને કદરૂપો રાજા જેમ્સ ? જેમ્સ એવો બીકણ હતો, કે ઉઘાડી તરવાર જોઈને તે થરથર ધ્રૂજી જતો.



જેમ્સ ૧લો.

પોતાના મૂર્ખ માનીતાઓથી દોરવાઈ જઈ તેણે નાણાંનો દુરુપયોગ કરવા માંડયો. જે સમયે દેશના લોકો સચેત થઈ પોતાના હકો સંભાળવા મંડી ગયા હતા, અને પાર્લમેન્ટ પોતાની સત્તા દૃઢ કરવા મથતી હતી, તે સમયે દેશકાળના અજ્ઞાની જેમ્સને ટયુડરોની પેઠે આપખુદ અમલ ચલાવવો હતો. તે અને તેના વંશજો એમ માનતા, કે ઇશ્વરે અમને રાજ્ય કરવાનો હક આપ્યો છે, એટલે અમને કોઈ પૂછનાર નથી; અર્થાત્ પ્રજાએ રાજાની મરજી

પ્રમાણે ચાલવું જોઈએ. વળી રાજા તો દેશના કાયદાથી પણ પર છે; મતલબ કે ધારે તો તે કાયદો તોડી શકે યા ફેરવી શકે. જો કે જેમ્સનો અમલ ટ્યુડરો કરતાં વધારે આપખુદ ન હતો; પરંતુ ટ્યુડરો ચતુર હોઈ દેશકાળને ઓળખી પ્રજાની રૂખ જોઈને વર્તતા. એથી ઉલટું સ્ટુઅર્ટોમાં મોટી ખોડ એ હતી, કે તેઓ લોકોની પરવા કરતા નહિ, અને સત્તાના ગર્વમાં મદોન્મત્ત બની સ્વચ્છંદે વર્તતા.

**ધાર્મિક કલહ**: જેમ્સ ગાદીએ આવ્યો, ત્યારે દેશમાં ત્રણ પક્ષ હતા: (૧) ઇલિઝાબેથે સ્થાપેલા સ્વરૂપના પ્રોટેસ્ટન્ટો–એપિસ્કોપલ, (૨) કેથોલિક પંથીઓ, અને (૩) પ્યૂરિટન લોકો. ઇલિઝાબેથે ધાર્મિક ઝગડાનો અંત આણ્યો હતો, પણ તેથી કેથોલિકો અને પ્યૂરિટનોને સંતોષ થયો ન હતો. જેમ્સ ગાદીએ આવ્યો, ત્યારે ત્રણે પક્ષના મનમાં એમ થયું, કે રાજા અમારો પક્ષ કરશે. પ્યૂરિટનો ધારતા હતા કે પ્રેસ્બિટિરિયન ધર્મના વાતાવરણમાં ઉછરેલો રાજા અમારી વહાર કરશે. તેમણે ઉપાસનાવિધિ સાદી કરવાની રાજાને અરજ કરી. આ તકરારનું સમાધાન કરવા રાજાએ હેમ્પ્ટન કોર્ટના મહેલમાં ધર્મગુરુઓની સભા બોલાવી, પરંતુ આ સભાનું કંઈ પરિણામ આવ્યું નહિ. ઉલટું રાજાએ તો એપિસ્કોપલ પંથ પ્રત્યે પોતાનું વલણ બતાવ્યું, એટલે પ્યૂરિટનો નારાજ થયા. થોડા વખતમાં ૩૦૦ પ્યૂરિટન પાદરીઓને રજા આપવામાં આવી.

પરંતુ એ સભાનું એક શુભ ફળ આવ્યું; ધર્મની તકરારોનું નિરાકરણ કરવા માટે બાઈબલની જરૂર પડી, એટલે તેનો અનુવાદ કરવામાં આવ્યો. અગાઉના અનુવાદો કરતાં આ અનુવાદ ઘણો શુદ્ધ હતો. પ્યૂરિટન પાદરીઓ ભક્તસમાજ પાસે બાઈબલનો ઉપદેશ વાંચતા, અને લોકો હોંસે હોંસે તે સાંભળતા. આ પછી આશરે ૨૦૦ વર્ષ સુધી બાઈબલનું ભાષાંતર લોકપ્રિય પુસ્તક ગણાયું; ખેડુતોના ઘરમાં પણ બીજું કંઈ નહિ, તોપણ બાઈબલ તો હોયજ.

ગાદીએ આવતા પહેલાં જેમ્સે કેથોલિકોને કંઈક રાહત આપવાનું વચન આપ્યું હતું. આથી શરૂઆતમાં જેમ્સે કંઈક નરમાશ બતાવી, પણ પાછળથી પાર્લમેન્ટના દબાણથી તેને સખતાઈ કરવી પડી.

**પાર્લમેન્ટને ઉડાડી મૂકવાનું કાવતરું:** કેટલાક અસંતોષી કેથોલિકોએ એવો ખેત રચ્યો, કે પાર્લમેન્ટની નીચેના ભોંયરામાં દારૂ ભરી સળગાવી મૂકવો, અને રાજા અને પાર્લમેન્ટના સભ્યોનો સામટો ઘાણ કાઢી નાખવો. તેમણે પાર્લમેન્ટની પાડોશમાં ઘર ભાડે રાખ્યું, અને ત્યાંથી સુરંગ ખોદી પાર્લમેન્ટના મકાન નીચેના ભોંયરામાં દારૂ ભર્યો. તેમનો સંકેત એવો હતો, કે ઇ. સ. ૧૬૦૫ના નવેમ્બરની પાંચમી તારીખે રાજા પાર્લમેન્ટ ખુલ્લી મૂકવા આવે, ત્યારે અંદરનો દારૂ સળગાવી દેવો. પરંતુ ૧૦ દિવસ બાકી રહ્યા, ત્યારે એક કાવતરાખોરે પોતાના મિત્રને પત્ર લખી ચેતવણી આપી, કે તમે પાંચમી નવેમ્બરે પાર્લમેન્ટમાં હાજર ન રહેશો; કેમકે પાર્લમેન્ટ પર એવી આફત આવી પડવાની છે. આ માણસ પત્ર લઈ પ્રધાન પાસે દોડયો, પ્રધાન રાજા પાસે ગયો, અને રાજાએ ભોંયરાં તપાસવાનો હુકમ કર્યો. અંતે ગાઈ ફૉકસ નામે એક તરકટી પકડાયો, અને તેને ફાંસીએ લટકાવવામાં આવ્યો. આને લીધે દેશમાં કેથોલિકો વિરુદ્ધ સખત લાગણી ફેલાઈ. પરિણામે કેટલાંક વર્ષ સુધી કેથોલિકો પર જુલમ ગુજારવામાં આવ્યો.

**જેમ્સ અને પાર્લમેન્ટ:** રાજાના ઈશ્વરી હકને માનનારો જેમ્સ પાર્લમેન્ટથી સ્વતંત્ર રહેવા પ્રયત્ન કરે તેમાં શી નવાઈ? જેમ્સને અને પાર્લમેન્ટને કાયમનો વિરોધ રહ્યો. પહેલીજ પાર્લમેન્ટના નિમંત્રણપત્રમાં જેમ્સે જણાવ્યું, કે રાજાની કૃપાથી લોકોને રાજ્યવહીવટમાં ભાગ મળે છે, માટે તમારે સર્વેએ અમુક મતના પ્રતિનિધિઓ મોકલવા. પરંતુ પાર્લમેન્ટે પોતાની સત્તા ટકાવી રાખવાનો નિશ્ચય કર્યો, અને રાજાને સાફ જણાવી દીધું, કે ઈંગ્લેન્ડમાં પાર્લમેન્ટની સંમતિ વિના રાજાઓ રાજ્ય કરી શકતા નથી, અને તમને કોઈએ બીજું કંઈ કહ્યું હોય તો માત્ર ભરમાવ્યા છે. એમ છતાં તકરારની શરૂઆત થઈ, એટલે પાર્લમેન્ટ રાજાને મોંમાગ્યાં નાણાં શી રીતે આપે? પરંતુ રાજાએ પહેલાંના દાખલા લઈને જકાત વધારવા માંડી, અને ખુશામતીઆ ન્યાયાધીશોએ રાજાનું કાર્ય કાયદેસર ઠરાવ્યું. પરિણામે પાર્લમેન્ટે રાજા જોડે બીજી રીતે સમાધાન કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ કશું વળ્યું નહિ. એ પછી ઇ. સ. ૧૬૧૦માં પાર્લમેન્ટ વિસર્જન થઈ. પરંતુ ઉડાઉ રાજા નાણાં વિના શું કરે? એક બાજુએ પાર્લમેન્ટની મંજુરી વિના

નાખેલી જકાત આપવા લોકો ખુશી ન હતા, અને બીજી તરફ નાણાંભીડ પડતી હતી, એટલે ઇ. સ. ૧૬૧૪માં બીજી પાર્લમેન્ટ બોલાવવામાં આવી, અને તેમાં કેટલાક હજુરીઆઓએ વિષ્ટિ કરવાનું માથે લીધું. પરંતુ પાર્લમેન્ટ તો પોતાના હકને માટે મમતે ચડી હતી, એટલે જકાતનો સંતોષકારક નિર્ણય ન થાય, ત્યાં સુધી રાજાને નાણાં આપવાની ચોકખી ના પાડી. રાજા ચિડાયો તે છતાં પાર્લમેન્ટ એક પણ કાયદો પસાર કર્યા વિના વિસર્જન થઈ.

પછી જેમ્સે પાર્લમેન્ટ વિના રાજ્ય ચલાવવાનો નિશ્ચય કર્યો. તેણે જકાત વધારે નાખી, છતાં તેનું પૂરૂં થતું નહોતું. અમલદારોએ લોકો પાસેથી ઉછીનાં નાણાં માગવા માંડયાં, અને જે ન આપે તેના પર બળાત્કાર કરવા માંડયો. વળી નાણાં ઉઘરાવવામાં સ્ટાર ચેમ્બર કોર્ટનો ઉપયોગ થવા લાગ્યો. જેમ્સના ખુશામતીઆ ન્યાયાધીશો રાજાની મરજી પ્રમાણે ન્યાય આપવા લાગ્યા, એટલે દેશમાં પોકાર ઊઠયો. જેમ્સે ખિતાબોની પણ હરાજી કરવા માંડી. જે મોંમાગ્યાં નાણાં આપે, તે ગમે તેવો હલકો હોય, તોપણ તેને અમીર બનાવવામાં આવતો. તેણે ઇજારા આપીને પણ મોટી રકમો લેવા માંડી. રાજા અને તેનો દરબાર પ્રવાસે નીકળે, ત્યારે લોકોએ તેમની ખાધા-ખોરાકી અને સગવડ પૂરાં પાડવાં એવો હુકમ કરવામાં આવ્યો. ઉપરાંત જે અમીરો બાળ વારસ મૂકી મરી જાય તેમના વાલી તરીકે તેણે ખાનદાન કન્યાઓનો છડેચોક વિક્રય કરીને નફ્ટ રીતે નાણાં મેળવવા માંડ્યાં. પરિણામે સામાન્ય પ્રજા અને અમીરવર્ગ સર્વ ધુંધવાઈ ગયા.

અધુરામાં પૂરૂં જેમ્સે ન્યાયાધીશો પર આપખુદી ચલાવવા માંડી. તેણે ન્યાયાધીશોને ધમકાવી કહ્યું, કે મારી મરજી પ્રમાણે ન્યાય થવો જોઈએ, ત્યારે એકાદ ન્યાયાધીશે જવાબ આપ્યો, કે આપના હુકમ પ્રમાણે નહિ, પણ કાયદા પ્રમાણે કામ થશે. ક્રોધાંધ જેમ્સે બોલનારને તરતજ રજા આપી, અને લૉર્ડ બેકનને મુખ્ય ન્યાયાધીશ બનાવ્યો. ઇ. સ. ૧૬૧૪માં બે માસ ચાલેલી પાર્લમેન્ટ બાદ કરીએ, તો દસ વર્ષ (૧૬૧૧–૨૧) સુધી દેશમાં પાર્લમેન્ટની સંમતિ વિના જુલમી અમલ ચાલ્યો.

**જેમ્સના માનીતા:** જેમ્સ પોતાના નાલાયક અને સ્વચ્છંદી માનીતાની સલાહ પ્રમાણે દેશમાં રાજ્ય ચલાવતો હતો. શરૂઆતનાં નવ વર્ષ

લૉર્ડ બર્લીના પુત્ર સેસિલની સહાયથી રાજ્યવહીવટ સંતોષકારક ચાલ્યો. સેસિલ રાજનીતિમાં નિપુણ, ચતુર અને દીર્ઘદર્શી હતો, અને તે વહીવટી આવડત ધરાવનાર જમીનદાર હતો. તેના મરણ પછી રૉબર્ટ કાર ઉપર રાજાની અમીદૃષ્ટિ થઈ. તે નમાલો હતો અને તેનામાં કામની આવડતજ ન હતી, છતાં રાજ્યમાં તે કર્તાહર્તા થઈ પડયો. તેણે અને તેની પત્નીએ યંતરમંતર અને ઝેર દેવાના પ્રયોગો કરવા માંડ્યા, તોપણ રાજાએ તેને દેહાંતદંડની સજામાંથી ઉગારી લીધો. તે પછી જ્યૉર્જ વિલિયર્સ નામનો ફૂંકડો જુવાન જેમ્સના મનમાં વસી ગયો. રાજાએ તેને બકિંગહામનો ઠાકોર બનાવ્યો. તે સર્વસત્તાધીશ થઈ પડ્યો, અને ફાવે તેમ વર્તવા લાગ્યો. તેનાં દુરાચરણ ઉઘાડાં પડી જતાં, તેમ છતાં તેને કોઈ કહી શકતું નહિ. જેમ્સનો દરબાર નીચ, વિષયી, ઉડાઉ, અને અનીતિમાન બની ગયો, અને લખલૂટ દ્રવ્યનો અપવ્યય થવા લાગ્યો. બકિંગહામમાં ન હતી મુસદ્દીગીરી, કે ન હતી આવડત; તે તો જેટલી મોજ ઉડાવી લેવાય તેટલી ખરી, એવા વિચાર ધરાવતો હતો.

**પરદેશી રાજનીતિ:** જેમ્સનો મત એવો હતો કે પરદેશી લડાઈઓમાં માથું મારવું નહિ. લડાઈ માટે જોઈતાં નાણાં આપવાની વાત પાર્લમેન્ટના હાથમાં રહી, અને ઈશ્વરી હકને માનનારો રાજા રૈયત પાસે લાચારી કરવા જાય એમ કેમ બને? જેમ્સે પ્રથમ સ્પેન જોડે સલાહ કરી. પછી એથી આગળ વધીને પોતાના પુત્ર ચાર્લ્સનાં લગ્ન સ્પેનની રાજપુત્રી જોડે કરવાની ગોઠવણ કરવા માંડી. લોકોને આ વાત ન ગમી: પ્રજાના મનમાં એમ હતું, કે યુવરાજ કોઈ પ્રોટેસ્ટન્ટ કન્યા જોડે પરણે તો સારૂં. પરંતુ મોટી પહેરામણીની આશા ઉપરાંત જેમ્સના મનમાં કંઈક એવી ખુમારી હતી, કે પ્રોટેસ્ટન્ટ અને કૅથોલિક દેશો વચ્ચે સંધિ કરીને યુરોપમાં હું શાન્તિ આણી શકીશ. પાર્લમેન્ટનો વિરોધ હોવા છતાં બાર વર્ષ સુધી લગ્નની ખટપટ ચાલુ રહી; અને સ્પેનને રાજી રાખવા સર વૉલ્ટર રેલીનું બલિદાન અપાયું.

સર વૉલ્ટર રેલી એક મહાન્ શોધક હતો. તેના પર રાજાની વિરુદ્ધ એક કાવતરામાં સામેલ હોવાનું આળ મૂકી તેને કેદમાં પૂરવામાં આવ્યો. તેણે તેર વર્ષ કારાવાસમાં ગાળ્યાં, તે છતાં તેના મનમાં એમ હતું, કે દક્ષિણ અમેરિકામાં એક સોનાની ખાણ છે તે શોધી કાઢવી. આથી દ્રવ્યલોભી

જેમ્સે તેને જવાની રજા આપી, પરંતુ ધમકી આપી કે કોઈ પણ કારણસર સ્પેનિઆર્ડો જોડે વિરોધમાં આવવું નહિ. રેલીને માટે આવી આજ્ઞા પાળવાનું અશક્ય હતું, છતાં તેનો ભંગ કરવાનો નિશ્ચય કરીનેજ તે સફરે નીકળ્યો. તેને સોનાની ખાણ તો ન મળી, પણ સ્પેનિઆર્ડો જોડે લડાઈ થઇ. સ્પેનના રાજાએ જેમ્સ પાસે ફરિયાદ કરી, એટલે નિર્બળ મનના રાજાએ સ્પેનના રાજાને ખુશી કરવાની આશાએ રેલી ઉપર રાજદ્રોહનો આરોપ મૂકી તેનો વધ કરાવ્યો, ઇ. સ. ૧૬૧૮.

**લોકસત્તાની વૃદ્ધિ:** દરમિઆન જર્મનીમાં પ્રોટેસ્ટન્ટો અને કેથોલિકો વચ્ચે યુદ્ધ થયું.[1] પ્રજાના મનમાં એમ હતું, કે રાજાએ પ્રોટેસ્ટન્ટ પક્ષને મદદ આપવી જોઈએ. એથી રાજાએ નાણાંની મદદ માટે પાર્લમેન્ટ બોલાવી, ઇ. સ. ૧૬૨૧. પાર્લમેન્ટ રાજાની વીર વાણી સાંભળી નાણાં આપવા તૈયાર થઈ. પરંતુ રાજાનો ઉત્સાહ નામનોજ હતો. સ્પેન જોડે સગપણ થતાં આ યુદ્ધનો અંત સમજાવટથી લાવી શકાશે, એવો જેમ્સનો અંતર્ગત અભિપ્રાય હતો. લોકો ચેતી ગયા કે બધી વાતો નાણાં કઢાવવાની છે; એટલે રોષે ભરાઈને તેમણે દસ વર્ષના ગેરઅમલની ઝાટકણી કાઢી. તેમણે ઇજારા આપવાની, જકાત લેવાની, અને ગેરવાજબી કરો લેવાની રૂઢિ બંધ કરવાની રાજાને ફરજ પાડી. પછી સ્પેન જોડે લડાઈ કરવાની માગણી કરી, અને યુવરાજનો કોઈ પ્રોટેસ્ટન્ટ કન્યા જોડે વિવાહ કરવાનો આગ્રહ કર્યો. તે સાથે લાંચીઆ અમલદારોને ટપોટપ શિક્ષા કરવા માંડી. પ્રસિદ્ધ ફીલસુફ અને વિદ્વાન ન્યાયમંત્રી સર ફ્રાન્સિસ બેકન જેવા રાજદ્વારી નર ઉપર લાંચ લેવાનું તહોમત આવ્યું, અને તેનો દંડ કરી તેને કારાગૃહમાં પૂરવામાં આવ્યો. એક રોમન કેથોલિક પેલેટાઇનના રાણાની યુદ્ધમાં હાર થવાનું સાંભળી તેને વિષે કંઈક બોલ્યો, તે ઉપરથી પાર્લમેન્ટે તેને કોરડા મરાવ્યા, જીભમાં સાર પડાવ્યાં, અને કાનમાં ખીલીઓ ખોસાવી. સ્પેન જોડે સંધિ કરવાથી લાભ

---

૧. આ યુદ્ધને પણ ત્રીસ વર્ષનો વિગ્રહ કહે છે. જેમ્સનો જમાઈ પેલેટાઈનનો ફ્રેડરિક પ્રોટેસ્ટન્ટ પક્ષનો નાયક હતો. લોકમતનું જોર જોઇને જેમ્સે થોડું સૈન્ય જમાઈની વહારે મોકલ્યું તો ખરું, પણ કંઇ વળ્યું નહિ.

છે એવું રાજાએ સમજાવ્યું, તે છતાં લોકોએ તે ગણકાર્યું નહિ. એથી ઉલટું લોકોએ હઠ પકડી, ત્યારે રાજાએ કહ્યું કે તમે રાજ્યનાં રહસ્યો શી રીતે સમજો? તમારે પરદેશી મામલામાં વચ્ચે પડવાની જરૂર નથી. પરિણામે લોકો સામા થયા; અને પાર્લમેન્ટે ઠરાવ કર્યો, કે પ્રજાહિતનાં કાર્યો સંબંધી વિચાર કરી નિર્ણય કરવાનો હક આ સભાનો છે. આથી રાજા ક્રોધે ભરાયો; તેણે પાર્લમેન્ટનું દફતર મંગાવી આ ઠરાવનાં પાનાં ફાડી નાખ્યાં, અને કેટલાક આગેવાનો (કોક, પીમ, સેલ્ડન ઇત્યાદિ)ને બંદીખાને નાખ્યા, ઇ. સ. ૧૬૨૨.

જેમ્સની પાસે કોઈ શાણો મંત્રી નહોતો. તેણે યુવરાજ અને બકિંગહામને સ્વયંવર–લગ્ન કરવા સ્પેન મોકલ્યા. પરંતુ સ્પેનનો રાજા કે તેનું મંત્રીમંડળ આ લગ્ન ઇચ્છતા નહોતા; માત્ર રાજદ્વારી સ્વાર્થ સાધવા તેમણે જેમ્સને આશામાં રાખ્યો હતો. કુંવરીને જોઈને ચાર્લ્સને મોહ થયો, પણ કુંવરીને વર પસંદ પડયો નહિ. બકિંગહામે પોતાની જાત પરખાવી: તેણે અને તેટલા સ્પેનિઆર્ડોને દુભવ્યા. સ્પેનનો રાજા ગમે તે સરત કરે તેની મૂર્ખ ચાર્લ્સ હા ભણે, છતાં કંઈ વળ્યું નહિ. ચાર્લ્સ અને બકિંગહામ વીલે મોંએ પાછા આવ્યા. ચાર્લ્સનો મોહ ઉડી ગયો અને અપમાનનો બદલો લેવા તેણે જાહેર કર્યું કે સ્પેન જોડે લડાઈ કરવી જોઈએ. સ્પેનની જંજીરમાંથી છોડાવનાર યુવરાજનો લોકોએ જયજયકાર પોકાર્યો. રાજા શું કરે? જેમ્સની છેલ્લી પાર્લમેન્ટ મળી, ઇ. સ. ૧૬૨૪. તેણે રાજાને મોંમાગ્યાં નાણાં આપ્યાં. લડાઈની તૈયારીઓ થઈ, અને આશરે ૧૨,૦૦૦ માણસનું જેવું તેવું લશ્કર પ્રોટેસ્ટન્ટ લોકોને સ્પેનની વિરુદ્ધ મદદ કરવા માટે મોકલવામાં આવ્યું. તાલીમ વિનાના સિપાઈઓ ફાવ્યા નહિ, અને તેમનો ઘણોખરો ભાગ ટાઢ, ભૂખ, અને રોગથી નાશ પામ્યો. અંગ્રેજોના અપમાનની પરાકાષ્ટા આવી ગઈ. દરમિઆન દારૂ અને વિલાસથી જર્જરિત થએલો જેમ્સ સાઠ વર્ષની વયે નિરાશા, શોક, અને નિષ્ફળતાથી ખિન્ન થઈ મરણ પામ્યો.

✓ **સમાલોચના:** જેમ્સનું રાજ્ય કેટલીક રીતે અગત્યનું છે. તેના સમયમાં કેટલાક અંગ્રજો કાયમને માટે વેસ્ટ ઇન્ડિઝમાં જઈ વસ્યા, અને પ્યૂરિટનોએ ઉત્તર અમેરિકાનાં સંસ્થાનોનો પાયો નાખ્યો. રાજાએ આયર્લેન્ડના

અલ્સ્ટર પરગણામાં સ્કૉટ સંસ્થાનીઓને વસાવ્યા. ઇ. સ. ૧૬૦૦માં સ્થપાએલી ઈંગ્લિશ ઇસ્ટ ઇન્ડિઆ કંપનિએ હિંદ જોડે પોતાનો વેપાર ખીલવવા માંડયો. પરંતુ દેશના વિકાસમાં જેમ્સની રાજનીતિએ ખાસ ભાગ ભજવ્યો નથી. તેના આપખુદ અમલને અંતે રાજાપ્રજા વચ્ચે અંતર વધ્યું. રાજાના દરબારની અનીતિથી પ્રજામાં તેનો વક્કર ઘટી ગયો. તેના દરબારની બેહદ બદફેલીથી પ્રજાનો અંતરાત્મા કકળી ઊઠયો. ટયુડરોની પેઠે રાજ્ય ચલાવવા ઇચ્છતા જેમ્સમાં તેમની આવડત, કાબેલિયત, દીર્ઘદૃષ્ટિ, કે મનોબળ કંઈ ન હતું. જો કે તેની યોજનાઓ ચતુરાઈ ભરેલી હતી, પરંતુ મમતાના આવેશમાં પ્રજાને શું પ્રિય થશે તે જોવાની તેનામાં શક્તિ ન હતી; એટલે તેનું રાજ્ય નિષ્ફળ ગયું. તેનામાં વિદ્વત્તા હોવા છતાં તે અનુભવના બોધપાઠો શીખ્યો નહિ. એથી કરીનેજ તેના એક સમકાલીને તેને “The wisest fool in Christendom” કહીને તેના ગુણદોષનું યથાયોગ્ય નિરૂપણ કર્યું છે.

---

## પ્રકરણ ૨જું

### ચાર્લ્સ ૧લો: ઇ. સ. ૧૬૨૫–૧૬૪૯

**ચાર્લ્સના ગુણદોષ:** તરુણ ચાર્લ્સ ૨૫ વર્ષની વયે ગાદીએ આવ્યો, ત્યારે પ્રજાએ તેને હરખભેર આવકાર આપ્યો. તેનું ભવ્ય અને કદાવર શરીર, પ્રતાપી અને ગંભીર મુખમુદ્રા, શાંત સ્વભાવ, વિદ્યાકળા પર પ્રીતિ, અને ગૌરવશીલ રીતભાતને લીધે તેણે લોકોનાં મન હરી લીધાં. તેનું ખાનગી જીવન તદ્દન નિષ્કલંક હતું. તે સ્નેહાળ પિતા હતો. પરંતુ પિતાની પેઠે રાજાના ઈશ્વરી હકને માનતાં શીખ્યો હતો. રાજાઓ ભૂલ કરેજ નહિ, તેમની સત્તા અપરિમિત હોવી જોઈએ, અને દેશમાં રાજસત્તાજ સર્વોપરિ હોઈ શકે, એવા દૃઢ સંસ્કારો તેના મન પર પડી ગયા હતા, અને તેને આચારમાં મૂકવા માટે તે આતુર હતો. તેનામાં બીજો મોટો દોષ વચનભંગનો હતો.

રાજાને વળી વચન કેવાં? એની ઇચ્છામાં આવે ત્યાં સુધી તે પાળે. તેના જીવનમાં કુટિલતા ઘણી હતી. સ્વાર્થ ખાતર કપટ કરવામાં તેને ખોટું લાગતું નહિ. તેનાથી વિરુદ્ધ વર્તનાર પ્રત્યે તે સખ્તાઇથી વર્તતો. તે પિતાની પેઠે ચુસ્ત એપિસ્કોપલ-પંથી હતો, અને પ્યૂરિટનોને ખૂબ ધિક્કારતો. તેનામાં મનુષ્યની પરીક્ષા કરવાની શક્તિ ન હતી. જેમ્સની પેઠે ચાર્લ્સ પણ કાળના પ્રવાહને જાણી શક્યો નહિ.



ચાર્લ્સ ૧લો.

**ચાર્લ્સની પહેલી પાર્લમેન્ટ:** સ્પેનની જોડે યુદ્ધ ચલાવવા માટે રાજાને નાણાંની જરૂર પડી, એટલે તેણે ઇ. સ. ૧૬૨૫માં પાર્લમેન્ટ બોલાવી. પરંતુ પ્યૂરિટન પક્ષ જોરમાં હતો, અને રાજાએ પોતાનું પોત પ્રકાશ્યું હતું, એટલે વિરોધની શરૂઆત થઈ. યુદ્ધ ચલાવવાને માટે ૧,૪૦,૦૦૦ પૌન્ડ મંજુર કરવામાં આવ્યા, પણ પ્રથમ આપેલાં નાણાંનો હિસાબ માગવામાં આવ્યો. અત્યાર સુધી રાજા ગાદીએ આવે, એટલે તેને અમુક જકાત[1] ઉઘરાવવાના હક જીવન પર્યંત આપવામાં આવતા. પરંતુ આ પાર્લમેન્ટે આવો હક એક વર્ષ માટે આપ્યો, અને રાજાને ગરજાઉ બનાવવા માંડ્યો. આથી રાજાને કાં તો લોકોની ઇચ્છાનુસાર રાજ્ય કરવું પડે, અને કાં તો દેશના કાયદાનો ભંગ કરવો પડે. ચાર્લ્સે પાર્લમેન્ટ વિસર્જન કરી, અને સ્પેન જોડે

---

૧. આ જકાત Tunnage અને Poundage કહેવાતી. દરેક બંદરે આવતા દારૂના દર ટન દીઠ ૧$\frac{1}{2}$ થી ૩ શિલિંગ સુધી, અને આવતા જતા માલના દર પાઉન્ડ દીઠ અર્ધાથી એક શિલિંગ સુધી જકાત લેવાતી, અને તે રાજાને મળતી.

એકલે હાથે યુદ્ધ કરવાનો નિશ્ચય કર્યો. તેણે લોકો પાસેથી બળાત્કારે નાણાં ઉઘરાવવા માંડયાં. પછી એક કાફલો સ્પેન તરફ મોકલવામાં આવ્યો. પરંતુ આ બધો બહારનો ઠાઠ હતો; લશ્કરમાં કંઈ ઝાઝા રામ ન હતા, અને તેને માટે નાણાંનો, ખાવાપીવાનો, કે પહેરવાઓઢવાનો બંદોબસ્ત પણ ન હતો. જેમ તેમ કરીને આ લશ્કર કેડિઝ બંદરે પહોંચ્યું. બકિંગહામનો વિચાર કેડિઝ લૂંટી લેવાનો હતો; પણ તેની મુરાદ મનમાં રહી ગઈ; આ લશ્કર કેડિઝની પાડોશમાં આમ તેમ ફરીને દેશમાં પાછું આવ્યું.[1]

**બીજી પાર્લમેન્ટ:** ઇ. સ. ૧૬૨૬. ચાર્લ્સે પાર્લમેન્ટ બરખાસ્ત કરી, પણ તેને નાણાંની જરૂર પડી. તેણે રાજનું ઝવેરાત ઘરાણે મૂકયું, લોકો પાસેથી બળાત્કારે નાણાં લીધાં અને લોન કાઢી; છતાં પૂરતાં નાણાં મળ્યાં નહિ, એટલે બીજી પાર્લમેન્ટ બોલાવવી પડી. ચાર્લ્સે કેટલાક જુના સભ્યોને શેરીફ[2] બનાવ્યા, છતાં નવા સભાસદો તરીકે પણ ચુસ્ત પ્યૂરિટનો આવ્યા. તેઓ રાજાને જોઈતાં નાણાં આપવા તૈયાર ન હતા, અને બકિંગહામથી લોકો કંટાળી ગયા હતા, એટલે નાણાં આપવાને બદલે બકિંગહામ પર કામ ચલાવવાની વાતો કરવા લાગ્યા. બકિંગહામ પર લાંચનો અને ગેરઅમલનો આરોપ મૂકવામાં આવ્યો. આથી રાજા ખૂબ ખીજવાયો. તેણે સર જ્હૉન ઇલિયટ નામના શૂરા અને નીડર દેશભક્ત અને બીજા નાયકોને બંદીખાને નાખ્યા. પાર્લમેન્ટે તેમને છોડી મૂકવાની માગણી કરી; સભ્યોએ કહ્યું કે તેમના છુટા થયા વિના અમે કશું કામ કરવાના નથી, એટલે તેમને છોડી દેવાની રાજાને ફરજ પડી. પાર્લમેન્ટે બકિંગહામ પરની ફરિયાદોનો નિકાલ થતા સુધી નાણાં આપવાની ચોકખી ના પાડી, એટલે રાજાએ પાર્લમેન્ટ બરખાસ્ત કરી.

**રાજાની આપખુદી:** ચાર્લ્સે નાણાં મેળવવા નવા રસ્તા શોધ્યા. તેણે લોકો પાસેથી બળાત્કારે ઉછીનાં નાણાં લેવા માંડયાં, અને નાણાં મેળ-

---

૧. There was a fleet that went to Spain,
When it got there, it came back again.

૨. શેરીફથી પાર્લમેન્ટના સભ્ય થવાતું નહિ.

વવા અમલદારોને પરગણાંમાં મોકલ્યા. સૌ જાણતા હતા, કે રાજા આ કરજ પાછું વાળવાનો નથી. ઉપરાંત સાધારણ માણસોને લશ્કરમાં જોડાવાની ફરજ પાડવામાં આવી, અને સિપાઈઓનો ખાવાપીવાનો બંદોબસ્ત લોકોએ કરી આપવો એવો હુકમ કાઢ્યો. લોકોને ખુશી કરી જશ ખાટી જવાના હેતુથી બકિંગહામે ફ્રાન્સ જોડે લડાઈ ચલાવી; પણ તેનો ધારેલો દાવ નિષ્ફળ ગયો; ઉલટું પરાજયની ભોંઠપથી પ્રજાના ક્રોધાગ્નિમાં ઘી રેડાયું.

રાજાની આપખુદીનો સુમાર ન રહ્યો. તેણે શાંતિના સમયમાં લશ્કરી કાયદો જાહેર કરી લોકોને બંદીખાને નાખવા માંડયા. હા જી હા કરનારા ન્યાયાધીશો રાજાનાં કામોને વાજબી ઠરાવતા, અને આપખુદ અમલમાં સહાયરૂપ બનતા. એથી લોકોને લાગ્યું કે કાયદાની રૂએ પણ તેઓ રક્ષણ મેળવી શકે તેમ નથી.

ઇ. સ. ૧૬૨૮માં ત્રીજી પાર્લમેન્ટ મળી, પણ તેમાં ચુંટાએલા સભ્યો અડગ અને નિર્ભય હતા. સર જૉન ઇલિયટ અને પિમે ખરડો ઘડી કાઢ્યો અને તેને રાજા મંજુર ન કરે, ત્યાં સુધી નાણાં આપવાની ચોકખી ના પાડી. આ કાયદાને '**હકની અરજી**' (Petition of Right) કહેવામાં આવે છે. આમાં રાજા પાસે ચાર માગણીઓ કરવામાં આવી.

૧. પાર્લમેન્ટની સંમતિ વિના રાજાએ કોઈની પાસેથી બળાત્કારે નાણાં લેવાં નહિ.
૨. કંઈ પણ કારણ બતાવ્યા વિના કોઈને કેદમાં નાખવો નહિ.
૩. શાંતિના સમયમાં લશ્કરી કાયદો દાખલ કરવો નહિ.
૪. સિપાઈઓને ખવડાવવા માટે ખાનગી આસામીઓને ફરજ પાડવી નહિ.

આ માગણીઓ મંજુર કરવાથી ચાર્લ્સનું કર્યુંકારવ્યું ધૂળમાં જાય એમ હતું, પણ અત્યારે બીજો ઉપાય ન હતો. લડાઈ અને ઉડાઉ ખર્ચોનો બોજો એટલો બધો હતો, કે રાજાને આ અરજીમાં સહી કરવી પડી. જો કે ન્યાયાધીશોએ રાજાને સમજાવ્યો હતો, કે આ અરજીમાં સહી કર્યાથી કોઈ પણ પ્રકારનું બંધન નડતું નથી; પરંતુ આ હકપત્રિકામાં રાજાની સહી થવાથી લોકોને આનંદ થયો. ઉમરાવોની સભામાં રાજાની સહી કર્યાની વાત જાહેર થઈ, ત્યારે સભ્યોએ હર્ષનાદ કર્યો. આખા દેશમાં એ ખબર ફેલાતાં લોકોએ

ઉઘરાણી કરી. પરંતુ થોડા સમયમાં રાજાની મનોવૃત્તિ પ્રકટ થઈ. તેને તો નાણાં જોઈતાં હતાં. નાણાં મળ્યાં એટલે વચન પાળવાની દરકાર નહોતી.[1]

**બકિંગહામનું ખૂન:** ઇ. સ. ૧૬૨૮. આ વર્ષમાં એક અણધાર્યો બનાવ બન્યો. બકિંગહામે ફ્રાન્સ પર બીજી ચડાઈની તૈયારી કરવા માંડી, અને લશ્કરને રવાના કરવા તે પૉર્ટસ્મથ ગયો. ત્યાં ફેલ્ટન નામના લશ્કરી અમલદારને કંઈક અન્યાય થયો, એટલે તેણે બકિંગહામ પર વેર લેવાનો નિશ્ચય કર્યો. તેણે લાગ જોઈને બકિંગહામની છાતીમાં ખંજર ભોંકી તેનો પ્રાણ લીધો. તેના પર કામ ચલાવવામાં આવ્યું, ત્યારે તેણે કહ્યું કે બકિંગહામને દેશનો શત્રુ જાણીને મેં માર્યો છે. બકિંગહામના મૃત્યુથી પાર્લમેન્ટ અને ચાર્લ્સ વચ્ચેની તકરારનું મોટું કારણ દૂર થયું, છતાં ચાર્લ્સનો માર્ગ જેવો ને તેવોજ હતો. 'હકની અરજી'માં સહી કર્યા છતાં તે પ્રમાણે વર્તવાનો તેનો વિચાર નહોતો. તેણે પાર્લમેન્ટે મના કરેલી જકાતો ઉઘરાવવા માંડી, અને જેઓ ના પાડે કે સામા થાય તેમને બંદીખાને મોકલવા માંડ્યા. પાર્લમેન્ટે રાજાનાં ગેરવાજબી કામો સામે સખત વિરોધ ઉઠાવ્યો. તે સમયે ધર્મખાતામાં થતા કેટલાક ફેરફારો પાર્લમેન્ટને પસંદ ન હતા, તેથી એવો ઠરાવ આવ્યો કે જેઓ ધાર્મિક વહીવટમાં સુધારા કરે, અને વધારાની જકાત ઉઘરાવે કે આપે, તે સર્વ દેશના શત્રુ છે. પ્રમુખે કહ્યું કે "રાજાનો હુકમ થયો છે કે સભા બરખાસ્ત કરવી." પરંતુ કેટલાક સભ્યોએ સભાગૃહનાં બારણાં વાસી દીધાં; બે સભ્યોએ પ્રમુખનો ઝભ્ભો પકડી તેને ખુરસી પર બેસાડી રાખ્યો, અને સભાનું કામ આગળ ચાલ્યું. આ સાંભળી ક્રોધાંધ રાજાએ પાર્લમેન્ટ વિસર્જન કરી, અને ઇલિયટ વગેરે આગેવાનોને કેદમાં નાખ્યા, ઇ. સ. ૧૬૨૯.

**સ્ટ્રેફર્ડ:** ઇ. સ. ૧૬૨૯થી ૧૬૪૦ સુધી રાજાએ પાર્લમેન્ટ વિના આપખુદ અમલ ચલાવ્યો. તેનો મુખ્ય સલાહકાર ટૉમસ વૅન્ટવર્થ નામનો એક સમર્થ અને બુદ્ધિશાળી પુરુષ હતો. તે મહેચ્છુ, ધીર, શૂરો, હિંમતવાન, ચપળ, અને અચ્છો વક્તા હતો, પણ તે ક્રૂર અને અભિમાની હતો. શરૂઆતમાં તે લોકોના પક્ષમાં હતો ત્યારે રાજાને અળખામણો થઈ પડ્યો

---

૧. પાર્લમેન્ટે બકિંગહામ પર આરોપ મૂક્યા ત્યારે રાજાએ કહ્યું, "હું મારા ઉંચા અધિકારવાળા અને નિકટના નોકરો સંબંધી સભ્યોને ચર્ચા ચલાવવા દઈશ નહિ."

હતો, પણ બકિંગહામના મરણ પછી રાજાએ તેને બોલાવી લીધો. તેના જુના મિત્રો તેની આવી વર્તણુકથી ગુસ્સે થયા, અને તેમણે કહ્યું કે "તું અમને છોડીને જાય છે, પણ તારા ધડ પર માથું હશે ત્યાં સુધી અમે તને છોડનાર નથી." રાજાએ તેને અર્લ ઑવ્ સ્ટ્રેફર્ડ બનાવી પહેલાં ઈંગ્લેન્ડના ઉત્તર ભાગનો, અને પછી આયર્લૅન્ડનો ઉપરી નીમ્યો. તેના અમલ દરમિઆન વેપાર વધ્યો, એટલે લોકોની આબાદી વધી; પરંતુ તેણે કડક અમલ ચલાવી લોકોની સ્વતંત્રતા છીનવી લીધી, અને પોતાની ઇચ્છા મુજબ વહીવટ ચલાવ્યો. તેની ઇચ્છા દેશની અદાલતોની સ્વતંત્રતા છીનવી લઈને, અને લોકોની સ્વતંત્રતા પર કાપ મૂકીને ચાર્લ્સને સ્વતંત્ર રાજા બનાવવાની હતી. આ ઇચ્છા પાર પાડવા માટે તેણે બહાલી લશ્કર રાખ્યું, અને રાજાની ઇચ્છા પ્રમાણે વર્તવાની લોકોને ફરજ પાડી.[1] આયર્લૅન્ડમાં તેણે આવું લશ્કર ઉભું કરીને પ્રજાની વિરુદ્ધ તેનો ઉપયોગ કરવાની સલાહ ચાર્લ્સને આપી.

લૉડ: વિલિયમ લૉડ લંડનનો ધર્માધ્યક્ષ હતો. તે સત્તાનો ભૂખ્યો હતો, અને ધર્મખાતાનો વહીવટ તેના હાથમાં હતો. તે પંડિત હતો, પણ સાંકડા વિચારનો હતો. તે પ્યૂરિટનોનો કટ્ટો વિરોધી અને રાજાના ઈશ્વરદત્ત હકને માનનારો હતો. તે આગ્રહી, ઉત્સાહી, અને ચપળ હતો, પણ તેને બીજાનાં કામોમાં ડખલગીરી કરવાનો શોખ હતો. સ્ટ્રેફર્ડની પેઠે ધાર્મિક વિષયોમાં એકતા આણવાનો તેનો મનસુબો હતો. તેના ધાર્મિક વિચારો કેથોલિક મતને વધારે મળતા હતા. તેણે તે પંથની અનેક વિધિઓ એપિસ્કોપલ પંથમાં દાખલ કરી, એટલે પ્યૂરિટનોએ પોકાર ઉઠાવ્યો. તેણે સ્ટાર ચેમ્બર કોર્ટ અને હાઈ કમિશન કોર્ટની મદદથી નાના મોટાનો ભેદ રાખ્યા વિના એપિસ્કોપલ પંથના વિરોધીઓને દંડવા માંડ્યા. ચાર્લ્સના રાજ્યારોહણ પહેલાં આ અમલદારોની સત્તા મર્યાદિત હતી, પણ તેના આપખુદ અમલમાં અમલદારોએ લોકોને માર મારીને કેદમાં મોકલવા માંડ્યા.[2] પરંતુ દંડાએલા કે સજા

૧. આ યોજનાને 'Thorough' કહેવામાં આવે છે.

૨. સ્કૉટ ડૉક્ટર લીટનને દીક્ષિતો (Bishops) વિરુદ્ધ લખાણ કરવા બદલ કાન કાપી કોરડા મારવાની સજા કરી. પ્રીને નાટકો વિરુદ્ધ લખાણ કરેલું, તેથી સ્ટાર ચેમ્બર કોર્ટે તેને કેદમાં નંખાવી કાન કપાવી નાખ્યા.

પામેલા લોકો પ્રત્યે પ્રજાની સહાનુભૂતિ વધતી ગઈ, અને રાજા પ્રત્યેનો વિરોધ ઉંડો જતો ગયો. જેમ્સ ૧લાના સમયથી અનેક શ્રદ્ધાળુ લોકો પરદેશ જવા લાગ્યા હતા, અને લૉડના કડક અમલમાં અનેક ભક્તિશૂરા પ્યૂરિટનો ઉત્તર અમેરિકામાં વસવાટ કરવા ચાલ્યા ગયા. ચાર્લ્સ ૧

**પાર્લમેન્ટ વિનાનું રાજ્યઃ** ઇ. સ. ૧૬૨૯–૧૬૪૦. રાજાએ વફાદાર સેવકોની સલાહ પ્રમાણે ચાલીને પાર્લમેન્ટ બોલાવી નહિ, પણ નાણાંની ગરજ ઓછી થાય એ હેતુથી ફ્રાન્સ જોડે સંધિ કરી. દરમિઆન રાજાએ અમીરો, વેપારીઓ, મધ્યમ વર્ગના લોકો, અને ગરીબો–સર્વને સરખી રીતે રંજાડવા માંડયા. જંગલના જુના કાયદા કાઢી "તમે સરકારી જમીન પચાવી પાડી છે" એમ કહી લોકો પાસેથી ભારે દંડ વસુલ કર્યો. ફયૂડલ ધારાને સજીવન કરી માણસો પાસેથી લશ્કરી નોકરી અને તેમ નહિ તો તેના બદલાનો દંડ માગવા માંડયો. ઉપરાંત કેટલાક કાળથી બંધ પડેલો વહાણવેરો શરૂ કર્યો. શરૂઆતમાં લોકોએ જાણ્યું કે ચાંચીઆનો ભય ટાળવા માટે આ કર નાખવામાં આવ્યો છે. પરંતુ ઇ. સ. ૧૬૩૫માં ચાર્લ્સે બંદરો ઉપરાંત બધાં ગામો પાસેથી એ કર લેવાનો હુકમ કર્યો. ઇ. સ. ૧૬૩૭માં જૉહાન હેમ્પડન નામના ગૃહસ્થને ૨૦ શિલિંગનો વહાણવેરો ભરવાનો આવ્યો, પણ તેણે એ કર આપવાની ના પાડી. હેમ્પડન આવી નાની રકમ આપી શકે એમ હતું, પણ તેણે તો હકની લડત ઉપાડી. તે લંડનની અદાલત સુધી લડયો. બાર ન્યાયાધીશોમાંથી સાત ન્યાયાધીશોએ ઠરાવ્યું કે રાજાને ગમે તે રીતે અને ગમે તે વખતે કર નાખવાની સત્તા છે; પણ બાકીના પાંચે હેમ્પડનના લાભમાં ચુકાદો આપ્યો. જો કે બહુમતીએ હેમ્પડન હાર્યો, પણ લોકોની ખાતરી થઈ કે આ વેરો કેવળ અન્યાયી છે. લોકો અસંતોષથી આ વેરો



જૉહાન હેમ્પડન

ભરતા. ચાર્લ્સને પાર્લમેન્ટ બોલાવવાની જરૂર પડી ન હોત, તો આમ ને આમ રાજ્યનું ગાડું ગબડયું જાતઃ છતાં પાર્લમેન્ટ બોલાવવાની જરૂર પડી.

**સ્કૉટલેન્ડ અને ચાર્લ્સઃ** જેમ્સ ૧લાએ સ્કૉટલેન્ડમાં એપિસ્કોપલ પંથ દાખલ કરવાનો પ્રયત્ન કર્યો, અને સ્કૉટ લોકો તે સાંખી રહ્યા. ચાર્લ્સે પિતાનું અધુરૂં કાર્ય પૂરૂં કરવા ધાર્યું. ધર્માંધ લૉડે ચાર્લ્સને સમજાવ્યું કે ધાર્મિક એકતા માટે સ્કૉટલેન્ડમાં પણ ઈંગ્લેન્ડના જેવી પ્રાર્થનાપદ્ધતિ દાખલ કરવી. સ્કૉટ લોકોને લાગ્યું કે રાજા સ્કૉટલેન્ડમાં રોમન કેથોલિક ધર્મ દાખલ કરવા માગે છે. એડિન્બરોનો ધર્માધ્યક્ષ નવી પ્રાર્થના વાંચવા ઉભો થયો, કે કોઈએ તેના ઉપર છુટું બાજઠ ફેંકયું. પરિણામે દેશમાં બંડ ઉઠયું. સ્કૉટ લોકોએ પ્રતિજ્ઞા કરી કે મરતાં સુધી આવા જુલમની અને પોપની સામા થવું. ગરીબ અને તવંગર, અમીર અને પાદરી, સર્વેએ એકઠા મળી એક પ્રતિજ્ઞાપત્ર–'Covenant' તૈયાર કર્યું. હજારો લોકોએ તેમાં સહી કરી. કેટલાક તો એવા આવેશમાં આવી ગયા કે સહી કરતી વખતે તેમની આંખોમાં આંસુ આવી ગયાં. કેટલાકે પોતાના શરીરમાંથી લોહી કાઢીને તે વડે સહી કરી. એ પ્રતિજ્ઞા એવી હતી, કે ભીડ પડે ત્યારે એક બીજાને મદદ કરવી, અને ચાર્લ્સ તથા લૉડ ધર્મમાં જે કંઈ ફેરફાર કરે તેની સામે થવું. પછી ગ્લાસગોમાં સભા મળી, તેમાં એપિસ્કોપલ પ્રાર્થનાપદ્ધતિ અને પોથીને નામંજુર કર્યાં. ચાર્લ્સે સ્કૉટ લોકોનો વિરોધ દબાવી દેવાનો નિશ્ચય કર્યો, પણ બંને બાજુએ લડાઈની તૈયારી થવા લાગી. સ્કૉટ લોકોએ શૂરવીર, ઉત્સાહી, અને કાબેલ અમલદારોના હાથ નીચે ૨૦,૦૦૦ ચુનંદા માણસોનું લશ્કર તૈયાર કર્યું. રાજા પોતાનું લશ્કર લઈ સામે ગયો. તેનું લશ્કર જોઈએ તેવું તૈયાર ન હતું, અને તેમાંના ઘણા સિપાઈઓ સ્કૉટ લોકોનો પક્ષ કરનારા હતા, એટલે બેરિક સુધી આવીને રાજા લડયા વિના પાછો ગયો. તે સામાન્ય સભા અને પાર્લમેન્ટ ઠરાવે તેવી સંધિ કરવાનું વચન આપતો ગયો; છતાં પાર્લમેન્ટે એવી માગણી કરી કે રાજાએ સ્કૉટલેન્ડ જોડે ફરી યુદ્ધ કરવાનો નિશ્ચય કર્યો. તેણે સ્ટ્રેફર્ડને આયર્લેન્ડથી પાછો બોલાવી લશ્કરની તૈયારી કરવા માંડી. આ યુદ્ધ માટે નાણાં મેળવવા ઈ. સ. ૧૬૪૦માં રાજાએ પાર્લમેન્ટ બોલાવી. પાર્લમેન્ટે નાણાં આપવાને બદલે ચાર્લ્સે કરેલા જુલમોની

ફ્રાદ માગવા માંડી, અને સ્કૉટલૅન્ડ જોડેની લડાઈને ગેરવાજબી ઠરાવી. રાજાએ ત્રણ અઠવાડીઆંમાં આ પાર્લમેન્ટને પણ વિસર્જન કરી.[1]

જો કે સ્ટ્રેફર્ડે લશ્કર ઊભું કર્યું, અને લોકો પાસેથી નાણાં કઢાવ્યાં; પણ લશ્કર તાલીમ વગરનું હતું, અને તેમાંના પ્યૂરિટનો સ્કૉટ લોકો સામે લડવા ખુશી ન હતા. એવામાં વિજયી સ્કૉટ લોકો ન્યૂકેસલ સુધી આવી પહોંચ્યા, એટલે રાજાને નમતું આપવું પડયું. તેણે સ્કૉટ લોકોની સર્વ માગણીઓ સ્વીકારી, અને મોટી રકમ આપવાનું વચન આપ્યું, પરંતુ એ નાણાં લાવવાં ક્યાંથી? ઇ. સ. ૧૬૪૦માં રાજાએ પાર્લમેન્ટ બોલાવી. આ પ્રસિદ્ધ પાર્લમેન્ટને **'લાંબી પાર્લમેન્ટ'** કહે છે; કેમકે તે ઇ. સ. ૧૬૬૦ સુધી ચાલુ રહી.

**લાંબી પાર્લમેન્ટ:** ઇ. સ. ૧૬૪૦–૫૩. નવેમ્બરની ૩જી તારીખે પાર્લમેન્ટની પહેલી સભા મળી, ત્યારે ચાર્લ્સની સ્થિતિ દયામણી હતી. તે સ્કૉટ લોકોને નાણાં આપવાનું વચન પાળી શકે એમ ન હતું. તેની પાસે લશ્કર ન હતું, અને સ્કૉટ લોકો પોતાનું લશ્કર પાર્લમેન્ટને સોંપવા તૈયાર હતા. ક્રિયાકાંડના આડંબરવાળી લૉડની ઉપાસનાવિધિને ધિક્કારનારા પ્યૂરિટનો, સાર્વજનિક હિતનાં અને રાજદ્વારી કામોથી દૂર રાખવામાં આવેલા ગૃહસ્થો, અને કરવેરાથી ત્રાસી રહેલા વેપારીઓ સૌ ચાર્લ્સના અમલની સામે થવામાં એકમત હતા. તેમનું માનવું એવું હતું, કે માત્ર કાયદા સારા હોય તેથી શું? એ કાયદા રાજા પાસે પળાવી શકાય તેટલું પ્રજામાં શૂરાતન જોઈએ: છતાં પાર્લમેન્ટના સભ્યોનો વિચાર બંડ જગાડવાનો ન હતો. તેમને તો માત્ર રાજ્યની સ્થિતિ સુધારવી હતી, અને રાજાને સારી રીતે રાજ્ય કરવાની ફરજ પાડવી હતી; વધારામાં દેશમાં કાયદાનો અમલ બેસાડી પાર્લમેન્ટના હક સુરક્ષિત રાખવા હતા. એક આગેવાન વક્તાએ કહ્યું, "આપણે તો ઈશ્વરનું કામ કરવા એકઠા મળ્યા છીએ; જોડે રાજાનુંએ ખરું." આથી પાર્લમેન્ટે વિગ્રહના ખર્ચની મંજુરી આપી, અને ચાર્લ્સના જુલમોનો વિચાર કરવા માંડયો. પરિણામે સ્ટાર ચેમ્બર અને હાઈ કમિશન કોર્ટ જેવી જુલમી અદાલતો કાઢી નાખી, વહાણવેરો રદ કર્યો, અને કેદીઓને છુટા કરવામાં આવ્યા.

---

૧. આને ટુંકી પાર્લમેન્ટ કહે છે. તેમાં દૃઢ મનનો, અસાધારણ હિંમત અને અદ્ભુતવક્તૃત્વશક્તિવાળો જ્હૉન પિમ, અને છાતીરખો હેમ્પડન એ બે નાયકો હતા.

હવે પાર્લમેન્ટે રાજાના માનીતા પણ પ્રજાના જુલમગારોની ખબર લેવા માંડી. સ્ટ્રેફર્ડ અને લૉડને કેદમાં પૂરવામાં આવ્યા. પિમે સ્ટ્રેફર્ડ ઉપર રાજદ્રોહનો આરોપ મૂકયો અને કહ્યું, આ રાજદ્રોહ એટલે રાજાનો દ્રોહ એમ નહિ પણ પ્રજાનો દ્રોહ સમજવો. અમીરોની સભામાં આ આરોપની તપાસ ચાલી. શરૂઆતમાં સ્ટ્રેફર્ડે આ આરોપની દરકાર કરી નહિ, પરંતુ અમીરોની સભામાં શું ચાલે છે એ સાંભળવા તે ગયો હતો, ત્યાંથી તેને પકડીને કિલ્લામાં મોકલી દીધો. રાજદ્રોહનો આરોપ પુરવાર કરવાની મુશ્કેલી લાગી, એટલે આમની સભાએ ઠરાવ્યું કે સ્ટ્રેફર્ડ દેહાંતદંડને લાયક છે. આ ખરડો પસાર કરવામાં અમીરોએ આનાકાની કરી, પણ તેવામાં એવી અફવા ઊડી કે ઉત્તરમાં રાજા લશ્કર તૈયાર કરે છે, અને તેની મદદથી તે સ્ટ્રેફર્ડને છુટો કરનાર છે. તરતજ અમીરોએ ખરડો પસાર કર્યો. "તારો વાળ પણ વાંકો નહિ થવા દઉં" એવું વચન આપનાર રાજાએ વફાદાર નોકરના શિરચ્છેદના હુકમ પર સહી કરી.[1]

સત્તાના જોશમાં પાર્લમેન્ટે એવો ખરડો પસાર કર્યો, કે આ પાર્લમેન્ટને તેની સંમતિ વિના રાજાએ વિસર્જન કરવી નહિ. વળી દર ત્રણ વર્ષે પાર્લમેન્ટ મળવીજ જોઈએ. રાજાને પાર્લમેન્ટ પાસેથી નાણાં લેવાની લાલચ હતી, એટલે તેણે બંને ખરડા પર સહી કરી.

હવે પાર્લમેન્ટે ધાર્મિક સુધારાનું કાર્ય હાથમાં લીધું. આ સભામાં કેટલાક ચુસ્ત પ્યૂરિટન, કેટલાક પ્રેસ્બિટિરિયન, અને કેટલાક એપિસ્કોપલ

૧. આ સાંભળી સ્ટ્રેફર્ડ બોલ્યો, "રાજાઓનો વિશ્વાસ કોઈ કરશો નહિ." ઇ. સ. ૧૬૪૧ના મેની ૧૨મી તારીખે તે વધસ્થંભ તરફ ચાલ્યો. રસ્તામાં લૉડે બંદીખાનાની બારીમાંથી હાથ લંબાવી તેને છેલ્લો આશિર્વાદ આપ્યો. સ્ટ્રેફર્ડે શાંતિ અને ધૈર્યથી મૃત્યુની તૈયારી કરી. તેણે પ્રભુપ્રાર્થના કરી, અને આસપાસ એકઠા થએલા મિત્રોને કહ્યું, કે "હું મૃત્યુથી ડરતો નથી; સુવા જતી વખતે હું જેટલા આનંદથી મારી બંડી ઉતારૂં છું, તેટલાજ આનંદથી અત્યારે પણ ઉતારૂં છું." પછી જલ્લાદને મારી આપી તેણે ઢીમચા પર માથું મૂકયું; કુહાડી પડી અને એકજ ઝટકે તે ધડથી જુદું થઈ ગયું: જુલમગારને છેલ્લી વિદા જોવા હજારો લોકો એકઠા થયા હતા. તેમણે હર્ષના પોકાર કર્યા: "તેનું માથું ઊડી ગયું." સ્ટ્રેફર્ડના મસ્તક જોડે એકહથ્થુ અને બીનજવાબદાર રાજ્યપદ્ધતિ ઊડી ગઈ.

સભ્યો હતા. પ્યૂરિટનો એપિસ્કોપલ પંથને નાબુદ કરવા માગતા હતા, એટલે તેમણે પાર્લમેન્ટમાં તે મતલબનો ખરડો આણ્યો. અત્યાર સુધી રાજાની સામે થવામાં એકત્ર બનેલી પાર્લમેન્ટમાં હવે બે તડ પડયાં: જુના વિચારને વળગી રહેનારા લોકોને પ્યૂરિટનોની વાત પસંદ પડી નહિ. તેમણે રાજાના પક્ષમાં ભળવાનું પસંદ કર્યું. કેટલાકનો મત રાજાની તરફેણમાં વળ્યો. રાજાએ આપણું કહ્યું કર્યું છે, આપણે તેના સલાહકારોને સજા કરી છે, તો હવે શા માટે હદ પાર જવું જોઈએ? આટલેથી ચાર્લ્સનો પક્ષ સબળ થયો. તે સ્કૉટલેન્ડ જઈ લોકપ્રિય થવાના પ્રયત્નો કરવા લાગ્યો. તે દરમિઆન આયર્લેન્ડમાં બંડ જાગ્યું, અને હજારો પ્રોટેસ્ટન્ટોની કતલ કરવામાં આવી. લોકોમાં વાત ચાલી કે રાજારાણીનો આમાં હાથ છે. પાર્લમેન્ટના પ્યૂરિટન પક્ષે આ વાતને સાચી માની, અને પાર્લમેન્ટ મળી ત્યારે પિમ અને તેના મિત્રોએ તકનો લાભ લઈ એક લેખ તૈયાર કર્યો. તેમાં સર્વ વૃત્તાંતોનો વિગતવાર હેવાલ આપી ચાર્લ્સની રાજનીતિને વખોડી કાઢવામાં આવી, અને પ્રજાની ફરિયાદો રજુ કરી તે દૂર કરવાના ઉપાયો સૂચવવામાં આવ્યા. આ લેખને **'મોટો વાંધો'** કહે છે. આ લેખ વિષે પાર્લમેન્ટમાં બંને પક્ષ વચ્ચે જબરી તડાતડી થઈ. સવારના નવથી રાતના અગિઆર સુધી દલીલો અને તકરારો થઈ, અને માત્ર ૧૧ વધુ મતે તે પસાર થયો. તેમાં મુખ્ય માગણી એ હતી કે જેમનામાં લોકો વિશ્વાસ મૂકી શકે તેવા માણસોને રાજાએ પ્રધાનો નીમવા; પણ કેટલાકને લાગ્યું કે પ્યૂરિટન પક્ષની માગણીઓ મંજુર થાય, તો રાજા માત્ર શોભાનું પુતળું બની જાય. આ લેખની હજારો નકલો છપાવી ગામેગામ વહેંચવામાં આવી. એથી પ્રજામાં હાહાકાર થઈ ગયો. જ્યાં ત્યાં રાજાની અને તેનાં કામોની નિંદા થવા લાગી, અને પ્રાણાંતે પણ પાર્લમેન્ટની પડખે ઉભા રહેવાનો લોકોએ નિશ્ચય કર્યો.

**પિમ વગેરે ઉપર ધસારો:** મોટા વાંધાને લીધે એક પક્ષે ચાર્લ્સની તરફદારી કરી. તે પક્ષના સભ્યો અંતીમ ઉપાયો લેવા તૈયાર ન હતા. ચાર્લ્સ ડાહ્યો અને સુજાણ હોત, તો આ લોકોની મદદથી કામ લઈ શકત. પરંતુ તેણે એક એવું પગલું ભર્યું, કે પ્રજાપ્રકોપનો અગ્નિ ભભૂકી ઊઠયો.

રાજાને કાને ઊડતી વાત આવી, કે પ્રજાપક્ષના આગેવાનો રાણી ઉપર કંઈક તહોમત મૂકવા માગે છે. તેણે પોતાના વકીલને ફરમાવ્યું કે પિમ, હોલિસ, હેઝરિગ, હેમ્પડન વગેરે સભ્યો પર રાજદ્રોહનો આરોપ ઘડી કાઢો. રાણીએ રાજાને ભંભેરીને કહ્યું, "જા, બાયલા, જા! એ મૂંડિયાને કાન પકડીને બહાર ખેંચી કાઢ." ચારસો પાંચસો સિપાઈઓ લઈને રાજા આમની સભામાં ચાલ્યો (ઇ. સ. ૧૬૪૨), અને પ્રમુખની ખુરસી ઉપર બેસી પૂછ્યું, કે પિમ વગેરે "પાંચ સભાસદો કયાં છે?" ચતુર પ્રમુખે ઉત્તર આપ્યો, "મહારાજ, આમની સભા આજ્ઞા કરે, તે વિના બીજું કંઈ જોવા કે કહેવાને મારે આંખ કે જીભ નથી." રાજાએ નજર ફેરવી જોયું, તો એ પાંચે સભ્યો ન મળે. "મારાં પંખીડાં ઊડી ગયાં છે" એવું કહીને ભોંઠો પડેલો રાજા પાછો ગયો.

આપખુદીની પરિસીમા આવી રહી. આજ સુધી કોઈ રાજાએ આવું કર્યું ન હતું. આમ કરવાથી મોટા પટ્ટાના કરારનો ભંગ થતો હતો. રાજાના ગયા પછી સભામાં ઘૂમરાણ મચી. 'અધિકાર' 'અધિકાર'ના પોકારો થઈ થઈ રહ્યા. ગમે તેમ થાય તોપણ એ પાંચ સભ્યોને રાજાને હવાલે સોંપવા નહિ, એવો નિશ્ચય થયો. વેસ્ટ મિન્સ્ટરની પાર્લમેન્ટ લંડન ગઈ, અને ત્યાં તેનું કામકાજ ચાલવા લાગ્યું; કેમકે લંડનવાસીઓ પાર્લમેન્ટના પક્ષના અને દૃઢ નિશ્ચયવાળા હતા. પિમ આદિ પાંચ સભ્યોને પણ તેમણેજ આશ્રય આપ્યો હતો, અને તેમને પકડવાને માટે રાજાએ કરલા પ્રત્યેક પ્રયત્નને તેમણે નિષ્ફળ કર્યો. આ સભ્યો પાર્લમેન્ટની સમિતિઓમાં કામ કરતા, અને અન્ય સભ્યોને પોતાની બુદ્ધિ અને શક્તિનો લાભ આપતા. એક અઠવાડીઆ બાદ તેઓ સભામાં છડેચોક આવીને બેઠા. અત્યાચારથી ઉશ્કેરાએલા લોકો રાજમહેલને ઘેરી લેવા લાગ્યા, તેમજ પોતાનો ગુસ્સો અને ધિક્કાર પ્રગટ કરવા લાગ્યા. રાજાએ જોયું કે હવે લંડનમાં રહેવામાં સલામતી નથી; વધારે વિલંબ થયો તો ગમે તે બહાને પણ પાર્લમેન્ટ તેને નજરકેદ રાખશે. તેણે પાટનગર છોડયું, અને અદાલતમાં કરેલાં કુકર્મોનો જવાબ આપવાનેજ પાછો આવ્યો. રાણી જરઝવેરાત લઈ પતિને માટે હથિયાર, દારૂગોળો વગેરે મેળવવા નેધર્લૅન્ડઝ તરફ ગઈ.

## પ્રકરણ ૩જું

### ચાર્લ્સ ૧લો : રાજાપ્રજા વચ્ચે યુદ્ધ

**લડાઈની તૈયારીઃ** આ સ્થિતિએ મામલો પહોંચ્યા પછી લડાઈ કર્યા વિના છૂટકો જ નહોતો, છતાં પાર્લમેન્ટ યુદ્ધનો આરંભ કરવા ઇચ્છતી ન હતી; તેને તો રાજા દેશના કાયદા પ્રમાણે બંધારણપૂર્વક રાજ્ય કરે એટલું જ જોઈતું હતું. રાજાએ નિયમ પ્રમાણે ચાલવાનું વચન આપ્યું, પણ પાર્લમેન્ટને તેના ઉપર વિશ્વાસ બેસતો ન હતો. પાર્લમેન્ટે ધાર્યું કે મુલ્કી કે લશ્કરી સત્તા રાજા પાસેથી લઈ લેવાથી રાજા સુધરી જશે. રાજા તરફથી વિષ્ટિનાં કહેણ આવતાં હતાં. જવાબમાં પાર્લમેન્ટે એવી માગણી કરી કે લશ્કર અને નૌકાસૈન્યના સેનાપતિની પસંદગી પાર્લમેન્ટ કરે, અને કિલ્લા, દારૂગોળો અને લશ્કર પણ પાર્લમેન્ટને સ્વાધીન રહે. આ માગણી સાંભળીને રાજા બોલી ઊઠ્યો, “એક કલાક પણ એ સત્તા ન આપું; મારાં સ્ત્રીપુત્રોને પણ એ હક ન આપું; પૂર્વે કોઈએ ઈંગ્લેન્ડના રાજા પાસે આવી માગણી કરી નથી.” રાજા એકદમ હલ્લ તરફ ત્યાંનો દારૂગોળો કબજે કરવા ગયો, પણ ત્યાંના કિલ્લેદાર સર જૉન હોથેમે દરવાજા વાસી દઈ રાજાને અટકાવ્યો. હવે વાત વધી પડી. તેમાં વળી પાર્લમેન્ટે પરાપૂર્વના ખાસ રાજહકો છીનવી લેવાની પેરવી કરવા માંડી, અને ઈસેકસના ઠાકોરને સેનાપતિ નીમ્યો. રાજાએ ધન અને સેના એકઠાં કરવા માંડયાં, અને ઇ. સ. ૧૬૪૨ના ઑગસ્ટની ૨૨મી તારીખે નૉટિંગહેમના કિલ્લા ઉપર શાહી વાવટો ફરકાવ્યો. તોફાની પવન અને વરસાદનાં ઝાપટાંમાં વાવટો નીચો પડી ગયો, એટલે રાજપક્ષના માણસો ઉદાસ થઈ ગયા.

**બે પક્ષના બળની તુલનાઃ** આ આંતર વિગ્રહમાં અંગ્રેજ પ્રજા બે વિભાગમાં વહેંચાઈ ગઈ. બંને પક્ષના લોકો કહેતા કે પ્રાચીન શાસનપદ્ધતિને સુરક્ષિત રાખવા માટે હથિયાર ઉપાડયાં છે. પાર્લમેન્ટના પક્ષના લોકો કહેતા કે યુદ્ધ કરવાની ફરજ પડે છે એથી અમે લાચાર છીએ; અમે જે કરીએ છીએ તે રાજાના હિતને વાસ્તે છે. ખરૂં જોતાં આ યુદ્ધ સંરક્ષક અને ઉચ્છે-

 દક પક્ષો વચ્ચે હતું. આ બંને પક્ષનાં માણસોનું વર્ગીકરણ કરતાં એમ કહી શકાય, કે અમીરો અને ગૃહસ્થો તથા તેમના આશ્રિતો રાજપક્ષમાં ભળ્યા હતા; સામાન્ય શહેરીઓ, વેપારીઓ, અને ખેડુતો પ્રજાપક્ષમાં રહ્યા હતા. ધર્મગુરુઓ પણ પ્યૂરિટન લોકોની વિરુદ્ધ હોવાથી રાજપક્ષમાં ભળ્યા. વળી રાજા-રાણી કંઈક અંશે રોમન કેથોલિક વલણ ધરાવતાં હતાં, એટલે કેથોલિક લોકો રાજા જોડે ભળ્યા; છતાં કેટલાક અમીરો અને ગૃહસ્થો જે પ્યૂરિટન ધર્મના અડગ અનુયાયીઓ હતા તે પ્રજાપક્ષમાં ભળ્યા; એકંદરે ઘણા શહેરીઓ અને વેપારીઓ એકનિષ્ઠાથી રાજપક્ષમાં રહ્યા. આ પક્ષ કોઈ રાજકીય સિદ્ધાંત પ્રમાણે પડયા ન હતા; કેમકે તે સમયની પરિસ્થિતિ વિષે ઘણા માણસોના વિચારો ઢચુપચુ હતા. આ પક્ષો માત્ર ધાર્મિક દૃષ્ટિએ જોવા જેવા છે. પ્રજાપક્ષના ચુસ્ત અનુયાયી, ચુનંદા લડવૈયા, અને ચતુર આગેવાનો-આ સર્વ ઉત્સાહી અને અડગ પ્યૂરિટનો હતા. ભૌગોલિક દૃષ્ટિએ લંડન ઉપરાંત દક્ષિણ અને પૂર્વનાં પરગણાં રાજપક્ષમાં હતાં. રાજપક્ષના મળતીઆ 'ઘોડેસવાર' (Cavaliers) કહેવાયા, અને પ્રજાપક્ષના મળતીઆ 'મૂંડિયા' (Roundheads) કહેવાયા. રાજાના અમલ દરમિઆન નૌકાસૈન્યની દરકાર કરવામાં આવતી નહિ, અને ખલાસીઓને કે અમલદારોને પૂરો પગારે મળતો નહિ, એટલે તેઓ પ્રજાના પક્ષમાં રહ્યા. રાજાના પરદેશી મિત્રો તેને મદદ કરી શકે તેમ ન હતું. આ નૌકાસૈન્યે હલ્લ અને પ્લીમથમાંથી પાર્લમેન્ટને લડાયક સરંજામ આણી આપ્યો. વળી પાર્લમેન્ટના અમલદારોએ જકાત અને કર ઉઘરાવવાનું-કામ ઉપાડી લીધું, એટલે ધનની ઉપણ રહી નહિ. રાજા પાસે નાણાંની તંગી હતી; તેની રાણી ઝવેરાત લઈને નેધર્લૅન્ડઝ ગઈ હતી, અને ત્યાંથી સામાન ખરીદી મોકલતી હતી. તેના અનુયાયીઓ પાસેની એક વર્ષની ઉપજ થઈ રહી, પણ તેમની પાસે જરઝવેરાત અને સોનાચાંદીનો માલ હતો. ભક્તિના આવેશમાં તેમણે મૂલ્યવાન વસ્તુઓ વેચીસાટીને રાજાને નાણાં કાઢી આપ્યાં, છતાં આ પ્રમાણે મળેલું નાણું કેટલો વખત ચાલે? પાર્લમેન્ટના લશ્કરમાં લડવાની આવડત વિનાના, અને અસ્ત્રશસ્ત્રના ઉપયોગથી અજાણ્યા, પણ ઉત્સાહના આવેગવાળા ભાડુતી માણસો હતા; તેના સરદારોમાં ખાસ આવ-ડત, ચતુરાઈ કે બહાદુરી ન હતી.

ઇ. સ. ૧૬૪૨: રાજસૈન્યનો સરદાર રુપર્ટ કાબેલ અને ચતુર પણ અવિચારી[1] યોદ્ધો હતો. રાજાનો વિચાર એવો હતો કે પહેલાં લંડન પર હલ્લો કરવો; અને પાર્લમેન્ટનો ઇરાદો એવો હતો કે રાજાનું એકાદ પરગણું




---

૧. રુપર્ટના મિત્રો તેને 'Dashing Prince Rupert' કહેતા; પણ તેના શત્રુઓ તેને 'ગાંડો ઘોડેસવાર' કહેતા.

હાથ કરી લેવું. રાજા લંડન જવા માટે આગળ વધતો હતો. પરંતુ ઈસેકસની ચતુરાઈથી ઑક્સફર્ડ અને વૉરિક પરગણાની સીમા ઉપર આવેલા એજહિલ પાસે પહેલું યુદ્ધ થયું. રુપર્ટના હયદળ પાસે મૂંડિયાઓનું શું ચાલે? પરંતુ રુપર્ટની યુદ્ધવ્યવસ્થા ખામીભરેલી હતી. તેના સિપાઈઓ માત્ર લૂંટફાટ કરવા મંડી પડ્યા, એટલે લડાઈમાં જીતવાની વાત તેમના ધ્યાનમાં ન રહી. પરિણામ એ આવ્યું કે રાત પડી, તોપણ એક પણ પક્ષનો સંપૂર્ણ વિજય થયો નહિ. રાજા લંડન પહોંચ્યો. ત્યાં તેની સામે થવા મોટું લશ્કર તૈયાર હતું. વેપારીઓ, કારકુનો, ઉમેદવારો અને કારીગરો કામધંધો પડતો મૂકીને બહાર નીકળી પડ્યા. આ જોઈને રાજા પાછો વળ્યો, અને ઑક્સફર્ડમાં આખો શિઆળો રોકાયો. અંતે બંને પક્ષે યુદ્ધની જબરી તૈયારી કરવા માંડી.

**ઇ. સ. ૧૬૪૩:** શરૂઆતમાં રાજાનો જય થયો. લંડન અને ઑક્સફર્ડ વચ્ચે શાલગ્રોવફીલ્ડ પાસે યુદ્ધ થયું, તેમાં પ્રજાપક્ષનો નેતા હેમ્પડન ઘાયલ થયો, અને છ દિવસ પછી મરણ પામ્યો. તેના જેવા નીડર, શૂરવીર અને સાહસિક પુરુષના મરણથી પ્રજાપક્ષને મોટી ખોટ પડી.

આ વર્ષમાં બીજાં નાનાં મોટાં યુદ્ધો થયાં. રાજાએ હલ્લ, પ્લીમથ, અને ગ્લોસ્ટર જીતવાની યોજના કરી. પાર્લમેન્ટની ઉપરાઉપરી હાર થવા લાગી, અને સર્વને લાગ્યું કે રાજપક્ષના માણસો જરૂર જીતશે; કેમકે આ ત્રણ શહેરો પડે તો પાર્લમેન્ટથી લંડનનો બચાવ થઈ શકે તેમ ન હતું. હવે ઘણા સિપાઈઓ રાજાના લશ્કરમાં જોડાયા, અને છેલ્લી જીત મેળવવામાં રાજાને કશી ઢીલ થવાની નથી એમ લાગ્યું. સર્વની ઇચ્છા એવી હતી કે સલાહ થાય તો સારૂં. પરંતુ પિમ અને તેના બહાદુર દોસ્તોએ લંડનવાસીઓની મદદથી પ્રજાપક્ષને મજબુત રાખ્યો. ઘેરાએલા ગ્લોસ્ટરની વહાર કરવા લશ્કર તૈયાર કરવામાં આવ્યું. દુકાનો બંધ કરીને અને ધંધોરોજગાર છોડીને લોકો લશ્કરમાં દાખલ થયા, અને તાલીમ લઈ ઈસેકસની સરદારી નીચે ગ્લોસ્ટરને બચાવવા ચાલ્યા. રસ્તામાં ન્યૂબરી આગળ રાજસૈન્ય જોડે ભેટો થતાં ખૂનખાર લડાઈ મચી. આ યુદ્ધમાં રાજ્યપક્ષનો મહાન્ નેતા ફૉકલેન્ડ મરાયો. દેશનું દુઃખ તેનાથી જોયું જતું ન હતું. હૈયાશોકમાં "સલાહ!

સલાહ !" અને "આજ રાત પહેલાં મારો કાળ થશે" એમ બોલતો તે રણે ચડયો, પણ ત્યાંથી છાવણીમાં પાછો આવ્યો નહિ. આ યુદ્ધમાં કોઈ પક્ષે જય મેળવ્યો નહિ. ઉલટું બંને પક્ષ વધારે ને વધારે તૈયારી કરવા લાગ્યા.

ઇતિહાસમાં ન્યૂબરીનું યુદ્ધ પ્રસિદ્ધ ગણાય છે; કારણ કે ત્યાર પછી પ્રજાપક્ષનો વિજય સ્પષ્ટ થતો ગયો એટલુંજ નહિ, પણ રાજાના સૈન્યની શક્તિ નબળી પડતી ગઈ. પરિણામે પ્રજાનું જોર વધતું ગયું.



ઓલિવર ક્રોમ્વેલ

ન્યૂબરીના યુદ્ધ પછી બંને પક્ષે પોતાનાં લશ્કર સુધારવા માંડયાં. પાર્લમેન્ટે પોતાના લશ્કરની ખામી જોઈ લીધી હતી, એટલે તેની કંઈક નવી રચના કરવાની જરૂર હતી. પૂર્વ પ્રદેશમાં પ્યૂરિટન લોકોનું જોર હતું, એટલે ત્યાંનાં તમામ પરગણાંનું એક 'પૂર્વીય સંમેલન' બન્યું. તેનો વાસ્તવિક નેતા ઓલિવર ક્રોમ્વેલ હતો. આ લશ્કરે લિંકનશાયરનો કબજો ટકાવી રાખ્યો હતો.

બંને પક્ષને બહારની મદદની જરૂર હતી, પણ યુરોપમાં ચાલતા મોટા વિગ્રહમાં ઘણાંખરાં રાજ્યો જોડાયાં હતાં, એટલે બહારની મદદ મળી શકે તેમ ન હતું. આખરે રાજાની નજર આયર્લૅન્ડ પર ઠરી. પાર્લમેન્ટને પણ ધાર્મિક બાબતોમાં છૂટછાટ મૂકીને સ્કૉટ લોકોની મદદ લેવી પડી. પિમે સ્કૉટલેન્ડ જોડે વિષ્ટિ કરવા પોતાનો પ્રતિનિધિ મોકલ્યો. એ મસલતને અંગે એવો ઠરાવ થયો, કે ઇંગ્લેન્ડે પ્રેસ્બિટિરિયન ધર્મને રાજધર્મ ગણવો, અને સ્કૉટલેન્ડને નાણાંની મદદ કરવી. આના બદલામાં સ્કૉટ લોકોએ પોતાનું કસાએલું લશ્કર પાર્લમેન્ટને આપવાનું કબુલ કર્યું. સ્કૉટ લોકોની જોડે થએલો

આ કરાર '**પવિત્ર સંધિ**' અને '**પ્રતિજ્ઞા**' (Solemn-League and Covenant) કહેવાય છે. આ સંધિ થતાં લેવનના ઠાકોરની સરદારી નીચે ૧૦,૦૦૦ માણસનું લશ્કર સરહદ ઓળંગી ઈંગ્લેન્ડમાં ઉતરી આવ્યું.

**ઇ. સ. ૧૬૪૪:** આયર્લેન્ડનું લશ્કર રાજાને બહુ ખપ ન આવ્યું, એથી ઉલટું સ્કૉટ લશ્કરે પ્રજાપક્ષમાં ભળીને યુદ્ધનો રંગ બદલી નાખ્યો. એ લશ્કરે યોર્ક પરગણામાં કૂચ કરીને ન્યુકેસલને હલ્લ પર ઘેરો ઘાલતો અટકાવ્યો, એટલે ન્યુકેસલ યોર્કમાં ભરાઈ ગયો. પરંતુ સ્કૉટલેન્ડના અને પાર્લમેન્ટના સંયુક્ત લશ્કરે યોર્કને ઘેરો ઘાલ્યો. રાજાએ રુપર્ટને લશ્કર લઈ યોર્ક દોડાવ્યો. રસ્તામાં નવા સિપાઈઓની ભરતી કરતો કરતો રુપર્ટ આવી પહોંચ્યો, અને તેણે યુદ્ધ કર્યા વિના યોર્કનો ઘેરો ઉઠાવી લેવાની ફરજ પાડી. રણરસીઓ રુપર્ટ દુશ્મનની પૂંઠે પડયો. ચતુર ક્રોમ્વેલે કુંવરની ભૂલનો લાભ લેવાનો વિચાર કર્યો. ઇ. સ. ૧૬૪૪ના જુલાઈની ૭મી તારીખે યોર્કથી ૮ માઈલ દૂર આવેલા માર્સ્ટનમૂર પાસે બે લશ્કરો સામસામાં આવી ગયાં. રુપર્ટના ઘોડેસવારો થાકેલા, અવ્યવસ્થિત, અને હતાશ થઈને પડ્યા હતા. એવામાં ક્રોમ્વેલે ઓચિંતો હલ્લો કર્યો, એટલે રુપર્ટના ઘોડેસવારો અને હયદળ વીખરાઈ ગયાં. ૧૭,૦૦૦ સિપાઈઓમાંથી રાજપક્ષના ૬,૦૦૦ માણસો બચ્યા, અને બાકીના મરાયા કે વીખરાઈ ગયા. આમ યોર્ક તાબે થઈ જતાં ઈંગ્લેન્ડનો ઉત્તર પ્રદેશ રાજાના હાથમાંથી ચાલ્યો ગયો.

આખા વિગ્રહમાં માત્ર આ યુદ્ધમાં પ્રજાનો નિશ્ચિત વિજય થયો. તેનો ખરો યશ ક્રોમ્વેલને ઘટે છે. ક્રોમ્વેલે પાર્લમેન્ટના લશ્કરની ખામી જોઈને પોતાની હયદળની ટુકડીને તાલીમ આપી હતી. તેમનામાં સખત તાલીમ, તીવ્ર ધર્મોપદેશ, ગંભીરતા, અને ઈશ્વરનો ભય એની નમુનેદાર અસર હતી. માથું મૂકીને આવેલા સિપાઈઓને યુદ્ધ કરતા જોઈ રુપર્ટે તેમને '**વજ્રબાહુ**' (Ironsides)નું ઉપનામ આપ્યું.

કૉર્નવૉલમાં નાની જીત મેળવી રાજા લંડન જવા ઉપડયો, પણ પ્રજાપક્ષના લશ્કરે તેને ન્યૂબેરી આગળ અટકાવ્યો. (૨૭મી ઑકટોબર, ઇ. સ. ૧૬૪૪) યુદ્ધનું ખાસ પરિણામ ન આવ્યું; કેમકે લશ્કરનો સરદાર મેન્ચેસ્ટરનો ઠાકોર નરમ સ્વભાવનો હતો, અને તેનામાં યુદ્ધકળાનું સાધારણ

જ્ઞાન હતું. વળી તેને રાજા પ્રત્યે આદર અને ભક્તિની લાગણી પણ હતી, એટલે રાજાને મારવાની તેની ઇચ્છા ન હતી. તેણે ચાર્લ્સને લંડન જતો અટકાવ્યો, અને હાથમાં આવેલી તકનો લાભ લેવાને બદલે તેને રાતોરાત નાસી જવા દીધો. રાજા ઑાક્સફર્ડ જઈ પહોંચ્યો.

પરંતુ સ્કૉટલેન્ડમાં રાજાનો પક્ષ મજબુત થયો. ત્યાંના કેટલાક અમીરોએ રાજાનો પક્ષ લીધો, તેમાં મોન્ટ્રોઝનો અમીર જેમ્સ ગ્રેહામ મુખ્ય હતો. તેણે હાઈલેન્ડરોનું લશ્કર તૈયાર કરી યુદ્ધો કરવા માંડ્યાં. તેને ઉપરાઉપરી વિજય મળતો ગયો, જેથી પાર્લમેન્ટના નેતાઓ ગભરાઈ ગયા.

**નવી સેના:** ક્રોમ્વેલ જાણતો હતો કે ઘોડેસવારો કરતાં ખૂંડિયાઓ ઘણા ઉતરતા છે. રાજાના લશ્કરમાં અમીરઉમરાવો ગૃહસ્થો, અને તેમનાં તાલીમ પામેલાં કવાયતી માણસો હતાં. તેમની આગળ ગમાર અને રખડેલ, ચાકરડા અને એવા બીજા માણસોનું શું ગજું? ન્યૂબેરીના બીજા યુદ્ધ પછી ક્રોમ્વેલે એવો આરોપ મૂકયો, કે મેન્ચેસ્ટરના ઠાકોરનું વલણ રાજા તરફ હોવાથી તે બરાબર દીલ દઈને લડતો નથી. આથી પાર્લમેન્ટમાં જબરી ચકચાર ચાલી અને એવો ઠરાવ થયો, કે પાર્લમેન્ટના સભ્યથી લશ્કરી અમલદાર થઈ શકાય નહિ. આ કાયદાને **'આત્મભોગનો કાયદો'** (Self–denying Ordinance) કહે છે; કેમકે તેમાં પાર્લમેન્ટના સભ્યોને લશ્કરી અધિકાર છોડી દેવા જેટલો આત્મભોગ આપવો પડતો હતો.

હવે પાર્લમેન્ટે લશ્કરની નવી રચના કરવાનો ઠરાવ કર્યો. એથી સરદારોના હાથ નીચેનાં પરગણાંની લશ્કરી ટુકડીઓને બદલે એકજ લશ્કર રાખી તેનું ઉપરીપણું પાર્લમેન્ટે રાખ્યું, અને એક સેનાપતિની નીમણુક કરી. પરિણામે લૉર્ડ ફેરફૅક્સ સેનાપતિ બન્યો, અને ક્રોમ્વેલ હયદળનો ઉપરી થયો.

ક્રોમ્વેલે નવી સેના રચવાનું કાર્ય માથે લીધું. તેણે ગમે તેવા રખડેલ માણસોને બદલે ધાર્મિક વૃત્તિવાળા માણસોને લશ્કરમાં રાખવાનો ઠરાવ કર્યો. તેણે નિપુણ અમલદારો અને બહાદુર સિપાઈઓને સખત કવાયતમાં પલોટવા માંડયા. સિપાઈઓને સારો અને નિયમિત પગાર આપવામાં આવ્યો. આથી નવી સેનામાં વિચારશીલ, બુદ્ધિમાન, આબરૂદાર ધંધાદારીઓ અને

ખેડુતો જોડાયા; વળી તે માત્ર પગારના લોભે નહિ, પણ ધર્મની લાગણીથી. તેઓ ધર્મ અને વૈરાગ્યની ગંભીર વૃત્તિવાળા હતા. છાવણીમાં રાત્રે ઈશ્વર-સ્તવન, ભજન, અને ધાર્મિક વ્યાખ્યાનો થતાં; ઈશ્કની લાવણી, ખ્યાલ, ટપ્પા, જુગાર, મારામારી કે શરાબીનું તો નામ ન મળે; અને તેમનો ઉત્સાહ તો અજબ તરેહનો હતો! આ સેનાએ કોઈ શત્રુ પાસે નમતું આપ્યું નહોતું. ધાર્મિક ઝનુનથી પ્રેરાઈ આ નવા સિપાઈઓ વિજય મેળવતા ગયા, અને જે કોઈ તેમની સામે થાય તેને છૂંદતા ગયા. યુદ્ધનો દિવસ એટલે તેમને મન આનંદનો અને વિજયનો દિવસ: છતાં તેમની નીતિ અને ઈશ્વર તરફનો ડર અજબ હતાં. લડાઈ પછી લૂંટ ચલાવી પારકાનો માલ તેમણે પડાવ્યો નથી, અથવા સ્ત્રીઓને કે નિર્દોષને તેમણે રંજાડયાં નથી. સાદો અને વિચિત્ર પોશાક પહેરીને આ ભક્તસેના જ્યારે બીજા પર ધસારો કરે, ત્યારે બાઈબલનું કોઈ સુભાષિતજ બોલાતું હોય!

**ધાર્મિક ભેદ:** આ સમયે પાર્લમેન્ટમાં બે ધાર્મિક પક્ષ ઉભા થયા. ઇ. સ. ૧૬૪૫ના જૂનની ૧૦મી તારીખે ધર્માધ્યક્ષ લૉડનો શિરચ્છેદ કરવામાં આવ્યો, ત્યારથી આ બે પક્ષોનો ભેદભાવ સ્પષ્ટ થયો. પ્યૂરિટન પક્ષમાં એક નાનો પણ ધીમે ધીમે વધતો જતો નવો પક્ષ ઉભો થયો. એ પક્ષને લાગ્યું કે પ્રેસ્બિટિરિયન પંથ એપિસ્કોપલ પંથનો વિરોધી છે. આ પક્ષને નિરંકુશવાદી (Independents) કહે છે. તેઓ માનતા કે રાજાએ ધર્મસહિષ્ણુતા રાખવી જોઈએ, અને ધર્મની બાબતમાં રાજ્યને વચ્ચે પડવાની જરૂર નથી. ધીમે ધીમે આગળ વધતાં તેઓ એવા મત પર આવ્યા, કે જેમ ધર્મમાં રાજા વિના ચાલે, તેમ સમાજમાં પણ શા માટે ન ચાલે? તેઓ માનતા હતા, કે વિગ્રહનો અંત આણવા માટે ઉત્સાહપૂર્વક અને આનાકાની કર્યા વિના જોસબંધ યુદ્ધ કરવાની જરૂર છે, અને દેશમાં શાંતિ સ્થાપવાનો માત્ર એજ ઉપાય છે. આ પક્ષનો અગ્રણી ક્રોમ્વેલ હતો. આ મતને અનુસરીનેજ તેણે મેન્ચેસ્ટરના ઠાકોર વિરુદ્ધ પાર્લમેન્ટમાં ચર્ચા ઉપાડી હતી.

**ઇ. સ. ૧૬૪૫:** નવી સેના ઇ. સ. ૧૬૪૫ના મધ્યમાં રાજાને નેસ્બી પાસે મળી. રાજપક્ષના સૈનિકોને આ સેનાની ખબર કે દરકાર નહોતી.

તેમણે જુની રીતે લડવા માંડયું, પણ ક્રોમ્વેલે રાજાના લશ્કરને સખત હાર ખવડાવી પાયદળને કાપી નાખ્યું. રાજા વેલ્સ તરફ નાઠો, અને તેનો સામાન, તોપખાનું વગેરે શત્રુના હાથમાં આવી પડયું. આ બધામાં સૌથી મૂલ્યવાન્ વસ્તુ રાજાની ખાનગી પેટી હતી. તેમાંથી રાજાના અનેક ખાનગી પત્રો મળી આવ્યા. તે ઉપરથી તે પરદેશીઓની મદદ મેળવવા માટે કેવા કાવાદાવા કરતો હતો તે જણાઈ આવ્યું. હવે રાજાને એકે બારી રહી નહિ. તેનું લશ્કર હારી ગયું, તેના સરદારોમાં ફાટફૂટ થઈ, અને તેનાં કાવતરાં પકડાઈ ગયાં. પાર્લમેન્ટે આ બધા પત્રો છપાવી પ્રજામાં વહેંચી તેની ફજેતી કરી.

**વિગ્રહનો અંત:** હવે ચાર્લ્સને કયાંએ શરણ ન હતું. પ્રજાપક્ષનું લશ્કર તેને જંપીને બેસવા દે તેમ ન હતું, તેમ વેલ્સમાં પણ તેનાથી રહેવાય તેમ ન હતું; તેને માત્ર એકજ આશા હતી. તેનો મિત્ર મોન્ટ્રોઝ પ્રજાપક્ષના લશ્કરને બે વાર હરાવી ચૂકયો, પણ તેણે રાજાને મદદ મોકલી ન હતી. રાજા પોતેજ તેને જઈ મળે તો ? પરંતુ વજબાહુની ચતુરાઈ આગળ તેનું ચાલ્યું નહિ. તેને એક ઠેકાણેથી બીજે ઠેકાણે ભટકવું પડયું. હવે સ્કૉટ કે અંગ્રેજો બેમાંથી એકને શરણ થયેજ છૂટકો હતો. એટલામાં મોન્ટ્રોઝે ફીલિપહો પાસે હાર ખાધી, એટલે રાજાની રહીસહી આશા ધૂળમાં મળી. ઈ. સ. ૧૬૪૬માં સ્કૉટ લોકો ન્યૂઆર્કને ઘેરો ઘાલી પડયા હતા ત્યાં રાજા ગયો, અને કેટલાંક ઉપલક વચન આપી તેમને શરણે થયો. પરંતુ તેમણે રાજાને ન્યૂકેસલ મોકલી દીધો.

**પ્રજાવિગ્રહનાં પરિણામ:** ચાર્લ્સ સ્કૉટ લોકોને શરણે ગયો, એટલે વિગ્રહનો અંત આવ્યો. હવે દેશમાં નવી સ્થિતિ ઉત્પન્ન થઈ. ક્રોમ્વેલના વજબાહુઓની મદદથી વિજય પામેલી પાર્લમેન્ટે સર્વ સત્તા પોતાને હસ્તક લેવા માંડી. યુદ્ધ પૂરૂં થવાથી લશ્કરનો ખપ નહોતો, તેથી પાર્લમેન્ટે કેટલીક ટુકડીઓને આયર્લેન્ડ મોકલવાનો અને કેટલીકને ચડેલા પગારનો છઠ્ઠો ભાગ આપી વીખેરી નાખવાનો ઠરાવ કર્યો. પરંતુ લશ્કરની સત્તા વધી ગઈ હતી, અને સૈનિકોને વિજયનો મદ ચડયો હતો. આ સિપાઈઓ નિરુદ્યમી, ભટકતા, અને પેટને ખાતર નોકરી કરનારા માણસો નહોતા. તેઓ દેશકલ્યાણની

ખાતર પોતાનો કામધંધો મૂકીને આવેલા ભક્તિશીલ અને સ્વદેશાભિમાની નરો હતા; એટલે તેમણે વીખેરાઈ જવાની ના પાડી, અને માગણીઓ કરી કે અમારો ચડેલો પગાર અમને પૂરેપૂરો મળવો જોઈએ, ધાર્મિક બાબતોમાં સંપૂર્ણ છુટાપણું મળવું જોઈએ, અને અમારા મૃત્યુ પછી અમારાં સ્ત્રીપુત્રોના ભરણપોષણની પાર્લમેન્ટે વ્યવસ્થા કરી આપવી જોઈએ. પાર્લમેન્ટમાં આ પ્રમાણે બે પક્ષ પડી ગયા; એક પક્ષમાં ક્રોમ્વેલ જેવા નિરંકુશવાદી સૈન્યનો પક્ષ લેનારા, અને બીજામાં પ્રેસ્બિટિરિયન પંથીઓ. આ પ્રેસ્બિટિરિયન પંથીઓને પોતાનો પંથ ફેલાવી ચાર્લ્સની જોડેના યુદ્ધથી ઉત્પન્ન થએલી સ્થિતિનો તોડ આણવાનો જશ ખાટી જવાનો વિચાર હતો, અને તેથી ચુસ્ત પ્યૂરિટન સૈનિકોને ધર્મછૂટ માગવી પડી હતી.

આ સમયે ત્રીજો પક્ષ સ્કૉટ લોકોનો હતો, અને રાજા તેને શરણે થયો હતો. ચાર્લ્સે સ્કૉટલેન્ડ અને ઈંગ્લેન્ડમાં પ્રેસ્બિટિરિયન પંથને સહાય આપવાની હા પાડી હોત, તો તેઓ તેને મદદ આપત; પરંતુ ચાર્લ્સે તેમ કરવાની ના પાડી, એટલે સ્કૉટ લોકોએ પાર્લમેન્ટ જોડે વિષ્ટિ ચલાવી, અને ખર્ચના ૪,૦૦,૦૦૦ પૌન્ડ લઈ રાજકેદીને પાર્લમેન્ટને હવાલે કર્યો. ચાર્લ્સને હોલ્મબીના કિલ્લામાં કેદમાં રાખવામાં આવ્યો, ઈ. સ. ૧૬૪૬.

ચાર્લ્સે કેદમાં રહીને પણ પાર્લમેન્ટમાં પડેલી ફૂટનો લાભ લેવા ધાર્યું. તેણે પાર્લમેન્ટના પ્રેસ્બિટિરિયન પક્ષ જોડે વિષ્ટિ ચલાવવા માંડી; પણ લશ્કરને આ વિષ્ટિની ખબર પડી ગઈ, એટલે ટેમ્સના[1] કિનારા પર આવેલા હેમ્પટન કોર્ટ મહેલમાં રાજાને પૂરી દીધો. ચાર્લ્સે લશ્કરની વર્તણુક વિષે પાર્લમેન્ટ પાસે ફરિયાદ કરી બંને પક્ષ વચ્ચેનો કલેશ ઉત્તેજિત કર્યો.

હવે લશ્કરે કેટલીક માગણીઓ રજુ કરી, અને જાહેરનામું પ્રસિદ્ધ

---

૧. રાજાને પકડવા જનાર કોર્નેટ જોઈસ નામે સેનાપતિએ કિલ્લામાં જઈ રાજાને કહ્યું, કે "કાલે સવારે આપણે ચાલવું છે, માટે તૈયાર થઈ રહેજો." ચાર્લ્સે તેની પાસે પોતાને પકડવાનો હુકમ જોવા માગ્યો, ત્યારે "આ રહ્યો હુકમ" કહી જોઇસે પોતાના લશ્કર તરફ આંગળી કરી. રાજા હસતો હસતો બોલ્યો, "વાહ! તમારા હુકમના અક્ષરો ચોકખા અને જલદી વંચાય તેવા છે."

ફરી જણાવ્યું, કે એ માગણીઓ પૂરી પાડવામાં નહિ આવે, તો લંડન પર ચડાઈ કરવામાં આવશે. આ માગણીઓ મધ્યમસરની હતી. કદાચ પાર્લમેન્ટ તેમની જોડે સંધિ કરવા તૈયાર હોય, તોપણ લંડનના લોકો ચાર્લ્સ જોડે સંધિ કરવાના મતના હોવાથી તેમને લશ્કરની માગણીઓની ખબર પડી, કે તરત તેમણે પાર્લમેન્ટ પર હલ્લો કર્યો. આ તક જોઈને ક્રોમ્વેલ અને ફેરફૅાક્સ લંડન પર ચડી આવ્યા. હવે તેમને લાગ્યું કે પાર્લમેન્ટમાં વિશ્વાસ રાખવા જેવું નથી, એટલે તેમણે રાજા જોડે સમાધાન કરવાની ગોઠવણ કરી. દર બે વર્ષે પાર્લમેન્ટ બોલવવાની, અને રોમન કેથોલિક વિના સર્વ પંથના લોકોને ધાર્મિક સ્વાતંત્ર્ય આપવાની રાજા કબુલાત આપે, તો તેને ફરીથી ગાદીએ બેસાડવાની યોજના ક્રોમ્વેલે રાજા પાસે મોકલી. રાજા અસલની રીત પ્રમાણે ગલ્લાંતલ્લાં કરવા લાગ્યો; તે કંઈ ચોક્કસ નિર્ણય ઉપર આવે, તે પહેલાં લશ્કરમાં બે પક્ષ પડી ગયા. કેટલાક ઉદ્દામ વિચારકોને લાગ્યું, કે પ્રાચીન ધર્મપદ્ધતિનો સમૂળગો નાશ કરવાની જરૂર છે. રાજાની જરૂર હોય તો તે લોકનિયુક્ત હોવાની જરૂર છે, અને ક્રોમ્વેલ રાજાના પક્ષમાં મળી ગયો છે, તેથી તેણે આવી નરમ સરતો મૂકી છે. પોતાના પર આવેલા આરોપનો ક્રોમ્વેલે સરસ જવાબ આપી બચાવ કર્યો, તોપણ "પેલા ખૂની" ઉપર વેર લેવાની સિપાઈઓની ઉત્કંઠા શાંત પડી નહિ. ચાર્લ્સને હવે ભય પેઠો એટલે તે રાતોરાત નાઠો, અને વાઈટદ્વીપમાં આવેલા કેરિસ બ્રુકના કિલ્લામાં ભરાઈ પેઠો. પાર્લમેન્ટની જોડે તેણે જે વાતો ચલાવવા માંડી, તેનુંએ કંઈ પરિણામ આવ્યું નહિ; કેમકે એ માગણી તો એવી હતી કે પાર્લમેન્ટની સ્વતંત્રતાનો રાજાએ સ્વીકાર કરવો, અને લશ્કર અને નૌકા-ખાતાના ઉપરીપણાનો દાવો રાજાએ તજી દેવો. આવી કડક માગણીઓ સ્વીકારવામાં પોતાની આબરૂ જાય છે, એમ માની ચાર્લ્સે તેનો નકાર કર્યો. હવે પાર્લમેન્ટ અને લશ્કર પરસ્પર ભેદ ભૂલી ગયાં. તેમની ખાતરી થઈ ગઈ, કે રાજાની દાનત કોઈ પણ પ્રકારે સમાધાન કરવાની નથી; એટલે તેમણે ઠરાવ કર્યો. કે રાજા જોડે હવે કોઈ પણ પ્રકારની વિષ્ટિ ચલાવવી નહિ.

દરમિઆન રાજા સ્કૅાચ અને આયરિશ લોકોને પોતાના પક્ષમાં આવવા લલચાવતો હતો. ધર્મઘેલછાથી ઘેરાએલા સ્કૅાટ લોકો ઇંગ્લેન્ડમાં પ્રેસ્બિટિરિ-

યન પંથ પ્રસરશે, એવી આશાએ ચાર્લ્સની મદદે ધાયા. આ બનાવને બીજો પ્રજાવિગ્રહ કહે છે.

**બીજો પ્રજાવિગ્રહ**: ૧૬૪૮. હેમિલ્ટનના નમાલા ઠાકોરની સરદારી નીચે સ્કૉટ લોકો અને રાજપક્ષના ઉત્સાહી માણસો સરહદ ઓળંગી ઉતરી આવ્યા. ઈંગ્લેન્ડમાં કેટલેક સ્થળે બંડખેડા થયા. ક્રોમ્વેલ અને ફેરફેક્સે કેન્ટ અને ઈસેકસમાં ઉઠેલાં બંડો શમાવી દીધાં. નૌકાસૈન્યનો કેટલોક ભાગ ફરી બેઠો, અને યુવરાજની સરદારી નીચે એક ટુકડીએ લંડન પર હલ્લો કર્યો; પરંતુ લંડનવાસીઓએ દરવાજા બંધ કરી દીધા, રાજાના નામના હર્ષના પોકાર ન કર્યા, અને લશ્કરને ખોરાક પણ ન આપ્યો. આ તરફ સ્કૉટ સૈન્ય પ્રેસ્ટન સુધી આવી પહોંચ્યું. તેને ક્રોમ્વેલે હરાવી નસાડી મૂકયું, અને તેમની પૂંઠ પકડી વિગન પાસે હરાવ્યું. આથી સ્કૉટ લોકો શરણે આવ્યા, અને વિગ્રહનો અંત આવ્યો.

**રાજાનો ઈન્સાફ**: હવે શું કરવું? બેવચની, ખટપટી, અને હત્યારો ચાર્લ્સ જેણે સમાધાનીનો ઢોંગ કરી દેશમાં યુદ્ધ જગાડયું, તેનો શો ઈન્સાફ કરવો? દેશમાં સત્તાધીશ થઈ પડેલા સૈન્યે પોકાર ઉઠાવ્યો, કે એ જીવતો રહેશે ત્યાં સુધી દેશમાં શાંતિ રહેશે નહિ, માટે એને તો બરાબર ઈન્સાફ મળવો જોઈએ. પાર્લમેન્ટ છેક આટલી હદ સુધી જવા તૈયાર ન હતી; એટલે આવા ઉદ્દામ મતવાળાઓને બહુમતી મળે એવું ન હતું. ગમે તેમ થાય, ગમે તે ઉપાય લેવા પડે, પણ રાજાને તો બરાબર શિક્ષા કરવીજ, એવો નિશ્ચય સૈન્યે કર્યો. એક દિવસ કર્નલ પ્રાઈડ વિરુદ્ધ મતવાળા અને લશ્કરનું ધાર્યું કરવામાં આડા આવે તેવા સભ્યોના નામની ટીપ લઈને પોતાના સિપાઈઓ સહિત પાર્લમેન્ટના દરવાજા પાસે ઉભો રહ્યો, અને પેલી ટીપમાં જેનું નામ લખ્યું હોય, તેને અંદર જતાં અટકાવવા લાગ્યો. આ કાર્યને **‘પ્રાઈડના જુલાબ’**ના નામથી ઓળખવામાં આવે છે. આ પ્રમાણે વિરુદ્ધ મતના ૧૪૦ સભ્યોને બહાર રાખી અંદર ગએલા આશરે ૫૩ સભ્યોએ કામ ચલાવ્યું.[૧] તેમણે ઠરાવ્યું કે પ્રજા અને પાર્લમેન્ટનો અનેક રીતે દ્રોહ કરનાર ચાર્લ્સ ઉપર ન્યાયની અદાલતમાં કામ ચાલવું

૧. અંદર રહેલા સભ્યોની બનેલી પાર્લમેન્ટને ‘ઠૂંઠી’ (Rump) કહેવામાં આવે છે.

જોઈએ.) ઈ. સ. ૧૬૪૯ના જાન્યુઆરિની ૧લી તારીખે રાજા ઉપર કામ ચલાવનારી અદાલતની નીમણુક કરવામાં આવી. પરંતુ અમીરોની સભાએ તેમાં સંમતિ આપવાની ના પાડી; આમની સભાએ ઠરાવ્યું કે દેશમાં ખરા રાજકર્તા તો લોકો છે, માટે એકલી આમની સભા જે કાયદા કરે, તેને અમીરોની સભા પસાર કરે કે ન કરે, તોપણ તે કાયદા રહેશે. પરિણામે અદાલતની નીમણુક નક્કી થઈ, અને બ્રેડશો નામે એક બૅરિસ્ટર તેનો પ્રમુખ નિમાયો.

આ અદાલતના ૧૩૫ સભ્યોમાંથી માત્ર ૬૯ સભ્યો હાજર રહ્યા. ક્રોમ્વેલ અને તેનો જમાઈ હાજર રહ્યા, પરંતુ ફેરફૅક્સ ન આવ્યો.[૧] ઈ. સ. ૧૬૪૯ ના જાન્યુઆરિની ૨૦મી તારીખે આ અદાલત સમક્ષ રાજાને હથિયારબંધ સિપાઈઓની વચ્ચે લાવવામાં આવ્યો. કોઈ સભ્યે તેને માન આપ્યું નહિ, કે પોતાની ટોપી ઉતારી નહિ. રાજાએ પણ ટોપી ઉતાર્યા વિના પોતાની બેઠક લીધી. તહોમતનામું વંચાયું, તેમાં ચાર્લ્સને "જુલમગાર, ખૂની, અને દેશદ્રોહી" ઠરાવવામાં આવ્યો. એ સાંભળી તે ભરકચેરીમાં ખડખડ હસી પડયો. પછી તેણે અદાલતનો અધિકાર સ્વીકારવાની ના પાડી અને કહ્યું, "અમીરો કયાં છે? અમીરોજ અમીરની તપાસ ચલાવી શકે." અદાલત બંધ થઈ. બહાર લોકોની મેદની એકઠી થઈ હતી, રાજભક્તિનો જુવાળ ચઢી આવ્યો હતો, તેમાં રાજાનો ઉદાસ ચહેરો અને ચિંતા તથા પરિશ્રમથી ધોળા થઈ ગએલા વાળ, અને તેની ગૌરવ ભરેલી ધીરજ અને શાંતિ જોતાં લોકોનાં અંતઃકરણ પીગળી ગયાં. "ઈશ્વર! મહારાજાનું રક્ષણ કરો," "ઈન્સાફ," "ઈન્સાફ," "શિરચ્છેદ," એવા ચિત્રવિચિત્ર પોકારો થવા લાગ્યા.

બે દિવસ અદાલત બંધ રહ્યા પછી સાક્ષીઓ લેવાયા, અને છેવટે રાજાને ગુનેગાર ઠરાવવામાં આવ્યો. ન્યાયાધીશે આગળથી નક્કી કરી રખાએલી શિક્ષાનું ફરમાન વાંચી સંભળાવ્યું. ચાર્લ્સ કંઈક બોલવા જતો હતો, પરંતુ અદાલતે કંઈ પણ સાંભળવાની ના પાડી. તેને લઈ જતા હતા, ત્યારે ચારે બાજુ લોકોમાં હર્ષના અને ધિક્કારના પોકાર ઊઠી રહ્યા. રસ્તામાં એક

૧. તેની પત્ની કેસ સાંભળવા આવી હતી. ફેરફૅક્સનું નામ પોકારાયું ત્યારે તેણે કહ્યું: 'એ અહીં નથી, અને આવશે પણ નહિ; તમે એનું નામ લેવામાં ભૂલ કરો છો.'

સિપાઈએ તેને કહ્યું, "ઈશ્વર આપને સુખી રાખે, મહારાજ." તરત જમાદારે તેના મોં પર તમાચો માર્યો, એટલે રાજાએ કહ્યું કે "એના અપરાધ કરતાં બિચારાને શિક્ષા વધારે થઈ."

નવ દિવસ પછી રાજાને તેના મહેલની ભોજનશાળાની બારી પાસે લઈ જવામાં આવ્યો. જતા પહેલાં તેણે પોતાનાં બાળકો જોડે છેલ્લી વાતો કરી લીધી. ત્યાર બાદ ઈશ્વરસ્તવન કર્યા પછી તે ધીમે ધીમે દૃઢ પગલે, પ્રભાવશાળી મુખમુદ્રા સહિત વધસ્થાન પાસે ગયો. ત્યાં બુરખાવાળા બે જલ્લાદો ઉભા હતા, તેમની જોડે તેણે વાત કરી. પછી એકઠા થએલા લોકો સમક્ષ તેણે નાનું ભાષણ કર્યું, અને દેશમાં વધતા જતા લશ્કરી દોરની ચેતવણી આપી. પછી તેણે ઢીમચા ઉપર માથું મૂકયું. એકજ ધાએ ધડથી તેનું માથું જુદું થઈ ગયું. લોહી નીકળતું તે મસ્તક લઈ જલ્લાદે પ્રેક્ષકોને બતાવી કહ્યું, "આ રહ્યું જુલમગારનું માથું!" મેદનીમાંથી કરુણાના પોકાર અને વેદનાની ઉંડી ચીસ અને નિશ્વાસ નીકળી પડયા, અને કેટલાક તો ચોધાર આંસુએ રડી પડયા.[1]

ન્યાયનું નાટક પૂરૂં થયું. આપઅખત્યાર અને ધર્મભ્રમની સામે થવા માટે પાર્લમેન્ટે ઝુંડો ઉપાડયો, અને તેમ કરતાં એક એવી શક્તિ ઉત્પન્ન કરી, કે જે તેના પોતાના કાબુમાં રહી શકી નહિ; પરંતુ છેવટે એ ધર્મઝનૂની સત્તાએ સ્વતંત્રતાને છૂંદી નાખી એકહથ્થુ સત્તા મેળવી લઈ આપઅખત્યાર અને જુલમ ચલાવ્યા. અંગ્રેજ પ્રજાના મોટા ભાગને આ કાર્યપદ્ધતિ અને સૈન્યની વધી ગએલી સત્તા પસંદ નહોતી. તેમને રાજા વિનાનું રાજ્ય જોઈતું ન હતું, પરંતુ મદોન્મત્ત લશ્કરી માણસોની સામે બોલવાની કોનામાં હિંમત હોય? પરિણામે ઈંગ્લેન્ડમાં લશ્કરી દોર જામ્યો.

---

૧. મૃત્યુસમયે ચાર્લ્સનાં ગૌરવ, ધૈર્ય, અને શાન્તિનું રસિક બ્યાન એક સમકાલીન કવિએ આપ્યું છે; ચાર્લ્સને Royal Actor કહીને તે લખે છે કે:—

He nothing common did or mean, Upon that memorable scene;
But with his keener eye, The axe's did try.
Nor call'd the Gods with vulgar spite, To vindicate his helpless right;
But bowed his comely head, Down as upon a bed. [*Andrew Marvell*]

## પ્રકરણ ૪થું

### સૈન્યસત્તાક રાજ્ય : ઇ. સ. ૧૬૪૯–૧૬૬૦

ચાર્લ્સ ૧લાના મત મુજબ દેશમાં લશ્કરી સત્તા પ્રબળ થઈ ગઈ હતી. તેના મૃત્યુ પછીનાં દસ વર્ષમાં ઈંગ્લેન્ડમાં કોઈ પણ ચોક્કસ રાજ્ય-બંધારણ ન હતું. સૈન્યની પ્રબળ સત્તાના જોરે એક માણસ દેશમાં ધણી થઈ પડયો હતો. તેણે દરેક પ્રકારની મુશ્કેલીઓ વેઠીને પોતાનું પદ જાળવી રાખ્યું. અલબત, તેણે દેશમાં શાન્તિ સ્થાપી, અને વ્યાપારઉદ્યોગ ખીલવી દેશની સંપત્તિ વધારવાના પ્રયત્ન કર્યા, પણ તેનું પરિણામ લાંબો વખત ટકયું નહિ. દેશમાં બે પક્ષ ઉભા થયા, અને તેમાં અનેક પ્રકારના ધાર્મિક અને રાજદ્વારી પેટાવિભાગ પડી ગયા. ક્રોમ્વેલે દેશમાં વ્યવસ્થા આણી રાજ્ય સ્થિર કરવાના પ્રયત્નો કર્યા, છતાં તે પણ ફાવ્યો નહિ; કેમકે પ્રજાનો કોઈ પણ પક્ષ તેની તરફ નહોતો.

**સૈન્યસત્તાક રાજ્ય : તેની મુશ્કેલીઓ:** ‘પ્રાઈડના જુલાબ’ પછી ‘ઠુંઠી પાર્લમેન્ટ’ને હસ્તક દેશનો કારભાર આવ્યો. તેણે પ્રજાસત્તાક રાજ્યનાં જાહેરનામાં પ્રસિદ્ધ કરી દીધાં. રાજપદ અને અમીરોની સભાને નુકસાનકારક, નકામાં અને દેશની સ્વતંત્રતાનો નાશ કરનારાં ઠરાવી રદ કરવામાં આવ્યાં. ૪૧ સભ્યોની એક રાષ્ટ્રસભાને દેશનો કારભાર ચલાવવાની સત્તા મળી. તેના ઘણાખરા સભ્યો પાર્લમેન્ટના સભાસદો હતા. બ્રેડશો તેનો પ્રમુખ બન્યો, અને પ્રસિદ્ધ પંડિત અને કવિ મિલ્ટન તેનો મંત્રી થયો. આ સભા પાર્લમેન્ટને જવાબદાર નહોતી, એટલે ‘સમચ્છેદકો’ (Levellers)ના નામથી ઓળખાતા સૈન્યના એક વિભાગને તે પસંદ પડી નહિ; જો કે તેઓ ફરીથી ઊઠયા, પણ ક્રોમ્વેલે તેમને દબાવી દીધા.

આ ઉપરાંત લોકોને બીજી મુશ્કેલીઓ વેઠવાની હતી. ચાર્લ્સના વધથી યુરોપ ખંડમાં એક પ્રકારનો ભય ફેલાયો હતો. સર્વ રાજ્યો ભક્તસેનાના આ કૃત્યને અયોગ્ય અને રાક્ષસી ગણતાં હતાં. તેમણે આવા નામના પ્રજા-સત્તાક રાજ્યનો સ્વીકાર કરવા ના પાડી, અને ઈંગ્લેન્ડના એલચીને પોતાના

દરબારમાં રાખવાની નાખુશી બતાવી. હેગમાં એક એલચીનું ખૂન થયું, અને ચાર્લ્સના પુત્રનો હકદાર વારસ તરીકે સ્વીકાર કરવામાં આવ્યો. મૅડ્રિડમાં પણ બીજો એક પ્રતિનિધિ માર્યો ગયો. દેશમાં આ નવા રાજ્યથી લોકો ખુશી ન હતા. ચાર્લ્સના મૃત્યુ પછી કોઈ અજાણ્યા લેખકનું **'રાજપ્રતિમા'** નામે પુસ્તક પ્રસિદ્ધ થયું. તેમાં રાજાના ગુણોનું ભારોભાર યશોગાન હતું, અને તેના પર ગુજારેલાં સંકટોનું મર્મવેધક ચિત્ર હતું. પાર્લમેન્ટે મના કર્યા છતાં લોકો થોકબંધ વાંચે, વાંચીને રડે, અને નિસાસા નાખે.[1] છેવટે સ્કૉટ-લૅન્ડમાં ચાર્લ્સ બીજાનો રાજા તરીકે સ્વીકાર કરવામાં આવ્યો, અને આયર્લૅન્ડમાં રાજાના પક્ષના કેટલાક માણસોએ અને કેથોલિક પંથીઓએ મળીને ચાર્લ્સ બીજાને પોતાનું રાજ્ય મેળવવા માટે યુદ્ધ કરવાનું આમંત્રણ આપ્યું. આ પ્રમાણે બાહ્ય અને આંતર વિપત્તિઓથી ભય પામેલી પાર્લમેન્ટે વીખરાઈ જવાને બદલે ચાલુ રહેવાનું ઠરાવ્યું. દરમિઆન આયર્લૅન્ડમાં લશ્કરની હાર થયાના અને બળવો થવાના સમાચાર આવ્યા.

**આયર્લૅન્ડ જોડે યુદ્ધ:** ૧૬૪૯. આ બળવાનાં કારણ સમજવા માટે થોડો પૂર્વ ઇતિહાસ જોઈએ. સ્ટ્રેફર્ડે ચાર્લ્સને સર્વોપરિ બનાવવાની જે યોજના ઘડી હતી, તે તેણે આયર્લૅન્ડમાં અમલમાં મૂકી. આથી ત્યાંની પ્રજામાં અ-સંતોષ ફેલાયો. પરંતુ કોના ભાર કે ચૂં કે ચાં કરે? તેણે કૉનોટ પરગણું જપ્ત કરવાની પેરવી કરી. આયર્લૅન્ડની પ્રજા મુખ્યત્વે રોમન કેથોલિક હતી, તેથી પ્યૂરિટન અને પ્રેસ્બિટિરિયન પંથના લોકો પર તેમને અણપતીજ હતી. તેમને લાગ્યું કે એ પંથના લોકો કૉનોટમાં વસે અને સર્વ અધિકાર તેમના હાથમાં જાય, તો તે લોકો ધર્મને નામે આયરિશોને દુઃખ દેવામાં મણા રાખશે નહિ. આથી ઇ. સ. ૧૬૪૧માં ત્યાં બળવો થયો. તેમાં અનેક અંગ્રેજો અને સ્કૉટ લોકોનો સંહાર થયો, તોપણ લાંબી પાર્લમેન્ટે બળવો દબાવી દેવા લશ્કર તૈયાર કર્યું નહિ; કેમકે તેને ભય લાગ્યો કે કદાચ એ લશ્કરને રાજા હાથ કરી લઈ પાર્લમેન્ટની સામે ધરી દે. પ્રજાવિગ્રહ દરમિઆન આયરિશ લોકો રાજાના પક્ષમાં રહ્યા, અને ચાર્લ્સના મૃત્યુ પછી સર્વ પક્ષોએ

---

૧. કેટલાક માને છે કે પુસ્તકનો કર્ત્તા ચાર્લ્સ પોતે હતો. મિલ્ટનને તેનો પ્રત્યુત્તર લખવાનું કાર્ય સોંપવામાં આવ્યું હતું.

તેના પુત્રને રાજા તરીકે સ્વીકાર્યો. ઇ. સ. ૧૬૩૯ના બળવાનો નાયક ઑર્મંડનો ઠાકોર હતો. તેણે એક પછી એક કિલ્લા સર કરવા માંડયા. છેવટે પાર્લમેન્ટ પાસે એકલું ડબ્લિન રહ્યું, ત્યારે ક્રોમ્વેલને સેનાપતિ તરીકે આયર્લૅન્ડ મોકલવામાં આવ્યો.

૧૨,૦૦૦ ચુનંદા સૈનિકોને લઈ ક્રોમ્વેલ આયર્લૅન્ડમાં ઉતર્યો. તેણે નિશ્ચય કર્યો હતો, કે દયા તો બતાવવી નહિ. તેણે માન્યું કે પ્રજાસત્તાક રાજ્યના શત્રુઓને દબાવી દઈ તેમના પર ધાક બેસાડવાનો આ સારો લાગ છે. તેણે ત્યાં જઈને ડ્રોધેડા નગરને ઘેરો ઘાલ્યો. દિવાલમાં ગાબડું પાડી તેનું લશ્કર કિલ્લામાં દાખલ થયું. ક્રોમ્વેલના હુકમથી લગભગ ૩,૦૦૦ માણસોની હથિયાર વિનાની ટુકડીની કતલ કરવામાં આવી. કેટલાક બિચારા જીવ બચાવવા માટે દેવળમાં ભરાયા, પણ દેવળને આગ લગાડવામાં આવી. જેઓ એમ ને એમ શરણે આવ્યા, તેમાંથી પણ કેટલાકને મારી નાખવામાં આવ્યા. વેક્સફર્ડના યુદ્ધમાં પણ (ક્રોમ્વેલના હુકમ વિના) એવીજ ક્રૂરતા બતાવવામાં આવી. આથી આખો દેશ થરથરી ગયો, અને કિલ્લા અને શહેરો ટપોટપ ક્રોમ્વેલને સ્વાધીન થવા લાગ્યાં.

પરંતુ ક્રોમ્વેલને એવું કરવું હતું, કે ફરીથી એ કમનસીબ દેશ માથું ઉંચકી ન શકે. આથી બળવાના ઘણાખરા આગેવાનોનો વધ કરવામાં આવ્યો. તેણે અલ્સ્ટર, લીન્સ્ટર, અને મન્સ્ટરના ફળદ્રુપ પ્રદેશોમાંથી આયરિશોને હાંકી કાઢવાની યોજના ઘડી કાઢી. તેણે આયરિશ જમીનદારોની જમીન છીનવી લઈ અંગ્રેજ ખેડુતોને કે જમીનદારોને આપી દીધી. કેટલાક આયરિશોને દેશપાર કરવામાં આવ્યા, અને કેટલાકને વેસ્ટ ઇન્ડિઝ મોકલી દેવામાં આવ્યા. એ સાથે આયરિશોને પરદેશી સૈન્યમાં જોડાવાની રજા આપવામાં આવી, એટલે ભૂખમરાથી અને દુઃખથી ત્રાસેલા કેટલાક લોકો ખુશીથી સ્વદેશ છોડી જતા રહ્યા.

કેથોલિક ધર્મનો પ્રચાર અટકાવવા માટે પણ જબરા પ્રયત્નો કરવામાં આવ્યા, પણ લોકમત વિરુદ્ધ એકલી સત્તા શું કરી શકે? લોકો કેથોલિક પાદરીઓને આશ્રય આપતા, અથવા તેમને છુપાવતા, કે છુપા વેશ પહેરાવી ફેરવતા; છતાં એ ટાપુ પ્રોટેસ્ટન્ટ લોકોને આધીન રહે, એવી વ્યવસ્થા

ક્રોમ્વેલે કરી. આયર્લૅન્ડની આ નવી વ્યવસ્થાનો અમલ ક્રોમ્વેલના જમાઈએ કર્યો; કેમકે ક્રોમ્વેલને તરતજ સ્કૅાટલેન્ડ જવું પડયું.

**સ્કૅાટલેન્ડ જોડે યુદ્ધ:** ૧૬૫૦. સ્કૅાટલેન્ડના લોકો પ્યૂરિટન પંથના લોકો પ્રત્યે ભાવ ધરાવતા ન હતા, અને ચાર્લ્સનો વધ પણ તેમને પસંદ ન હતો. તેમણે ચાર્લ્સ બીજાને રાજા તરીકે સ્વીકાર્યો, પણ તરૂણ રાજકુમાર પોતાનો દાવ ખેલતો હતો. તે એકદમ પ્રેસ્બિટિરિયન પંથ સ્વીકારવા તૈયાર ન હતો. તેણે આયર્લૅન્ડમાં રાજાના પક્ષની હાર થએલી જોઈ, ત્યારે તે સ્કૅાટલેન્ડમાં આવ્યો. સ્કૅાટ લોકો ચાર્લ્સ બીજાનો પક્ષ લઈ સામા થયા. આથી પાર્લમેન્ટ ચમકી ઊઠી, અને તેણે અંગ્રેજ લશ્કરને સ્કૅાટલેન્ડ મોકલવાનો નિશ્ચય કર્યો. પરંતુ ફેરફૅક્સે હલ્લો લઈ જવાની ના પાડી, એટલે પાર્લમેન્ટે આયર્લૅન્ડમાંથી ક્રોમ્વેલને બોલાવી સ્કૅાટલેન્ડ જવાની આજ્ઞા કરી.

**ડનબારનું યુદ્ધ:** સરહદ ઓળંગીને ક્રોમ્વેલ સ્કૅાટલેન્ડમાં ઉતર્યો, કે ત્યાં નાસભાગ થવા લાગી. ક્રોમ્વેલ સીધો એડિનબરો જઈ પહોંચ્યો, પણ સ્કૅાટ લોકો હારી જાય તેવા ન હતા. તેમના ચતુર સેનાપતિ લેસ્લીએ ક્રોમ્વેલને ઘેરી લઈને ઇંગ્લેન્ડ જવાના રસ્તાના બંધ કર્યા, એટલે તેને નવી મદદ ન મળે, અને ખોરાકની તંગી પડે. પરંતુ ક્રોમ્વેલે અગમચેતી વાપરીને સામાન ભરેલાં વહાણો ડનબાર બંદરે બોલાવ્યાં હતાં, એટલે તે એડિનબરો છોડીને ત્યાં ગયો. અહીં સ્કૅાટ સૈન્યે ટેકરી પર પડાવ નાખ્યો હતો, અને ક્રોમ્વેલથી કશું થઈ શકે તેમ ન હતું. પરંતુ સ્કૅાટ સૈન્યના કેટલાક અધીરા પાદરીઓના દબાણથી ઇ. સ. ૧૬૫૦ના સપ્ટેમ્બરની ૩જી તારીખે સૂર્યોદય પહેલાં સેનાપતિએ લશ્કરને નીચે ઉતરવાનો હુકમ કર્યો. "હવે ઇશ્વરે તેમને મારા હાથમાં સોંપ્યા છે" એમ કહી ક્રોમ્વેલે મજબુત ધસારો કર્યો, અને થોડી વારમાં સ્કૅાટ હયદળને વીખેરી નાખ્યું. આથી સ્કૅાટ લશ્કરમાં ગભરાટ ફેલાયો, અને ચોતરફ નાસભાગ થઈ રહી. એક કલાકમાં યુદ્ધ પૂરૂં થઈ ગયું. ક્રોમ્વેલે અને તેના સૈન્યે ઇશ્વરસ્તવન કર્યું, અને પછી તેઓ શત્રુની પૂંઠે પડ્યા. પરિણામે હજારો માણસ મુઆ, કેટલાએક કેદ થયા, અને પુષ્કળ સામાન અને તોપો અંગ્રેજોને હાથ આવ્યાં. હવે ક્રોમ્વેલને કોઈ અટકાવનાર ન રહ્યું. તેણે એડિન-બરો જઈને શહેરનો કબજો લીધો

**વુસ્ટ`રનું યુદ્ધ:** આ યુદ્ધ આટલેથી બંધ ન પડયું. ક્રોમ્વેલને આખું વર્ષ યુદ્ધ ચાલુ રાખવું પડયું. આખરે ચાર્લ્સ અને તેના મળતીઆઓ સ્કોન ગયા, અને ત્યાં ચાર્લ્સનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. આખો દિવસ રાજાની આસપાસ પ્રેસ્બિટિરિયન પાદરીઓ રહીને તેને ધાર્મિક વ્યાખ્યાનો સંભળાવવા લાગ્યા. રાજા આથી કંટાળી ગયો. તેણે ઈંગ્લેન્ડમાં નસીબ અજમાવી જોવાનો વિચાર કર્યો. લેસ્લીને ડનબારના યુદ્ધમાં મળેલા પરાજય પછી ગુમાવેલી કીર્તિ મેળવવાની હોંસ હતી. લેંકેશાયર અને વેલ્સના લોકોની મદદની આશાએ ચાર્લ્સ સૈન્ય લઈ ઈંગ્લેન્ડ તરફ ચાલ્યો. ક્રોમ્વેલને આ વાતની જાણ થતાં તે તેમની પાછળ ધાયો. ડનબારના યુદ્ધના યાદગાર દિવસે વુર્સ્ટર પાસે યુદ્ધ થયું, તેમાં પણ સ્કૉટ લોકોને સખત હાર મળી. ચાર્લ્સને રણક્ષેત્રમાંથી નાસી જવું પડયું. તેને માથે અનેક વીતકો વીત્યાં,[1] અને તે વહાણમાં બેસી ફ્રાન્સને કિનારે ઉતરી પડયો. આમ ક્રોમ્વેલનું ધાર્યું થયું; સ્કૉટલેન્ડ પર એવો દાબ બેસી ગયો, કે ક્રોમ્વેલને તેના સામું જોવાની જરૂર પડી નહિ. સ્વતંત્રતા માટે પ્રાણ પાથરે એવા સ્કૉટ લોકો પાસે નામનીએ સ્વતંત્રતા ન રહી.

**હોલેન્ડ જોડે વિગ્રહ:** આટલેથી ઈંગ્લેન્ડ પ્રજાસત્તાક રાજ્ય ગણાવા લાગ્યું. યુરોપનાં રાજ્યોમાં ક્રોમ્વેલના નામની શેહ પડવા લાગી. પરંતુ સૈન્યની સત્તા સર્વોપરિ થઈ ન જાય તે માટે પાર્લમેન્ટે યુક્તિ કરી. સભ્યોએ પાર્લમેન્ટને આધીન રહે તેવું નૌકાસૈન્ય તૈયાર કરવાનો વિચાર કર્યો, અને ડનબાર—વુર્સ્ટરનાં અદ્‌ભુત પરાક્રમોને ઝાંખાં પાડે એવાં દરિઆઈ યુદ્ધો માટે પેરવી કરવા માંડી. આ હેતુથી દરિઆઈ બળમાં શ્રેષ્ઠ ગણાતા હોલેન્ડ જોડે તકરાર શરૂ કરી. ઈ. સ. ૧૬૫૧માં 'નૌયાનનો કાયદો' (Navigation Act)પસાર કરી પાર્લમેન્ટે એવો ઠરાવ કર્યો, કે ઈંગ્લેન્ડમાં જે માલ આવે તે અંગ્રેજી વહાણોમાં, અથવા જે દેશમાં તે માલ બન્યો હોય તેનાં વહાણોમાં આવવો

---

૧. પકડવા માટે ફરતા સિપાઈઓના હાથમાંથી છટકવા માટે એક વખત ચાર્લ્સને આખો દિવસ વૃક્ષ ઉપર સંતાઈ રહેવું પડયું. નીચેજ સિપાઈઓ 'તે આટલામાં છે' એવી વાતો કરતા. તે સાંભળીને તેનો જીવ ઊડી જતો. પરંતુ નસીબના બળે તે તેમના હાથમાં ન આવ્યો.

જોઈએ. એથી ડચ લોકોના વેપારને જીવલેણ ફટકો વાગ્યો; કેમકે તે સમયે ડચ લોકોનાં વહાણો ખૂબ વેપાર ખેડતાં અને માલની લાવજા કરતાં. આ પ્રમાણે ડચ વહાણોનો વેપાર અંગ્રેજ વહાણોને મળ્યો. ઉપરાંત ડચ વહાણ અંગ્રેજી ખાડીમાં આવે, ત્યારે તેણે વાવટો ઉતારી સલામી આપવી એવું ફરમાન થયું. આથી ડચ લોકોને હીણપત લાગી. હવે લડાઈ વિના બીજો ઉપાય રહ્યો ન હતો. અંગ્રેજ નૌકાસૈન્યનો ઉપરી રૉબર્ટ બ્લેક નિપુણ અને કસાએલો યોદ્ધો હતો. ડચ નૌકાસૈન્યનો ઉપરી વૉનટ્રમ્પ હતો. આ બે વર્ષનો વિગ્રહ શરૂઆતમાં નાનો પણ ભયંકર હતો. એક બીજા ઉપર હુમલા થયા. એક યુદ્ધમાં અંગ્રેજો હાર્યા, એટલે વિજયના ગર્વમાં ટ્રમ્પે 'અંગ્રેજોને સમુદ્ર પરથી કચરાની પેઠે કાઢી નાખ્યા છે' એમ સૂચવવા પોતાના વહાણ ઉપર સાવરણી બાંધી. પરંતુ આખરે ડચ લોકો હાર્યા અને ટ્રમ્પ મરાયો. પોર્ટલેન્ડના યુદ્ધમા અંગ્રેજો જીત્યા, ત્યારે હોલેન્ડ સંધિ કરવા તત્પર થયું.

આ પ્રમાણે પરદેશો પાસે પ્રજાસત્તાક રાજ્યની આણ મનાવી ક્રોમ્વેલે અપૂર્વ નામના મેળવી. ચાર વર્ષ પછી તેણે '**દેશરક્ષક**' તરીકેનું કાર્ય હાથમાં લીધું.

**દેશરક્ષક ક્રોમ્વેલઃ** એંશી સભ્યોની બનેલી ઠુંઠી પાર્લમેન્ટ ખરી પાર્લમેન્ટ ન હતી, તો પછી પ્રજાના પ્રતિનિધિ રૂપે કેમ ગણાય? ચાર્લ્સના વધ પછી નવી પાર્લમેન્ટ મળવી જોઈતી હતી, પણ સત્તા છોડવી કોને ગમે? દેશની અવ્યવસ્થિત સ્થિતિ જોઈ ક્રોમ્વેલ અને પાર્લમેન્ટ વચ્ચે એવો ઠરાવ થયો, કે ત્રણ વર્ષ સુધી એની એ પાર્લમેન્ટ ચાલુ રહે, અને તે ચોક્કસ રાજ્યબંધારણ ઘડી કાઢે. પરંતુ લશ્કરની ગેરહાજરીનો લાભ લઈ પાર્લમેન્ટે ગેરકાયદેસર કામો કરવા માંડયાં. સ્કૉટલેન્ડથી ક્રોમ્વેલ પાછો આવ્યો, ત્યારે તેણે આ બધું જોયું, એટલે તેની આંખ ફાટી. પાર્લમેન્ટે વિસર્જન થવાને બદલે એવી તદબીર રચી કે જુના સભ્યો કાયમ રહે, પણ જે નવા સભ્યો આવે તેમની વરણીનો નિર્ણય પણ તે કરે. આથી સૈન્ય અને પાર્લમેન્ટનો વિરોધ શરૂ થયો. ઇ. સ. ૧૬૫૩ના એપ્રિલની ૨૦મી તારીખે ક્રોમ્વેલને ખબર પડી, કે પાર્લમેન્ટ ઉપરની મતલબનો ખરડો પસાર કરવાની તૈયારીમાં છે, એટલે તે સભાગૃહ તરફ દોડયો. પોતાની જોડે હથિયારબંધ સિપાઈઓ હતા, તેમને બહાર રાખી પોતે અંદર જઈ છાનોમાનો બેઠો. પરંતુ ચર્ચા

સાંભળ્યા બાદ તેણે કહ્યું, "તમારી ઘડી ભરાઈ ચૂકી છે, અને ઈશ્વરે તમને તજી દીધા છે; હું તમારી લવરી બંધ કરી દેવા માગું છું. તમારે અહીં વધારે વખત બેસવું એ યોગ્ય નથી. તમે કંઈ પાર્લમેન્ટ નથી." તેણે પગ પછાડ્યો, એટલે ત્રીસ સૈનિકોએ અંદર આવી સભા વીખેરી નાખી. પ્રમુખે ખુરસી પરથી ઊઠવાની ના પાડી, એટલે તેનો હાથ પકડી ઉઠાડી મૂકવામાં આવ્યો. પછી બારણાંને તાળું મારી ક્રોમ્વેલ કુંચી લઈ ગયો. ઇ. સ. ૧૬૪૦ માં બેઠેલી લાંબી પાર્લમેન્ટનો અંત બળાત્કાર અને અપમાનમા આવ્યો, પણ તેની પોતાની અનુમતિ વિના તેને વીખેરી શકાય તેમ ન હતું.

હવે દેશમાં ક્રોમ્વેલ અને તેના સૈન્યની સત્તા રહી. ક્રોમ્વેલે પોતાના અધિકારથી નવી પાર્લમેન્ટ બોલાવી. તેના સભ્યો પ્રજાએ પસંદ કરેલા ન હતા, પરંતુ ક્રોમ્વેલ અને તેના પક્ષના માણસોએ અનુકૂળ માણસો મોકલ્યા હતા. એમાં[1] સ્કૉટલેન્ડ અને વેલ્સના કેટલાક સભ્યો હતા. આ પાર્લમેન્ટે કેટલાક સારા કાયદા ઘડયા, પણ ઉત્સાહના આવેશમાં તેણે એટલા બધા સુધારા કરવા માંડયા, કે દેશમાં અશાન્તિ વ્યાપવાનો ભય દેખાયો. ક્રોમ્વેલ તેનાથી કંટાળી ગયો, અને સભ્યોમાં તકરારો થવા લાગી, એટલે પાંચ માસમાં સર્વ સત્તા ક્રોમ્વેલને સોંપી પાર્લમેન્ટ બરખાસ્ત થઈ, ઇ. સ. ૧૬૫૩.

હવે શું કરવું? તરવારને જોરે ચલાવેલું રાજ્ય લાંબો કાળ ટકી શકતું નથી. લાંબી પાર્લમેન્ટના અનુભવથી ક્રોમ્વેલ એટલું તો સમજી શકયો હતો, કે દેશમાં કોઈ પણ સત્તા પ્રબળ હોવી જોઈએ, અને રાજ્યનાં સવ અંગો તે સત્તાને વશ રહીને ચાલે, તોજ દેશમાં શાન્તિ રહે; કારણ કે બીનજવાબદાર અને એકહથ્થુ સત્તા પણ સ્વતંત્રતાનો નાશ કરનારી નીવડે છે. લશ્કરી અધિકારીઓની સૂચનાથી ક્રોમ્વેલે 'દેશરક્ષક'નું ગૌરવભર્યું પદ સ્વીકાર્યું. તેની જોડે એક મંત્રી સભા અને પાર્લમેન્ટ પણ હોવાં જોઈએ, એવું ઠરાવવામાં આવ્યું. આ ઉપરાંત રાજ્યતંત્રનાં સાધન (Instrument of Government) વડે રાજ્યબંધારણ ઘડી કાઢી પાર્લમેન્ટ અને દેશરક્ષકની

૧. આ પાર્લમેન્ટને 'બૅરબોન્સ' પાર્લમેન્ટ' કહેવામાં આવે છે; કેમકે તેના એક સભ્યનું નામ પ્રેઈઝ ગૉડ બૅર બોન્સ (ખુલ્લાં હાડકાં) હતું. એ જમાનામાં પ્યૂરિટન લોકો બાઇબલનાં નીતિસૂત્રોનો નામ તરીકે ઉપયોગ કરતા.

સત્તાની મર્યાદા આંકવામાં આવી. તેમાં એમ ઠરાવવામાં આવ્યું, કે ક્રોમ્વેલ મરણ પર્યંત દેશરક્ષક રહે, તેને બાંધ્યો પગાર મળે, અને પાર્લમેન્ટ દર ત્રણ વર્ષે ઓછામાં ઓછી એક વાર મળે.

**દેશરક્ષકની આંતર નીતિ**: ૧૬૫૩–૧૬૫૮. ચાર્લ્સના વધને પાંચ વર્ષ થતા પહેલાં એકજ હાથમાં સર્વોપરિ સત્તા જઈ પડી. નવી પાર્લમેન્ટ મળી, તે પહેલાંના દસ માસ ક્રોમ્વેલે સારી રીતે રાજ્ય ચલાવ્યું. તેણે દેશમાં વિદ્યાની વૃદ્ધિ થાય તેવા ઉપાયો કર્યા, ખર્ચમાં કરકસર કરી, સર્વને સરખો ન્યાય મળે તેવી વ્યવસ્થા કરી, અને ગરીબ ખેડુતો અને જમીનદારોની સ્થિતિ સુધારવાની મહેનત કરી. તેણે સ્કૉટલેન્ડને ઈંગ્લેન્ડ સાથે જોડી દીધું.

નવી વિશાળ પ્રતિનિધિત્વવાળી પાર્લમેન્ટ ઇ. સ. ૧૬૫૪માં મળી. તેમાં માત્ર રોમન કેથોલિકો અને રાજાના પક્ષના માણસો ન હતા. તેમાં ઇ. સ. ૧૬૩૨ના સુધારાના ખરડાનાં ઘણાં તત્ત્વોનો સમાવેશ થતો હતો. નવી સભામાં ક્રોમ્વેલના ઘણા શત્રુઓ આવ્યા. તેમણે માત્ર 'હા જી હા' કરવાને બદલે રાજ્યબંધારણની ચર્ચા ઉપાડી. દેશમાં એકજ માણસ સર્વોપરિ હોઈ શકે કે નહિ, તે પર જુસ્સાદાર વિવેચન થવા લાગ્યાં. પરંતુ ક્રોમ્વેલે તેમને કહ્યું કે જે કાયદા અને બંધારણને અંગે તમે પોતે પાર્લમેન્ટમાં બેસવા પામ્યા છો, તેને તમારાથી હાથ લગાડી શકાશે નહિ. પરંતુ નવા સભાસદો સ્વતંત્ર મિજાજના હોવાથી ડરી જાય તેવા નહોતા. જો કે પોતાની વિરુદ્ધ થનારા ૧૦૦ સભાસદોને ક્રોમ્વેલે પાર્લમેન્ટમાં આવતા બંધ કર્યા, તોપણ એટલાં બધાં વિરોધી તત્ત્વો રહી ગયાં, કે પાંચ માસની અંદર તેને પાર્લમેન્ટ બરખાસ્ત કરવી પડી.

હવે તેણે એકલે હાથે રાજ્ય કરવા માંડયું. તેનો અમલ દરેક રીતે લશ્કરી હતો. તેણે દેશને ૧૦ પરગણાંમાં વહેંચી નાખ્યો, અને દરેક ઉપર એકેક 'દંડનાયક' (Major General) નીમ્યો. આ નાયકોએ ચાર્લ્સના જેવી આપખુદી ચલાવવા માંડી. દેશના જુના ધારાઓનો અમલ બંધ પડયો, ગેરકાયદેસર કરવેરા ઉઘરાવવામાં આવ્યા, અને લોકોને કડક સજા થવા લાગી. બ્રેડશો જેવાને પણ ક્રોમ્વેલે તુરંગમાં મોકલી દીધો. આથી રાજાના

પક્ષકારોમાં અને સામાન્ય પ્રજામાં અસંતોષ વ્યાપ્યો. જ્યાં ત્યાં ક્રોમ્વેલના નાયકો અને તેમના જુલમોની વાતો થવા લાગી.

ઇ. સ. ૧૬૫૬માં બીજી પાર્લમેન્ટ મળી. તેના સભ્યો પણ નિર્માલ્ય અને ક્રોમ્વેલના પક્ષના હતા; કેમકે તેના લગભગ ૧૦૦ વિરોધીઓને મંત્રી-સભાએ બેસવા દેવાની ના પાડી. હવે સભ્યોએ 'વિનીત અરજી અને સૂચના'નો ખરડો તૈયાર કરી રાજ્યબંધારણમાં જે ફેરફાર સૂચવ્યા, તેમાં બે મુખ્ય હતા; એક એ કે ક્રોમ્વેલે 'રાજપદ'નો સ્વીકાર કરવો, અને બીજો એ કે અમીરોની સભાની ફરી સ્થાપના કરવી. રાજપદ લેવાની ક્રોમ્વેલની ઇચ્છા હોય કે ન હોય, પણ જે સૈન્યની ઓથે રહીને તે ઉચ્ચ પદવીએ પહોંચ્યો હતો, અને તેણે ગૌરવ, પ્રતિષ્ઠા, અને પ્રતાપ મેળવ્યાં હતાં, તે સૈન્યને એ વાત ગમતી ન હતી એ ક્રોમ્વેલ જાણતો હતો. એથી તેણે રાજા થવાની ના પાડી, અને બાકીની સૂચના સ્વીકારી. તેને 'દેશરક્ષક' તરીકે કાયમ કરી વિધિપૂર્વક સત્તા સોંપવામાં આવી, અને તેને વારસ નીમવાની સત્તા મળી.

ઇ. સ. ૧૬૫૮ની પાર્લમેન્ટમાં ક્રોમ્વેલે કાઢી મૂકેલા સભાસદોને બેસવાની રજા મળી, અને ઘણા સભ્યોને અમીર બનાવ્યા તેથી તેમની જગાએ નવા સભ્યો આવ્યા. આ બધાએ રાજ્યબંધારણની જુની તકરાર ઉપાડી, એટલે ક્રોમ્વેલે પાર્લમેન્ટ બરખાસ્ત કરી આપખુદ અમલ ચલાવ્યો.

૫) **દેશરક્ષકની પરદેશનીતિઃ** ઇ. સ. ૧૬૫૪–૫૮. ક્રોમ્વેલની ખરી મહત્તા તેની પરદેશનીતિમાં જણાય છે. દેશમાં વિરોધ, ચિંતા, અને ખટપટ હોવા છતાં ક્રોમ્વેલે પરદેશમાં ઇંગ્લૅન્ડનું ગૌરવ વધાર્યું. ઇલિઝાબેથની પેઠે યુરોપનાં પ્રોટેસ્ટન્ટ રાજ્યોને એકત્ર કરી તેનું ઉપરીપદ ઇંગ્લૅન્ડને આપવાની તેનામાં હોંસ હતી. એથી તેણે ડચ લોકો જોડે મળીને ઑસ્ટ્રિઆની વિરુદ્ધ સ્વીડન જોડે સંધિ કરી વેપારી લાભો મેળવ્યા. ફ્રાન્સ અને સ્પેન વચ્ચે ચાલતા વિગ્રહનો લાભ લઈ તેણે ફ્રાન્સનો પક્ષ લીધો, અને દાવો કર્યો કે સ્પેનના રાજ્યમાં અંગ્રેજોને પોતાનો ધર્મ પાળવાની સંપૂર્ણ સ્વતંત્રતા હોવી જોઈએ. સ્પેન ચુસ્ત કૅથોલિક હોવાથી ક્રોમ્વેલે ઇલિઝાબેથની નીતિ આરંભી. તેણે વેસ્ટ ઇન્ડિઝમાં લશ્કર મોકલ્યું, અને જેમેકા જીતી લીધું, ઇ. સ. ૧૬૫૬. સૅવૉયનો ઠાકોર ફ્રાન્સના સુધારકોને બહુ દુઃખ દેતો હતો. તેને ફ્રાન્સના

રાજાએ સમજાવી રહેમ રાખવાની જરૂર પાડી, એટલે ક્રોમ્વેલે ફ્રાન્સના રાજાને મદદ આપવાનું કબુલ કર્યું. ઈંગ્લેન્ડ અને ફ્રાન્સ સ્પેન સામે લડ્યાં. સ્પેનનું લશ્કર ડયુન્સ પાસે હાર્યું, અને તેની પાસેથી ઈંગ્લેન્ડે ડન્કર્કનો કિલ્લો પડાવી લીધો, ઇ. સ. ૧૬૫૮. આથી ક્રોમ્વેલની કીર્તિ વધી, અને ઈંગ્લેન્ડનું ગૌરવ વધ્યું. હવે યુરોપનાં રાજ્યોના એલચીઓ ક્રોમ્વેલના દરબારમાં આવી ઝૂકી ઝૂકીને સલામ કરવા લાગ્યા; કેમકે સર્વેને તેની મીઠી નજર અને દોસ્તીની ગરજ પડવા લાગી. ભૂમધ્ય સમુદ્રમાં પણ અંગ્રેજોના નામનો ડંકો વાગ્યો. દરમિઆન ટયુનિસના બેએ અંગ્રેજ કેદીઓ સોંપવાની ના પાડી, એટલે બ્લેકને ત્યાં મોકલવામાં આવ્યો.

**મરણ અને તુલના:** ક્રોમ્વેલનું વય ૫૯ વર્ષનું થયું, ત્યાં તો ચિંતા, શ્રમ, ઉજાગરા, અને મંદવાડથી તેનું શરીર નબળું પડવા લાગ્યું. દેશને માટે શરીરને શ્રમ આપવામાં તેણે મણા રાખી ન હતી, છતાં તેના છેલ્લા દિવસો દુઃખમાં ગયા. તેના શત્રુઓ તેનો ઘાટ ઘડવાની ખટપટ કરતા. "ખૂન એ હત્યા નથી" એ ચોપાનીઆમાં ક્રોમ્વેલનું ખૂન કરવાનાં કારણો દર્શાવવામાં આવ્યાં. આમ અંત કાળમાં તે બહુ દુઃખી હતો. તે વસ્ત્રોની નીચે બખ્તર પહેરતો, અને સૂવાની જગા રોજ બદલતો. વધારામાં તેની પ્રિય પુત્રીના મૃત્યુથી તેને અસહ્ય આઘાત લાગ્યો. તેને ભયંકર મંદવાડ લાગુ પડયો. તેને આરામ થાય તે માટે લોકોએ પ્રાર્થના કરી, પણ સઘળું વ્યર્થ હતું. ક્રોમ્વેલ ઇ. સ. ૧૬૫૮ના સપ્ટેમ્બરની ૩જી તારીખે[1] અનંત શાંતિના ધામમાં ગયો.

ક્રોમ્વેલ અસાધારણ બુદ્ધિવાળો, તીવ્ર સમજણવાળો, દયાળુ, કોમળ, અને સ્નેહાળ હતો. જો કે તેનો સ્વભાવ જલદ હતો, પણ તેનામાં દ્વેષ ન હતો. રણભૂમિ પર તેનો જોટો મળવો મુશ્કેલ હતો. તેની અદ્ભુત વ્યવસ્થા-શક્તિ, પ્રસંગ ઓળખીને લાભ લેવાની શક્તિ, અને યુદ્ધકળાની આવડતને લીધે તે હંમેશાં વિજય મેળવતો. તેણે ઈંગ્લેન્ડની ઘણી સેવા કરી છે. તેણે

---

૧. ક્રોમ્વેલના જીવનમાં ૩જી સપ્ટેમ્બરના બનાવો ધ્યાન ખેંચે એવા છે. તે ૩જી સપ્ટેમ્બરે (૧૬૪૯) ડ્રોઘેડા પહોંચ્યો; ડન્બારનું યુદ્ધ ૩જી સપ્ટેમ્બરે (૧૬૫૦) થયું; વુર્સ્ટરના યુદ્ધમાં ૩જી સપ્ટેમ્બરે (૧૬૫૧) જય મળ્યો; તેની પહેલી પાર્લમેન્ટ ૩જી સપ્ટેમ્બરે (૧૬૫૪) મળી; તેનું મૃત્યુ ૩જી સપ્ટેમ્બરે (૧૬૫૮) થયું.

દેશપરદેશમાં પોતાની પ્રતિષ્ઠા વધારી, તોપણ તેણે જોઈ લીધું કે ધારેલા કાર્યમાં તે નિષ્ફળ નીવડયો હતો. રાજાનો વધ કરી પ્રજાને સ્વતંત્રતા આપવાના પ્રયત્નોમાં પ્રજાનો મોટો ભાગ સંમત ન હતો. તેણે તરવારને જોરે પ્રજા પર સત્તા ટકાવી રાખી, પણ એ પ્રતાપી શક્તિ દૂર થતાં પોતાનું કામ તૂટી પડવાનું છે એમ તે સમજી ગયો. તેના ધાર્મિક વિચારો જમાના કરતાં આગળ પડતા હતા. તેણે લોલાર્ડ જેવા અપ્રિય થઈ પડેલા વર્ગને ધર્મછૂટ આપી, અને વેપારીઓનો અને ધર્મઘેલાઓનો વિરોધ હોવા છતાં દેશમાં યાહુદીઓને વસવા દીધા. ધાર્મિક આવેશથી પ્રેરાએલો બુદ્ધિશાળી જમીનદાર સ્વદેશાભિમાનના પૂરમાં ખેંચાય ત્યારે કયાં સુધી જઈ શકે, તેનું ઉદાહરણ ક્રોમ્વેલ પૂરૂં પાડે છે. તેણે દેશમાં સમૃદ્ધિ આણી, પણ પ્રજાને જોઈતી સ્વતંત્રતા તે આપી શકયો ન હતો.[1]

**અરાજકતા:** ઇ. સ. ૧૬૫૯–૬૦. ક્રોમ્વેલના મૃત્યુ પછી તેનો પુત્ર રિચર્ડ ક્રોમ્વેલ 'દેશરક્ષક'ના પદ પર આવ્યો. તેનામાં પિતાની બુદ્ધિ કે શક્તિ ન હતી; તે શાંતિપ્રિય અને એકાંત જીવન ગુજારવાની ઇચ્છાવાળો, લડવાની આવડત વિનાનો અને સાધારણ માણસ હતો, એટલે જુની તકરારો ઉભી થઈ. તેણે પાર્લમેન્ટ બોલાવી, પણ સૈન્ય અને પાર્લમેન્ટ વચ્ચે તકરાર જામી. સૈનિકોને યુદ્ધકળાના જ્ઞાન વિનાનો આવો ઉપરી જોઈતો ન હતો, અને પાર્લમેન્ટને લશ્કરની પ્રબળ સત્તા પાલવતી નહોતી; તેણે લશ્કરી અધિકારીઓના દબાણને વશ થઈ પાર્લમેન્ટને વિસર્જન કરી, અને પોતાનું રાજીનામું આપી દીધું. તેણે કહ્યું કે "મારી પદવી મને ભાર રૂપ છે, એટલે તે માટે હું લોહીનું એક પણ ટીપું રેડાવા દેનાર નથી."

આ પછી દેશમાં ખાસ મુખ્ય સત્તા રહી નહિ. ક્રોમ્વેલના મરણ પછી લશ્કરની એકતા તૂટી, અને લશ્કરી અધિકારીઓ ઉપરીપદને માટે લડવા

---

૧. ક્રોમ્વેલના જીવનની સમીક્ષા નીચેની ચાર લીટીઓમાં ઠીક કરેલી છે.

He first put arms into Religion's hands,
And tim'rous conscience into Courage mann'd;
The soldier taught that in ward mail to wear,
And fearing God how they should nothing fear.

લાગ્યા. આ સર્વમાં લૅમ્બર્ટ બળવાન સરદાર હતો. તે સૈન્યનો આગેવાન બનીને લંડન ગયો, અને તેણે પાર્લમેન્ટને સજીવન કરી. પરંતુ પાર્લમેન્ટ અને સૈન્ય વચ્ચે સર્વોપરિ સત્તાને માટે વિખવાદ થયો. પાર્લમેન્ટે ૧૬૫૯ના ઑકટોબરમાં લૅમ્બર્ટ અને તેના મળતીઆઓનો અધિકાર લઈ લીધો. અમલદારોએ પાર્લમેન્ટ વીખેરી વેર વાળ્યું, અને રાજ્ય ચલાવવા લશ્કરી સમિતિ નીમી.

આ સમયે મંક નામે કાર્યદક્ષ, ચતુર, અને વ્યવહારકુશળ સરદારે અવ્યવસ્થાનો અંત આણવાનો વિચાર કર્યો. તેણે સ્વદેશપ્રેમને વશ થઈ રાજાનો પક્ષ લેવાનો નિશ્ચય કર્યો. તેણે લશ્કરી સમિતિની સત્તા સ્વીકારી નહિ. ઈ. સ. ૧૬૬૦માં તે સરહદ ઓળંગી લંડન તરફ ઉપડયો. લંડનમાં આવી તેણે સૈન્ય, પાર્લમેન્ટ, અને પ્રજાની ઇચ્છાઓ અને ફરિયાદો સાંભળી. તેણે પાર્લમેન્ટ બોલાવી, અને ઇ. સ. ૧૬૪૮માં કાઢી મૂકવામાં આવેલા પ્રેસ્બિટિરિયન સભ્યોને ફરીથી નોતર્યા. લોકો આ સાંભળી ખુશી થયા. આ પ્રમાણે ફરી મળેલી લાંબી પાર્લમેન્ટ ડહાપણ વાપરીને સ્વેચ્છાપૂર્વક વિસર્જન થઈ. નવી અને સ્વતંત્ર પાર્લમેન્ટ મળી, તેમાં રાજાના પક્ષના અને મધ્યમ વિચારના ઘણા પુરુષો આવ્યા. આથી સૈન્યસત્તાના દિવસો પૂરા થયા, અને ચારે તરફ રાજભક્તિની ભરતી ચડવા લાગી. સર્વને એમ લાગતું હતું કે જુની રાજ્યવ્યવસ્થા ફરી દાખલ થવી જોઈએ. આ વખતે રાજપુત્ર ચાર્લ્સ હોલેન્ડમાં હતો. તેણે મંકની જોડે વિષ્ટિ ચલાવી, અને તેની સૂચનાથી બ્રેડાથી જાહેરનામું પ્રસિદ્ધ કરી સર્વને ક્ષમા આપવાનું, સર્વને ધર્મની છૂટ આપવાનું, અને પ્રજાની ઇચ્છાનુસાર રાજ્ય ચલાવવાનું વચન આપ્યું. ત્યાર બાદ નવી કામચલાઉ પાર્લમેન્ટે (Convention) ચાર્લ્સને ગાદી સ્વીકારવાનું આમંત્રણ આપ્યું. એથી ચાર્લ્સ ડોવર આવ્યો, અને ત્યાંથી લોકોના હર્ષનાદ સાંભળતો લંડન ગયો.

# પ્રકરણ ૫મું

## રાજાનું પુનરાગમન

### ચાર્લ્સ બીજો : ઇ. સ. ૧૬૬૦–૧૬૮૫

**રાજાનું પુનરાગમનઃ** કામચલાઉ પાર્લમેન્ટે ચાર્લ્સ બીજાને ગાદી લેવાની વિનતિ કરી; કારણ કે તે હકદાર હતો એટલુંજ નહિ પણ તેના વિના ચાલે એમ ન હતું. પ્યૂરિટનોએ રાજાની સામે હથિયાર ઉઠાવી જે અખતરો કર્યો તે નિષ્ફળ ગયો. જો કે જુલમગાર રાજાની સામે લડીને વિજય મેળવ્યો એ ખરૂં, પણ તે પછી જુલમગારના પુત્રને માન આપવા ભક્તસેનાને હથિયાર નમાવી ઉભા રહેવું પડયું. ક્રોમ્વેલના કડક અમલથી અને પ્યૂરિટનોની ઉગ્રતાથી લોકોમાં અસંતોષ ફેલાયો હતો, અને રાજ્યમાં અવ્યવસ્થા આવી હતી. આથી સર્વને રાજાની જરૂર હતી. જો કે આંતર વિગ્રહને પરિણામે રાજાની સત્તા જતી રહી, પણ તેના કરતાં વધુ ખરાબ સત્તા સર્વોપરિ થઈ પડી. ધાર્મિક જુલમો પણ ઓછા ન હતા, અને પક્ષાપક્ષીનાં મૂળ ઉંડાં હતાં. આ બધાનું શુભ પરિણામ એ આવ્યું, કે ભવિષ્યમાં રાજાથી ઉઘરાણાં થઈ શકે નહિ કે કર નાખી શકાય નહિ, અને પ્રજાની ઇચ્છા વિરુદ્ધ રાજ્ય કરી શકાય નહિ; માત્ર બહુમતીવાળો પક્ષ પોતાના કાબુમાં રાખીને રાજા સ્વતંત્ર રીતે રાજ્ય કરી શકે તેમ હતું; કેમકે સેનાપતિ મંકે ચલાવેલી વિષ્ટિમાં રાજા-પ્રજાના હક વિષે કશી વાત કરવામાં આવી ન હતી. આ સમયે પાર્લમેન્ટની માગણીઓ મંજુર કરવા ચાર્લ્સ તૈયાર હતો, પણ દુર્ભાગ્યે કોઈ પ્રવીણ રાજદ્વારી તે સમયે ન હતો. આથી કરીને ચાર્લ્સ પોતાના અમલમાં જુદા જુદા પક્ષોને લડાવીને અને આંતરવિગ્રહનો ભય ઉભો રાખીને મનધાર્યું કરતો ગયો.

**ચાર્લ્સ બીજો:** ચાર્લ્સનો જન્મ ઇ. સ. ૧૬૩૦માં થયો હતો. નેસ્બીના યુદ્ધ પછી તે હોલેન્ડમાં જઈ રહ્યો, અને ઇ. સ. ૧૬૫૧માં સ્કૉટલેન્ડમાં પાછો આવ્યો. વુર્સ્ટરના ભયંકર યુદ્ધ પછી તે ફ્રાન્સ નાસી ગયો, પણ ત્યાંથી તેને ઇ. સ. ૧૬૫૫માં રજા મળી. તે લંડન આવ્યો ત્યારે લોકોએ તેને હરખ-ભેર આવકાર આપ્યો; પ્રજાએ રસ્તામાં ફૂલ પાથર્યાં, દેવળોમાં ઘંટનાદ થયો, અને ઠેરઠેર રણતૂર, ઝાંઝપખાલ, અને ઘુઘરા વાગ્યા. બારીબારણાં પણ

ધ્વજપતાકાથી શણગારવામાં આવ્યાં, અને લોકો રંગબેરંગી વસ્ત્રો પહેરી રાજાને સન્માન આપવા બહાર નીકળી પડયા. ભુંડી અને કાળમુખી સૈન્યસત્તાનો અંત આવ્યો, અને હવે સુખવારો આવશે એમ લોકોએ માન્યું. પ્યૂરિટનોએ લોકોનો આનંદઉત્સવ, મોજમઝા, નાચરંગ, સાઠમારી વગેરે બંધ કર્યાં હતાં, તે બધું ફરીથી શરૂ થશે એવી તેમની આશા હતી.



ચાર્લ્સ બીજો

ચાર્લ્સ શાન્ત સ્વભાવનો, ઉડો, અપ્રમાણિક, સ્વાર્થી, વિષયી, લુચ્ચો, એશઆરામી, અને આળસુ હતો. તેની બાલ્યાવસ્થા રખડપટ્ટીમાં વીતી હતી, એટલે તેને દેશ માટે પ્રીતિ નહોતી. ઉદારતા અને દયા કે ધર્મ સંબંધી લાગણી તેનામાં ન હતીઃ માત્ર તેની રીતભાત અને બોલવાની છટા મનોહર હતી. તેને પોતાનું ધાર્યું કરવાની ટેવ હતી, છતાં પાર્લમેન્ટને છંછેડીને કે તેની વિરુદ્ધ જઈને કંઈ પણ કરવાની તેને ઇચ્છા નહોતી. તેનામાં અનેક યુક્તિઓ અને ઉંડી પહોંચ હતી; કયારે સામું થવું, અને કયારે લટી પડવું એ તે સમજતો હતો. રાજાના ઈશ્વરી હક વિષે તેનામાં એવો મમત હતો, કે પ્રાણાન્તે પણ તે છોડવા એ તૈયાર ન હતો. પરંતુ તેની ચતુરાઈથી તેના વિચારો એકદમ જણાતા નહિ, એટલે પ્રજા તેની સામે થઈ નહિ. તે કહેતો કે "મારે ફરીથી યુરોપની યાત્રા કરવાની ઇચ્છા નથી." તેના જીવનમાં બે મુરાદો હતીઃ (૧) પોતાનું ધાર્યું કરવું, અને પાર્લમેન્ટને હિસાબ ન આપવો પડે તે રીતે વિલાસને માટે દ્રવ્ય મેળવવું; (૨) કેથોલિક ધર્મની ફરી સ્થાપના કરવી; કારણ કે તે માનતો હતો કે પ્રોટેસ્ટન્ટ ધર્મ પાળવાથી લોકો સ્વતંત્ર મિજાજના થઈ જાય છે. તે પોતે પણ અંતરમાં કેથોલિક હતો.

**કામચલાઉ પાર્લમેન્ટ:** ઇ. સ. ૧૬૬૦. એ પછી બ્રેડાના જાહેરનામાનો અમલ કરવાનું કામ હાથમાં લેવામાં આવ્યું. પાર્લમેન્ટે ઇ. સ. ૧૬૩૭થી ૧૬૬૦ સુધીના બળવામાં ભાગ લેનારાઓને ક્ષમા આપી; છતાં ૧૩ રાજહત્યારાને અને ન્યાયાધીશોને ફાંસીએ ચડાવ્યા, અને કેટલાકને બંદીખાને નાખ્યા. ક્રોમ્વેલ અને બ્રેડશોનાં શબને કબરોમાંથી ખોદી કાઢી ફાંસીએ ચડાવ્યાં. ક્રોમ્વેલના સમયમાં રાજાના પક્ષના માણસોની જમીન લઈ લેવામાં આવી હતી, તે તેમને પાછી આપવામાં આવી, અને અમીરોની સભાની ફરીથી સ્થાપના કરવામાં આવી. રાજાને બાર લાખ પૌન્ડનું વર્ષાસન બાંધી આપી તેની જાગીરો સોંપવામાં આવી, પણ ફ્યૂડલ ધારાને અંગે મળતાં નજરાણાં બંધ કરી દારૂની જકાત તેને મળે તેવી ગોઠવણ કરવામાં આવી. એ સાથે મંડની સેનાને પગાર ચૂકવી વીખેરી નાખવામાં આવી. રાજાએ તેમાંથી એક ટુકડી રાખી લીધી, અને આ પ્રમાણે ઈંગ્લેન્ડની સ્થાયી સેનાનું બીજ નંખાયું. કેટલાક ધાર્મિક પ્રશ્નોનું નિરાકરણ કરવા જેવું હતું, પણ રાજા અને પાર્લમેન્ટ વચ્ચે મતભેદ હોવાથી કશું કર્યા વિના આ પાર્લમેન્ટ ઇ. સ. ૧૬૬૦માં બરખાસ્ત થઈ.

**સ્કૉટલૅન્ડ અને આયર્લૅન્ડમાં રાજસત્તાની સ્થાપના:** ઇ. સ. ૧૬૬૦–૧૬૬૫. રાજાના પુનરાગમનથી આ દેશોને બહુ હાનિ થઈ. ક્રોમ્વેલના સમયમાં સ્કૉટલેન્ડનું ઈંગ્લેન્ડ જોડે થએલું જોડાણ કામચલાઉ પાર્લમેન્ટે સ્વીકાર્યું નહિ, અને ઉલટું સ્કૉટ લોકો પાસેથી વેપારના સમાન હક લઈ લીધા. સ્કૉટ લોકોએ ચાર્લ્સ બીજાને મદદ કરી હતી, પણ તેઓ પોતાના પિતાની સામે થયા હતા, એ વાત રાજાને સાલતી હતી. આર્ગાઈલના ઠાકોરે ઇ. સ. ૧૬૬૦માં ચાર્લ્સનો રાજ્યાભિષેક કર્યો, તોપણ તેના પર ચાર્લ્સ ૧લાની હત્યાનો આરોપ મૂકી તેને ફાંસી દેવામાં આવી. છેવટે એપિસ્કોપલ પંથ ફરી દાખલ કરવામાં આવ્યો, અને જેઓ તે સ્વીકારવાની ના પાડે તેમના પર ભયંકર જુલમો ગુજારવા માંડ્યા.

આયર્લૅન્ડમાં બીજા પ્રકારનું દુ:ખ હતું. આંતર વિગ્રહમાં જેમણે રાજાને મદદ કરી હતી, તેમની જમીન ક્રોમ્વેલે લઈ લીધી હતી. પ્યૂરિટન જમીનદારો પાસેથી એ જમીન રાજપક્ષના માણસોને પાછી આપવાની ચાર્લ્સને

ઉત્કંઠા હતી, પણ તેમ કરવાની છાતી ચાલતી ન હતી. અંતે એમ ઠરાવવામાં આવ્યું, કે એ જમીનદારોની ⅓ જમીન જપ્ત કરી રાજપક્ષના આગેવાનોને આપવી, અને આયર્લૅન્ડમાંથી ઢોર, માંસ, અને માખણ ઇંગ્લૅન્ડ મોકલવાની મના કરવી.

**દરબારી પાર્લમેન્ટ:** ૧૬૬૧–૧૬૬૯. ઇ. સ. ૧૬૬૧માં રાજભક્તિના આવેશમાં લોકોએ રાજપક્ષના સભ્યોને મોકલ્યા. આ પાર્લમેન્ટે 'લાંબી પાર્લમેન્ટ'ના કાયદા રદ કરીને એવું ઠરાવ્યું, કે રાજાની સંમતિ વિના પાર્લમેન્ટથી કાયદો થઈ શકે નહિ, રાજા સામે યુદ્ધ થઈ શકે નહિ, અને સૈન્યનું ઉપરીપદ રાજાને હસ્તક રહેવું જોઈએ: છતાં 'ત્રિવાર્ષિક કાયદો' કરીને એવું ઠરાવ્યું, કે દર ત્રણ વર્ષે પાર્લમેન્ટ એક વાર અવશ્ય મળવી જોઈએ.

ચાર્લ્સ બીજાનું મુખ્ય કાર્ય ધાર્મિક સુધારાનું હતું, તેથી લૉડના સમયની ધર્મખાતાની વ્યવસ્થા સજીવન કરવામાં આવી. અસલના દીક્ષિતોને તેમની જગાએ દાખલ કરવામાં આવ્યા, અને ખાલી જગાએ બીજા દીક્ષિતો નીમવામાં આવ્યા. પરંતુ નાનાં મંડળોના પ્યૂરિટન પાદરીઓ પ્રાર્થનામાળાની પોથીને તિરસ્કારથી જોતા હતા, એટલી તેમાં મુસ્કેલી હતી: આ સ્થિતિમાંથી તોડ કાઢવા રાજાએ ધર્મસભા બોલાવી, અને તેમાં દીક્ષિતો તથા પ્રેસ્બિટેરિયન આગેવાનોને નોતર્યા. પરંતુ તેનું શુભ પરિણામ આવવાને બદલે તકરાર વધી પડી.

ધર્મછૂટનું વચન આપનાર રાજા પાર્લમેન્ટને પ્યૂરિટનો વિરુદ્ધના કડક કાયદા કરતાં અટકાવી શક્યો નહિ. વાસ્તવિક રીતે રાજાને એપિસ્કોપલ સિવાય બીજા પંથ પ્રત્યે અણગમો હતો. પ્યૂરિટનો, પ્રેસ્બિટેરિયનો અને નિરંકુશવાદીઓએ તેના પિતા સામે યુદ્ધમાં ભાગ લીધો હતો, એ તે ભૂલી ગયો નહોતો. ઇ. સ. ૧૬૬૧માં 'કૉર્પોરેશન ઍક્ટ' પસાર થયો: એથી કૉર્પોરેશનના સભ્યે ઇંગ્લેન્ડની ધર્મવિધિને માન આપવાનું અને 'પવિત્ર સંધિ અને પ્રતિજ્ઞા'નો ત્યાગ કરવાનું ઠર્યું. પછી 'યુનિફૉર્મિટી ઍક્ટ'થી પ્રત્યેક ધર્મગુરુને પ્રાર્થનામાળાનું પુસ્તક વાપરવાની ફરજ પાડવામાં આવી. વિદ્વાન, શ્રદ્ધાળુ, અને બુદ્ધિમાન ધર્મગુરુઓએ ધર્મ ખાતર રાજીનામાં આપ્યાં.[1] તેઓ

૧. તેઓ 'Dissenters'ને નામે પ્રસિદ્ધ છે. તેમને ધર્માલયોમાંથી, શાળાઓમાંથી, અને વિદ્યાપીઠોમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા.

ઘરબાર તજી વિશાળ જગતની ઓથે નીકળી પડયા. એમાંના ઉત્સાહી લોકોએ સ્વતંત્ર ધર્મસમાજ સ્થાપી વ્યાખ્યાનો આપવા માંડયાં, એટલે પાર્લમેન્ટે સભાબંધીનો કાયદો કર્યો. ઇ. સ. ૧૬૫૫માં પ્યૂરિટનો ઉપર છેલ્લો મર્મપ્રહાર કરવામાં આવ્યો; તે ધારો એવો હતો કે જે ધર્મગુરુઓ પ્રાર્થના-માળાને સ્વીકારતા ન હોય, તેમણે શાળામાં ભણાવવા જવું નહિ, કે કોઈ કસ્બા કે શહેરની હદમાં વસવું નહિ. આથી અનેક પાદરીઓ ઘરબાર વિનાના થઈ પડયા. તેઓ ખાનગીમાં ધર્મોપદેશ કરી પેટગુજારો કરતા હતા તે પણ બંધ થયું. પરિણામે કાયદાના ભંગના આરોપસર કેટલાએ માણસોને કેદમાં પૂરવામાં આવ્યા. ભક્તપ્રયાણ (Pilgrim's Progress) નો પ્રસિદ્ધ કર્તા જૉન બનિયન વ્યાખ્યાન આપતાં પકડાયો, અને બંદીખાનામાં પડયો. આ કાયદા 'કલેરન્ડનનો ધારાસંગ્રહ' કહેવાય છે; કેમકે રાજાના મુખ્ય મંત્રી કલેરન્ડને તેમાં મુખ્ય ભાગ ભજવ્યો. તે પ્યૂરિટનોનો કટ્ટો વિરોધી હતો. પ્યૂરિટનો દેશદ્રોહી અને સ્વતંત્ર મિજાજના છે, એટલે તેમને ગમે તે પ્રકારે કચરી નાખવા જોઈએ, એવો મત પાર્લમેન્ટમાં પ્રબળ હતો. લૉડના ધાર્મિક વિચારો અમલમાં આવતાં રાજાના 'ઈશ્વરી હક' સંબંધી ઉપદેશ થવા લાગ્યો. ચાર્લ્સ ૧લો શહીદ હતો એમ મનાયું, અને બીજા સંતો જોડે તેની છબી રાખવામાં આવી. આ રીતે રાજાનું મહત્ત્વ વધવા લાગ્યું.

**ચાર્લ્સની પરદેશી રાજનીતિ:** ચાર્લ્સની પરદેશી રાજનીતિનો મર્મ સમજવા માટે તેની નાણાંભીડ વિચારવી જોઈએ. પાર્લમેન્ટ તેને ભારે વર્ષાસન આપતી, છતાં તેનો હાથ તંગીમાં રહેતો. નાચરંગ, જલસા, અને અધમ વાસનાઓની તૃપ્તિમાં નાણાં ઊડી જતાં. હવે પ્યૂરિટનોના સમયની ધાર્મિકતા, પવિત્રતા, અને શુદ્ધિ જતી રહી, અને અનાચારની બદબો ફેલાઈ. આખરે રાજાની દૃષ્ટિ ફ્રાન્સ તરફ વળી. ફ્રાન્સની ગણના યુરોપનાં મહા-રાજ્યોમાં થતી હતી. તેનો રાજા લુઇ ૧૪મો મહત્ત્વાકાંક્ષી અને પરાક્રમી હતો. માતૃપક્ષથી ચાર્લ્સ ફ્રાન્સના રાજકુટુંબનો સંબંધી હતો અને પોતે કૅથૉલિક હતો, એટલે ધર્મબંધુ લુઈ તરફ તેનું વલણ થયું. લુઈનો રાજભંડાર ભરેલો હતો, અને તે ચાર્લ્સને ભરપટ્ટે નાણાં આપવા તૈયાર હતો. ચાર્લ્સે પોર્ટુગલની રાજપુત્રી જોડે લગ્ન કર્યું, એટલે ફ્રાન્સ અને ઈંગ્લેન્ડનો સંબંધ ગાઢો થયો;

કેમકે પોર્ટુગલને સ્પેનથી સ્વતંત્ર થવામાં લુઈએ મદદ કરી હતી. આ લગ્નથી ચાર્લ્સને અઢળક નાણું, ટેંજીર અને મુંબઈ મળ્યાં.[1]

હવે રાજાની દુષ્ટ વાસનાઓ સતેજ થઈ, અને તેને દ્રવ્યની તાણ પડવા લાગી; એટલે તેણે ડન્કર્કનો કિલ્લો લુઇને પાંચ લાખ પૌન્ડમાં વેચી દીધો, ઇ. સ. ૧૬૬૫. આમ ફ્રાન્સ અને ઈંગ્લેન્ડની મૈત્રી દૃઢ થઈ. ઇ. સ. ૧૬૬૫માં ચાર્લ્સે હોલેન્ડ જોડે વિગ્રહ માંડ્યો, તેમાં પણ તેનો હેતુ એવો હતો, કે યુદ્ધ માટે પાર્લમેન્ટ જે રકમ મંજુર કરે તે ખાનગી ખર્ચમાં વાપરવા ખપ આવે.

**વલંદાઓ જોડે બીજો વિગ્રહ** : ઇ. સ. ૧૬૬૫–૬૭. વલંદા લોકો સાહસિક વહાણવટી હતા, અને દરિઆઈ વેપાર પુષ્કળ ખેડતા. ઈંગ્લેન્ડની દરિઆઈ સત્તા વધારવા ક્રોમ્વેલે નૌકાસૈન્યનો કાયદો કરીને વલંદાઓના વેપારને ફટકો માર્યો, ત્યારથી વલંદાઓને અંગ્રેજો પર રોષ હતો. દિવસે દિવસે અંગ્રેજો અને વલંદા વચ્ચે વ્યાપારી સંબંધ બગડતો ગયો, અને તેનો ચેપ અમેરિકા અને આફ્રિકામાં જઈ વસેલી બંને પ્રજાને લાગ્યો. ઇંગ્લેન્ડની વ્યાપારવૃદ્ધિમાં વલંદા આડે આવતા હતા, અને ચાર્લ્સને નાસભાગ વખતે હોલેન્ડમાં યોગ્ય આદર મળ્યો ન હતો, એટલે આખરે વિગ્રહ ફાટી નીકળ્યો.

**અંગ્રેજી નૌકાસૈન્ય:** આરંભમાં રાજાના ભાઈ ડ્યૂક ઑવ્ યોર્કના હાથ નીચે અંગ્રેજી નૌકાસૈન્યે જય મેળવ્યો, પણ વલંદા કંઈ ઉતરે તેવા ન હતા. અંગ્રેજ લશ્કરને પૂરો પગાર કે લડવાનાં સાધનો મળતાં નહોતાં; કારણ કે કાફલા માટે આપેલા પૈસા રાજા મોજમઝામાં ઉડાવી દેતો. હવે ચુસ્ત રાજપક્ષીઓ પણ ક્રોમ્વેલને યાદ કરી અફસોસ કરવા લાગ્યા. તેવામાં સ્વાર્થસાધુ લુઈએ હોલેન્ડનો પક્ષ ખેંચ્યો. લુઈને હ્રાઇન નદીના કિનારા સુધી ફ્રાન્સનો રાજ્યવિસ્તાર કરવો હતો, અને સ્પેનનું રાજ્ય પચાવી પાડવું હતું. પરંતુ આ બધું થાય એ વલંદાઓને પાલવે તેમ ન હતું; છતાં લુઈએ વખત વિચારી ઈંગ્લેન્ડના નૌકાબળનો મદ ઉતારવા હોલેન્ડને સહાય આપી.

આ સમયે લંડનમાં જીવલેણ મરકી[2] ચાલતી હતી. એવામાં ભયંકર

---

૧. રાજાએ મુંબઈ ઈસ્ટ ઇન્ડિઆ કંપનિને ભાડે આપ્યું, પણ ટેંજીર મૂસ લોકોને ઇ. સ. ૧૬૮૪માં પાછું આપ્યું.

૨. તે જમાનામાં લંડનના રસ્તા સાંકડા, અસ્વચ્છ, અને અંધારા હતા. સહેલસુખા-

આગે શહેરના મોટા ભાગને ખાખ કરી નાખ્યો. આવી દશામાં ઈંગ્લેન્ડ યુદ્ધ કરતાં સંધિને માટે તૈયાર હતું, એટલે બ્રેડા મુકામે સંધિની વિષ્ટિ ચાલવા લાગી. ડચ લોકો પણ સંધિ કરીને લુઈના જીવલેણ પંજામાંથી છૂટવા તૈયાર હતા. ચાર્લ્સને એટલુંજ જોઈતું હતું. તેણે યુદ્ધ નહિ થાય એમ ધારી ખલાસીઓ કમી કર્યા, અને વહાણોને બંદરોમાં બોલાવી લીધાં. એથી વલંદા જોર પર આવ્યા. તેમનો એક કાફલો ટેમ્સ નદીમાં આવી પહોંચ્યો, અને તેણે કેટલીક મનવારો ડુબાડી દીધી. પછી તેમણે ટેમ્સને ઘેરો નાખ્યો. લોકોને કોલસાની તંગી પડવા લાગી; પણ વલંદાઓની તોપોના અવાજ બજારમાં સંભળાવા લાગ્યા, ત્યારે લોકો અતિશય ગભરાયા. હવે અંગ્રેજો સંધિની ઉતાવળ કરવા લાગ્યા, એટલે ઇ. સ. ૧૬૬૭માં બ્રેડાની સંધિ થઈ. અંગ્રેજોને ન્યૂ એમસ્ટર્ડેમ (ન્યૂયોર્ક) મળ્યું, અને વલંદાઓએ મસાલાના ટાપુઓ અને ઈસ્ટ ઇન્ડિઝ રાખ્યાં.

**ક્લેરેન્ડનના કારભારનો અંત:** કેટલાક સમયથી પ્રજામાં અને પાર્લમેન્ટમાં મુખ્ય મંત્રી ક્લેરેન્ડન પ્રત્યે અસંતોષ વ્યાપ્યો હતો. વિજયચિહ્ન જેવા ડન્કર્કને રાજાએ વેચી નાખ્યો, તેથી પ્રજાનું અભિમાન ઘવાયું હતું. ટેમ્સ નદીમાં આવીને પરદેશી કાફલો ઘૂરકાવી જાય, એ પણ અંગ્રેજોથી સહ્યું જતું ન હતું. બ્રેડાની સંધિને તેઓ હીચકારી ગણતા હતા. આ બધાને માટે લોકો પ્રધાનને જવાબદાર ગણતા હતા. દરમિઆન યુદ્ધ માટે આપેલાં નાણાંનો હિસાબ માગવામાં આવ્યો, ત્યારે ક્લેરેન્ડન બોલ્યો કે રાજાનું ખર્ચ જોવાનો પ્રજાને અધિકાર નથી. આ સમયે લોકવાયકા ચાલી કે રાજા પાર્લમેન્ટ વગર

---

કારી કે સ્નાનાદિ કાર્ય માટે બેદરકારી હતી. આથી મરકીએ ઘર ઘાલ્યું. ઇ. સ. ૧૬૬૫ની મહામારી ભયંકર થઈ પડી. એકજ દિવસમાં ૧,૫૦૦ માણસો મરણ પામ્યાં, અને શહેરમાં સ્મશાન જેવો સૂનકાર થઇ ગયો. રાત્રિની નીરવ અને ભયંકર શાંતિમાં "શબ લાવો શબ" એવો હૃદયભેદક પોકાર પડે. આશરે એક લાખ માણસના જાન ગયા પછી મહામારી બંધ પડી. બીજે વર્ષે શહેરમાં લાગેલી આગ પાંચ દિવસ સુધી રહી. એથી લોકોના જાનમાલની હાનિ થઈ, અને શહેરનો મોટો ભાગ ભસ્મીભૂત થઈ ગયો. પરંતુ એથી મરકીનો રોગ બળી ગયો. નવા શહેરનાં મકાનો ઈંટ, પથ્થરનાં બંધાયાં, રસ્તા પહોળા થયા, અને શહેરનું આરોગ્ય જળવાય તેવા ઉપાયો લેવામાં આવ્યા.

રાજ્ય કરવા ધારે છે, અને ફ્રાન્સ જોડે દોસ્તી કરવાની ખટપટ ચલાવે છે. પરિણામે પ્રધાન ઉપર પ્રજાનો રોષ વધી ગયો. લોકોએ પ્રધાનનાં ઘરબાર અને બાગબગીચાનો નાશ કર્યો. હવે કલેરન્ડનનું આવી બન્યું; આ વખતે તેનું કોઈ ન હતું. ચાર્લ્સ પણ કલેરન્ડનને બચાવવા માગતો ન હતો; કેમકે તેના અને કલેરન્ડનના ધાર્મિક વિચારો જુદા હતા. કલેરન્ડન માનતો હતો કે દેશમાં પાર્લમેન્ટ સર્વોપરિ રહેવી જોઈએ, અને ચાર્લ્સને એ વાત પરવડતી ન હતી. વળી તે પ્યૂરિટનોનો કટ્ટો શત્રુ હતો, અને કેથોલિક લોકો તેને ધિક્કારતા હતા. તેણે રાજાના ભાઈ જોડે પોતાની પુત્રી પરણાવી હતી, એટલે લોકોમાં તેની ઈર્ષા થતી હતી. લોકો તેના ઉપર લાંચ લેવાનો અને સરકારી પૈસા ખાઈ જવાનો આરોપ મૂકતા હતા. આથી તેને રજા આપવામાં આવી, ઈ. સ. ૧૬૬૭. દરમિઆન પાર્લમેન્ટે તેના પર કામ ચલાવવાની તજવીજ કરી, એટલે તે ફ્રાન્સ નાસી ગયો, અને ત્યાં તેણે આંતર–વિગ્રહનો ઈતિહાસ લખવામાં બાકીના દિવસો ગાળ્યા.[1] ૮

**ડોવરનું ખાનગી તહનામું:** કલેરન્ડનને રજા આપ્યા પછી ચાર્લ્સ બાકીનાં વર્ષોમાં સ્વચ્છંદી બન્યો, અને પાર્લમેન્ટને ઠગતો ગયો. પછી તેણે પાંચ સલાહકારોની સમિતિ નીમી. તેમનાં નામ કિલફર્ડ, આર્લિંગ્ટન, બકિંગહામ, એશલી અને લોડરડેલ હતાં. તેમનાં નામના આદ્ય અક્ષરોથી 'કેબલ' (Cabal) શબ્દ નીકળે છે,[2] તેથી તે 'કેબલ' મંડળ કહેવાયું. તેમના ધર્મ સંબંધી અને રાજપ્રકરણી વિચારો જુદા હતા, પણ બધા ધર્મછૂટની તરફેણમાં હતા, અને રાજાને તેવા સલાહકારોની જરૂર હતી.

---

૧. તેનું મૂળ નામ સર એડવર્ડ હાઈડ હતું. તે ચાર્લ્સ ૧લાને એકનિષ્ઠ રહ્યો હતો, અને રાજકુટુંબના દુ:ખના દિવસોમાં તેની જોડે ગયો હતો. રાજપુત્ર ચાર્લ્સના લાભ માટે તેણે ઘણી ખટપટ કરી હતી. ચાર્લ્સે ગાદીએ આવી તેને 'અર્લ ઑવ્ કલેરન્ડન' બનાવી પ્રધાન બનાવ્યો. તે ચતુર, દૂરંદર્શી, અને એકનિષ્ઠ હતો. ચાર્લ્સ પર તેનો ઘણો પ્રભાવ પડતો. તે ચાર્લ્સના દુરાચાર અને વિષયાસક્તિ માટે તેને ઠપકો આપતો, અને ચાર્લ્સ મૂગે મોંએ સાંભળી રહેતો. ચાર્લ્સે તેને હોળીનું નાળિએર બનાવી બચાવવાની મહેનત ન કરી; ઉલટું ચાર્લ્સ અને તેના નફટ દોસ્તો ખુશી થયા.

૨. 'Cabal' શબ્દનો અર્થ 'ચંડાળ ચોકડી' થાય છે. તે પ્રજાપ્રિય ન હતું. હિબ્રુ ભાષામાં એ શબ્દનો અર્થ 'યાહુદીઓના ગુહ્ય ગ્રન્થો' થાય છે.

આ સમયે ચૌદમા લુઈએ નેધર્લૅન્ડઝ પર ધસારો કર્યો, પણ હોલેન્ડ, સ્વીડન, અને ઈંગ્લેન્ડે 'ત્રિરાજ્યસંધિ' કરી લુઈને આગળ વધતો અટકાવવા ધાર્યું. એથી અંગ્રેજો ચાર્લ્સ ઉપર ખુશી થયા. પરંતુ ચાર્લ્સને પ્રજાપ્રીતિની પરવા ન હતી. તેને તો લુઈ પાસેથી નાણાં કઢાવવાં હતા, અને લશ્કર ઊભું કરી કેથોલિક પંથનો પ્રચાર કરવાની અને પાર્લમેન્ટથી સ્વતંત્ર બનવાની ઉમેદ હતી. વલંદાઓ લુઈની ઇચ્છામાં વિઘ્નરૂપ હતા, માટે તેમને કચરી નાખવામાં ઈંગ્લેન્ડ મદદ કરે નહિ તો ભલે, પણ તટસ્થ રહીને જોયા કરે તેવી લુઈની ઇચ્છા હતી. પરંતુ ચાર્લ્સ નાણાં વિના માને કેમ? છેવટે કેટલીક વિષ્ટિ પછી ડોવરની ખાનગી સંધિ થઈ, ઇ. સ. ૧૬૭૦. તેમાં એવું ઠર્યું કે ચાર્લ્સે કેથોલિક હોવાનું જાહેર કરવું, અને લુઈને વલંદા વિરુદ્ધ મદદ કરવી; તેના બદલામાં લુઈ ચાર્લ્સને ત્રણ લાખ પૌન્ડનું વર્ષાસન આપે, અને બળવો જાગે તો ફ્રેન્ચ સૈન્યની મદદ પણ આપે. આમ દ્રવ્યલોભી ચાર્લ્સ લુઈનો માંડલિક બન્યો. કિલફર્ડ અને આર્લિંગ્ટન કેથોલિક હતા, એટલે તેમના સિવાય કોઈને આ સંધિની ખબર ન હતી. બીજા ત્રણ પ્રધાન એમ જાણતા હતા, કે રાજા કંઈક ધર્મછૂટ મૂકવા ધારે છે, અને થોડા સમયમાં હોલેન્ડ જોડે યુદ્ધ થનાર છે. ઇ. સ. ૧૬૭૨માં પાર્લમેન્ટ પાસે ચાર્લ્સે લડાઈ માટે રકમ માગી, અને ફ્રાન્સ જોડે યુદ્ધ થવાનું છે એમ જાણી પાર્લમેન્ટે તે રકમ આપી. પરંતુ રાજાએ હોલેન્ડ જોડે યુદ્ધ જાહેર કર્યું, અને લુઈએ નેધર્લૅન્ડઝના ઉત્તર ભાગમાં હલ્લો કર્યો.

**વલંદા જોડે ત્રીજો વિગ્રહ:** ઇ. સ. ૧૬૭૨–૭૪. હ્રાઈન નદી ઓળંગી લુઈ વલંદાના પ્રદેશમાં પહોંચ્યો. તેની મદદમાં એક અંગ્રેજ કાફલો હતો. જે લોકો ખાનગી તહનામાથી અજાણ હતા, તેઓ આ વિગ્રહથી ખુશી થયા. પરંતુ પોતાના ચતુર સરદાર વિલિયમની સરદારી નીચે વલંદાઓએ નિશ્ચય કર્યો, કે છેવટનો ઉપાય અજમાવ્યા પછી બચાવ કરવાનું ન બને, તો દરિયાપારનાં સંસ્થાનોમાં જઈ રહેવું, અથવા અખંડ સ્વતંત્રતા જાળવવા માટે પ્રાણ પાથરી દેવા. તેમણે સમુદ્રના પાણીથી રક્ષા માટે બાંધેલા બંધો તોડી નાખ્યા. એથી દરિયાનાં પાણી ફરી વળતાં ફ્રેન્ચો ગભરાયા. હોલેન્ડની દુર્દશા જોઈ ઑસ્ટ્રિઆ અને સ્પેન તેની મદદે આવ્યાં; છતાં અંગ્રેજો

સાઉથ વોલ્ડના યુદ્ધમાં જીત્યા. ઇ. સ. ૧૬૭૪માં ઈંગ્લેન્ડે હોલેન્ડ જોડે સંધિ કરી. આમાં વલંદાઓએ ત્રણ લાખ પૌન્ડ દંડ ભરવાની, અને અંગ્રેજી વહાણોને વલંદાઓનાં વહાણોએ સઢ નમાવી માન આપવાની સરતો કરવામાં આવી. વિગ્રહોથી નાનકડા હોલેન્ડનો વેપાર તૂટી ગયો, અને ઈંગ્લેન્ડ જોડેની વ્યાપારી સ્પર્ધાનો અંત આવ્યો. ફ્રાન્સ જોડે ઇ. સ. ૧૬૭૮માં નિમૂજનની સંધિ થઈ, ત્યાં સુધી હોલેન્ડે યુદ્ધ ચાલુ રાખ્યું.

**રહેમનું જાહેરનામું અને કસોટીનો કાયદોઃ** ઇ. સ. ૧૬૭૨માં રાજાના ભાઈ ડ્યૂક ઑવ્ યોર્કે કેથોલિક પંથનો જાહેરમાં સ્વીકાર કર્યો, એટલે લોકો ચમક્યાઃ કારણ કે યોર્ક ગાદીવારસ હતો, અને કેથોલિક રાજા ગાદીએ આવે એ પ્રજાને પસંદ ન હતું. હવે પ્રજાની પ્યૂરિટન લોકો પ્રત્યેની તિરસ્કાર અને ભયની દૃષ્ટિ કેથોલિકો પ્રત્યે વળવા લાગી. તેમાં વાત ચાલી કે રાજા પણ અંતરથી કેથોલિક છે. એટલામાં રાજાએ લુઈને આપેલા વચન પ્રમાણે '**રહેમનું જાહેરનામું**' બહાર પાડી એપિસ્કોપલ સિવાયના ઇતર ધર્મીઓને પોતાની ધર્મવિધિ પ્રમાણે ઉપાસના કરવાની રજા આપી, અને તેમની વિરુદ્ધના કાયદાનો અમલ થતો અટકાવ્યો, ઇ. સ. ૧૬૭૨. સભાબંધીના કાયદાનો ભંગ કરવા માટે તુરંગમાં ગએલા સેંકડો મનુષ્યો મુક્ત થયા. ફ્રાન્સ જોડે મૈત્રી બાંધી હોલેન્ડ જોડે ચાર્લ્સે વિગ્રહ આદર્યો, ત્યારથી પાર્લમેન્ટને રાજા ઉપર વહેમ હતો, તેમાં આ જાહેરનામાથી વધારો થયો. એ સાથે સભ્યો સમજી ગયા કે ઇતર ધર્મીઓને છૂટ આપવાને બહાને રાજા કેથોલિક લોકોને છૂટ આપવા માગે છે. આથી રાજભક્તિનાં પૂર ઉતરી ગયાં, અને પ્રજા પોતાના હકની રક્ષા કરવા તૈયાર થઈ. કાયદાનો અમલ અટકાવવાની રાજાને શી સત્તા છે, એમ સભ્યો છડેચોક પૂછવા લાગ્યા. રાજા કાયદાનો મનમાન્યો અમલ કરી શકતો હોય, તો કાયદાની જરૂર શી છે? હવે સ્વચ્છંદ રાજસત્તાને અટકાવવાના પોકાર ઊઠ્યા. ચતુર રાજા સમય વર્તી ગયો. તેની ઇચ્છા દેશમાં બળવો જગાડવાની કે પ્રજા જોડે વિરોધ કરવાની ન હતી, કે પિતાની પેઠે શિરચ્છેદ કરાવવાની ન હતી. તેણે એ જાહેરનામું પાછું ખેંચી લીધું, અને પછી ધર્મ સંબંધી સુધારો કે ફેરફાર કરવાનું હંમેશને માટે છોડી દીધું.

પરંતુ પાર્લમેન્ટને ચાર્લ્સ પરથી વિશ્વાસ ઊઠી ગયો હતો, એટલે સભ્યોને સંતોષ ન થયો. ડોવરની સંધિ ગુપ્ત હોવા છતાં બધાને લાગતું હતું, કે કંઈક છે તો ખરૂં. આથી ઇ. સ. ૧૬૭૩માં પાર્લમેન્ટે 'કસોટીનો કાયદો' કરી ઠરાવ્યું, કે રાજ્યના પ્રત્યેક અધિકારીએ એપિસ્કોપલ પંથનો સ્વીકાર કરવો, અને એવી પ્રતિજ્ઞા લેવી કે હું રોમન કેથોલિક સિદ્ધાંતોને માનતો નથી. એથી રોમન કેથોલિક નોકરોને રાજીનામાં આપવાં પડયાં; કિલફર્ડ અને આર્લિંગ્ટનના જવાથી 'કેબલ' પ્રધાનમંડળનો અંત આવ્યો, અને ડયૂક ઑવ્ યોર્કને નૌકાસૈન્યના અધિપતિની પદવી છોડવી પડી.

હવે રાજા અને એશલી વચ્ચે તકરાર થઈ; કારણ કે ડોવરની ગુપ્ત સંધિનું રહસ્ય પામી જતાં તે રાજા ઉપર ચિડાયો હતો. રાજાને લાગ્યું કે શેફ્ટસ્બરી પાર્લમેન્ટને ઉશ્કેરે છે, એટલે તેણે શેફ્ટસ્બરીને 'રાજમહોર' સોંપી દેવાનો ઓચિંતો હુકમ કર્યો. પછી તે રાજાના વિરોધી દળમાં ભળ્યો, અને છેવટ સુધી રાજાનો શત્રુ થઈ રહ્યો.

**ડેન્બીનું મંત્રીપદ:** એ પછી રાજાએ ડેન્બીના ઠાકોર સર ટોમસ ઓસ્બોર્નને કારભાર સોંપ્યો. તે કેથોલિક લોકોનો પક્કો વિરોધી હતો, એટલે ફ્રાન્સની જોડે મિત્રાચારી રાખવાની તેને ઇચ્છા ન હતી. પરંતુ ચાર્લ્સ આગળ તેનું કશું ચાલતું ન હતું. આ સમયે ચાર્લ્સે અને લુઈએ ગુપ્ત સંધિ કરીને ઠરાવ્યું, કે ફ્રાન્સ વિરુદ્ધ યુરોપના કોઈ પણ રાજ્ય જોડે ઈંગ્લેન્ડે સંધિ કરવી નહિ. પરિણામે ચાર્લ્સ અને દરબારીઓના ઘરમાં ફ્રાન્સનાં નાણાંની રેલ ચાલી, અને તેમણે દેશહિતનો વિચાર કર્યા વિના લુઈની વાંસળીએ ડોલવા માંડયું. ડેન્બી આ સાંખી ન શકયો. ડચ લોકોની જોડે સંધિ થયા પછી તેણે ડચ સરદાર વિલિયમ જોડે ડયૂક ઑવ્ યોર્કની પુત્રી મેરીનાં લગ્ન કરવાનું ઠરાવ્યું. આથી પ્રજાનો ઊઠી ગએલો વિશ્વાસ પાછો મેળવવાનો ચાર્લ્સને પ્રસંગ મળ્યો. તેણે આ લગ્નને પોતાની સંમતિ આપી, એટલે પાર્લમેન્ટે રાજાના ખર્ચ માટે મોટી રકમ મંજુર કરી. રાજાએ પોતાનું લશ્કર વધાર્યું, અને લુઈ જોડે ગુપ્ત સંદેશા ચલાવ્યા. ઇ. સ. ૧૬૭૮માં પાર્લમેન્ટે રાજાને ફ્રાન્સ જોડે વિગ્રહ કરવાનું અતિશય દબાણ કર્યું, ત્યારે ફરીથી ખાનગી સંધિ કરી ચાર્લ્સે લુઈ પાસેથી ૨૪,૦૦૦ પૌન્ડ લઈ પાર્લમેન્ટ બરખાસ્ત કરી.

ડેન્બીએ યોજેલા લગ્નથી નક્કી થયું, કે ચાર્લ્સ અને યોર્ક પછી ગાદીએ આવનાર રાણીનો પતિ પ્રોટેસ્ટન્ટ છે, અને તે લુઈનો કટ્ટો વિરોધી છે. એથી લુઈ પણ ચેત્યો, અને તેણે હોલેન્ડ જોડે સંધિ કરી. ફ્રાન્સમાં રહેતો ઈંગ્લેન્ડનો એલચી ડેન્બીનો વિરોધી હતો. તેણે રાજાના હસ્તાક્ષર અને ડેન્બીની સહીવાળો પત્ર પાર્લમેન્ટને બતાવ્યો, તે જોઈ સભ્યો દિઙ્મૂઢ થઈ ગયા. આથી તો ઈંગ્લેન્ડની રાજવટ પરવારી ગઈ. શું પાર્લમેન્ટ પરદેશી રાજાની ટુકડાખાઉ છે? અને તે પરદેશી રાજા પણ કેથોલિક? તેનો રોષ ડેન્બી પર ઉલટયો; તેના પર રાજદ્રોહનો આરોપ આવ્યો, અને રાજાએ ઇ. સ. ૧૬૭૯માં પાર્લમેન્ટને વિસર્જન કરી. નવી પાર્લમેન્ટમાં વિરોધીઓ ભરાયા હતા, એટલે તેમણે ડેન્બીની તપાસ શરૂ કરી. ડેન્બીએ બચાવ કર્યો કે હું માત્ર રાજાની આજ્ઞાનો અમલ કરનાર છું, પણ તેનું કહેવું સાંભળે કોણ? તે ટાવરગઢમાં વગર તપાસે કેટલાંક વર્ષ સુધી સડી રહ્યો. હવે રાજાનાં કાર્યોમાં મંત્રી જવાબદાર છે, એ નિયમ પાર્લમેન્ટની નીતિમાં દાખલ થયો.

**રોમિશ કાવતરૂં:** ચાર્લ્સ ફ્રાન્સની સહાયથી પ્રજાની સ્વતંત્રતા હરી લેવાનો છે, એવો તેની પ્રત્યે અવિશ્વાસ પેદા થયો. રોમન કેથોલિકના નામથી લોકો ત્રાસી જતા હતા. ટાઈટસ ઓટસ નામના સ્વાર્થસાધુ પાદરીએ આ સ્થિતિનો લાભ લેવાનો વિચાર કર્યો. તેણે કંઈક ખાનગી વાતચીત સાંભળીને તેમાંથી જબરૂં ધમંડ મચાવ્યું. તેણે જાહેર કર્યું કે કેથોલિક લોકોએ છૂપું કાવતરૂં રચ્યું છે; તેઓ રાજાને મારી નાખી યોર્કને ગાદી આપવાના છે, અને ફ્રાન્સથી લશ્કર આણી સુધારક પંથની જડ ઉખેડવાના છે. તેણે ન્યાયાધીશ આગળ આ વાત સોગન ઉપર નોંધાવી. થોડા દિવસમાં તે ન્યાયાધીશનું ખૂન થયું, એટલે લોકોએ માન્યું કે એ તો કેથોલિકોનું કારસ્તાન. લંડનમાં ભય અને ત્રાસ વ્યાપ્યાં. રાતદિવસ હથિયારબંધ સિપાઈઓ પહેરો ભરવા લાગ્યા, તોપખાનું ગોઠવાયું, અને ઠેરઠેર લશ્કરી ચોકી બેસી ગઈ. કોઈ પ્રોટેસ્ટન્ટ બચ્ચો બંદુક વિના નીકળે નહિ. ઘણા પ્રોટેસ્ટન્ટો આ વાતને ખરી માનતા, અને શેફ્ટસ્બરી તથા તેના મિત્રો તેની જ્યોત જાગતી રાખતા. તેમને રાજા વિરુદ્ધની લડતમાં આવાં પાખંડોથી મદદ

મળવા લાગી. ઓટસને ખાસ ઉતારો આપી તેની આસપાસ ચોકી રાખવામાં આવતી. તેને ૧,૨૦૦ પૌન્ડનું વર્ષાસન બાંધી આપવામાં આવ્યું. તે કહે તેમાં ખરાખોટાની કોઈને પરવા ન હતી. નજીવા પુરાવા ઉપર અથવા પુરાવા વિના હજારો નિર્દોષ કેથોલિકોને પકડવામાં આવતા, અને લોહીની નિરર્થક નદીઓ વહેતી. આમાં કેટલાક મોટા અમીરો પણ સપડાયા. ન્યાયાધીશો અને પંચ પણ કેથોલિકો વિરુદ્ધ લોકલાગણીને ઉશ્કેરતા. ઓટસનું જોઈને અનેક લુચ્ચા માણસો તરકટની વાતો ચલાવે, અને તેથી દેશમાં ખૂનામરકી ચાલે એ સ્થિતિ આવી પહોંચી.

**બાતલ બિલઃ** નિઃસંતાન ચાર્લ્સ પછી તેનો ભાઈ હકદાર વારસ હતો. પરંતુ કેથોલિકો પ્રત્યેના વિરોધનો લાભ લઈ શેફ્ટસ્બરી અને તેના સાથીઓ યોર્કનો હક ડુબાવવાની પેરવી કરવા લાગ્યા. ઈ. સ. ૧૬૭૯માં પાર્લમેન્ટ મળી, અને ડેન્બીને ટાવરગઢમાં મોકલવામાં આવ્યો. ત્યાર બાદ ડ્યૂક ઑવ્ યોર્કને કે કોઈ રોમન કેથોલિકને ગાદી ન મળે, એવી મતલબનો ખરડો આમની સભામાં આવ્યો. ગમે તે ઉપાયે તે ખરડો પસાર ન થાય તે માટે ચાર્લ્સે 'હેબીઆસ કોર્પસ' ધારો મંજુર કરી લોકોની દૃષ્ટિ બીજી દિશામાં વાળી. રાજાની ઈતરાજીથી અનેક વર્ષો સુધી કારાવાસ સેવવો પડે અને તપાસ ચાલેજ નહિ, એમ અત્યાર સુધી બનતું. સ્કૉટ લોકોની રાણી મેરી, વૉલ્ટર રેલી, લૉડ આદિ અનેક જણે લાંબી મુદત સુધી વગર તપાસે બંદીખાનાં સેવ્યાં હતાં. આમ રાજાને પૂછનાર કોઈ ન હતું. આ કાયદાથી એવું બંધન થયું, કે કોઈ પણ માણસને અમુક દિવસ કેદમાં રાખ્યા પછી તેની તપાસ ચલાવવી જોઈએ; એવાની અરજી ગુનેગારનાં સગાંવહાલાં ન્યાયાધીશને કરી શકે, અને તપાસ પણ ચલાવવી પડે. વળી એકજ અપરાધને માટે કોઈને બે વાર સજા થાય નહિ. લોકોનું મન મનાવવા માટે રાજાએ આ કાયદા ઉપર સહી કરી પાર્લમેન્ટ વીખેરી નાખી.

ચાર્લ્સે ફરીથી વરણી કરવાનાં ફરમાન કાઢ્યાં, પણ પાર્લમેન્ટ બોલાવી નહિ, એટલે દેશમાં બે પક્ષ પડ્યા. જે પક્ષે રાજાને પાર્લમેન્ટ બોલાવવાની પ્રાર્થના કરી, તે 'પ્રાર્થી' ( Petitioner ) કહેવાયો. બીજા પક્ષે તેનો ઉત્તર

વાળી જણાવ્યું, કે ઉત્તરાધિકારના કોઈ પણ ફેરફારને અમે ધિક્કારીએ છીએ, એટલે તે 'તિરસ્કર્તા' (Abhorrer) કહેવાયો.[1]

ઈ. સ. ૧૬૭૯માં 'દરબારી પાર્લમેન્ટ'ને વીખેર્યા બાદ ચાર્લ્સે ત્રણ વર્ષમાં ત્રણ પાર્લમેન્ટ બોલાવી. દરેક વખતે શેફ્ટસ્બરી અને તેના વ્હિગ અનુયાયીઓ ડ્યૂક ઑવ્ યોર્કને ગાદીએ ન આવવા દેવાના તનતોડ પ્રયત્નો કરતા હતા. ઈ. સ. ૧૬૮૦માં પાર્લમેન્ટ મળી. રાજાએ બાતલ બિલનો પ્રશ્ન બાજુએ રાખ્યો; કારણ કે ફ્રાન્સનો રાજા હોલેન્ડમાં હજુ તોફાન મચાવી રહ્યો હતો. તેણે દેશમાંથી પક્ષાપક્ષી દૂર કરી સર્વને એક થવાની સફાઈબંધ વાત કરી. પરંતુ પાર્લમેન્ટને રાજા ઉપર વિશ્વાસ ન હતો. આમની સભામાં ખરડો પસાર થયો, પણ અમીરોની સભાએ તે ઉડાડી મૂક્યો. રાજાને પણ કોઈ પણ સંયોગમાં એ ખરડો પસાર થવા દેવો ન હતો. તેને લાગ્યું કે શેફ્ટસ્બરી અને તેના પક્ષને લંડનના લોકો મદદ આપે છે, એટલે તેમની મદદ લઈ લેવા માટે તેણે ઈ. સ. ૧૬૮૧માં ઑક્સફર્ડમાં પાર્લમેન્ટ બોલાવી. જાણે પોતાનો જાન જોખમમાં હોય, તેમ વ્હિગ લોકો હથિયાર સજીને પાર્લમેન્ટમાં આવ્યા. ચાર્લ્સે દાવપેચ રમવા માંડ્યો. તેણે કહ્યું કે યોર્ક ગાદીએ ભલે આવે, પણ ખરો રાજ્યવહીવટ તેની પ્રોટેસ્ટન્ટ પુત્રી મેરી કરે એવા અર્થનો ખરડો તમે લાવો, તો હું સહી કરી આપવા તૈયાર છું. આ કુટિલ નીતિમાં ચાર્લ્સ ફાવ્યો. વ્હિગ પક્ષમાં મતભેદ પડ્યો, અને શેફ્ટસ્બરીએ ચાર્લ્સની વાત મંજુર ન કરી, એટલે ચાર્લ્સે પાર્લમેન્ટ બરખાસ્ત કરી સમસ્ત પ્રજાને અપીલ કરી, કે જુઓ! આવી યોગ્ય અને વ્યવહારને છાજતી વાતમાં પણ વ્હિગ લોકો સામા પડી રાજ્યવહીવટમાં વિરોધ નાખે છે. શેફ્ટસ્બરી અને તેનો પક્ષ મૂર્ખ ગણાવા લાગ્યા, અને રાજાનું જાહેરનામું શાળાપાઠશાળામાં અને પ્રત્યેક ધર્મસ્થાનમાં વંચાયું. પરિણામે રાજભક્તિનાં ઓસરી ગએલાં પૂર ચડ્યાં. હવે લોકો કહેવા લાગ્યા કે વંશપરંપરાનો હક એમ તે કંઈ લઈ લેવાય?

---

૧. આ બે પક્ષનાં નામ વ્હિગ અને ટોરી પડ્યાં. વ્હિગનો અર્થ 'ખાટી છાશ' થાય છે. જે લોકો રોમિશ કાવતરાં ખરાં માની યોર્કની વિરુદ્ધ પડ્યા તે વ્હિગ કહેવાયા, અને જેઓ રાજાનો ઈશ્વરી અધિકાર માની તેના ભક્ત રહ્યા તેઓ ટોરી કહેવાયા.

આમ 'બાતલ બિલ' પસાર ન થયું, અને તેમાંનો એક અગત્યનો મુદ્દો નિર્ણય થયા વગર રહી ગયો. પ્રજાને પોતાનો રાજા પસંદ કરવાનો હક ખરો કે નહિ? પ્રજાને અપ્રિય હોય, પ્રજા જેને સ્વીકારવા માગતી ન હોય, એવા એક માણસે માત્ર રાજકુટુંબમાં જન્મ લીધો હોય, એટલેથી તે રાજા થઈ શકે કે નહિ? સ્ટુઅર્ટ રાજાઓના પ્રાણથીએ પ્રિય એવા ઈશ્વરી હક વિરુદ્ધનો આ પડકાર હતો, અને ખરડો પસાર થયો હોત તો જે નિર્ણય પાછળથી થયો તે પહેલેથી થઈ જાત; પણ વ્હિગ લોકોએ ભૂલ કરી. યોર્ક નહિ તો બીજું કોઈ ગાદીએ તો આવેજ ને? શેફ્ટસ્બરીએ ચાર્લ્સના અનૌરસ પુત્ર ડયૂક ઑવ્ મન્મથનો પક્ષ લીધો. તેના અનુયાયીઓએ એવી વાત ચલાવી, કે ચાર્લ્સે મન્મથની માતા સાથે વિધિપુરઃસર લગ્ન કર્યાં હતાં. મન્મથ દેખાવડો, શૂરવીર,[1] અને લોકપ્રિય હતો, છતાં એ કલંકિત કુમાર ગાદીએ આવે એ ઘણા વ્હિગ લોકોને અણગમતી વાત હતી. આથી તેમનામાં પક્ષ પડયા. એક પક્ષ એમ માનતો કે યોર્ક નહિ પણ યોર્કની પ્રોટેસ્ટન્ટ પુત્રી ગાદીએ આવે એ યોગ્ય છે. લૉર્ડ હાલિફાકસ નામના પ્રભાવશાળી વક્તાએ આ દલીલ લાવીને અમીરોની સભાને મેળવી લઈ ખરડો નામંજુર કરાવ્યો, અને છેલ્લી પાર્લમેન્ટમાં રાજા પણ આ પાસો નાખી ફાવી ગયો.

**ટોરી પક્ષનું પ્રાબલ્ય અને પાર્લમેન્ટ વિનાનું રાજ્યઃ** ઇ. સ. ૧૬૮૧. પછી રાજાએ પાર્લમેન્ટ બોલાવી નહિ. તેની પાસે અઢળક નાણું હતું, એટલે તેને પાર્લમેન્ટની તમા ન હતી. ધીમે ધીમે દેશમાં તેનો પક્ષ મજબુત થવા લાગ્યો. છેલ્લી પાર્લમેન્ટમાં વ્હિગ લોકો હથિયારબંધ આવ્યા, અને રાજા કળે નહિ સમજે તો બળાત્કારે સમજાવવા તૈયાર હતા. તેઓ

---

૧. સ્કૉટલેન્ડના લોકોને કેથોલિક રાજા ગાદીએ આવે એ વાત જેટલી અણગમતી હતી, તેટલી આયર્લૅન્ડના લોકોને ગમતી હતી. સભાબંધીના કાયદાથી સ્કૉટ લોકો ત્રાહિ ત્રાહિ પોકારી ગયા. કેટલાક સખત કાયદા અમલમાં આવતાં લોકો દુઃખના માર્યા ગાંડા થઈ ગયા. તેઓ સંયમ ખોઈ બેઠા, અને ધર્માધ્યક્ષ શાર્પની હત્યા કરી બેઠા. બળવો થયો એટલે શેફ્ટસ્બરીની પ્રેરણાથી મન્મથ તે શમાવવા ગયો. ત્યાં બોથવેલબ્રિજની લડાઈમાં વિદ્રોહીઓને તેણે હરાવ્યા. પરિણામે કેટલાકને ફાંસી દેવામાં આવી, અને કેટલાકને દેશપાર કરવામાં આવ્યા.

રાજાની માગણી સ્વીકાર્યા વિના પાછા ફર્યા, ત્યારથી તેમનો દિવસ ઉતરતો થયો. લોકોને એમ લાગ્યું કે તેઓ હઠીલા અને ધર્મદ્વેષી હોઈ કેથોલિક પંથીઓને નાહક પજવે છે. લોકોને ભય લાગ્યો કે ફરીથી આંતર વિગ્રહ જાગશે કે શું? તેના કરતાં ભલે કેથોલિક રાજા ગાદીએ આવે. હવે કેથોલિકને બદલે તેમને વ્હિગનો ભય પેઠો. ન્યાયાધીશોએ અને પંચોએ લાગ જોઈ વ્હિગને દંડવા માંડયા, અને રાજાએ પણ પોત પ્રકાશ્યું. શેફટસ્બરીના ઉપર રાજદ્રોહનો આરોપ આવ્યો. લંડનવાસીઓ હજુ તેના પક્ષમાં હતા, તેથી પંચે તેની તપાસ ચલાવવા દીધી નહિ એટલે તે છૂટી ગયો. પછી તે હોલેન્ડમાં જતો રહ્યો, અને ત્યાંજ મરણ પામ્યો.

તે સમયમાં 'પંચ'ની નીમણુક શેરીફના હાથમાં હતી, એટલે તે ધારે તેવું પંચ મોકલી શકતો. રાજાને આ પદ્ધતિ ખામીભરેલી લાગી. તે સમયમાં વ્હિગ લોકોનું જોર શહેરોમાં, અને ટોરીઓનું જોર ગામડાંમાં હતું. તેણે કોઈ પણ મિષે શહેરોની સનંદ ખૂંચવી લઈ નવી સનંદ આપવા માંડી, અને તેમાં ટોરી પક્ષની બહુમતી રહે એવી વ્યવસ્થા કરી.

વ્હિગ પક્ષની પડતી થવા લાગી, છતાં તેમાં બુદ્ધિના અંકુશ વિનાના અને ઉત્સાહના આવેશમાં તણાઈ મરનારા માણસો રહ્યા હતા. તેમણે ચાર્લ્સના મૃત્યુ પછી મન્મથને ગાદી આપવાની ખટપટ કરવા માંડી. તેજ સમયમાં કેટલાક અક્કલહીણા વ્હિગ લોકોએ રાજાને અને તેના ભાઈ ને મારી નાખવાનું કાવતરૂં રચ્યું. તેમની યોજના એવી હતી, કે રાઈ હાઉસ નામના રસ્તાની એક બાજુએ આવેલા ખેતર પાસે એક ગાડું ઉંધું વાળી રાખવું, અને ન્યૂમાર્કેટની સરતમાંથી રાજા અને તેનો ભાઈ પાછા ફરે ત્યારે તેમની ગાડી થોડો વખત અટકી રહે તે દરમિઆન તેમને મારી નાખવા. પરંતુ સદ્ભાગ્યે વાત પ્રસિદ્ધ થઈ ગઈ. બંને કાવતરાંને એકજ ગણવામાં આવ્યાં, અને આગેવાનોને પકડવામાં આવ્યા. આમાંના એક અમીરે કેદમાં આપઘાત કર્યો. રસેલ અને સિડની જેવા વ્હિગ આગેવાનો ઉપર કામ ચલાવી તેમને ફાંસીની શિક્ષા કરવામાં આવી; બીજા અનેક વ્હિગ લોકોને સખત સજા ફરમાવવામાં આવી, અને મન્થમને દેશવટો દેવામાં આવ્યો.

રસેલ જેવા આગેવાન દેશભક્તના શબને ઘેરીને લોકો આંસુ સારતા હતા, એટલામાં ઑકસફર્ડની વિદ્યાપીઠે ફરમાન કાઢયું, કે કોઈથી રાજાની આજ્ઞા કદાપિ ઉથાપી શકાય નહિ; હવે રાજાને જોઈતું મળ્યું. તેણે રાજદ્રોહના કાયદાના બંધ છુટા મૂકી દીધા. નજીવા વાંકે ધનવાન વેપારીઓના ભારે દંડ થવા લાગ્યા, અને ગરીબો હેડમાં પુરાવા લાગ્યા. આ પ્રમાણે સ્ટુઅર્ટ રાજાઓના ઈશ્વિરી હકના સિદ્ધાંત વિરુદ્ધ આંગળી ઉંચી કરનારના હાલહવાલ કરી રાજાએ વિરોધી ચળવળને દબાવી દીધી; તેની એકહથ્થુ અને આપખુદ સત્તા ઉપર અંકુશ રહ્યો નહિ.

છેવટે રાજાએ કસોટીનો કાયદો રદ કર્યો, અને પોતાનો ભાઈ સ્કૉટલેન્ડમાં બળવાખોરોને દબાવવામાં રોકાયો હતો, તેને ત્યાંથી પાછો બોલાવી નૌકાસૈન્યનો ઉપરી બનાવ્યો. આમ તેણે પોતાની આપખુદી ઉપર કળશ ચડાવ્યો.

**છેલ્લા દિવસો:** છેવટ સુધી ચાર્લ્સે પાર્લમેન્ટ બોલાવી નહિ. લૉર્ડ હાલિફાકસ હવે વ્હિગ મટી ટોરી થયો હતો. તેણે રાજાને પાર્લમેન્ટ બોલાવવાની સલાહ આપી. વ્હિગ લોકો કચરાઈ ગયા હતા, અને રાજપક્ષની હવે બહુમતી હતી; પણ પાર્લમેન્ટ ન બોલાવવાનું વાસ્તવિક કારણ એ હતું, કે પાર્લમેન્ટ કદાચ વીફરી બેસે, અને ફ્રાન્સ વિરુદ્ધ વિગ્રહ જાહેર કરે; એટલે ચાર્લ્સ પાર્લમેન્ટ ન બોલાવે, તો તેને જોઈએ તેટલાં નાણાં આપવા તે કબુલ થયો. થોડા સમયમાં રાજા માંદો પડયો. તેનું શરીર ખવાઈ ગયું હતું. તેને ચકરી આવવી શરૂ થઈ, અને તે પથારીવશ થયો. અંત સમયે તેણે કેથોલિક વિધિનો સ્વીકાર કર્યો. એક કેથોલિક પાદરીને ગુપ્ત વેશે લાવવામાં આવ્યો, અને તેણે રાજાના છેલ્લા સંસ્કાર કર્યા. પછી જે થોડો સમય રહ્યો, તેમાં પણ તેનો હસમુખો સ્વભાવ ન ગયો. દુ:ખથી શરીરની નસો ખેંચાઈ જતી, ત્યારે પણ તેણે આસપાસ ઉભેલા લોકોને કહ્યું કે "મને મરતાં જરા વિલંબ થાય છે તેની ક્ષમા કરજો." પછી પોતાની માનીતી નટીની સંભાળ રાખવાની પોતાના ભાઈને ભલામણ કરી. ઇ. સ. ૧૬૮૫ના ફેબ્રુઆરિની ૬ઠ્ઠી તારીખે ચાર્લ્સ મરણ પામ્યો.

ચાર્લ્સ નઠોર હૃદયનો, અનાચારી, વિલાસી, લુચ્ચો, અને અપ્રમાણિક હતો, છતાં બુદ્ધિશાળી, ચાલાક, અને ચતુર હતો. તેનામાં ટયુડર રાજકર્તાઓ

જેવી થોડી શક્તિ હતી. આટલો પ્રજાવિદ્રોહ હોવા છતાં તેણે પોતાના મસ્તકને જલ્લાદની કુહાડીનો સ્પર્શ થવા ન દીધો, એ તેની હોશિયારીનું પરિણામ છે. તેણે દેશની સ્વતંત્રતા વેચી દેશના દ્રવ્યનો દુર્વ્યય કર્યો, છતાં અશાંતિમય કાળમાં પણ સમયસૂચકતા, લુચ્ચાઈ, કુટિલતા, સખતાઈ અને મીઠી મશ્કરીનો ઉપયોગ કરી પોતાના અમલના અંતમાં તે શાંતિ સ્થાપી શક્યો. તેની વિનોદ-પ્રિયતાએ તેને "**આનંદી રાજા**" એવું ઉપનામ અપાવ્યું છે.[1]

ચાર્લ્સનું રાજ્ય જેટલું અગત્યનું છે, તેટલું એકદમ ન સમજાય તેવું છે; તેના અમલના ૧૫ વર્ષના પાંચ વિભાગ પાડી શકાય.

૧. ઇ. સ. ૧૬૬૦–૬૧: કામચલાઉ પાર્લમેન્ટે ધર્મ અને રાજપ્રકરણના પ્રશ્નોનો નિર્ણય આણવાનો પ્રયત્ન કર્યો. પછી દરબારી પાર્લમેન્ટે આવી રાજસત્તા દૃઢ કરવા માંડી, અને ઈતર પંથીઓને પજવવા માંડયા.

૨. ઈ. સ. ૧૬૬૨–૭૨: પાર્લમેન્ટનો રાજા ઉપરથી વિશ્વાસ ઊઠતો ગયો. રાજાએ લુઈ જોડે સંબંધ બાંધ્યો, અને પોતાની સ્વતંત્રતા વેચી. રાજભક્તિનો આવેશ ઉતરવા લાગ્યો. દેશમાં બે પક્ષ રચાવા લાગ્યા. રાજાથી ધર્મ સંબંધી મતભેદ ધરાવનાર પાર્લમેન્ટનો પક્ષ, અને રાજાની પરદેશી ખટપટોને નાપસંદ કરનાર લોકપક્ષ.

૩. ઈ. સ. ૧૬૭૨–૭૯: ઉપરના બે પક્ષ એકત્ર ન થઈ શકયા, એટલે ચાર્લ્સે વારા-ફરતી એકને હાથમાં રાખી બીજાની અવગણના કરવા માંડી.

૪. ઈ. સ. ૧૬૭૯–૮૧: વ્હિગ પક્ષનો ઉદય, અને ઉત્તરાધિકારની તકરાર. સ્વાતંત્ર્યની ભાવના સિદ્ધ કરવા તે પક્ષમાં જે અધમ માણસો ભળ્યા, તેમણે ખૂનામરકી કરવાની હદે જઈ પોતાના પક્ષનો અસ્ત આણ્યો.

૫. ઈ. સ. ૧૬૮૧–૮૫: પાર્લમેન્ટથી સ્વતંત્ર બનેલો અને શત્રુઓના ભયથી મુક્ત થયેલો નિરંકુશ ચાર્લ્સ; શાંતિપ્રિય માણસો રાજપક્ષમાં જઈ મળ્યા.

---

૧. તેના મિત્રે તેની કબર પરના મૃત્યુલેખ માટે સૂચવેલી પંક્તિઓ:—

"Here lies our sovereign Lord the king,
Whose word no man relies on;
Who never said a foolish thing,
And never did a wise one."

# પ્રકરણ ૬ઠ્ઠું

## રાજ્યક્રાન્તિ

### જેમ્સ બીજો : ઇ. સ. ૧૬૮૫–૧૬૮૯

ચાર્લ્સના મૃત્યુ પછી તેનો ભાઈ (ડ્યુક ઑવ્ યોર્ક) જેમ્સ બીજો બાવન વર્ષની વયે ગાદીએ આવ્યો. આ રાજા કેથોલિક પંથનો હોવા છતાં પ્રજાએ તેને ઉમળકાભેર આવકાર આપ્યો. જેમ્સે દેશના કાયદા પ્રમાણે વર્તવાનું અને ઈંગ્લેન્ડના ધર્મસમાજની રક્ષા કરવાનું વચન આપી લોકોને રાજી કર્યા. દેશમાં ટોરી પક્ષનું જોર હતું, અને લુઈ દ્રવ્યની સહાય આપવા હમેશાં તૈયાર હતો. પાર્લમેન્ટે તેને ૧૯,૦૦,૦૦૦ પૌંડનું શાહી વર્ષાસન બાંધી આપ્યું. આ પ્રસંગે રાજા દીર્ઘદર્શી હોત, તો ડગમગી ગએલી રાજસત્તાને દૃઢ બનાવી શકત. પરંતુ જેમ્સ નિષ્ઠુર, ટૂંકી દૃષ્ટિનો, સાંકડા મનનો, અક્કલહીણો, ધર્માંધ, જક્કી, અને મિથ્યાભિમાની હતો. ચાર્લ્સને મુકાબલે જેમ્સ મુગો, દંભી, ક્રૂર, ચીડીઓ, અને કુટિલ ઠર્યો. રાજાના ઈશ્વરી હકનો ફાંકો જેમ્સના મગજમાંથી ખસ્યો ન હતો. તેણે પ્રજાની ઇચ્છા જાણવાની પરવા ન કરી.



**જેમ્સ બીજો**

તે કાબેલ સિપાઈ, કુશળ અધિકારી, અને શૂરવીર સેનાપતિ તરીકે પ્રખ્યાત હતો, છતાં તેણે પોતાની મુરાદ બર આણવાને કુટિલ માર્ગો સ્વીકાર્યા. તેણે રોમન કેથોલિકોને અધિકાર આપવા, અને 'હેબીઆસ કોર્પસ ઍક્ટ' રદ કરવા

ધાર્યું, પણ એ તો પ્રજાના હક્કો પર ઘા થતો હતો, અને એવા ઘા સહન કરવા હવે પ્રજા તૈયાર ન હતી.

જેમ્સે ગાદીએ આવીને પાર્લમેન્ટ મળતા પહેલાં જકાત ઉઘરાવવા માંડી. તેણે એક જાહેરનામું પ્રસિદ્ધ કરીને 'અપ્રતિજ્ઞાગ્રાહી' (Dissenters) વિરુદ્ધના કાયદાનો અમલ બંધ કર્યો. આથી ડેન્બી, જ્હૉન બનીઅન અને હજારો કેદીઓ છૂટયા. પાર્લમેન્ટના સભ્યો રાજાના ખુશામતીઆ હતા. તેઓ રાજનિષ્ઠા ખાતર આ બધું જોઈ રહ્યા.

**આર્ગાઈલ અને મન્મથનાં** બંડ : ઈ. સ. ૧૬૮૫. રાઈધરનું કાવતરૂં પકડાયા પછી વ્હિગ પક્ષના કેટલાક લોકો હોલેન્ડ ગયા હતા. ચાર્લ્સનો અનૌરસ પુત્ર ડયૂક ઑવ્ મન્મથ પણ ત્યાં હતો. વ્હિગ લોકોએ તેને ઈંગ્લેન્ડ આવી ગાદી લેવાનો આગ્રહ કર્યો. તેને એમ થયું કે પ્રોટેસ્ટન્ટ પ્રજા મને આદર આપશે. ડયૂક ઑવ્ આર્ગાઈલનો પુત્ર મન્મથને સહાય આપવાને તૈયાર થયો. તેણે સ્કૉટલેન્ડ જઈ બંડ જગાડવાનું વચન આપ્યું. પરંતુ પ્રતિજ્ઞા-ગ્રાહીઓએ તેમાં સામેલ થવાની ના પાડી. રાજાનું લશ્કર આર્ગાઈલનો સામનો કરવા તૈયાર હતું. આર્ગાઈલનું નાનું લશ્કર વીખરાઈ ગયું, અને તે કેદ પકડાયો. તેના હાથ બાંધી બંદુકવાળા સૈનિકોની વચમાં ચલાવીને તેને એડિનબરો લઈ જવામાં આવ્યો; ત્યાં તે તેના પિતાની પેઠે રાજદ્રોહીને મોતે મુઓ.

દરમિઆન મન્મથ ઈંગ્લેન્ડમાં આવ્યો. તે રૂપાળો, મનોહર, અને બહારથી વિનયી હતો. પ્રોટેસ્ટન્ટ ધર્મના પુનરુદ્ધારની આશાએ સંખ્યાબંધ ગામડીઆ તેને આવી મળ્યા. તેણે જાહેરનામું પ્રસિદ્ધ કરીને જેમ્સને બીન-હકદાર ઠરાવી પોતાનો હક આગળ કર્યો. ટૉન્ટન જઈને તેણે રાજાનો ઇલ્કાબ ધારણ કર્યો, પણ તેને માત્ર હલકા વર્ગના લોકોની સહાય હતી. પાદરીઓ અને આબરૂદાર ગૃહસ્થો પ્રોટેસ્ટન્ટ રાજકર્તા તરીકે મેરીનો હક ગણતા હતા. સેજમુર[1] પાસે રાજાના સૈન્ય સાથે મન્મથનો ભેટો થયો. તેના સૈન્યમાં સામાન્ય ગામડીઆ, અભણ ખેડુતો, કારીગરો, મજુરો, અને પત્થરફોડા જેવા તાલીમ વિનાના માણસો હતાઃ ફક્ત એક કલાકની જીવલેણ લડાઈમાં હાર

---

૧. આ યુદ્ધમાં બે પ્રસિદ્ધ પુરુષો જ્હૉન ચર્ચિલ અને ડેનિયલ ડીફો હતા.

ખાઈ મન્મથ અને તેનાં માણસો નાસી ગયાં. થોડા દિવસ પછી ગંદી ખાઈ-માંથી મન્થમ પકડાયો. તેણે કાકાને પગે પડી જીવતો રાખવાની નામર્દ અરજ કરી, પણ દયાહીણ દૈત્યનું હૈયું પીગળ્યું નહિ. મન્મથનો શિરચ્છેદ કરવામાં આવ્યો.

આટલેથી જેમ્સની વૈરવૃત્તિ તૃપ્ત થઈ નહિ. હવે તેણે મન્મથના મદદગારોને સજા કરવા માંડી. તેના હત્યારા અમલદારો મન્મથના મદદગારોને ભયંકર સજા કરવા લાગ્યાઃ કેટલાક કેદમાં પડયા, કેટલાક ફાંસીએ લટકયા, અને કેટલાકને જીવતા બાળી મૂકવામાં આવ્યા. જેફ્રીઝ નામનો નિષ્ઠુર ન્યાયાધીશ બળવાખોરોની તપાસ ચલાવવા પરગણાંમાં ફરવા લાગ્યો. તેણે રાય કે રંક, બાળક કે વૃદ્ધ, નિર્દોષ કે અપરાધી, એવું કશું જોયા વિના લોકોને દંડવા માંડયા, અને પ્રજા ઉપર કેર વર્તાવ્યો. તેણે લગભગ ૩૦૦ માણસોને દેહાંતદંડ દીધો. મન્મથના અનુચરોને રાતવાસો રાખનાર એક સ્ત્રીને પણ જીવતી બાળી મૂકવાની શિક્ષા થઈ, પણ પાછળથી તેનો શિરચ્છેદ કરવાનું ઠર્યું. આ શિક્ષામાંથી બચનારાને વેસ્ટ ઇંડિઝમાં ગુલામ તરીકે વેચવાનો હુકમ થયો. તે નિર્દય ન્યાયાધીશને રાજાએ ‘લૉર્ડ હાઈ ચેન્સેલર’ બનાવ્યો. હવે રાજા પરથી લોકોનાં મન ઊઠી ગયાં, એટલે વ્હિગ પક્ષને પ્રજાનો જુસ્સો સતેજ કરવાનો લાગ મળ્યો.

**ધાર્મિક ફેરફારો કરવાના રાજાના પ્રયત્નોઃ** બંડખોરોનો નાશ થવાથી રાજસત્તા પ્રતાપી થઈ, એટલે જેમ્સે પોતાની અભિલાષાઓનો અમલ કરવા માંડયો. વધારાના લશ્કરમાં રાખેલા કેથોલિક અમલદારોને શાંતિ થયા પછી પણ રાખવાની રાજાની ઇચ્છા હતી. પરંતુ પાર્લમેન્ટે કેથોલિક અમલદારો રાખવા માટે રાજાનો વિરોધ કર્યો, અને કસોટીના કાયદાનો અમલ ન થાય ત્યાં સુધી નાણાં આપવાની ના પાડી. એથી રાજાએ પાર્લમેન્ટ બરખાસ્ત કરી, ઇ. સ. ૧૬૮૫. જેમ્સના સમયમાં ફરી પાર્લમેન્ટ મળી નહિ. પરંતુ જેમ્સનાં કૃત્યો જોઈ તેના પક્ષકારો પણ વિમુખ થતા ગયા, એટલે [illegible] સમય આવ્યો નહિ.

આમ પાર્લમેન્ટ વિસર્જન થઈ, પણ લોકોનાં મોં કંઈ બંધ કરાય છે! જેમ્સે ખાનગી રીતે ન્યાયાધીશોના મત માગ્યા, કે રાજાને કાયદાનો અમલ અટકાવવાની સત્તા ખરી કે નહિ? તેણે વિરુદ્ધ મત આપનારને સ્થાને

અનુકૂળ માણસો ગોઠવી દઈ સર એડવર્ડ હેલ્સને પાયદળનો સેનાપતિ બનાવ્યો. આથી તેના ઉપર કામ ચાલ્યું, પણ હેલ્સે રાજાનો પરવાનો બતાવ્યો, એટલે ખુશામતખોર ન્યાયાધીશોએ રાજાની તરફેણમાં ચુકાદો આપ્યો. રાજાનો આવો હક કાયદેસર હતો, પણ પાર્લમેન્ટે ચાર્લ્સ બીજાને એ હક ન વાપરવાની ભલામણ કરી હતી. પરંતુ આ નિર્ણયનો લાભ લઈ જેમ્સે લશ્કરમાં કેથોલિક અમલદારો ભરવા માંડયા, અને કેથોલિક લોકોની વિરુદ્ધના સર્વ કાયદા રદ કર્યા. તેણે કેથોલિક પંથીઓને પ્રધાનો નીમ્યા, અને એક ધર્મબંધુને આયર્લૅન્ડનો વાઈસિરોય બનાવ્યો.

ઇ. સ. ૧૬૪૧માં બંધ થએલી 'હાઈ કમિશન'ની અદાલતને સજીવન કરીને હત્યારા જેફ્રીઝને મુખ્ય ન્યાયાધીશ નીમ્યો. રાજાની આજ્ઞા વિરુદ્ધ જે જે ધર્મગુરુઓ કેથોલિક પંથનું ઘસાતું બોલે, તેમનો તેમાં સખત દંડ થવા લાગ્યો. કસોટીના કાયદાની રૂએ ઑક્સફર્ડ અને કેમ્બ્રિજનાં વિદ્યાપીઠોમાં કેથોલિક અધ્યાપકો કામ કરી શકતા નહોતા, પણ જેમ્સ તેમનો માર્ગ મોકળો કરવાની પેરવી કરવા લાગ્યો. તેણે એક કેથોલિકને ઑક્સફર્ડના મહાવિદ્યાલયનો ઉપરી બનાવ્યો. બીજા મહાવિદ્યાલયની વ્યવસ્થાપક સમિતિના પ્રમુખની જગા ખાલી પડી, એટલે રાજાએ કેથોલિકની પસંદગી કરવા જણાવ્યું; પણ સમિતિના પ્રોટેસ્ટંટ સભ્યોએ વિરોધ કર્યો, એટલે સર્વને કાઢી મૂકી કેથોલિક પંથીઓને ગોઠવી દીધા. વળી એક કેથોલિકને ઑક્સફર્ડનો ધર્માધ્યક્ષ બનાવ્યો. આ પ્રમાણે ધર્માંધ રાજાએ શિક્ષણ, સેના, ધર્મ, અને રાજદ્વારી વિભાગોમાં સહધર્મીઓ ભરી દીધા, અને પ્રજાકીય સ્વાતંત્ર્યની અવગણના કરી. જો કે તેના મિત્રોએ તેને શાંતિ જાળવવાની, લુઈએ સાવચેતીથી કામ લેવાની, અને ડાહ્યા કેથોલિકોએ દેશના કાયદાઓને માન આપવાની શિખામણ આપી, તોપણ જેમ્સ પરવા કર્યા વિના વર્તવા લાગ્યો. જેમ્સના આ અત્યાચારો લંડનની પ્રજા મુંગે મોંએ જોઈ ન રહી, એટલે રાજાએ કેથોલિક સિપાઈઓનું સૈન્ય તૈયાર કરી પ્રજાને દબાવી દેવાનો મનસુબો કર્યો.

આ પ્રમાણે કસોટીના કાયદાનો ભંગ કરીને રાજા અટકયો નહિ. ઇ. સ. ૧૬૮૭માં તેણે ધર્મછૂટનું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું, અને કેથોલિકો તથા અપ્રતિજ્ઞાગ્રાહીઓ વિરુદ્ધના કાયદાનો અમલ બંધ કર્યો. ફરીથી બંદીખાનાં

ઉધડ્યાં, અને અપ્રતિજ્ઞાગ્રાહીઓ છૂટ્યા, પણ રાજાનો ધાર્યો દાવ ન પડ્યો. ચતુર અપ્રતિજ્ઞાગ્રાહીઓ અને પ્રેસ્બિટિરિયનો સમજી ગયા કે રાજાની ખરી દાનત કેથોલિક લોકોને ધર્મછૂટ આપવાની છે. તેમણે ધર્મ કરતાં પ્રજાકીય સ્વાતંત્ર્યને મોંઘું માન્યું, અને આવી ધર્મછૂટ લેવાની ના પાડી: છતાં રાજાએ ઇ. સ. ૧૬૮૮માં જાહેરનામું પ્રસિદ્ધ કરી પ્રત્યેક ધર્માલયમાં વાંચવાની આજ્ઞા કરી.

રાજાની અવિચારી આજ્ઞાનો ખુલ્લો ભંગ થયો. કોઈએ તે જાહેરનામું વાંચ્યું નહિ. સાત ધર્માધ્યક્ષોએ રાજાને અરજી કરી, કે અમને અધર્મી કાર્ય કરવાની ફરજ પાડવી ન જોઈએ. રાજા અરજી વાંચીને ક્રોધે ભરાયો; કારણ કે અરજી છપાવીને પ્રજામાં ખુલ્લે હાથે વહેંચવામાં આવી હતી. તેણે અરજદારોને કેદ કર્યા, અને તેમના ઉપર કામ ચલાવ્યું. પ્રજાએ આ સામાન્ય મુકર્દમાને રાષ્ટ્રીય પ્રશ્નનું સ્વરૂપ આપ્યું. ધર્માધ્યક્ષો તરફથી કેટલાક પ્રવીણ વકીલો બહાર આવ્યા. પછી તપાસ ચાલી, સાક્ષીઓ લેવાયા, પુરાવા રજુ થયા, અને પંચે સર્વાનુમતે તેમને બીનગુનેગાર ઠરાવ્યા. એથી પ્રજાએ હર્ષનાદ કર્યો. ઘોડેસવારોએ મારતે ઘોડે આ વધામણી દૂરનાં શહેરોમાં પહોંચાડી. દેવાલયોમાં ઘંટા વાગી, અને છાવણીના સિપાઈઓએ પણ હર્ષનાદ કર્યા. જેમ્સની ખાતરી થઈ કે મારાં માણસો અને સમગ્ર પ્રજા મારી વિરુદ્ધ છે. સાત ધર્માધ્યક્ષોની તપાસ દરમિઆન રાજાને ત્યાં પુત્રજન્મ થયો, પણ એ કમનસીબ બાળકને કોઈએ આવકાર ન આપ્યો; કારણ કે એથી તો કેથોલિક રાજાની પરંપરા ચાલવાની એમ લોકોને લાગ્યું. રાજાના અદાવતીઓએ એવી વાત ફેલાવી કે એ કુંવર ખરો નથી, પણ બહારથી આણેલો છે. જેમ્સે કુંવરના ખરાપણા વિષે પુરાવા આપ્યા, પણ વીફરેલી પ્રજાએ કશું માન્યું નહિ. હવે લોકોના હૃદયમાંથી રાજભક્તિના રહ્યાસહ્યા તણખા હોલવાઈ ગયા, અને રાજ્યક્રાન્તિનો સમય આવી પહોંચ્યો.

**ઑરેંજના વિલિયમને આમંત્રણ:** ૩૦મી જુન, ઇ. સ. ૧૬૮૮. જે દિવસે ધર્મગુરુઓ માનભેર છૂટી ગયા, તેજ દિવસે ઑરેંજના વિલિયમને પત્ર લખીને આમંત્રણ આપવામાં આવ્યું. વિલિયમ જેમ્સનો જમાઈ હતો, અને પ્રોટેસ્ટન્ટ ધર્મનો સ્તંભરૂપ હતો. ફ્રાન્સના કટ્ટા શત્રુ વિલિયમને આ

સારો પ્રસંગ મળ્યો. તેણે આમંત્રણ સ્વીકાર્યું, અને લશ્કર તૈયાર કરવા માંડયું. ઈંગ્લેન્ડના એલચીએ જેમ્સને ખબર પહોંચાડી, પણ બુદ્ધિહીણ રાજાએ માન્યું નહિ. લુઈએ વિલિયમને ઈંગ્લેન્ડ નહિ જવાની ચેતવણી આપી, ત્યારે જેમ્સે કહ્યું કે લુઈએ 'સંરક્ષક' થવાનો દંભ કરવાની જરૂર નથી. એથી લુઈ ને ચીડ ચડી, અને તેણે જેમ્સને મદદ કરી નહિ.

વ્હિગ લોકોનો મદદગાર વિલિયમ ઇ. સ. ૧૬૮૮ના નવેમ્બરની ૫મી તારીખે ઈંગ્લેન્ડને કિનારે ઉતર્યો. તે લંડન તરફ કૂચ કરતો ચાલ્યો, એટલે રસ્તામાં અનેક માણસો તેના નેજા નીચે આવવા લાગ્યાં. રાજાના હજુરીઆ, લશ્કરી અમલદારો, અને વ્હિગ આગેવાનો તેને જઈ મળ્યા. ચર્ચિલની સરદારી નીચેનું રાજાનું લશ્કર પણ તેને મળી ગયું. જેમ્સની પ્રિય પુત્રી એન અને તેના પતિએ તેનો પક્ષ છોડી દીધો, ત્યારે તેનાં ગાત્રો ગળી ગયાં, તેની આંખમાં આંસુ આવ્યાં, અને તે બોલ્યો, "અરે ? મારાં સંતાનો પણ મને તજી જાય છે." પછી જેમ્સે રાણીને અને યુવરાજને ફ્રાન્સ મોકલી દીધાં, અને તે પોતે પણ ત્યાં જવા તૈયાર થયો. રસ્તામાં તે માછીમારોના હાથમાં સપડાયો, એટલે તેઓ તેને લંડન પાછો લાવ્યા. પરંતુ પદભ્રષ્ટ રાજા સંઘરવાનું જોખમ ખેડવા વિલિયમ તૈયાર ન હતો, એટલે તેણે જેમ્સને ફ્રાન્સ જવાની સરળતા કરી આપી. લુઈએ જેમ્સને આવકાર આપ્યો, અને વર્ષાસન બાંધી આપ્યું.

વિલિયમે રાજ્યની લગામ હાથમાં લેતા પહેલાં સેનાપતિ મન્કની પેઠે હંગામી પાર્લમેન્ટ બોલાવી. તેમાં અમીરો અને ચાર્લ્સ બીજાના સમયના કેટલાક સભ્યો આવ્યા. વિલિયમના સ્થાનનો નિર્ણય કરવામાં પાર્લમેન્ટને મહેનત પડી. કેટલાક ટોરી સભ્યોની ઇચ્છા એવી હતી, કે જેમ્સ સારી રીતે રાજ્ય ચલાવે તો તેને પાછો બોલાવવો, પણ કેટલાકની ઇચ્છા વિલિયમને 'દેશરક્ષક' બનાવવાની હતી, અને કેટલાક મેરીને ગાદી આપવા માગતા હતા. વિલિયમે સસરાની ગાદી સાચવવાની કે રાણીના સેવક થવાની સ્પષ્ટ ના પાડી. આખરે એવો ઠરાવ થયો કે વિલિયમ અને મેરીનો સંયુક્ત રાજ્યાભિષેક કરવો, અને ઉભયના સમાન હક સ્વીકારવા.

**હકપત્રિકા :** આ પ્રમાણે વિલિયમને ઈંગ્લેન્ડનું રાજપદ મળ્યું. પછી હંગામી પાર્લમેન્ટે રાજ્યકર્તાઓ જોડે ચોખવટ કરી નાખવા હકપત્રિકા તૈયાર કરી. તેમાં જેમ્સનાં અયોગ્ય કાર્યોની સવિસ્તર નોંધ લેવામાં આવી, અને તેમાં આવો ઉલ્લેખ કરવામાં આવ્યો: રાજાથી કાયદાનો અમલ મોકુફ રાખી શકાય નહિ, સ્થાયી લશ્કર રાખી પ્રજાને ડારી શકાય નહિ, પાર્લમેન્ટની સંમતિ વિના કર નાખી કે ઉઘરાવી શકાય નહિ, તેની ઇચ્છામાં આવે તેવી રીતે અમે ત્યારે ન્યાયાધીશોને રજા આપી શકાય નહિ, પાર્લમેન્ટને વારંવાર બોલાવવી જોઈએ, પાર્લમેન્ટમાં વિચાર અને વાણીનું સ્વાતંત્ર્ય રહેવું જોઈએ, સર્વને સોંઘો અને નિષ્પક્ષપાત ન્યાય મળવાની વ્યવસ્થા થવી જોઈએ, રાજા પોતે રોમન કેથોલિક ધર્મ પાળી શકે નહિ કે તે ધર્મવાળી સ્ત્રી જોડે લગ્ન કરી શકે નહિ, જેમ્સના વારસોનો ગાદી ઉપરનો હક રદ કરીને વિલિયમ અને મેરીને ગાદી આપવામાં આવી છે, અને તેમના મૃત્યુ પછી તેમને સંતતિ ન હોય તો એનને વારસ ગણવી. ઇ. સ. ૧૬૮૯માં આ હકપત્રિકાને[1] વિધિપુરઃસર કાયદાનું સ્વરૂપ આપવામાં આવ્યું.

**રાજ્યક્રાન્તિઃ** લોહીનું એક પણ ટીપું રેડાયા વિના જુલમી રાજાને રાજ્ય છોડવું પડયું, અને દેશની રાજ્યપદ્ધતિમાં પલટો થયો. હવે નિર્ણય થઈ ગયો કે દેશમાં રાજકર્તા પાર્લમેન્ટ છે, રાજા 'પ્રજાનો સેવક' છે, અને તેની સત્તા ઈશ્વરદત્ત નહિ પણ પાર્લમેન્ટ પાસેથી મળેલી છે. રાજાને રાજ્ય ચલાવવાનો હક વંશપરંપરાથી નહિ પણ રાજા અને પ્રજા વચ્ચેના કરારથી મળે છે, એમ સાબીત થયું. દેશના કાયદાથી રાજા પર નથી, અને પાર્લમેન્ટે પસાર કરેલો ધારો સ્વીકારી લીધા પછી કોઈ પણ મિષે તેને કોરાણે મૂકી શકાય નહિ, એ વાત હકપત્રિકામાં ભાર મૂકીને જણાવી હતી. આપખુદ અને બીનજવાબદાર અમલના દિવસો વહી ગયા, અને મર્યાદિત રાજસત્તાનો યુગ બેઠો. આ રાજ્યક્રાન્તિથી રાજ્યબંધારણમાં ફેરફાર થયો, અર્થાત્ રાજાના હાથમાંથી સત્તા સરી પડી, અને 'લોકશાસન'નું મંડાણ થયું.

---

**૧. ઇ. સ. ૧૬૨૮માં આમની સભાએ લોકહક સુરક્ષિત રાખવા માટે 'હકની અરજી' કરી હતી. પછીનાં સાઠ વર્ષમાં જમાનો પલટાઈ ગયો, અને જેમ્સે છૂંદી નાખેલું સ્વાતંત્ર્ય અખંડિત છે એમ પાર્લમેન્ટે જાહેર કર્યું, તેથી તેને 'હકપત્રિકા' કહે છે.**

આ રાજ્યક્રાન્તિનું એક બીજું પરિણામ આવ્યું. પાર્લમેન્ટ હજુ સંપૂર્ણ લોકપ્રતિનિધિત્વવાળી ન હતી; કારણ કે તેમાં કુલીન કુટુંબોના પુરુષો હતા. હેનરીએ બંધ કરેલા મઠોની જાગીરો મેળવીને જમીનદારો સત્તાધીશ અને રાજકારણમાં બળવાન થઈ પડયા. પછીના યુગમાં લોકમતને નામે તેમણે ફાવતો રાજ્યવહીવટ ચલાવ્યો, અને પ્રસંગોપાત ચાર્લ્સ કે જેમ્સને વીસરાવે એવી જોહુકમી ચલાવી. પરંતુ આખરે લોકશાસનનો માર્ગ મોકળો થયો; કેમકે એ જમીનદારોમાં વ્હિગ અને ટોરી એવા બે પક્ષ પડી ગયા. જે પક્ષ બળવાન થઈ જાય, તે બીજાને નીચો પાડવા પોતાની તમામ શક્તિ અજમાવતો. એથી મધ્યમ વર્ગના લોકો ફાવી જતા. વળી બન્ને પક્ષો લોકોને રાજી રાખવા મથતા, એટલે જે પક્ષ બળવાન હોય તે પ્રજાને પાંખમાં રાખવા માટે નાના મોટા હકોની ભેટ કરતો. આ પ્રમાણે કુલીનોના હાથમાંથી સામાન્ય પ્રજાના હાથમાં રાજ્યતંત્ર જઈ પડયું, પણ તેનો આરંભ 'રાજ્યક્રાન્તિ'થી થયો એમ ગણી શકાય.

---

## પ્રકરણ ૭મું

## વિલિયમ ૩જો : ઇ. સ. ૧૬૮૯–૧૭૦૨

### મેરી ૨જી ઇ. સ. ૧૬૮૯–૧૬૯૪

**વિલિયમ ૩જો:** વિલિયમનું આગમન અને રાજા–રાણીના સંયુક્ત રાજ્યાભિષેક વિષે આપણે જોઈ ગયા. નવો રાજા કદરૂપો, થોડાબોલો, દૃઢ મનનો અને આગ્રહી, તથા સ્વભાવે ઠરેલ રાજદ્વારી નર હતો. રાજસભામાં કે રણક્ષેત્રમાં તેની દૃષ્ટિ સરખું કામ કરતી. બાલ્યાવસ્થામાં તેણે ફ્રેન્ચ તોપોના ધડાકા સાંભળ્યા હતા, અને રાજ્યપ્રપંચ, ખટપટ, અને કાવાદાવાથી તે કાબેલ અને દીર્ઘદૃષ્ટિવાળો બન્યો હતો. તેનું આરોગ્ય નબળું હતું, તેની રીતભાત સખત હતી, અને તે કડક અને કવચિત્ તોછડો લાગતો. અંગ્રેજોએ તેના ઉપર ચાહ બતાવ્યો નહોતો, અને તે પણ જાણતો હતો કે હું માત્ર અંગ્રેજોનું ઉપયોગી સાધન છું. એથી તેણે કદી લોકપ્રિયતા પ્રાપ્ત કરવાની માથાકૂટ કરી નહોતી. તેનામાં અખૂટ કૌવત, અડગ ધૈર્ય, રાજદ્વારી કુનેહ, અને દીર્ઘ-

દૃષ્ટિ હતાં; અસ્થિરતા અને અશાંતિના સમયમાં તેણે ચતુરાઈ, નિષ્પક્ષપાતપણું અને મુત્સદ્દીગીરીથી શાંતિ અને વ્યવસ્થા આણ્યાં, અને રાજ્યબંધારણને દૃઢ કર્યું. તે કુશળ સેનાપતિ હતો. આ સદૈવવિજયી યોદ્ધો પરાજયનો ખ્યાલ કરતો નહિ. અણીને વખતે ધૈર્ય અને સમયસૂચકતાથી તે એવો તોડ કાઢતો, કે તેની અસાધારણ શક્તિ જોઈ ને લોકો આશ્ચર્ય પામતા. યુદ્ધમાં, ગંભીર પ્રસંગમાં, કે આપત્તિકાળમાં તેના આનંદી અને ઉત્સાહપ્રેરક સ્વભાવથી અનેક નબળા આત્માઓને હૂંફ રહેતી.



વિલિયમ ૩જો

**વિલિયમની અભિલાષાઓ:** હવે વિલિયમની રાજનીતિ અને તેના આશયો તપાસીએ. આંતર કલહોથી અંગ્રેજો પરદેશી મામલા ઉપર ધ્યાન આપી શકતા નહિ. ફ્રાન્સને આ બાબત ગમતી હતી, અને ૧૪મા લુઈની રાજ્યતૃષ્ણાને હદ ન હતી. તેનાં સૈન્યો પીરીનીઝ, ઈટલી, કે ર્‌હાઈનના પ્રદેશો ઉપર ફરી વળી સર્વત્ર કેર વર્તાવતાં હતાં. ર્‌હાઈનના કિનારા સુધી ફ્રાન્સની ઉત્તર અને પૂર્વ સીમા વધારવાના હેતુથી હર બહાને લુઈ મધ્ય યુરોપ અને હોલેન્ડ જોડે યુદ્ધ કરતો. પરંતુ વિલિયમ કોઈ પણ ઉપાયે લુઈની સત્તા તોડવા મથતો હતો, તેથી ઇંગ્લેન્ડના નૌકાબળ અને સાધનોથી લુઈ ને હંફાવવાની આશાએ વિલિયમે રાજપદ સ્વીકાર્યું, એટલે તેનો સ્વદેશપ્રેમ કાયમ હતો. વિલિયમને મન ઈંગ્લેન્ડનું રાજ્ય હોલેન્ડની સ્વતંત્રતાના રક્ષણનું સાધન હતું. પોતાના તેર વર્ષના અમલમાં વિલિયમે જેમ્સ અને તેના અનુયાયીઓનું પ્રાબલ્ય ન થવા પામે, અને પોતાની સત્તા દૃઢ થાય એવા ઉપાય લીધા.

**નવું રાજ્યબંધારણ:** અંગ્રેજોને વિલિયમની નિસ્પૃહતાની ખાતરી થઈ ગઈ. પરંતુ લુઈને હંફાવવામાં ઇંગ્લેંડનો સ્વાર્થ હતો, અને રાજસત્તા ઉપર કાપ મૂકવા દેવા વિલિયમ તૈયાર હતો, એટલે નિયંત્રિત રાજસત્તાની સ્થાપનાનું કાર્ય સરળ થઈ પડયું. વિલિયમ અને મેરીનો રાજ્યાભિષેક થયા પછી 'હંગામી પાર્લમેન્ટ' ખરી પાર્લમેન્ટ થઈ, અને તેણે રાજ્યવ્યવસ્થાનું કાર્ય આરંભ્યું.

પાર્લમેન્ટે પ્રથમ આર્થિક વહીવટમાં ફેરફારો કર્યા. જેમ્સ બીજાના અમલ સુધી પાર્લમેન્ટ રાજાને નાણાં આપતી, અને રાજા પોતાની ઇચ્છા પ્રમાણે તેનો ઉપયોગ કરતો. હવેથી 'સાધારણ' અને 'અસાધારણ' ખર્ચ માટેની રકમો જુદી પાડીને આપવાનો ઠરાવ થયો. રાજા અને તેના કુટુંબના ખર્ચ માટે નક્કી કરેલી રકમ જીવન પર્યંત આપવાનું ઠર્યું; અસાધારણ ખર્ચ માટેની રકમ બાંધી મુદતને માટે આપવી, અને તેનો પાર્લમેન્ટની દેખરેખ નીચે હેતુપુરઃસર ઉપયોગ થવો જોઈએ એમ ઠર્યું. વિલિયમે આ વાત કબુલ કરી, અને હિસાબ બતાવવાનું પણ વચન આપ્યું. થોડાં વર્ષમાં એ પદ્ધતિએ 'હક'નું સ્વરૂપ પકડયું. આમ જાહેર કામોનાં ખર્ચ ઉપર પાર્લમેન્ટનો કાબુ આવ્યો.



મેરી બીજી

પરંતુ વિકટ પ્રશ્ન લશ્કરનો હતો. ભૂતકાળમાં આપખુદ સત્તા ટકાવી રાખવા 'બહાલી લશ્કર'નો દુરુપયોગ થયો હતો. પાડોશી રાજ્યોને મુકાબલે ઇંગ્લેન્ડને લશ્કરની સ્વાભાવિક જરૂર હતી, તેથી એવું ઠરાવ્યું કે પ્રતિવર્ષે પાર્લમેન્ટ સૈન્યના નિભાવનું ખર્ચ મંજુર કરે. એથી પ્રજાનો રાજા ઉપર વિશ્વાસ હોય ત્યાં સુધી લશ્કરનું ખર્ચ મંજુર થાય; અને રાજાને દર વર્ષે પાર્લમેન્ટ બોલાવવી

પડે એમ થયું. આમ રાજસત્તા ઉપર બંધન મૂકયા પછી પાર્લમેન્ટે રાજ્યના અને ધર્મખાતાના પ્રત્યેક અધિકારીને વિલિયમને રાજનિષ્ઠ રહેવાની અને તેનું ઉપરીપદ સ્વીકારવાની પ્રતિજ્ઞા લેવાની ફરજ પાડી. કેન્ટરબરીના મુખ્ય ધર્માધ્યક્ષ અને સાત દીક્ષિતોએ પ્રતિજ્ઞા લેવાની ના પાડી[1], એટલે તેમને પદભ્રષ્ટ કરી વિશ્વાસુ અને રાજનિષ્ઠ સેવકોને મૂકવામાં આવ્યા. 'ધર્મસહિષ્ણુતાના કાયદા' (Toleration Act) થી એવું ઠર્યું કે કોઈ પણ મનુષ્યને 'એપિસ્કોપલ' ધર્મ પાળવાની ફરજ પાડી શકાય નહિ; પ્રત્યેક મનુષ્ય પોતાની ઇચ્છામાં આવે તે ધર્મ પાળી શકે. આ છૂટ માત્ર કેથોલિકોને માટે ન હતી; તેમની સામે તો દંડના નવા કાયદા ઘડાયા. વિલિયમે સ્વીકારેલા હકપત્રિકાના અસલ ખરડાને કાયદાનું સ્વરૂપ આપવામાં આવ્યું.

ઇંગ્લેન્ડમાં રાજ્યક્રાન્તિનું કાર્ય સંપૂર્ણ થયું, પાર્લમેન્ટે રાજસત્તા મર્યાદિત કરી, અને વિલિયમે હકપત્રિકાનાં બંધનો સ્વીકાર્યાં. આ રાજ્યક્રાન્તિથી સ્કૉટલેન્ડ અને આયર્લૅન્ડમાં શી અસર થઈ તે હવે જોઈએ.

**સ્કૉટલેન્ડમાં બળવો:** જેમ્સ બીજાના જવાથી સ્કૉટ લોકો ખુશી થયા, અને તેમણે વિલિયમ અને મેરીના રાજ્યારોહણનો સ્વીકાર કર્યો: છતાં ત્યાં જેમ્સના કેટલાક અનુયાયી હતા. તેમણે ડન્ડીના ઠાકોરની સરદારી નીચે બંડ ઉઠાવ્યું, તેથી સેનાપતિ મેકે તેમની સામે ગયો, પણ તેનું કંઈ વળ્યું નહિ. ઇ. સ. ૧૬૮૯માં કિલિક્રેન્કીના યુદ્ધમાં સ્કૉટ સૈનિકોએ બે ઘડીમાં રાજસૈન્યનો ઘાણ વાળી લોહીની નદીઓ વહેવરાવી, પણ સ્કૉટલેન્ડને આ વિજય મોંઘો પડી ગયો; કેમકે તેનો બહાદુર સરદાર ડન્ડીનો ઠાકોર માર્યો ગયો, અને સૈનિકો વીખરાઈ ગયા. પરંતુ સ્કૉટલેન્ડના ઉચ્ચ પ્રદેશમાં લોકોનાં દીલ ઉશ્કેરાયલાં રહેતાં. જો કે વિલિયમે શાહી વચન આપ્યું, કે સ્કૉટલેન્ડમાં પ્રેસ્બિટિરિયન ધર્મ ચાલુ રહેશે. પછી તેણે અમીરોને લાંચ આપી મેળવી લીધા, અને જાહેર કર્યું કે જેઓ ઇ. સ. ૧૬૯૨ના જાન્યુઆરિની ૧લી

---

૧. આ લોકોને 'Non-Jurors' કહેવામાં આવે છે. ઓગણીસમા સૈકાના આરંભ સુધી તેઓ પોતાનો સ્વતંત્ર ધર્માધિકારી પસંદ કરી લેતા. આ લોકો, કેથોલિક પંથીઓ, અને જેમ્સના મળતીઆઓને 'જેકોબાઈટ' કહેવામાં આવે છે. તેમણે સરકાર સામે કાવતરાં કરી ઘણી મુશ્કેલીઓ ઉભી કરી હતી.

તારીખ પહેલાં રાજનિષ્ઠાની પ્રતિજ્ઞા લઈ લેશે, તેમને માફી આપવામાં આવશે. દૈવયોગે પશ્ચિમ હાઈલેન્ડની ખીણમાં રહેનારા ગ્લેન્કોના વૃદ્ધ સરદાર મૅક આઈને સર્વથી છેલ્લી પ્રતિજ્ઞા લેવાનો વિચાર કર્યો. છેક છેલ્લી ઘડીએ તે જે જગાએ આવી પહોંચ્યો, ત્યાં પ્રતિજ્ઞા સ્વીકારનાર અમલદાર ન હતો. ત્યાંથી અથડાતો કુટાતો આગળ વધી તેણે શપથ તો લીધા, પણ નક્કી કરેલો દિવસ વીતી ગયો હતો. એથી શત્રુઓએ તેનો નાશ કરવાની તક સાધી. વિલિયમના અધિકારીએ લોકોની સાન ઠેકાણે લાવવા ખરી હકીકત છુપાવી. તેણે રાજા પાસેથી "તે ચોરોના દળનો સંહાર કરવા"ની આજ્ઞા મેળવી, અને સૈનિકોની ટુકડી ગ્લેન્કો મોકલી. ત્યાંના ભોળા લોકોએ સૈનિકો-ને દિલોજાન આવકાર આપ્યો; અને સૈનિકોએ પંદર દિવસ સુધી મેમાન-ગીરી ભોગવી. આખરે નિર્દય હત્યાકાંડનો દિવસ આવી પહોંચ્યો. શિઆળા-ની રાત્રિના અંધકારમાં આ નિષ્ઠુર સિપાઈઓએ લોકોની કતલ ચલાવી, તેમાં મૅક આઈન, તેની પત્ની, અને બીજા છત્રીસ માણસો કપાઈ મુઆ, અને જેઓ જીવ લઇ ને નાઠા તેમને બહારની ઠંડીએ અને ભૂખે પૂરા કર્યાં. ગ્લેન્કોનો હત્યાકાંડ વિલિયમના જીવનમાં કલંક સમાન ગણાય છે; કારણ કે તેણે પૂરી તપાસ કર્યા વિના હુકમ આપ્યો હતો, અને કતલ કરનાર જાલીમોને જતા કર્યા હતા.

**આયર્લૅન્ડમાં યુદ્ધ:** સ્કૉટલેન્ડનો ભયંકર બળવો તરત શમી ગયો, પણ આયર્લૅન્ડમાં તેમ થયું નહિ. આયર્લૅન્ડમાં કેથોલિકો અને પ્રોટેસ્ટન્ટો વચ્ચે ઝગડા ચાલ્યા કરતા, અને ગમે તેટલા ઉપાય અજમાવ્યા છતાં પ્રજાને સુખવારો આવ્યો ન હતો. દરમિઆન જે અંગ્રેજ અને સ્કૉટ પ્રોટેસ્ટન્ટો ત્યાં વસવાટ કરવા આવ્યા, તેમના હાથમાં જમીનનો મોટો ભાગ આવી પડયો. આથી આયરિશ લોકોને નવા પ્રોટેસ્ટન્ટ રાજા તરફ અણગમો થયો. એવામાં જેમ્સ ગાદી મળવાની આશાએ આયર્લૅન્ડમાં ઉતરી આવ્યો, એટલે નિરાશ્રિત પ્રોટેસ્ટન્ટો કેથોલિકોનો રોષ જોઈને દરિયાપાર નાઠા, અથવા તો લંડનડરી અને એનિસકિલેનના કિલ્લામાં ભરાઈ બેઠા. જેમ્સના લશ્કરે લંડનડરીને ઘેરો ઘાલ્યો; તેનો કિલ્લો મજબુત ન હતો, અને શહેરમાં ભોજન-સામગ્રી ઓછી હતી: છતાં શૂરા લોકો પ્રાણાન્તે પણ નમતું ન આપવાનો

નિશ્ચય કરીને બેઠા. જેમ્સે બહારથી આવતી મદદ અટકાવી, એટલે વિલિયમે મોકલેલાં વહાણો પણ નકામાં થઈ પડયાં. આ ઘેરો ૧૦૫ દિવસ ચાલ્યો. ખાવાનું ખૂટી જવાથી ઘોડાનું માંસ, મરેલા ઉંદરો, અને ચામડાં કરડવાનો અવસર આવી પહોંચ્યો, અને શહેરમાં રોગ ફાટી નીકળ્યો, એટલે મરનારના અંત્ય સંસ્કાર કરવાનું અશકય થઈ પડયું: છતાં વજ્રહૃદયના બહાદુરોની ધીરજ અને હિંમત ખૂટયાં નહિ. દરમિઆન નદીનો બંધ તોડી વિલિયમનાં વહાણો આવી પહોંચતાં લોકોને અનાજ મળ્યું. હવે જેમ્સનું લશ્કર ઘેરો ઉઠાવી ચાલતું થયું. ત્રીજે દિવસે એનિસકિલેનમાં ભરાઈ બેઠેલા લોકોએ મજબુત ધસારો કરી ન્યૂટન બટલરના યુદ્ધમાં જેમ્સની સેનાને હરાવી નસાડી મૂકી.

જેમ્સ હાર્યો છતાં આયર્લેન્ડમાં તેનું પ્રાબલ્ય ટકી રહ્યું. બીજે વર્ષે વિલિયમે આયર્લેન્ડ પર ચડાઈ કરી. બોઈન નદીના કિનારા ઉપર જેમ્સની સેનાએ વિલિયમને અટકાવવાનો પ્રયાસ કર્યો. આ ભયંકર યુદ્ધમાં જેમ્સનું સૈન્ય જીવ લઈને નાઠું. હવે જેમ્સના મનોરથ ભાગી પડયા, અને તે ફ્રાન્સ જતો રહ્યો; પણ આયરિશ લોકો વિલિયમને શરણે થયા નહિ. લિમરિકના ગઢમાં ભરાઈને તેમણે ટક્કર ઝીલી. એથી ડચ સેનાપતિ ગિન્કેલને આયર્લેન્ડ જીતવાનું સોંપી વિલિયમ ઈંગ્લેન્ડ ગયો. ઇ. સ. ૧૬૯૧માં લિમરિક પડયું એટલે સંધિ થઈ. તેમાં એવી સરત કરવામાં આવી, કે આયરિશ સૈનિકો વીખરાઈ જાય, અથવા ફ્રાન્સમાં કે વિલિયમના લશ્કરમાં નોકરી લે, અને આયર્લેન્ડમાં કેથોલિકોને ધાર્મિક સ્વતંત્રતા આપવી. પરંતુ પ્રોટેસ્ટન્ટ લોકોનો ધર્મદ્વેષ ઓછો ન હતો. ઇ. સ. ૧૬૯૭માં ડબ્લિનમાં મળેલી પાર્લમેન્ટમાં પ્રોટેસ્ટન્ટો અધિક સંખ્યામાં હતા. તેમણે લિમરિકની સંધિનો ભંગ કર્યો. હવે કેથોલિકોને માટે સખત કાયદા ઘડવામાં આવ્યા, કેથોલિક પુરોહિતોને દેશનિકાલ કરવામાં આવ્યા, કેથોલિક અધ્યાપકોને શિક્ષણ આપતા બંધ કરવામાં આવ્યા, કેથોલિકોનાં હથિયાર લઈ લેવામાં આવ્યાં, પ્રોટેસ્ટન્ટો જોડે કેથોલિકોનો લગ્નસંબંધ બંધ કરવામાં આવ્યો, અને આયરિશ વ્યાપારને સખત ધોકો પહોંચાડવામાં આવ્યો.

**ફ્રાન્સ જોડે યુદ્ધ:** હજુ વિલિયમનું કાર્ય પરિપૂર્ણ થયું ન હતું. વિલિયમનો કટ્ટો શત્રુ લુઈ યુરોપનાં રાજ્યો પર હલ્લા કરતો હતો, પણ વિલિયમે સ્પેન, હોલેન્ડ, અને ઑસ્ટ્રિઆનાં રાજ્યો વચ્ચે સંધિ કરાવી. એથી યુરોપ ખંડનાં ઘણાંખરાં રાજ્યો ફ્રાન્સની સામે એકત્ર થઈ ગયાં. અંગ્રેજ જનતા પણ લુઈ પર ક્રોધે ભરાઈ હતી. વિલિયમ આયર્લૅન્ડ ગયો, ત્યારે લુઈએ એક કાફલો ઇંગ્લૅન્ડ મોકલ્યો. આરંભમાં ફ્રાન્સનો જય થવા લાગ્યો. નૌકાસેનાપતિ ટૂરિંગ્ટનની બેદરકારીને લીધે અંગ્રેજો બીચીહેડ પાસે હાર્યા, અને તેમનો કાફલો લગભગ નાશ પામ્યો.

દરમિઆન લુઈએ આયર્લૅન્ડના કૅથોલિકોને સહાય મોકલી. ચર્ચિલ, રસેલ, અને કેટલાક અધિકારીઓ ખાનગી રીતે જેમ્સની તરફેણમાં હતા, અને તેને ખાનગી બાતમી પહોંચાડતા. આમ વિલિયમના પ્રધાનો તેની જોડે મન મૂકીને સહકાર કરતા નહિ, ટોરી પક્ષના સભાસદો તેની વિરુદ્ધ હતા, અને ઘણા દેશનાયકો જેમ્સ જોડે ખાનગી પત્રવ્યવહાર ચલાવતા. લુઈએ આ તકનો લાભ લીધો. આ વખતે અંગ્રેજ કાફલો રસેલના હાથ નીચે હતો. તેણે કોઈને મોંએ કહ્યું, કે જેમ્સ પાછો આવે તો હું મદદ કરું. આથી લુઈને ઇંગ્લૅન્ડ પર ચડી આવવાનું મન થયું. લુઈએ મોટો કાફલો તૈયાર કરી રવાના કર્યો, પણ તે સ્વદેશાભિમાની અંગ્રેજોના સ્વભાવથી વાકેફ ન હતો. ફ્રેન્ચ કાફલો આવે છે એ સાંભળીને જેમ્સનો પક્ષકાર રસેલ બોલ્યો, કે “આપણી ખાડીમાં ફ્રેન્ચ લોકોને આપણા પર વિજય મેળવવા દઉં એ માનતા નહિ; ખુદ મહારાજા જેમ્સ હશે, તો તેની જોડે પણ હું યુદ્ધ કરીશ.” લા હોગ પાસેના યુદ્ધમાં ફ્રેન્ચો હાર્યા; તેમનાં કેટલાંક વહાણો બાળી નાખવામાં આવ્યાં, અને તોપોનો નાશ કરવામાં આવ્યો. આ સમયે અંગ્રેજ નૌકાસૈન્યે અપૂર્વ પરાક્રમ બતાવ્યું, અને બીચીહેડના યુદ્ધમાં મેળવેલી નામોશી ટાળીને પ્રતિષ્ઠા જમાવી.

વિલયિમને સમુદ્રના યુદ્ધમાં જય મળ્યો, પણ જમીન પરના યુદ્ધમાં જાણવા જેવી ફતેહ મળી નહિ. ઇ. સ. ૧૬૯૨માં તે નેધર્લૅન્ડઝ ગયો. જો કે તે ચતુર અને દીર્ઘદર્શી સેનાપતિ હતો, છતાં ફ્રેન્ચ સેના આગળ તેનું વળ્યું નહિ; તે મોન્સનો બચાવ કરી શક્યો નહિ, અને સ્ટેનકર્ક તથા

લેડનના યુદ્ધમાં હાર્યો. પરંતુ આખરે તેણે ફ્રેન્ચ લશ્કરના દેખતાં નામૂરનો પ્રસિદ્ધ કિલ્લો કબજે કર્યો. આ વિજયથી બંને પક્ષોની શક્તિ સરખી થઈ. યુદ્ધ તો ઇ. સ. ૧૬૯૭ સુધી ચાલ્યું, અને બંને પક્ષ થાકયા. છેવટે લુઈએ ઈંગ્લેન્ડ, ઑસ્ટ્રિઆ, અને હોલેન્ડ જોડે સંધિ કરી, પછી વિલિયમને ઈંગ્લેન્ડનો હકદાર રાજા સ્વીકાર્યો, અને હોલેન્ડ જોડે વ્યાપારી સંબંધ બાંધ્યો. આ યુદ્ધમાં લુઈની સામ્રાજ્યતૃષ્ણાને ફટકો પડયો, અને વિલિયમે હોલેન્ડને ફ્રાન્સના તાબામાં જતું બચાવ્યું.

**આંતર નીતિઃ** યુદ્ધોમાં અઢળક ધનની જરૂર પડવાથી નવા કર નાખવા પડયા, પણ તેથી ખર્ચને પહોંચી વળાયું નહિ. એથી રાજમંત્રી મોન્ટેગુએ નવી યુક્તિ અજમાવી. પૂર્વે રાજાઓ જાતજોખમદારી ઉપર કરજ કરતા, પણ વિલિયમને માટે સંજોગો અનુકૂળ ન હતા. આથી મોન્ટેગુએ પ્રજાકીય ઋણની પ્રથા પાડી. હવે સરકાર જે નાણાં કરજે લે, તેનું વ્યાજ ભરવાની જામીનગીરી પાર્લમેન્ટ તરફથી આપવામાં આવી, એટલે લોકોએ વિના સંકોચે સરકારને નાણાં ધીર્યાં: શરૂઆતમાં કેટલાક વ્હિગ વેપારીઓએ ૧૨ લાખ પૌન્ડની રકમ ઉછીની આપીને કેટલાક હકોની સનંદ મેળવી. ધીમે ધીમે એ વેપારી સંઘે ઈંગ્લેન્ડની બૅન્કનું સ્વરૂપ ધારણ કર્યું. તેને સરકારનાં નાણાંનો વહીવટ સોંપવામાં આવ્યો, અને ચલણી નોટ કાઢવાની પરવાનગી મળી. આ બૅન્કનો વહીવટ સરકારી જામીનગીરીથી ચાલતો હતો, એટલે લોકો નાણાં ધીરતાં અચકાતા નહિ. અદ્યાપિ પર્યંત આ બૅન્ક સદ્ધર છે, અને ધમધોકાર કામ ચલાવે છે.

હવે વિલિયમની સત્તા દૃઢ થઈ. કદાચ જેમ્સ પાછો આવે તો રાજ્યક્રાન્તિ થાય, અને જેમ્સ આ ઋણ સ્વીકારે નહિ, તો નાણાંનું શું થાય તેની લોકોને ચિંતા હતી, એટલે જેમ્સ આવે નહિ અને વિલિયમનો પગ મજબુત થાય એમ લોકો ઇચ્છવા લાગ્યા. એ પછી રૂપાના સિક્કાની બનાવટમાં સુધારો કરીને તેની કિનારી કાંગરીવાળી બનાવવામાં આવી.

**મેરીનું મૃત્યુઃ** ઇ. સ. ૧૬૯૪. પાર્લમેન્ટને રીઝવવા ખાતર વિલિયમ સુધારાના કાર્યમાં આડે આવતો નહિ, છતાં અંગ્રેજ જનતામાં વિલિયમ માટે સ્નેહભાવ ન હતો. ગમે તેવો પણ તે પરદેશી હતો. ઈંગ્લેન્ડના હિત

કરતાં યુરોપી યુદ્ધો અને રાજખટપટોમાં તેને વધારે રસ પડતો. તે અંગ્રેજી બોલી જાણતો નહિ, અને પ્રજાનું હૃદય પારખવાની તસ્દી લેતો નહિ. નવો રાજા હોલેન્ડના સંરક્ષણની ખાતર અંગ્રેજ લશ્કર નિભાવતો હતો, એ વાત લોકો ભૂલી શકતા ન હતા. પરંતુ તેની પત્ની મેરી સરળ હૃદયની, બુદ્ધિમતી, મમતાળુ અંતઃકરણની, કાર્યદક્ષ અને પતિવ્રતા સ્ત્રી હતી. તે અંગ્રેજી આચાર-વિચાર અને ભાવનાઓ સમજતી, એટલે વિલિયમના કાર્યમાં ઘણી મદદ આપતી. શરૂઆતમાં રાણી ઉપર લોકો રોષે ભરાયા હતા, પણ તેના ગુણોની સુવાસ ફેલાતાં તેની લોકપ્રિયતા વધવા લાગી. સ્વાર્થ, પ્રપંચ, દ્વેષ, અને પાર્લમેન્ટનો વિરોધ છતાં વિલિયમ મેરીની સહાયથી ઈંગ્લેન્ડનું રાજ્યતંત્ર ચલાવતો હતો. ઇ. સ. ૧૬૯૪માં રાણી શીળીના રોગથી મરણ પામી, એટલે વિલિયમના હૃદયને આઘાત પહોંચ્યો. હવે રાજા અને પાર્લમેન્ટ વચ્ચેની સંયોગી કડી તૂટી ગઈ. ધીમે ધીમે વિલિયમ ઉપર લોકોનો અભાવ વધ્યો, અને તેની વિરુદ્ધ પ્રપંચ રચાયા. હવે વિલિયમની જાત જોખમમાં આવી પડયા જેવું થયું. ઇ. સ. ૧૬૯૬માં લુઈની પ્રેરણાથી એવું કાવતરૂં રચવામાં આવ્યું, કે વિલિયમ શિકારે જાય ત્યારે તેનું ખૂન કરી નાખવું. સદ્‌ભાગ્યે કેટલાંક માણસો ફૂટયાં અને કાવતરૂં પકડાઈ ગયું. દરમિઆન વિલિયમે નામૂરનો કિલ્લો સર કર્યો, એ સાંભળી અંગ્રેજો હરખાયા અને ઘડીભર રાજભક્તિનો આવેશ ઉછળ્યો. એથી વિલિયમનું રક્ષણ કરવાને વફાદાર લોકોએ સંઘ સ્થાપ્યો. ઇ. સ. ૧૬૯૭ સુધી વિલિયમને લુઈ જોડેનાં યુદ્ધો માટે પાર્લમેન્ટે ભરપટ્ટે નાણાં આપ્યાં. પરંતુ ઇ. સ. ૧૬૯૭માં રિસ્વિકની સંધિથી યુદ્ધનો અંત આવ્યો, એટલે પાર્લમેન્ટે રાજાને મદદ આપવાનું બંધ કર્યું. હવે કરકસરની યોજના થવા માંડી, અને પાર્લમેન્ટની પહેલી દૃષ્ટિ સૈન્ય ઉપર પડી. પૂર્વે દેશરક્ષાને નામે રાખેલા સૈન્યનો કડવો અનુભવ પ્રજાને થયો હતો, એટલે લશ્કર અને નૌકાસૈન્યમાં કાપકૂપ કરવામાં આવી. બીજે વર્ષે રાજાના અંગરક્ષકોની ડચ પલટનને રજા આપવાની પાર્લમેન્ટે હઠ પકડી. સંધિ માત્ર નામની છે, યુદ્ધ થવાનો સંભવ છે, અને સૈન્યની જરૂર પડશે, એવું રાજાએ સમર્થન કર્યું પણ વ્યર્થ. તેને લોકોની મૂર્ખતા અને દુરાગ્રહથી માઠું લાગ્યું, છતાં તે લોકેચ્છાને આધીન થયો.

**વિભાગ-સંધિઓ:** ઇ. સ. ૧૬૯૮-૧૭૦૦. હવે સ્પેનના ગાદીવારસનો પ્રશ્ન આગળ આવ્યો. સ્પેનનો રાજા ચાર્લ્સ લાંબું જીવશે નહિ એમ બધાને લાગ્યું. તેનું રાજ્ય વિસ્તીર્ણ* હતું, પણ તે નિઃસંતાન હતોઃ માત્ર તેને બે બેનો હતી. મોટી બેન ફ્રાન્સના રાજા લુઈ ૧૪મા વેરે, અને નાની બેન ઑસ્ટ્રિઆના શહેનશાહ લિયોપોલ્ડ જોડે પરણી હતી. સગપણદાવે લુઈ ને સ્પેનનું રાજ્ય મળે તો યુરોપની સત્તાતુલા નાશ પામવાનો સંભવ હતો, એટલે લુઈની રાણીએ સ્પેનની ગાદી પરથી પોતાનો હક ઉઠાવી લીધો. એથી ચાર્લ્સની નાની ફોઈનો સ્પેનની ગાદી ઉપર અધિકાર થતો હતો. પરંતુ ઑસ્ટ્રિઆ અને સ્પેનનાં મહારાજ્યો એકત્ર થાય, એ પણ બીજાં રાજ્યોને પરવડતું ન હતું. ઉપરાંત બેવેરિઆના રાણા જોસેફનો માતૃપક્ષથી સ્પેનની ગાદી ઉપર હક થતો હતો. તે નાનો ઠાકોર હોવાથી તેને સ્પેનનું રાજ્ય મળે તેમાં કોઈનો વિરોધ ન હતો, એટલે વિલિયમે લુઈ પાસે એવી સંધિ કરાવી કે ચાર્લ્સના મૃત્યુ બાદ સ્પેનની ગાદી જોસેફને મળે, અને ફ્રાન્સ તથા ઑસ્ટ્રિઆના રાજાઓને સ્પેનના વિદેશી રાજ્યમાંથી થોડો થોડો ભાગ મળે. આ સંધિને '**પ્રથમ વિભાગ સંધિ**' કહેવામાં આવે છે.

આ સંધિ થયા પછી થોડા સમયમાં જોસેફ મરણ પામ્યો, એટલે સત્તાતુલા સંભાળવાની ગુંચવણ ચાલુ રહી. હવે એવી સંધિ કરવામાં આવી, કે ઑસ્ટ્રિઆના આર્ચ ડ્યૂક ચાર્લ્સને સ્પેનનો રાજા બનાવવો, અને લુઈને નેપલ્સ, સિસિલી, અને મિલાન આપી સત્તાતુલા સાચવવી. આ સંધિ '**દ્વિતીય વિભાગ સંધિ**' કહેવાય છે. આ સંધિ સ્પેનથી ગુપ્ત રીતે કરવામાં આવી હતી. વાત બહાર આવતાં સ્પેનિઆર્ડો ખૂબ રોષે ભરાયા. તેમણે આ સંધિ સ્વીકારી નહિ, અને ઇ. સ. ૧૭૦૦માં ચાર્લ્સ મરણ પામ્યો. તે લુઈના પૌત્ર આન્જૂના ડ્યૂક ફિલિપને ઉત્તરાધિકારી નીમતો ગયો. દ્વિતીય વિભાગ સંધિનો ભંગ કરી લુઈએ આ વારસો સ્વીકાર્યો. તેણે અભિમાનથી કહ્યું કે હવે ફ્રાન્સ અને સ્પેનની વચ્ચે પીરીનીઝ પર્વત નથી; મતલબ કે આખો પશ્ચિમ યુરોપ ફ્રાન્સનો છે. આટલેથી વિલિયમની યોજના પડી ભાગી. લુઈ

* તે સમયે સ્પેન ઉપરાંત બેલ્જીયમ, નેપલ્સ, સિસિલી, મિલાન અને સ્પેનિશ અમેરિકા એ સર્વ સ્પેનના રાજાની આણમાં હતાં.

એવચની થયો, અને વિલિયમની રાજનીતિ નિષ્ફળ ગઈ. યુરોપના ભાવીની તેને ચિન્તા પેઠી. પરંતુ અંગ્રેજોને એ ચિન્તાઓ નકામી લાગી. વેપારીઓ ભૂમધ્ય સમુદ્રમાં ફ્રાન્સની સત્તા વધી નહિ, તેથી ખુશી થયા.

**ગાદીવારસાનો કાયદો:** ઈ. સ. ૧૭૦૧. નિરાશાના સમયમાં ઈંગ્લેન્ડના ગાદીવારસનો નિર્ણય કરવાનો પ્રસંગ ઉભો થયો. વિલિયમની પ્રકૃતિ લથડતી હતી, એટલે ઉત્તરાધિકારના કાયદાથી એવું ઠરાવવામાં આવ્યું કે વિલિયમ પછી એન ગાદીએ આવે, અને તેની પછી હેનોવરની રાણી સોફિયા અને તેનાં સંતાનોને ગાદી મળે.

ટોરી પક્ષની બહુમતીવાળી પાર્લમેન્ટને વિલિયમની રાજનીતિ પ્રત્યે અણગમો હતો. પરદેશી મિત્રોને રાજા પદવી અને નાણાં આપે એ ટોરીઓને પસંદ ન હતું, તેથી રાજાની સત્તા મર્યાદિત કરવા માટે આ કાયદાની જોડે નીચેની કલમો જોડી દીધી.

૧. ઈંગ્લેન્ડનો રાજા ઈંગ્લેન્ડના ધર્મસમાજમાં હોવો જોઈએ.

૨. ઈંગ્લેન્ડનો રાજા યુરોપમાં પોતાના રાજ્યની રક્ષાની ખાતર પાર્લમેન્ટની આજ્ઞા વિના બીજાં રાજ્યો જોડે યુદ્ધમાં ઉતરી શકે નહિ.

૩. પાર્લમેન્ટની રજા વિના રાજા અન્ય દેશોમાં પ્રવાસે જઇ શકે નહિ.

૪. અંગ્રેજ માબાપને પેટે ન જન્મેલી કોઇ વ્યક્તિ 'પ્રિવિ કાઉન્સિલ'માં સભ્ય બની શકે નહિ, પાર્લમેન્ટમાં બેસી શકે નહિ, કે જાગીર મેળવી શકે નહિ.

૫. ન્યાયાધીશોને બાંધ્યે પગારે રાખવા; રાજા તેમને કાઢી મૂકી શકે નહિ; બંને સભાઓની સંયુક્ત અરજી થાય તોજ તેમને પદભ્રષ્ટ કરી શકાય.

૬. અધિકારીઓ કે પેન્શન ખાનારા માણસો આમની સભામાં બેસી શકે નહિ.

૭. આમની સભા જે વ્યક્તિની તપાસ ચલાવે, તે રાજક્ષમાનું બહાનું મેળવી છૂટનો દાવો કરી શકે નહિ.

ટોરીઓએ એક પગલું આગળ વધીને મંત્રીમંડળના ચાર સભ્યો ઉપર કામ ચલાવ્યું, પણ તેમાં તેઓ નિષ્ફળ નીવડયા. રાજસત્તા ઉપર ચાલતા સખત દબાણથી લોકલાગણી રાજા તરફ વળી. એટલામાં જેમ્સનું મૃત્યુ થતાં તેના પુત્રને[૧] ઈંગ્લેન્ડના રાજા ગણવાની લુઈ એ ગંભીર અને રાજદ્વારી

---

૧. તેનું નામ પણ જેમ્સ હતું. ફ્રેન્ચ લોકો તેને (La Pretendant) એટલે 'હકદાર' કહેતા. અંગ્રેજીમાં 'Pretender' (વેશધારી) શબ્દ એકદમ રૂઢ થઈ ગયો. જેમ્સ 'મોટો વેશધારી' અને તેનો પુત્ર ચાર્લ્સ 'નાનો વેશધારી' કહેવાય છે.

ભૂલ કરી. આથી રિસ્વિકની સંધિનો ભંગ થયો. હવે લોકો રોષે ભરાયા, અને તેમનું સ્વદેશાભિમાન જાગૃત થયું. તેમને લાગ્યું કે ફ્રાન્સના સૈન્યની મદદથી જેમ્સના કેથોલિક વારસો ઈંગ્લેન્ડના પ્રોટેસ્ટન્ટોને સંતાપશે. પાર્લમેન્ટ વિસર્જન થઈ. નવી પાર્લમેન્ટમાં વ્હિગોનું જોર વધ્યું. તેમણે લુઈ જોડે વિગ્રહ કરવાની રજા આપી, અને રાજાને નાણાં આપ્યાં. રાજાનો જય થતો દેખાયો. આમ લુઈને નમાવવાની તક હાથમાં આવી. તેણે મહાસંમેલન (Grand Alliance) ની યોજના કરી ફ્રાન્સ વિરુદ્ધ યુરોપનાં ઘણાંખરાં રાજ્યોને ઉભાં કર્યાં; અને માર્લબરોના અર્લને લશ્કરનો સેનાધ્યક્ષ બનાવ્યો.

જયની ઘડી આવી ખરી, પણ તેનો જશ લેવાનું રાજાના ભાગ્યમાં ન હતું. શિકાર કરતાં ઘોડા ઉપરથી તે પડયો, અને યુદ્ધ શરૂ થયા પહેલાં મરણ પામ્યો. જીવતા રહેવાની તીવ્ર ઉત્કંઠા વખતે ઇ. સ. ૧૭૦૨ના માર્ચની ૮મી તારીખે વિલિયમનું અવસાન થયું.

**તુલના:** વિલિયમનું રાજ્ય ઘણી રીતે અગત્યનું છે. રાજ્યક્રાન્તિથી રાજ્યબંધારણમાં કરવાના ફેરફારોમાં તેણે સંપૂર્ણ સહાય આપી, અને લોકમતને માન આપીને પોતાની ઇચ્છાઓ દબાવી દીધી. ઉત્તરાધિકારના કાયદાથી રાજાના ઇશ્વરદત્ત હકને જીવલેણ પ્રહાર થયો. તેના સમયમાં છાપખાનાની છૂટનો કાયદો પસાર થયો, અને ત્રિવાર્ષિક કાયદાને મંજુરી મળી. આથી દર ત્રણ વર્ષે નવી પાર્લમેન્ટ મળે એવું બંધન રાજાએ સ્વીકાર્યું. વિલિયમે 'મહાસંમેલન' રચીને લુઈની સત્તાના મૂળમાં ફટકો માર્યો. તેના સમયમાં ઇસ્ટ ઇન્ડિઆ કંપનિએ બંગાળામાં જાથુકનો વસવાટ કર્યો, અને સંસ્થાનોનો વિકાસ થયો.

રાજ્યક્રાન્તિ થયા છતાં પાર્લમેન્ટને સમજ પડતી ન હતી, કે પ્રધાનોને શી રીતે દાબમાં રાખવા; કારણ કે તેઓ રાજાની આણ માનતા અને તેના નોકર હોય એમ વર્તતા. આથી ખટપટો થતી, અને પ્રધાનોના કાર્યમાં વિરોધ નંખાતો; પણ પક્ષ પડી જવાથી સમાધાનીથી કામ ચાલે નહિ. આ કોયડાનો ઉકેલ સંડરલેન્ડ અમીરે રાજાને બતાવ્યો. તેણે પાર્લમેન્ટના બહુમતી પક્ષમાંથી મંત્રીઓ પસંદગી કરવાનું ઠરાવ્યું, એટલે રાજ્યવહીવટમાં સરળતા આવી. હવે મંત્રીઓ ઉપર પાર્લમેન્ટનો વિશ્વાસ હોય ત્યાં સુધી તેઓ અધિકાર ભોગવે, અને લોકવિશ્વાસ ગુમાવે એટલે નવા મંત્રીઓ આવે. રાજાએ આ પ્રમાણે

ફરીને ટોરીઓને અધિકારપદેથી ખસેડયા. ઇ. સ. ૧૬૯૬માં સ્થપાએલું વ્હિગમંડળ 'જંટો' (Junto) નામથી પ્રસિદ્ધ છે. સ્પેનના ગાદીવારસાની વિભાગ–સંધિઓમાં નિષ્ફળતા મળવાથી વ્હિગ પક્ષની પડતી થઈ, એટલે વિલિયમે ટોરીઓનું મંત્રીમંડળ બનાવ્યું. આ મંત્રીમંડળે ઉત્તરાધિકારના કાયદાથી રાજસત્તા ઉપર બંધન મૂકીને તેને ગૌણ બનાવી. છેવટના ભાગમાં લુઈએ જેમ્સના પુત્રનો હક સ્વીકાર્યાથી વ્હિગ પક્ષ જોર પર આવ્યો. અદ્યાપિ પર્યંત પક્ષપદ્ધતિ પ્રમાણે ઇંગ્લેન્ડનો રાજ્યકારભાર ચાલે છે. આ રીતે પસંદ થએલા મંત્રીઓ પાર્લમેન્ટના આજ્ઞાધારક અને રાજાના નોકરો છે, અને તેમની નીતિમાં એકતા અને સહકાર જળવાય છે.

---

# પ્રકરણ ૮મું

## એનઃ ઇ. સ. ૧૭૦૨–૧૭૧૪

**એનઃ** વિલિયમ પછી જેમ્સની બીજી પુત્રી એન ગાદીએ આવી, તે સ્ટુઅર્ટ વંશમાં જન્મેલી હતી, ઇંગ્લેન્ડના ધર્મસમાજમાં શ્રદ્ધા રાખનારી હતી, અને વારસાહકથી ગાદીએ આવી, એટલે વ્હિગ અને ટોરી પક્ષને તથા પ્રજાને ખુશાલી થઈ. તે ભલી, ભોળી, શાંત, ઝાઝી પહોંચ વિનાની, અને મમતી છતાં સ્વભાવે મીઠી હતી. તેને સ્વતંત્ર વિચાર કરવાની ટેવ ન હતી. તેનો અમલ સ્વાર્થી રાજદ્વારીઓની દોરવણી પ્રમાણે ચાલતો. પરંતુ તેનામાં દેશ અને પ્રજા માટે પ્રેમ હતો. તેનાં બધાં સંતાનો મરી ગયાં, છતાં તેણે ધૈર્ય અને શાંતિ જાળવી, તેથી તે આદરને પાત્ર થઈ. તેને "ભલી રાણી એન" નું ઉપનામ મળ્યું. પ્રજામત જાણવા છતાં તે તો માત્ર સિંહાસન શોભાવતી. તેણે પ્રધાનોના હાથમાં રાજ્યવહીવટની લગામ સોંપી દીધી.

**માર્લબરોઃ** વિલિયમે મરતા પહેલાં ડયૂક ઑાવ્ માર્લબરોને સેનાધ્યક્ષ બનાવ્યો હતો. એ સાહસિક સેનાપતિએ એનના અમલમાં જશના ડંકા વગાડ્યા, અને અંગ્રેજોની વિજયપતાકા યુરોપમાં ફરકાવી.

માર્લબરોનું નામ જ્હૉન ચર્ચિલ હતું. તેનો જન્મ ઇ. સ. ૧૬૫૦માં થયો હતો. તે રૂપાળો, ચાલાક, અને આકર્ષક રીતભાતનો હતો. ચાર્લ્સ બીજાના સમયમાં જેમ્સ બીજો (ડયૂક ઑવ્ યૉર્ક) સેનાધ્યક્ષ હતો, ત્યારે તે સૈન્યમાં જોડાયો હતો, અને બાહોશી અને ચપળતાથી ઉત્તરોત્તર પદવીએ ચડતો ગયો. જેમ્સે ચર્ચિલને ઉમરાવ બનાવ્યો હતો. મન્મથ હાર્યો અને સેજમૂરના યુદ્ધમાં જેમ્સના સૈન્યનો વિજય થયો, એ ચર્ચિલની શક્તિ અને કુનેહનું પરિણામ હતું. પરંતુ તે ધનલોભી, સ્વાર્થી, અને મતલબી હતો. વિશ્વાસઘાત કરવો એ તેને મન રમત હતી. સ્વાર્થ ખાતર નિકટના માણસનો દ્રોહ કરતાં તેનું હૃદય તેને ડંખતું નહિ. તે શાંતિથી અને વિચારપૂર્વક મહાન કાર્ય કરતો, પણ તે હડહડતું જુઠું બોલતો. તેનામાં મનુષ્યસ્વભાવનાં ઉત્તમ અને અધમ તત્ત્વોની મેળવણી હતી. રાજ્યક્રાન્તિ વખતે જેમ્સને માટે 'લોહી રેડવા તૈયાર છું' એમ કહેનાર ચર્ચિલ ખાનગી રીતે વિલિયમ જોડે સંદેશા ચલાવતો, અને એનને પણ વિલિયમના પક્ષમાં મળી જવાની સલાહ આપતો. વિલિયમે તેને 'અર્લ ઑવ્ માર્લબરો' બનાવ્યો, અને આયર્લૅન્ડના યુદ્ધમાં સેનાપતિ નીમ્યો.



**ડયૂક ઑવ્ માર્લબરો**

માર્લબરોની ચડતી તેની પ્રવીણ અને બુદ્ધિમતી સ્ત્રી સારા જેનિંગ્સને લીધે થઈ હતી. માર્લબરોએ ઇ. સ. ૧૬૭૮માં તેની જોડે લગ્ન કર્યું હતું. સારા જેનિંગ્સને અને એનને બાલ્યાવસ્થાથી સહીપણાં હતાં. તેમની વચ્ચે એટલી બધી ઘરવટ હતી, કે રાજદ્વારી શિષ્ટાચાર બાજુએ મૂકી એન તેની કહ્યાગરી થઈ ગઈ. આ તકનો લાભ લઈ સ્વાર્થસાધુ માર્લબરો વિલિયમ

વિરુદ્ધ ખટપટ કરતો. તે જેમ્સની જોડે પત્રવ્યવહાર ચલાવતો, અને છૂપી બાતમી પણ પહોંચાડતો. વિલિયમને આ વાતની ખબર પડી, ત્યારે તેણે તેને દરબારમાં આવતો બંધ કર્યો, તેનો અધિકાર લઈ લીધો, અને એનને બીજા મહેલમાં રહેવાની ફરજ પાડી. હવે તેણે ઉઘાડે છોગે જેમ્સનો પક્ષ લઈ દુશ્મનોને બાતમી આપવા માંડી.

નિ:સંતાન વિલિયમ પછી એન ગાદીવારસ હતી, એટલે એનની જોડે સમાધાન થયું, અને આ પ્રપંચી જોડું તેની સાથે આવ્યું. સુજન વિલિયમ આ આ બધું સાંખી રહ્યો, અને લુઈ જોડે યુદ્ધ કરવાનું ઠર્યું, ત્યારે તેણે માર્લબરો-ને સેનાપતિ નીમ્યો. મરતી વખતે વિલિયમે એનને ભલામણ કરી કે હવે ઈંગ્લેન્ડનું સુકાન ચલાવી શકે તેવો બુદ્ધિશાળી કારભારી માત્ર માર્લબરો છે, માટે તું તેને પૂછીને ડગલું ભરજે. ખરેખર, કોઈ કિલ્લો એવો ન હતો, કે જેને ઘેરો ઘાલીને તેણે સર કર્યો ન હોય; કોઈ યુદ્ધ એવું ન હતું કે જેમાં તે હાર્યો હોય. યુદ્ધ તેને મન લીલા હતી, અને વિજયશ્રી તેને વરી ચૂકી હતી. વિકટ પ્રસંગોમાં તેનામાં અખંડ ધૈર્ય અને અદમ્ય ઉત્સાહ જણાતો.

રાણીએ આ જંગબહાદુરને લશ્કરનો સરનાયક બનાવ્યો, અને યુદ્ધનો કારભાર સોંપી દીધો. પરિણામે માર્લબરો અને તેની પત્ની રાજ્યમાં સર્વોપરિ થઈ પડચાં. તેણે મિત્રોને પ્રધાનપદે સ્થાપ્યા; જો કે તેઓ યુદ્ધવિરોધી ટોરી હતા, છતાં માર્લબરોની ખાતર મદદ આપવા તૈયાર હતા. વ્હિગ પક્ષના માણસો જાણતા હતા, કે આપણો આદરેલો વિગ્રહ ટોરીઓ ચલાવે છે, માટે તેમને મદદ આપવામાં હરકત નથી. આમ આખા દેશે એકમત થઈને ઈ. સ. ૧૭૦૨માં વિગ્રહ જાહેર કર્યો.

**સ્પેનના ગાદીવારસાનો વિગ્રહ:** ઈ. સ. ૧૭૦૨–૧૭૧૩. આ ભયંકર વિગ્રહનાં કારણો પ્રથમ જોઈ ગયા છીએ. ઈંગ્લેન્ડને કોઈ સ્ટુઅર્ટને ગાદીએ આવવા દેવો ન હતો, અને અમેરિકાના વેપારમાં ભાગ જોઈતો હતો. ઑસ્ટ્રિઆના શહેનશાહને સ્પેનની ગાદી પોતાના પુત્રને અપાવવી હતી, અને હોલેન્ડને ફ્રાન્સનો ધસારો અટકાવવો હતો. એક બાજુ મહાસંમેલનનાં રાજ્યોમાં ઈંગ્લેન્ડ અને હોલેન્ડ અગ્રેસર હતાં; તેમની સહાયમાં ઑસ્ટ્રિઆ

અને જર્મન તાલુકદારો હતા. બીજા પક્ષમાં લુઈ અગ્રેસર હતો, અને સ્પેન ઉપરાંત કોલોન અને બેવેરિઆના રાણાઓ તથા ઇટલી લુઇના પક્ષમાં ભળ્યાં.



આ જંગ બેલ્જીયમ, જર્મની, ઇટલી, અને સ્પેનમાં એકી સાથે મચ્યો. આ વખતે માર્લબરોને મિત્રરાજ્યોના સમસ્ત સૈન્યનો 'સરસેનાપતિ' નીમવામાં આવ્યો. તે દરેક સેનાપતિ સાથે કળથી કામ લેતો, અને યુદ્ધની મંત્રણામાં મહામહેનતે સમજાવટ કરતો: છતાં તેઓ અનેક સાહસિક યોજનામાં ભાગ લેવાની ના પાડતા. વિગ્રહની શરૂઆતમાં તેને ખાસ ફતેહ મળી નહિ, પણ તેનામાં આવા પ્રસંગોમાં કામ લેવાની આવડત પૂરેપૂરી હતી. શરૂઆતમાં તેણે ફ્રાન્સને હોલેન્ડ પર આક્રમણ કરતું અટકાવી ધીમે ધીમે પાછું હઠાવ્યું, અને લીજ તથા બૉન જેવા કેટલાક કિલ્લા સર કર્યા. સ્પેન અને ઇટલી ફ્રાન્સના પક્ષમાં હતાં, એટલે પોર્ટુગલ ઈંગ્લેન્ડ જોડે સંધિ કરી મહાસંમેલનમાં દાખલ થયું. આ સંધિને 'મેથ્યૂન–સંધિ' કહે છે. એથી ઈંગ્લેન્ડનો ઊનનો માલ પોર્ટુગલમાં, અને પોર્ટુગલનો દારૂ ઈંગ્લેન્ડમાં હલકે દરે જવા લાગ્યો. મિત્રરાજ્યોનું જોર વધતું જોઈ લુઈએ નિર્બળ ઑસ્ટ્રિઆને શરણે લાવવા વિએના પર હલ્લો કરવા ધાર્યું. લશ્કર આવે છે એ સાંભળી ઑસ્ટ્રિઆનો બાદશાહ મૂઢ બની ગયો, પણ માર્લબરો લુઈની યુક્તિ કળી ગયો. ડચ લોકોને પોતાના દેશની રક્ષા સિવાય કશાની પરવા ન હતી. એથી માર્લબરો જર્મનીના ડુંગરાળ પ્રદેશોમાં રાતદિવસ દડમજલ કરતો આવી પહોંચ્યો, અને તેણે એકદમ બેવેરિઆના લશ્કરને હરાવ્યું. પછી ડાન્યુબ નદી ઉતરીને તે આગળ વધ્યો. પરાક્રમી શાહજાદો યુજીન ઇટલીમાંથી આલ્પ્સ ઓળંગી નાના પણ ચુનંદા સૈન્ય સાથે આવી મળ્યો. ફ્રેન્ચો માર્લબરોને અણચિંતવ્યો આવેલો જોઈ ને છક થઈ ગયા. બ્લેનહીમ પાસે બંને પક્ષનાં સૈન્યોનો ભેટો થયો.[1] ફ્રેન્ચ સૈન્યે

---

૧. બ્લેનહીમના યુદ્ધમાં માર્લબરોનાં યશોગાન માટે એડિસન લખે છે—

'Twas than great Marlbro's mighty soul was proved,
That in the shock of clanging hosts unmov'd:
Examin'd all the dreadful scenes of war,
In peaceful thought the field of death surveyed:
Inspird repuls'd battallions to engage,
And taught the doubtful battle where to rage.

જગતનો ભાગ્યનિર્ણય કરનારાં યુદ્ધો શાંતિપ્રિય ગામડીઆઓને મન કેવાં લાગે છે, તેનો સધી કવિએ 'After Blenheim' નામના કાવ્યમાં ખ્યાલ આપ્યો છે.

કળણવાળી જગાએ વહેળાની પાછળ ખાહીબંધી કરી હતી. પરંતુ ભડવીર માર્લબરોએ કામચલાઉ રસ્તો બનાવી ધસારો કર્યો, અને ફ્રાન્સ તથા બેવેરિઆના સૈન્યને સખત હાર ખવડાવી. આ યુદ્ધમાં હજારો માણસો મરાયાં, કેટલાંક નદીમાં ડૂબી મુઆં, કેટલાંક શરણે આવ્યાં, અને બીજાં નાસી ગયાં. વળી બે સેનાપતિઓ અને ૧૦૦ તોપો હાથ આવી, અને ૧૧,૦૦૦ માણસો કેદ પકડાયાં, ઇ. સ. ૧૭૦૪. ફ્રાન્સને આ ફટકો જીવલેણ થઈ પડયો. આ રીતે ઑસ્ટ્રિઆ બચ્યું, લુઈની યોજના નિષ્ફળ ગઈ, અને બેવેરિઆ મિત્રરાજ્યોને હાથ પડયું; ઉપરાંત યુરોપમાં અજીત ગણાએલી ફ્રેન્ચ સેનાની શાખ ઘટી, અને અંગ્રેજોની કીર્તિ વધી. ફ્રાન્સમાં 'માલ્બ્રુક' નામ રડતાં છોકરાં માટે 'હાઉ' સમાન થઈ પડયું. અંગ્રેજોએ માર્લબરોને ૫,૦૦,૦૦૦ પૌન્ડ ભેટ આપ્યા. ભેટની રકમમાંથી તેણે જે મહેલ બંધાવ્યો, તે 'બ્લેનહીમ પેલેસ'ને નામે ઓળખાય છે. તેને ડયૂકનો ઇલ્કાબ આપવામાં આવ્યો. પછી સ્પેનિશ કિલ્લેદારની ગફલતનો લાભ લઈને જીબ્રાલ્ટરનો ખડક જીતી લેવામાં આવ્યો. આજના કરતાં તે જમાનામાં તેની અગત્ય ઓછી હતી, તેમ છતાં આ જીત વધારે મહત્ત્વની લેખાઈ.

બીજે વર્ષે માર્લબરો નાના કિલ્લા સર કરતો ગયો. તેને વૉટર્લુના મેદાન પર જંગ ખેલવો હતો, પણ વલંદા સામા પડવાથી તેણે ઇ. સ. ૧૭૦૫માં ફ્રેન્ચોને રેમિલિઝ પાસે હરાવ્યા. પછી તેણે આખો બેલ્જીયમ તાબે કર્યો. શાહજાદા યુજીને ઇ. સ. ૧૭૦૬માં નેપલ્સ અને મિલાન જીતી લીધાં, અને ટુરીન પાસે લુઇના લશ્કરને એવી શિકસ્ત આપી કે પછી ફ્રેન્ચોને ઇટલીમાં પગ મૂકવાનું ઠેકાણું ન રહ્યું. હવે લુઈની સાન ઠેકાણે આવી. તેણે સંધિનાં કહેણ મોકલ્યાં. તે ઑસ્ટ્રિઆના શાહજાદાને ગાદી આપવાને તૈયાર હતો, પણ મિત્રરાજ્યોએ સંધિ સ્વીકારવામાં ભૂલ કરી; કારણ કે વિગ્રહ પાછો ચાલુ થયો.

**વિગ્રહ ચાલુ:** ઇ. સ. ૧૭૦૭માં આલ્મેંઝાના યુદ્ધમાં મિત્રરાજ્યોની હાર થઈ, એટલે તેમને સ્પેન ખાલી કરવું પડયું. પરંતુ માર્લબરોનો બધેજ વિજય થતો. તેણે અને યુજીને મળીને ઇ. સ. ૧૭૦૮માં ઉડેનાર્ડના યુદ્ધમાં ફ્રેન્ચોને હરાવ્યા, એટલે ફ્રાન્સ ઉપર સીધો હલ્લો કરી શકાય એમ બન્યું.

વળી ફ્રેન્ચ સેનાપતિઓની તકરારોથી લશ્કરમાં અવ્યવસ્થા થઈ રહી, એટલે માર્લબરો તેમની પૂંઠે પડયો. લિલીનો મજબુત કિલ્લો પડયો, અને ફ્રેન્ચ લશ્કર હાથ કરડતું જોઈ રહ્યું. પાછો લુઈનો ગર્વ ગળી ગયો, અને સલાહની વિષ્ટિ ચાલી; પણ વિજયથી ઉન્મત્ત બનેલાં મિત્રરાજ્યોએ કડક સરતો દેખાડવા માંડી, એટલે લુઈએ તે કબુલ રાખી નહિ. એક સરત એવી હતી, કે લુઈએ પોતાના પૌત્ર ફિલિપને સ્પેનમાંથી હાંકી કાઢવો. લુઈએ તિરસ્કારથી ઉત્તર વાળ્યો, કે "જો યુદ્ધ કરવું પડે એમ હોય, તો સંતાનો કરતાં શત્રુઓ જોડે કરવાનું મને વધારે પસંદ છે." અંગ્રેજો વિગ્રહથી કંટાળ્યા હતા, અને ટોરીઓ વિરુદ્ધ હતા, એટલે માર્લબરોને વ્હિગ પ્રધાનમંડળ લાવવું પડયું. લુઈએ પોતાની પ્રજાને મિત્રરાજ્યોની સરતો વિષે પૂછ્યું, "બોલો, તમારી શી ઇચ્છા છે?" આથી ફ્રેન્ચોમાં દેશાભિમાનનું નવું ચેતન પ્રગટયું. લુઈએ ઝવેરાત અને રાચરચીલું વેચીને લશ્કર ઉભું કર્યું, અને માર્લબરોને રોકવા પ્રયત્ન કર્યો. ઇ. સ. ૧૭૦૯માં માલ્પ્લાકેના યુદ્ધમાં લોહીની નદીઓ વહી; તેમાં ફ્રેન્ચો હાર્યા અને માર્લબરો જીત્યો. મોન્સ જીતાયું અને ફ્રેન્ચ સત્તાને ફટકો પડયો. આમ લુઈએ પ્રતિષ્ઠા સ્થિર કરવા યુદ્ધ કર્યું, પણ ધાર્યો દાવ પાર પડયો નહિ. પરંતુ લોકલાગણી માર્લબરોની વિરુદ્ધ હતી, અને ટોરીઓ જોરમાં આવ્યા, એટલે તેમણે માર્લબરોને પાછા ફરવાની આજ્ઞા આપી.

આ વિગ્રહ ઇ. સ. ૧૭૧૩ સુધી ચાલ્યો, પણ પાછલા બનાવો સાથે ઈંગ્લેન્ડને સંબંધ નથી. સ્પેનમાં મિત્રરાજ્યો બીજી વાર હાર્યાં, અને ઇ. સ. ૧૭૧૧માં ઑસ્ટ્રિઆનો શાહજાદો સ્પેનનો રાજા થયો. ઇ. સ. ૧૭૧૩માં યૂટ્રેકટના તહનામાથી નીચેનું પરિણામ આવ્યું.

૧. ફિલિપ સ્પેનનો રાજા થાય, અને ફ્રાન્સના રાજ્ય પરનો અધિકાર તજી દે.
૨. જીબ્રાલ્ટર, માઈનોર્કા, નોવાસ્કોશિઆ, ન્યૂ ફાઉન્ડ લેન્ડ, અને સ્પેનિશ અમેરિકામાં ગુલામો વેચવાનો હક, અને વર્ષમાં એક વાર વેપારઅર્થે એક વહાણ દક્ષિણ અમેરિકાના તટ ઉપર મોકલવાનો હક—આટલું અંગ્રેજોને મળ્યું.
૩. ઈટલી અને નેધર્લૅન્ડઝમાંનો સ્પેનનો સર્વ મુલક ચાર્લ્સને મળ્યો. નેધર્લૅન્ડઝ ઑસ્ટ્રિઆને મળ્યો, અને વલંદાઓને દક્ષિણ દુર્ગોની રક્ષા કરવા માટે સૈન્ય રાખવાની રજા મળી.

૪. જેમ્સને ફ્રાન્સમાં રહેવાની મના થઈ. એન પછી ઈંગ્લેન્ડની ગાદીએ હેનોવર વંશની કોઇ પણ વ્યક્તિ આવે, એ વાત લુઈએ સ્વીકારી.

**પરિણામ:** યૂટ્રેકટની સંધિથી વિલિયમે આરંભેલું કાર્ય પૂર્ણ થયું. ફ્રાન્સની શક્તિ નાશ પામી, અને પછીનાં ત્રીસ વર્ષ સુધી તે ઉભું થવા પામ્યું નહિ. પ્રશિઆ અને સિસિલીનાં નવાં રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં. ઈંગ્લેન્ડની નૌશક્તિ શ્રેષ્ઠ છે એમ સિદ્ધ થયું, અને તેનો રાજ્યવિસ્તાર થયો.

**સંયોગનો કાનૂન:** ઇ. સ. ૧૭૦૭. યૂટ્રેકટની સંધિ ગ્રેટબ્રિટને સ્વીકારી હતી; કેમકે ઇ. સ. ૧૭૦૭માં ઈંગ્લેન્ડ અને સ્કૉટલેન્ડનું જોડાણ થયું હતું. પહેલાં આ બે દેશો વચ્ચે સારો સંબંધ ન હતો. સ્કૉટલેન્ડના રાજાઓએ ઈંગ્લેન્ડની મુશ્કેલીઓનો લાભ લઈને સરહદ પર હુમલા કર્યા હતા. પરંતુ જેમ્સ ૧લો ગાદીએ આવ્યો, ત્યારથી બે દેશોને જોડી દેવાનો પ્રશ્ન ઉભો થયો. જો કે સ્કૉટ અને અંગ્રેજો વચ્ચેનો સંબંધ બગડી ગયો હતો, સ્કૉટલેન્ડના માલ પર જકાત લેવાતી, અને તેને નૌયાનનો કાયદો લાગુ પાડવામાં આવતો. વળી અંગ્રેજ વેપારીઓ સ્કૉટલેન્ડને સંસ્થાનો જોડેના વેપારમાં ભાગ આપવાની ના પાડતા હતા, અને સ્કૉટ લોકો વેપારમાં હિસ્સો ન મળે તો ઈંગ્લેન્ડથી જુદા રહેવા તૈયાર હતા. વધારામાં સ્કૉટ લોકોને ભય હતો, કે દેશમાં એપિસ્કોપલ પંથ દાખલ કરવામાં આવે, તો ધાર્મિક સ્વતંત્રતાનો લોપ થઈ જાય. આમ બંને દેશો જોડાઈ જાય તો સ્કૉટલેન્ડનું વ્યક્તિત્વ નાશ પામે, અને દેશના કાયદા ફરી જતાં ઘણી અગવડ પડે, એવા વિચાર ધરાવનારા કેટલાએ સ્વદેશાભિમાની સ્કૉટ લોકો હતા. તેમની ઇચ્છા ઈંગ્લેન્ડના કરજમાં ભાગ આપવાની ન હતી. ડેરિયન યોજના પડી ભાગતાં ગરીબ લોકોની સ્થિતિ દયામણી થઈ પડી, ત્યારે પણ સ્કૉટ લોકોએ માન્યું, કે તેનું કારણ અંગ્રેજોનું આડપણ અને ઈર્ષ્યા છે. એ પછી બંને દેશો વચ્ચેનો સંબંધ બગડતો ગયો. સ્કૉટલેન્ડે પોતાની અનુમતિ વિના ઈંગ્લેન્ડનાં યુદ્ધોનો સંબંધ રાખવાની ના પાડી. ઇ. સ. ૧૭૦૪ના "સલામતીના કાયદા"થી જણાવ્યું, કે વેપારમાં અંગ્રેજો જેટલા હક અમને નહિ આપવામાં આવે, તો ઇ. સ. ૧૭૦૧નો વારસાનો કાયદો અમને કબુલ નથી. અમે અમારી ઇચ્છા પ્રમાણે

અમારો રાજા પસંદ કરીશું. પરિણામે પાર્લમેન્ટે ઠરાવ કર્યો કે સ્કૉટલેન્ડની કોઈ વસ્તુ આયાત કરવી નહિ, અને સરહદ પરના કિલ્લાની મરામત કરવી નહિ.

આવી સ્થિતિમાં સુજ્ઞ રાજનીતિજ્ઞોએ સમાધાન આણવાનો વિચાર કર્યો. ઇ. સ. ૧૭૦૬માં આ પ્રશ્નનો તોડ કાઢવા માટે એક કમિશન નીમવામાં આવ્યું. તેણે નિર્ણય કર્યો કે સ્કૉટલેન્ડના ધર્મમાં અડચણ નાખવી નહિ, તેના કાયદા ફેરવવા નહિ, તેની રાષ્ટ્રીય સંસ્થાઓમાં હાથ ઘાલવો નહિ, તેને વેપારમાં સંપૂર્ણ સ્વતંત્રતા આપવી, અને સ્કૉટ લોકોને સંસ્થાનો જોડેના વેપારમાં અંગ્રેજો જેટલા હક આપવા. ઉપરાંત સ્કૉટલેન્ડના ૪૫ પ્રતિનિધિઓને આમની સભામાં, અને ૧૬ પ્રતિનિધિઓને ઉમરાવોની સભામાં બેસવાનું, અને ઇંગ્લેન્ડે સ્કૉટલેન્ડનું પ્રજાકીય ઋણ ફેડી આપવું, એમ ઠરાવ્યું. વધારામાં ડેરિયનની યોજનાથી થએલું નુકસાન ભરપાઈ કરવામાં આવ્યું, અને ભવિષ્યમાં સ્કૉટલેન્ડે ઇંગ્લેન્ડના દેવામાં ભાગ આપવો એમ ઠર્યું. સંયુક્ત પાર્લમેન્ટે આ નિર્ણયનો સ્વીકાર કર્યો. પછી બંને દેશનો ઝંડો એકત્ર કરવામાં આવ્યો, અને તેમનું સંયુક્ત નામ 'ગ્રેટબ્રિટન' રાખવામાં આવ્યું. શરૂઆતમાં આગ્રહી સ્કૉટ લોકોને આ ઠરાવ રુચ્યો નહિ, અને તે સ્વીકારનારાને હરામખોર અને દેશદ્રોહીનું ઉપનામ મળ્યું. પરંતુ સંયોગથી બંને દેશોને લાભ થયો. આ સંયોગ પછી વિદ્યા, કળા, વાણિજ્ય, યુદ્ધ, રાજ્યવહીવટ, અને ગ્રેટબ્રિટનના પ્રજાજીવનના વિકાસમાં સ્કૉટ લોકોએ સારો ફાળો આપ્યો.

**પક્ષવાદની ચડસાચડસી:** એન ગાદીએ આવી ત્યારે માર્લબરોનું ચલણ હતું. રાણીનું વલણ ટોરીઓ તરફ હતું, તેથી તેણે વ્હિગ મંત્રીઓને રજા આપી. તેણે માર્લબરોના મિત્ર અને વેવાઈ ગોડોલ્ફિનને પ્રધાન નીમ્યો. ટોરીઓ વિગ્રહના વિરોધી હતા, છતાં માર્લબરોની આકાંક્ષા તૃપ્ત કરવાની ખાતર વિગ્રહ ચલાવવા સંમત થયા. માર્લબરોને કયા પક્ષના હાથમાં સત્તા છે તેની પરવા ન હતી, એટલે જે ટોરીઓ વિરુદ્ધ મતના માલમ પડતા, તેમને અધિકાર ઉપરથી ખસેડીને વ્હિગ લોકોને નીમવામાં આવ્યા. પછી સંડરલેન્ડ અને સમર્સ જેવા નિપુણ પુરુષોના હાથમાં અધિકાર આવ્યો, એટલે તેમણે પોતાના પક્ષના માણસો ભરવા માંડયા. આ જોઈ ટોરીઓ

ઝંખવાણા પડી ગયા, અને તેમણે એનને માર્લબરોથી છૂટી પાડવાની પેરવી કરવા માંડી. આ સમયે મિસિસ મેશામ જોડે રાણીને દોસ્તી થઈ, અને તેણે રાણીના મનમાં વ્હિગ પક્ષ માટે અણગમો પેદા કર્યો. બીજી બાજુથી ટોરીઓ વિગ્રહનો વિરોધ કરવા લાગ્યા. પરંતુ માર્લબરોએ રાણીને સમજાવી ટોરી મુખીઓને રજા અપાવી, અને રૉબર્ટ વૉલ્પોલ આદિ વ્હિગ પક્ષના માણસોને મંત્રીમંડળમાં દાખલ કર્યા. હજુ ગોડોલ્ફિન માર્લબરોની જોડે રહીને કારભાર ચલાવતો હતો, છતાં ખરી રીતે વ્હિગ પક્ષ પ્રબળ હતો. ઇ. સ. ૧૭૦૯ સુધી આ સ્થિતિ ટકી રહી, પણ તે દરમિઆન ટોરીઓનો વિરોધ પ્રબળ થયો. જો કે લાંબા સમય સુધી વ્હિગ પક્ષ પ્રધાનપદે રહ્યો, અને તેણે માર્લબરોની મહત્ત્વાકાંક્ષા તૃપ્ત કરી; પણ એથી પ્રજામાં પોકાર ઊઠયો. સ્પેનમાં ગમે તે રાજા થાય તેમાં આપણે શું? શા માટે આપણાં નાણાં સ્પેનની ખટપટ માટે વપરાય? આ તો માર્લબરોના પરાક્રમની પરંપરા ખાતર વિગ્રહ ચલાવવામાં આવે છે, એવું ટોરી પક્ષ બોલવા લાગ્યો. આ પ્રમાણે લોકોનો અભાવ હતો, તે ઉપરાંત વ્હિગ મંત્રીઓએ મૂર્ખતા કરી. ડૉ૦ સશેવેરેલ નામના પાદરીએ રાજ્યક્રાન્તિ વિરુદ્ધ એવું વ્યાખ્યાન કર્યું, કે રાજાની સામે થવામાં પાપ છે; કેમકે તેઓ ઈશ્વરી અંશવાળા છે. તેના ભાષણના વાંચનાર કરતાં વખાણનાર વધી પડયા. મંત્રીઓએ તેના ઉપર કામ ચલાવી તેને નજીવી શિક્ષા કરી; પણ લોકલાગણી ઉશ્કેરાઈ, પ્રજામાં ખળભળાટ થયો, અને વ્હિગ પક્ષ ઉપર ફિટ્કાર દર્શાવાયો. ઇ. સ. ૧૭૧૦ની નવી પાર્લમેન્ટમાં ટોરી પક્ષ વધારે પ્રમાણમાં આવ્યો. રૉબર્ટ હાર્લી અને સેન્ટ જ્હૉન તેના નેતા હતા. તેમણે જાણ્યું કે લોકોની લાગણી વિગ્રહની વિરુદ્ધ છે. સેન્ટ જ્હૉને ભાષણો, લેખો, કટાક્ષ, અને વક્રોક્તિથી વિગ્રહ વિરુદ્ધ ચળવળ ચલાવી. હાર્લીએ જુનું વૈર વાળવા રાજદરબારમાં પગ જમાવ્યો, અને મિસિસ મેશામ જોડે મિત્રાચારી કરી.

મિસિસ મેશામ શીળા સ્વભાવની અને મધુરભાષિણી હતી. હવે રાણીને કડક અને તુમાખી સ્વભાવની માર્લબરોની સ્ત્રી ઉપર અણગમો થયો. આખરે ભલી રાણીએ કંટાળીને તેને દરબારમાંથી રજા આપી, એટલે માર્લબરોની સ્થિતિ કફોડી થઈ. ઇ. સ. ૧૭૧૦માં લુઈની સરતો પડતી મૂકવામાં

આવી અને લોકવિરોધ પ્રબળ થયો, એટલે રાણીએ વ્હિગ પક્ષને પદભ્રષ્ટ કરીને હાર્લીને મંત્રીપદ આપ્યું. હાર્લી હોશિયાર પણ ભીરુ હતો, એટલે સેન્ટ જ્હૉન મુખ્ય મંત્રી થયો. પછી હાર્લીને 'ઑાકસફર્ડનો અમીર' અને જ્હૉનને 'વાઇકાઉન્ટ બોલિંગબ્રોક' બનાવવામાં આવ્યા.

હવે માર્લબરોને પાછા ફરવાની આજ્ઞા થઈ. તેના ઉપર નાણાં ઉચાપત કરવાનો આરોપ આવ્યો. ખરેખર, એ મહાન અને કુશળ સેનાપતિ હતો, છતાં તેનો આત્મા અધમ અને કૃપણ હતો. પ્રમાણિકપણે આક્ષેપનો ઉત્તર આપવાને બદલે તે યુરોપમાં નાસી ગયો.[1] ત્યાર પછી અમીરોની સભામાં વ્હિગ પક્ષની બહુમતી તોડવા ૧૨ ટોરી અમીરો બનાવવામાં આવ્યા, અને યૂટ્રેકટની સંધિ કરવામાં આવી, ઇ. સ. ૧૭૧૩.

વિલિયમે ટોરીઓની કેવી દશા કરી હતી, તે તેઓ ભૂલ્યા ન હતા. એથી તેમણે જેમ્સનો પક્ષ ખેંચ્યો. બોલિંગબ્રોકે જેમ્સને ગાદીએ લાવી રાજ્યના ધણી થઈ પડવાની કુટિલ યોજના ઘડી કાઢી. જેમ્સ પ્રોટેસ્ટન્ટ ધર્મ સ્વીકારે તો તેને ગાદીએ લાવવાની ટોરીઓની ઇચ્છા હતી, પણ ધર્મ વેચીને સિંહાસન મેળવવાની શૂરા કુમારે સ્પષ્ટ ના પાડી. રાજા રોમન કેથોલિક હોય એ વાત ઑાકસફર્ડને રુચતી ન હતી, એટલે ટોરી પક્ષમાં તડ પડયાં. રાણીએ બોલિંગબ્રોકનો પક્ષ ખેંચ્યો, અને ઑાકસફર્ડને રજા આપવામાં આવી. આ તકનો લાભ લઈને કેટલાક વ્હિગ ઉમરાવો મંત્રીસભા (Privy Council) માં દાખલ થયા, અને ઑાકસફર્ડની જગાએ હેનોવર વંશના હિમાયતી શ્રૂસ્બરીના ઠાકોરની નીમણુક થઈ.

**મરણ અને તુલના:** એ ત્રણ દિવસમાં રાણીની પ્રકૃતિ બગડી, અને ઇ. સ. ૧૭૧૪ના ઑગસ્ટની ૧લી તારીખે રાણીએ શ્રૂસ્બરીના હાથમાં રાજમહોર મૂકી. તે સમયે હથિયારબંધ સિપાઈઓ શહેરમાં દાખલ થયા, અને માર્લબરો આવી પહોંચ્યો. પરંતુ સદ્‌ભાગ્યે કોઈ પણ પ્રકારની તકરાર વિના જ્યૉર્જને રાજા તરીકે જાહેર કરવામાં આવ્યો.

---

૧. એનના છેલ્લા મંદવાડની ખબર સાંભળી તે સ્વદેશ જવા ઉપડયો, પણ તે તેના મૃત્યુના દિવસે આવી પહોંચ્યો. નવા રાજાએ તેને ફરીથી સેનાપતિ નીમ્યો, પણ થોડા સમયમાં તેનું શરીર કથળી ગયું. ઇ. સ. ૧૭૨૫માં તે મરણ પામ્યો.

એમનું રાજ્ય ઉજળું છે. એ રાંક, દેશપ્રેમી, અને શીળી રાણીના અમલમાં ફ્રાન્સની સત્તા તોડી ઈંગ્લેન્ડે યુરોપમાં વિજયના વાવટા ઉડાવ્યા, અને મહારાજ્યનું પદ મેળવ્યું. એમના સમયમાં રાજ્યબંધારણમાં ફેરફાર થતા હતા, અને વિશ્વાસવાળા માણસોને મંત્રી બનાવવાની જરૂર પડતી હતી. ઈ. સ. ૧૭૧૦ના લોકવિરોધના વહેણમાં તણાઈને રાણીએ પ્રધાનો બદલ્યા. આટલેથી રાજ્યબંધારણમાં પલટો થઈને લોકશાસનનો માર્ગ મોકળો થતો ગયો એ સ્પષ્ટ છે.

સ્ટુઅર્ટોના દિવસો ભરાઈ ગયા. રાજા અને પ્રજા વચ્ચેનો કલહ પૂરો થયો, અને આપઅખત્યાર અને બીનજવાબદાર સત્તાનો અસ્ત થયો. પહેલા બે પરદેશી રાજાઓને દેશના રાજ્યવહીવટની ખબર કે પરવા ન હતી, એટલે ધીરે ધીરે વહીવટની સર્વ સત્તા અને જવાબદારી મંત્રીમંડળ ઉપર આવી પડી. આમ દેશના ઇતિહાસમાંથી રાજાનું પ્રથમ સ્નાન ખસી ગયું એટલુંજ નહિ, પણ સામાન્ય રીતે મંત્રીમંડળના અધિષ્ઠાતાને એ સ્થાન વર્યું; મતલબ કે રાજા નામનો બની ગયો.

---

# પ્રકરણ ૯મું

## સામ્રાજ્યનો ઉદય

નવી દુનિયાની શોધમાં અંગ્રેજ વહાણવટીઓનાં પરાક્રમોની ગુણગાથા આવી ગઈ છે. સોળમા સૈકામાં અંગ્રેજોએ ન્યૂ ફાઉન્ડ લેન્ડ સંસ્થાન સ્થાપ્યું, પણ તેની આબોહવા પ્રતિકૂળ હોવાથી સંસ્થાનીઓ સ્વદેશ પાછા આવ્યા. પરંતુ અંગ્રેજ ખલાસીઓ અજાણ્યા સમુદ્રોમાં પ્રવાસ કરી નૌકાશાસ્ત્રમાં પ્રવીણ બનતા હતા, અને વહાણ બાંધવાનો ઉદ્યોગ ખીલતો હતો. સ્પેનના અજીત સૈન્યને હરાવ્યા પછી ઈંગ્લેન્ડનો પ્રતિસ્પર્ધી અદૃશ્ય થયો, અને તેની સામુદ્રિક શ્રેષ્ઠતાના ગણેશ બેઠા. સત્તરમા સૈકામાં નીચેના ચાર મહાપ્રશ્નોનો નિર્ણય કરવાનો હતો.

૧. રાજા અને પાર્લમેન્ટ વચ્ચે સત્તાની વહેંચણ.

૨. ઇલિઝાબેથે સ્વીકારેલા મધ્યમ માર્ગથી થએલો ધાર્મિક ગુંચવાડો.

૩. નવી દુનિયા અને ઈંગ્લેન્ડનો સંબંધ.

૪. ઈંગ્લેન્ડ, સ્કૉટલૅન્ડ અને આયર્લૅન્ડ વચ્ચે સમાધાન.

આમાંના માત્ર ત્રીજા પ્રશ્નને બ્રિટિશ સામ્રાજ્યના ઉદય જોડે સંબંધ છે. સોળમા સૈકામાં દેશમાં બેરોજગારી વધી પડી. મઠો બંધ થયા, નવો વેપાર શરૂ થયો, અને યુરોપમાં સોનારૂપાની ધાતુઓ આવવા લાગી. આવાં કારણોથી ઈંગ્લૅન્ડની આર્થિક સ્થિતિ ફરી ગઈ. આ સ્થિતિનો તોડ કાઢવા કેટલાકને દરિયાપારના મુલકો જોડે વેપાર કરવાનો ઉપાય સૂઝયો. આથી સનદો અને પરવાનાની માગણી થવા લાગી. ઈ. સ. ૧૬૦૦માં લંડનના કેટલાક ગૃહસ્થોએ મળી ઇંગ્લિશ ઈસ્ટ ઇન્ડિઆ કંપનિ સ્થાપી. તેણે પહેલો પ્રવાસ મસાલાના ટાપુઓ તરફ કર્યો. ત્યાંથી તેમનાં વહાણો લવિંગ, મરી વગેરે તેજાના ભરીને આવ્યાં. આ વેપારમાં તેમના હરીફ વલંદા હતા. વલંદાઓ અંગ્રેજો કરતાં વધારે પ્રબળ હોવાથી ફાવી જતા. દરમિઆન ઈ. સ. ૧૬૨૩માં ૯ અંગ્રેજ વેપારીઓનાં એમ્બોયનામાં ખૂન થયાં. આથી અંગ્રેજોએ પૂર્વના પ્રદેશોમાં એકલે હાથે વેપાર કરવાનો નિશ્ચય કર્યો. અંગ્રેજોએ જો કે ઈસ્ટ ઇન્ડિઝ ટાપુઓ તજી દીધા, પણ તેમણે સુરતમાં કોઠી નાખી હતી. પોર્ટુગીઝ લોકોએ બને તેટલાં વિઘ્ન નાખ્યાં. અનેક વેળા તેઓ લડયા અને હાર્યા, પણ છેવટે પોર્ટુગીઝો નબળા પડયા. કંપનિએ મદ્રાસ (ઈ. સ. ૧૬૪૧), મુંબઈ (ઈ. સ. ૧૬૬૧), અને કલકત્તા (ઈ. સ. ૧૬૯૧) માં કોઠીઓ નાખીને કિલ્લેબંધી કરી. માર્ગમાં વહાણોને ખોરાક વગેરે સાધનો પૂરાં પાડવાને કેપ કોસ્ટ કેસલ અને સેન્ટ હેલિનાનાં મથકો હાથ કરવામાં આવ્યાં.

હવે અમેરિકામાં સંસ્થાનો સ્થાપવાની શરૂઆત થઈ. વેપારવૃદ્ધિને અર્થે સર વૉલ્ટર રેલીને વર્જિનિઆ વસાવવાની સનદ આપવામાં આવી; પણ તેનો પ્રયાસ નિષ્ફળ ગયો, એટલે ઈ. સ. ૧૬૦૭માં કેટલાક સાહસિક પુરુષોએ ચેસાપિક અખાતમાં જેમ્સ ટાઉનની સ્થાપના કરી. આ નવા સંસ્થાનીઓને પ્રારંભમાં અનેક અગવડો અને સંકટો સહેવાં પડયાં.

એટલામાં જેમ્સે હેમ્પ્ટન કોર્ટનો છબરડો વાળ્યો, અને દારૂગોળાના કાવતરાએ રાજાની ધર્માંધતાને ટોચે ચડાવી. હવે પ્યૂરિટનોને ખૂબ રંજાડવા માંડયા, એટલે તેમને માટે દેશમાં ફરી ઠામ વસવાનું ન રહ્યું. તેમની એક ટોળીએ હોલૅન્ડમાં જઈ લીડનમાં વસવાટ કર્યો. એ શ્રમજીવી, સ્વાભિમાની,

અને ધર્મપરાયણ લોકો ત્યાં ૧૧ વર્ષ રહ્યા, છતાં તેમનો સ્વદેશપ્રેમ ઘટયો નહિ. તેમનાં બાળકો અંગ્રેજી ભાષા ભૂલીને ડચ ભાષા બોલે અને હોલેન્ડને સ્વદેશ માને, એ તેમને રુચ્યું નહિ, તેથી તેઓ અમેરિકા જવા તૈયાર થયા. આ ઉત્સુક પ્યૂરિટનોએ 'મે ફ્લાવર' જહાજમાં બેસી ભૂખતરસનાં કષ્ટ વેઠી




અમેરિકામાં પગ મૂકયો,[1] ઈ. સ. ૧૬૨૦. તેમણે પ્લીમથ સંસ્થાન સ્થાપ્યું,

---

૧. આ લોકો 'Pilgrim Fathers'ને નામે ઓળખાય છે. તેઓ અમેરિકા ઊતર્યા, તેનું વર્ણન મિસિસ હેમન્સે સુંદર કાવ્યમાં કર્યું છે.

અને આખા પ્રદેશને 'ન્યૂ ઈંગ્લેન્ડ' નામ આપ્યું. તેમણે આ સંસ્થાન આબાદ કર્યું, અને ત્યાં પાઠશાળાઓ સ્થાપી.

ચાર્લ્સ ૧લાએ ધર્મદ્વેષી લૉડની શીખવણીથી પ્યૂરિટનો ઉપર જુલમ ગુજાર્યો, એટલે સંસ્થાનો વસવાનો યુગ બેઠો. મેસેચુસેટ્સ, ર્‌હોડ, કનેક્ટીકટ અને ન્યૂ હેમ્પ શાયર જેવાં સંસ્થાનો ધર્મના કારણે નાસી આવેલા ભાવિકોએ વસાવ્યાં. ઈ. સ. ૧૬૨૯થી ૧૬૪૨ સુધીમાં લગભગ ૨૦,૦૦૦ અંગ્રેજો સ્વદેશ તજી સંસ્થાનોમાં ગયા. ઈ. સ. ૧૬૩૩માં કેટલાક કૅાથોલિકોએ 'મેરીલેન્ડ' વસાવ્યું. આ બધાનું કારણ ચાર્લ્સનો આપખુદ અમલ હતો. આ સંસ્થાનવાસીઓને જંગલ કાપવાં પડતાં, જમીન ખેડવી પડતી, એકલવાઈ અને મહેનતુ જિંદગી ગાળવી પડતી, અને રાતા ઇન્ડિઅનો તેમનાં ઘરબાર લૂંટી ન જાય કે તેમના હાથમાં સપડાઈ ન જવાય, તેની ખૂબ સંભાળ રાખવી પડતી. પરંતુ આથી તેઓ સ્વતંત્ર સ્વભાવના, ઉદ્યોગી, અને સમૃદ્ધ બન્યા. તેમના વંશજોએ અઢારમા સૈકામાં કરેલાં પરાક્રમો હવે પછી જોઈશું.

ઈ. સ. ૧૬૫૦ સુધીમાં અમેરિકાના કિનારા ઉપર સંસ્થાનોની જમાવટ થઈ ગઈ. આ સંસ્થાનવાસીઓ કિનારાથી ૭૦ માઈલ સુધી અંદર ગયા હતા; કેમકે કેનેડામાં ફ્રેન્ચો વસતા હતા, અને બે પ્રદેશોની વચ્ચે તેમના સામાન્ય શત્રુઓ રહેતા હતા.

ઉપરાંત બેર્બેડોઝ, સેન્ટ કિટસ, લીવર્ડ, વિન્ડવર્ડ, બર્મ્યુડા અને બહામા આદિ ટાપુઓમાં અંગ્રેજ સંસ્થાનીઓ જઈ વસ્યા. તેઓ તમાકુ અને શેરડીનાં વાવેતર કરતા, અને ગુલામ તરીકે ખરીદેલા હબસી લોકો પાસે જમીન ખેડાવતા.

ક્રોમ્વેલના સમયમાં જેમેકાનો ટાપુ સ્પેન પાસેથી લઈ લેવામાં આવ્યો. બીજા ચાર્લ્સના સમયમાં સંસ્થાનોના વિકાસનું કાર્ય પદ્ધતિસર ચાલ્યું. રાજાના ઉત્તેજનથી નૉર્થ કૅરોલિના અને સાઉથ કૅરોલિના સ્થપાયાં. બ્રેડાની સંધિથી

---

What sought they thus afar ? Bright jewels of the mine ?
The wealth of seas, the spoils of war? The sought a faith's pure Shrine.
Ay call it a holy ground, The soil where first they trod!
They have left unstained what there they found,
Feeedom to worship God.

ન્યૂ એમ્સ્ટર્ડેમનું ડચ સંસ્થાન અંગ્રેજોને મળ્યું, એટલે રાજાના ભાઈના સ્મરણાર્થે તેનું નામ 'ન્યૂ યોર્ક' રાખ્યું. ઇ. સ. ૧૬૮૧માં વિલિયમ પેને પેન્સિલ્વેનિઆ વસાવ્યું.

સ્પેનના ગાદીવારસાના વિગ્રહથી ઈંગ્લેન્ડને જીબ્રાલ્ટર અને માઈનોર્કા જેવાં નૌકાસૈન્યનાં થાણાં મળ્યાં, એટલે ભૂમધ્ય સમુદ્રમાં તેનું ઉપરીપણું થયું.

આ સંસ્થાનો એક બીજાથી સ્વતંત્ર હતાં. તેઓ પોતાનો વહીવટ સ્વતંત્ર રીતે કરતાં; પાર્લમેન્ટે માત્ર તેમના ઉપર કર નાખવાનો હક રાખ્યો હતો. ચાર્લ્સ ૧લા અને ક્રોમ્વેલના સમયમાં આ સંસ્થાનોના વહીવટમાં દખલગીરી કરવામાં આવી, છતાં તેઓ નૌયાનનો કાયદો પાળે ત્યાં સુધી સ્વતંત્ર રહી શકતાં હતાં.

સારાંશ એ કે ઈંગ્લેન્ડનું રાજ્ય નીચે પ્રમાણે ખંડવાર વધ્યું:

૧. **યુરોપમાં**–જીબ્રાલ્ટર અને માઈનોર્કા.
૨. **આફ્રિકામાં**–ફોર્ટ સેન્ટ જેમ્સ, (ગેમ્બિઆ) કેપ કોસ્ટ કેસલ, સેન્ટ હેલીના.
૩. **હિન્દુસ્તાનમાં**–મદ્રાસ, મુંબઈ, અને કલકત્તાની "કોઠીઓ".
૪. **અમેરિકામાં**–ઇશાન કોણનાં સંસ્થાનો, અને ન્યૂ ફાઉન્ડ લેન્ડ.
૫. **વેસ્ટ ઈન્ડિઝમાં**–બર્મ્યુડા, બહામા, બેર્બેડોઝ, લીવર્ડ, વિન્ડવર્ડ, જેમેકા ટાપુઓ.

---

# પ્રકરણ ૧૦મું

## સત્તરમા શતકનું ઈંગ્લેન્ડ

## ૧. રાજકારણ

સ્ટુઅર્ટસમયનો ઇતિહાસ એટલે દેશમાં સર્વોપરિ સત્તા માટે રાજા-પ્રજા વચ્ચેના કલહનો ઇતિહાસ. ટયુડર રાજકર્તાઓના પ્રતાપી અમલથી દેશમાં રાષ્ટ્રભાવના ઉદ્ભવી હતી, અને ઈંગ્લેન્ડ પરરાજ્યોના હુમલાના ભયથી મુક્ત બન્યું હતું. ઇલિઝાબેથના ઉત્તરકાળમાં પાર્લમેન્ટમાં નવો જુસ્સો પ્રકટયો હતો, અને રાણી સ્વાભાવિક ચતુરાઈથી તેને અનુકૂળ થઈ ગઈ, એટલે પાર્લમેન્ટે પણ તેનામાં વિશ્વાસ રાખ્યો. પરંતુ સ્ટુઅર્ટ જેમ્સ ગાદીએ આવતાં વસ્તુસ્થિતિ બદલાઈ. પાર્લમેન્ટે પંદરમા સૈકાના દાખલા જોઈ સત્તાનો

ઉપયોગ કરવાનો નિશ્ચય કર્યો, એટલે રાજાએ ટયુડરોના દાખલા જોઈ વિરોધ કર્યો. જેમ્સ અને તેના વંશજોના મનમાં રાજાના 'ઈશ્વરી હક' સંબંધી મિથ્યા તોર હતો. તેઓ લોકસત્તાને નમવા તૈયાર ન હતા. 'ઈશ્વરી હક'ના દાવાને પરિણામે તેમણે કાયદાથી પર હોવાનો દાવો કર્યો. પ્રજા ઉપર ગમે તેવા કર નાખવાની, ઇચ્છામાં આવે તેમ ન્યાય આપવાની કે પ્રજા-જનને દંડવાની, અને બીનજવાબદાર વહીવટ ચલાવવાની અમને સત્તા છે, એવી માન્યતા સ્ટુઅર્ટ રાજાઓ ધરાવતા. દરેક રાજા વિરોધ પડે ત્યારે પાર્લમેન્ટને વીખેરી નાખતો; પણ તેનું બળ સત્વર ખૂટી જતું, એટલે પાર્લ-મેન્ટ મળતી, અને ફરીથી ઉગ્ર રૂપે વિરોધ પ્રકટ થતો. ખરેખર, સ્ટુઅર્ટ રાજાઓ બીજાને અનુભવે ડાહ્યા બન્યા નહિ, અને ઈશ્વરી હકના નીશામાં ચકચૂર બન્યા, જેથી એકનું માથું ઊડયું અને બીજો ગાદી ખોઈ બેઠો.

સ્ટુઅર્ટ રાજાઓની ધાર્મિક નીતિ પ્રજાવિરોધનું કારણ થઈ પડી. ધર્મસમાજ પર પોતાની સત્તા રહે તે માટે રાજા એપિસ્કોપલ પંથ પાળતા અને પ્યૂરિટનોને સંતાપતા. રાજા કેથોલિકો પ્રત્યે અંતરમાં રહેમ રાખે એ ધર્મઘેલા પ્યૂરિટનોથી ખમાતું નહિ, એટલે પાર્લમેન્ટમાં બેસતા પ્યૂરિટનો ધર્મભયને મિષે રાજા વિરુદ્ધ બૂમરાણ મચાવતા.

પ્રજાવિરોધનું ત્રીજું કારણ સ્ટુઅર્ટ રાજાઓની દેશાંતર નીતિ છે. આ રાજાઓએ ઈંગ્લેન્ડની મહત્તા સાધવા માટે ભાગ્યેજ વિગ્રહો કર્યા છે. તેમણે ધર્મમાં અગ્રેસર થવાનું ગૌરવ પ્રાપ્ત કરવાને બદલે કોઈ વેળા સ્પેનને મદદ આપી, તો કોઈ વેળા ફ્રાન્સના લુઈ પાસેથી નાણાં મેળવી ઈંગ્લેન્ડને રોમન કેથોલિક બનાવવાનાં વચન આપી તેને ફ્રાન્સનું ઉપરાજ્ય બનાવવાનું પગલું ભર્યું.

આવા વિરોધમાં પાર્લમેન્ટ પાસે રાજાને નમાવવાનું એક હથિયાર હતું. રાજાને નાણાંની ભીડ પડે ત્યારે કોઈ પણ હકની બક્ષિસ લીધા વિના પાર્લમેન્ટ આર્થિક મદદ આપતી નહિ. આથી સ્ટુઅર્ટોનો અમલ કુરાજ્યનો પણ સુધારાનો સમય થઈ પડયો. રાજા આપેલાં વચન બીજી પળે તોડવા તૈયાર થતો, એટલે રાજા–પ્રજા વચ્ચે વિરોધ વધતો. ચાર્લ્સે એકલે હાથે રાજ્ય ચલાવી જોયું, અને લાંબી પાર્લમેન્ટે રાજાની મદદથી લોકમતને સર્વોપરિ કરવા પ્રયાસ કર્યો, પણ સઘળું વ્યર્થ ગયું. આખરે દેશમાં રાજકર્તા કોણ, એ

પ્રશ્નનો નિર્ણય હથિયારની સહાયથી થયો. પ્રજાએ રાજપદ અને અમીરોની સભા ઉડાવી દઈને અપૂર્વ પ્રયોગ કરવા માંડ્યો. બને તેટલી ધર્મછૂટ દાખલ કરવામાં આવી, પાર્લમેન્ટમાં લોકપ્રતિનિધિત્વ વધારવાની યોજના કરવામાં આવી, અને લિખિત રાજ્યબંધારણ તૈયાર કરી પ્રજા ઉપર કાયદા પાળવાની જોખમદારી નાખવામાં આવી. પરંતુ એ સર્વ અકાળે હતું; પ્રજામાં આ ફેરફારો માટે તૈયારી ન હતી, અને ક્રોમ્વેલની ભક્તસેનાને ઉપરીપદે રહેવું હતું. પ્યૂરિટન નેતાઓના આદર્શો જમાના કરતાં ઉંચા હતા, અને તેમની નીતિ ઉગ્ર વૈરાગ્ય-વાળી હતી, એટલે તેઓ પ્રજામાં ચાર્લ્સ કરતાં વધારે અપ્રિય થઈ પડ્યા. પરિણામે એ ૧૧ વર્ષમાં આપખુદી અને બીનજવાબદારીનાં અનેક કાર્યો થયાં, અને રાજ્યબંધારણની વિરુદ્ધ આચરણ થયાં. ચાર્લ્સના આપખુદ અમલ કરતાં વધારે આપખુદ રાજ્યથી કંટાળી પ્રજાએ રાજાને પાછો બોલાવ્યો, લાંબી પાર્લમેન્ટના સુધારા કાયમ રહ્યા, અને નવા રાજાએ વીસ વર્ષ સુધી પાર્લમેન્ટ જોડે સંબંધ બગાડ્યો નહિ. પરંતુ પાછો ઈશ્વરી હકનો નીશો રાજાને ચડ્યો, અને તે દેશના કાયદાનો અમલ બંધ કરવાનો કે મોકુફ રાખવાનો પોતાનો હક માનવા લાગ્યો. રોમન કેથોલિકોથી લોકો ત્રાસતા હતા, તેમાં આંતર વિગ્રહથી, પ્યૂરિટનોથી, કે બહાલી લશ્કરના નામથી લોકો ભડકવા લાગ્યા, અને અનેક જુલમો મુગે મોંએ સહેવા લાગ્યા. આટલા ત્રાસદાયક હેતુઓમાંથી જે કાળે જે અગ્રપદે હોય, તે ઉપર દેશની રાજકીય સ્થિતિનો આધાર રહેતો, પણ આખરે કેથોલિકોનો ભય વધી પડતાં જેમ્સને ગાદી છોડવાનો સમય આવ્યો.

રાજ્યક્રાન્તિ એટલે લોકપક્ષનો જય અને રાજસત્તાનો ક્ષય. હવે પાર્લ-મેન્ટે પોતાનો પક્ષ સબળ કરવા ઈશ્વરી હકના અવશેષનો લોપ કરી નવા રાજા જોડે લિખિત કરાર કર્યો, મંત્રીઓ પાર્લમેન્ટને આધીન રહે એવી યોજના કરી, અને સૈન્યને પોતાની સત્તા નીચે મૂક્યું. ઉપરાંત રાજાને આપેલાં નાણાંના વહીવટ ઉપર દેખરેખ રાખવાનું શરૂ કરી તેના ઉપર એક પ્રકારનો દાબ બેસાડ્યો. પ્યૂરિટનોએ રાજાની આવક પર કાબુ લીધો, જ્યારે પ્રોટેસ્ટન્ટોએ રાજાના ખર્ચ ઉપર સત્તા બેસાડી. ધીમે ધીમે રાજાને પાર્લમેન્ટ વારંવાર બોલાવવી પડે, અને પાર્લમેન્ટનો વિશ્વાસ ધરાવનાર માણસો પ્રધાનો હોય એવી નીતિ પાર્લમેન્ટે ધારણ કરી. આમ રોમન કેથોલિક ધર્મના સ્તંભ

૩૫ ફ્રાન્સની સત્તાને દાબી પ્રોટેસ્ટન્ટ પક્ષના વિજયનો માર્ગ મોકળો કરી દેવામાં આવ્યો. સ્કૉટલેન્ડે સ્ટુઅર્ટ રાજ્યક્રાન્તિ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી તેના સિદ્ધાંતો સ્વીકાર્યા; માત્ર કેથોલિક આયર્લેન્ડે જેમ્સનો પક્ષ પકડી રાખ્યો, એટલે તેની વિરુદ્ધ સખત કાયદા ઘડાયા.

આ યુગમાં ઇતિહાસનું એક નવું પ્રકરણ ઉઘડે છે. રાજાઓના એકહથ્થુ અને કુલમુખત્યારીવાળા અમલને પલટો આપીને રાજસત્તા કેવી મર્યાદિત બનાવી દેવામાં આવી, અને લોકહકનું કેવા અને કેટલા ભોગે જતન કરવામાં આવ્યું, તેનો આ ઇતિહાસ છે.

## ૨. ધર્મ

રાજા અને પ્રજા વચ્ચે વિરોધ થવાનું મુખ્ય કારણ ધર્મ હતું. સ્ટુઅર્ટ રાજાઓની રાજકીય અને ધાર્મિક નીતિ ગુંથાઈ ગએલી છે, એટલે વિરોધનાં બંને કારણ એકમેકને અવલંબી રહેલાં છે; છતાં સ્ટુઅર્ટ રાજાઓ જોહુકમી રાજનીતિ તજી દેવાનું ડહાપણ દર્શાવી શકયા હોત, તો માત્ર ધાર્મિક કારણથી ઝગડો થાત નહિ.

ધર્મોદ્ધાર થતાં કેથોલિક અને પ્રોટેસ્ટન્ટ એવા બે પક્ષ થયા. પરંતુ સુધારકોમાં પાછાં બે તડ પડયાં: (૧) બાઈબલના આદેશને અક્ષરશઃ અનુસરનારા અતિ શુદ્ધ ઉપાસનાના હિમાયતીઓ પ્યૂરિટન કહેવાયા. તેમને એપિસ્કોપલ ધર્મનો આડંબર પસંદ ન હતો, એટલે જેમ્સ ગાદીએ આવ્યો ત્યારે આ વિરાગપ્રિય પંથવાળાઓએ ધાર્મિક સ્વતંત્રતાની માગણી કરી; પણ રાજાએ તેમના વિરુદ્ધ કાયદાની વજ્રશૃંખલા તૈયાર કરી. અનેક ચુસ્ત પ્યૂરિટનો જન્મભૂમિ તજી પરદેશમાં જઈ વસ્યા; ચાર્લ્સ ૧લાના સમયમાં લૉર્ડે પ્યૂરિટનો પર અનેક અત્યાચારો ગુજાર્યા. અનેક પ્યૂરિટનો ધર્મને કારણે ઘરબાર કે ગુજરાનના સાધન વિનાના થઈ પડયા. તેમાંના કેટલાએ દરિયાપારનાં સંસ્થાનોમાં જઈ વસ્યા, પણ જેઓ દેશમાં રહ્યા તેમણે રાજાની નીતિ પ્રત્યે વિરોધ કર્યા કર્યો. આખરે ક્રોમ્વેલની સરદારી નીચે આ ધર્મવિરોધે ઉગ્ર સ્વરૂપ પકડયું, અને તેનું વિપરીત પરિણામ આવ્યું. ચાર્લ્સના શિરચ્છેદ પછી પ્યૂરિટનોનું જોર વધી પડયું. તેમની નીતિ નિષ્કલંક હતી, તેમની ધર્મબુદ્ધિ તીવ્ર હતી, અને તેમનો વિરાગ ઉત્કટ હતો; પણ તેમની

ધર્માંધતા કોઈ રીતે ઓછી ન હતી. જે ધાર્મિક સ્વતંત્રતા તેમને જોઈતી હતી, તે બીજાને આપવા તેઓ તૈયાર ન હતા. આથી તેમનું જોર વધતાં પોતાના મત પ્રમાણે તેમણે આદર્શ ધર્મરાજ્યની સ્થાપના કરી. તેમણે વિરોધીઓનો દંડ કર્યો, તેમજ રમતગમત, નાચરંગ, આનંદ અને ઉલ્લાસ પ્રેરનારી બાબતોને જીવનની ગંભીરતા હણનારી ઠરાવી બંધ કરી. તેમણે સર્વને સાત્ત્વિક વૃત્તિવાળા અને ધર્મપરાયણ જીવન ગાળનારા બનાવવાના કોડ કર્યા, પણ એથી લોકો કંટાળ્યા. પ્યૂરિટનોએ પોતાનો વિનાશ આણ્યો. ચાર્લ્સ બીજો ગાદીએ આવ્યો, એટલે પ્રજામાં પ્યૂરિટનો વિરુદ્ધ દબાઈ રહેલી લાગણીઓ બમણા જોરથી ઉછળી. તેમની વિરુદ્ધ અનેક ધારા કરી પ્રજાજીવન ઉપરથી તેમની અસર નાબુદ કરવામાં આવી. આ ધારાઓનો અનાદર કરનારાઓને બંદીખાને પૂરી તેમના ઉપર જુલમ ગુજારવામાં આવ્યો.

પ્યૂરિટનો ઉપર લોકોનો અણગમો હતો, પણ પ્યૂરિટન અને એપિસ્કોપલ એ બંને કેથોલિક પંથીઓ પ્રત્યે હાડવૈર રાખતા. દારૂગોળાના કાવતરાના ભેદથી લોકોને કેથોલિકોના નામથી કંપારી આવતી. તેઓ જાદુગર છે, મંત્રબળની સાધનાવાળા છે, મેલી વિદ્યા જાણનારા છે, એવા એવા ગપાટા લોકોમાં ચાલતા. ચાર્લ્સ અને જેમ્સ તેમના પ્રત્યે મનમાં થોડો ભાવ રાખે છે એવો લોકોને વહેમ ગયો, એટલે પૂછવુંજ શું? લુચ્ચા ટાઈટસે નિર્દોષ કેથોલિકોનો પ્રાણ ખોવરાવી 'દેશોદ્ધારક' તરીકે પોકળ ખ્યાતિ મેળવી. કંઈક ભુંડું થાય, તો વાંક બિચારા કેથોલિકોનો ! લંડનમાં આગ લાગી, તો કહે કે એ કેથોલિકોનાં કારસ્તાન. પ્રજાની આવી મનોદશામાં જેમ્સ ધર્મદૃષ્ટનું જાહેરનામું કાઢે, ત્યારે લોકો રાજા વિરુદ્ધ પોકાર પાડી ઊઠે તેમાં શી નવાઈ?[1] રાજ્યક્રાંતિ થઈ તે પણ આવાજ ભયમાં. આજ ભયને લીધે રાજા પ્રોટેસ્ટન્ટ હોવો જોઈએ, એવું વારસાના કાયદામાં નક્કી કરવામાં આવ્યું.

વિલિયમના અમલથી કેટલેક અંશે ધર્મસહિષ્ણુતા દાખલ થતી ગઈ. ધર્મસહિષ્ણુતાના કાનૂનથી અપ્રતિજ્ઞાગ્રાહીઓ ઉપરનાં બંધન રદ થયાં. આશાવાદી કેથોલિકોએ સ્ટુઅર્ટોનો પક્ષ લઈ લોકવિરોધને પ્રબળ થવાનું કારણ આપ્યું. આ વિરોધ છેક ઇ. સ. ૧૮૨૯ સુધી ચાલુ રહ્યો.

---

૧. બાતલ બિલ અને કસોટીના કાયદાથી લોકવિરોધનું માપ ઠીક નીકળે છે.

## ૩. ઉદ્યોગ અને વાણિજ્ય

સ્ટુઅર્ટયુગમાં લગભગ ⅘ ભાગની જમીન ખેતીના કામમાં વપરાતી, છતાં ખેતી કરવાની પદ્ધતિમાં ખાસ સુધારો થયો નહોતો. કેટલીક જમીન વણખેડેલી પડી હોય, ઠેરઠેર ખાડાખૈયા અને ખાબોચીઆં હોય, જંગલી ડુક્કરો, હરણ, સસલાં અને રાની બિલાડાં પાકને નુકસાન કરતાં હોય, અને ખેડુતો જુના ચીલામાં ખેતી કરતા હોય; છતાં એકંદરે તેમની સ્થિતિ ઠીક હતી. હજુ ગામડાંમાં થોડી જમીન અલગ રાખી તેમાં ખેડુતોનાં મરઘાં, બતક, ડુક્કર અને ગાયોને ઉછેરવામાં આવતાં. ખેતી ઉપરાંત ખેડુત અને તેનાં સ્ત્રીપુત્રો વણવા કાંતવાનું અને મજુરીનું કામ કરીને આવક વધારતાં.

તે સમયે લંડન, બ્રિસ્ટલ, અને નોરિચ શહેરોમાં ઔદ્યોગિક પ્રવૃત્તિ ચાલતી. લોખંડના સામાન માટે પ્રસિદ્ધ થએલા શેફીલ્ડનો હજુ ઉદય થયો ન હતો, અને મેન્ચેસ્ટર તથા લીડ્ઝ માત્ર કસ્બા હતા. એક શહેરથી બીજે શહેર જવાના રસ્તા ગંદા, સાંકડા, ધૂળવાળા અને ખાડાવાળા હતા. ગાડીઓ કાદવમાં ખૂંચી જાય, તો પાસેના ખેતરમાંથી ૬–૮ બળદ લાવીને જોડવા પડતા. ચોર, ઠગારા, અને ધાડપાડુઓનો ત્રાસ એટલો હતો, કે વળાવા વિના વેપારીઓ ભાગ્યેજ નીકળી શકતા. ગાડીઓમાં માલ ભરીને એક ગામથી બીજે ગામ લઈ જવામાં આવતો,[1] અને મુસાફરો માટે ટપ્પા ચાલતા. શહેર-માં વેપારીઓની દુકાન પર ધંધો સૂચવનારી જાતજાતની નિશાનીઓ રાખવામાં આવતી.

આ સમયમાં પરદેશ જોડે વેપાર વધ્યો. આફ્રિકા, અમેરિકા, અને હિંદુસ્તાનમાં વેપારીઓએ થાણાં નાખ્યાં. આથી મધ્યમ વર્ગની ઉન્નતિ સાથે

---

૧. આ પ્રમાણે માલ લઈ જવાની રીતો એવી સર્વમાન્ય થઈ પડી, કે હોડી-વાળાની રોજી બંધ પડી. તેઓ લાચાર થઈને કહેવા લાગ્યા:—

Carroaches, coaches, jades, and flanders wares,
Do rob us of our shares, our wares, our fares;
Against the ground we stand and knock our heels,
Whilst all our profit runs away on wheels.

જમીનદાર વર્ગની અવનતિ થતી ગઈ. હવે રાજ્ય તરફથી આર્થિક પ્રશ્નો ઉપર ધ્યાન અપાવા લાગ્યું, વેપારના રક્ષણાર્થે પરદેશો જોડે યુદ્ધો કરવામાં આવ્યાં, અને નૌકાસૈન્યની વૃદ્ધિ કરવામાં આવી. ઈંગ્લેન્ડની બૅન્કની સ્થાપનાથી થએલા લાભનો વિચાર કરી બીજી બૅન્કો કાઢવામાં આવી, અને વેપારની વૃદ્ધિમાં દેશની સમૃદ્ધિ રહેલી છે એ સૂત્ર સમજાયું.

દરમિઆન ઈંગ્લેન્ડમાં હિંદનાં ઉત્તમ કપડાં આવી પહોંચ્યાં. લુઈ ૧૪માએ દેશપાર કરેલા પ્રોટેસ્ટન્ટ કારીગરોને ઈંગ્લેન્ડે શરણ આપી દેશનો ઉદ્યોગ ખીલવ્યો. હોલૅન્ડના ઈજનેરોએ આવીને દેશની જમીનને ખેડવાલાયક બનાવી. હજુ ગામડાના લોકો માટે ખાસ બજાર કે મેળા ભરાતા, અને લોકો ઘોડા કે ખચ્ચર ઉપર બેસીને ત્યાં જતા. ઇંગ્લેન્ડની સમૃદ્ધિ અશાંતિના કાળમાંએ વધી. તે સાથે દેશમાંથી ભિખારીઓની સંખ્યા ઘટી.

## ૪. સમાજ

ટ્યુડરસમયથી ધનિક લોકો છુટાં મકાનોમાં રહેવા લાગ્યા. તેઓ રમતગમત, શિકાર, કે બીજા વિનોદોમાં સમય વીતાવતા. જુવાન છોકરા કેમ્બ્રિજ કે ઑક્સફર્ડનાં વિદ્યાપીઠોમાં અભ્યાસ કરવા જતા, અથવા કોઈ ધંધાદારીને ત્યાં શિખાઉ તરીકે નોકરી કરતા. જમીનદાર ગામડામાં ન્યાયાધીશ અને પોલીસ અમલદારનું કામ કરતો. તે ન્યાય આપતો, દંડ કરતો, ગામની ચોકી કરાવતો, લોકો બરાબર ધર્મ પાળે છે કે નહિ અને રવિવારે પ્રાર્થના કરવા જાય છે કે નહિ, તેની દેખરેખ રાખતો. શહેરમાં પુખ્ત વયના માણસો ચોકી કરતા, અને ગામડાંમાં ખેડુતો ચોકી કરતા, એટલે પોલીસનો ખપ શાનો પડે? ગામડાંના લોકો એકંદરે શહેરી જીવન ગાળવાનો પ્રયત્ન કરતા; કેમકે લંડનનો પ્રભાવ આખા દેશ પર પડતો. તેમની પાસે લંડનમાં જઈ રહેવાનાં નાણાં નહોતાં, એટલે તેઓ દિવસે શિકાર ખેલે, અને સાંજે દારૂ પી મસ્ત બને. ખેડુતો સાદું, ઉદ્યોગી, અને નિયમિત જીવન ગાળી ગુજરાન જેવું રળી લેતા. સ્ત્રીઓ ઘરનું કામકાજ કરતી. રોટલી કરવામાં, અથાણાં અને શાક તૈયાર કરવામાં, દારૂ ગાળવામાં, કે મસાલો બનાવવામાં તેમના ગુણની પરીક્ષા થતી. ચાનો ઉપયોગ તે સમયે નજીવો થતો, એટલે બપોરે

પાડોશની સ્ત્રીઓ એકઠી મળીને વણતી, કાંતતી, સીવતી, અને વાતો કરતી. પુરોહિતોનું સ્થાન સમાજમાં છેક નીચું હતું. તેમને પેટપૂરતો પગાર મળતો નહિ. દરેક અમીરના ઘરમાં આવો એક હલકા પગારનો ગોર રહેતો, અને તેની પત્ની નોકર જેટલી મનાતી. ગોરાણી ઘણી વાર રસોડું સંભાળતાં; છતાં કેટલાક ખરેખરા શાસ્ત્રજ્ઞ અને ધર્મપરાયણ પંડિતો હતા, જેમને લીધે ધર્મસ્થાનોનું ગૌરવ ટકી રહ્યું.

હવે સમાજમાં ભપકાદાર અને રંગબેરંગી કપડાં પહેરવાનો શોખ દાખલ થયો. છુટાં ફરફરતાં, અને શણગારવાળાં વસ્ત્રો ઉપર ઝૂલતો ઝભ્ભો નાખીને ફરતા 'કેવેલિયર' નો દમામ અને આકર્ષકતા જોઈ લોકો તેનું અનુકરણ કરતા. વિલાસી ચાર્લ્સે ફેશનમાં વધારો કર્યો. એ સમયમાં પ્યૂરિટનોનો લાંબો સાદો, કાળો ઝભ્ભો અને તેમના છુટા આછા કેશ પર પહેરેલી ઉંચી ટોપીની ભવ્ય સાદાઈ ભાત પાડતી.

લોકજીવનમાં હજુ સંસ્કારિતા કે સુઘડતા ન હતાં. શહેરમાં સ્વચ્છ પાણી મળી શકતું નહિ, ત્યાં ગંદા પાણીનો નિકાલ કરવાની યોજના ક્યાંથી હોય? શ્રીમંતો કોઈ કોઈ દિવસ સ્નાન કરે, તો પછી જાહેર સ્નાનગૃહની આશા કેવી? લોકોની રીતભાત કર્કશ અને કઠોર હતી. મોડી રાતના બહાર ફરતા જુવાનો રસ્તામાં જે મળે તેમને ગાળો દે, કે ગમે તેવું વર્તન ચલાવે, તેમાં વાંધો લેવા જેવું કોઈને લાગતું ન હતું. શેઠ નોકરને મારતો અને શિક્ષક કોઈ બેવકુફ શિષ્યમાં હોશિયારી આણવા કે આળસુમાં ચંચળતા પ્રેરવા માટે નેતરની સોટીને અમૂલું સાધન માનતો. મુરઘાંની લડાઈ, ગોધા અને કુકરાની સાઠમારી, તરવારની પટાબાજી, તેમજ ઘોડદોડ, વગેરેમાં લોકોને આનંદ આવતો. ઘણુંખરૂં આવી રમતો રવિવારને દિવસે થતી. કોઈ ગુનેગારને હેડમાં પૂર્યો હોય, કે તેના ઉપર જોરબંધી થતી હોય, અથવા તેને ફાંસી દેવામાં આવતી હોય, તો સંખ્યાબંધ લોકો એ તમાશો જોવા ભેગા થઈ જતા. ટેનિસ, મેપોલ, ફુટબોલ આદિ રમતો લોકપ્રિય હતી.

ચાર્લ્સ બીજો ગાદીએ આવ્યા પછી લોકજીવનમાં વિલાસ અને દુરાચાર વધ્યાં. નીશાબાજી, નાટકશાળા, નૃત્ય, ગાન, અને ઘોડેસવારી એ સમય વીતાવવાનાં સાધન થઈ પડયાં. કાફીખાનાંમાં લોકો સારી પેઠે એકઠા થતા.

ત્યાં દેશપરદેશની ખબરો, વેપારસમાચાર, રાજદ્વારી પ્રશ્નો, અને મોટાં કુટુંબોની કુથલીઓ વિષે ચર્ચા થતી. કોઈ સ્થળે કડકડતાં કપડાં પહેરીને રાજપક્ષના માણસો બેઠા હોય, તો કોઈ સ્થળે સાદા વેશવાળા પ્યૂરિટનો હાથમાં માળા ફેરવતા, બોડું માથું હલાવતા, ગુફતેગો કરી રહ્યા હોય, તો કોઈ સ્થળે ડ્રાઈડનની સાહિત્યચર્ચા સાંભળવા માટે સાહિત્યરસિકો એકઠા મળ્યા હોય. આ કાફીખાનાં તે સમયે કલબ, પુસ્તકાલય, સભાગૃહ, અને ધર્મ-સ્થાનની ગરજ સારતાં હતાં.

## ૫. સાહિત્ય

સત્તરમા સૈકાનો પૂર્વાર્ધ એ સાહિત્યનો શુષ્ક કાળ હતો. લોકોનાં વ્યગ્ર ચિત્તમાં ભવ્ય વિચાર કે તેજસ્વી કલ્પના આવી શકતાં નહિ, એટલે તે સમયનું સાહિત્ય અલ્પજીવી અને મધ્યમ શ્રેણીનું થયું. પરંતુ આંતર વિગ્રહ પછી સાહિત્યનો પ્રવાહ સમૃદ્ધ થવા લાગ્યો. આંતર વિગ્રહ, ક્રોમ્વેલનો અમલ, કેથોલિકોનો ભય, ફ્રેન્ચો જોડે વિગ્રહ, અને રાજ્યક્રાન્તિ જેવા દીલ ઉશ્કેરી મૂકનારા બનાવો વિષે છૂટક કે ગ્રંથબદ્ધ વિચારો, અભિપ્રાયો અને ટીકાઓ પ્રકટ થવા લાગી. આ સમયમાં વર્તમાનપત્રોની શરૂઆત થઈ. તે સમયનાં વર્તમાનપત્રો અઠવાડીઆમાં બે ત્રણ વાર પ્રસિદ્ધ થતાં. તેમાં મુખ્ય વર્તમાનપત્ર ‘લંડન ગેઝેટ’ હતું. આ પત્રો ઘેર ઘેર ફરતાં, અને તેમાં નામના સમાચાર આવતા. પાર્લમેન્ટના હેવાલો કે રાજ્યપ્રકરણી વૃત્તાંતો તેમાં પ્રસિદ્ધ થઈ શકતાં નહિ. ઇ. સ. ૧૬૯૪માં વિલિયમે છાપખાના પરનો અંકુશ દૂર કરી સાહિત્યની ગતિને વેગ આપ્યો. આથી રાજ્ય તરફથી નિમાએલા નિરીક્ષકને લેખો બતાવવાના રહ્યા નહિ, એટલે લોકો પોતાના વિચાર નીડરપણે પ્રકટ કરવા લાગ્યા. એડિસન અને સ્ટીલ જેવા મર્મજ્ઞ લેખકોએ ‘ટેટલર’ અને ‘સ્પેક્ટેટર’ જેવાં સાપ્તાહિકોમાં માર્મિક અને કટાક્ષમય લેખો આપીને પ્રજાના રાજ્યદ્વારી અને ધાર્મિક આંતર કલહો કેટલા હાસ્યપાત્ર છે એ સમજાવ્યું. એ લેખો વ્હિગ અને ટોરી પક્ષો વચ્ચેનો વિરોધ શમાવવાની સેવા કરનારા છે.

આ યુગમાં મહાકવિ મિલ્ટને બાઇબલની કથાનો આધાર લઈ તેને તેજોમય કલ્પનાએ રસી. તેણે ભવ્ય અને ગંભીર વાણીમાં માનવીના અધઃ-

પાતનું વર્ણન આપતું 'પેરેડાઈઝ લૉસ્ટ' નામનું મહાકાવ્ય રચી પ્યૂરિટન ધર્મના આદર્શો મૂર્તિમંત કર્યા, અને પોતાના અંધાપાના દિવસોમાં 'સેમ્સન એગોનિસ્ટીસ' લખી આશ્વાસન શોધ્યું. પ્રસિદ્ધ દર્શનશાસ્ત્રી લૉક, અને ગણિતશાસ્ત્રી ન્યૂટને આ યુગમાં પોતાના પાંડિત્યનો પરિચય આપનારા શાસ્ત્રીય ગ્રંથો રચ્યા. પ્રસિદ્ધ કંસારા જ્હૉન બનિયને 'ભક્તપ્રયાણ' લખી પ્યૂરિટનોના ધર્મનું આંતર રહસ્ય ઉઘાડું કર્યું. બોલિંગબ્રોકને વર્તમાનપત્રોમાં કટાક્ષમય આખ્યાયિકાઓ અને લેખો લખી મદદ આપવા માટે મશહૂર થએલા ડીન સ્વિફ્ટે ગુલિવરની મુસાફરીનું હાસ્યરસિક અને માર્મિક વર્ણન આપી તે સમયની રાજ્યદ્વારી પરિસ્થિતિનું રૂપક રજુ કર્યું. બર્નેટે તે સમયનો ઇતિહાસ સાચવી રાખ્યો, અને પેપિઝે રોજનિશીમાં રસિક નોંધ લખીને ઇતિહાસ અને સાહિત્યની ગુંથણી કરી. રૉબિન્સન ક્રૂઝોની અસંભવિત પણ લોકપ્રિય વાર્તાનો લેખક ડેનિયલ ડીફો, અને અંગ્રેજી ગદ્યને ઘડનાર અને તેને વિશિષ્ટ ઝોક આપનાર ડ્રાઈડન પણ આ યુગમાં થયા. કાઉલી, હેરિક, જીવનના ક્ષુદ્ર વિષયોને પદ્યમાં ગોઠવી દેનાર સુપ્રસિદ્ધ કવિ પોપ, અને હુડીબ્રાસનો લેખક, તેમજ પ્યૂરિટનોનો માર્મિક પરિહાસ કરનાર બટલર એ આ જમાનાના કવિઓ હતા. ડ્રાઈડને ચાર્લ્સ અને વ્હિગ પક્ષ વચ્ચે થએલા કલહનાં રૂપકો લખી કવિ તરીકેની ગણના મેળવી.

સત્તરમા અને અઢારમા સૈકાના સાહિત્યમાં ધીમે ધીમે ફેરફાર થતો જણાઈ આવે છે. આરંભના ગ્રંથો પાંડિત્યપૂર્ણ હોઈ કઠણ શૈલીમાં લખાતા હતા, તેથી અભ્યાસકો અને વિદ્વાનો માત્ર તેનો ઉપયોગ કરી શકતા, જ્યારે સામાન્ય પ્રજાવર્ગ આ લાભથી વંચિત રહેતો. ધીમે ધીમે સાહિત્ય સમસ્ત પ્રજાનો મહામૂલો વારસો છે એ ભાવના પ્રગટી, એટલે ગ્રંથકારો સરળ અને સુબોધ ભાષામાં લખવા લાગ્યા. પરિણામે અંગ્રેજી સ[illegible]માંથી કર્કશ શૈલીનો લોપ થઈને સરળ, મધુર, અને પ્રસાદયુક્ત શલીનો પ્રવેશ થયો. સાહિત્યનો પ્રચાર વધતો ગયો, તેમ પ્રજા ઉપર ઉત્તમ સંસ્કાર પડવા લાગ્યા, એટલે તેમની મનોદષ્ટિ વિશાળ અને ઉદાર થઈ, અને તેમનામાં મતાંતરસહિષ્ણુતા આવવા લાગી.

# હેનોવર વંશ

- જ્યૉર્જ ૧લો (૧૭૧૪–૧૭૨૭)
  - જ્યૉર્જ ૨જો (૧૭૨૭–૧૭૬૦)
    - [મૃત્યુઃ ૧૭૫૧] ફ્રેડરિક
      - જ્યૉર્જ ૩જો (૧૭૬૦–૧૮૨૦)
        - જ્યૉર્જ ૪થો (૧૮૨૦–૧૮૩૦)
        - વિલિયમ ૪થો (૧૮૩૦–૧૮૩૭)
        - એડવર્ડ
          - (૧૮૩૭–૧૯૦૧) વિક્ટોરિયા
            - એડવર્ડ ૭મો (૧૯૦૧–૧૯૧૦)
              - પ્રિન્સ આલ્બર્ટ વિક્ટર [મરણઃ ૧૮૯૨]
              - જ્યૉર્જ ૫મો (૧૯૧૦–૧૯૩૬)
                - એડવર્ડ ૮મો (૧૯૩૬) [ડ્યૂક ઑવ્ વિંડસર]
                - જ્યૉર્જ ૬ઠ્ઠો (૧૯૩૭–ચાલુ)
            - (બીજા ૩ પુત્રો)
            - (૪ પુત્રીઓ)

નોંધઃ છેલ્લા મહાન્ વિગ્રહ દરમિયાન 'હેનોવર' શબ્દ પડતો મૂકી ઇંગ્લૅન્ડના રાજાએ પોતાને '**વિંડસર**' વંશના કહેવડાવવાનું શરૂ કર્યું છે.

# ખંડ ૪થો : મધ્યાહ્ન

## હૅનોવર વંશ

[ ઈ. સ. ૧૭૧૪થી ૧૯૧૪ ]

## વિંડસર વંશ

[ ઈ. સ. ૧૯૧૪થી ચાલુ ]

# પ્રકરણ ૧લું

## જ્યૉર્જ ૧લો : ઇ. સ. ૧૭૧૪–૧૭૨૭

(**જ્યૉર્જ ૧લો:** આ રાજા ૫૪ વર્ષનો, સાદો, શાંત, નિર્દંભી, પણ ભાવશૂન્ય હૃદયવાળો, સાધારણ બુદ્ધિનો, પ્રમાદી અને અસ્થિર પ્રકૃતિનો હતો.) તેને રાજ્યબંધારણના સિદ્ધાંતોની સમજણ પણ ન હતી: છતાં તેનામાં સામાન્ય સમજ અને કામનો નિર્ણય કરવાની શક્તિ અજબ હતી. તેણે એવો નિશ્ચય કરી લીધો, કે ઈંગ્લૅન્ડના રાજ્યબંધારણમાં કદી હાથ નાખવો નહિ. (જે વ્હિગ પક્ષને પ્રતાપે તે ઈંગ્લૅન્ડનો રાજા થયો, તે પક્ષને રાજતંત્રનો ભાર સોંપી તે જર્મન મિત્રોના સહવાસમાં રહેવા લાગ્યો.)



જ્યૉર્જ ૧લો

(આ યુગમાં આવા રાજાની જરૂર હતી. સત્તરમા સૈકાનાં ધાર્મિક અને રાજકીય ઉત્સાહનાં પૂર ઓસરી જતાં હતાં, અને વ્યાપારી અને સાંસારિક કામનાની વૃત્તિ પ્રબળ થતી હતી. હવે અંગ્રેજો સામુદ્રિક શ્રેષ્ઠતાની મહત્ત્વાકાંક્ષા ધરાવવા લાગ્યા. દેશની વધતી જતી સમૃદ્ધિને લીધે ધાર્મિક વૃત્તિ ઓસરી જઈ નાસ્તિકતા આવવા લાગી. આથી અઢારમા સૈકાને '**બુદ્ધિવાદનો યુગ**' કહેવામાં આવે છે. આવી પરિસ્થિતિમાં જ્યૉર્જનો અમલ દેશને અનુકૂળ હતો; પણ રાજા પરદેશી છે, એ વાત ખુદ રાજા કે પ્રજા બેમાંથી કોઈ ભૂલી શકતું ન હતું.)

**વ્હિગ પક્ષનું પ્રાબલ્યઃ** હેનોવર વંશના આરંભથી લગભગ પચાસ વર્ષ સુધી વ્હિગ પક્ષ જોરદાર રહ્યો. પહેલા બે રાજાઓ દેશના રાજકાજમાં પ્રધાનોનાં સોગઠાં જેવા હતા. અનેક વેળા મંત્રીમંડળો બદલાયાં હશે, પરંતુ તે સર્વ વ્હિગ પક્ષનાંજ. આનું કારણ શું?

એનના મૃત્યુસમયે ટોરી પક્ષ પ્રબળ હોવા છતાં તેમાં ફાટફૂટ પડી હતી. તેમાંના એક પક્ષે સ્ટુઅર્ટ જેમ્સને ગાદીએ લાવવા માટે પ્રપંચ ખેલ્યો હતો. પરંતુ રોમન કેથોલિક રાજા ગાદીએ આવે એ વાત પ્રજાને ગમતી ન હતી, એટલે દેશમાં ટોરીઓ અળખામણા થઈ પડયા. તેઓ સ્ટુઅર્ટ અને કેથોલિક પંથના પક્ષકારો મનાવા લાગ્યા. રાજ્યક્રાન્તિથી થએલું દેશો-ન્નતિનું કાર્ય સ્થિર કરવાને પ્રોટેસ્ટન્ટ રાજા ગાદીએ આવવો જોઈએ, અને એવો રાજા જર્મન હોય તોપણ તે સ્વીકારવા પ્રજા તૈયાર હતી. વ્હિગ પક્ષ પ્રોટેસ્ટન્ટ રાજાનો હિમાયતી હતો, એટલે આવી સ્થિતિમાં રાજ્યક્રાન્તિના સુધારાનું રક્ષણ કરવાનો ભાર તેમના ઉપર છે એમ પ્રજા માનવા લાગી. ટોરીઓમાં કોઈ ચતુર નેતા ન હતો, પણ વ્હિગ પક્ષમાં ચતુર, દેશકાલજ્ઞ, અને બુદ્ધિશાળી પુરુષો ઘણા હતા. તેઓ અંદર અંદર ગમે તેટલો દ્વેષ કરતા હોય, પણ ટોરીની વાત આવે ત્યાં એકત્ર થઈ જતા. ટોરીઓના ધાર્મિક જુલમોથી ત્રાસેલા અપ્રતિજ્ઞાગ્રાહીઓ પણ જ્યૉર્જ અને તેના સહાયક વ્હિગને અનુમોદન આપવા લાગ્યા. સંસ્થાનોના વિકાસને અને વ્યાપારવૃદ્ધિને સ્વાભા-વિક ચતુરાઈથી ઉત્તેજન આપનાર વ્હિગ પક્ષ ઉપર વેપારીઓ અને શ્રીમંતો-ની કૃપા થવા લાગી. આમની સભામાં વ્હિગ પક્ષના અનુયાયીઓ ઘણા હતા. તે સમયે પાર્લમેન્ટ સંપૂર્ણ લોકપ્રતિનિધિત્વવાળી ન હતી. પ્રાચીન કાળમાં જે શહેરોને સભ્યો મોકલવાનો અધિકાર આપવામાં આવ્યો હતો, તેમાંથી કેટલાંક ઉજ્જડ થઈ ગયાં હતાં, અને કેટલાંક ક્ષીણ થઈ ગયાં હતાં. પરંતુ કેટલાંક નવાં શહેરો વ્યાપાર–ઉદ્યોગને લીધે વધારે અગત્યનાં થયાં હતાં, છતાં તેમને પ્રતિનિધિઓ મોકલવાનો હક મળ્યો ન હતો. આથી જમીનદારો અને ધનિકો લાગવગ વાપરી ઉજ્જડ ગામડાં ખરીદી લઈ ત્યાંથી મનમાન્યા પ્રતિનિધિઓ મોકલવાની ગોઠવણ કરતા. આ ભાડુતી પ્રતિનિધિ-ઓ માલીકની રૂખ જોઈને વ્હિગ પક્ષમાં રહેતા, અને તેનું પ્રાબલ્ય

ટકાવી રાખતા. આ ઉપરાંત જરૂર પડે લાંચ, ઈનામઅકરામ, અને ભેટનો છૂટે હાથે ઉપયોગ થતો. ધર્મ વિષે પણ વ્હિગ પક્ષે આગ્રહ રાખવો છોડી દીધો. તેમણે અપ્રતિજ્ઞાગ્રાહીઓ વિરુદ્ધના કાયદા કાઢી નાખ્યા, અને સર્વને પોતાને અનુકૂળ ધર્મ માનવાની ઉદારતા બતાવી. હજુ પાર્લમેન્ટના ખરા સૂત્રધાર અમીરો, ધનિકો, અને જમીનદારો હોવાથી આ પ્રકારના તંત્રને '**કુલીન રાજ્યતંત્ર**' (Oligarchy) કહેવામાં આવે છે.)

ઇ. સ. ૧૭૧૫માં નવી મળેલી પાર્લમેન્ટમાં વ્હિગ સભ્યો અધિક હતા, એટલે જ્યૉર્જે ટોરી મંત્રીઓને રજા આપી વ્હિગ પક્ષને અધિકાર આપ્યો. વાઇકાઉન્ટ ટાઉનશેન્ડ, સ્ટેનહોપ, રૉબર્ટ વૉલ્પોલ, સંડરલેન્ડ, અને શ્રૂસ્બરી આદિ વ્હિગ અગ્રણીઓ મંત્રીમંડળમાં આવ્યા. તેમણે પોતાનો પક્ષ મજબુત કરવાની ખાતર પ્રતિસ્પર્ધી ટોરીઓની ખબર લેવા માંડી. યૂટ્રેકટની સંધિ માટેની વિષ્ટિઓમાંથી અનેક વાંધા કાઢી ટોરી મંત્રીઓને તે માટે જવાબદાર ગણવામાં આવ્યા, અને વેશધારી જેમ્સને ગાદીએ લાવવાની ખટપટના આરોપ મૂકી જુના મંત્રીઓ ઉપર કામ ચલાવવામાં આવ્યું. બોલિંગબ્રોક અને ઓરમંડ ફ્રાન્સ જઈ જેમ્સની ઓથે ભરાયા, એટલે તેમની જાગીરો જપ્ત કરવામાં આવી, અને ઑકસફર્ડને બંદીખાને મોકલવામાં આવ્યો. વર્ષો સુધી ટોરીઓને સ્ટુઅર્ટોના પક્ષકાર ગણી અધિકારથી દૂર રાખવામાં આવ્યા. પાર્લમેન્ટમાં પણ તેમની સંખ્યા ભાગ્યેજ સાઠ–એંશીની રહી.

પાર્લમેન્ટની વરણી વખતે દેશમાં જેમ્સના પક્ષકારોએ તોફાન મચાવ્યું. પરંતુ ભવિષ્યમાં તેમ થવા ન પામે તે માટે વિદ્રોહનો કાયદો (Riot Act) પસાર કરી ઠરાવવામાં આવ્યું, કે કોઈ સ્થળે બાર માણસો એકઠાં થયાં હોય, ત્યાં ન્યાયાધીશ કાયદો સંભળાવી વીખેરાઈ જવાની આજ્ઞા કરે, છતાં ન વીખેરાઈ જાય તો તેમના ઉપર બળાત્કાર પણ વાપરી શકાય.

(**૧૭૧૫નું બંડ**: વિદ્રોહના કાયદાથી પ્રજાના સ્વાતંત્ર્ય ઉપર તરાપ પડવાથી અસંતોષ ઉત્પન્ન થયો હશે, એમ માની જેકોબાઈટોએ જેમ્સને ગાદીએ આણવાનો છેલ્લો પ્રયત્ન કરી જોયો.) ઈંગ્લેન્ડમાં ટોરીઓને જેમ્સ માટે બહુ ભાવ ન હતો; પરંતુ કોઈ પણ પ્રકારે (વ્હિગ પક્ષની સત્તા તોડવા તેઓ એકપગે થઈ રહ્યા.) વેલ્સ અને કૉર્નવૉલના જેકોબાઈટ પણ એમાં

મળે તેવો સંભવ હતો. (સ્કૉટલેન્ડમાંથી પણ સહાય મળવાનો સંભવ હતો.) ઘણાખરા સ્કૉટ લોકો ઈંગ્લેન્ડ જોડે સ્કૉટલેન્ડના સંયોગથી વિરુદ્ધ હતા. વળી સ્કૉટ વંશનો રાજા ઈંગ્લેન્ડની ગાદીએ આવે, તેમાં તેમનું સ્વદેશાભિમાન પોષાતું હતું. આ ઉપરાંત પરસ્પર વિદ્વેષના કારણથી પણ પ્રોટેસ્ટન્ટોના આધારસ્તંભરૂપ અને જ્યૉર્જના સહાયક કેમ્પબેલ કુટુંબ જોડે યુદ્ધ કરવાનો પ્રસંગ મળતો હોય, તો ગમે તેનો પક્ષ લઈને (હાઇલેન્ડના લોકો હથિયાર ઉપાડવા તૈયાર હતા.) ફ્રાન્સની મદદ વિના ડગલું પણ ભરી શકાય તેમ ન હતું. દુર્ભાગ્યે સ્ટુઅર્ટોનો આશ્રયદાતા ચૌદમો લુઈ બળવા પહેલાં મરણ પામ્યો, અને ફ્રાન્સના બાળરાજાના રક્ષક ડ્યૂક ઑવ્ ઑર્લિયન્સે જ્યૉર્જ જોડે મૈત્રી કરી, એટલે ફ્રાન્સ તરફથી મદદની આશા ન રહી.

(ઇ. સ. ૧૭૧૫ના સપ્ટેમ્બર માસમાં અર્લ ઑવ્ માર નામે સત્ત્વહીણા, સ્વેચ્છુ, ચંચળ પ્રકૃતિના, અને લશ્કરી કુનેહ વિનાના અમીરે બળવાનો ઝંડો ઉપાડ્યો. અનેક હાઈલેન્ડરો અને અસંતુષ્ટ સ્કૉટ અમીરો તેને આવી મળ્યા. પ્રથમ ઉત્તર સરહદનાં પરગણાંમાં બળવો જગાડ્યો, એટલે થોડું સૈન્ય ત્યાં મોકલવામાં આવ્યું; પણ થોડા જેકોબાઈટ વિના આ બંડમાં કોઈ ભળ્યું નહિ. પ્રેસ્ટન પાસે બળવાખોરોની ખબર લેવા રાજસૈન્ય આવી પહોંચ્યું. બળવાખોરો હાર્યા અને શરણે થયા.) તેજ દિવસે સ્કૉટલેન્ડમાં મારના સૈન્યે વિહગ સૈન્ય સાથે શેરિફમ્યૂર પાસે યુદ્ધ કર્યું.[1] (કમનસીબ જેમ્સ સ્કૉટલેન્ડમાં ઉતર્યો,) તે માત્ર પોતાના પક્ષનો પરાજય સાંભળવાને! (તે તો આવ્યો તેવો પાછો ગયો; ધીમે ધીમે આ જેકોબાઈટ બંડ શમી ગયું.)

(સબળ નાયક વિનાના, અકાળે ઉઠાવેલા, અને નમાલા બંડનું પરિણામ શું આવે? ઠેરઠેર જેકોબાઈટો હડધૂત થવા લાગ્યા. જેમ્સનો ઈંગ્લેન્ડમાંથી પગદંડો નીકળી ગયો, અને નવા રાજ્યતંત્ર પ્રત્યે લોકોની નિષ્ઠા દૃઢ થઈ.

૧. નીચેના પ્રાચીન સ્કૉટ લોકગીતમાં આ યુદ્ધનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

There's some say that we won, And some say that they won,
And some say that none won at a', man; But of one thing I'm sure,
That at Sheriffmuir, A battle there was that I saw, man;
And they ran and we ran, And we ran and they ran awa', man.

બંડના આગેવાનોને પકડીને ફાંસી દેવામાં આવી, કે કારાવાસમાં મોકલવામાં આવ્યા. કેટલાક હાઈલેન્ડરોનાં શસ્ત્રો લઈ લેવામાં આવ્યાં, નવા કિલ્લા બાંધવામાં આવ્યા, અને હાઈલેન્ડમાં રસ્તા કાઢી એ પ્રદેશને ઉઘાડો કરવામાં આવ્યો.

**સપ્તવાર્ષિક કાયદાઃ** ત્રિવાર્ષિક કાયદા પ્રમાણે નવી પાર્લમેન્ટ ઇ. સ. ૧૭૧૮માં મળવી જોઈએ. હજુ દેશની સ્થિતિ અસ્થિર હતી; બંડના પડઘા શમ્યા ન હતા, અને પ્રજાનું મન અશાંત અને વ્યગ્ર હતું, તેવે સમયે નવી પાર્લમેન્ટમાં કદાચ વ્હિગ પક્ષ નરમ પડી જાય એટલુંજ નહિ, પણ જેમ્સનો પક્ષ જોર પર આવી જાય તો નવો રાજવંશ ઉખડી જાય, એવા ભયથી હકપત્રિકાના અંશભૂત ત્રિવાર્ષિક કાયદાનો ભંગ કરી મંત્રીઓએ ઠરાવ્યું કે હવેથી દર ત્રણ વર્ષને બદલે સાત વર્ષે નવી પાર્લમેન્ટ મળે. પોતાનો પક્ષ દૃઢ કરવા ખાતર વ્હિગ મંત્રીઓએ આપખુદી ચલાવી એ તો નિઃશંક છે. આ કાયદાથી આમની સભામાં લાંચરૂશ્વતનો સંભવ વધ્યો, અને સભ્યોને લોકો જોડે નિકટ પરિચયમાં રહેવાનું પ્રયોજન ઓછું થયું; પણ વરણીને અંગે થતાં ધમાલ અને ખર્ચ ઘટયાં, અને હેનોવર વંશની સ્થાપના દૃઢ થઈ. વળી સભ્યોનું સ્વાતંત્ર્ય વધતાં તેમને કામમાં રસ લેવાનો પ્રસંગ મળ્યો, અને રાજનીતિ એકધારી રહેવાનો સંભવ વધ્યો.

**આંતર નીતિઃ** આ પ્રમાણે ટોરી પક્ષને નિર્બળ કર્યો, અને પોતાની સત્તાનાં મૂળ દૃઢ થયાં, એટલે વ્હિગ લોકોમાં બે પક્ષ પડયા. ઇ. સ. ૧૭૧૬માં જ્યૉર્જ હેનોવર ગયો, ત્યારે સ્ટેનહોપને સાથે લેતો ગયો. ત્યાં જઈ તેણે ફ્રાન્સ અને હોલેન્ડ જોડે સંધિ કરી. ટાઉનશેન્ડને આ યોજના નહિ રુચવાથી તેણે રાજીનામું આપ્યું, એટલે સ્ટેનહોપ મુખ્ય મંત્રી થયો.

સ્ટેનહોપે ઇતર ધર્મીઓ વિરુદ્ધના કાયદા રદ કર્યા, પણ તે અમીરોનો ખરડો ( Peerage Bill ) પસાર કરાવી શકયો નહિ. વ્હિગ પક્ષને રાજા અને પ્રજા ઉભયનો ભય હતો; તેમને તો પોતાની સત્તા ગમે તે પ્રકારે ટકાવી રાખવી હતી. એનના સમયમાં યૂટ્રેકટની સંધિ વખતે કેટલાક ટોરી અમીરો બનાવવામાં આવ્યા હતા. ફરીથી એમ થવા ન પામે એવો આ

કાયદાનો હેતુ હતો; પણ એ કાયદો પસાર થયો હોત તો રાજસત્તા નહિ જેવી થઈ જાત. વૉલ્પોલે તેનો સખત વિરોધ કર્યો હતો.

(**દક્ષિણ મહાસાગરનો પરપોટો**: અંગ્રેજોનું વેપાર પ્રત્યે આકર્ષણ વધતાં અનેક મંડળીઓ સ્થપાવા લાગી. ઈ. સ. ૧૭૧૧માં દક્ષિણ મહાસાગર અને સ્પેનિશ અમેરિકામાં વેપાર કરવાને નિમિત્તે એક મંડળી સ્થપાઈ. આરંભમાં આ મંડળીનું કાર્ય સારૂં ચાલવા લાગ્યું, પણ સ્પેનિઆર્ડોનાં વિઘ્નોથી સ્પેનિશ અમેરિકામાં જોઈએ તેટલો લાભ મળ્યો નહિ. આથી વેપારની અન્ય દિશા શોધતા સાહસિક વ્યવસ્થાપકોએ દક્ષિણ મહાસાગરના ટાપુઓમાં એકહથ્થુ વેપાર કરવાની રજા મળે, તો રાજ્યને ૭૫,૦૦,૦૦૦ પૌન્ડ આપી પ્રજા–ઋણ ફેડી આપવાની માગણી કરી. મંડળી પાસે નાણાં ન હતાં, પણ ભવિષ્યની આશા હતી. સ્ટેનહોપે આ માગણી સ્વીકારી પાર્લમેન્ટમાં ખરડો આણ્યો, અને જો કે દીર્ઘદૃષ્ટિવાળો વૉલ્પોલ સામો પડ્યો, છતાં ખરડો મંજુર થયો. સરકારી સહાયની વાત જાણતાં લોકોએ તે મંડળીના શેર (Share) ખરીદવા દોડધામ કરી મૂકી. શેરના ભાવ દસગણા ચડ્યા, તોપણ અમીર કે ફકીર, સ્ત્રી કે બાળક, ટપાલી કે હમાલ, સૌએ ધનવાન થઈ જવાની આશામાં શેર ખરીદવા માંડ્યા. આ જોઈને તરેહવાર નામ અને કામ કરવાના ઉદ્દેશવાળી બીજી મંડળીઓ ઉભી થવા લાગી. કોઈને ખારા પાણીને મીઠું કરવું હતું, કોઈને રેતીમાંથી તેલ કાઢવું હતું, કોઈને સદાગતિ ચક્રની શોધ કરી યંત્રો ચલાવવાં હતાં, કોઈને સ્પેનિશ ગધેડા ઉછેરવા હતા, અને એકને "ઘણી લાભદાયક–શી તે કોઈ જાણવા પામ્યું નથી" યોજના ચલાવવી હતી. દેશભરમાં શેર ખરીદવાનો પવન ચાલ્યો, અને જ્યાં જાઓ ત્યાં એની એ વાત. સરકારને લાગ્યું કે દેશની આર્થિક અવદશા થવાનો વારો આવ્યો, એટલે તેણે કેટલીક નાની ધૂર્ત મંડળીનાં ભોપાળાં બહાર પાડ્યાં. હવે લોકવૃત્તિનું પૂર બીજી દિશાએ વળ્યું. બીજી મંડળીઓ આવાં ધતીંગ ચલાવે છે, ત્યારે દક્ષિણ મહાસાગરની મંડળીમાં શુંએ ચાલતું હશે? સર્વે પોતાના શેર વેચવા મંડી ગયા, અને શેરના ભાવ ગગડ્યા. આમ ઢોલની પોલ ખૂલી. એથી અનેક લોકોનાં નાણાં ગયાં, અને પાયમાલીનો પાર ન રહ્યો. દેવાળીઆઓથી કેદખાનાં ભરચક થઈ ગયાં. તેમાં એવી વાત ચાલી કે

કેટલાક મંત્રીઓએ પોતાનાં ખીસ્સાં તર કર્યાં છે. હવે લોકોના ક્રોધને સીમા ન રહી. મંત્રીઓ ઉપર આક્ષેપો આવ્યા, અને મંડળીના ધૂર્ત વ્યવસ્થાપકોને સજા કરવાની માગણી થઈ. દરમિઆન એક મંત્રીએ આત્મઘાત કર્યો, સ્ટેનહોપનું મૃત્યુ થયું, અને સંડરલેન્ડની તપાસ થઈ. પછી વૉલ્પોલ અને ટાઉનશેન્ડ મંત્રીમંડળમાં આવ્યા. વૉલ્પોલે ભયંકર પાયમાલીમાંથી માર્ગ કાઢવાનો પ્રયત્ન કર્યો. તેણે ઈસ્ટ ઇન્ડિઆ કંપનિ અને ઈંગ્લેન્ડની બૅન્ક વચ્ચે નુકસાની વહેંચી નાખી, અને વ્યવસ્થાપકોની માલમતા હરરાજ કરીઃ છતાં આર્થિક આઘાતમાંથી કળ વળતાં કેટલોક કાળ ગયો.)

**દેશાંતર નીતિઃ** વ્હિગ પક્ષમાં ફૂટ પડવાનાં કારણોમાં સ્ટેનહોપની આંતર નીતિ કે આર્થિક નીતિ ઉપરાંત દેશાંતર નીતિ પણ આવી જાય છે. તે માનતો હતો કે ઈંગ્લેન્ડની ગાદીએ પ્રોટેસ્ટન્ટ રાજા રાખવો હોય, તો યુરોપની રાજખટપટમાં ઈંગ્લેન્ડે જોસભેર પડવું જોઈએ. વૉલ્પોલ અને તેના સાથીઓ માનતા હતા, કે વ્યાપારઉદ્યોગના સંરક્ષણની ખાતર ઈંગ્લેન્ડે બનતા સુધી અવિગ્રહનીતિ સ્વીકારવી જોઈએ. સ્ટેનહોપે ફ્રાન્સ જોડે કરેલી સંધિને લીધે ટાઉનશેન્ડ અને વૉલ્પોલ મંત્રીમંડળમાંથી છુટા પડી ગયા. સ્પેનના રાજાને યૂટ્રેકટની સંધિનો ભંગ કરીને નેપલ્સ અને સિસિલીનો મુલક પાછો જોઈતો હતો, એટલે તેણે હેનોવરના શત્રુ સ્વીડન જોડે મૈત્રી કરી. ફ્રાન્સનો બાળરાજા લુઈ ૧૫મો અપુત્ર મરણ પામે, તો સ્પેનના રાજાનો ફ્રાન્સની ગાદી ઉપર હક થતો હતો. ઑર્લિયન્સને ફ્રાન્સની ગાદી પોતાના વંશમાં આવે એવી ઇચ્છા હતી, એટલે સ્પેનના રાજાને યૂટ્રેકટની સંધિનું અક્ષરશઃ પાલન કરાવવાની જરૂરિઆત ઉભી થતાં ઈંગ્લેન્ડ અને ફ્રાન્સ જેવા શત્રુઓ વચ્ચે મૈત્રી થઈ. તેમાં હોલેન્ડ ભળ્યું, એટલે તે **'ત્રિરાજ્ય સંધિ'** કહેવાઈ; પાછળથી ઑસ્ટ્રિઆ ભળ્યું, એટલે તે **'ચતુરાજ્ય સંધિ'** થઈ.

ફિલિપે ઇ. સ. ૧૭૧૭માં સિસિલી ઉપર હલ્લો કર્યો, એટલે નૌકાસેનાપતિ બિંગે પેસેરોની ભૂશિર પાસે સ્પેનના કાફલાનો પરાભવ કર્યો. સ્પેને જેકોબાઈટ બળવો જગાડવાનો પ્રયત્ન કર્યો, પણ તેમાં તે ફાવ્યું નહિ. એક સ્પેનિશ કાફલો ઈંગ્લેન્ડ પર ચડાઈ કરવા આવ્યો, તેનો બિસ્કેના અખાતમાં નાશ થયો. ફિલિપ હતાશ થઈ યુરોપમાં એકલો પડી ગયો. છેવટે તેણે

જેમ્સનો પક્ષ મૂકી દઈ હેનોવર વંશનો સ્વીકાર કર્યો, અને ફ્રાન્સના રાજ્ય ઉપરથી હાથ ઉઠાવી લીધો. તેણે યૂટ્રેકટની સંધિ પાળવાનું વચન આપ્યું, અને તે ચતૂરાજ્ય સંધિમાં ભળ્યો.

આમ સ્ટેનહોપની દેશાંતર નીતિનો સંપૂર્ણ વિજય થયો. હવે ઈંગ્લેન્ડના પ્રતિસ્પર્ધીઓ તેની મૈત્રી યાચવા લાગ્યા, અને જેકોબાઈટ કાવાદાવા શમી ગયા. જ્યૉર્જનો વંશ દૃઢ સ્થપાયો, અને દેશમાં વ્હિગ પક્ષનું પ્રાબલ્ય કાયમ રહ્યું. પરંતુ દક્ષિણ મહાસાગરના પરપોટાથી સ્ટેનહોપની આર્થિક નીતિ નિષ્ફળ ગઈ. રાજાએ લોકમતને માન આપીને અને વૉલ્પોલની શક્તિની કદર કરીને તેને મુખ્ય મંત્રી બનાવ્યો, એટલે દેશોદ્ધારના કાર્યને પ્રગતિ આપવાનો ભાર વૉલ્પોલને શિરે આવી પડયો.

**મરણ**: ઇ. સ. ૧૭૨૭માં જ્યૉર્જ હેનોવરના પ્રવાસે ગયો હતો, ત્યાં જૂનની ૧૨મીએ ઓચિંતો મરણ પામ્યો. તે કઠોર, હૃદયશૂન્ય, સ્વાર્થી, અને જુલમી હતો. તેણે કુટુંબના સુખનો ખ્યાલ પણ કર્યો નહોતો. તેણે રાણીને ત્રીસ વર્ષ સુધી બંદીખાને રાખી હતી, અને તે એકના એક પુત્રનું મોં સરખું પણ જોતો નહોતો. પરંતુ તેનામાં ચારિત્ર્યની ઋજુતા, અડગ ધૈર્ય, અને કર્તવ્યપરાયણતા જેવા ગુણો હતા.

જ્યૉર્જના અમલમાં રાજ્યબંધારણમાં અગત્યનું તત્ત્વ દાખલ થયું, તે એ કે પ્રધાનો વધારે સ્વતંત્ર થતા ગયા. જ્યૉર્જને રાજકાજમાં રસ પડતો નહિ, તેથી તે મંત્રીમંડળની સભામાં ભાગ્યેજ જતો. આથી 'મુખ્ય મંત્રી'ની જવાબદારી વધી પડી. રાજાની ગેરહાજરીમાં મંત્રીમંડળ નિર્ણય કરવા લાગ્યું. વળી રાજાને અંગ્રેજી આવડે નહિ, અને મુખ્ય મંત્રી વૉલ્પોલને જર્મન આવડે નહિ, એટલે બંને લેટિનમાં વાત કરતા; અને બંનેનું લેટિનનું જ્ઞાન એવું અધુરૂં હતું, કે રાજા કોઈ વાર પૂરી રીતે વાકેફ થઈ શકતો નહિ. પરિણામે મંત્રીમંડળ કર્તાહર્તા થઈ પડયું. તેમાં પણ વૉલ્પોલ કેટલીક વાર પોતે નિર્ણય કરી લેતો. આમ પરદેશી રાજાના આકસ્મિક આગમનથી 'મુખ્ય મંત્રી'નું પદ સ્થાપિત થયું.

# પ્રકરણ ૨જું

## જ્યૉર્જ બીજો: ઇ. સ.-૧૭૨૭-૧૭૬૦

**જ્યૉર્જ બીજો:** આ રાજા ૪૪ વર્ષની પુખ્ત વયે ગાદીએ બેઠો. પિતાની પેઠે તે પણ આચારવિચારમાં જર્મન હતો. હેનોવરની તુલનામાં તેને મન બ્રિટનનો હિસાબ ન હતો. તે જક્કી, લોભી, તામસી, અને સાહિત્ય કળાનો દ્વેષી હતો. તેનામાં કાર્યનો ઉકેલ કરવાની શક્તિ હતી, છતાં તે દંભી હતો. તેને બીજાના કામમાં હાથ નાખી શ્રેષ્ઠતા બતાવવાનો શોખ હતો. તેને યુદ્ધકળાની આવડત હતી, તેથી તેને '**રણવીર**' તરીકે નામના મેળવવાની આકાંક્ષા રહેતી. તેની રીતભાત અણઘડ હતી, છતાં તેનું વર્તન સરળ અને નિષ્કપટી હતું. તે ભાંગ્યુંતૂટયું અંગ્રેજી બોલી જાણતો, અને અંગ્રેજ લોકાચારનું થોડું જ્ઞાન ધરાવતો. પિતા પ્રત્યે તેણે કદી પ્રીતિ દર્શાવી ન હતી, અને તેની રાજનીતિથી વિરુદ્ધ વર્તવાનો નિશ્ચય કરીને તે ગાદીએ આવ્યો હતો. સર્વ માનવા લાગ્યા કે હવે વૉલ્પોલનો અસ્ત થશે. પરંતુ જ્યૉર્જ પર તેની રાણીનો પ્રભાવ પડતો. તે બુદ્ધિમતી અને ચતુર સ્ત્રીની સમજાવટથી રાજાએ વૉલ્પોલને મંત્રીપદે રાખ્યો.

**સર રૉબર્ટ વૉલ્પોલ:** આ મહાન અર્થશાસ્ત્રી નોર્ફોકના સામાન્ય જમીનદારને ઘેર જન્મ્યો હતો. તેને લખતાં વાંચતાં આવડતું ન હતું. વિદ્યાકળા કરતાં સ્વાદિષ્ટ ભોજન, શરાબ અને શિકારનો તે શોખીન હતો. તેની રીતભાત અણઘડ હતી, અને તેની ભાષામાં કંઈ સંસ્કાર ન હતા: છતાં તેનામાં ઉદ્યમપરાયણતા, એકાગ્રતા, ધૈર્ય, ચાતુરી, વ્યવહારકુશળ બુદ્ધિ અને અસાધારણ મનુષ્યપરીક્ષાના ગુણો હતા. પિતાના મરણ પછી તે વ્હિગ પક્ષના અનુયાયી તરીકે પાર્લમેન્ટમાં ગયો, અને ત્યાં સાવધાન, ઉત્સાહી, વાક્ચતુર, અને મહત્ત્વાકાંક્ષી યુવક તરીકે પ્રસિદ્ધ થયો. એનના સમયમાં તેને વિશ્વાસઘાતના આરોપસર કેદમાં નાખવામાં આવ્યો હતો. પરંતુ તેણે આપબળે મહત્ત્વાકાંક્ષા પૂર્ણ કરી. દક્ષિણ મહાસાગરના પરપોટાના આપત્તિ-

કાળમાં 'દેશોદ્ધારક' તરીકે તે આગળ આવ્યો. અમીરોના કાયદાનો વિરોધ કરીને પ્રકાશમાં આવેલા વૉલ્પોલના હાથમાં જ્યૉર્જ ૧લાએ રાજ્યતંત્ર સોંપ્યું હતું.

મંત્રી તરીકે વૉલ્પોલની નીતિ શાંતિ સ્થાપી સમૃદ્ધિ વધારવાની હતી. તે કહેતો કે "દેશમાં કોઈ ભયંકર સંયોગ તે વિગ્રહ છે; કારણ કે વિગ્રહ ચાલે ત્યાં સુધી નુકસાન સહન કરવું પડે છે, અને પૂર્ણ થાય ત્યારે મોટો લાભ મળી જતો નથી." યુરોપનાં બીજાં રાષ્ટ્રો વિગ્રહો માંડીને સમય, સાધન અને શક્તિનો અપવ્યય કરી રહ્યાં હતાં, ત્યારે વૉલ્પોલે દેશની શક્તિને સન્માર્ગે વાળી લેવાનો પ્રયત્ન કર્યો. તે માનતો હતો કે રાજ્યક્રાન્તિ પછી દેશમાં વિરોધ ઊઠે એવા સુધારા કરવાની જરૂર નથી. દેશમાં સ્થિરતા આણી સમૃદ્ધિ વધારવાનું કાર્ય આ સમયે અત્યંત ઉપયોગી હતું. પોતાની વાણીની અદ્ભુત છટાથી તે સર્વ પક્ષને વશ રાખી શકતો, અને વિરોધ થાય ત્યારે વાદગ્રસ્ત પ્રશ્નને કેટલી હદ સુધી ખેંચી જવો અને ક્યાં નમી પડવું એ તેને આવડતું હતું. ઈ. સ. ૧૭૨૩માં તેણે વુડને આયર્લૅન્ડ માટે તાંબાના અર્ધા પેન્સના સિક્કા પાડવાનો પરવાનો આપ્યો, પણ તેથી આયર્લૅન્ડની પાર્લમેન્ટનું સ્વમાન જખમાયું. તેમણે વાંધો ઉઠાવ્યો કે આવો પરવાનો અમેજ આપી શકીએ. એથી દેશભરમાં રોષ પ્રકટ્યો, અને સ્વિફ્ટ નામના લેખકે કેટલાક પત્રો પ્રકટ કરી એ રોષને પ્રજ્વલિત કર્યો. ચતુર વૉલ્પોલે સાવધાનીથી એ પરવાનો ખેંચી લઈ આયર્લૅન્ડને છંછેડવાની બાબત મૂકી દીધી.[1] તેણે પોતાનો પક્ષ મજબુત કરવા કસોટીના કાયદાનો ભંગ કરી

---

૧. તેની કુનેહનું બીજું ઉદાહરણ આ પ્રમાણે છે. ઇ. સ. ૧૭૩૬માં વિલ્સનને દાણચોરી માટે ફાંસીએ ચડાવવાનો હુકમ થયો. પરંતુ લોકોને વિલ્સનના શૌર્ય માટે આદર હતો, એટલે તેમણે જલ્લાદ અને સૈનિકો ઉપર પથરા ફેંક્યા. એથી લશ્કરી અમલદાર પોર્ચ્યુઅસે ગોળીબારનો હુકમ આપ્યો. તેના પર કામ ચલાવી તેને દેહાંત-દંડની સજા ફરમાવી, પણ લંડનથી હુકમ આવ્યો કે સજા થોડો વખત મુલતવી રાખવી. લોકોમાં વાત ચાલી કે તેને છોડી દેશે, એટલે તેઓ વીફર્યા. તુરંગના દરવાજા તોડી લોકો ગુનેગારને ખેંચી લાવ્યા, અને તેને ફાંસીએ લટકાવી દીધો. એથી સરકારે એડિનબરોની સનદ ખેંચી લેવાનો અને તેનો કિલ્લો તોડી નાખવાનો નિર્ણય કર્યો. પરંતુ લોકો જુસ્સાભેર સામા થઈ ગયા, અને આખરે વૉલ્પોલને પ્રજાની રૂખ જોઈ ને નમતું આપવું પડયું: માત્ર પોર્ચ્યુઅસની વિધવાને પાર્લમેન્ટ પાસેથી થોડાં નાણાં અપાવવામાં આવ્યાં.

ધાર્મિક પ્રજાજનોની સહાનુભૂતિ ખોવાને બદલે દર વર્ષે તેમને માફી આપવાનો કાયદો પસાર કરવા માંડ્યો. પરંતુ તેની આર્થિક નીતિ વધારે યશસ્વી છે. ઇ. સ. ૧૭૩૦માં તેણે સંસ્થાનોને યુરોપનાં રાજ્યો જોડે વેપાર કરવાની રજા આપી, અને મિસર તથા ઇટલીનો વેપાર તોડી પાડી સંસ્થાનીઓને ખૂબ લાભ આપ્યો. તેણે અનેક વસ્તુઓ ઉપરની જકાત રદ કરી. જો કે તેની વેચાણવેરાની યોજના વિરોધીઓએ રદ કરી, તોપણ પાછળથી તે અમલમાં આવી, એ તેની અગમચેતીની સાક્ષી પૂરે છે. વૉલ્પોલની દીર્ઘદર્શી આર્થિક નીતિને પરિણામે દેશનો અને સંસ્થાનોનો વ્યાપાર વધવાથી સમૃદ્ધિ વધી. હવે મેન્ચેસ્ટર અને બર્મિંગહેમની વસતી વધી, લિવરપૂલનું બંદર આબાદ થયું, અને પ્રજાઋણ ઓછું થયું.

વૉલ્પોલ આવો સમર્થ અને પ્રભાવશાળી હતો, છતાં દોષરહિત ન હતો. તેનામાં ગમે તેટલી દેશભક્તિ હોવા છતાં સત્તાની ભૂખ હતી. એથી તેણે કુટિલ નીતિનો ઉપયોગ કરી પાર્લમેન્ટમાં ઉપરીપદ ટકાવી રાખ્યું. તે માનઅકરામ, લાંચરૂશ્વત, ખિતાબ, સનદ, પરવાના અને રોકડ નાણું, એ સર્વની સભ્યોમાં લહાણી કરી પાર્લમેન્ટમાં પોતાની બહુમતી જાળવી રાખતો. તે બેધડક કહેતો કે દરેક માણસનું કંઈ ને કંઈ વશીકરણ હોય છે. તે સમયમાં પાર્લમેન્ટના હેવાલ પ્રસિદ્ધ થતા નહિ, તેથી સભ્યોએ કયી તરફ મત આપ્યો તે ગુપ્ત રહેતું; એટલે એ યુગમાં સભ્યો મત વેચવામાં આનાકાની કરતા નહિ. વૉલ્પોલ તેજદ્વેષી હતો, અને પોતાના સમોવડીઆને સાંખી શકતો નહિ. તેને સર્વના ઉપરી થઈને રહેવું હતું, એટલે પ્રભાવશાળી મનુષ્યોને તે મંત્રીમંડળમાં રાખતો નહિ. તેણે નિર્જીવ કારણોસર રાજાના કૃપાપાત્ર કાર્ટરેટ અને ટાઉનશેન્ડ જેવા સમર્થ પુરુષોનો સાથ છોડી દીધો. તેની આ આત્મઘાતી નીતિથી બુદ્ધિમાન વ્હિગ અગ્રેસરો વિરોધી પક્ષમાં ભળ્યા. તેમણે દરેક કાર્યમાં વૉલ્પોલનો વિરોધ કરવા માંડ્યો. ઉપરાંત વિલિયમ પિટ્ટે જુદો પક્ષ ( Patriots ) સ્થાપી વૉલ્પોલની નીતિ સામે બાથ ભરી, પણ વૉલ્પોલ કશાને ગણકારતો નહિ.

**વેચાણવેરાની યોજના:** ઇ. સ. ૧૭૩૩માં વૉલ્પોલે એવી યોજના રજુ કરી, કે તમાકુ અને દારૂ ઉપર આયાત વખતે જકાત ન લેતાં વેચાણ

વખતે વેપારીઓ પાસેથી વેરો વસુલ કરવો. દેશમાં ચાલતી દાણચોરીથી સરકારી આવકને ધક્કો લાગતો હતો. જો એ યોજના મંજુર થઈ હોત, તો વસ્તુઓ સોંઘે દરે મળી શકત, દેશના વેપારમાં વૃદ્ધિ થાત, ગરીબ ખેડુતો ઉપરનો જમીનવેરો ઓછો થાત, લંડનનું બંદર યુરોપનું બજાર બનત, અને રાજ્યની આવક પણ વધત; પણ એ યોજના પ્રમાણે સરકારી અમલદારો વેપારીની દુકાનમાં પડેલા માલની તપાસ કરી શકે એમ હતું. એ સાંભળી વેપારીઓ ભડકયા, અને વિરોધીઓએ રજનું ગજ કરી મૂકયું. હવે વૉલ્પોલને અધિકારભ્રષ્ટ કરવાનો સરસ અવસર આવ્યો. દેશનું સ્વાતંત્ર્ય હરાઈ જવા બેઠું છે, અને હવે અમલદારો અંગ્રેજોના ઘરમાં આવશે, એવા પોકારો ઊઠયા. પરંતુ વિચક્ષણ મંત્રીએ વિરોધનું પ્રમાણ કાઢીને યોજના પડતી મૂકી, અને પોતાનું પદ સાચવી રાખ્યું.

**વૉલ્પોલની દેશાંતર નીતિઃ** વૉલ્પોલના વિરોધીઓ તેની દેશાંતર નીતિ ઉપર વારંવાર આક્ષેપ કરતા. વૉલ્પોલ યુરોપના વિગ્રહોથી દૂર રહેવાની ઇચ્છા રાખતો. જ્યૉર્જ ૧લાના અમલમાં તેણે ફ્રાન્સની સહાયથી યુરોપની શાંતિ જાળવી હતી, પણ હવે સંયોગો બદલાઈ ગયા. લુઈ ૧૫માને ઘેર પુત્ર જન્મ્યો, એટલે સ્પેનના ફિલિપને ફ્રાન્સનું રાજ્ય મળવાનો સંભવ જતો રહ્યો. હવે બંને રાજ્યો વચ્ચેના દ્વેષનો અંત આવ્યો. તેમણે એક ખાનગી તહનામું કર્યું, કે સ્પેને અંગ્રેજો પાસેથી અમેરિકાનો વેપાર લઈને ફ્રાન્સને સોંપવો, અને બદલામાં ફ્રાન્સે જીબ્રાલ્ટર પાછું મેળવવામાં સ્પેનને મદદ કરવી. આ કરારને 'કૌટુંબિક કરાર' (Family Compact) કહેવામાં આવે છે. હવે ઈંગ્લેન્ડ અને ફ્રાન્સ વચ્ચે સંસ્થાનો અને વેપાર માટે કલહ ચાલ્યો.

સ્પેનના અધિકારીઓ દક્ષિણ અમેરિકા અને વેસ્ટ ઇન્ડિઝના પ્રત્યેક બંદરે અંગ્રેજ વેપારને હરકત કરવા લાગ્યા, અને અંગ્રેજોને રંજાડવા લાગ્યા. પરંતુ બ્રિટિશ વેપારીઓ પ્રમાણિક ન હતા. યૂટ્રેકટની સંધિ પ્રમાણે પ્રતિવર્ષે અંગ્રેજોને દક્ષિણ મહાસાગરમાં એક વહાણ લઈ જવાની છૂટ હતી; પણ આવા વહાણની પાછળ નાનાં વહાણો છૂપી રીતે જતાં, એટલે મોટું વહાણ દિવસે ખાલી થાય અને રાત્રે ભરાતું જાય. અંગ્રેજો દાણચોરી કરીને પણ

દક્ષિણ અમેરિકાનાં બંદરોમાં માલ ઉતારી દેતા. સ્પેન અને ઈંગ્લેન્ડનો સંબંધ ખરાબ હતો, તેમાં આવા બનાવોથી સ્પેનિશ અધિકારીઓ અંગ્રેજી વહાણની તપાસ ચલાવવા લાગ્યા. એથી અંગ્રેજ ખલાસીઓને ખોટું લાગવા માંડયું. કૌટુંબિક કરાર પછી આ અધિકારીઓએ કેર વર્તાવ્યો. તેમણે જેન્કિન્સ નામના નાખુદાનો કાન કાપી નાખ્યો, પણ જેન્કિન્સ કાપેલો કાન લઈ ઈંગ્લેન્ડ આવ્યો. તેણે સ્પેનિઆર્ડોના જુલમોની સાચીખોટી વાતો ચલાવી. આ અપમાનથી પ્રજા ક્રોધે ભરાઈ, અને વૉલ્પોલના વિરોધીઓએ સ્પેન જોડે યુદ્ધ કરવાની માગણી કરી. વૉલ્પોલે વિષ્ટિ ચલાવીને સમાધાનની આશાએ યુદ્ધનો વિરોધ કર્યો, પણ વિરોધીઓ સામે તે નિરુપાય બની ગયો, અને તેણે ઇચ્છા વિરુદ્ધ સ્પેન સામે યુદ્ધ જાહેર કર્યું, ઈ. સ. ૧૭૩૯. લોકો હર્ષનાદ અને ઘંટાનાદ કરવા લાગ્યા, ત્યારે હતાશ વૉલ્પોલ રોષમાં બોલ્યો કે "હમણાં તેઓ ઘંટ વગાડે છે, પણ પછી તેઓ હાથ ઘસશે."

આ યુદ્ધે વૉલ્પોલની સત્તાનો અંત આણ્યો. વિગ્રહ નવ વર્ષ ચાલ્યો, પણ તે નિરર્થક અને અન્યાયી હતો. અંગ્રેજોએ પોર્ટો બેલો જીત્યું, પણ કાર્થેજીના જીતાયું નહિ; માત્ર નૌકાસેનાપતિ એન્સન ચાર વર્ષની પૃથ્વીપ્રદક્ષિણામાં સ્પેનનાં કેટલાંક વહાણો અને નગરો લૂંટી ધનના ઢગલા લાવ્યો. વૉલ્પોલ યુદ્ધનીતિમાં પ્રવીણ ન હતો. યુદ્ધમાં થતું ખર્ચ તેને આકરું પડતું, અને તે યુદ્ધ ચલાવવા તરફ બેદરકાર રહેતો. તેના વિરોધીઓ વૉલ્પોલને પરાજયનું મૂળ ગણતા. ઇ. સ. ૧૭૪૦માં ઑસ્ટ્રિઆની ગાદી માટે યુરોપમાં વિગ્રહ જાગ્યો, એટલે આ યુદ્ધ વીસારે પડયું. વૉલ્પોલ તેમાં પડવા માગતો ન હતો, એટલે તેના વિરોધીઓની સંખ્યા વધી ગઈ. યુવરાજ ફ્રેડરિક વૉલ્પોલની વિરુદ્ધ પોતાની લગવગ વાપરતો હતો. તેની સહાયક અને હિતૈષિણી રાણી પરલોક સિધાવી હતી. જો કે બોલિંગબ્રોક રાજાના આગ્રહથી ફ્રાન્સથી પાછો આવી પાર્લમેન્ટમાં દાખલ થયો નહોતો, છતાં વૉલ્પોલના વિરોધીઓ ઉપર પ્રબળ પ્રભાવ પાડતો હતો. યૂટ્રેકટની સંધિ પાળીને સત્તાતુલા જાળવવાથી પણ પ્રજા કંટાળી હતી. હવે સંસ્થાનોના વિકાસ માટે જુસ્સાદાર, સાહસિક, અને તેજસ્વી નીતિ જોઈતી હતી. વૉલ્પોલના દિવસો ભરાઈ ગયા. હવે તે રાજ્યની લગામ રાખી શકે તેમ ન હતું. ઇ. સ. ૧૭૪૨માં તેણે

રાજીનામું આપ્યું.[1] સત્તાના લોભે મંત્રીપદને વળગી રહેવાની આદત તેના ઉપર કલંક સમાન ગણાય છે.

**કાર્ટરેટ અને પેલ્હામ ભાઈઓ:** એ જમાનામાં મુખ્ય મંત્રી જોડે મંત્રીમંડળે રાજીનામું આપવાની અર્વાચીન પ્રથા ચાલતી ન હતી. વૉલ્પોલ ગયો, પણ તેના સાથીઓ રહ્યા. લૉર્ડ કાર્ટરેટ નામે ચતુર અને વિદ્વાન્ અમીરને મુખ્ય મંત્રી બનાવવામાં આવ્યો. જર્મન ભાષાના જ્ઞાનથી તે રાજાની પ્રીતિનું પાત્ર બન્યો. તેના અમલમાં ચાલેલા ઑસ્ટ્રિઅન વિગ્રહમાં ખાસ જાણવા જેવું બન્યું ન હતું. બે વર્ષમાં પેલ્હામ ભાઈઓએ તેનું સ્થાન લઈ લીધું. આ સાધારણ બુદ્ધિના બંને ભાઈઓએ વૉલ્પોલની નીતિને અનુસરીને કામ લેવા માંડયું, પણ તેના જેવી ભૂલો ન થાય તેવી સાવધાની રાખી. નાનો ભાઈ હેનરી મુખ્ય મંત્રી હતો. તેણે પાર્લમેન્ટમાં જે કોઈ સારૂં ભાષણ કરી જાણતો હોય, તેને મંત્રીમંડળમાં લેવા માંડયો. મોટા ભાઈએ પોતાની બુદ્ધિને યોગ્ય કામ હાથમાં રાખ્યું. કોઈને લાંચ આપી, કોઈને અધિકાર આપી, અને કોઈની કંઈ કંઈ આકાંક્ષા અને આશા સંતોષી કે રોકડાં નાણાં આપી પાર્લમેન્ટના અગ્રેસર સભાસદોને તેણે પ્રસન્ન રાખવા માંડયા. તેમના મંત્રીમંડળમાં વ્હિગ, ટોરી, અને જેકોબાઈટ એમ પ્રત્યેક રાજદ્વારી વિચારના પુરુષો હતા. તેમના સમયમાં ઑસ્ટ્રિઆના ગાદીવારસાનો વિગ્રહ અને જેકોબાઈટ બંડ એ બે મુખ્ય બનાવો છે.

**ઑસ્ટ્રિઅન ઉત્તરાધિકારનો વિગ્રહ:** ઇ. સ. ૧૭૪૦–૧૭૪૮. ઑસ્ટ્રિઆના અપુત્ર શહેનશાહ ચાર્લ્સ છઠ્ઠાને મેરિયા થેરિસા નામે પુત્રી હતી. પોતાના મૃત્યુ પછી પોતાની પુત્રીને ગાદી મળે એ માટે તેણે એક મૃત્યુપત્ર (The Pragmatic Sanction) તૈયાર કરી યુરોપના મુખ્ય રાજાઓની

૧. શત્રુઓએ તેના પર કામ ચલાવવાની પેરવી કરી, પણ તેઓ ફાવ્યા નહિ. તેને ઑક્સફર્ડનો અમીર બનાવી ૪,૦૦૦ પૌન્ડનું વર્ષાસન બાંધી આપી રાજ્યે તેના કાર્યની કદર કરી. અમલ ઉતર્યા પછી પદવી મળ્યાનો આ પહેલો દાખલો છે. અસલ લોકદષ્ટિમાં અવગણના પામેલા મંત્રીનું માથું ઉડાવી દેવામાં આવતું, અથવા ભારે સજા કરવામાં આવતી. હવે એવા માણસને અમીર બનાવી આમની સભામાંથી વિવેકભરી વિદાય દેવાની યુક્તિ પાર્લમેન્ટને હાથ લાગી.

તેમાં સંમતિ લીધી. ઇ. સ. ૧૭૪૦માં તે મરણ પામ્યો, એટલે મેરિઆ ગાદીએ આવી. પરંતુ હવે યુરોપના રાજ્યલોભી રાજાઓની દાઢ સળકી. તેમણે આપેલા વચનનો ભંગ કર્યો. બેવેરિઆના રાણાએ દાવો કર્યો કે યુરોપમાં ચાલતા એક કાયદા ( The Salic Law ) પ્રમાણે ગાદીએ સ્ત્રી આવી શકે નહિ, તેથી ઑસ્ટ્રિઆની ગાદી ઉપર મારો હક થાય છે. ફ્રાન્સ અને સ્પેને તેનો પક્ષ લીધો. પ્રુશિઆના રાણા મહાન્ ફ્રેડરિકે તો ઑસ્ટ્રિઆના મહારાજ્યમાંથી સાઈલીશિયા પ્રાંત લઈ લીધો.

આ સમયે ઇંગ્લેન્ડમાં યુદ્ધવિરોધી વૉલ્પોલ મંત્રીપદે હતો. તેની ઇચ્છા આ વિગ્રહથી દૂર રહેવાની હતી, એટલે તેણે કોઈ નો પણ પક્ષ લીધા વિના મેરિયા અને ફ્રેડરિક વચ્ચે સમાધાન આણી આપવાનો સંકલ્પ કર્યો. પરંતુ તેની નીતિ દેશમાં અપ્રિય થઈ પડી હતી, એટલે તે ગયો અને ત્યાર પછી કાર્ટરેટ મંત્રીપદે આવ્યો. હેનોવરના સંરક્ષણને અર્થે આ વિગ્રહમાં ઇંગ્લેન્ડે ભાગ લેવો એવી રાજાની ઇચ્છા હવે ફળીભૂત થઈ. ફ્રેડરિકની સત્તા વિસ્તાર પામતી હતી; તે ધીમે ધીમે રાજ્યવૃદ્ધિ કરતો હતો, એટલે જતે દિવસે તે હેનોવર ઉપર તરાપ મારે એવો રાજાને ભય હતો. આ ઉપરાંત ઇંગ્લેન્ડનાં સંસ્થાનો અને વેપારના વિકાસને પ્રાણઘાતક ફટકો મારવાની સ્પેને કરેલી યોજનાનો તેને ભય લાગ્યો. ઇંગ્લેન્ડે મેરિયાના રાજ્યારોહણમાં અનુમતિ આપી હતી, એટલે સંયોગોનો વિચાર કરી તેણે મેરિયાનો પક્ષ લીધો. આ પ્રમાણે કોઈ રાજ્ય બળવાન થઈ પડશે, એવા ભયથી આ નવ વર્ષનો વિગ્રહ સત્તાતુલા જાળવવાના પ્રયત્નરૂપ થઈ પડયો.

ઇંગ્લેન્ડે આરંભમાં મેરિયાને ધનની સહાય આપવા માંડી, અને ઇંગ્લેન્ડ અને હેનોવરનાં સંયુક્ત સૈન્ય યુરોપમાં ઉપડયાં. યુદ્ધરસીઓ જૉર્જ રણે ચડયો, અને તેની સરદારી નીચે ડેટિંજનના યુદ્ધમાં ફ્રેન્ચો હાર્યા, ઇ. સ. ૧૭૪૩. પરંતુ ઇ. સ. ૧૭૪૫માં ફ્રેન્ચ સૈન્યે ફ્લાન્ડર્સમાં ફોન્ટેનોય પાસે અંગ્રેજ સૈન્યને હરાવી ખાધેલી હારનું વેર લીધું. વિગ્રહ ઇ. સ. ૧૭૪૮ સુધી ચાલ્યો. ફ્રેન્ચોની સહાયથી ઇંગ્લેન્ડમાં ઇ. સ. ૧૭૪૫માં થએલા જેકોબાઈટ બંડનો લાભ લઈ ને ફ્રેન્ચ સૈન્યે યુરોપમાં વિજયપરંપરા મેળવવા માંડી, એટલે ઇ. સ. ૧૭૪૮માં એ-લા-શાપેલની સંધિ થઈ. મેરિયાનો

ઑસ્ટ્રિઆની ગાદી પરનો હક સ્વીકારવામાં આવ્યો, સાઈલીશિયા ફ્રેડરિકને આપવામાં આવ્યું, અને બધાં રાજ્યોએ ઈંગ્લેન્ડની ગાદી ઉપર હેનોવર વંશનો અધિકાર સ્વીકાર્યો. ઈંગ્લેન્ડે અને ફ્રાન્સે પરસ્પર જીતેલો મુલક પાછો આપી દેવાનું ઠરાવ્યું.

**૧૭૪૫નું બંડ**: આ બંડ ઑસ્ટ્રિઆના ગાદીવારસાના વિગ્રહનું આંતર નાટક છે. ઇ. સ. ૧૭૪૩માં ડેટિંજન પાસે ફ્રેન્ચ સૈન્ય હાર્યું, એટલે તેણે વેર લેવા જેકોબાઈટોનું બંડ જગાડવાનો પ્રયત્ન કર્યો, અને તેમની સહાય માટે ઇ. સ. ૧૭૪૪માં ફ્રેન્ચ કાફલો મોકલ્યો. પરંતુ સમુદ્રના તોફાનમાં તેનો નાશ થયો.

દરમિઆન પચીસ વર્ષનો નૌજુવાન, ધીર, વીર, વિવેકી, અને સાહસિક રાજકુમાર ચાર્લ્સ પિતાને ગાદી અપાવવાના આશાભર્યા હૈયે સાત માણસો સાથે સ્કૉટલેન્ડમાં ઉતર્યો. થોડા સંકોચ પછી અનેક શૂરા હાઈલેન્ડરો આ સોહામણા કુંવરને જઈ મળ્યા. ફ્રેન્ચ સહાય આવી નહિ, એટલે તેની આશા તજી આપબળે ઝૂઝવાનો નિશ્ચય કરી આ મરણીઆ બંડખોરોએ દક્ષિણ તરફ કૂચ કરવા માંડી. ચાર્લ્સને કોઈ રોકનાર ન હતું. પર્થમાં તેણે પોતાના પિતાને રાજા જાહેર કર્યો, અને ત્યાંથી તે હિંમતભેર એડિનબરો જઈ પહોંચ્યો. પોતાની સુંદર મુખમુદ્રા, આકર્ષક રીતભાત અને ચતુરાઈથી તેણે લોકોનાં હૃદય જીતી લીધાં. અંગ્રેજ સેનાપતિ શત્રુની શોધમાં છેક ઉત્તરમાં જઈ પહોંચ્યો. તેણે આ સમાચાર સાંભળી ડન્બાર આવી એડિનબરો પર ઓચિંતો છાપો મારવાની યોજના ઘડી, ત્યાં તો પ્રભાતના આછા પ્રકાશમાં ચાર્લ્સના શૂરા સૈનિકોએ પ્રેસ્ટનપાન્સ પાસે અંગ્રેજ લશ્કરની ઓચિંતી ભેટ લીધી. થોડી વારમાં યુદ્ધ સમાપ્ત થયું. અંગ્રેજો હાર્યા; તેમનું સૈન્ય અને સેનાપતિ જીવ બચાવવા રણક્ષેત્રમાંથી નાઠાં. આ જયનો લાભ લઈને એકદમ લંડન જવાને બદલે વિજયના ગર્વમાં ઉન્મત્ત બનેલા રાજકુમારે ઈંગ્લેન્ડ જીતવાની ઉતાવળ ન હોય, તેમ એડિનબરોમાં ભોગવિલાસ માણવા માંડ્યા. હવે દૈવ તેને અનુકૂળ ન હતું, એટલે તેની ભાગ્યદશા બદલાઈ. આખરે ૫,૦૦૦ માણસોનું લશ્કર એકઠું કરીને એ ઈંગ્લેન્ડ જવા ઉપડ્યો. તે લેન્કેસ્ટર અને

પ્રેસ્ટન સુધી ગયો, તોપણ કોઈ તેને આવી મળ્યું નહિ. અસંખ્ય અંગ્રેજો આ સૈન્યને રસ્તે જતું જોવા ટોળે મળ્યા, પણ કોઈ તેમાં ભળ્યા નહિ; કેમકે નવા અમલથી જે સુખ અને શાંતિ તેમણે અનુભવ્યાં હતાં, તેની સ્ટુઅર્ટોના અમલમાં આશાએ ન હોય. ડર્બી પહોંચતા સુધી ફ્રેન્ચ કે અંગ્રેજ કોઈની સહાય ન મળી; ઉલટું તેનું સૈન્ય ઘટવા લાગ્યું: તેના મિત્રોએ તેને પાછા ફરવાનું કહ્યું. સમય વિચારી ભારે હૈયે અને ધીમે પગલે તે સ્કૉટલેન્ડ તરફ પાછો ફર્યો. રસ્તામાં ફૉલ્કર્ક પાસે સૈન્યની એક ટુકડીને તેણે હરાવી, એટલે નિરાશ હૃદયમાં આશાનો સંચાર થયો. તે ઇનવર્નેસ તરફ જવા રવાના થયો, તે દરમિઆન રાજાનો બીજો પુત્ર ડયૂક ઑવ્ કંબરલેન્ડ સૈન્ય સહિત સ્કૉટલેન્ડ પહોંચી ગયો. બંને સૈન્યો કલોડનમૂર પાસે સામસામાં થઈ ગયાં. કંબરલેન્ડ હાઈલેન્ડરોની યુદ્ધકળાનો મર્મ સમજી ગયો હતો, એટલે આ સમયે તેણે કરેલી વ્યૂહરચના આગળ બંડખોરોનું કશું ચાલ્યું નહિ. એક કલાકના યુદ્ધમાં બંડખોરો થાકયા, હાર્યા અને નાઠા. ક્રૂર હૃદયના કંબરલેન્ડે ઘાયલ થએલા હાઈલેન્ડરોની કતલ કરાવી નાખી. ચાર્લ્સને દેશમાં છુપાતાં અગણિત સંકટો સહેવાં પડયાં. આખરે અનેક અદ્‌ભુત સાહસો અને પરાક્રમો કરીને હાઈલેન્ડની એક અમીરજાદીની અપ્રતિમ રાજભક્તિ અને સાહસ વડે તે ફ્રાન્સ જઈ પહોંચ્યો.[૧] ઈંગ્લેન્ડને સિંહાસને બેસવાનો સ્ટુઅર્ટોનો આ છેલ્લો પ્રયત્ન પણ નિષ્ફળ ગયો.

ચાર્લ્સ પ્રત્યે અદ્‌ભુત રાજનિષ્ઠા દાખવનારા હાઈલેન્ડરો ઉપર સિતમ વર્ષાવવામાં આવ્યો. જે સરદારો મરતાં બચ્યા હતા, તેમની પાસેથી બધી સત્તા લઈ લેવામાં આવી. તેમની ટોળીના માણસોને હાઈલેન્ડનો પોશાક પહેરવાની મના કરવામાં આવી, તેમનાં શસ્ત્રો લઈ લેવામાં આવ્યાં, અને ફરીથી બળવો ન થાય એ માટે ખૂબ સાવધાની રાખવામાં આવી.

---

૧. એ કમનસીબ રાજકુમારનાં છેલ્લાં વર્ષો દુઃખમાં ગયાં. એ–લા–શાપેલની સંધિથી તે નિરાધાર થઈ ગયો. સ્પેન કે ફ્રાન્સ કોઈએ તેને આશ્રય આપ્યો નહિ. આવી નિરાશામાં દારૂ તેનો આરામ બન્યો. આવા તેજસ્વી અને બુદ્ધિમાન જીવનનો દયાપાત્ર અંત નીશાબાજીમાં આવ્યો, ઇ. સ. ૧૭૮૮.

## પ્રતાપી પિટ્ટ

**પેલ્હામની આંતર નીતિઃ** એ–લા–શાપેલની સંધિ થઈ, ત્યાં સુધીમાં ઈંગ્લેન્ડના આંતર વહીવટમાં ઘણા સુધારા થયા. હેનરી પેલ્હામ વિદ્વાન્ અને ચતુર હતો. જેકોબાઈટ બંડ શમી ગયા પછી તેણે પક્ષભાવ તજી દઈ ટોરીઓને અધિકાર આપવા માંડ્યો, અને દેશહિતનાં ઉપયોગી કાર્યો કરવા માંડ્યાં. તેણે ભિન્ન ભિન્ન પ્રજાઋણને એકત્ર કરી તેનું વ્યાજ ત્રણ ટકા કરી નાખ્યું. ઇ. સ. ૧૭૫૨માં પંચાંગમાં સુધારો કરવામાં આવ્યો. ગણતરીની ભૂલભરેલી પદ્ધતિથી દર ચારસો વર્ષે ત્રણ દિવસ વધી જતા હતા. ઇ. સ. ૧૫૮૨માં ગ્રેગરી નામના પોપે પંચાંગમાં સૂચવેલા સુધારા યુરોપનાં સર્વ કેથોલિક રાજ્યોએ સ્વીકાર્યા હતા. પરંતુ અંગ્રેજોએ તે સમયે એ સુધારા સ્વીકાર્યા નહોતા; એટલે તેઓ ફ્રાન્સ અને જર્મનીથી ૧૧ દિવસ પાછળ પડ્યા હતા. આ સમયે ભૂલ ટાળવા માટે એવું ઠરાવ્યું, કે ઇ. સ. ૧૭૫૨ના સપ્ટેમ્બરની ૩જી તારીખને ૧૪મી તારીખ ગણવી, અને માર્ચની ૨૫મીથી નવા વર્ષનો આરંભ ગણવાને બદલે જાન્યુઆરિની ૧લીથી ગણવો. પછી લગ્નના કાયદામાં સુધારો કરવામાં આવ્યો. આ પ્રમાણે દેશકલ્યાણનાં અનેક કાર્યો કરી પરદેશમાં સ્વદેશનું ગૌરવ વધારી લોકપ્રીતિ સંપાદન કરી હેનરી પેલ્હામ મરણ પામ્યો, (ઇ. સ. ૧૭૫૪) અને તેનો ભાઈ ન્યૂકેસલ તેને સ્થાને આવ્યો. “હવે મને શાંતિ મળનાર નથી,” એવી રાજાની ભવિષ્ય વાણી ખરી પડી.

**ન્યૂકેસલનું મંત્રીમંડળઃ** પાર્લમેન્ટનો ઘણો અનુભવ હોવા છતાં ન્યૂકેસલમાં મુખ્ય મંત્રી થવાની શક્તિ ન હતી. તે શુભાશયી અને ભલો હતો, પણ તેનામાં રાજ્યદ્વારી કુનેહ જરાએ ન હતી. નિર્બળ મનના અને અનિશ્ચિત સ્વભાવના એ મહત્ત્વાકાંક્ષી મંત્રીને પોતાના હાથમાં સત્તા રાખવાનો ઘણો લોભ હતો, એટલે તેણે પિટ્ટ જેવા પ્રતાપી પુરુષોને અધિકારપદેથી અળગા રાખ્યા. પરંતુ દેશમાં ચાલેલા ભયંકર વિગ્રહને ફતેહમંદીથી પાર ઉતારવાની તેનામાં શક્તિ રહી ન હતી.

**અંગ્રેજો અને ફ્રેન્ચો વચ્ચે સંબંધ:** સપ્તવાર્ષિક વિગ્રહ સમજતા પહેલાં અંગ્રેજો અને ફ્રેન્ચો વચ્ચેનો સંબંધ સ્પષ્ટ રીતે તપાસવાની જરૂર છે. અંગ્રેજ વેપારીઓની એક મંડળીએ હિંદુસ્તાનમાં મુંબઈ, મદ્રાસ, અને કલકત્તામાં થાણાં નાખી વેપાર કરવા માંડયો હતો. ઉપરાંત ફ્રેન્ચ ઇસ્ટ ઇન્ડિઆ કંપનિએ મલબાર કિનારે માહી, હુગલી નદીને કિનારે ચંદ્રનગર, અને પૂર્વ કિનારે પોંડીચેરીમાં પોતાની કોઠીઓ નાખી હતી. સ્વાભાવિક રીતે બંને વેપારી મંડળીઓ વચ્ચે ઈર્ષા ચાલવા માંડી. તેમાં ધીમે ધીમે ફ્રેન્ચોની રાજ્યતૃષ્ણા સચેત થઈ, અને ભારતવર્ષના કમઅક્કલ રાજાઓના પરસ્પર તેજદ્વેષનો લાભ લેવાની ડુપ્લેને પ્રેરણા થઈ. ઇ. સ. ૧૭૦૭માં ઔરંગઝેબના મરણ પછી દક્ષિણનાં નાનાં રાજ્યોના નવાબો સ્વતંત્ર થઈ ગયા, એટલે ડુપ્લેની આડે આવનાર કોઈ પ્રબળ સત્તા ન હતી. તેણે મદ્રાસ જીતી લીધું, પણ ઍ–લા–શાપેલની સંધિથી અંગ્રેજોને તે પાછું મળ્યું. આ સંધિ એટલે માત્ર યુદ્ધવિરામ હતો. સંધિ થયા છતાં હિંદ અને અમેરિકામાં અંગ્રેજો અને ફ્રેન્ચો વચ્ચેનો સંબંધ બગડતો ગયો.

હિંદમાં અંગ્રેજોને મદ્રાસ પાછું મળ્યું, પણ ડુપ્લેની પ્રતિષ્ઠા વધી, અને બધા રાજાઓ તેની મૈત્રી સાધવા આતુર થયા. દરમિઆન કર્ણાટકની ગાદીને માટે બે દાવાદારો ઉભા થયા; એક મરનાર નવાબનો પુત્ર, અને બીજો તેનો જમાઈ. ડુપ્લેએ નવાબના જમાઈને સહાય આપી, એટલે અંગ્રેજોએ નવાબના પુત્રનો પક્ષ લીધો. એવામાં રૉબર્ટ કલાઈવે ૫૦૦ સિપાઈઓના નાના સૈન્ય સાથે આર્કાટ ઉપર છાપો મારી તે સર કરી લીધું, ઇ. સ. ૧૭૫૧. પરિણામે ત્રિચિનોપલ્લીને ઘેરી બેઠેલા ફ્રેન્ચ સૈન્યને ખસવું પડયું. જો કે ડુપ્લેએ તનતોડ પ્રયત્નો કર્યા, છતાં આર્કાટ અંગ્રેજો પાસે રહ્યું. દરમિઆન ડુપ્લેને ફ્રાન્સ બોલાવી લેવામાં આવ્યો, એટલે હિંદમાં સામ્રાજ્ય સ્થાપવાના તેના મનોરથોનો દયામણો અંત આવ્યો.

ઉત્તર અમેરિકામાં અંગ્રેજોએ આટલાંટિક મહાસાગરના કિનારા ઉપર ૧૩ સંસ્થાનો વસાવ્યાં હતાં, અને ફ્રેન્ચો કેનેડામાં વસતા હતા. ત્યારપછી ફ્રેન્ચ પ્રવાસીઓએ મિસિસિપી નદીની શોધ કરી, એટલે તેના મુખ પાસે લુઈ ૧૪માના સ્મરણ અર્થે ‘ લુઈઝાના ’ સંસ્થાન સ્થાપવામાં આવ્યું. અંગ્રેજોને

યૂટ્રેક્ટની સંધિથી ફ્રાન્સ પાસેથી નોવાસ્કોશિઆ મળ્યું, અને ઇ. સ. ૧૭૩૩માં સ્પેન પાસેથી થોડો મુલક જીતીને તેમણે જ્યૉર્જિઆ વસાવ્યું. આ સંસ્થાનો સમુદ્રકિનારા પર હતાં, અને તેમની હદ ચોક્કસ ન હતી. અંદરના પ્રદેશ ઉપરનો હક સાબીત કરવા માટે કેનેડા અને લુઇઝીઆના જોડાઈ જાય, એ હેતુથી મિસિસિપીના કાંઠા ઉપર ફ્રેન્ચોએ કિલ્લેબંધી કરવા માંડી. એથી અંગ્રેજો એલિઘાની પર્વત અને આટલાંટિક મહાસાગર વચ્ચે પુરાઈ જાય, અને પશ્ચિમનો બધો પ્રદેશ અને તેનો વેપાર ફ્રેન્ચોના હાથમાં જઈ પડે એમ હતું. હવે અંગ્રેજોએ કેનેડાના સુબાને વિષ્ટિનાં કહેણ મોકલ્યાં, પણ સઘળું વ્યર્થ. ઇ. સ. ૧૭૭૫માં સેનાપતિ બ્રેડૉકને ડુકેસ્ન નામનો ફ્રેન્ચ્ કિલ્લો સર કરવા મોકલવામાં આવ્યો, પણ તેનો અને તેના સૈન્યનો સંહાર થઈ ગયો. ઉપરાંત અંગ્રેજોએ એકાદ બે ફ્રેન્ચ જહાજોને કબજે લીધાં, એટલે સંસ્થાનોના વેપાર નિમિત્તે બંને પ્રજા વચ્ચે દ્વેષમાં વધારો થયો. હવે ક્યારે યુદ્ધ ફાટી નીકળશે તે કહી શકાય એમ ન હતું.

**સપ્તવાર્ષિક વિગ્રહ:** યુરોપની બે મહાપ્રજાઓ વચ્ચે પૃથ્વી પર જ્યાં હોય ત્યાં ઈર્ષા જામી, અને યુરોપમાં ઑસ્ટ્રિઆ અને પ્રુશિઆ વચ્ચે જંગ જામવાનાં ચિહ્નો દેખાયાં. એ–લા–શાપેલની સંધિથી મેરિયા થેરિસા ઑસ્ટ્રિઆની મહારાણી થઈ, પણ પોતાનો સાઇલીશિયા પ્રાંત પ્રુશિઆનો ફ્રેડરિક રાખે, એ તેના જેવી જાજરમાન રાણીથી કેમ સહ્યું જાય? ફ્રાન્સ, રશિઆ, અને સેકસની તેને સહાય આપવા તૈયાર હતાં; કેમકે તેમનાથી ફ્રેડરિકનો ઉદય અને પ્રતાપ ખમાતો ન હતો. છેલ્લા વિગ્રહમાં ઇંગ્લૅન્ડે મેરિયાને સહાય કરી હતી, પણ આ વિગ્રહમાં તેમ થઈ શકે તેમ ન હતું. ફ્રાન્સ સાથે વહેલો મોડો વિગ્રહ થવાનો છે, તો પછી યુરોપના આ મામલાનો લાભ લઈ તેમાં ફ્રાન્સ જોડે યુદ્ધ કરી લેવું એવો નિર્ણય ઇંગ્લૅન્ડે કર્યો. બીજી બાજુએ ફ્રાન્સે ઑસ્ટ્રિઆને સહાય આપી, એટલે ઇંગ્લૅન્ડે ફ્રેડરિકનો પક્ષ લીધો. છેવટે વિગ્રહ જાહેર થયો, અને અમેરિકા, હિંદ અને યુરોપમાં એકી સાથે ચાલવા લાગ્યો.

આ ભયંકર આપત્તિના આરંભમાં અંગ્રેજ મંત્રીઓમાં ઉત્સાહ કે શક્તિ કંઈ ન હતું. સર્વત્ર ઇંગ્લૅન્ડનો પરાજય થવા લાગ્યો. ઇ. સ. ૧૭૫૬માં ફ્રેન્ચ

કાફલાએ માઈનોર્કાને ઘેરો નાખ્યો, એટલે નૌસેનાની બિંગને ત્યાં મોકલ-વામાં આવ્યો; પણ તે તો ફ્રેન્ચોનું બળ વિચારી કશું કર્યા વિના જીબ્રાલ્ટર જતો રહ્યો, અને માઈનોર્કા ફ્રેન્ચોને શરણ થયું. અમેરિકામાં અંગ્રેજો લુઈ-બર્ગનો કિલ્લો જીતવા ગયા તેમાંએ ફાવ્યા નહિ, અને ઇ. સ. ૧૭૫૭માં




ડ્યૂક ઑવ્ કંબરલેન્ડને ફ્રેન્ચ સૈન્યે જર્મનીમાં હરાવ્યો. એથી કલોસ્ટરઝેવન પાસે સંધિ કરાવીને તેનું સૈન્ય વીખેરી નાખવાની અને હેનોવર છોડી જવાની તેને ફરજ પાડી. અંગ્રેજોની અપકીર્તિની પરાકાષ્ટા આવી. દેશના એક શાંત અને વિચારશીલ માણસે કહ્યું, 'આપણે હવે પ્રજા તરીકે કંઈજ કામના રહ્યા નથી." શક્તિહીણ પ્રધાનો વિરુદ્ધ પ્રજા પોકાર પાડી ઊઠી. એથી ન્યૂકેસલને રાજીનામું આપવું પડ્યું, અને ડ્યૂક ઑવ્ ડેવનશાયર પ્રધાન થયો. પરંતુ તેનામાં તંત્ર ચલાવવાની શક્તિજ ન હતી. રાજાએ ફરી પાછો ન્યૂકેસલને મંત્રી બનાવ્યો. ન્યૂકેસલે પ્રસંગનું માહાત્મ્ય વિચારી તે સમયના મહાસમર્થ, પ્રૌઢ, અને પ્રતાપી પિટ્ટને પોતાની જોડે સામેલ કર્યો. અદમ્ય

ઉત્સાહથી ભરેલા આ જુવાન રાજદ્વારીએ અડગ આત્મશ્રદ્ધાથી કહ્યું, કે "હું એકલોજ દેશને આ સંકટમાંથી તારી શકીશ; બીજા કોઈનુંએ કામ નથી."[1]

પ્રખર બુદ્ધિશાળી અને પ્રવીણ રાજદ્વારી પિટ્ટ અધિકારપદે આવતાં યુદ્ધનો રંગ ફરી ગયો. માણસો ઉપર અસર કરવાની તેની શક્તિ અદ્‌ભુત હતી. તેના ઘડીભરના પરિચયમાં આવનાર તેના ઉત્સાહની જાદુઈ અસરથી બદલાઈને ફરી જતો. તે માનતો કે ઇંગ્લેન્ડે સંસ્થાનોમાં યુદ્ધ કરવાની જરૂર છે; યુરોપમાં યુદ્ધ કરવાની માત્ર એટલી જરૂર છે, કે ફ્રેન્ચ સૈન્ય અહીં રોકાઈ રહે, અને સંસ્થાનોને પૂરી સહાય આપી શકે નહિ, એટલે ઇંગ્લેન્ડનું કાર્ય સરળ થાય. તેણે કલોસ્ટરઝેવનનું તહનામું કબુલ કર્યું નહિ, અને "જર્મનીના રણક્ષેત્ર પર અમેરિકા જીતવા"ના હેતુથી ફ્રેડરિકને નાણાંની મદદ આપી. તેના ધુરંધર સેનાપતિ ફર્ડિનાન્ડને હસ્તક અંગ્રેજી લશ્કર સોંપ્યું.

ફ્રેડરિક ચતુર સેનાપતિ હતો. તેને નાણાંની સહાય મળી, એટલે તેણે જયના ડંકા વગાડવા માંડયા. તેણે ફ્રેન્ચ અને ઑસ્ટ્રિઆનાં સંયુક્ત સૈન્યોને હરાવ્યાં, અને સેનાપતિ ફર્ડિનાન્ડે મિન્ડનના યુદ્ધમાં ફ્રેન્ચ સૈન્યને પૂરી શિકસ્ત આપી, ઇ. સ. ૧૭૫૯. તેજ વર્ષમાં ભૂમધ્ય સમુદ્રમાં ફરતા ફ્રેન્ચ કાફલાનો લેગોસની ભૂશિર પાસે, અને આટલાંટિક મહાસાગરમાં ફરતા ફ્રેન્ચ કાફલાનો કિવબરોનના અખાતમાં અંગ્રેજોએ નાશ કર્યો. આમ ફ્રાન્સની નૌકાશક્તિનો અંત આવ્યો, અને વિગ્રહ દરમિઆન ફ્રેન્ચ કાફલો અંગ્રેજો સાથે ફરીથી યુદ્ધ કરવા આવ્યો નહિ. પિટ્ટના જીવનનો આ કીર્તિવંત સમય હતો. તેની દીર્ઘદૃષ્ટિને પ્રતાપે સર્વત્ર જય મળ્યો. તેના જુવાન સેનાપતિઓ દૂર દેશોમાં પોતાનો હાથ બતાવી રહ્યા હતા. આવી રીતે ઉપરાઉપરી મળતા વિજયથી એક વિચારકે લખ્યું, કે "ભૂલી ન જવાય એ માટે આપણે નિત્ય પૂછવું પડે છે, કે આજ કયો વિજય મળ્યો?"

અમેરિકામાં પણ અંગ્રેજોની વિજયહાક વાગી રહી. પિટ્ટે ન્યૂકેસલે

---

૧. નિર્બળ ન્યૂકેસલે પોતાની જાત બચાવવા માટે બિંગ ઉપર પ્રમાદનો આરોપ મૂકી તેને બંદુકથી ઠાર કરવાની શિક્ષા કરી. પિટ્ટે તેનો બચાવ કર્યો, પણ પ્રજાના રોષ આગળ તેનું કાંઈ વળ્યું નહિ. એક મર્મજ્ઞ ફ્રેન્ચે કહ્યું કે "ઇંગ્લેન્ડમાં તો બીજાને શૂર ચડાવવા માટે નૌસેનાનીને ઠાર કરવામાં આવે છે."

નીમેલા શક્તિહીણા અને મોજીલા અમીરજાદાઓને અધિકાર પરથી ખસેડ્યા, અને તેમને સ્થાને પ્રવીણ અને શૂરા સુભટોને ગોઠવી દીધા. પિટ્ટની નજરે ચઢેલો જેમ્સ વુલ્ફ અજોડ યોદ્ધો હતો. તેને અંગ્રેજ સૈન્ય સોંપી અમેરિકા મોકલવામાં આવ્યો. એ પાતળા, સુક્કા ચહેરાના, અને તેજસ્વી આંખોવાળા




સરદારે કેનેડાની રાજધાની કવેબેક પર ચડાઈ કરી. ફ્રેન્ચ સેનાપતિ મોન્ટ-કામ પણ ગાંજ્યો જાય તેવો ન હતો. તેણે શહેરની આસપાસ મજબુત કિલ્લેબંધી કરી હતી, એટલે થોડો સમય વુલ્ફ ફાવ્યો નહિ. આખરે તેણે એક રસ્તો શોધી કાઢ્યો, અને રાત્રિના અંધકારમાં જરા પણ અવાજ કર્યા વિના અંગ્રેજ સૈનિકો કિલ્લાવાળી ટેકરી ઉપર ચડી જઈને યુદ્ધ માટે તૈયાર

થયા. શત્રુઓને અણધાર્યા આવેલા જોઈ સ્તબ્ધ થઈ ગએલા ફ્રેન્ચોમાં લડવાનું જોમ રહ્યું નહિ. પરંતુ એ જેવા તેવા યુદ્ધમાંએ બંને પક્ષના સેનાપતિ મરાયા,[1] કવેબેક શરણ થયું, અને ત્રણ દિવસ બાદ અંગ્રેજ સૈન્યે કવેબેકમાં પ્રવેશ કર્યો. બીજે વર્ષે અંગ્રેજોએ મોન્ટ્રીઅલ લીધું, એટલે કૅનેડાનો પ્રદેશ અંગ્રેજ અધિકાર નીચે આવ્યો. અમેરિકામાંની ફ્રેન્ચ સત્તાનો અંત આવ્યો.

દરમિઆન દરિયાપારના હિંદમાં અંગ્રેજોનો જેજેકાર થઈ રહ્યો. ઇ. સ. ૧૭૫૬માં બંગાળાના નવાબ સિરાજ–ઉદ્–દૌલાએ અંગ્રેજો જોડે કલહ કરીને કલકત્તાની કોઠી ઉપર ચડાઈ કરી; પણ થોડા સમયમાં તેને પાછા ફરવું પડયું. નવાબ અંગ્રેજોની વિરુદ્ધ ફ્રેન્ચો જોડે ખટપટ કરે છે એમ કહી કલાઈવે નવાબ પર ચડાઈ કરી, અને ઇ. સ. ૧૭૫૭માં પ્લાસીના પ્રખ્યાત યુદ્ધમાં તેને હરાવ્યો. નામર્દ નવાબ જીવ બચાવવા રણભૂમિમાંથી નાઠો, અને હિંદમાં અંગ્રેજ સતાની સ્થાપના થઈ. એ દરમિઆન ફ્રેન્ચ સુબા લાલીએ અંગ્રેજોને હાંકી કાઢવા ફોર્ટ સેંટ ડેવિડ જીતી લીધો, અને મદ્રાસ પર હલ્લો કર્યો; પણ સર આયર કૂટે વૉન્ડીવાશના યુદ્ધમાં ડગમગતી ફ્રેન્ચ સત્તાને છેલ્લો ફટકો માર્યો, ઇ. સ. ૧૭૬૦. પછી ઇ. સ. ૧૭૬૧માં અંગ્રેજોએ કારિકલ, જીંજી, અને પોંડીચેરી જીત્યાં, એટલે કર્ણાટકમાંથી ફ્રેન્ચોની રહીસહી પ્રતિષ્ઠા ચાલી ગઈ.

---

૧. વુલ્ફ ઘવાઈ નીચે પડયા પછી ફ્રેન્ચ સૈન્યે નાસવા માંડયું. એ જોઈને કોઈક બોલ્યું "નાઠા ! નાઠા !" "કોણ !" વુલ્ફે શ્વાસ થંભાવીને પૂછ્યું. "શત્રુ" એવો જવાબ સાંભળીને તે સહર્ષ બોલ્યો, "પ્રભુનો પાડ માનો ! હવે હું સુખે મરીશ." મોન્ટકામની પણ કર્તવ્યનિષ્ઠા એવીજ. એ જ્યારે પડયો અને સાંભળ્યું, કે હવે શરીર ટકે તેમ નથી, ત્યારે શોકપૂર્ણ સ્વરે કહેવા લાગ્યો કે "એટલુંએ ઠીક થયું; કવેબેક પડે તે જોવાને હું જીવતો રહીશ નહિ." વુલ્ફની પ્રશંસામાં 'કાઉપર' કહે છે કે:

Wolf, wherever he fought,
Put so much of his heart into his act,
That his example had a magnet's force,
And all were swift to follow whom all loved.

**વિગ્રહનો અંત:** ઈ. સ. ૧૭૬૦માં ઈંગ્લેન્ડની સોળે કળા ખીલી. યુરોપમાં તેની સમોવડ કોઈ રહ્યું નહિ, ફ્રેન્ચ નૌશક્તિ છિન્નભિન્ન થઈ ગઈ, અને દેશાવરમાં અંગ્રેજ સૈનિકોનાં પરાક્રમથી ઈંગ્લેન્ડનો વિજયધ્વજ ફરફરવા લાગ્યો. પ્રતાપી પિટ્ટની રાજનીતિ સર્વાંશે સફળ થઈ, અને દેશમાં તેની પ્રતિષ્ઠા વધી. રાજા કે પાર્લમેન્ટમાંથી ભાર કોના, કે પિટ્ટને પ્રશ્ન પૂછી શકે? પરંતુ શિખરે પહોંચ્યા પછી ઉતરવાનું હોય, તેમ પિટ્ટના અસ્તનો વખત આવ્યો. ઈ. સ. ૧૭૬૦ના ઑક્ટોબરની ૨૫મી તારીખે રાજા એકાએક મૃત્યુ પામ્યો. નવો રાજા આપમતીલો હતો. ઈ. સ. ૧૭૬૧માં સ્પેન વિગ્રહમાં પડયું. પિટ્ટ સ્પેનનો ઉદ્દેશ જાણતો હતો, એટલે તેની ઇચ્છા એકદમ તેની જોડે યુદ્ધ જાહેર કરી દેવાની હતી; પણ દુરાગ્રહી રાજા વિરુદ્ધ પડવાથી સ્વાભિમાની પિટ્ટે રાજીનામું આપ્યું.

સ્પેન વિગ્રહમાં ઉતર્યું, પણ બ્રિટનના સામુદ્રિક બળ આગળ તેનો હિસાબ ન હતો. વેસ્ટ ઇન્ડિઝના બાકીના દ્વીપો અને હેવાના અને મનીલા-નાં નગરો અંગ્રેજોએ જીતી લીધાં. સાત સાત વર્ષ સુધી લડીને સર્વ થાકી ગયા હતા, એટલે ઈ. સ. ૧૭૬૩માં પેરિસમાં સંધિ થઈ. આથી ઈંગ્લેન્ડને ઘણો લાભ થયો; કેમકે ફ્રાન્સ પાસેથી તેને કેનેડા, કેપ બ્રિટન, ગ્રેનેડા, માર્ઇનોર્કા વગેરે મળ્યાં, અને ઈંગ્લેન્ડે ફ્રાન્સને પોંડીચેરી, ચંદ્રનગર વગેરે પાછાં આપ્યાં. સ્પેનને પણ ઈંગ્લેન્ડે કયુબા અને ફિલિપાઈન દ્વીપો પાછા આપ્યા.

પેરિસની સંધિનાં ત્રણ મહાન્ પરિણામ આવ્યાં: (૧) અમેરિકામાં ઈંગ્લેન્ડનું આધિપત્ય સ્થપાયું; યુરોપનું કોઈ પણ રાજ્ય તેની જોડે સ્પર્ધા કરી શકે તેવું ન રહ્યું. (૨) ફ્રાન્સના નૌકાસૈન્યનો એવો ઘાણ વળી ગયો, કે ઈંગ્લેન્ડનું સામુદ્રિક બળ અજોડ થઈ રહ્યું. (૩) પ્લાસીના વિજયથી હિંદમાં બ્રિટિશ સામ્રાજ્યનો પાયો નંખાયો.

**વિલિયમ પિટ્ટ:** આ મહાપુરુષની પ્રતાપી રાજનીતિથી દેશની પ્રતિષ્ઠા ઉચ્ચ શિખરે પહોંચી. તેનો જન્મ ઈ. સ. ૧૭૦૮માં એક કુલિન કુટુંબમાં થયો હતો. ૨૭ વર્ષની વયે તે પાર્લમેન્ટમાં આવીને વૉલ્પોલના વિરોધીઓમાં ભળ્યો, અને પોતાની અદ્દભુત અને અપૂર્વ વક્તૃત્વશક્તિથી સભાગૃહ ગજાવવા

લાગ્યો. કાર્ટરેટના સમયમાં તેણે હેનોવરનો પક્ષપાત દર્શાવનારી રાજનીતિની એવી તો ઝાટકણી કાઢી, કે જ્યૉર્જ બીજો તેના પર કોપ્યો. ઇ. સ. ૧૭૪૩માં પેલ્હામ ભાઈઓએ તેને મંત્રીમંડળમાં લેવાનો વિચાર કર્યો, ત્યારે રાજા વિરુદ્ધ પડયો, અને એટલી હઠ પકડી બેઠો કે છેવટે તેમણે રાજીનામું આપ્યું. આખરે તેમના વિના ચાલ્યું નહિ, ત્યારે રાજા પિટ્ટને અધિકાર આપવા કબુલ થયો. સપ્તવાર્ષિક વિગ્રહના આરંભમાં ન્યૂકેસલની અશક્તિ જણાઈ આવી, અને પોતાની અનિચ્છા છતાં તેને પિટ્ટને મંત્રીમંડળમાં લઈ વિગ્રહ ચલાવવાનું કામ સોંપવું પડયું. એ વર્ષોમાં તેણે જ્વલંત કારકીર્દિ બતાવી હતી.



વિલિયમ પિટ્ટ

લાંચરૂશ્વત અને ખુશામતના જમાનામાં વિરલ એવી પ્રમાણિકતા અને સ્વતંત્રતા પિટ્ટમાં હતી. તેની અસાધારણ શક્તિ અને દીર્ઘદષ્ટિને લીધે તેણે રાજનીતિમાં જે સફળતા મેળવી, તેથી અધિકારપદે આવતાં તેણે કહેલાં વચન મિથ્યાભિમાનનાં નહિ, પણ અચલ આત્મશ્રદ્ધાનાં હતાં એમ લાગે છે. જે જમાનામાં કુલીન જમીનદારો પ્રજાના પ્રતિનિધિને નામે વહીવટ ચલાવતા હતા, તે જમાનામાં તેણે નિઃસ્વાર્થ અને નિષ્કલંક જાહેરજીવનની પવિત્ર ભાવના કેળવી, અને દેશના રાજદ્વારી વાતાવરણ ઉપર અમાપ અસર કરી. તેનામાં અસંગતિ, વધારે પડતું આત્મમાન, આડંબર આદિ હતાં, છતાં તે ઈંગ્લેન્ડનો મહાન્ પુરુષ હતો. વિગ્રહના ભયંકર સમયમાં તેણે પક્ષભેદ ભૂલી જઈ પ્રોજ્જવલ અને નિર્મળ દેશભક્તિ, અચૂક મનુષ્યપરીક્ષા, અને નિસ્પૃહી વૃત્તિને લીધે હડધૂત થએલા જેકોબાઈટ અને હાઈલેન્ડરોને પણ

સૈન્યમાં દાખલ કરી જે વિલક્ષણ રાજદ્વારી કુનેહ બાતવી, તેથી તે લોકોના આદરને પાત્ર થયો. તેણે સંકુચિત અને સ્વાર્થી વૃત્તિ, પરસ્પર દ્વેષ, અને મિથ્યા આડંબરને દૂર કરી પોતાની રાજનીતિમાં તેજસ્વિતા, સાહસિકતા, નિઃસ્વાર્થતા, અને ઉચ્ચ નીતિમયતા દાખલ કરી પ્રજાના પવિત્ર ઉત્સાહને વધાર્યો. સંસ્થાનોના વિકાસ અને નૌકાબળની શ્રેષ્ઠતા ઉપર ઈંગ્લેન્ડની ઉન્નતિનો આધાર રહેલો છે, એવું કહેનાર અને સમજનાર એ પહેલો મંત્રી હતો. તે પક્ષભેદથી ન્યાયાન્યાયનો વિચાર ભૂલી જનારા પાર્લમેન્ટના સભાસદો કરતાં વિશાળ જનસમૂહના અભિપ્રાયને લક્ષમાં રાખીને કામ કરવાનો હિમાયતી હોવાથી તેને **'દેશબંધુ'** એવું સ્પૃહણીય ઉપનામ વર્યું છે.

---

## પ્રકરણ ૪થું

### જ્યૉર્જ ૩જો: ઇ. સ. ૧૭૬૦-૧૮૨૦

**સ્વભાવ અને આશય:** જ્યૉર્જ બીજાનો પુત્ર ફ્રેડરિક તેની હયાતીમાં મરણ પામ્યો હતો, એટલે ફ્રેડરિકનો પુત્ર જ્યૉર્જ ૩જો ઇ. સ. ૧૭૬૦માં ૨૨ વર્ષની જુવાન વયે ગાદીએ આવ્યો. તે સોહામણો અને મીનલસાર સ્વભાવનો હતો. તે જમાનામાં કુલીન કુટુંબોના યુવકોમાં શરાબબાજી અને દુરાચારો જોવામાં આવતા હતા. પરંતુ આ તરુણ રાજામાં તેમાંનો એકે દુર્ગુણ નહોતો, એટલે પ્રજાનો તેના ઉપર અત્યંત ભાવ હતો. ગરીબોને ઘેર જઈ તેમની નાની નાની સગવડો સાચવવાની અને ભેટો આપવાની ટેવથી રાજાએ પ્રજા ઉપર ભૂરકી નાખી દીધી. તે દયાળુ, ધાર્મિક અને સદાચારી હોઈ કર્તવ્યનિષ્ઠાનું તીવ્ર ભાન ધરાવતો હતો. તે ઈંગ્લેન્ડમાં મોટો થયો હતો, એટલે અંગ્રેજી ભાષા શુદ્ધ બોલી શકતો હતો, અને પોતાને અંગ્રેજ કહેવડાવવામાં ગૌરવ માનતો હતો. તેને દેશનું કલ્યાણ થાય તેવી રીતે રાજ્ય કરવાની ઇચ્છા હતી. પરંતુ એ સાથે લોકો રાજ્યવહીવટ પોતાના હાથમાં લે, એવી તેની ઇચ્છા ન હતી. તેની માતા નિત્ય કહ્યા

કરતી, કે " **જ્યૉર્જ, રાજા થજે.** " આથી તે દૃઢ મનોબળવાળો અને ઉદાર આશયવાળો બન્યો હતો, છતાં અખંડ રાજસત્તા ભોગવવાના તનતોડ અને સતત પ્રયત્નોમાં પ્રજા ઉપર તે ઉપકારને બદલે અપકાર કરી શક્યો. બોલિંગ-બ્રોકે લખેલું 'The Idea of a King' નામનું પુસ્તક આ રાજા ધ્યાનપૂર્વક વાંચી ગયો હતો. તે ઉપરથી તે એવા નિશ્ચય ઉપર આવ્યો હતો, કે પ્રજાના પ્રતિનિધિ બનવું એ રાજાનો ખાસ હક છે. રાજાની ખાસ સત્તા પ્રજાના કલ્યાણને માટેજ છે. લોકની સત્તા પાછી સ્થાપવાને માટે એકજ રસ્તો એ છે, કે રાજસત્તાને દેશમાં સર્વોપરિ બનાવવી. પહેલા બે રાજાઓના સમયમાં રાજસત્તા નામશેષ થઈ ગઈ હતી. જ્યૉર્જે તેને સર્વોપરિ કરવાનો નિશ્ચય કર્યો. રાજકાર્યમાં



**જ્યૉર્જ ૩જો**

જેનો એકડો નહિ તે રાજા શા કામનો ? તેણે જોઈ લીધું કે વ્હિગ પક્ષ સત્તાધીશ થઈ પડયો છે, એટલે દેશમાં રાજસત્તાને સર્વોપરિ કરવી હોય, તો કોઈ પણ પ્રકારે વ્હિગ પક્ષને નિર્બળ અને બને તો નિર્મૂળ કરી નાખવો જોઈએ. વળી રાજાને સર્વ સત્તાનું કેન્દ્ર બનાવવો, પક્ષપદ્ધતિથી રાજ્ય ચલાવવાનું ધોરણ રદ કરી પોતાના મનમાન્યા પ્રધાનો નીમવા, અને વ્હિગ પક્ષની દૃઢ થએલી સત્તા કોઈ પણ ઉપાયે તોડી પાડવી, એવા તેની રાજ-નીતિના ત્રણ આશયો થઈ પડયા.

આવા મહાભારત કાર્ય માટે જોઈતી સર્વ શક્તિ આ તરુણ રાજામાં હતી. રાજામાં અચળ આત્મશ્રદ્ધા, ધૈર્ય, સાવધતા, કાર્યદક્ષતા, અને

ઉત્સાહ જોઈ વ્હિગ પક્ષમાં વ્યગ્રતા આવી. જ્યૉર્જે પોતાની નીતિની સફળ સિદ્ધિ માટે રાજભંડાર ખુલ્લો મૂકયો, અને અમીરાતની લહાણી કરવા માંડી.

**રાજા અને વ્હિગ પક્ષ વચ્ચે લડત:** ઇ. સ. ૧૭૬૦–૧૭૭૦. આરંભનાં દસ વર્ષ રાજાએ વ્હિગ સત્તાનો અંત આણવામાં ગાળ્યાં. પોતાના સિદ્ધાન્તોનો અમલ કરવા જતાં રાજાએ બંધારણનો ભંગ કર્યો. તેણે પ્રથમ ટોરી, જેકોબાઈટ અને વ્હિગ પક્ષના સર્વ વિરોધીઓને લાંચ, ઈનામ, અમીરાત, વર્ષાસનો, અને જાગીરોની ભરપટ્ટે લહાણી કરી, અને "**રાજમિત્ર**"ના નામથી ઓળખાતો રાજાની મોરલીએ નાચે એવો મજબુત પક્ષ ઉભો કર્યો. વ્હિગ પક્ષમાં ફૂટ પડી હતી, તેથી કેટલાક વ્હિગ પણ રાજપક્ષમાં ભળ્યા. દરમિઆન તેણે રાજકાર્યમાં પોતાના શિક્ષાગુરુ લૉર્ડ બ્યૂટની શીખવણીએ ચાલવા માંડયું. બ્યૂટ સાધારણ બુદ્ધિનો, સત્ત્વહીણો, રાજનીતિનો અજાણ્યો, અને પુસ્તકપંડિત હતો. પરંતુ મહેચ્છુ રાજાને તો આવા સ્થૂલબુદ્ધિ પ્રધાનથી પાલવે તેમ હતું. ઇ. સ. ૧૭૬૧માં સ્પેને વિગ્રહ જાહેર કર્યો, એટલે પિટ્ટે માન્યું કે તે ફ્રાન્સની જોડે ભળશે, માટે તેની જોડે સત્વર યુદ્ધ જાહેર કરી તેને પરાસ્ત કરી દેવું જોઈએ. રાજાએ આ સલાહ માન્ય કરી નહિ, એટલે આત્મમાની પિટ્ટે રાજીનામું આપ્યું, અને ૭ માસ પછી ન્યૂકેસલ પણ તેને પગલે પળ્યો. હવે બેવકુફ બ્યૂટ મંત્રીપદે આવ્યો. રાજાની ઇચ્છા જાણી તેણે ઇ. સ. ૧૭૬૩માં પૅરિસની સંધિ કરી સપ્તવાર્ષિક વિગ્રહનો અંત આણ્યો. પરંતુ દ્રવ્ય અને મનુષ્યનો આટલો ભોગ આપીને ઈંગ્લેન્ડે આટલાથી સંતોષ માન્યો, એ વાત પ્રજાને ન રુચી. હવે બ્યૂટ ઉપર અનેક આક્ષેપો થવા લાગ્યા. એ અક્કલહીણો છે, અને સ્કૉટ છે, એટલે આવી અપમાનકારક સંધિ કરી લાવ્યો, એમ કહી લોકો તેનો ખુલ્લો તિરસ્કાર કરવા લાગ્યા. પરિણામે રક્ષકો વિના રસ્તામાં એકલા જવું પણ તેને અશકય થઈ પડયું. પ્રજાપ્રકોપથી ભય પામી તેણે રાજાની અનિચ્છા છતાં ઉતાવળે રાજીનામું આપી દીધું, ઇ. સ. ૧૭૬૩. તેની પછી જ્યૉર્જે ગ્રેનવીલ નામના સંકુચિત વિચારના અને સાધારણ બુદ્ધિના માણસને મંત્રીપદ મળ્યું.

પૅરિસની સંધિ સંબંધી ચર્ચા ચાલતી હતી, તે સમયે જ્હૉન વિલ્કીસ

નામના 'નૉર્થ બ્રિટન' પત્રના અધિપતિએ પોતાના પત્રમાં કડક લખાણ કરવા માંડયાં. પાર્લમેન્ટમાં રાજાએ આ સંધિને કલ્યાણકારી અને ગૌરવવાળી કહી હતી. તેનો ઉલ્લેખ કરીને એક લેખમાં તેણે લખ્યું, કે રાજાના મુખમાં અસત્ય મૂકવામાં આવ્યું છે. હવે ધૃષ્ટતાની હદ આવી રહી. એક નામઠામ ભર્યા વિનાનો સાદો હુકમ કાઢીને અધિપતિ, મુદ્રક, અને પ્રકાશક સર્વને પકડવામાં આવ્યા. પરંતુ સમગ્ર દેશમાં આવા ગેરકાયદેસર કામ ઉપર જુસ્સાભેર ચર્ચા ચાલી રહી. વ્હિગ પક્ષે અને વિલ્કીસના મિત્રોએ લોકોને ભંભેરવા માંડયા, કે રાજા તો લોકોના સ્વાતંત્ર્યને હરી લેવા ઇચ્છે છે. પરંતુ વિલ્કીસ પાર્લમેન્ટનો સભ્ય છે માટે તેને પકડાય નહિ, એમ કહી ન્યાયાધીશોએ તેને છોડી મૂકયો. હવે વિલ્કીસે હુકમ કાઢનારાઓ ઉપર દાવો નોંધાવી ૧,૦૦૦ પૌન્ડની નુકસાની મેળવી; પરંતુ વિલ્કીસે એક અશ્લીલ કાવ્ય રચ્યું હતું, તેનો લાભ લઈને રાજાએ તેને પાર્લમેન્ટમાંથી કઢાવી મૂકયો, અને તેને દેશનિકાલ કર્યો, ઇ. સ. ૧૭૬૪. દેશના રાજકારણમાં આવી રીતે ભાગ લેનારા રાજાની પ્રતિષ્ઠા ઓછી થઈ, અને અમેરિકાના સ્વાતંત્ર્યવિગ્રહે એ પ્રતિષ્ઠા છેક ટાળી નાખી.

ગ્રેનવીલના સમયમાં અમેરિકાનાં સંસ્થાનો જોડેના કલહના કારણરૂપ પ્રસિદ્ધ દસ્તાવેજનો કાયદો પસાર કરવામાં આવ્યો. ગ્રેનવીલના વિચારો રાજાને અનુકૂળ હતા, છતાં તે તેનો આજ્ઞાધારી સેવક બની રહેવા તૈયાર ન હતો. ઇ. સ. ૧૭૬૫માં રાજા માંદો પડયો, એટલે કોઈને રાજ્યરક્ષક નીમવાની આવશ્યકતા ઉત્પન્ન થઈ. મંત્રીઓએ કાયદો આણ્યો, કે રાણી કે જ્યૉર્જ રાજાના વંશજો 'રાજ્યરક્ષક' થાય. રાજા સાજો થયો, ત્યારે પોતાની માતાને 'રાજ્યરક્ષકપદ'થી બાતલ કરવામાં આવેલી જોઈ ક્રોધે ભરાયો, અને ગ્રેનવીલે રાજમાતાનું અપમાન કર્યું એમ માનવા લાગ્યો. તેણે ગ્રેનવીલને રજા આપી વ્હિગ પક્ષના રૉકિંગહામને મંત્રી નીમ્યો.

રૉકિંગહામે પ્રથમના મંત્રીઓએ કરેલી ભૂલો સુધારી, અને દસ્તાવેજનો કાયદો રદ કરી સંસ્થાનોને શાંત પાડયાં. પરંતુ એ નબળા મંત્રીઓ બહુ વાર રહ્યા નહિ. રાજાને વ્હિગ ઉપર અણગમો હતો, રૉકિંગહામની નીતિ પસંદ ન

હતી, અને કેટલાક મંત્રીઓ ઉપર રોષ હતો, એટલે તે તેમની વિરુદ્ધ ખટપટ કર્યા કરતો. આખરે તેમને રજા આપી તેણે પિટ્ટને બોલાવ્યો. પરંતુ એ સિંહ વૃદ્ધ થઈ ગયો હતો, અને તેના નખમાંથી શૌર્ય ઝરી ગયું હતું. વળી અધિકાર ઉપર આવતાં તેને લૉર્ડ '**ચેધામ**' બનાવવામાં આવ્યો, એટલે તેની લોકપ્રિયતા ઓછી થવા લાગી. તેનું આરોગ્ય બગડી જવાથી તે કામ ઉપર ધ્યાન આપી શકતો નહિ. તેની ગેરહાજરીમાં તેના સાથીઓએ સંસ્થાઓ ઉપર કર નાખવાનો ધારો પસાર કર્યો હતો. પિટ્ટ મૂળથી આવા કરની વિરુદ્ધ હતો, એટલે ઇ. સ. ૧૭૬૮માં ગ્રેફટનને અધિકાર સોંપી તે નિવૃત્ત થયો. હવે શક્તિશાળી અગ્રણી વિનાના વ્હિગ મંત્રીઓએ દૂરદર્શી રાજનીતિનો ત્યાગ કર્યો. તેમણે અમેરિકા અને વિલ્કીસ પ્રત્યે અયોગ્ય અને અન્યાયી વર્તન ચલાવવા માંડયું. ઇ. સ. ૧૭૬૮માં વિલ્કીસ ફ્રાન્સથી પાછો આવ્યો, અને મિડલસેકસ પરગણા તરફથી પાર્લમેન્ટ માટે તેની વરણી થઈ. આમની સભાએ તેને બેસવા દીધો નહિ, પણ ઉલટું રાજાની શીખવણીથી તેને કેદમાં મોકલવામાં આવ્યો. રાજાના વિરોધી કંઈ લાગ ચૂકે? તેમણે દેશમાં હોહા કરી મૂકી; જાહેર સભાઓ ભરાઈ સ્વાતંત્ર્યની માગણી થવા લાગી, અને વિલ્કીસનાં પુતળાં અને છબીઓ છૂટથી વેચાવા લાગ્યાં. વિલ્કીસ દેશનો નેતા થઈ પડયો. લોકોને પોતાનો મનગમતો પ્રતિનિધિ મોકલવાનો હક ખરો કે નહિ, એ પ્રશ્ન ચર્ચાવા લાગ્યો. કોઈ 'જ્યુનિયસ' નામધારીએ વર્તમાનપત્રોમાં તે સમયના મંત્રીઓની ઝાટકણી કાઢવા માંડી, અને એડમંડ બર્કે "વર્તમાન અસંતોષ ઉપર વિચારો" નામના પુસ્તકમાં રાજનીતિની ગંભીર સમાલોચના કરી. રાજાએ પાર્લમેન્ટનો પક્ષ લીધો. ત્રણ વખત વિલ્કીસ ચુંટાયો, અને ત્રણ વખત અમાન્ય થયો. આખરે ઇ. સ. ૧૭૭૪માં તેની ફરી વરણી થઈ, અને થાકીને પાર્લમેન્ટે તેને માન્ય રાખ્યો.

ઇ. સ. ૧૭૭૦માં ગ્રેફટનના નિર્બળ મંત્રીમંડળે રાજીનામું આપ્યું. વ્હિગ પક્ષના અગ્રણીઓમાંથી કેટલાક મરી ગયા હતા, કેટલાક જાહેર જીવનમાંથી નિવૃત્ત થતા હતા, અને બાકીનામાં તડ પડયાં હતાં, એટલે પક્ષને છિન્નભિન્ન કરવો એ હવે રમત જેવું હતું. વિલ્કીસના પ્રશ્નથી દેશમાં ઉપજેલા

ખળભળાટનો અને આમની સભા પ્રત્યેના અસંતોષનો લાભ લઈ રાજાએ ટોરી પક્ષના લૉર્ડ નૉર્થને મંત્રી બનાવ્યો, અને રાજસત્તા સર્વોપરિ કરવાનો મનોરથ સિદ્ધ કર્યો.

**નૉર્થની આંતર નીતિ:** નૉર્થ પરમ બુદ્ધિશાળી, કુનેહબાજ, અને અનુભવી હતો, છતાં દૃઢ મનોબળ વિનાનો હોવાથી મહેચ્છુ રાજાનો આજ્ઞાધારી દાસ બની ગયો. રાજાની કૃપાથી તેણે બાર વર્ષ સુધી અધિકાર જાળવી રાખ્યો. જ્યૉર્જ પણ યુક્તિઓથી લોકપ્રિય થઈ પડયો, અને પાર્લમેન્ટના કાર્યમાં સ્વચ્છંદી રીતે ડખલગીરી કરવા લાગ્યો. જો કે પિટ્ટ અને બીજા કેટલાકે શોર મચાવી મૂકયો, છતાં તેમનું અરણ્યરુદન સાંભળનાર કોઈ ન રહ્યું. તેણે વૉલ્પોલે સ્થાપેલી સંયુક્ત મંત્રીમંડળની પદ્ધતિ નાબુદ કરી દરેક ખાતાવાર મંત્રી નીમી દીધા, અને બધાને રાજાને આધીન બનાવી દીધા. આમ દેશપરદેશ કે સંસ્થાનોના વહીવટની દરેક બાબતમાં રાજાની મરજી પ્રમાણે થવા લાગ્યું. નૉર્થ રાજાની આજ્ઞાનું પાલન કરવામાં પોતાનો અધિકાર સાર્થક થયાનું માનતો, એટલે તેની આંતર નીતિ કેવી હોય? તે અધિકાર ઉપર આવ્યો, તેવો એક અગત્યનો બનાવ બન્યો. પાર્લમેન્ટમાં ચાલતાં કામકાજ અને ચર્ચાનો હેવાલ પ્રસિદ્ધ કરવા માટે આમની સભાએ કેટલાક પ્રકાશકોને કારાગૃહમાં પૂર્યા, પણ વિલ્કીસ આદિ સ્વાતંત્ર્યપ્રિય પુરુષોના પ્રચંડ પ્રયાસથી તેઓ છૂટ્યા, અને તે સાથે આવા હેવાલો પ્રસિદ્ધ કરી પાર્લમેન્ટના કાર્યથી જનતાને જાણીતી રાખવાનો વર્તમાનપત્રોનો આવશ્યક ધર્મ સ્વીકારાયો. દુરાગ્રહી રાજા અને નિર્બળ મંત્રીના અમલમાં ઈંગ્લેન્ડના શત્રુઓ પ્રબળ થયા, અને અમેરિકા ઈંગ્લેન્ડથી સ્વતંત્ર બની ગયું.

**સંસ્થાનો અને કર:** ઇ. સ. ૧૭૬૫–૧૭૭૪. ઇ. સ. ૧૭૫૯માં કવેબેક પડયું, અને સંસ્થાનીઓ ફ્રાન્સના ભયથી મુક્ત થયા. ફ્રેન્ચ લોકોએ દારૂ પાઈને ઉન્મત્ત બનાવી મૂકેલા વનના વાઘ જેવા નિર્દય ઇન્ડિઅનો તેમનાં ઘરબાર બાળી નાખશે કે લૂંટી જશે, અથવા તેમના પ્રાણ લેશે, એવો ભય હવે તેમને રહ્યો નહિ. ધર્મને કારણે આવેલા સ્વાતંત્ર્યને પ્રાણ સમાન ગણનારા એ સંસ્થાનીઓ પોતાનો વહીવટ સ્વતંત્રતાથી ચલાવતા

હતા. ઈંગ્લેન્ડથી તેમની રાજસભાઓના પ્રમુખપદ માટે સુબો આવતો. એ બળવાન, શૂરા, અને આત્મશ્રદ્ધાવાળા સંસ્થાનીઓને હવે ઈંગ્લેન્ડથી સ્વતંત્ર થવાની ઇચ્છા થઈ. તેઓ પરદેશ જઈ વસ્યા હતા, તોપણ પોતાને અંગ્રેજ માનીને સ્વતંત્રતાના હકદાર ગણતા હતા; પણ ઈંગ્લેન્ડ તેમની પરવા કરતું નહિ. તેને મન તો સંસ્થાનો એટલે ઈંગ્લેન્ડમાં બનેલો માલ વેચવાનું બજાર, અને ઈંગ્લેન્ડમાં પેદા ન થાય તેવી વસ્તુઓ પેદા કરવાનાં કારખાનાં. તેણે સંસ્થાનોને નૌયાનનો કાયદો લાગુ પાડયો, અંગ્રેજ વિના બીજી પ્રજા જોડે વેપાર કરવાની મના કરી, અને કેટલીક વસ્તુઓ ઉત્પન્ન કરવાનો નિષેધ કર્યો. જ્યૉર્જના રાજ્યારોહણ પહેલાં પણ સંસ્થાનોમાં અસંતોષ વ્યાપી રહ્યો હતો. વળી ઉપરના કાયદાઓનો કડક રીતે અમલ કરવામાં આવ્યો હોત, તો ક્યારનોએ બળવો ફાટી નીકળ્યો હોત. પરંતુ કાયદા પોથીમાં રહેતા, અને સંસ્થાનો વેસ્ટ ઇન્ડિઝ જોડે ધમધોકાર વેપાર ચલાવતાં.

જ્યૉર્જ ગ્રેનવીલ મંત્રીપદે આવીને સપ્તવાર્ષિક વિગ્રહનું ખર્ચ જોઈ સ્તબ્ધ થઈ ગયો. અમેરિકાનાં સંસ્થાનોના હિત માટે આ વિગ્રહ થયો હતો, કેનેડાના ફ્રેન્ચો તરફથી તેઓ ભયમુક્ત થયા હતા, તો પછી તેમણે વિગ્રહના ખર્ચનો ત્રીજો ભાગ આપવો જોઈએ, એમ ધારી તેણે સ્ટાંપનો કાયદો પસાર કરી ઠરાવ્યું, કે સંસ્થાનોમાં થતા પ્રત્યેક દસ્તાવેજ અને વર્તમાનપત્ર ઉપર અમુક કિંમતનો સ્ટાંપ લગાડવો જોઈએ. આમાં કશું અયોગ્ય ન હતું. ઈંગ્લેન્ડમાં પણ કરનો બોજો વધી પડયો હતો, તે સમયે સંસ્થાનીઓએ પોતાનો હિસ્સો આપવો જોઈએ. સંસ્થાનીઓના વેપારને બીજા કાયદાઓથી જે આઘાત પહોંચતો હતો, તેવો આઘાત આ કાયદાથી પહોંચવાનો ન હતો; જે રકમ આવે તે સંસ્થાનોમાં લશ્કર રાખવા માટે વાપરવાની હતીઃ છતાં આ કાયદો પસાર કરવાની પદ્ધતિથી રોષે ભરાઈને સંસ્થાનીઓ વિરુદ્ધ પડ્યા. પરસ્પર ક્લેશ તજી તેઓ એકત્ર થયા. તેરમાંથી નવ સંસ્થાનોના પ્રતિનિધિઓએ એકત્ર થઈ આ કાયદાનો વિરોધ કર્યો. અમને પૂછ્યા વિના તમારાથી અમારી પાસેથી કર લેવાય કેમ? અમારા પ્રતિનિધિ તમારી પાર્લમેન્ટમાં નથી, તો પછી તમને અમારા પર કર નાખવાનો શો અધિકાર? પ્રતિનિધિત્વ નહિ, તો કર પણ નહિ; જોઈએ તો અમે તમને સ્વેચ્છાથી નાણાં આપીએ. પિટ્ટ

અને બર્કે સંસ્થાનીઓનો પક્ષ લઈને ભાષણો કરવા માંડયાં. રૉકિંગહામે આ આકરો કાયદો રદ કરી સંસ્થાનીઓનાં મન રંજિત કર્યાં, પણ સંસ્થાનો માટે તેમની સંમતિ વિના કાયદા ઘડવાનો બ્રિટિશ પાર્લમેન્ટને અધિકાર છે, એવા અર્થનો કાયદો કરી તેમના રોષાગ્નિને સચેત રાખ્યો. ઇ. સ. ૧૭૬૭માં પિટ્ટના અમલ દરમિઆન તેની ગેરહાજરીમાં ટાઉનશેન્ડે ચા, કાચ, અને કાગળ ઉપર જકાત નાખવાનો કાયદો કર્યો. હવે સંસ્થાનીઓ કટિબદ્ધ થયા. લૉર્ડ નૉર્થે બધી વસ્તુઓ પરની જકાત રદ કરી, પણ બ્રિટિશ પાર્લમેન્ટનું ઉપરીપણું સિદ્ધ કરવા અને સંસ્થાનો ઉપર કર નાખવાનો હક સાબીત કરવા માત્ર ચા ઉપરની જકાત કાયમ રાખી. આવી જકાતની આવક બહુ થાય તેમ ન હતું, પણ હવે વાત મમતે ભરાઈ.

સંસ્થાનોમાં તો જબરો કોલાહલ મચ્યો; તેમને પોતાનું અપમાન થતું લાગ્યું. કેટલેક સ્થળે તો ઉત્સાહી પણ અધીરા માણસોએ તોફાન મચાવ્યું, અને તેમાં કેટલાક સંસ્થાનીઓ અંગ્રેજી સૈનિકોને હાથે માર્યા ગયા. વાતનું વતેસર થયું. એ તોફાનને મોટો હત્યાકાંડ ગણવામાં આવ્યો. ઇ. સ. ૧૭૭૩માં કેટલાક દુરાગ્રહી સંસ્થાનીઓએ ઇન્ડિઅનોનો વેશ પહેરી બોસ્ટન બંદરમાં પડેલાં જહાજો ઉપર ચડી જઈ અંદરની તમામ ચા સમુદ્રમાં ફેંકી દીધી.[1] ઈંગ્લેન્ડમાં આ સમાચાર આવતાં સરકારનો ગુસ્સો માઝા મૂકી ગયો. પરિણામે મેસેચુસેટ્સ સંસ્થાનમાં લશ્કરી કાયદો જાહેર કરવામાં આવ્યો, તેની સનદ લઈ લેવામાં આવી, અને બોસ્ટન બંદર બંધ કરવામાં આવ્યું. બેન્જામિન ફ્રેંકલિન જેવા શાંત વિચારકે સમાધાન કરવા પ્રયત્નો કર્યા. રાજા અને પુણ્યપ્રકોપથી પ્રજળી ઊઠેલી પ્રજા વચ્ચેના કલહનો નિર્ણય શસ્ત્રથી થવાનું નિર્માયું હતું.

**અમેરિકાનો સ્વાતંત્ર્યવિગ્રહ:** ઇ. સ. ૧૭૭૫–૧૭૮૩. આજે ઈંગ્લેન્ડનો રોષ મેસેચુસેટ્સ ઉપર ઉતર્યો, તો કાલે બીજા કોઈ ઉપર ઉતરે. હવે વધારે નિશ્ચય અને બળપૂર્વક સામે થવાની જરૂર છે, એમ વિચારી જ્યૉર્જિઆ વિના બીજાં સંસ્થાનોના પ્રતિનિધિઓની એક સામાન્ય પરિષદ્ ફિલાડેલ્ફિઆમાં મળી, ઇ. સ. ૧૭૭૪. તેમણે અન્યાયી કર રદ કરવાની અને સંસ્થાનોને પોતાને કર નાખવા દેવાની માગણી કરી. પરંતુ તેમનું

1. તેમના આ પરાક્રમને 'Bosten Tea Party' કહેવામાં આવે છે.

સાંભળનાર કોણ હતું? યુરોપનાં બધાં રાજ્યો વિરુદ્ધ પડયાં છે, સંસ્થાનીઓ આપણા એકલોહિયા ભાઈ છે, તેમનાં લોહી રેડાવાથી બંધુત્વનાં બંધનો કપાઈ જશે, એમ પિટ્ટ અને બર્ક ગંભીર વાણીમાં સમજાવી રહ્યા, પણ દીર્ઘદૃષ્ટિ અને સદ્‌બુદ્ધિને અવકાશ કયાં હતો? વિગ્રહ જાહેર થયો. સંસ્થાનીઓની પરિષદે જ્યૉર્જ વૉશિંગ્ટન નામના અથાગ દેશપ્રેમી, ધીર, શૂર, અને સાહસિક પુરુષને સેનાપતિપદ આપ્યું.

આરંભમાં બોસ્ટન પાસે યુદ્ધ થયું. ઇ. સ. ૧૭૭૫માં લેકિંસગ્ટન પાસે થોડા ઘણા અંગ્રેજ સૈનિકો મરાયા, પણ પછી અંગ્રેજ સૈન્યે બંકરની ટેકરીનો કબજો લઈ સંસ્થાનીઓને હરાવ્યા. સંસ્થાનીઓમાં તાલીમ ન હતી, તેમની પાસે નહોતાં પૂરાં શસ્ત્રો, કે નહોતી ખપજોગી યુદ્ધ સામગ્રી; તેમનામાં અડગ ધૈર્ય, અચળ નિશ્ચય, અને જ્વલંત સ્વદેશપ્રેમ હતાં.

**જ્યૉર્જ વૉશિંગ્ટનઃ** ઇ. સ. ૧૭૭૬માં વૉશિંગ્ટને અંગ્રેજોને બોસ્ટન ખાલી કરવાની ફરજ પાડી. આ વિજયના આનંદમાં તે વર્ષના જુલાઈની ૪થી તારીખે પરિષદે **'સ્વાતંત્ર્યનું જાહેરનામું'** પ્રસિદ્ધ કર્યું, અને સંસ્થાનોનું પ્રજાસત્તાક રાજ્ય બનાવી તેને **'સંયુક્ત સંસ્થાનો'** એવું નામ આપ્યું. પરંતુ ઇ. સ. ૧૭૭૭માં બ્રેન્ડીવાઇન નદીના યુદ્ધમાં વૉશિંગ્ટન હાર્યો, ફિલાડેલ્ફિઆ અંગ્રેજોને હાથ આવ્યું, અને વિગ્રહમાં વિજય મેળવવાની આશા આવી; પરંતુ દૈવેચ્છા જુદી હતી. બર્ગોઈન નામના કેનેડાથી સૈન્ય લઈ આવતા સેનાપતિને સારાટોગાના યુદ્ધમાં પરાજય મળ્યો. આમ સંસ્થાનીઓને જય મળ્યો, અને તેમણે અપ્રતિમ સાહસ અને શૌર્ય દર્શાવ્યાં ખરાં, પણ બે વર્ષના યુદ્ધમાં તેમનાં અલ્પ સાધનો



જ્યૉર્જ વૉશિંગ્ટન

ખૂટી ગયાં. માણસો અને ઘોડાઓને ભૂખમરો વેઠવાનો વારો આવ્યો, અને છાવણીમાં પગરખાંની એક જોડ પણ ભાગ્યે માલમ પડવા લાગી. આખરે તેમનો જયવારો આવ્યો; કારણ કે સારાટોગાના યુદ્ધે તેમનો દિવસ ફેરવી નાખ્યો. યુરોપ-માં ફ્રાન્સ અને સ્પેને તેમનો પક્ષ ખેંચી ઈંગ્લેન્ડ વિરુદ્ધ વિગ્રહ જાહેર કર્યો.

લૉર્ડ નૉર્થ હવે વ્યાકુળ થઈ સ્વાતંત્ર્ય સિવાય સંસ્થાનો બીજું જે માગે તે આપવા તત્પર થઈ ગયો. વૃદ્ધ અને અશક્ત ચેથામે સંસ્થાનોનો પક્ષ લીધેલો હોવા છતાં ફ્રાન્સ વિગ્રહમાં જોડાયું, એ વાત સાંભળી સમર્થ વાણીમાં વિગ્રહ ચાલુ રાખવાની ઇચ્છા દર્શાવી.[1] રાજાએ દુરાગ્રહ ન તજ્યો, અને વધારે સૈન્ય અમેરિકામાં મોકલવામાં આવ્યું. પરંતુ હવે વિજય તો સંસ્થા-નીઓના વાવટા જોડે જડાઈ ગયો હતો, અને ફ્રાન્સ તરફથી એક કાફલો અને સૈન્ય તેમની કુમકે આવ્યાં. થોડા સમયમાં તો ન્યૂયોર્ક સિવાય અંગ્રેજો પાસે કંઈ મુલક રહ્યો નહિ. ઇ. સ. ૧૭૮૧માં લૉર્ડ કૉર્નવૉલિસને યોર્કટાઉનમાં હરાવીને શરણે આવવાની ફરજ પાડી, ત્યારે વિગ્રહની સમાપ્તિ થઈ ગઈ એમ મનાયું. સંસ્થાનો ઈંગ્લેન્ડથી સ્વતંત્ર થઈ ગયાં, અને વર્સેલ્સની સંધિથી તેમની સ્વતંત્રતા વિધિપુરઃસર સ્વીકારવામાં આવી.

**યુરોપમાં વિગ્રહ:** યુરોપમાં વિરોધનાં આભ ફાટયાં હતાં. ફ્રાન્સ અને સ્પેન તો સપ્તવાર્ષિક વિગ્રહ પછી ઈંગ્લેન્ડ પર વેર લેવા તલસી રહ્યાં હતાં. ફ્રાન્સે સંસ્થાનીઓને ખાનગી સહાય આપવા માંડી હતી, પણ સારાટોગાના યુદ્ધ પછી તેણે તેમનો જાહેર પક્ષ લીધો. ભારતવર્ષમાં મરાઠા અને હૈદરઅલીએ અંગ્રેજો સામે યુદ્ધ આદર્યું હતું. ઇ. સ. ૧૭૭૯માં સ્પેને ફ્રાન્સનો પક્ષ લીધો, અને જીબ્રાલ્ટરને ઘેરો ઘાલ્યો. આ ઉપરાંત તટસ્થ દેશોએ દાવો કર્યો, કે અમારાં જહાજોમાં શત્રુઓ માટે માલ લઈ જઈ શકાશે; પણ ઈંગ્લેન્ડ આવો દાવો સ્વીકારવા તૈયાર ન હતું. તેણે તટસ્થ દેશોનાં વહાણોની જડતી લેવા માંડી, અને હોલેન્ડ જોડે યુદ્ધ જાહેર કર્યું, એટલે રશિઆ, સ્વીડન, અને

---

૧. એક ભાષણ આપતાં મસ્તક પર લોહી ચડી જવાથી માંદો, વૃદ્ધ ચેથામ સભાગૃહમાં પડયો. તેનો પુત્ર અને જમાઈ તેને બેભાન અવસ્થામાં ઘેર લઈ ગયા, અને પછી થોડા દિવસમાં તે મરણ પામ્યો.

ડેન્માર્કે વિગ્રહમાં ઉતરવાની ઈંગ્લેન્ડને ધમકી આપવા માંડી. વેસ્ટ ઇન્ડિઝના ઘણાખરા દ્વીપો અને માઈનોર્કા તેની પાસેથી જતાં રહ્યાં, અને તેનું સામુદ્રિક વર્ચસ્વ લગભગ નાશ પામ્યું, તેથી યોર્કટાઉનના યુદ્ધમાં કૉર્નવોલિસને અમેરિકામાં સહાય મોકલી શકાઈ ન હતી. પરંતુ વીર સરદાર ઇલિયટે અપાર પરિશ્રમ વેઠીને જીબ્રાલ્ટરનું ત્રણ વર્ષ સુધી સંરક્ષણ કર્યું, અને આખરે સ્પેનના સૈન્યને ઇ. સ. ૧૭૮૨માં ઘેરો ઉઠાવીને લેવાની જરૂર પડી. દરમિઆન ચતુર નૌકાસેનાપતિ રૉડનીએ રંગ રાખ્યો. તેણે ઇ. સ. ૧૭૮૦માં સ્પેનને સેંટ વિન્સેન્ટ પાસે હરાવ્યું, અને ઇ. સ. ૧૭૮૨માં ફ્રેન્ચ કાફલાને વેસ્ટ ઇન્ડિઝમાં હરાવ્યો. ઈંગ્લેન્ડની પ્રતિષ્ઠા પુનઃ સ્થપાઈ. સંસ્થાનોનું સ્વાતંત્ર્ય ઇ. સ. ૧૭૮૨માં પેરિસની ખાનગી સંધિમાં સ્વીકારવામાં આવ્યું હતું એટલે યુદ્ધ ચલાવવાનું નિમિત્ત રહ્યું ન હતું. હવે માનભેર સંધિ કરી લેવાને અવસર મળ્યો. ઇ. સ. ૧૭૮૩માં વર્સેલ્સની સંધિથી વિગ્રહનો અંત આવ્યો

**વર્સેલ્સની સંધિ:** આ સંધિથી સ્પેનને માઈનોર્કા અને ફ્લોરિડા તથા ફ્રાન્સને ટોબેગો, સેનિગાલ, અને ગોરી મળ્યાં, હોલેન્ડ પાસેથી ઈંગ્લેન્ડને નિગાપટ્ટમ મળ્યું, અને સંસ્થાનોનું સ્વાતંત્ર્ય સ્વીકારવામાં આવ્યું. વિગ્રહ દરમિઆન અસાધારણ બુદ્ધિબળ, ચાતુરી, અને શૌર્ય દાખવી પરિશ્રમ ઉઠાવનાર અને પ્રજાના પ્રીતિપાત્ર બનેલા જ્યૉર્જ વૉશિંગ્ટનને તેમણે પ્રમુખ બનાવ્યો. તે મહાપુરુષ વિષે કહેવાય છે કે "તે સંધિમાં, વિગ્રહમાં, અને પ્રજાના હૃદયમાં પ્રથમ રહેતો." આ વિગ્રહને પરિણામે ઈંગ્લેન્ડનો સામ્રાજ્યવિકાસ કેટલોક સમય બંધ પડ્યો. વિગ્રહના ભારે ખર્ચને પહોંચી વળવામાં પ્રજાઋણ વધી ગયું. સ્પેન અને ફ્રાન્સની વધારે દુઃખદ સ્થિતિ થઈ; કેમકે વિગ્રહના છેલ્લા વર્ષમાં તેમની નૌસેનાનો સમૂળગો નાશ થયો હતો.

**મંત્રીમંડળમાં ફેરફાર:** અમેરિકા સાથેના વિગ્રહમાં માઈનોર્કા ગયું, ત્યારથી લૉર્ડ નૉર્થે મંત્રીપદ છોડી દીધું હતું. વિગ્રહ પૂરો થયા પછી ઈંગ્લેન્ડની પ્રતિષ્ઠા ઓછી થઈ; તેનાં સૈન્યો વારંવાર પરાજય પામ્યાં હતાં; માત્ર તેના નાશ પામેલા સામુદ્રિક ઉપરીપદને તેના નૌકાસૈન્યે ટકાવી રાખ્યું. રાજાની સ્વેચ્છાચારી નીતિથી દેશમાં ઉપયોગી કાર્ય ન થયું, પણ ઉલટાં સંસ્થાનો

હાથમાંથી ગયાં. હવે હતાશ થએલા રાજાએ વ્હિગ નેતાઓનું શરણ લીધું, અને ચાર્લ્સ જેમ્સ ફૉક્સને મંત્રીપદ આપ્યું. આ સમર્થ, ચતુર, અને બુદ્ધિશાળી રાજદ્વારીએ ટોરી નૉર્થને મંત્રીમંડળમાં લઈ **'સંમિલિત મંત્રીમંડળ'** (Coalition Ministry) બનાવ્યું. થોડા સમયમાં ફૉક્સે હિંદુસ્તાનનો રાજ્યવહીવટ ઈસ્ટ ઇન્ડિઆ કંપનિના હાથમાંથી લઈ પાર્લમેન્ટને સોંપવાનો ખરડો આણ્યો. રાજા કહેવા લાગ્યો, કે આ ખરડો મારા મસ્તક પરથી રાજમુકુટ લઈ ફૉક્સના શિર ઉપર મૂકવા જેવો છે. તે છતાં આમની સભાએ તે ખરડો મંજુર કર્યો, પણ રાજાની શેહમાં તણાનારા અમીરોએ તે નામંજુર કર્યો. રાજાએ મંત્રીઓને રજા આપી ચેધામના તરુણ પુત્ર વિલિયમ પિટ્ટને મંત્રી બનાવ્યો, ઇ. સ. ૧૭૮૩.

**નાનો પિટ્ટ**: મહાપુરુષ ચેધામના આ ભાગ્યશાળી પુત્રને બાલ્યાવસ્થામાં પિતા પાસેથી ઉત્તમ સંસ્કારો મળ્યા હતા. તે પાતળો, નબળા આરોગ્યનો, સુકા ચહેરાનો, શાંત, અતડા સ્વભાવનો, અને જ્ઞાનવૃદ્ધ હતો. તેનાં આત્મસંયમ અને દેશપ્રેમ જેટલાં ઉત્કટ હતાં, તેટલી તેની શક્તિ અમાપ હતી. તે માનચાંદની બેપરવા બતાવતો, છતાં તેની સત્તા ભોગવવાની તૃષ્ણા દેખાઈ આવતી. તે અભિમાની સ્વભાવનો, અડગ નિશ્ચયવાળો, અને પ્રબળ આત્મવિશ્વાસવાળો યુવક હતો. તેની અસાધારણ શક્તિની પિછાણ ઇ. સ. ૧૭૮૧માં તે પાર્લમેન્ટમાં આવ્યો તેવી થઈ.[1] તેની આવડત, કુનેહ, ચતુરાઈ, અને મનુષ્યોનાં મન હરી લેવાની અતુલ શક્તિને લીધે આપત્તિકાળમાં ખરાબે ચડેલા દેશના નાવનું સુકાન ચલાવવા માટે તે યોગ્ય પુરુષ હતો. તેના પિતાની પેઠે તેને દેશકલ્યાણની ધગશ હતી, અને પાર્લમેન્ટમાં ચાલી રહેલી લાંચરૂશ્વતની અધમ પદ્ધતિ પ્રત્યે તેને ઉંડો તિરસ્કાર હતો. તેના પર રાજા અને પ્રજા બંનેની પ્રીતિ અને વિશ્વાસ હતાં. ઇતિહાસમાં તે **'નાના પિટ્ટ'** ને નામે મશહુર છે.

---

૧. ફૉક્સ કહેતો કે પિટ્ટ પાર્લમેન્ટમાં અગ્રણી છે. એડમંડ બર્કે પોતાના મિત્રના પુત્રનું ભાષણ સાંભળીને આંસુભરી આંખે કહ્યું હતું; "એ સિંહનું બચ્ચું નહિ, આ સિંહ પોતે છે."

**પિટ્ટના સુધારા:** આ તરુણ મંત્રી આગળ દેશના કેટલાક મહાપ્રશ્નો આવી પડયા. સંસ્થાનો જોડેના વિગ્રહથી દેશ થાકી ગયો હતો, અને અઢળક દ્રવ્ય વપરાઈ ગયું હતું. વળી આયર્લેન્ડ અને હિંદ પ્રત્યે ડહાપણભરી નીતિ અંગીકાર કરી તેમને પણ સામ્રાજ્યનાં દૃઢ બંધને બાંધવાનાં હતાં, તેમજ ઇંગ્લેન્ડ વિરુદ્ધ થએલો યુરોપી રાજ્યોનો દ્વેષ ટાળવાનો હતો. વૉલ્પોલની પેઠે પિટ્ટ અર્થમંત્રી હતો. તેના કારભારનાં પ્રથમનાં દસ વર્ષમાં શસ્ત્રોનો ચમકાર કે વિજયગર્વની ઉન્મત્ત હાકલ જોવામાં આવતી નથી, પણ અખંડ શાંતિ અને સમૃદ્ધિનો એકધારો પ્રવાહ વહે છે. તેણે દેશમાં આયાત માલની જકાત ઘટાડી દાણચોરી અટકાવી; એટલે રાજ્યની આવક વધવાની સાથે લોકોને વસ્તુઓ સોંઘી મળવા લાગી. તેણે દાણચોરી અટકાવવાને વધુ કાર્યસાધક ઉપાયો લેવા માંડયા. જુદા જુદા પ્રકારની જકાતમાં જુદાં જુદાં ખાતાં માટે અધિકારીઓ રાખવા પડતા, પણ તેમના પગારના પ્રમાણમાં તેમને નહિ જેવું કામ કરવાનું હતું. પિટ્ટે બધાં ખાતાં એકઠાં કરી શોભાના અમલદારોને રજા આપી રાજ્યવહીવટમાં કરકસર દાખલ કરી. એ સાથે આરામ અને વિલાસની વસ્તુઓ ઉપર તેણે હલકા કર નાખવા માંડયા. આમ તેણે પ્રજા-ઋણ ઘટાડયું એટલુંજ નહિ, પણ દર વર્ષે નિયમિત રકમ પાછી ભરવા માટે સ્થાયી ભંડોળની યોજના દાખલ કરી. ઉપરાંત કરજ કરવાની જરૂર પડે, ત્યારે અમુક વગદાર ધનિકોની સાથે ખાનગી ગોઠવણ ન કરતાં તેણે જાહેર હરિફાઈથી ઓછામાં ઓછા વ્યાજે નાણાં લેવા માંડયાં, એટલે રાજ્ય-



નાનો પિટ્ટ

તંત્રમાંથી અનીતિનું બળ ઘટયું, અને લોકોને રાજ્યના આર્થિક પ્રશ્નોમાં રસ પડવા લાગ્યો. વળી તે નિરંકુશ વ્યાપારનો પક્કો હિમાયતી હતો, એટલે તેણે ઇ. સ. ૧૭૮૮માં ફ્રાન્સ જોડે વ્યાપારી સંધિ કરી. એથી બંને દેશમાં ઓછી જકાતે માલની આવજા થાય એવી વ્યવસ્થા થઈ, અને ઇંગ્લેન્ડના પરદેશી વેપારને ઉત્તેજન મળ્યું. વધારામાં તે દીર્ઘદષ્ટિ યુવકને આયર્લૅન્ડ અને અમેરિકા જોડે આવી સંધિ કરવાની ઇચ્છા હતી, પણ તેમાં તે સફળ થઈ શકયો નહિ. તેણે ઇ. સ. ૧૭૯૦માં કેનેડાને સ્વરાજ્યનો હપ્તો આપી ત્યાંના સંસ્થાનીઓને ઉપકારના બંધનમાં લાવી મૂકયા.

**પિટ્ટની નિષ્ફળતાઃ** પરંતુ આ સમર્થ મંત્રીની નિષ્ફળતાએ તેની કીર્તિને કલશ ચડાવ્યો છે. તે સમયના વાતાવરણમાં તે નિષ્ફળ થયો, પણ તેણે કરવા ધારેલા અનેક સુધારા પાછળથી દેશમાં દાખલ થયા. એ ઉપરથી તે તરુણ મંત્રીની શક્તિ, સમજ, અને દીર્ઘદષ્ટિની પ્રતીતિ થાય છે.

પરંતુ પિટ્ટ ગુલામગીરીના અમાનુષી વેપારને બંધ કરી શકયો નહિ. નિર્દોષ મનુષ્યોની હાયથી સમૃદ્ધ થઈ જનારા અનેક અમીરોની નઠોરતા આગળ ન ચાલ્યા વિલ્બરફોર્સના આસમાનજમીન એક કરનારા પ્રયત્નો, કે ન ચાલી પિટ્ટની અસ્ખલિત વાગ્ધારા. તેણે તો ભવિષ્યમાં થનારા ઇ. સ. ૧૮૦૭ અને ઇ. સ. ૧૮૩૩ના કાયદાનાં બીજ રોપ્યાં.

જે કલંકિત યુગમાં લાંચ અને રૂશ્વત વધી પડી હોય, તેમાં પાર્લમેન્ટની સુધારણા કયાંથી થઈ શકે? પાર્લમેન્ટ અંગ્રેજ પ્રજાની પ્રતિનિધિ ન હતી; કારણ કે શ્રીમંત જમીનદારો પોતાના મનધાર્યા માણસોને પાર્લમેન્ટમાં મોકલી શકતા. કેટલાંક નગરો પાછળથી સમૃદ્ધ થયાં, છતાં તેમને પ્રતિનિધિ મોકલવાનો અધિકાર મળ્યો નહોતો. એથી ઉલટું કેટલાંક ક્ષીણ થએલાં શહેરોમાંથી હજુ પ્રતિનિધિઓ આવતા હતા.[1] આ ઉપરાંત કેટલાંક શહેરોમાં સમિતિ (Corpo-

૧. આ સંબંધી કેટલીક રસિક વિગતો પાર્લમેન્ટની સ્થિતિ તપાસનારી સમિતિએ પોતાના નિવેદનમાં રજુ કરી છે. ઉદાહરણ તરીકે ઓલ્ડ સેરમમાં વસ્તી ન હતી, એટલે ત્યાંથી આવનાર માણસ પોતાની તૂટેલી દિવાલનો અને ઘાસવાળા ઉકરડાનો

ration)ને સભ્યો મોકલવાનો હક મળ્યો હતો. તેઓ પ્રતિનિધિની જગાઓની હરાજી કરી તેમાંથી શહેરનો વહીવટ ચલાવતા. લાંચરૂશ્વત પગલે પગલે હતી, અને તેના પ્રકાર અનેક હતા. સામાન્ય લોકોને મત આપવો હોય, ત્યારે સભ્ય થવા ઇચ્છનારાઓ તેમને શરાબકબાબથી સંતુષ્ટ રાખતા, અને હજારો પૌન્ડના ખર્ચમાં ઉતરતા. હિંદની અમલદારી ભોગવી આવેલા અનેક 'નવાબ' ઉપનામ પામેલા અંગ્રેજો આવે સમયે લખલૂટ ખર્ચ કરી બીજાને ખર્ચના ખાડામાં ઉતારતા. પરાક્રમી પિતાને પગલે ચાલનારા દેશપ્રેમી પુત્રે આ સ્થિતિ ટાળવા માટે મતદારોની સંખ્યા વધારવાનો અને ઘસાઈ ગએલાં ગામડાંનો અધિકાર લઈ લેવાનો કાયદો કરવાનો સંકલ્પ કર્યો; પણ આવા કાયદાનો ખરડો આણવાની રજા આપવામાં જબરો વિરોધ ઉત્પન્ન થયો, અને પિટ્ટનાં સ્વપ્ન ઉડી ગયાં. પરંતુ ત્યારથી દેશના રાજકીય જીવનમાં નવા વિચારોનાં બીજ રોપાયાં, અને તેના અંકુરો ઇ. સ. ૧૮૩૨માં ફૂટયા.

લોકવૃત્તિનાં વહેણો હજુએ રોમન કેથોલિકોની વિરુદ્ધ વહેતાં હતાં, છતાં ઇ. સ. ૧૭૭૮માં રોમન કેથોલિકોને થોડી ઘણી છૂટ આપવાની હીલચાલ થઈ. પરંતુ લૉર્ડ જ્યૉર્જ ગોર્ડન નામના અવિચારી, ધર્માંધ, અને મંદમતિ અમીરની સરદારી નીચે કેટલાક સંકુચિત દૃષ્ટિના પ્રોટેસ્ટન્ટો આવા ફેરફારથી ચમકી ઊઠયા. તેમણે કેથોલિકોને છૂટ આપવા વિરુદ્ધ અરજી કરી હતી, પણ કેટલેક સ્થળે તોફાન થયાં. ચોકીદારોની અછતને લીધે લંડન નગર આ તોફાનીઓને હસ્તક પડયું. આ દારૂડીઆ ધાડપાડુઓએ ૭ દિવસ શહેરમાં ઉત્પાત મચાવી મૂકયો. રાજાએ અસાધારણ ધૈર્ય અને સાહસપૂર્વક સૈન્યની સહાયથી

પ્રતિનિધિ હતો. ઇંગ્લેન્ડમાં આવાં ૩૪ સ્થળોએથી ૭૦ પ્રતિનિધિઓ આવતા. કોણ મોકલે? એ જમીનના માલીક. આ રીતે જ્યૉર્જ બીજાના અમલના અંતમાં ડયૂક ઑવ્ નોર્ફોક ૧૧, લોન્સડેલ ૯, અને ડર્લિંગટન ૭ સભાસદો મોકલી શકતાં હતા. ૧૬ સ્થળે ૧૦૦ મતદારો ૩૭ પ્રતિનિધિ મોકલે, અને ૪૬ સ્થાનોમાં માત્ર ૫૦ મતદારો ૯૦ પ્રતિનિધિ મોકલી શકતા. વળી મતદાર બનાવવાનું ધોરણ પણ કયાં એક હતું! અને નિયમ તો હોયજ શાના? જે ઉજ્જડ સ્થાનોમાંથી શ્રીમંત જમીનદારો પોતાનો માણસ મોકલતા, તે 'Pocket Boroughs' કહેવાય છે. જ્યાં થોડા મતદારો વધારે લાંચ આપનારને પ્રતિનિધિ તરીકે મોકલે, તે 'Rotten Boroughs' કહેવાય છે.

બળવાખોરોને વશ કર્યા, અને તેમાંના કેટલાકને ઠાર કરી શહેરમાં ધાક બેસાડી ત્યારે શાંતિ થઈ. આવા યુગમાં પિટ્ટના મનમાં કેથોલિકોનું કલ્યાણ કરવાની ઉંડી ઇચ્છા હોય, તે શી રીતે સફળ થાય ? છતાં તેણે આયર્લૅન્ડના કેથોલિકો માટે પ્રયત્ન કર્યો, પણ તેમાં તે નિષ્ફળ ગયો. દેશજીવનમાં અમાપ અસર કરી જનારાં મહાન્ કાર્યોનાં સ્વપ્ન સેવવાનો અધિકાર વિરલ મહાપુરુષોને હોય છે. તેમના યુગમાં તેઓ ભલે નિષ્ફળ થાય, પણ તેથી તેમની મહત્તાને જરાએ ઝાંખપ લાગતી નથી.

આવા મહાપુરુષના અદ્ભુત કાર્યની પ્રશંસા બર્ક, ફૉક્સ, અને શેરીડન જેવા તેના વિરોધીઓ મુક્તકંઠે કરી ગયા છે. ઇ. સ. ૧૭૮૮માં રાજાને ફરીથી ચિત્તભ્રમ થયો. રાજરક્ષકની નીમણુક કરવાનો અધિકાર પાર્લમેન્ટને ખરો કે નહિ, અને યુવરાજ રાજરક્ષક થાય તો તેના અધિકારની મર્યાદા કેટલી, એ સંબંધી પિટ્ટ અને ફૉક્સને મતભેદ પડયો. આયર્લૅન્ડની પાર્લમેન્ટે મત આપ્યો, કે યુવરાજને સર્વ રાજસત્તા સોંપી દેવી જોઈએ, પણ પાર્લમેન્ટનો વિચાર તો યુવરાજને મર્યાદિત અધિકાર આપવાનો હતો. સદ્ભાગ્યે આ મતભેદ તીવ્ર થવા પામે તે પહેલાં તો રાજાને આરામ થયો.[1]

આ સમયે સમગ્ર યુરોપનાં રાષ્ટ્રોની રાજકીય તેમજ સામાજિક પરિસ્થિતિ અને પ્રજાજીવન ઉપર ગંભીર અને દૂરગામી પરિણામો નીપજાવનાર તે યુગનો મહાન્ બનાવ બન્યો, અને તે ફ્રાન્સનો રાજ્યવિપ્લવ હતો.

---

# પ્રકરણ ૫મું

## ફ્રાન્સનો રાજ્યવિપ્લવ

**ફ્રાન્સનો રાજ્યવિપ્લવ:** ઇ. સ. ૧૭૮૯માં રાજાને આરામ થયાને થોડો સમય થયો, ત્યાં તો ફ્રાન્સમાં રાજ્યવિપ્લવની ભયંકર જ્વાળા ભભૂકી નીકળી. આ વિપ્લવનાં કારણો રાજકીય, સામાજિક, અને બુદ્ધિવિષયક હતાં.

---

૧. દેશમાંથી અશાંતિનો ભય ટળ્યો, તેથી લોકો ખૂબ ખુશી થયા. લોકોનો નિઃસીમ આનંદ જોઈને રાજાએ કહ્યું, કે "લોકોનો આનંદ જોવાની ખાતર માંદા પાડવામાંએ મઝા છે." લોકો એવો ઉત્સવ માણે, તે યુવરાજને ગમ્યું નહિ.

યુરોપના અન્ય દેશોમાં રાજ્યતંત્ર ધીમે ધીમે લોકવૃત્તિને અનુકૂળ કરવાના પ્રયત્નો થતા હતા. એથી ઉલટું બસો વર્ષથી ફ્રાન્સનો રાજ્યવહીવટ સડેલો, અન્યાયી, અને જુલમી હતો. સમાજતંત્ર છેક સડી ગયું હતું, અને જુદા જુદા વર્ગો વચ્ચે મોટો ભેદ પડી ગયો હતો. અમીરો, ધર્મગુરુઓ, અને શ્રીમંત વેપારીઓ સ્વચ્છંદી, વિલાસી, અને દુરાચારી જીવન ગાળતા, અને રાજ્યને કર ભરવાની ફરજમાંથી મુક્ત રહેતા, ત્યારે બિચારા ગરીબોને ભૂખમરો વેઠવો પડતો, અને કરજના બોજાથી કચરાઈ જવું પડતું. તેમની દાદફરિયાદ સાંભળનાર કોઈ ન હતું. તેમના જાનમાલની સલામતી પણ ન હતી. જમીનદારો ખેડુતો પાસે વેઠ કરાવતા, અને ખેડુતોને પોતાનું કામ પડતું મૂકવું પડતું. આમવર્ગ પાસે રાજકીય સત્તા જેવું કશુંજ ન હતું. આવા સમયમાં વૉલ્ટેર, રૂસો, અને મોન્ટેસ્કયુ જેવા નવીન વિચારકોએ જ્વલંત ભાષામાં તેજસ્વી લખાણો લખી પ્રજામાં જાગૃતિ આણી. વૉલ્ટેરે વિચારસ્વાતંત્ર્ય પર ભાર મૂકયો, અને રૂસોએ સમાનતા, બંધુત્વ, અને સ્વાતંત્ર્યનો ઉપદેશ આપવા માંડયો. લુઈ ૧૫મા અને ૧૬માએ રાજ્યની આર્થિક સ્થિતિ છેક નિર્બળ કરી નાખી. લુઈ ૧૬મો ભલો અને સદાશયી હતો, પણ તેનામાં દીર્ઘદષ્ટિ ન હતી. તેનો દરબાર અનીતિમાન અને ઉડાઉ હતો. દેશમાં દ્રવ્યની ખોટ હતી, અને છેલ્લા વિગ્રહોમાં અઢળક ખર્ચ થયું હતું, એટલે તેણે નાણાં મેળવવાની આશાએ લોકપ્રતિનિધિઓની સભા બોલાવી. ૧૭૫ વર્ષ પછી મળેલી આ સભાએ દેશનો વહીવટ પોતાને હસ્તક લઈ લીધો, અને દેશના કાયદા અને વ્યવસ્થાને તિલાંજલિ આપી. નિરાધાર અને નિર્બળ રાજાએ તેમણે કરેલા ફેરફારો મંજુર રાખ્યા. પરંતુ ધીમે ધીમે તેણે તો આવો નબળો રાજા પણ સ્વીકારે નહિ એવાં કાર્યો કરવા માંડ્યાં, એટલે રાજાએ માથું ઉંચકયું. પ્રજાનો દબાએલો જુસ્સો ઉછળ્યો, અને બેસ્ટાઈલ નામના ભયંકર કિલ્લા પર આક્રમણ કરી તેમણે તેને કબજે કર્યો. ઈ. સ. ૧૭૯૨માં ઑસ્ટ્રિઆ અને પ્રુશિઆએ લુઈની વહારે સૈન્ય મોકલ્યાં; પણ ફ્રેન્ચ સૈન્ય પાસે તેમનું કશું ચાલ્યું નહિ. ફ્રાન્સમાં પ્રજાસત્તાક રાજ્ય જાહેર કરવામાં આવ્યું. રાજકુટુંબને કેદ કરવામાં આવ્યું, અને પેરિસનાં બંદીખાનાં તોડીને લોકોએ જે કોઈ રાજપક્ષનો છે એમ શંકા પડે તેના પર જુલમ વર્તાવવા માંડયો. ઈ. સ.

૧૭૯૩માં ઉઝાંછળા અને તોફાને ચડેલા લોકોએ રાજારાણીનો શિરચ્છેદ કર્યો, અને ઢોલનગારાં વગાડી ઉત્સવ ઉજવ્યો. આ પ્રમાણે એ બિચારાં ભલાં અને નિર્દોષ રાજારાણી પૂર્વજોએ કરેલાં દુષ્કૃત્યોનો ભોગ થઈ પડયાં. હવે હુલ્લડખોરોની સત્તા જામી. દેશના બધા કાયદાઓનું ખંડન કરવામાં આવ્યું, અને દેશમાં આસુરી સત્તા જામી. અનેક નિર્દોષ સ્ત્રીપુરુષોનાં રક્તથી ફ્રાન્સની જમીન પલળી ગઈ. સ્વતંત્રતા, સમાનતા, અને ભ્રાતૃભાવને નામે તેમણે વિરોધીઓને ભુંડે હાલે મારવા માંડયા. જમીનદારો અને ધર્મગુરુઓને શોધીને મારવામાં કે દબાવી દેવામાં આવ્યા. આ વખતે જેમનાથી બન્યું તે દેશ છોડીને બીજે નાઠા; તેમની માલમતા જપ્ત કરવામાં આવી.

**ઈંગ્લેન્ડ અને ફ્રાન્સ:** લોકસત્તાને ઉપરીપદે સ્થાપનાર સ્વાતંત્ર્યપ્રિય અંગ્રેજો શરૂઆતમાં ફ્રેન્ચ પ્રજાનો સ્વાતંત્ર્યપ્રેમ અને આપખુદ સત્તાનાં બળોને છૂંદી નાખવાનો નિશ્ચય જોઈ તેમના પ્રત્યે સહર્ષ સહાનુભૂતિ દર્શાવવા લાગ્યા, અને ફ્રાન્સમાં નવો યુગ પ્રકટયો છે એમ કહેવા લાગ્યા.[1] ઈંગ્લેન્ડમાં પણ કેટલીક સભાઓ સ્થપાઈ, અને લોકોમાં વિપ્લવના સમાચાર પ્રસારવા લાગી. આથી લોકોમાં આવેશ આવ્યો. કોઈને પાર્લમેન્ટમાં સુધારો કરવાની ઇચ્છા થઈ, તો કોઈને ફ્રાન્સના જેવું સ્વાતંત્ર્ય સ્થાપવાની ઇચ્છા થઈ. ફૉક્સ અને બર્ક જેવાની મૈત્રી વિચારભેદમાં તૂટી. શું અંગ્રેજોએ સ્ટુઅર્ટ રાજાને કાઢી મૂકયો ન હતો ? તેઓ શું જુલમી કાયદાની સામે નહોતા થયા ? પરંતુ ફ્રાન્સમાં એક પછી એક કરુણ બનાવો બનતા ગયા, તેમ તેમ અંગ્રેજ લોકમત બદલાવા લાગ્યો. એડમંડ બર્કે પોતાના ફ્રેન્ચ રાજ્યવિપ્લવ ઉપર ‘ચિન્તનો’ એ નામના પુસ્તકમાં ફ્રાન્સમાં સ્વાતંત્ર્યને નામે ચાલેલી લૂંટ, હત્યા, અને અનાચાર પ્રત્યે અણગમો દર્શાવી ભવિષ્ય ભાખ્યું, કે લોકો સંયમ છોડી પોતાની વૃત્તિને છૂટી મૂકે છે, તેનું પરિણામ આખરે સારૂં આવવાનું નથી. સ્વતંત્રતાને નામે સ્વચ્છંદ ચાલશે, અને બધાં નિયમનો તૂટતાં દેશમાં અવ્યવસ્થા ફાટી નીકળશે. આવી અવ્યવસ્થાનો લાભ લઈ પ્રજાને નામે સૈન્યસત્તા બળવાન બની બેસશે,

---

૧. તે સમયનો અંગ્રેજોનો ઉત્સાહ વર્ડ્ઝવર્થના શબ્દોમાં પ્રકટ થાય છે.

Bliss it was in that dawn to be alive!

But to be young was very heaven.

અને આખરે એક માણસ સમગ્ર દેશનો ભાગ્યવિધાતા થઈ બેસશે. બર્કના પુસ્તકની ગંભીર અસર થઈ. ઇંગ્લેન્ડના રાજદ્વારીઓએ ક્રાન્તિકારક વૃત્તિઓને મજબુત હાથે દબાવી દેવાની વૃત્તિ અંગીકાર કરવા માંડી.[1]

આ દરમિઆન સરકારે તટસ્થવૃત્તિ જાળવી. મુખ્ય મંત્રી પિટ્ટ માનતો હતો, કે ફ્રાન્સ સિવાયના બાજા દેશોને વિપ્લવ જોડે કશો સંબંધ નથી. તે વેપારવૃદ્ધિ અને આર્થિક ઉન્નતિના પ્રશ્નોમાં એટલો બધો તલ્લીન રહેતો, કે તેને યુરોપનો રાજદ્વારી મામલો તપાસવાનો અવકાશ ન હતો. તેણે એમ પણ માન્યું કે દેશમાં આવું જબરૂં પરિવર્તન થતું હોવાથી ફ્રાન્સ પોતાની આંતર વ્યવસ્થામાં એટલું બધું ગુંથાઈ રહેશે, કે કેટલાંક વર્ષ સુધી ઈંગ્લેન્ડને તેના તરફથી ભય રહેશે નહિ, અને એથી કરીને દેશની સર્વાંગ ઉન્નતિ સાધવાના કાર્યમાં સરળતા મળશે. આથીજ તે ઑસ્ટ્રિઆ અને પ્રુશિઆ જોડે ભળ્યો નહિ. ઇ. સ. ૧૭૯૨માં ફ્રેન્ચ પ્રજાએ યુરોપની બધી પ્રજાઓને પોતાના દાખલાને અનુસરવાનો સંદેશો આપ્યો, અને જે પ્રજા પોતાના રાજા વિરુદ્ધ શસ્ત્ર લઈ ઉઠે, તેને સહાય આપવાનું વચન આપ્યું. ફ્રેન્ચ સૈન્યે શત્રુઓને હરાવી ઑસ્ટ્રિઅન નેધર્લૅન્ડઝ (બેલ્જીયમ) કબજે કરી શેલ્ટ નદીમાં દરેક દેશને વહાણ લાવવાની રજા આપી પૂર્વે થએલી સંધિનો ભંગ કર્યો, અને અંગ્રેજો અને વલંદાઓના વેપારને ફટકો માર્યો. હવે પિટ્ટને પોતાની નીતિ બદલવાનો વારો આવ્યો. ઈંગ્લેન્ડની પાસેના દેશમાં ફ્રાન્સ જેવો જુનો શત્રુ આવી ભરાય તે કેમ ચાલે? હજુ ઈંગ્લેન્ડ પોતાની કાર્યદિશાનો નિર્ણય

---

૧. આ વિગ્રહ દરમિઆન પિટ્ટની આંતર નીતિ સખતાઈ ભરેલી હતી. સુધારાના કાયદાઓ અટકી પડયા એટલુંજ નહિ, પરંતુ દમનનીતિ છડેચોક દાખલ કરવામાં આવી. ફ્રાન્સમાં ચાલેલા આસુરી અત્યાચારોથી ઇંગ્લેન્ડના રાજદ્વારીઓ ગભરાઈ ગયા. તેવાંજ તોફાનો ઈંગ્લેન્ડમાં થતાં અટકાવવા માટે પ્રજાના વિચાર અને વાણીના સ્વાતંત્ર્ય ઉપર દાબ મૂકવામાં આવ્યા. પરદેશીઓ ઉપર સખત દેખરેખ રાખવામાં આવી. હેબીઆસ કોર્પસ કાયદાનો અમલ મોકુફ રાખી અધિકારીઓને શકદાર વ્યક્તિઓની ધરપકડ કરવાની વિશાળ સત્તા આપવામાં આવી. પછી બીજા કાયદાઓ કરી રાજદ્વારી સભાઓ, ક્રાન્તિકારક ભાષણો, અને વર્તમાનપત્રો ઉપર બંધનો નાખવામાં આવ્યાં. પિટ્ટના મૃત્યુ પછી આવનાર મંત્રીઓએ પણ તેવીજ રાજનીતિનાં તત્ત્વો સ્વીકાર્યાં.

કરે તે પૂર્વે તો ફ્રાન્સનાં રાજારાણીના વધ થયાના સમાચાર સાંભળી યુરોપનાં અનેક સિંહાસનો ધ્રૂજી ઊઠયાં; અનેક મુખેથી હાહાકાર નીકળી ગયો. ત્યાં તો ફ્રાન્સે ગ્રેટબ્રિટન સામે વિગ્રહ જાહેર કર્યો, ઇ. સ. ૧૭૯૩.

આ વિગ્રહ છેક ઇ. સ. ૧૮૧૫ સુધી ચાલ્યો, પણ તેના ત્રણ ભાગ પ્રમાણે તેનો વિચાર કરવાની જરૂર છે. ઇ. સ. ૧૭૯૩થી ૧૮૦૨ સુધીના પ્રથમ વિભાગમાં મુખ્ય મંત્રી પિટ્ટ યુરોપનાં બીજાં રાજ્યોની બે વાર સહાય મેળવીને ફ્રાન્સની સામો થયો. પોતાના સ્થાનમાં સર્વશ્રેષ્ઠ ગજ અને ગ્રાહ વચ્ચેનું આ યુદ્ધ હતું. ઇંગ્લેન્ડનું જળસૈન્ય અપ્રતિમ હતું, તો ફ્રાન્સનું જળ-સૈન્ય અનન્ય હતું.

**(૧) ફ્રાન્સ જોડે વિગ્રહ:** ઇ. સ. ૧૭૯૩–૧૮૦૨. ફ્રાન્સ જોડે વિગ્રહ થયો, ત્યારે ઇંગ્લેન્ડને એકલુંજ લડવાનું ન હતું. ઑસ્ટ્રિઆ અને પ્રુશિઆ




નેપોલિઅન જોડેના વિગ્રહો.

ઇ. સ. ૧૭૯૨થી લડી રહ્યાં હતાં, તેમાં હોલેન્ડ અને સ્પેન ઇ. સ. ૧૭૯૩થી ભળ્યાં, એટલે આ સર્વ રાજ્યોનો 'મિત્રસંઘ' (Coalition) થયો. ઇંગ્લેન્ડ અન્ય દેશોને સૈન્યની સહાય કરી શકે એમ ન હતું, પણ જોઈએ તેટલી આર્થિક સહાય કરી શકે તેમ હતું. આ સર્વ રાજ્યો સંપી ગયાં હોત, તો પિટ્ટની ધારણા પ્રમાણે એ યુદ્ધોમાં ફ્રાન્સની સાન ઠેકાણે આવી જાત. પરંતુ ફ્રાન્સની અવ્યવસ્થામાંથી ઘટતો લાભ મેળવી સ્વાર્થ સાધવાને તત્પર બનેલાં મિત્રરાજ્યોમાં કલહ થવા લાગ્યો. ખાવાપીવાનાં સાધનની તંગી ભોગવીને સ્વદેશ પ્રત્યેના ઉત્કટ પ્રેમના આવેશમાં ચકચૂર બનેલા ફ્રેન્ચ સૈનિકોએ ભૂમધ્ય સમુદ્રના કિનારા પર આવેલો ટુલોનનો મજબુત કિલ્લો હાથ કર્યો, અને શત્રુઓને પોતાના મુલકમાંથી હાંકી કાઢ્યા એટલુંજ નહિ, પણ તેઓ હોલેન્ડમાં જઈ પહોંચ્યા. હોલેન્ડ અને સ્પેન ફ્રાન્સ જોડે મળી ગયાં એટલુંજ નહિ, પણ તેમના કાફલાએ ઇંગ્લેન્ડ ઉપર ચડાઈ કરવાની તડામાર તૈયારી કરવા માંડી. ઇ. સ. ૧૭૯૬માં ટુલોનના યુદ્ધમાં પ્રખ્યાત થએલા કોર્સિકાના સૈનિકના પુત્ર નેપોલિયન બોનાપાર્ટ નામે આસરે ૩૦ વર્ષના એક નવલોહિયા જુવાન યોદ્ધાએ ફ્રેન્ચ સૈન્ય લઈને ઉત્તર ઇટલી ઉપર હલ્લો કરી, વિએના ઉપર ધસારો કરી ઑસ્ટ્રિઅનોને ગુંગળાવ્યા, અને સંધિ કરી ઇંગ્લેન્ડનો પક્ષ છોડી દેવાની તેમને ફરજ પાડી. હવે ઇંગ્લેન્ડને આ મહાન્ યુદ્ધ એકલે હાથે ખેલવાનું આવ્યું. સામુદ્રિક યુદ્ધમાં ઇંગ્લેન્ડને વિજય મળ્યો હતો. ઇ. સ. ૧૭૯૪માં ફ્રાન્સનું નૌકાસૈન્ય બ્રેસ્ટ બંદરની બહાર નીકળ્યું ન નીકળ્યું, ત્યાં તો અંગ્રેજ નૌસેનાધ્યક્ષ લૉર્ડ હાઉએ તેનો નાશ કરી નાખ્યો. ઇ. સ. ૧૭૯૬માં સ્પેન, હોલેન્ડ અને ફ્રાન્સનાં નૌકાસૈન્ય ઇંગ્લેન્ડ પર ચડી આવવા તૈયાર થયાં. સદ્‌ભાગ્યે ત્રણ કાફલાઓ જુદે જુદે સ્થળે હતા. સ્પેનનો કાફલો બ્રેસ્ટ બંદરમાં ફ્રેન્ચ કાફલાને સાથ દેવા ઉપડયો ખરો, પણ રસ્તામાં અંગ્રેજ કાફલાએ સેન્ટ વિન્સેન્ટની ભૂશિર પાસે તેને અટકાવ્યો. સ્પેનનાં વહાણો મોટાં, બેડોળ, અને અગવડભરેલાં હોઈ તેમાં માણસો ઘણા અને બહાદુર પણ તાલીમ વિનાના હતા. બંને સૈન્યોએ અતુલ પરાક્રમ દર્શાવ્યું, પણ આખરે **હોરેશિયો નેલ્સન** નામના સાહસિક અને ચતુર યોદ્ધાએ રંગ રાખ્યો, અને અંગ્રેજો જીત્યા. સ્પેનનાં કેટલાંક વહાણો કેદ પકડાયાં, અને બાકીનાં

કેડિઝ બંદરમાં પેસી ગયાં, ઇ. સ. ૧૭૯૬. આપત્તિમાં આપત્તિ આવી મળે તેમ એક ભયથી મુક્ત થતાં બીજા અનેક ભય ઉત્પન્ન થયા. સ્કૉટલેન્ડમાં અસંતોષ વ્યાપ્યો હતો. આયર્લૅન્ડમાં પ્રતિક્ષણે બળવો જાગી ઊઠે એવો ભય રહેતો, અને અંગ્રેજી સૈન્યના ઢંગધડા ન હતા, ત્યાં સ્પીટહેડ અને નોરમાં રહેલાં નૌકાસૈન્યના ખલાસીઓએ તોફાન મચાવી કામ કરવાની ના પાડી. તેમને સારો ખોરાક અને પેટપૂર પગાર મળતો ન હતો, તેમ મંદવાડમાં તેમને ઢોરની પેઠે નાખી રાખવામાં આવતા હતા. વળી એ સહેલાણી જીવોને કડક ધારાઓ કેમ પાલવે? ચતુર પિટ્ટે તેમની માગણીઓ ઉપર સંભાળ અને સહાનુભૂતિભર્યો વિચાર કરી તેમને મોંમાગ્યું આપવાની હા પાડી. પછીથી બળવાના આગેવાનોને યોગ્ય શિક્ષા કરવામાં આવી. ડહાપણ અને મુત્સદ્દીગીરી જીત્યાં, અને ખલાસીઓ ઉમંગથી કામે ચઢ્યા. તેમણે ડન્કન નામના નૌકાસેનાપતિની સરદારી નીચે ડચ કાફલાને કેમ્પરડાઉન પાસે હરાવ્યો, ઇ. સ. ૧૭૯૭. એથી ઇંગ્લેન્ડ ઉપર સમુદ્રમાર્ગે હલ્લો કરવાની ફ્રેન્ચ યોજનાનો અંત આવ્યો. પિટ્ટે સંધિ કરવાનો એક નિષ્ફળ પ્રયત્ન કર્યો.



હોરેશિયો નેલ્સન

ઇ. સ. ૧૭૯૮માં આયર્લૅન્ડમાં પ્રકટ અને પરોક્ષ બંડની જ્વાળા દેશને ઘેરી વળતી હતી, ત્યારે નેપોલિયને યુદ્ધ કરવાનો વિચાર તજી પૂર્વના દેશોમાં સામ્રાજ્ય સ્થાપવાનો સાહસિક નિશ્ચય કર્યો. જળ અને સ્થળસૈન્ય સહિત તેણે ટુલોનથી નીકળી માલ્ટા લીધું, અને ભૂમધ્ય સમુદ્રમાં ચાર અક્ષુ

રાખી ફરતા બ્રિટિશ નૌકાસૈન્યની નજર ચુકાવી તે એલેકઝાંડ્રિઆમાં ઉતરી પડયો. મામેલ્યૂક નામના રણશૂર યોદ્ધાઓ તેની સામે થયા, પણ તાલીમ પામેલી ફ્રેન્ચ સેનાના જોરદાર ધસારા પાસે તેમનું કંઈ વળ્યું નહિ. સમગ્ર મિસર નેપોલિયનને હસ્તક પડયો, પણ આ વિજયનું ખાસ પરિણામ ન આવ્યું; કેમકે દેશસેવામાં એક હાથ અને એક આંખ અર્પણ કરી ચૂકેલો, અને સેન્ટ વિન્સેન્ટના યુદ્ધમાં અદ્વિતીય પરાક્રમ વડે અપૂર્વ નામના પામેલો હોરેશિયો નેલ્સન ફ્રેન્ચ કાફલાની શોધમાં ભૂમધ્ય સમુદ્રમાં સર્વત્ર ભમી રહ્યો હતો. ભાળ મેળવતો તે નાઈલ નદી સુધી પહોંચ્યો. લશ્કર તો ઉતરી ગયું હતું, પણ અબુકીરના અખાતમાં ફ્રેન્ચ જહાજો હારબંધ પડી રહ્યાં હતાં. મોડી રાત સુધી યુદ્ધ ચાલ્યું, પણ અંતે ફ્રેન્ચ કાફલાનો લગભગ નાશ થયો.[1] પૂર્વમાં સામ્રાજ્ય સ્થાપવાનાં નેપોલિયનનાં સ્વપ્ન ઉડી ગયાં; તે મિસરમાં કેદી જેવો થઈ રહ્યો, પણ એ વીરકેસરી આપત્તિકાળમાં હિંમત હારી જાય તેવો ન હતો. નિર્જન રણ ઓળંગીને તેણે સીરિયામાં ઉતરવાનો સંકલ્પ કર્યો. પરંતુ એકર બંદરના કિલ્લા પાસે અંગ્રેજ નૌસેનાની સિડની સ્મિથની સહાયથી તુર્ક સૈન્યે તેને અટકાવ્યો. બે માસ સુધી ઘેરો ઘાલ્યા છતાં જ્યારે એ શૂરા યોદ્ધાઓ ડગ્યા નહિ કે નમ્યા નહિ, એટલે હતાશ થએલા નેપોલિયને ઘેરો ઉઠાવી મિસર તરફ પાછાં પગલાં કર્યાં, ઇ. સ. ૧૭૯૯. ઈ. સ. ૧૮૦૧માં એલેકઝાંડ્રિઆના યુદ્ધમાં અંગ્રેજોને શરણે જવું પડયું, ત્યાં સુધી નિરાશ થએલું ફ્રેન્ચ સૈન્ય મિસરમાં પડી રહ્યું, પણ નેપોલિયન એક વહાણમાં બેસી છૂપી રીતે યુરોપ ઉપડી ગયો, ઇ. સ. ૧૭૯૯.

નાઈલના યુદ્ધમાં ફ્રેન્ચ સૈન્યનો પરાજય થતાં તેની પ્રતિષ્ઠા હીણી પડી, અને અન્ય રાજ્યો ફ્રાન્સની સામે પડવા તૈયાર થયાં. ઈંગ્લેન્ડ, રશિઆ, ઑસ્ટ્રિઆ, અને તુર્કસ્તાને ફરીથી મિત્રસંઘ રચ્યો, ઇ. સ. ૧૭૯૯. આ

---

૧. આ યુદ્ધમાં નેલ્સનને માથા ઉપર સખત ઘા વાગ્યો. એક શસ્ત્રવૈદ્ય બીજા દરદીને છોડી તેની સારવાર કરવા માટે દોડી આવ્યો. એ જોઈ ઉદારચિત્ત, નિરભિમાન, અને વત્સલહૃદયના નેલ્સને કહ્યું, "એમ નહિ, મારો વારો આવે ત્યારે વાત!"

મિસિસ હેમાન્સે પોતાના કાવ્યમાં અમર કરેલા કેસાબિયાન્કાવાળું વહાણ 'લ ઓરિયન્ટ' આ યુદ્ધમાં બળી ગયું હતું.

સાંભળી ફ્રાન્સનું રક્ષણ કરવા નેપોલિયન મિસરથી દોડી આવ્યો, અને તે સમયના રાજતંત્રને નિર્બળ ઠરાવી પોતે ફ્રાન્સનો પ્રથમ **'સરમુખત્યાર'** થઈ પડયો. તેણે પોતાની લાક્ષણિક નીતિ સત્વર ધારણ કરી, અને આ સંઘને તોડવાના જબરા પ્રયત્નો આદર્યા. ઑસ્ટ્રિઅનો મેરેન્ગો અને હોહેનલીન્ડનનાં યુદ્ધોમાં શરમભરેલી રીતે હાર્યા, એટલે તેમણે નેપોલિયન જોડે સંધિ કરી લીધી, ઇ. સ. ૧૮૦૧. રશિઆ કયારનું સંઘ તજી ગયું હતું, એટલે ઇ. સ. ૧૮૦૦માં ગ્રેટબ્રિટન અતિ વિષમ દશામાં આવી પડયું. નૌકાબળના જોર પર અંગ્રેજો પરદેશી વહાણોને ફ્રાન્સમાં માલ લઈ જતાં અટકાવતા હતા. તેમણે બાલ્ટિક સમુદ્રના કિનારા પર આવેલાં બંદરોમાંથી માલ ભરીને આવતાં વહાણોને પણ અટકાવવા માંડયાં, એટલે રશિઆ, સ્વીડન, અને ડેનમાર્કે સંપ કરી અંગ્રેજો સામે વિરોધ જાહેર કર્યો. અંગ્રેજ કાફલો બાલ્ટિક જઈ પહોંચ્યો. કોપનહેગનના યુદ્ધમાં ડેનમાર્કનો કાફલો હારી ગયો, ઇ. સ. ૧૮૦૧.[1] શહેનશાહના મરણ પછી રશિઆએ અંગ્રેજોનો વિરોધ કરવાનું છોડી દીધું. એલેકઝાંડ્રિઆમાં પણ ફ્રેન્ચ સૈન્યનો પરાભવ થયો. લાંબા સમયથી ચાલી રહેલા યુદ્ધની સતત ચિન્તા અને પરિશ્રમ વડે બંને પક્ષ થાકી ગયા: ફ્રાન્સનું સૈન્યબળ અતુલ હોય, તો ઇંગ્લેન્ડનું નૌકાબળ કયાં ઓછું હતું? સંધિ થાય તો સર્વ પ્રસન્ન થાય, પણ કોઈ ગર્વ લે તેમ ન હતું. પિટ્ટે આયર્લૅન્ડમાં ઉપસ્થિત થએલા પ્રશ્ન વિષે રાજા જોડે મતભેદ થવાથી રાજીનામું આપ્યું; એટલે તેની પછી આવેલા એડિંગ્ટન નામના સામાન્ય બુદ્ધિ અને શક્તિવાળા માણસે ઇ. સ. ૧૮૦૨માં આમીઆંની સંધિ કરી. વાસ્તવિક રીતે એ સંધિ નહિ પણ યુદ્ધવિરામ હતો, અને સૌ જાણતા હતા કે એ શાંતિનો સમય વિગ્રહની તૈયારી માટે છે. સામ્રાજ્યલોભી નેપોલિયન

---

૧. આ યુદ્ધમાં નેલ્સન તાબાનો અધિકારી હતો. તેના નરમ સ્વભાવના સંશયશીલ ઉપરીને વિજયની આશા ઓછી હતી. તેણે પોતાના વહાણ પર પાછા ફરવાની આજ્ઞા દર્શાવનારો વાવટો ચડાવી દીધો. ચતુર નેલ્સનને મન આ ઘડી વિજયની હતી, એટલે તેણે પોતાની ફૂટેલી આંખે દૂરબીન ચડાવી કહ્યું કે "હું તો કંઈ જોતો નથી; આપણાં વહાણો આગળ ચલાવો. વિજય મળ્યા પછી ડેનમાર્કના યુવરાજને તેણે કહ્યું કે "હવેથી તમને ઇંગ્લેન્ડની મૈત્રી મળશે, એજ તમારો મોટો વિજય સમજો."

હજુ યુરોપને વશ કરી લેવાની યોજનાઓ ઘડી રહ્યો હતો. હજુ તેને સિકંદરની પેઠે પૂર્વના વિજેતા થવાની હોંસ હતી. હજુ તે અંગ્રેજોનો મુલક લઈ લેવાની આશામાં મોટું સૈન્ય તૈયાર કરતો હતો. એક વર્ષમાં તેણે સંધિનો ભંગ કરી સ્વિટ્ઝર્લૅન્ડ અને ઈટલી લઈ લીધાં, એટલે ઈંગ્લૅન્ડે માલ્ટા ખાલી કરવાની ના પાડી. અંતે ફરીથી વિગ્રહ ચાલ્યો.

**(૨) નેપોલિયન જોડે વિગ્રહ:** ઈ. સ. ૧૮૦૪–૧૮૦૮. અસાધારણ શક્તિ, યુદ્ધકળામાં અદ્‌ભુત પ્રવીણતા, અથાક પરિશ્રમ, દીર્ઘદૃષ્ટિ, અને અજોડ સાહસિકતાથી ઉત્તરોત્તર વિજયને વરેલો નેપોલિયન ઈ. સ. ૧૮૦૪માં ફ્રાન્સનો '**સમ્રાટ્**' થયો, અને તે સમગ્ર યુરોપને પોતાનાં ચરણ ચુંબતો કરી દેવાની યોજના ઘડવા લાગ્યો. ઈંગ્લૅન્ડ પર તેની દૃષ્ટિ ક્યારની ચોંટી હતી, એટલે તે ટુલોન પાસે આશરે ૧,૦૦,૦૦૦ સૈનિકો એકત્ર કરી અંગ્રેજી ખાડીમાં પગપેસારો કરવાનો લાગ શોધતો હતો. "ફક્ત ૭ કલાક અંગ્રેજી ખાડી મારા કબજામાં આવે, તો ઈંગ્લૅન્ડ મારે સ્વાધીન થઈ જાય" એમ તે કહેતો. ફ્રેન્ચ કાફલા તો બ્રેસ્ટ અને ટુલોનમાં પડ્યા હતા, અને સાવધ અંગ્રેજ નાવિકો ચોમેર દૃષ્ટિ ફેરવતા ખાડીને સુરક્ષિત રાખતા હતા, એટલે નેપોલિયને નવો દાવ નાખવાની યોજના કરી. સ્પેન ફ્રાન્સ જોડે મળી ગયું હતું, એટલે યોજના પ્રમાણે ટુલોનનો કાફલો કેડિઝમાં સ્પેનના કાફલા જોડે મળી વેસ્ટ ઇન્ડિઝ તરફ જવા લાગ્યો. નેલ્સનને ખબર પડતાં તેણે તેમની પૂંઠ પકડી, પણ શત્રુઓ જણાયા નહિ. તેઓ ઉતાવળે બ્રેસ્ટ



**નેપોલિયન બોનાપાર્ટ**

તરફ પસારો કરતા હતા, પણ માર્ગમાં ફિનિસ્ટરની ભૂશિર આગળ બીજા અંગ્રેજ કાફલાએ તેમને હરાવ્યા. ભયભીત થએલા ફ્રેન્ચ નાવિકો જીવ બચાવવા કેડિઝમાં પાછા ગયા. દરમિઆન નેલ્સન મર્મ પામી પાછો વળ્યો, અને નેપોલિયનના કટુવચનથી ઉત્તેજિત થઈ કેડિઝથી બ્રેસ્ટ આવવા નીકળેલા ફ્રેન્ચ કાફલાને ટ્રફાલ્ગર પાસે મળ્યો, ઈ. સ. ૧૮૦૫. આ સ્થળે દારુણ સંગ્રામ મચ્યો. "**પ્રત્યેક મનુષ્ય પોતાનું કાર્ય કરશે, એવી ઈંગ્લેન્ડ આશા રાખે છે**" એવો નેલ્સનના વહાણ પરનો મુદ્રાલેખ વાંચીને ઉત્સાહિત થએલા અંગ્રેજોએ શત્રુઓનાં ૧૯ જહાજો કબજે કર્યાં. પરંતુ આ યુદ્ધમાં ઈંગ્લેન્ડનો મહાન તારણહાર નેલ્સન ઘવાયો અને મરણ પામ્યો.[1] વિજયના આનંદ સાથે શોકની ગમગીની ફેલાઈ; પણ એ અમરકીર્તિ સરદારે ફ્રાન્સની નૌશક્તિને સબળ ફટકો લગાવ્યો હતો. પરિણામે નેપોલિયનના અધઃપાતના ગણેશ બેઠા, અને ઈંગ્લેન્ડનું સામુદ્રિક વર્ચસ્વ દૃઢ બનીને તેના ભાવિ સામ્રાજ્યને ચોખંડ વિસ્તૃત બનવાનો માર્ગ ખુલ્લો થયો. છેવટે ફ્રાન્સે ઈંગ્લેન્ડ જોડે દરિઆઈ યુદ્ધ કરવાનું માંડી વાળ્યું. તેનો કાફલો તૂટી ગયો, તેના નાવિકોનો કચ્ચરઘાણ નીકળી ગયો, તેમજ નવાં વહાણો તૈયાર થાય અને ઈંગ્લેન્ડના કુશળ નાવિકોની ભેટ લઈ શકે તેવી તાલીમ લીધેલા નવા નાવિકો ઉત્પન્ન થાય, ત્યાં સુધી ઈંગ્લેન્ડને ફ્રાન્સના નૌકાસૈન્યનો ભય રહ્યો નહિ.

હતાશ થએલા નેપોલિયને ઈંગ્લેન્ડ પરથી દૃષ્ટિ ઉઠાવી બીજાં રાજ્યો પર નાખી. રણક્ષેત્રમાં તેનો સમોવડીઓ કોઈ ન હતો. પિટ્ટે મંત્રીપદ સ્વીકારી ઑસ્ટ્રિઆ, રશિઆ, પ્રુશિઆ, અને ગ્રેટબ્રિટનનો મિત્રસંઘ રચ્યો હતો. પરંતુ

---

૧. આ યુદ્ધનું તાદૃશ વર્ણન પાલ્ગ્રેવના મનોહર કાવ્ય 'ટ્રફાલ્ગર'માં આપ્યું છે. નેલ્સનના મૃત્યુથી પ્રજાને થએલા પ્રિયજનના મરણ જેટલો શોક વર્ણવતાં તે કહે છે—

Here ye the heart of a nation, Groan, for her saviour is gone:
Gallant and true and tender, Child and chieftain in one?
Such another day never, England will weep for again:
When the triumph darken'd the triumph,
And the hero of heroes was slain.

નેપોલિયને રશિઆ અને ઑસ્ટ્રિઆનાં સૈન્યોને ઑસ્ટરલિટઝ[1] પાસે હરાવ્યાં, અને બીજે વર્ષે પ્રુશિઆ જીનાના યુદ્ધમાં હાર્યું. આથી નેપોલિયન યુરોપમાં સર્વશ્રેષ્ઠ બની ગયો. (તેણે ગ્રેટબ્રિટનનો સામુદ્રિક વેપાર રૂંધી નાખી તેને શક્તિહીન કરવાના આશયથી બર્લિનથી ફરમાન કાઢ્યું, કે ફ્રાન્સના મિત્ર-રાજ્યોના મુલકમાં કોઈએ ગ્રેટબ્રિટન અથવા તેનાં સંસ્થાનોમાં બનેલો માલ અથવા તેનાં વહાણોને આવવાં દેવાં નહિ. ઈંગ્લેન્ડે આ ફરમાનના જવાબમાં એવું 'શાસન' (Orders in Council) કાઢ્યું કે જ્યાં તેનાં વહાણો જઈ શકે નહિ, ત્યાં અન્ય રાજ્યોનાં વહાણોએ પણ જવું નહિ. પરિણામે નૌકાસૈન્યના પ્રાબલ્યને લીધે ઈંગ્લેન્ડના શાસનનો કડક અમલ થયો, એટલે યુરોપનાં રાજ્યોમાં જીવનની આવશ્યક વસ્તુઓ દુર્લભ થઈ પડી, અને દાણચોરી ચાલવા લાગી. હવે ઈંગ્લેન્ડનો માલ બીજા દેશોમાં થઈ છૂપી રીતે ફ્રાન્સમાં જવા લાગ્યો, તે એટલે સુધી કે ખુદ ફ્રેન્ચ સૈનિકોના કામળા અને પગરખાં પણ ઈંગ્લેન્ડની બનાવટનાં આવવા લાગ્યાં.)

ઇ. સ. ૧૮૦૭માં રશિઆએ નેપોલિયન જોડે સંધિ કરી લીધી, એટલે ત્રીજા સંઘનો અંત આવ્યો.

પિટ્ટના મૃત્યુ પછી લૉર્ડ ગ્રેન્વીલ, ફૉકસ અને એડિંગ્ટન જેવા વિવિધ પક્ષવાળાઓનું સંયુક્ત મંત્રીમંડળ અધિકારમાં આવ્યું. તેમનામાં વિગ્રહ ચલાવવાની શક્તિ ન હતી, એટલે તેમણે સંધિ કરવાની વિષ્ટિ ચલાવી, પણ વ્યર્થ. તેમણે ગુલામગીરી બંધ કરવાનો કાયદો કર્યો. વળી કેથોલિકોને ધાર્મિક છૂટ આપવાના પ્રશ્નમાં તેમને રાજા જોડે મતભેદ થયો, એટલે પોર્ટલેન્ડનો ઠાકોર મંત્રીપદે આવ્યો. સદ્‌ભાગ્યે તે મંડળમાં જ્યૉર્જ કેનિંગ જેવો પિટ્ટની રાજનીતિનો અનુયાયી અધિકાર પર આવ્યો. રશિઆ અને ફ્રાન્સ વચ્ચે સંધિ થયા પછી કેનિંગને ભય પેઠો, કે નેપોલિયન ડેનમાર્ક પર ચડાઈ કરી તેના નૌકાસૈન્યનો ઈંગ્લેન્ડ વિરુદ્ધ ઉપયોગ કરશે. તેણે એકદમ કોઈ ન

---

૧. કહેવાય છે કે આ હારના સમાચાર મળ્યા, ત્યારે પિટ્ટ યુરોપનો નક્શો જોતો હતો. તેણે શોકસમાચાર સાંભળીને ભાગેલા હૈયે કહ્યું, કે "એ નક્શો વીંટી મૂકો; હવે દસ વર્ષ સુધી એનો ખપ પડવાનો નથી." નિરાશાના આઘાતમાં તે મરણ પામ્યો.

જાણે તેમ કોપનહેગન તરફ કાફલો રવાના કરી દીધો. નિર્ભય ડેનોએ પોતાનો કાફલો અંગ્રેજોને સોંપવાની ના પાડી, એટલે કોપનહેગન પર અંગ્રેજ તોપોનો ભયંકર મારો શરૂ થયો. ચાર દિવસમાં ડેન કાફલો શરણે આવ્યો, અને પુષ્કળ સામગ્રી તથા દારૂગોળા સહિત તેને ઈંગ્લેન્ડ લઈ જવામાં આવ્યો.

**દ્વીપકલ્પીય વિગ્રહ:** ઇ. સ. ૧૮૦૮–૧૮૧૪. દરમિઆન નેપોલિયનના ઉપર ભાગ્યદેવી પ્રસન્ન હતી. તે એક સામાન્ય લશ્કરી અમલદારમાંથી બાર વર્ષમાં ફ્રાન્સનો સમ્રાટ્ અને યુરોપનો સત્તાધીશ થઈ બેઠો. યુરોપના ઘણા-ખરા રાજ્યકર્તાઓ તેની કૃપાની યાચના કરતા પોતાના રાજમુકુટો નમાવી તેના પગ પાસે ઢળી પડતા. તેના બર્લિનના ફરમાનનો પ્રકટ અનાદર કરવાની કોઈની તાકાત ન હતી. પરંતુ પોર્ટુગલના નાના રાજ્યને આ ફરમાન માન્ય ન હતું, એટલે ક્રોધે ભરાએલો નેપોલિયન સૈન્ય સહિત તે દેશમાં ગયો, અને ત્યાંના રાજાને પદભ્રષ્ટ કરી પોતાના ભાઈને ગાદીએ બેસાડયો. એથી રાજ-કુટુંબ વખાનું માર્યું બ્રાઝિલ ચાલ્યું ગયું. તે દરમિઆન સ્પેનના રાજાને યુક્તિ-પ્રયુક્તિથી સમજાવી નેપોલિયને તેને પણ રાજ્યગાદી છોડવાની ફરજ પાડી, અને ત્યાં પોતાના બીજા ભાઈને ગાદીએ બેસાડયો. સ્પેનની તેજસ્વી પ્રજા આવું કષ્ટ સહન કરી શકી નહિ, અને ત્યાં બળવો થયો. આમ પોર્ટુગલ અને સ્પેનમાં નેપોલિયનની આણ વર્તાઈ, પણ પ્રજાકીય બળવો શરૂ થયો; એટલે ઈંગ્લેન્ડે પ્રસંગ વિચારી આ બંને દેશોને ધન અને સૈન્યની સહાય આપવા માંડી.

આ કામને માટે સર આર્થર વેલેસ્લીને પસંદ કરવામાં આવ્યો. તે ભાવહીન, આવેશરહિત, કડક, અને શ્લેષ્મ પ્રકૃતિવાળો હતો. પરંતુ તેણે મરાઠા સાથેનાં યુદ્ધોમાં અપ્રતિમ કીર્તિ મેળવી હતી. તેની સરદારી નીચે વિમીરોના યુદ્ધમાં અંગ્રેજ સૈન્યે ફ્રેન્ચોને હરાવ્યા, અને તેમને પોર્ટુગલમાંથી હાંકી કાઢયા. આટલેથી સ્પેનના નવા રાજાને પણ જીવ લઈને નાસવું પડયું. આ સમાચાર સાંભળીને નેપોલિયન મોટું સૈન્ય લઈને સ્પેનમાં ઉતરી આવ્યો, અને તેણે મેડ્રિડ કબજે કર્યું. આ વખતે વેલેસ્લીનું સ્થાન સર જૉન મૂરે લીધું હતું. તે સાલામાન્કા જવાનો પ્રયત્ન કરતો હતો, પણ રણવીર ફ્રેન્ચોના અથાગ બળ સામે તેનું કંઈ ન ચાલ્યું. અંગ્રેજ વહાણો

આવશે, એટલે સૈન્યને રવાના કરી દેવાશે એવી આશામાં પાછો હઠીને તે કૉરૂના ગયો. અહીં ખૂનખાર યુદ્ધ થયું; તેમાં તે પોતે મૃત્યુ પામ્યો, એટલે તેનું ક્ષીણ થઈ ગએલું સૈન્ય સુરક્ષિત રીતે ઈંગ્લેન્ડ જવા રવાના થઈ ગયું, ઈ. સ. ૧૮૦૯. આમ આ બાજુએ તો ફ્રેન્ચોએ વિજય મેળવ્યો, પણ આ યુદ્ધમાં ફ્રેન્ચ સૈન્યને રોકાએલું જાણી ઑસ્ટ્રિઆના લોકોએ ફ્રેન્ચ ધુંસરી ફેંકી દેવાના પ્રયત્નો કરવા માંડયા, એટલે સ્પેન છોડીને એ યુદ્ધકેસરી




ઑસ્ટ્રિઆ જઈ પહોંચ્યો. ત્રણ માસમાં તેણે પોતાની અનુપમ શક્તિ વડે તે દુર્ભાગી દેશને ચરણ તળે ચાંપી દીધો.

ઈ. સ. ૧૮૦૯ના એપ્રિલ માસમાં વેલેસ્લી ફરીથી સેનાપતિ થઈને દ્વીપકલ્પમાં આવ્યો. તેનું સૈન્ય નાનું પણ ચુનંદું હતું. પોર્ટુગલ અને સ્પેનના લોકોમાં સ્વદેશપ્રેમ ઘણો હતો, અને યુદ્ધ કરવાની આતુરતા તીવ્ર હતી, પણ રાજદ્વેષને લીધે તેઓ સહાયરૂપ થવાને બદલે વિઘ્નરૂપ થઈ પડ્યા. એ સાથે

દેશ પણ અજાણ્યો, અને સામગ્રી પણ થોડી અને ખરાબ હતી, છતાં વેલેસ્લીએ તાલેવરાના યુદ્ધમાં સંપૂર્ણ જય મેળવ્યો, ઇ. સ. ૧૮૦૯. તેના આ ઉજ્જવળ પરાક્રમના બદલામાં તેને વેલિંગ્ટનનો ડ્યૂક બનાવવામાં આવ્યો. વિજયને અંતે પાછા વળતા વેલિંગ્ટનની પૂઠે ફ્રેન્ચ સરદારો નાસતા શિકારની પાછળ પારધીઓની પેઠે દોડયા, એટલે તે લિસ્બન પાછો ગયો. ત્યાં તેણે ટોરેસ વેડ્રાસનો ત્રેવડો અભેદ્ય દુર્ગ રચી શત્રુઓને હંફાવવાની પેરવી કરી. આ દુર્ગ લેવાની અથવા તો શત્રુને યુદ્ધ માટે બહાર બોલાવવાની ફ્રેન્ચ સરદારની અનેક યુક્તિઓ નિષ્ફળ ગઈ, એટલે ફ્રેન્ચ સૈન્યને પોર્ટુગલ છોડવું પડયું, ઇ. સ. ૧૮૧૧. હવે વેલિંગ્ટને દુર્ગમાંથી નીકળી પરાક્રમની અખંડ પરંપરા દર્શાવવા માંડી. આલ્બ્યુરા પાસે ફ્રેન્ચ સૈન્યનો પરાભવ કરી તેણે સ્યુડેડ રોડ્રિગો અને બૅડેજોસ નામના સરહદ પરના અગત્યના બે કિલ્લા કબજે કર્યા, ઇ. સ. ૧૮૧૨. પછી સાલામાન્કાના યુદ્ધમાં જય મેળવી મેડ્રિડ હાથ કર્યું, અને ઇ. સ. ૧૮૧૩માં વિટોરિયાના યુદ્ધમાં ફ્રેન્ચ સૈન્યને છેલ્લો પ્રહાર કરી સ્પેન છોડી જવાની ફરજ પાડી. પરાક્રમી ફ્રેન્ચો પાછા હઠયા પણ એકદમ નમ્યા નહિ; નવ દિવસ અને નવ રાત સુધી પિરીનીઝ પર્વતની સાંકડી, અંધારી, અને વેરાન ખીણોમાં બંને પક્ષો વચ્ચે હાથોહાથ જીવલેણ યુદ્ધ ચાલ્યું. અંતે આ યુદ્ધમાં એ મરણીઆ ફ્રેન્ચ સૈનિકો અંગ્રેજ શસ્ત્રોને ધીમે ધીમે નમ્યા. સાથે સાથે ટુલુઝના યુદ્ધમાં પણ ફ્રેન્ચ સૈન્ય હારવાથી દ્વીપકલ્પીય વિગ્રહની પૂર્ણાહુતિ થઈ. એ પછી વેલિંગ્ટને પરાક્રમી અને જયવંત સૈન્ય સહિત ફ્રાન્સની 'પુણ્ય ભૂમિ'માં પગલાં કર્યાં.

**વિગ્રહના અંતનો આરંભ:** રશિઆના શહેનશાહે નેપોલિયન જોડે પહેલેથી સંધિ કરી હતી. પરંતુ બર્લિનના ફરમાન પ્રમાણે વર્તવાનું તેને અનુકૂળ આવતું ન હતું, એટલે તેણે ફ્રાન્સ જોડેની સંધિનો ભંગ કર્યો. એ વચની શહેનશાહને સખત શિક્ષા કરવા એક બાજુએ ઇ. સ. ૧૮૧૨માં વેલિંગ્ટન સાલામાન્કાનું યુદ્ધ લડી રહ્યો હતો, ત્યારે બીજી બાજુએ નેપોલિયન ૭ લાખ સૈનિકો સાથે મોસ્કો પહોંચ્યો. પરંતુ રશિઅનો સંધિ કરવાને બદલે નગર છોડી નાઠા હતા, અને આસપાસનો પ્રદેશ ઉજ્જડ કરેલો હતો. આમ ફ્રેન્ચો મોસ્કો સુધી ગયા ખરા, પણ રાત્રે નગરમાં તેમના સૈન્યની દુર્દશા બેઠી.

રશિઆના ગાત્રો ઠારી નાખે તેવા શિઆળામાં તેમને કોઈ આશ્રયસ્થાન રહ્યું નહિ, અને ખાવાના વખા પડવા લાગ્યા. તેમની પાસે પૂરતાં સાધન પણ નહોતાં. આથી એકાદ માસ રહીને ભૂખ, ટાઢ, અને તાવથી વ્યાકુળ થએલા શૂરા સૈનિકો સ્વદેશ પાછા નીકળ્યા, એટલે રસ્તામાં રશિઅન હયદળે તેમને ખૂબ રંજાડયા. નેપોલિયનના મહાન્ સૈન્યનો દસમો ભાગ મૃત્યુમુખમાંથી બચવા પામ્યો નહિ. હવે તેની પાસે બીનકેળવાયલા નવજુવાનોનું સૈન્ય રહ્યું, એટલે રશિઆ, પ્રુશિઆ, અને ઑસ્ટ્રિઆનાં સંયુક્ત સૈન્યોએ તેને લીપઝીગના યુદ્ધમાં હરાવી ફ્રાન્સ પર ધસારો કર્યો, ઇ. સ. ૧૮૧૩. વળી પશ્ચિમ તરફથી સ્પેનનાં યુદ્ધોમાં વિજયી થએલો વીર વેલિંગ્ટન ફ્રાન્સ પર નેપોલિયનની ભેટ લેવા આવતો હતો. હવે નેપોલિયનનો સિતારો આથમવા લાગ્યો. તેણે અનેક વેળા શત્રુઓને હઠાવ્યા હતા, પણ તેમના એકત્ર બળ સામે તેનું કંઈ વળ્યું નહિ. હવે શત્રુઓએ ઇ. સ. ૧૮૧૪માં પેરિસમાં વિજયપ્રવેશ કર્યો, અને નેપોલિયનને રાજ્યત્યાગ કરવો પડયો. પ્રથમ ફાંસીએ ચડેલા રાજાના કનિષ્ઠ ભાઈને ફ્રાન્સને સિંહાસને બેસાડવામાં આવ્યો. તેણે નેપોલિયનને એક લાખ પૌન્ડનું વર્ષાસન બાંધી આપી એલ્બાના ટાપુમાં રાજકેદી તરીકે મોકલી દીધો. ફ્રાન્સને ઇ. સ. ૧૭૯૨ પછી જીતેલા સર્વ પ્રદેશો પાછા આપી દેવા પડયા.

### (૩) નેપોલિયન જોડે વિગ્રહ:

ઇ. સ. ૧૮૧૫. સમસ્ત ખંડમાં ભય અને શાપરૂપ થઈ પડેલી મહાન્ લડાયક શક્તિનો ક્ષય થયો કે અંત આવ્યો, એમ જાણી યુરોપના રાજાઓ અને મુત્સદ્દીઓ રાષ્ટ્રોનો ભાગ્યનિર્ણય કરવા વિએનામાં એકઠા થયા. પરંતુ તેમનામાં ક્લેશ અને દ્વેષ ઊઠયાં, અને ફરીથી વિગ્રહ ચાલે એવો સંભવ જણાયો. એટલામાં સમાચાર આવ્યા, કે એલ્બાનો રાજકેદી નાસી છૂટયો છે, તેની હાકલના અજબ આકર્ષણથી ખેંચાઈને તેના



ડ્યૂક ઑફ્ વેલિંગ્ટન

હજારો જુના સૈનિકો તેના સદૈવવિજયી ધ્વજ નીચે એકઠા થયા છે, અને તેણે સમ્રાટ્પદ ધારણ કર્યું છે. વિએનાની પરિષદ્ વીખરાઈ ગઈ. નેપોલિયનને વિશ્વદ્રોહી જાહેર કરવામાં આવ્યો, અને તેને જેર કરવા ગ્રેટબ્રિટન, પ્રુશિઆ, રશિઆ, અને ઑસ્ટ્રિઆનો ચોથો મિત્રસંઘ રચાયો. એક બાજુએ ઑસ્ટ્રિઆ અને રશિઆ પૂર્વ સરહદ પરથી ફ્રાન્સ પર આક્રમણ કરવાની તૈયારી કરવા લાગ્યાં. બીજી બાજુએ વૅલિંગ્ટનની સરદારી નીચે અંગ્રેજ સૈન્ય બ્રસેલ્સ અને ઘેન્ટની આસપાસ, અને ત્રીજી બાજુએ બ્લુશરની આગેવાની નીચે પ્રુશિઅન સૈન્ય નામૂર અને લીજની પાસે પડયું હતું. પ્રથમ આ બે સૈન્યો સાવધ થઈ ગયાં, એટલે નેપોલિયન તેમની જોડે યુદ્ધ કરવા ઉપડયો. ઈ. સ. ૧૮૧૫ના જુનમાં ફ્રેન્ચ સૈન્યે આ બંને સૈન્યો ઉપર આક્રમણ કરી તેમને ભયભીત કરી મૂકયાં. પરંતુ તેજ માસની ૧૮મી તારીખે યુરોપના કુરુક્ષેત્ર સમા બેલ્જીયમમાં આવેલા વૉટર્લુના યુદ્ધમાં યુરોપના ઇતિહાસનો ભાવિ ક્રમ નક્કી થઈ ગયો. આગલી રાત્રે વરસાદ પડવાથી જમીન ભીની અને પોચી થઈ ગઈ હતી, એટલે ફ્રેન્ચોનાં ભારે તોપખાનાં ફરી શકતાં ન હતાં; છતાં પોતાના શ્વેત-વર્ણા અશ્વ ઉપર સવારી કરી નેપોલિયન પોતાના સૈન્યને પ્રોત્સાહન આપી રહ્યો. સવારના ૧૧થી રાતના ૮ સુધી યુદ્ધ ચાલ્યું. બંને પક્ષ બહાદુરીથી લડયા. વેલિંગ્ટનની સરદારી નીચે અંગ્રેજોએ અદ્‌ભુત પરાક્રમ દર્શાવ્યું, પણ ફ્રેન્ચો ગાંજ્યા જાય તેવા ન હતા. એટલામાં બ્લુશર વહાર કરવા આવી પહોંચ્યો, અને અનેક વર્ષોનું યુદ્ધ સંપૂર્ણ થયું. સામાન, સૈન્ય, સિંહાસન, અને સ્વાતંત્ર્ય એ સર્વ નેપોલિયને ખોયાં. પરાજયનું કલંક ચોંટયા છતાં પ્રાણ વહાલો કરી તે મધ્યરાત્રિએ રણભૂમિમાંથી મારતે ઘોડે પલાયન કરી ગયો, અને થોડા સમય પછી બેલેરેફોન નામે અંગ્રેજી મનવારના કપ્તાનને શરણે થયો.

નેપોલિયન પોતાની અપૂર્વ અને અનન્ય શક્તિથી સામાન્ય સૈનિકમાંથી સમ્રાટ્પદે ચડયો. તેણે પોતાના અસાધારણ યુદ્ધનૈપુણ્ય અને પરાક્રમથી સમગ્ર યુરોપને આંજી નાખ્યો. પરંતુ અનેક પિતૃહીન બાળકો, અનેક અનાથ સ્ત્રીઓ, તેમજ અનેક નિઃસંતાન કુટુંબોનાં ઉનાં અશ્રુઓથી સિંચાએલી અને નિઃશ્વાસથી પોષાએલી એ મહત્તા વિદ્યુતના ચમકારાની પેઠે ક્ષણભરમાં ચાલી ગઈ. જે સામ્રાજ્યતૃષ્ણાથી પ્રેરાઈને તેણે હિમગિરિ આલ્પ્સનાં દુર્ગમ શિખરોમાંથી

માર્ગ કર્યો, તેજ સામ્રાજ્યતૃષ્ણાના જોમમાં તેણે અનેક રણક્ષેત્રોમાં રક્તસરિતાઓ વહેવડાવી, અને અનેક રંગડ, જુવાન, તેમજ બત્રીસલક્ષણા માણસોના માંસનું ખેતરોને ખાતર આપ્યું. જિંદગીનાં છેવટનાં વર્ષોમાં જીવનના વિપર્યય અને પ્રતિષ્ઠાની ક્ષણભંગુરતા વિષે પોતાના એકાંત કારાવાસમાં વિચારતો યુરોપનો આ સમર્થ સેનાપતિ ઇ. સ. ૧૮૨૧માં વિદેહ થયો.

પેરિસની સંધિથી માલ્ટા, મોરિશિયસ, હેલીગોલેન્ડ, અને કેપ ઑવ્ ગુડ હોપ ગ્રેટબ્રિટનને મળ્યાં. સેકસની અને હ્રાઇન નદી ઉપરનો વિશાળ પ્રદેશ પ્રુશિઆને ભાગ આવ્યો. વળી રશિઆને પોલેન્ડમાંથી થોડો પ્રદેશ અને ઑસ્ટ્રિઆને ઇટલીનો થોડો મુલક મળ્યો, તેમજ બેલ્જીયમને હોલેન્ડ સાથે જોડી દેવામાં આવ્યું. ગ્રેટબ્રિટને દ્રવ્ય અને મનુષ્યોનો જે ભોગ આપ્યો, તેના પ્રમાણમાં તેને સ્વલ્પ બદલો મળ્યો, પણ તેનું સામુદ્રિક વર્ચસ્વ દૃઢ થયું, તેના સામ્રાજ્યનો સત્વર વિકાસ થયો, અને જગત્‌નાં અન્ય રાષ્ટ્રની આંખમાં ખટકે તેવો વેપાર ખેડવાની તેને સગવડ મળી.

**અશાંતિઃ** ઇ. સ. ૧૮૧૫–૧૮૨૦. વૉટર્લુના મહાયુદ્ધ પછી યુરોપમાં ત્રીસ વર્ષ અખંડ શાંતિ રહી; પરંતુ એ બાહ્ય શાંતિના વાતાવરણમાં હૃદયની અશાંતિ ધડકી રહી. ફ્રાન્સની રાજ્યક્રાન્તિ અને નેપોલિયન જોડે થએલા વિગ્રહોને પરિણામે યુરોપમાં સર્વત્ર સામાજિક અને રાજકીય અસંતોષ અને વ્યગ્રતા પ્રસરી રહ્યાં. દેશના રાજ્યતંત્રમાં ભાગ લેવાની વૃદ્ધિ પામતી લોકેચ્છાને લીધે યુરોપનાં અનેક રાજ્યોમાં અશાંતિ, અસંતોષ, અને ક્રાન્તિનું વાતાવરણ પ્રસરી રહ્યું, તેમાં વિગ્રહના આનુષંગિક, આર્થિક, અને ઔદ્યોગિક બોજાથી વાતાવરણ મલિન થઈ ગયું. ફ્રાન્સના રાજ્યવિપ્લવથી ભયભીત થઈ ગએલા રાજાઓ અને મુત્સદ્દીઓ સુધારાને માટે તીવ્ર થતી લોકવૃત્તિને દાબી દેવાના પ્રયત્નો કરી રહ્યા.[1] કેસલરીધ જેવા ચતુર પરદેશમંત્રીની રાજનીતિથી

૧. ઓગણીસમા સૈકાના આરંભમાં રાષ્ટ્રીયત્વની ભાવના ઉદય પામી. એલ્બામાંથી નાસી છૂટેલા નેપોલિયને પોતાને અર્વાચીન યુગની સ્વતંત્ર પ્રજાના પ્રતિનિધિ તરીકે ઓળખાવ્યો. આવાં સંચાલનોનો પ્રતિકાર યોજવા માટે યુરોપના રાજકર્તાઓ અનેક વાર પરિષદો ભરતા, અને ક્રાન્તિનો ભય ટાળવા મૈત્રીસંબંધો બાંધતા. ઇ. સ. ૧૮૨૦માં 'પવિત્ર સંબંધ' (Holy Alliance) રચાયો. રશિઆના ઝાર એલેક્ઝાંડરે

ગ્રેટબ્રિટન આવા પ્રયત્નોમાં સહકાર આપવા તત્પર ન હતું, છતાં દેશમાં બીજાં કારણોથી પણ અસંતોષ ઓછો ન હતો.

વિગ્રહ દરમિઆન દેશમાં પ્રજાકીય ઋણના ડુંગર થયા, કરનો બોજો વધી ગયો, ધાન્યના ભાવ ચડી ગયા, અને રોજગારીનો દર છેક નીચો પડી ગયો. દેશમાં વધતી જતી પ્રજા માટે પૂરતું ધાન્ય ઉત્પન્ન થતું ન હતું. ઇ. સ. ૧૮૧૫માં જમીનદારોના હિતચિંતક ટોરી મંત્રીઓએ ધાન્યનો કાયદો કરી એવી આજ્ઞા ફરમાવી, કે ૨૮ રતલ ઘઉંનો દર ૮૦ શિલિંગ થાય, ત્યાં સુધી કોઈએ પરદેશથી ધાન્ય મંગાવવું નહિ. પરદેશી સ્પર્ધા દૂર થવાથી જમીનદારો અને ખેડુતોને કમાણીનો તડાકો પડયો, પણ બિચારા નિર્ધન અને કામ વિનાના કારીગરોને ભૂખમરો વેઠવાનો વારો આવ્યો. દેશમાં નવાં યંત્રોની શોધ થતાં અસંખ્ય માણસો કામ વિનાનાં થઈ પડ્યાં, અને યંત્રોથી ઉત્પન્ન થતો માલ ખપત કરતાં વધારે હતો એટલે કેટલોક સમય કારખાનાં બંધ રાખવાની જરૂર પડી. કારખાનાંમાં કામ કરતા મજુરોનું કરુણા અને કંપારી ઉપજાવે એવું જીવન જોઈ ને સમાજમાં યંત્રો પ્રત્યે તિરસ્કાર પ્રકટયો. કામધંધા વિનાના અસંખ્ય રખડેલ અને નિરુદ્યમી માણસો ટોળાબંધ દેશમાં સ્વચ્છંદે ભમવા લાગ્યા, સંચાઓ તોડી ફોડી નાખવા લાગ્યા, અને ઠેરઠેર તોફાનો મચ્યાં.[1] ભૂખે મરતા કારીગરો કરગરીને કહેતા, કે પાર્લમેન્ટ માત્ર જમીનદારો અને તેમના હિતેચ્છુઓની બનેલી હોવાથી તેમના હિત

---

આ યોજના ઘડી હતી, અને પ્રુશિઆ અને ઑસ્ટ્રિઆ તેમાં સંમત થયાં હતાં. યુરોપના રાજ્યકર્તાઓ લોકમતને આદર આપી રાજ્યતંત્રમાં સુધારા કરે, તે આ મિત્રોને અણગમતી વાત હતી. તેમના દબાણથી ધીમે ધીમે ઉદાર વચનો પાછાં ખેંચી લેવાયાં, અને દમનનીતિનો દોર ચાલુ થયો. ગ્રેટબ્રિટન તટસ્થ રહ્યું.

ઇ. સ. ૧૮૨૦માં તે દેશની અશાંતિ દાબી દેવામાં એવું તલ્લીન હતું, કે આ પરિષદ્‌માં ભાગ લેવાનો તેને અવકાશ ન હતો. ધીમે ધીમે સુધારાનો ભય ગયો, અને દમનનીતિનાં શસ્ત્રો મ્યાન થયાં.

૧. નેડ લડ નામના એક ગમારે ક્રોધાવેશમાં મોજાં ગૂંથવાની બે શાળો તોડી નાખી, એટલે તેને ૧૪ વર્ષ દેશનિકાલની સજા થઈ. આ ઉપરથી આવાં રખડતાં ટોળાંઓને લોકો 'લડાઈટ' કહેવા લાગ્યા.

પ્રત્યે દૃષ્ટિ રાખે છે, અને અમ જેવા રંકની દાદ કોઈ લેતું નથી; માટે સામાજિક વિષમતા ટાળવી હોય, તો પાર્લમેન્ટ વિશાળ પ્રતિનિધિત્વવાળી કરવી જોઈએ. ઇ. સ. ૧૮૧૬માં ૨૭ રતલ ઘઉંની કિંમત ૧૦૩ શિલિંગ થઈ ગઈ, એટલે દેશમાં દુઃખ વધી પડયું, અને ઈંગ્લેન્ડનાં પૂર્વ પરગણાંમાં અને લંડનમાં તોફાન મચ્યું. ભૂખના દુઃખથી અસંતોષ વધ્યો, અને એ અસંતોષથી રાજકીય સુધારાની માગણી થતાં રમખાણ જાગ્યાં.

મંત્રીઓએ આ તોફાન શમાવવા દમનનીતિ આદરી, અને રાજદ્રોહી સભાઓ અટકાવવાનો કાયદો કર્યો. ઝેરીલાં લખાણો પ્રસિદ્ધ કરનારને પકડવાની બીનજવાબદાર સત્તા માજિસ્ટ્રેટોને આપવામાં આવી, અને હેબીઆસ કોર્પસના ધારાનો અમલ મોકુફ રાખવામાં આવ્યો. એટલામાં માનચેસ્ટરથી કામળીવાળાઓનું એક ટોળું દાદ મેળવવા લંડન આવવા નીકળ્યું, પણ સરકાર તરફથી તેને વીખેરાઈ જવાની આજ્ઞા થઈ. તેમાંના કેટલાક ઉત્સાહ શમી જતાં આપોઆપ પાછા ફર્યા. ડર્બી પરગણામાં એક ઉન્માદી માણસે બંડ કર્યું, પણ તે એકદમ બેસાડી દેવામાં આવ્યું: છતાં હજુ દમન સિવાય લોકવૃત્તિને સંતોષવાનો વિચાર મુત્સદ્દીઓના મગજમાં આવતો ન હતો. ઇ. સ. ૧૮૧૮માં નવી પાર્લમેન્ટમાં આવેલા ઘણા સભ્યો આ નીતિનો વિરોધ કરતા હતા, એટલે દેશમાં અસંતોષનું વિષ વ્યાપ્યું. ઠેરઠેર સભાઓ ભરાવા લાગી, રાજ્યક્રાન્તિની યોજનાના વિચાર થવા લાગ્યા, અને ક્રાન્તિકારોએ સ્વયંસેવકોને કવાયત શીખવવા માંડી. ઇ. સ. ૧૮૧૯માં માનચેસ્ટરના માજિસ્ટ્રેટોની આજ્ઞાથી હયદળે સેન્ટ પીટર ફીલ્ડમાં[૧] ગેરકાયદેસર મળેલી સભાને વીખેરી નાખી, એટલે લોકોનો ક્રોધ વધી ગયો. અસંતોષ વધતો જોઈ સરકારે છ ધારા પસાર કરી નિંદાત્મક લખાણો પ્રસિદ્ધ થતાં અટકાવ્યાં, અને કવાયત કરવાની કે શસ્ત્રનો ઉપયોગ કરવાની મના કરી.

---

૧. તેમાં ચાર પાંચ માણસો મરાયાં હશે અને ઘવાયાં હશે; પણ લોકોએ તેને પીટર્લુની (વૉટર્લુના અનુકરણાર્થે) હત્યા કહી. તેનું વેર લઈ મંત્રીઓને મારી નાખવા માટે થીસલવુડ અને કેટલાક માણસોએ કેટોસ્ટ્રીટનું કાવતરૂં રચ્યું; પણ તરકટખોરો પકડાયા, અને તેમાંના કેટલાકને ફાંસી દેવામાં આવી.

**રાજાનું મૃત્યુ:** રાજા વૃદ્ધ થયો હતો. ઇ. સ. ૧૮૧૦માં પોતાની નાની અને પ્રિયતમ પુત્રીના મંદવાડથી તેને ચિત્તભ્રમ થઈ આવ્યો, અને યુવરાજ 'રાજ્યરક્ષક' નિમાયો. રાજાનો રોગ મટ્યો નહિ. ઇ. સ. ૧૮૨૦માં વૃદ્ધ, અંધ, અને બધિર રાજા દીર્ઘ કાળ રાજ્ય ભોગવી ૮૨ વર્ષની વયે ફેબ્રુઆરિની ૨૯મી તારીખે પરલોકવાસી થયો.

જ્યૉર્જ ૩જાના સાઠ વર્ષના અમલમાં અનેક મહત્ત્વના ફેરફાર થયા. ઈંગ્લેન્ડે અમેરિકા ખોયું, અને હિંદ મેળવ્યું; પિટ્ટે આણેલી આર્થિક ઉન્નતિથી સમૃદ્ધ થએલા ઈંગ્લેન્ડ ઉપર નેપોલિયનનો ડોળો લાગ્યો, ત્યારે નેલ્સન અને વેલિંગ્ટન જેવા વીર નરોએ તેનું રક્ષણ કર્યું. આયર્લેન્ડ ઈંગ્લેન્ડ જોડે જોડાઈ ગયું. દેશમાં થતાં ઔદ્યોગિક પરિવર્તનથી સમાજમાં અસ્થિરતા આવી, પણ ઈંગ્લેન્ડના વેપારને પોષણ મળ્યું.

## પ્રકરણ ૬૮

### જ્યૉર્જ ૪થો: ઇ. સ. ૧૮૨૦–૧૮૩૦

**જ્યૉર્જ ૪થો:** વૃદ્ધ જ્યૉર્જના મૃત્યુ પછી તેનો પુત્ર ગાદીએ આવ્યો, પણ તેથી રાજનીતિમાં ખાસ ફેરફાર થયો નહિ; કેમકે તે તો વાસ્તવિક રીતે ઇ. સ. ૧૮૧૧થી રાજસત્તા ભોગવતો હતો. ગાદીએ બેઠા પછી તેના રાજ્યતંત્રમાં શિથિલતા આવી. જો કે જ્યૉર્જ ૩જો ગમે તેવો દુરાગ્રહી અને સત્તાનો શોખીન હતો, છતાં તેની કર્તવ્યનિષ્ઠા અડગ હતી, અને પ્રજાનું કલ્યાણ કરવાની તેને આકાંક્ષા હતી. એથી ઉલટું ૫૭ વર્ષની પાકટ વયે ગાદીએ આવેલા રાજામાં પિતાનો એક પણ સદ્ગુણ ન હતો. તેનું જીવન વિલાસી અને પ્રમાદી હતું, એટલે તેણે રાજ્યવહીવટની જોખમદારી પ્રધાનો ઉપર નાખી દીધી. તેના અણુએ અણુમાં સ્વાર્થ હતો, સત્ય તો સગવડ વખતે બોલવાની તેને પ્રતિજ્ઞા હતી, અને મિથ્યાભિમાનનો પાર ન હતો. વેલિંગ્ટનની હાજરીમાં તે બેશરમ બની કહેતો, કે વૉટર્લુના યુદ્ધમાં એક ટુકડીની સરદારી મેં લીધી હતી. તેના જીવનમાં તેણે ઉપયોગી કાર્ય કર્યું ન હતું. આવા રાજા

પ્રત્યે લોકોને સામાન્ય રીતે તિરસ્કાર હોય, તેમાં તેણે યુવરાજપદે આવીને રાણી કેરોલીનને દૂર કરવાની પેરવી કરી હતી. યુવરાજ અને કમનસીબ કેરોલીન વચ્ચે અણબનાવ થવાથી તે દુર્ભાગી સ્ત્રી થોડાં વર્ષથી પરદેશ જઈ વસી. પરંતુ પતિના રાજ્યારોહણના સમાચાર સાંભળી તે ઈંગ્લેન્ડમાં દોડી આવી, અને તેણે હકનો દાવો કર્યો. રાજાએ તેના પર અનીતિનો આરોપ મૂકયો, અને રાણી તરીકે સ્વીકારવાની ના પાડી. રાજલગ્ન રદ કરવાના હેતુથી લૉર્ડ લિવરપૂલ નામના ટોરી પ્રધાને અમીરોની સભામાં ખરડો આણ્યો. રાણી કંઈક અચતુર અને સ્વચ્છંદી સ્વભાવની હતી, અને લોકોને તેના પર ખાસ પ્રેમ ન હતો. પરંતુ તેઓ રાજાને ધિક્કારતા હતા, એટલે તેમણે રાણીનો પક્ષ લીધો. વળી મંત્રીઓએ આદરેલી ઉગ્ર દમનનીતિથી તેઓ પ્રજામાં એટલા અપ્રિય થઈ પડયા, કે તેમનો વધ કરવાને કાવતરૂં રચવામાં આવ્યું, પણ સર્વ કાવતરાખોરો પકડાઈ જવાથી તેમનાં શિર સલામત રહી ગયાં. દુરાચારી, પ્રમાદી, અને સ્વાર્થી રાજાની ખાતર તેઓ આવો ખરડો લાવ્યા, ત્યારે લોકોને ઝાંઝ ચડી. ખરડા સામે લોકવિરોધનું જોર જોઈ મંત્રીઓએ તે પાછો ખેંચી લીધો, પણ લોકોનો રાજા પ્રત્યેનો ધિક્કાર ઓછો થયો નહિ. હતભાગી રાણી એક વર્ષમાં ભગ્ન હૃદયે મરણ પામી.

**નિરંકુશ વ્યાપાર અને ફોજદારી કાયદામાં સુધારા:** જ્યૉર્જ ૩જાના અંત સમયમાં લોકસ્વાતંત્ર્ય હરી લેનારા કાયદાઓ રચનાર અને સુધારકોનો શત્રુ એડિંગ્ટન ઇ. સ. ૧૮૨૧માં અધિકારપદેથી ઉતર્યો, અને બીજે વર્ષે જુના સાંકડા વિચારના, અને પ્રગતિના અડગ વિરોધી કેસલરીધે આત્મહત્યા કરી. પરિણામે પીલ, કેનિંગ, અને હસ્કિસન જેવા ઉદાર વિચારના ટોરીઓ પ્રધાનમંડળમાં આવ્યા, તે સાથે રાજનીતિમાં ઉદારતા અને વિશાળતાનાં તત્ત્વો દાખલ થયાં. પીલે ફોજદારી કાયદામાં સુધારો કર્યો, અને હસ્કિસને ઉદ્યોગ અને વાણિજ્યના સંબંધમાં નવી નીતિ સ્વીકારી. કેનિંગે દેશાંતર નીતિમાં નવા પ્રાણ પૂર્યા. આ ત્રણે મહાપુરુષો મધ્યમ વર્ગના હતા, અને કઈ દિશામાં દેશની પ્રગતિ થવાની આવશ્યકતા છે એ સારી પેઠે જાણતા હતા.

પીલ એક સામાન્ય રૂ કાંતનારનો પુત્ર હતો. તે ટોરી પણ સમયસૂચક અને પ્રગતિપ્રિય હતો. તેણે તે સમયના અંધેર ફોજદારી કાયદામાં સહૃદયતા અને ન્યાય દાખલ કરવાનો પ્રયત્ન કર્યો. તે જમાનામાં દેહાંતદંડની શિક્ષા સામાન્ય હતી. કોઈએ દુકાનમાંથી એકાદ વાર કાપડની ચોરી કરી હોય, કે તળાવમાંથી માછલી પકડી હોય, અથવા રાજાના જંગલમાં શિકાર કર્યો હોય, કે વેસ્ટ મિન્સ્ટરના પૂલને જરા નુકસાન કર્યું હોય, તો એટલુંજ કે ચડાવો ફાંસીએ. ફાંસી આગળ વીસ ત્રીસ અપરાધીઓની હાર થઈ રહેતી. પંચથી આ અન્યાય દેખ્યો ખમાતો નહિ, પણ આવા અપરાધ માટે બીજી હલકી સજા નહોતી, એટલે ગુનો કર્યા છતાં ગુનેગાર દેહાંતદંડ દેવા યોગ્ય ન હોય, તો તેને છોડી મૂકવામાં આવતો. કોઈ બાળકને વૃક્ષની ડાળી કાપવા માટે, અથવા કોઈ સ્ત્રીને પાઉંનો એક કકડો ચોરવા માટે કયો નિર્દય ન્યાયાધીશ મોતની શિક્ષા કરે? પરંતુ આમ કરવામાં તો વાસ્તવિક રીતે બેવડો અન્યાય થતો. દરમિઆન રોમિલી નામના અમીરે આ દિશામાં આછાઅધુરા પ્રયત્નો કર્યા, અને આમની સભાએ ઘણી વાર ઠરાવો કર્યા, કે નામના અપરાધીઓને માટે ભારે દંડ ન હોય, પણ અમીરોની સભા બહેરી થઈને બેઠી હતી. આખરે પીલે કળે કળે કામ લેવા માંડયું, અને ઇ. સ. ૧૮૨૪માં તેના અખંડ પરિશ્રમથી સોએક નાના અપરાધોને માટે દેહાંતદંડની સજા રદ કરવામાં આવી. હવે ક્રમેક્રમે કાયદાઓ વધારે ન્યાયી થવા લાગ્યા.

વિલિયમ હસ્કિસન નામના વાણિજ્યમંત્રીએ આથીએ વધારે દૂરગામી પરિણામવાળા સુધારા કરવા માંડયા. ક્રોમ્વેલના સમયથી ચાલતા આવતા નૌયાનના કાયદાથી પરદેશી વહાણોમાં ભરાઈ આવતા માલ પર ભારે જકાત લેવામાં આવતી, પણ તે કેટલો કાળ ચાલે? ઈંગ્લેન્ડ જો આવા ધારા ઘડે, તો પછી બીજા દેશો ઈંગ્લેન્ડ પર અંકુશ મૂકનારા ધારા શા માટે ન ઘડે? આવી સંરક્ષણનીતિને પરિણામે કારીગરો અને વેપારીઓને પરદેશી સ્પર્ધાનો ભય ટળી ગયો, એટલે તેઓ સારો માલ ઉત્પન્ન કરવાની ઉત્કંઠા ન રાખે, કે લોકોની રુચિ સંતોષવાની પરવા ન કરે એ દેખીતું છે. આ ઉપરાંત મોંઘું અને સારૂં ખરીદવાની સ્વાભાવિક મનોવૃત્તિને વશ થઈ અનેક માણસો દાણચોરીથી પરદેશી માલ આણતા, અને આવી દાણચોરી પકડવાની કે

અટકાવવાની સરકારની શક્તિ ન હોવાથી રાજ્યને નુકસાન જતું. એથી હસ્કિસને ઇ. સ. ૧૮૩૩માં કાયદો કરી જે દેશો બ્રિટિશ વહાણો અને માલને પોતાને ત્યાં નિરંકુશ આવવાની છૂટ મૂકતા હોય, તેમને તેવી છૂટ આપી. તેણે રેશમ અને ઊન પરની જકાત હલકી કરી વેપારીઓને રાહત આપી, અને મજુરીના દર ઠરાવવાની કે મજુરોને કામ શોધવા બીજે સ્થળે જતાં અટકાવવાની માજિસ્ટ્રેટોને મળેલી સત્તા રદ કરી. અલબત, આ સર્વ કાર્ય તે અલ્પ સમયમાં પાર પાડી શકયો ન હતો. આરંભમાં વેપારીઓ, મજુરો, અને કારખાનાંવાળા બૂમ પાડી ઊઠયા, કે અમારા કાર્યમાં નકામી ડખલગીરી કરવામાં આવે છે, અને અમને નુકસાન થાય છે. પરંતુ આખરે વેપાર વધ્યો, અને મજુરોને લાભ થયો. આમ ઈંગ્લેન્ડમાં નિરંકુશ વેપારનો સિદ્ધાન્ત સ્વીકારવામાં આવ્યો.

**કેનિંગની પરદેશી રાજનીતિ:** કેનિંગ પિટ્ટનો પરમ પ્રશંસક અને અનુયાયી હતો. તે દેશમાં શાંતિ જાળવી પ્રજાનું સ્વાતંત્ર્ય ટકાવી રાખવાના મતનો હતો. ફ્રાન્સના રાજ્યવિપ્લવ પછી યુરોપના ચમકેલા રાજાઓએ પરિષદો ભરી લોકસ્વાતંત્ર્યની ભાવનાને છૂંદી નાખવાની યોજના કરી હતી. રાજાના ઈશ્વરી હકનું પુનઃ પ્રતિપાદન કરવાની આ યોજનામાં કેનિંગ સંમત ન હતો; કારણ કે સ્વેચ્છાચારી રાજાઓ વ્યવસ્થા જાળવવાને બહાને અસહાય પ્રજાના સ્વાતંત્ર્યને છૂંદી નાખે, એ તેને મન અસહ્ય હતું. જો એમ થાય તો કોઈ સત્તા પ્રબળ થઈ બેસે, એટલે સત્તાતુલા સાચવવી પણ કઠણ પડે. આથી બીજાં રાજ્યો પરરાજ્યોમાં માથું મારવા જાય, ત્યારે જરૂર પડે તે સાવધ થઈ જતો. સ્પેનનાં દક્ષિણ અમેરિકાનાં સંસ્થાનાં ( મેકિસકો, પેરૂ, ચીલી ) સ્વાતંત્ર્ય મેળવવા માટે પ્રયત્ન કરતાં હતાં, તેમાં તેની ગમે તેટલી સહાનુભૂતિ હતી, છતાં તે પરદેશના મામલામાં હાથ ઘાલવા તૈયાર ન હતો. પરંતુ એ સંસ્થાનોએ જય મેળવ્યો, ત્યારે તેણે તેમને સ્વતંત્ર રાજ્ય તરીકે સ્વીકાર્યાં. દરમિઆન રશિઆએ તેમની જોડે ફરી વિગ્રહ કરવામાં સહાય આપવાનું સ્પેનને વચન આપ્યું, એટલે સંયુક્ત સંસ્થાનોના પ્રમુખ મનરોએ પડકાર કર્યો, કે અમેરિકામાં યુરોપી રાજ્યોએ માથું મારવાની જરૂર નથી, ત્યારે કેનિંગ પણ તેમાં સંમત થયો. ઇ. સ. ૧૮૨૬માં સ્પેનનું લશ્કર પોર્ટુ-

ગલ પર ચડાઈ કરવા તૈયાર થયું, અને ફ્રેન્ચ લશ્કર સ્પેનની વહાર કરવા બહાર પડયું. પરિણામે કેનિંગે પોર્ટુગલનો પક્ષ લઈ ત્યાં સૈન્ય મોકલ્યું, એટલે વિગ્રહ શમી ગયો.

ઇ. સ. ૧૮૨૧માં ગ્રીક લોકો તુર્કીના નિર્દય રાજ્યથી ત્રાસી જઈ તેમની સામે થયા. શરૂઆતમાં ઘણાને એમ લાગ્યું, કે ગ્રીક પ્રજા આ પ્રમાણે બળવો કરી બીજી પ્રજાને ઉદ્ધતાઈના પાઠ ભણાવે છે. એથી કેનિંગ પણ તટસ્થ રહ્યો, પણ ગ્રીક પ્રજાને સહાય આપવાને મિશે રશિઆએ તુર્કસ્તાન પચાવી પાડવાની યોજના ઘડી ત્યારે આ ચતુર મંત્રી ચેતી ગયો. તુર્ક જુલમગારોના વજ્રદંડથી નિઃસત્ત્વ બનેલી ગ્રીક પ્રજા પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવા તેણે પરોક્ષ સહાય કરી. પરિણામે સુપ્રસિદ્ધ કવિ બાયરન અને ઉત્સાહી સ્વયંસેવકો એ સ્વાતંત્ર્યયજ્ઞમાં આત્મસમર્પણ કરવા નીકળી પડયા. આખરે સુલતાન હાર્યો, અને તેણે મિસરના પાશાની સહાય લીધી, એટલે કેનિંગે ફ્રાન્સ અને રશિઆ જોડે સંધિ કરી. આ ત્રણે રાજ્યોના સંયુક્ત નૌકાસૈન્યે નેવેરિનોના અખાતના યુદ્ધમાં તુર્ક કાફલાનો ઘાણ વાળી નાખ્યો, ઇ. સ. ૧૮૨૭. પરંતુ એ સ્વાતંત્ર્યપ્રેમી નર પોતાની નીતિનું પરિણામ જોવા જીવતો ન રહ્યો.

**વેલિંગ્ટનનું મંત્રીમંડળ:** પંદર વર્ષ સુધી મુખ્યમંત્રીપદ ભોગવનાર સાધારણ બુદ્ધિના અને આરામપ્રિય પ્રકૃતિના લિવરપૂલને પક્ષાઘાત થવાથી તેણે રાજીનામું આપ્યું. પ્રજાની દૃષ્ટિમાં કેનિંગ વસી ગયો હતો; પણ તેની પ્રકૃતિ અસ્વસ્થ હતી, અને થોડા સમયમાં તે મરણ પામ્યો. એ પછી ગોડરિચ પ્રધાન થયો; પણ રાજાને તો કોઈ સમર્થ કાર્યવાહક જોઈતો હતો, એટલે રાજાએ વૉટર્લુના વિજેતા વેલિંગ્ટનને મુખ્ય મંત્રી બનાવ્યો. એ વજ્રબાહુ સરદારમાં જેટલી યુદ્ધની આવડત હતી, તેટલી રાજ્ય ચલાવવાની ન હતી. તેણે સેનાઓ ચલાવી હતી, પણ વહીવટ ચલાવ્યો ન હતો. રણક્ષેત્રમાં અનુપમ વીર્ય દર્શાવનારના હૃદયમાં પાર્લમેન્ટ સમક્ષ ટકી રહેવાનું સામર્થ્ય ન હતું. તે લડતો, હારતો, પાછો ઠેકાણે આવતો, પણ અધિકાર છોડતો નહિ. તે ચુસ્ત સંરક્ષક હતો, છતાં તેના અમલમાં રાજદ્વારી જીવન પર ગંભીર અસર કરનારાં બે કાર્યો થયાં. ઇ. સ. ૧૮૨૮માં લૉર્ડ જ્હૉન રસેલ નામે

ઉત્સાહી અને ઉદાર અમીરે દરખાસ્ત મૂકી, કે કસોટીના અને કૉર્પોરેશનના કાયદાનાં બંધનમાંથી અપ્રતિજ્ઞાગ્રાહીઓને મુક્ત કરવા જોઈએ. સરકારે તે સ્વીકારી એ મતલબનો કાયદો કર્યો. જો કે ૧૫૦ વર્ષથી ચાલતા આવતા આ કાયદાથી આ લોકો જાહેર નોકરીમાં જોડાઈ શકતા ન હતા, છતાં દર વર્ષે ખાસ ધારો કરી તેમને માટે એ કાયદાનાં બંધન નરમ કરવામાં આવતાં હતાં, એટલે આ કાયદો બહુ લાભકારક નહોતો એ સ્પષ્ટ છે. ઇ. સ. ૧૮૨૯નો રોમન કેથોલિકોને છૂટ આપનારો કાયદો ખરેખરી અગત્યનો છે. તે પ્રશ્ન સંબંધી વેલિંગ્ટને અંગીકાર કરેલી નીતિ તેની કાર્યપદ્ધતિ પર પ્રકાશ પાડે છે.

અપ્રતિજ્ઞાગ્રાહીઓને આપેલી છૂટ કેથોલિકોને આપવા વેલિંગ્ટન તૈયાર ન હતો. તે તેમનો એટલો સખત વિરોધી હતો, કે કેનિંગ કેથોલિકો પ્રત્યે લાગણી ધરાવે છે એ જાણી તેના હાથ નીચે અધિકાર લેવાની તેણે ના પાડી હતી. ઘણાખરા કેથોલિકો આયર્લૅન્ડના હતા, અને તેમને છૂટ આપવાનું પિટ્ટે વચન આપ્યું હતું, પણ તે પાળી શકયો ન હતો. ઉદાર કેનિંગે ઇ. સ. ૧૮૨૨માં આયરિશ અમીરોને પાર્લમેન્ટમાં બેસવાની અનુમતિ આપવાની દરખાસ્ત આણી, અને આમની સભાએ તે મંજુર કરી, પણ હઠીલા અમીરોએ તે ઉડાવી દીધી: છતાં દઢાગ્રહી કેથોલિકો એમ હારી જાય તેવા ન હતા. આખરે આયર્લૅન્ડમાં કોલાહલ થઈ રહ્યો, અને પિટ્ટે આપેલું વચન પળાવું જોઈએ એવો આગ્રહ થવા લાગ્યો. આ બાજુએ વ્હિગ અને ઉદાર મતના ટોરીઓ એમજ કહેવા લાગ્યા. એથી આ બાબતની લડત ઉપડી. આયર્લૅન્ડમાં ડેનિયલ ઓકોનેલ નામના એક ચતુર દઢાગ્રહી વક્તા અને વકીલે તેનું નેતૃત્વ સ્વીકારી ‘ કેથોલિક એસોસિએશન ’ની સ્થાપના કરી, ઇ. સ. ૧૮૨૩. આ મંડળને બંધ કરવામાં આવ્યું, છતાં તે પુનઃ સજીવન થઈ પોતાનું કાર્ય ચલાવવા લાગ્યું. ઇ. સ. ૧૮૨૮માં કલેર પરગણાના મતદારોએ ડેનિયલ ઓકોનેલને પ્રતિનિધિ તરીકે પસંદ કર્યો. જો કે તે રોમન કેથોલિક હતો, એટલે કાયદા પ્રમાણે તેનાથી પાર્લમેન્ટના સભ્ય થવાય તેમ નહોતું, પણ વેલિંગ્ટને જોયું કે તેને પાર્લમેન્ટમાં બેસવા દેવામાં નહિ આવે, તો લોકો મમતે ચડી ફરીથી તેનીજ વરણી કરશે, દેશમાં અસંતોષ વ્યાપી જશે, અને આયરિશ પ્રજા કદાચ શસ્ત્ર ઉંચકશે. યુદ્ધો લડીને ધીટ થએલો

એ યોદ્ધો યુદ્ધનાં અનિષ્ટ પરિણામોથી અજાણ નહોતો. તેણે ઇ. સ. ૧૮૨૯માં કૅથોલિકો વિરુદ્ધના કડક કાયદા રદ કર્યા, અને તેમને પ્રોટેસ્ટન્ટો જેટલા હક આપ્યા; છતાં એટલો પ્રતિબંધ રાખવામાં આવ્યો કે કૅથોલિકથી આયર્લૅન્ડના સુબાનું કે લૉર્ડ ચેન્સેલરનું પદ લઈ શકાય નહિ. આ કાર્યમાં પીલે પોતાનો વિરોધ તજી વેલિંગ્ટનને સહાય આપી, અને થોડી હઠ પછી રાજાએ કૅથોલિક બંધનમુક્તિના કાયદાને સંમતિ આપી. એથી ઓકોનેલ પાર્લમેન્ટનો સભ્ય થયો, પણ તેણે જીવન પર્યંત પોતાની લડત ચાલુ રાખી. કૅથોલિકોને આવી છૂટ આપવાનો કાયદો કરવાથી મતભેદને લીધે વેલિંગ્ટન અને પીલના ઘણા સહાયકો તેમનાથી જુદા પડી ગયા. વળી વેલિંગ્ટનની શિથિલ દેશાંતર નીતિને લીધે મંત્રીમંડળ અકારૂં થઈ પડયું. પાર્લમેન્ટની સુધારણાના પ્રશ્નથી ટોરી પક્ષમાં તીવ્ર મતભેદ ઉત્પન્ન થયો. એક પક્ષ એમ માનતો કે આવી સુધારણા હાલના સમયમાં અનુકૂળ કે ઇષ્ટ નથી; પણ બીજો પક્ષ છડેચોક પોકારીને કહેવા લાગ્યો, કે એ સડેલું તંત્ર વહેલું ફેંકી દેવાય તેમ સારૂં.

---

# પ્રકરણ ૭મું

## વિલિયમ ૪થોઃ ઇ. સ. ૧૮૩૦-૧૮૩૭

**વિલિયમ ૪થોઃ** ઇ. સ. ૧૮૩૦-૧૮૩૭. ઇ. સ. ૧૮૩૦ના જુન માસની ૨૦ મી તારીખે દુરાચારી અને વિલાસી જ્યૉર્જના મૃત્યુસમાચાર સાંભળી ન થયો કોઈને શોક, કે ન થયો રાજનીતિમાં કશો ફેરફાર. તેના પછી જ્યૉર્જ ૩જાનો ત્રીજો પુત્ર વિલિયમ ૪થો ગાદીએ આવ્યો. તે ખુલ્લા દીલનો, ખૂશમિજાજી, મીલનસાર સ્વભાવનો, અને કંઈક અમરંગી હતો. તે "**નાવિક રાજા**"ના ઉપનામથી ઓળખાતો હતો. તેનામાં એટલી બધી સરળતા હતી કે તે હાથમાં છત્રી રાખીને રસ્તા ઉપર ચાલ્યો જાય, તેમજ પોતાના જુના દોસ્તો જોડે જરાએ સંકોચ વિના હાસ્યવિનોદ કરવા મંડી જાય. પરંતુ તેનામાં સર્વથી વધારે સ્તુત્ય ગુણ એ હતો, કે રાજકાજમાં તે જરાએ વચ્ચે પડતો નહિ. વિલિયમ ગમે તે પક્ષના પ્રધાનોને સર્વ તંત્ર સોંપી દેતો.

ઈ. સ. ૧૮૩૦નું વર્ષ યુરોપમાં ક્રાન્તિનું વર્ષ છે. ફ્રેન્ચ લોકોએ ચાર્લ્સ ૧૦માના મસ્તક ઉપરથી રાજમુકુટ ઉતારી તેના દૂરના સગા ઑર્લિઅન્સના ઠાકોરને આપ્યો. દક્ષિણ નેધર્લેન્ડની પ્રજાએ બેલ્જીયમનું સ્વતંત્ર રાજ્ય રચ્યું. જર્મનીમાં સ્વતંત્રતા મેળવવાના છુટાછવાયા પ્રયત્નો થવા લાગ્યા, અને પોલેન્ડના લોકોએ રશિઆ વિરુદ્ધ બળવો કર્યો. રાજ્યતંત્ર પ્રજામતને અનુકૂળ કરવાના પ્રયત્ન રૂપ આ ક્રાંતિનાં આંદોલન ઈંગ્લેન્ડમાં પણ આવ્યાં. પરંતુ સદ્‌ભાગ્યે વિલિયમ જેવો રાજા હતો, એટલે તેમણે જુદું સ્વરૂપ લીધું. પાર્લમેન્ટની સુધારણાનો વણઉકલ્યો અને જુનો પ્રશ્ન ફરી ઉપસ્થિત થયો.



**વિલિયમ ૪થો**

**પાર્લમેન્ટની સુધારણા:** તરુણ પિટ્ટે આ પ્રશ્ન ઉપર પ્રથમ ધ્યાન આપ્યું હતું, પણ વિરોધને લીધે તે પડતો મૂકયો હતો. ત્યાર પછી દેશ સમક્ષ એ પ્રશ્ન એક અથવા બીજે પ્રસંગે ઉપસ્થિત થતો. પરંતુ ફ્રાન્સના રાજ્યવિપ્લવને પરિણામે થએલા અમાનુષી અત્યાચારોથી અંગ્રેજોમાં એવો ભય પેસી ગયો, કે યોગ્ય સુધારા કરવામાં તેમને ક્રાન્તિનો હાઉ દેખાતો. તેમને લાગતું કે થોડા ઉજ્જડ કસ્બાઓનો મતાધિકાર રદ કરી, ઔદ્યોગિક પ્રગતિથી વિકાસ પામેલાં નવાં શહેરોને તે આપવામાં જાણે સિંહાસન ડોલી જવાનું હોય, રાજતંત્ર ઉથલી પડવાનું હોય, કે ફ્રાન્સના નિર્દય નરમેધની ઈંગ્લેન્ડમાં પુનરાવૃત્તિ થવાની હોય ! ! ! પરંતુ ધીમે ધીમે આવો ભય નાશ પામતો ગયો, એટલે આમની સભાએ ઉદારતા દર્શાવવા માંડી. જો કે કેથોલિકોને છૂટ મળી; પણ પાર્લમેન્ટની સુધારણા કરીને પોતાની સત્તા પર કાપ મૂકવા અને રાજ્યવહીવટમાં પોતાની લાગવગ ઓછી કરવા કોણ તત્પર

હોય ? એ સાથે કેનિંગ જેવા ઉદારચિત્ત અને ન્યાયપ્રિય નીતિજ્ઞો એમ કહીને વિરુદ્ધ પડતા, કે મતાધિકારનો વિસ્તાર થવાથી અમીરો અને જમીનદારોની લાગવગ ઓછી થશે, અને તેથી પાર્લમેન્ટમાં બુદ્ધિશાળી અને શક્તિમાન મનુષ્યોની સંખ્યા ઘટવા લાગશે. આ ઉપરાંત વેલિંગ્ટન જેવો ચુસ્ત ટોરી લશ્કરી દમામથી કહેતો, કે મારા અમલ દરમિઆન સુધારણાના કોઈ પણ કાયદાનો વિરોધ કરવો એ મારે મન ધર્મ સમાન છે. પરંતુ વિલિયમના રાજ્યારોહણ પછી યુરોપમાં આવેલી સ્વાતંત્ર્યપ્રિયતાની ભરતી ઈંગ્લેન્ડમાં ચડી. આખરે નવી પાર્લામેન્ટમાં સુધારાની તરફદારી કરનારા સભ્યોની સંખ્યા વધારે આવી, એટલે વેલિંગ્ટને મંત્રીપદનો ત્યાગ કર્યો. આમ ૨૩ વર્ષના લાંબા ગાળા પછી વ્હિગ પક્ષ પુનઃ પ્રજાસ્વાતંત્ર્યનો પક્ષ કરીને અધિકારમાં આવ્યો. લૉર્ડ ગ્રે મુખ્ય મંત્રી થયો, અને લૉર્ડ મેલ્બોર્ન અને પામર્સ્ટન જેવા પ્રગતિપ્રિય ટોરી, અને પ્રસિદ્ધ વક્તા લૉર્ડ બ્રુહામ, સુવિખ્યાત ઇતિહાસકાર લૉર્ડ મેકૉલે અને લૉર્ડ જ્હૉન રસેલ જેવાં દેશનાં રત્નોને તેણે મંત્રીમંડળમાં સ્થાન આપ્યું. ગ્રે તો પોકારી પોકારીને કહેવા લાગ્યો, કે યુરોપનાં અન્ય રાજ્યોમાં મચી રહેલા ઉત્પાત અને આંતર વિગ્રહની પુનરાવૃત્તિ ઈંગ્લેન્ડમાં થવા દેવી ન હોય, તો પાર્લમેન્ટમાં અવશ્ય સુધારણા થવી જોઈએ. આમની સભા જમીનદારો અને શ્રીમંતોની ખાનગી મિલ્કત ટળી જઈને કોઈ પણ યોગ્ય મનુષ્યને સ્થાન આપનારી તેમજ પ્રજાહિતનું પરમ લક્ષ્ય રાખનારી જાહેર સંસ્થા થવી જોઈએ. રસેલે આ મહાકાર્યની સિદ્ધિને અર્થે કમર કસી. જ્યૉર્જ ૩જાના મૃત્યુ પૂર્વે આ મહાપુરુષે ચાર કસ્બાઓનો મતાધિકાર ખેંચી લેવાની દરખાસ્ત આણી હતી, પણ બીજાઓના દુરાગ્રહને લીધે તે હાર્યો હતો. ઇ. સ. ૧૮૩૧માં તેણે સુધારણાનો ખરડો આણ્યો, અને આમની સભામાં મોટી બહુમતીથી તે મંજુર થયો, પણ અમીરોએ તે ફેંકી દીધો. પરિણામે દેશમાં કોલાહલ મચી રહ્યો, પ્રજાપ્રકોપનો સર્વભક્ષી અગ્નિ સમસ્ત દેશમાં ફરી વળ્યો, અને ઠામઠામ તોફાન મચ્યાં. બર્મિંગહેમમાં ભરાએલી સભામાં હાજર રહેલાઓએ ઉઘાડે મસ્તકે હાથ ઉંચા રાખીને પ્રતિજ્ઞા કરી, કે આ ખરડો પસાર ન થાય તો આપણે કર ભરવા નહિ, અને ગમે તે સંકટ સહીને પણ આપણે અને આપણાં સંતાનોએ અડગ નિષ્ઠાપૂર્વક દેશકલ્યાણના

કાર્યમાં આસક્ત રહેવું. બ્રિસ્ટલમાં તોફાની લોકોએ મકાનો બાળ્યાં, ખૂન કર્યાં; અને શહેરનો કબજો લીધો; નોટિંગહેમનો કિલ્લો ભસ્માવશેષ બની ગયો. બસ એ ખરડો, સમગ્ર ખરડો, અને તે ખરડા સિવાય બીજું કશું નહિ, એવો પોકાર ચોમેર થઈ રહ્યો: છતાં આમની સભાએ સ્વીકારેલા ખરડાને અમીરોએ બીજી વાર પણ નામંજુર કર્યો, ઇ. સ. ૧૮૩૨. લોક-લાગણીનું જોમ તો સ્પષ્ટ હતું. દુરાગ્રહી અમીરો જો આ પ્રમાણે પ્રજાની ઇચ્છાને ઠોકરે મારે, તો કદાચ દેશમાં આંતર વિગ્રહ પણ ઉભો થાય, એવા ભયથી ગ્રેએ રાજાને નવા અમીરો બનાવવાની સૂચના કરી, પણ તે અમાન્ય થઈ એટલે મંત્રીઓએ રાજીનામું આપ્યું. વેલિંગ્ટન પણ લોકવિરોધ સહીને નવું પ્રધાનમંડળ રચી શકે તેમ ન હતું, એટલે પ્રજાના પુણ્યપ્રકોપથી બચવા સારૂ તેને ઘરમાં ભરાઈ રહેવાનો વારો આવ્યો. તેનાં શૌર્યવીર્ય ગમે તેટલાં આદરણીય હશે, પણ અત્યારે તે લોકમતની વિરુદ્ધ ચાલવા માંડે, તો પ્રજાને તેનાં શૌર્યની કિંમત નહોતી. રાજાએ ગ્રેને પુનઃ મંત્રીપદ આપ્યું, અને સુધારણાનો ખરડો પસાર કરવા માટે જે યોગ્ય હોય તે કરવાની ઇચ્છા દર્શાવી. ઇ. સ. ૧૮૩૨ના જુનની ૪થી તારીખે ફરીથી એનો એજ ખરડો આવ્યો. વેલિંગ્ટન અને બીજા વિરોધી અમીરો તે દિવસે ગેરહાજર રહ્યા, અને વ્હિગ બહુમતીથી ખરડો મંજુર થતાં તેને કાયદાનું સ્વરૂપ આપવામાં આવ્યું.

આ ખરડાથી ૨,૦૦૦થી ઓછી વસ્તીવાળા ૫૬ કસ્બાનો મતાધિકાર ખેંચી લેવામાં આવ્યો, અને ૪,૦૦૦થી ઓછી વસ્તીવાળા ૩૦ કસ્બાને એક પ્રતિનિધિ ઓછો મોકલવાની આજ્ઞા થઈ. વળી આ પ્રમાણે ખાલી પડેલી ૧૩૩ બેઠકોમાંથી ઔદ્યોગિક પરિવર્તનથી સમૃદ્ધ થએલાં નગરોને કેટલીક બેઠકો આપવામાં આવી, અને કેટલાંક મોટાં પરગણાં અને કસ્બાઓને વધારે પ્રતિનિધિઓ મોકલવાનો હક આપવામાં આવ્યો. એ સાથે વરણીના સમયે મત આપવાનો સમય ટુંકો કરવામાં આવ્યો, તેમજ વસ્તીના પ્રમાણમાં મતાધિકાર આપી એવું ઠરાવવામાં આવ્યું, કે શહેરોમાં વાર્ષિક ૧૦ પૌન્ડની ઉપજવાળાને મત આપવાનો અધિકાર રહેશે. આ પ્રમાણે અત્યાર સુધી દેશના રાજ્યવહીવટમાંથી દૂર રાખવામાં આવેલા મધ્યમ વર્ગ અને ઉચ્ચ વર્ગના કારીગરો પણ પ્રતિનિધિત્વ ધરાવતા થયા. આ સંચલનમાં વ્હિગ

અને ટોરી નામોનો લોપ થયો, અને તેમને સ્થાને અનુક્રમે 'લિબરલ' અને 'કોન્ઝર્વેટિવ' નામોનો ઉપયોગ થયો.

ઇ. સ. ૧૬૮૮માં આરંભાએલું કાર્ય આખરે આ રીતે પરિપૂર્ણ થયું. તે સમયે દેશમાં પાર્લમેન્ટનું વર્ચસ્વ સ્થપાયું હતું એ ખરૂં, પણ તેમાં હજુ સુધી સામાન્ય લોકોનો અવાજ નહિ જેવો હતો. એથી દૂરદર્શી લોકોએ આ દોષનું નિવારણ કરવાની જરૂરિઆત તો ક્યારનીએ જોઈ હતી, પણ ફ્રેન્ચ રાજ્યવિપ્લવની પ્રચંડ યાદવાસ્થળીમાં આ સર્વ વીસરાઈ ગયું હતું. અંતે ઇ. સ. ૧૮૩૨માં મધ્યમ વર્ગની સહાયથી થએલા કાયદાથી પાર્લમેન્ટમાંથી કુલીનોની સત્તા કમી થઈ લોકપ્રતિનિધિત્વ વધ્યું. પરંતુ હજુએ કામદાર વર્ગ અને શહેરમાં વસતા ગરીબોને નવા મતાધિકારમાં ભાગ મળ્યો નહિ.

**સામાજિક સુધારણાઃ** નવા કાયદા પ્રમાણે ઇ. સ. ૧૮૩૩માં મળેલી પાર્લમેન્ટમાં ભાડુતી અને હા જી હા ભણનારા ખુશામતીઆ તેમજ મધ્યમ શક્તિના માણસોને બદલે દેશનો બુદ્ધિશાળી વર્ગ સ્વતંત્ર રીતે લોકપ્રતિનિધિ રૂપે આવ્યો. તેમાં વ્હિગ પક્ષની બહુમતી હતી, પણ કેટલાંક કારણોને લીધે તેમનામાં પક્ષ પડી ગયા, છતાં લોકકલ્યાણનાં કાર્યોમાં આ પક્ષભેદ નડતો નહિ. ઇ. સ. ૧૮૩૩માં બ્રિટિશ રાજ્યમાંથી ગુલામગીરી નાબુદ કરવામાં આવી, અને ગુલામોના માલીકોને બદલો આપવા માટે બે કરોડ પૌન્ડની ગંજાવર રકમ મંજુર કરવામાં આવી. ઇ. સ. ૧૮૦૭માં આફ્રિકાથી ગુલામો મોકલવાનો નિષેધ કરવામાં આવ્યો હતો, છતાં હજુ ચોરીછૂપીથી એ અમાનુષી વેપાર ચાલતો હતો. પરિણામે અસંખ્ય નિર્દોષ મનુષ્યો ગુલામીનાં અતૂટ બંધનોમાં અદ્યાપિ પશુ જેવું જીવન વ્યતીત કરી રહ્યાં હતાં, તેમજ તેમના નફટ માલીકોની ક્રૂર પજવણી નિરાશ હૃદયે સહી રહ્યાં હતાં. દયાધન અને સાધુવૃત્તિ વિલિયમ વિલ્બરફોર્સ આ પ્રથા રદ કરાવવા માટે પોતે કરેલા જીવનભરના શ્રમનું શુભ પરિણામ જોવા માટે ૭૫ વર્ષની પ્રૌઢ વયે જીવતો રહ્યો હતો. તે આ કાયદો પસાર થયાના હર્ષદાયક સમાચાર સાંભળી પ્રભુની કરૂણાનું ચિંતન કરતો શાંતિથી પુણ્યધામમાં ગયો. ઇ. સ. ૧૮૩૩માં નિર્ધનોનાં બાળકોના શિક્ષણમાં પાર્લમેન્ટે મદદ આપવી, એવો ઉપયોગી ધારો કરવામાં આવ્યો. વળી શેફ્ટસબરીના ડાક્તરના પ્રયત્નથી કારખાનાંનો કાયદો

કરી કામનો સમય નિર્ણીત કરવામાં આવ્યો, અને કારખાનાંમાં કામ કરતા બાળકનું ઓછામાં ઓછું વય પણ ઠરાવવામાં આવ્યું. તે સાથે આ સર્વ ધારાનો અમલ યોગ્ય રીતે થાય, તે જોવા માટે સરકારી નિરીક્ષક નીમવામાં આવ્યો. બીજે વર્ષે ગરીબીનો નવો કાયદો થયો, ગરીબીના જુના કાયદા રદ કરવામાં આવ્યા, અને ઉદ્યોગી લોકોની શ્રમસિદ્ધ કમાણી ઉપર વાંદરાની પેઠે નિર્વાહ કરતા સશક્ત પ્રમાદીઓને કામ કરવાની ફરજ પાડવામાં આવી. પરંતુ તે સાથે ખરેખરા વ્યાધિગ્રસ્ત અને નિર્બળ દરિદ્રોને યોગ્ય સહાય આપવાની યોજના કરવામાં આવી. આ ઉપરાંત શહેરસુધરાઈનો કાયદો દાખલ થયો, એટલે લોકોને પોતાના પ્રતિનિધિઓ પસંદ કરી પોતાનાં નગરોનો વહીવટ જાતેજ કરી લેવાની સત્તા આપવામાં આવી.

**પામર્સ્ટનની દેશાંતર નીતિ:** દરમિઆન મંત્રીમંડળમાં ફેરફાર થઈ ગયા. આયર્લેન્ડના પ્રશ્ન સંબંધી મતભેદ પડવાથી ગ્રેએ મંત્રીપદ છોડયું, અને તેને સ્થાને લૉર્ડ મેલ્બોર્ન આવ્યો. થોડા સમયમાં તેને રજા આપી રાજાએ પીલને મંત્રી બનાવ્યો, પણ લોકવિરોધ જોઈ તે છુટો થઈ ગયો, અને પાછો લૉર્ડ મેલ્બોર્ન આવ્યો, તે ઇ. સ. ૧૮૪૧ સુધી મંત્રીપદે રહ્યો. પરંતુ ઇ. સ. ૧૮૩૭થી લૉર્ડ પામર્સ્ટન પરદેશ ખાતાના મંત્રી તરીકે કાયમ હતો. તેના અન્ય સાથીઓ રાજદ્વારી અને સામાજિક સુધારણાના વિકટ પ્રશ્નો ઉકેલી રહ્યા હતા. આ પ્રમાણે તે પશ્ચિમ યુરોપનાં રાજ્યોમાં પ્રજાકીય સ્વાતંત્ર્ય અને બંધારણપૂર્વકના રાજ્યતંત્ર પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી આપખુદ અને બીનજવાબદાર અમલનો જ્યાં ત્યાં પ્રતિકાર કરી રહ્યો હતો, અને યુદ્ધનાં ઘેરાએલાં વાદળો વીખેરી શાંતિની શીળી જ્યોત્સ્ના પ્રસારી રહ્યો હતો. તેણે બેલ્જીયનોને સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરવામાં સહાય કરી, અને ફ્રાન્સ તથા સ્પેનનાં વર્તમાન રાજ્યતંત્રોને વિરોધી આઘાતોથી બચાવી સુસ્થિર કર્યાં.[1]

ઇ. સ. ૧૮૩૭માં નિઃસંતાન વિલિયમ મૃત્યુ પામ્યો. તેના શાસનમાં

---

૧. હેનરી જ્હૉન વાઈકાઉન્ટ પામર્સ્ટન એક શ્રીમંત આયરિશ અમીરનો પુત્ર હતો. તેનો જન્મ ઇ. સ. ૧૭૮૪માં થયો હતો. ૨૩ વર્ષની વયે અભ્યાસ પૂર્ણ કરીને તે પાર્લમેન્ટમાં દાખલ થયો. ૮૦ વર્ષની વય થતાં સુધી તે પાર્લમેન્ટનો ઉદ્યોગી અને ઉત્સાહી સભ્ય રહ્યો. નેપોલિયન જોડેના વિગ્રહ દરમિઆન ઇ. સ. ૧૮૧૦માં તે યુદ્ધમંત્રી થયો, તે છેક ઇ. સ. ૧૮૬૫માં તેના મૃત્યુ સુધી માત્ર થોડા કાળ વિના

રાજકીય અને સામાજિક કલ્યાણનાં અનેક અગત્યનાં કાર્યો થયાં, સંસ્થાનોનો વિકાસ થયો, અને હિંદુસ્તાનના રાજ્યતંત્રમાં દૂરગામી સુધારા દાખલ થયા. પરંતુ આ સર્વનો યશ એ ભલા રાજાને આપી શકાતો નથી. તેણે માત્ર રાજ્યતંત્રમાં આત્મવિલોપન કરી લોકશાસનની ગતિને વેગવતી બનવા દીધી, એજ તેની કીર્તિ છે. લૉર્ડ મેલ્બોર્નના મત પ્રમાણે તે નિખાલસ, નિષ્પક્ષપાતી, અને ન્યાયી હતો.

---

# પ્રકરણ ૮મું

## મહારાણી વિક્ટોરિઆ : ઇ. સ. ૧૮૩૭–૧૯૦૧



મહારાણી વિક્ટોરિઆ

**વિક્ટોરિઆ:** ઇ.સ. ૧૮૩૭ ના જુનની ૨૦મી તારીખે સવારના પાંચ વાગે કેન્ટર્બરીના ધર્માધ્યક્ષ અને લૉર્ડ ચેમ્બર્લેઇને રાજમહેલમાં જઈ પહોંચી જ્યૉર્જ ૩જાના ચોથા પુત્રની કુંવરી અને વિલિયમની ભત્રીજી તરુણ વિક્ટોરિઆને મહારાણી તરીકે નમન કર્યું. નવી રાણીનું વય ૧૯ વર્ષનું હતું; પણ બાલ્યાવસ્થાથી તેની માતાએ એ ગૌરવવંતા સ્થાનને શોભાવે તેવું શિક્ષણ આપી તેને સ્વાશ્રયી, પરગજુ, ગુણવતી, અને વિદુષી બનાવવાનો પ્રબંધ

---

બધાં વર્ષો અધિકારમાં રહ્યો. તે ઇ. સ. ૧૮૩૦માં પરદેશખાતાનો મંત્રી થયો, પીલ પ્રધાનપદે આવતાં અધિકારપદેથી ઉતર્યો, અને ઇ. સ. ૧૮૩૬માં લૉર્ડ મેલ્બોર્ન જોડે પોતાના જુના અધિકારમાં આવ્યો, તે લગભગ ૩૦ વર્ષ સુધી તે પદ પર રહ્યો. તે ૭૦ વર્ષની વયે મુખ્ય પ્રધાન થયો, ત્યારે તેની આંખનું તેજ કે તેનો અદમ્ય ઉત્સાહ એમાંથી એકે ઘટયું ન હતું.

કર્યો હતો. તેની નિઃસ્વાર્થવૃત્તિ અને સમભાવશીલ સ્વભાવને લીધે ગાદીએ આવતા પહેલાંજ તે લોકપ્રિય થઈ પડી. તેમાં વળી સદ્‌ભાગ્યે લૉર્ડ મેલ્બોર્ન જેવા કુનેહબાજ મંત્રીની યુક્તિથી રાજ્યવહીવટના પ્રથમ બોધપાઠો તેને મળ્યા. આથીએ તેનું વિશેષ સદ્‌ભાગ્ય તો એ હતું, કે ઇ. સ. ૧૮૪૦માં તેણે સેકસકોબર્ગના રાજકુમાર આલ્બર્ટ જોડે લગ્ન કર્યું. તે વિદ્યારસિક અને પ્રજાવત્સલ રાજકુમારે પોતાની ઉચ્ચ રસિકતા, દૂરદર્શિતા, ઇમાનદારી અને કાર્યદક્ષતાથી પ્રજાનાં હૃદય જીતી લીધાં. તેણે રાણીને કોઈ પણ મંત્રી ઉપર અવલંબીને વર્તવાની જરૂરમાંથી મુક્ત કરી. સુંદર અને જાજરમાન વિકટોરિઆ, તેમજ સંસ્કારી, ચતુર, ઉંચા, અને દેખાવડા રાજકુમારનું જોડું આંખ ઠારે તેવું હતું. બંનેને પોતાની પદવીની જોખમદારી સંબંધી ઉચ્ચ વિચાર હતા, અને બંને તે પદવી શોભાવવા અથાગ શ્રમ લેતાં. આલ્બર્ટ પોતે રાણીના ખાનગી મંત્રીનું કામકાજ કરતો. રાણીનું ઘણુંખરૂં રાજદ્વારી લખાણ તેનું લખેલું આવતું.



પ્રિન્સ આલ્બર્ટ

વિકટોરિઆના રાજ્યારોહણથી ગ્રેટબ્રિટન અને હેનોવર છુટાં પડ્યાં; કેમકે હેનોવરના કાયદા પ્રમાણે સ્ત્રી ગાદીવારસ થઈ શકતી ન હતી. રાણીના કાકા કંબર્લેન્ડના ડ્યૂકને હેનોવરનું રાજ્ય મળ્યું. હવે યુરોપના રાજ્યપ્રપંચો અને વિગ્રહમાં ઉતરવાનો બ્રિટનને કશો સ્વાર્થ નહોતો, એટલે દેશહિત અને લોકકલ્યાણનાં કાર્યો પ્રત્યે રાજદ્વારીઓની દૃષ્ટિ વળી.

**દેશની સ્થિતિ:** તરુણ રાણી રાજપદે આવી, ત્યારે દેશની સ્થિતિ કરુણ હતી. સુધારાને લીધે સામાજિક અસંતોષ ન્યૂન થયો હતો, પણ નિર્મૂળ

થયો નહોતો. હજુએ રોજીના દર હલકા અને અનાજ મોંઘું હતું, એટલે ગરીબોને પૂરતું ખાવાનું તો ક્યાંથી મળે? આથી સ્ત્રીઓ અને બાળકોને ગજા ઉપરાંત કામ કરવું પડતું. બિચારાં કુમળાં બાળકોને કોલસાની અશુદ્ધ હવાવાળી, અંધારી, અને ઉંડી ખાણોમાં મોટી ગાડીઓ ખેંચી જવાના બદલામાં થોડાક પેન્સ મળતા. ખેતીનું તો ઠેકાણું ન હતું; ગામડાંઓમાં તો નિર્ધન ખેડુતો કે મજુરોનાં સાંકડાં ઘરોમાં આરોગ્ય સાચવવાનાં સાધન ન હતાં, ઉદ્યોગ અને વાણિજ્ય પણ અટકી પડ્યાં હતાં, અને કેળવણીનું નામ કોઈ લેતું ન હતું. આવી દશામાં પ્રજા એકત્રિત થઈ આત્મોદ્ધાર સાધે એવી આશા શાની રખાય? પરદેશમાં કે સંસ્થાનોમાં સર્વત્ર લગભગ અશાંતિ હતી. કેનેડા અને દક્ષિણ આફ્રિકામાં વિદ્રોહ થવાની તૈયારી હતી. તુર્કસ્તાન અને અફઘાનિસ્તાનના વિકટ પ્રશ્નોનો છેવટનો નિર્ણય આણવાનો હતો. વ્હિગ પક્ષનો લૉર્ડ મેલ્બોર્ન સુખવાસી સ્વભાવનો અને પ્રમાદી મંત્રી હતો, એટલે તેને સુધારો કરવાનું સૂચવે, ત્યારે તે કહેતો કે "એ એમ ને એમ રહેવા દો ને." પરિશ્રમ કર્યા વિના પરિસ્થિતિ સુધરી જશે, એમ તે કદાચ માનતો હશે!

**હકપ્રાર્થીઓ:** Chartists. આવી ગંભીર સ્થિતિમાં સામાન્ય મનુષ્યો માનતા, કે અમારા હાથમાં રાજકીય સત્તા હોય તો આવાં સંકટોનું નિવારણ થઈ જાય. વળી પાર્લમેન્ટમાં કામદારોનો અવાજ ન હતો, તેમજ સુધારાથી પણ તેમને સુખ, સંતોષ, કે સગવડ મળ્યાં ન હતાં. એથી ઇ. સ. ૧૮૩૮માં એક જબરી સભામાં "લોકનો પટ્ટો" એ નામનો લેખ તૈયાર કરી તેમાં ૬ માગણીઓ કરવામાં આવી.

૧. પ્રત્યેક નિષ્કલંક અને સચ્ચરિત મનુષ્યને મતાધિકાર આપવો જોઈએ.
૨. મતદારોની સંખ્યા સમાન રહે, એવી રીતે દેશના વિભાગ કરવા જોઈએ.
૩. ગુપ્ત રીતે મત આપવાની પદ્ધતિ પ્રચલિત કરવી જોઈએ.
૪. ધનિક વા નિર્ધન સર્વને પાર્લમેન્ટના સભ્ય થવાનો સમાન અધિકાર હોવો જોઈએ.
૫. પાર્લમેન્ટ પ્રતિવર્ષ મળવી જોઈએ.
૬. પાર્લમેન્ટમાં આવનાર સભ્યોને મહેનતાણું મળવું જોઈએ.

એકંદરે આ હીલચાલ છેક ઇ. સ. ૧૮૪૮ સુધી ચાલુ રહી. તેના સંચાલકોમાં 'શારીરિક શક્તિદલ' અને 'નૈતિક શક્તિદલ' એવાં બે તડ પડ્યાં.

બર્મિંગહેમ અને શેફીલ્ડ જેવાં અનેક સ્થળોએ તોફાનો થયાં. ઈ. સ. ૧૮૩૯માં કેટલાક તોફાની આગેવાનોને સજા કરવામાં આવી, તોપણ અનેક મનુષ્યો આ પ્રવૃત્તિમાં જોડાયા, અને આમની સભામાં લાંબી લાંબી અરજીઓ કરવામાં આવી.[1] વ્હિગ કે ટોરી પ્રધાનો આ લોકોની માગણીઓ સ્વીકારવા તત્પર ન હતા. ઈ. સ. ૧૮૪૮માં ફિઆર્ગસ ઓકોનર નામના માણસે આશરે ૫૦,૦૦૦ માણસોને જોડે લઈ પાર્લમેન્ટને એક અરજી આપવા જવાનો નિશ્ચય કર્યો. આથી લંડનમાં લોકોને ફાળ પડી, એટલે પ્રજાના રક્ષણ માટે સરકારે પણ તાત્કાલિક અને અસરકારક ઉપાયો લેવા માંડયા. ઠેરઠેર હયદળ, અને તોપખાનું ગોઠવાઈ ગયું. ૧૦મી એપ્રિલનો સ્મરણીય દિવસ આવ્યો. વરસાદ કહે મારું કામ. એ સ્થિતિમાં ઝાઝા મનુષ્યો એકઠા થઈ શકયા નહિ. મોળા પડેલા ઉત્સાહને બળાત્કારે ટકાવી રાખનારા થોડા આગ્રહી માણસોએ એકત્ર થઈ નિસ્તેજ વદને આમની સભામાં અરજી આપી. આખરે તપાસ થઈ, ત્યારે અંદરથી અર્ધી સહીઓ ખોટી જણાઈ. કેટલાકે તો પ્રિન્સ આલ્બર્ટ અને વેલિંગ્ટનના નામની સહીઓ કરી હતી, અને કેટલાકે એથીએ આગળ વધીને 'ચાંદો–સુરજ' 'માખણ–રોટલો' જેવાં વિલક્ષણ નામે સહી કરી હતી. આને લીધે લોકોમાંથી તેમનો કાંકરો નીકળી ગયો. તે યુગમાં આ હકપ્રાર્થીઓ ગમે તેવા અતિ સુધારક જણાવા લાગ્યા, છતાં તે સાથે પ્રતિવર્ષ નવી પાર્લમેન્ટની માગણી વિના બીજા બધા બીજભૂત સિદ્ધાન્તો સ્વીકારી લઈ તેમની માગણીઓમાં રહેલા ડહાપણની પરોક્ષ કદર કરવામાં આવી હતી.

**નિરંકુશ વેપાર:** એક બાજુએ હકપ્રાર્થીઓ રાજકીય હકો પ્રાપ્ત કરી સામાજિક અનર્થો ટાળવાના પ્રયત્નો કરી રહ્યા, ત્યારે બીજી બાજુએ કેટલાક વિચારશીલ અને બુદ્ધિમાન મનુષ્યો વધારે દીર્ઘદૃષ્ટિ વાપરીને કહેતા, કે ઈ. સ. ૧૮૧૫માં પસાર થએલો ધાન્યનો કાયદો રદ કરીને અનાજની સોંઘવારી કરવાથી આ સર્વ અનર્થોનો અંત આવી જશે. દરમિઆન ચતુર અને શુદ્ધ-હૃદય રિચર્ડ કૉબ્ડન અને તેના મિત્ર જૉન બ્રાઈટે અગ્રેસર થઈને ધાન્યના કાયદાનો વિરોધ કરનારો સંઘ ( Anti Corn Law League ) સ્થાપ્યો,

---

૧. આ અરજીઓમાં એક એટલી લાંબી હતી, કે ટિપણાની પેઠે વાળતાં ગાડાના પૈડા જેટલો તેનો ઘેરાવો થયો, અને સોળ મનુષ્યોને તે ઉપાડવી પડી ! !

ઇ. સ. ૧૮૩૯. પછી બ્રાઇટનું જલધોધ જેવું સમર્થ વક્તૃત્વ, ચોપાનીઆં, અને ભાષણોની અવિરત પરંપરા ચાલી. તેણે જાહેર કર્યું કે ગ્રેટબ્રિટનની વધતી જતી વસ્તીના પ્રમાણમાં પૂરતું કામ નથી; કેમકે કારખાનાંવાળાઓ પરદેશી ઘઉંના બદલામાં પોતાનો માલ પરદેશને આપી શકતા નથી. વળી ધાન્યના કાયદા રદ થવાથી માત્ર મોંઘવારી મટી જશે એમ પણ નથી; એટલેથી તો માત્ર કામદારોને કામ મળે, રોજી મળે, અને દેશના ઉદ્યોગો પગભર થાય. એવી રીતે વેપારીઓએ ઉપાડેલી આ ચળવળને શરૂઆતમાં જમીનદારો તિરસ્કારની દૃષ્ટિએ જોવા લાગ્યા, અને કામદારો એમ માનવા લાગ્યા, કે રાજકીય હકની લડતમાં વિક્ષેપ પાડવાને માટે આ એક બાજી રચવામાં આવી છે; છતાં અનેક નિઃસ્વાર્થી જમીનદારો પોતાનો લાભ જતો કરવા તૈયાર થયા, તેમજ ધાન્યના કાયદામાં રહેલો અન્યાય સમજાતાં પ્રજામત બદલાવા લાગ્યો. રાજકીય હકોની લડત છોડી દઇને આ કાર્ય ઉપાડી લેવા જેવું છે, એવું કામદારોને જણાવા લાગ્યું.

આળસુ અને પ્રસાદી વ્હિગ પ્રધાનથી લોકો કંટાળી ગયા, એટલે મેલ્બોર્નનો પક્ષ નાનો થવા લાગ્યો. ઇ. સ. ૧૮૩૯માં મેલ્બોર્ન અધિકારેથી ઉતર્યો, અને પીલ પ્રધાન થયો. તેણે રાણીની શયનગૃહની દાસીઓને કાઢી મૂકવાની જક પકડી, એટલે મેલ્બોર્નને પાછો બોલાવી રાણીએ તેને મંત્રીપદ આપ્યું. તેના બે વર્ષના અમલમાં ટપાલ અને કેળવણીમાં કેટલાક સુધારા થયા.

**પીલનું પ્રધાનમંડળ:** ઇ. સ. ૧૮૪૧માં ટોરી અગ્રણી પીલ પ્રધાન-પદે આવ્યો. નવા પ્રધાનને સુખશય્યામાં સૂવાનું ન હતું; કારણ કે ડેનિયલ ઓકોનેલ આયર્લેન્ડને ઇંગ્લેન્ડથી છૂટું પાડવાનો તનતોડ પ્રયત્ન કરી રહ્યો હતો. ઇ. સ. ૧૮૪૩માં ઓકોનેલને કેદ કરી તેણે આ પ્રયત્નોનો અંત આણ્યો. હકપ્રાર્થીઓ ઠામઠામ સભાઓ ભરી સુધારા માગી રહ્યા હતા. અફ્ઘાનિસ્તાનમાં અંગ્રેજ સૈન્યનો સંહાર કરવામાં આવ્યો હતો. તેનું વેર લેવાના ઉપાયો શોધવાના બાકી હતા, અને તે સાથે ઇ. સ. ૧૮૩૯થી ૧૮૪૨ સુધી ચીન જોડે અફીણના પ્રશ્ન સંબંધી યુદ્ધ ચાલતું હતું. પરંતુ ચીનમાં તો છેવટે અંગ્રેજોનો જય થયો, અને ચીને નુકસાન તથા યુદ્ધનું ખર્ચ ભરી આપવા કબુલ કર્યું.

પીલ વેપારી હતો, અને તેની દૃષ્ટિ દેશની સમૃદ્ધિ વધારવા તરફ હતી. તેણે આશરે આઠસો વસ્તુઓ ઉપરથી જકાત હલકી કરી નિરંકુશ વેપારની દિશામાં એક ડગલું આગળ ભર્યું. મેલ્બોર્નના સમયમાં થએલી આર્થિક તંગીને લીધે પડેલો ખોટનો ખાડો પૂરવા તેણે આવકવેરાની યોજના કરી.

ઈ. સ. ૧૮૪૫-૪૬માં આયર્લૅન્ડમાં બટાટાનો પાક નિષ્ફળ ગયો, એટલે ભયંકર દુકાળ પડયો. હજારો આયરિશો રોગ અને ભૂખમરાના જીવ-લેણ પંજામાં આવી પડયા. કેટલાક તો દેશ તજી સંયુક્ત સંસ્થાનોમાં જઈ વસ્યા; પણ આ સર્વ વિપત્તિમાંથી જેઓ બચ્યા, તેઓ ભૂખ, ટંડી, હાડમારી, ગરીબી, અને મરણભયથી દીનહીન થઈ પડયા. આખરે પીલને કૉબ્ડન અને તેના મિત્રોએ સામાજિક અનર્થોની કરેલી ચિકિત્સા ખરી લાગી; પણ કૃત્રિમ ઉપાયોથી લોકોનો રોટલો મોંઘો કરી નાખવામાં તેને નિર્દયતા લાગી. તેણે ઈ. સ. ૧૮૪૬માં ધાન્યના કાયદાઓ રદ કરવાનો ખરડો પાર્લમેન્ટમાં રજુ કર્યો. પરિણામે ટોરી સાથીઓ પીલની આવી બદલાએલી મનોવૃત્તિથી છેડાઈ વિરુદ્ધ પડયા, છતાં તે ખરડો પસાર થયો. આમ બ્રાઈટ કૉબ્ડનનો પરિશ્રમ ફળીભૂત થયો, પણ પીલનો પક્ષ તૂટ્યો. તેના વિરોધીઓએ નવો પક્ષ રચ્યો. તે બાધિત વ્યાપારપક્ષ ( Protectionists ) કહેવાયો. આમાં બેન્જામિન ડિઝરાયેલી નામે અદ્‌ભુત શક્તિવાળો મહત્ત્વાકાંક્ષી તરુણ ભળ્યો. થોડા સમયમાં પીલને રાજીનામું આપવું પડયું. પરંતુ તેણે દેશહિતનું મહત્ કાર્ય કરી અમર કીર્તિ મેળવી લીધી. તેણે પોતાના છેલ્લા ભાષણમાં ખરડાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે 'આ કાર્યનો યશ મને મળે છે ખરો, પણ તેની પ્રેરણા મને કૉબ્ડન તરફથી મળી હતી.' આ પછી ચાર વર્ષે પીલ[1] મરણ પામ્યો.

---

૧. આ મહાસમર્થ પુરુષ ઇ. સ. ૧૮૫૦માં ઘોડા ઉપરથી પડીને મરણ પામ્યો. તે સમયે તેના પ્રશંસક અને અનુયાયી વિલિયમ યુવર્ટ ગ્લેડસ્ટને તેની શક્તિનો પ્રતાપ, બુદ્ધિનો ચમત્કાર, અને ગુણોની પવિત્રતાનો ઉલ્લેખ કર્યો હતો:

Now is the stately column broke,
The beacon light is quenched in smoke;
The trumpet's silv'ry osound is still,
The warder silent on the hill.

**પામર્સ્ટનની વિદેશી રાજનીતિ:** પીલે મંત્રીપદ છોડયું, એટલે તેના વિરોધીઓની સહાયથી વ્હિગ પક્ષ જોર ઉપર આવ્યો. આ પક્ષના હાથમાં આશરે ત્રીસ વર્ષ સુધી અધિકાર રહ્યો. ઇ. સ. ૧૮૩૨ના કાયદાથી નામના પામેલો જ્હૉન રસેલ મુખ્ય મંત્રી થયો, અને પામર્સ્ટન પરદેશ ખાતાના પ્રધાન તરીકે ચાલુ રહ્યો. દુષ્કાળ પછી આયર્લૅન્ડમાંથી છેક જડમૂળમાંથી અસંતોષ ગયો ન હતો. હજુ વિદેશ જઈ વસતા અનેક આયરિશો મનમાં કાયદાનો રોષ રાખીને કહેતા, કે અંગ્રેજોએ અમને પૂરતી સહાય આપી નહોતી. આયરિશ પ્રજાનાં દુ:ખો નિવારવાના કાયમના ઉપાયો કામે લગાડવામાં આવ્યા ન હતા, અને જમીનદારોનો પક્ષ કરી ગરીબોના જાન લેવામાં આવ્યા હતા. આખરે આવા અસંતોષથી બળવો થયો, પણ તે તરતજ શમાવી દેવામાં આવ્યો. પરંતુ આ બધો ક્રાન્તિકારક આવેશ પ્રજામાં ક્યાંથી પ્રગટયો ?



લૉર્ડ પામર્સ્ટન

યુરોપમાં ઇ. સ. ૧૮૪૮ની સાલ એટલે ક્રાન્તિનું વર્ષ. રશિઆ સિવાયના લગભગ દરેક રાજ્યમાં પ્રજાકીય બળવા થયા હતા, જેને પરિણામે કેટલાક દેશોમાં પ્રચલિત રાજ્યપદ્ધતિની જડ કાઢી નાખવામાં આવી હતી, અને કેટલાકમાં એ પ્રકારની તૈયારીઓ ચાલતી હતી. તેમાં ફ્રાન્સ, જર્મની, અને ઑસ્ટ્રિઆ જેવા દેશોમાં પ્રજાપ્રકોપનો દાવાનળ ફરી વળ્યો હતો. પરદેશમંત્રી પામર્સ્ટનને આવી ક્રાન્તિ રુચતી તો ન હતી, પણ ક્રાન્તિની પાછળ રહેલા હેતુરૂપ સિદ્ધાંતો તેને માન્ય હતા. ફ્રાન્સમાં નેપોલિયનના ભત્રીજાએ

પોતાના વિરોધીઓને પકડયા, કેદ કર્યા, મારી નાખ્યા, કે બીજી રીતે વશ વશ કરી પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના કરી, અને તેણે પ્રમુખપદ ધારણ કર્યું, તેમજ એકાદ વર્ષમાં સમ્રાટ્પદ સ્વીકાર્યું, ઇ. સ. ૧૮૫૧. દરમિઆન પામર્સ્ટને પોતાના સહકારીઓની અનુમતિ વિના ફ્રાન્સના નવા પ્રમુખને ધન્યવાદનો સંદેશો મોકલ્યો, એટલે ગ્રેટબ્રિટને જાળવેલી તટસ્થતાનો ભંગ થએલો ગણી રાણીએ પામર્સ્ટનને રજા આપી. આથી મંત્રીમંડળમાં રહેલા સર્વ પ્રધાનોએ સહમત થઈને કામ કરવું જોઈએ, એ સિદ્ધાંત દૃઢ થયો. પરંતુ પામર્સ્ટને વેર વાળ્યું; તેણે એક માસમાં પોતાના અનુયાયીઓ સહિત વિરોધી પક્ષમાં ભળી જઈ રસેલના મંત્રીપદનો અંત આણ્યો, ઇ. સ. ૧૮૫૧. પોતાના ચાર દિવસના ચાંદરણા જેવા અધિકારમાં ચતુર રસેલ દેશોપયોગી કાર્ય કરતો ગયો. તેના વખતમાં કામદાર સ્ત્રીપુરુષોએ કારખાનાંમાં દસ કલાક કામ કરવું એવો કાયદો થયો, અને ક્રોમ્વેલના સમયથી દાખલ થએલા નૌયાનના અકારા કાયદા રદ થયા. પરંતુ તે સર્વથી મોટો બાનાવ તો ઇ. સ. ૧૮૫૧માં બન્યો. પ્રિન્સ આલ્બર્ટને ગ્રેટબ્રિટન, તેનાં સંસ્થાનો, અને યુરોપનાં અન્ય રાજ્યોમાં બનતી વસ્તુનું મહાન્ પ્રદર્શન ભરવાની ઉત્કંઠા થઈ. શાંતિના કાળમાં હુન્નરઉદ્યોગની કેટલી પ્રગતિ થાય છે, અંગ્રેજોને પરદેશો જોડે શા શા અનુભવોનો વિનિમય કરવાનો છે, અને કયાં કયાં સાધનોની કયાં કયાં ન્યૂનાધિકતા છે, એ જાણવાના લાભો ઉપરાંત અનેક આદર્શવાદીઓ આશા રાખવા લાગ્યા, કે પ્રજાનો પરસ્પર પરિચય વધવાથી હવે વિગ્રહનો અંત આવી જગત્માં શાંતિનું સામ્રાજ્ય સ્થપાશે. જૉન પેક્સ્ટન નામના એક માળીએ સર્વ પ્રદર્શ્ય વસ્તુઓને સુરક્ષિત રાખવા માટે એક કાચગૃહ બનાવ્યું, જે આજ પણ **'ક્રિસ્ટલ પેલેસ'**ના નામથી ઓળખાય છે. એ પ્રદર્શનમાં દેશ-દેશાંતરની વસ્તુઓ આવી. આખરે અનેક પરદેશીઓ આ પ્રથમ પ્રદર્શન જોવા ભેગા થયા, અને ધારેલા લાભ પણ મળ્યા. પરંતુ એ પ્રદર્શન શાંતિનો સીમાસ્તંભ બનવાને બદલે યુદ્ધના મંગલાચરણરૂપ બન્યું. દેશમાં ૩૫ વર્ષ પર્યંત રહેલી અખંડ શાંતિનો છેવટે ભંગ થયો.

**પૂર્વનો પ્રશ્ન:** જ્યૉર્જ ૪થાના અમલથી આ પ્રશ્ન આજ પર્યંત યુરોપનાં રાજ્યો સમક્ષ ગંભીર સ્વરૂપે ઉપસ્થિત થએલો જોવામાં આવે છે,

એટલે તેના અર્વાચીન સ્વરૂપ સુધી અહીં તેનો વિચાર કરવો જોઈએ. આ પ્રશ્ન ત્રણ વિભાગમાં વહેંચાઈ જાય છેઃ (૧) મિસર, એશિઆમાઈનર, અને યુરોપ, (૨) મધ્ય એશિઆ, અને (૩) પાસિફિકનાં સંસ્થાનો.

યુરોપમાં એક સમયનું તુર્કસ્તાનનું મહારાજ્ય ક્ષીણ થતું હતું, અને તેનો લાભ યુરોપનાં રાજ્યોને લેવો હતો. રશિઆ તો પરાપૂર્વથી કોન્સ્ટન્ટિનોપલનો કબજો લઈ ડાર્ડેનલ્સ તાબે કરી ભૂમધ્ય સમુદ્રમાં રશિઅન વહાણો ફેરવી મિસરને ભયમાં રાખવાનાં તથા ઇંગ્લેન્ડ અને હિંદ વચ્ચે ચાલતા વેપારને રૂંધી નાખવાનાં સ્વપ્નો સેવતું હતું. વેપારનું ઉત્તમ મથક કોન્સ્ટન્ટિનોપલ તેને કબજે કરવું હતું. ગ્રેટબ્રિટન તુર્કસ્તાન પ્રત્યે ખાસ મૈત્રીભાવ ધરાવતું ન હોવા છતાં તેનો પક્ષ કરતું હતું; કેમકે તેને રશિઆનો ભય લાગતો હતો. વળી એ પ્રમાણે જો રશિઆ તુર્કસ્તાનમાં ધણી થઈ બેસે, તો યુરોપની સત્તાતુલા ડગી જાય તેમ હતું. ફ્રાન્સને મિસર અને સિરિઆમાં સંસ્થાનો સ્થાપવાના કોડ હતા, અને ઇ. સ. ૧૮૭૦ પછી જર્મનીએ એશિઆમાઈનરમાં વેપારી વિકાસ સાધવાને માટે આકાશપાતાળ એક કર્યાં હતાં.

મધ્ય એશિઆમાં રશિઆની સત્તા સાઈબિરિઆ તરફથી, અને ગ્રેટબ્રિટનની સત્તા પૂર્વ હિંદુસ્તાનમાંથી ધીમે ધીમે આગળ વધતી હતી. મહારાજ્યોની સંસ્થાનો અને વેપારનો વિકાસ શોધવાની પ્રવૃત્તિને લીધે પાસિફિક સંસ્થાનોમાં પણ આ પ્રશ્ન ઉભો થયો હતો, તેમાં ૪૦ કરોડની વસ્તીવાળા ચીનનો પ્રશ્ન અતિ વિકટ થઈ પડયો હતો.

**ક્રીમિઅન વિગ્રહઃ** ઇ. સ. ૧૮૫૪–૫૬. આ સમયે રશિઆમાં નિકોલાસ નામે રાજ્યલોભી અને માથાનો ફરેલો શહેનશાહ હતો. તેની શનિદૃષ્ટિ ક્યારનીએ નિર્બળ તુર્કસ્તાન પર પડી ચૂકી હતી, એટલે તેને તો યુદ્ધ કરવાનું મિષ જોઈતું હતું. ઇ. સ. ૧૮૫૨માં જેરૂસલેમનાં તીર્થસ્થળો સંબંધી રશિઆ અને તુર્કસ્તાન વચ્ચે કલહ ઊઠયો, અને સુલતાનના રાજ્યમાં વસતા સર્વ ખ્રિસ્તીઓનું સંરક્ષણ કરવાનો દાવો રશિઆએ કરવા માંડયો. પરંતુ સુલતાને તેનો સ્પષ્ટ રીતે ઇનકાર કર્યો. ગ્રેટબ્રિટન જો રશિઆને સહાય કરે, તો રશિઆ તેને મિસર અને કેન્ડીઆ મેળવવામાં સહાય આપે એવી વિષ્ટિ નિકોલાસે ચલાવવા માંડી. પરંતુ જ્યારે વળ્યું નહિ ત્યારે તેણે એકલે હાથેજ

તુર્કસ્તાન જીતવાનો નિશ્ચય કર્યો. તેણે રશિઅન સૈન્યને હાલ જે રૂમાનિઆ કહેવાય છે તે પ્રદેશમાં મોકલી દીધું. તુર્કોએ ડાન્યુબ ઓળંગી રશિઅન સૈન્યને હરાવ્યું; પણ રશિઅન સૈન્યે સિનોપમાં પડેલાં તુર્ક વહાણોનો નાશ કર્યો, ઈ. સ. ૧૮૫૩.

ઈંગ્લેન્ડમાં આ સમયે લૉર્ડ ડર્બીને સ્થાને લૉર્ડ એબર્ડિન નામે સાધારણ બુદ્ધિ અને શક્તિવાળો લિબરલ મંત્રી અને તેના પક્ષકારો તથા પીલના અનુયાયીઓનું બનેલું સંયુક્ત મંત્રીમંડળ અધિકારમાં હતું. પામર્સ્ટન સ્વદેશ ખાતાનો પ્રધાન હતો, છતાં તેના આગ્રહથી મંત્રીમંડળે રશિઆ વિરુદ્ધ વિગ્રહ જાહેર કર્યો. વળી પોતાના નામધારી પૂર્વજની પેઠે પરાક્રમ કરી પ્રસિદ્ધિ મેળવવાને ઉત્સુક બનેલા ફ્રાન્સના નેપોલિયને ગ્રેટબ્રિટનનો પક્ષ લીધો. પરિણામે બ્રિટિશ કાફલાએ બાલ્ટિકમાં જઈ રશિઆનાં બંદરો એકદમ બંધ કર્યાં; સંયુક્ત કાફલાએ ઓડેસા પર તોપોનો મારો ચલાવ્યો, અને એક સંયુક્ત કાફલો ડાર્ડેનલ્સમાં થઈને કાળા સમુદ્રમાં તુર્કોની કુમકે આવી પહોંચ્યો. આ પ્રમાણે એક પક્ષમાં ફ્રાન્સ, ગ્રેટબ્રિટન અને તુર્કી, તથા સામા પક્ષમાં રશિઆ એમ બે પક્ષ બંધાયા.

મુખ્ય યુદ્ધ તો રશિઆની દક્ષિણે આવેલા ક્રીમિઆ નામે દ્વીપકલ્પમાં થયું. ચિરકાળની શાન્તિ ભોગવી ગ્રેટબ્રિટનનું સૈન્ય અનુભવ વિનાનું થઈ ગયું હતું, અને તેની પાસે પૂરતાં સાધન ન હતાં. ફ્રેન્ચ સૈન્યની લગભગ તેજ દશા હતી. તેમનો વિચાર સેબાસ્ટોપોલ નામે રશિઆનો અગત્યનો અજેય અને અભેદ્ય કિલ્લો લેવાનો હતો. દરમિઆન તેમણે આલ્માના યુદ્ધમાં વિજય મેળવ્યો. આથી રશિઅનો પાછા હઠ્યા, એટલે સેબાસ્ટોપોલ જવાનો માર્ગ ખુલ્લો થયો. પરંતુ દ્વીપકલ્પીય વિગ્રહમાં નામના મેળવનાર અંગ્રેજ સેનાપતિની શક્તિને ૪૦ વર્ષના પ્રમાદનો કાટ ચડી ગયો હતો. રશિઅનો કંઈ ચૂકે તેવા હતા? તેમણે અંગ્રેજો અને ફ્રેન્ચોના વિલંબનો લાભ લઈને કિલ્લો મજબુત કરી લીધો. ત્યાર પછી બાલાકલાવાનું પ્રસિદ્ધ યુદ્ધ થયું, સંયુક્ત સૈન્યે અતુલ પરાક્રમ દર્શાવ્યું, એટલે રશિઅનો તેમને એ બંદરેથી હઠાવી શક્યા નહિ.[1] દસ દિવસ પછી રશિઅનો ઈન્કરમેનના યુદ્ધમાં ફરી

---

૧. કવિ ટેનિસને અમર કરેલી 'Light Brigade' ટુકડીએ આ યુદ્ધમાં અદ્ભુત પરાક્રમ દર્શાવ્યું. કોઈની ભૂલ થઈ, અને આ બહાદુર સૈનિકોએ પરિણામની દરકાર

પામ્યા હાર્યા. રાત્રિના ધુમસમાં સૈનિકોએ શત્રુમિત્ર જોયા વિના શસ્ત્રાસ્ત્ર, સંગીન, પત્થર, અને છેવટે મુક્કીઓથી યુદ્ધ કર્યું, અને પરાક્રમની પરાકાષ્ઠા દર્શાવી. પરંતુ સરદારોની કાર્યદક્ષતાના અભાવે જાનમાલની જબરી ખુવારી થઈ. એ પછી સેબાસ્ટોપોલનો ઘેરો શરૂ થયો, છતાં સેનાપતિએ દીર્ઘદૃષ્ટિ વાપરીને કંઈ યોજના કે સગવડ કરી ન હતી. રશિઆના અંગોને ઠુંઠવી નાખનારા શિઆળામાં એ વેરાન પ્રદેશમાં બિચારા સૈનિકોને ચાર માસ સુધી અગણિત સંકટો વેઠવાં પડયાં. તેમના તંબુઓ ફાટેલા હતા. ઓઢવાનું પૂરું મળે નહિ, પહેરવાનાં કપડાંની પણ તંગી હતી, અને દેશમાંથી સામગ્રી આવે તેમાં કશી વ્યવસ્થા કે વગ ન મળે, એટલે તેમને પારાવાર દુઃખ પડયું. વળી લુચ્ચા ઇજારદારોએ પગરખાં મોકલ્યાં, તેમાં એક વખતે તો બધાં પગરખાં એકજ પગનાં નીકળ્યાં, અને તેમાંએ તળીઆં તો કાગળનાં હતાં. એ સાથે ઘાસની ગાંસડીઓમાં વચ્ચે માટી ભરેલી નીકળી. આ ઉપરાંત એક સમયે જરૂરી માલ લઈને આવતાં વહાણોને તોફાન નડવાથી તે ડૂબી ગયાં. પરિણામે ભૂખમરાને લીધે સૈન્યમાં રોગ ફાટી નીકળ્યો, છતાં દવા-ખાનાની સારી વ્યવસ્થા પણ ન હતી. યુદ્ધના ખબરપત્રીઓએ આ ભયંકર સ્થિતિનાં હૃદયદ્રાવક વર્ણનો લખી મોકલ્યાં, એટલે દેશમાં તો લોકોને નખ-શિખ ઝાળ ચડી. એથી એબર્ડિનને રાજીનામું આપવું પડયું, અને પામર્સ્ટન મંત્રીપદે આવ્યો. દરમિઆન ધાત્રીકર્મની યોગ્ય તાલીમ પામેલી ફ્લોરેન્સ

---

કર્યા વિના મૃત્યુમુખમાં પગ મૂકયો. બંદુકોની ગોળીઓના વરસાદમાં દોઢ માઇલ સુધી ધસારો કરી તેઓએ રશિઅન તોપખાનું હાથ કર્યું. ૬૦૦ માણસોમાંથી ભાગ્યે ૨૦૦ જીવવા પામ્યા. વાંચો:–ટેનિસનનું The Charge of the Light Brigade.

૧. આ દયાધન સન્નારી પ્રત્યે સૈનિકોની કૃતજ્ઞતા લોંગફેલો Santa Filomena નામે કાવ્યમાં વર્ણવતાં લખે છે કે:

Lo! in that house of misery, A Lady with a lamp I see,
Pass through the glimmering gloom, And Flit from room to room.
And slow as in a dream of bliss, The Speechless sufferer
turns to kiss,
Her shadow as it falls, Upon the darkening walls.

નાઈટિંગેલ નામે સેવાવૃત્તિની કુલીન યુવતી અન્ય દયાળુ બેનોને લઈ રણુક્ષેત્રમાં સૈનિકોની સારવાર કરવા ઉપડી. તેના આવવાથી ક્રીમિઆમાં અવ્યવસ્થા જતી રહી તેને સ્થાને વ્યવસ્થા દાખલ થઈ, અને સર્વ બાબતોમાં પામર્સ્ટનની બુદ્ધિશક્તિ અને દીર્ઘદૃષ્ટિનો પરિચય થવા લાગ્યો. બીજે વર્ષે સાર્ડિનિઆએ ફ્રાન્સનો પક્ષ લીધો; આખરે પોતાના સૈન્યની અવદશા જોઈ હતાશ થએલો નિકોલાસ ભગ્ન હૃદયે મૃત્યુ પામ્યો, અને સેબાસ્ટોપોલ પડ્યું. પરંતુ તે પૂર્વે રશિઅનોએ તેના કિલ્લાનો નાશ કર્યો હતો, મનવારો ડુબાવી દીધી હતી, દારૂગોળો સળગાવી મૂક્યો હતો, અને નગરને આગ લગાડી દીધી હતી, ઇ. સ. ૧૮૫૫. ઇ. સ. ૧૮૫૬માં પેરિસની સંધિમાં એવો નિર્ણય થયો, કે તુર્કસ્તાનનું રાજ્ય અખંડ રાખવું, અને કાળા સમુદ્રમાં કોઈએ લડાયક જહાજો લાવવાં નહિ.

**ડર્બી અને પામર્સ્ટનની રાજનીતિઃ** ઇ. સ. ૧૮૫૮–૧૮૬૫. ઇ. સ. ૧૮૫૮માં હિંદુસ્તાનમાં સિપાઈઓનો બળવો થયો. તે શમી જતા પહેલાં પામર્સ્ટનને રાજીનામું આપવું પડ્યું. ઇ. સ. ૧૮૫૮માં તરંગી મગજના એક માણસે ફ્રાન્સના રાજાની ગાડીમાં બોમ્બ મૂકી તેની હત્યા કરવાનો પ્રયત્ન કર્યો. આ કાવતરૂં લંડનમાં થએલું હોવાથી અને પરરાજ્યો જોડે આવા વિખવાદ ઉત્પન્ન કરે તેવા પ્રસંગો ટાળી દેવાના હેતુથી પામર્સ્ટને આવાં કાવતરાં અટકાવનારા કાયદાનો ખરડો રજુ કર્યો. ફ્રાન્સમાં અધિકારીઓ છંછેડાયા, અને આવા કાવતરાખોરોને આશ્રય આપવાના અપરાધ માટે ઈંગ્લેન્ડ જોડે યુદ્ધ કરવાનો પોકાર ઊઠ્યો, એટલે અંગ્રેજો નિરર્થક અપમાનથી ક્રોધે ભરાયા અને ખરડાની વિરુદ્ધ પડ્યા. એથી કોન્ઝર્વેટિવ પક્ષનો અગ્રણી લૉર્ડ ડર્બી થોડા સમય માટે મંત્રીપદે આવ્યો. તેનું મંત્રીમંડળ જો કે નિર્બળ હતું, છતાં તેના સમયમાં કેટલુંક ઉપયોગી કાર્ય થયું. હિંદુસ્તાનનો રાજ્યવહીવટ પાર્લમેન્ટે સંભાળવાનો કાયદો થયો, સૈન્યમાં સ્વયંસેવકો દાખલ કરવાની પ્રથાની શરૂઆત થઈ, તેમજ યાહુદીઓને પાર્લમેન્ટમાં દાખલ થવા દેવામાં, કે પાર્લમેન્ટના સભ્ય થવા ઇચ્છનાર પાસે અમુક મિલ્કત હોવી જોઈએ એવું બંધન દૂર કરવામાં આવ્યું. પરંતુ ઇ. સ. ૧૮૫૯માં એ મંત્રીમંડળનો અંત આવ્યો, અને પામર્સ્ટન ફરીથી મંત્રીપદે આવ્યો, તે ઇ. સ. ૧૮૬૫ સુધી એટલે તેના

મૃત્યુ પર્યંત તે સ્થાને રહ્યો. ઇ. સ. ૧૮૬૧માં પ્રિન્સ આલ્બર્ટનો વિદેહ થવાથી વૈધવ્ય સ્થિતિમાં આવેલી રાણી જાહેર જીવનમાંથી લાંબા સમય સુધી નિવૃત્ત થઈ.

પામર્સ્ટનના બીજી વેળાના અધિકારમાં અમેરિકામાં આંતર વિગ્રહ જાગ્યો. ઉત્તર અમેરિકામાં ઉત્તર અને દક્ષિણ સંસ્થાનોને લાંબા કાળથી વિરોધ ચાલ્યો આવતો હતો. તેમની આબોહવા, પરિસ્થિતિ, આર્થિક સ્થિતિ, અને જરૂરિઆતો પણ ભિન્ન ભિન્ન હતી. દક્ષિણ સંસ્થાનોમાં ગુલામોનો વેપાર ચાલતો હતો, છતાં ત્યાંના વેપારીઓ નિર્ધન રહેતા; અને ઉત્તર સંસ્થાનોમાં ગુલામી બંધ હોવા છતાં વેપારીઓ સમૃદ્ધ હતા. ઇ. સ. ૧૮૬૧માં અબ્રાહામ લિંકન નામનો ગુલામી પ્રથાનો કટ્ટો શત્રુ સંયુક્ત સંસ્થાનોનો પ્રમુખ થયો, એટલે ગુપ્ત રહેલો વિરોધ બહાર આવ્યો, અને ચાર વર્ષ સુધી વિગ્રહ ચાલ્યો. વિગ્રહ દરમિઆન લિંકનનું ખૂન થયું, પણ અંતે ઉત્તર સંસ્થાનીઓનો જય થયો, અને સંસ્થાનોનું ઐક્ય અને બળ અખંડ રહ્યું: આ વિગ્રહ દરમિઆન ઉત્તરવાસીઓના કાફલાએ દક્ષિણનાં બંદરોને ઘેરો ઘાલવાથી પરદેશથી માલની આવજા બંધ પડી, અને ઈંગ્લૅન્ડને ત્યાંથી મળતું રૂ બંધ થયું. પરિણામે લૅંકેશાયરનાં અસંખ્ય કારખાનાં બંધ પડયાં, એટલે અગણિત કામદારો રોજી વિનાના થઈ પડયા. આવા પ્રજાકીય આપત્તિના સમયમાં પણ પામર્સ્ટને તટસ્થપણું જાળવ્યું.[૧]

**પાર્લમેન્ટની સુધારણાનો બીજો કાયદો:** પામર્સ્ટનના મૃત્યુ પછી

---

૧. એ વખત ઈંગ્લૅન્ડને યુદ્ધમાં ઉતરવાના સંયોગો આવ્યા હતા. ઇ. સ. ૧૮૮૨ માં દક્ષિણ સંસ્થાનોના બે એલચીઓ અંગ્રેજી વહાણમાં બેસીને યુરોપ આવતા હતા, ત્યારે રસ્તામાં ઉત્તર સંસ્થાનોની ક્રુઝરે તેમને પકડયા. પામર્સ્ટને તેમને છોડી દેવાની માગણી કરી, અને ચતુર લિંકને વખત વિચારી તે કબુલ કરી. તે સમયે ઘણા વેપારીઓ દક્ષિણ સંસ્થાનો પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા, અને તેમની મદદે હથિઆરબંધ વહાણો મોકલતા. આવા એક વહાણે ઉત્તરવાસીઓનાં વેપારી વહાણોને ડુબાવીને કે લૂંટીને ખૂબ નુકસાન કર્યું. જીનીવામાં ભરાએલી આંતરરાષ્ટ્રીય અદાલતે ઈન્સાફ આપ્યો, કે એ વહાણ બ્રિટિશ બંદરમાં બંધાયું છે, માટે બ્રિટનને શિરે સર્વ જોખમદારી હોવી જોઇએ; પાછળથી બ્રિટનને તે માટે ભારે દંડ આપવો પડયો હતો.

રસેલ મંત્રી થયો, પણ તેની સત્તા નામનીજ હતી; કેમકે તે સમયે ખરેખરો કર્તાહર્તા તો સમર્થ રાજનીતિજ્ઞ વિલિયમ યુવર્ટ ગ્લેડસ્ટન હતો.[1] તેની ભવ્ય અને ગંભીર આકૃતિ, અમોઘ વકતૃત્વ, શબ્દવૈભવ, તેમજ પ્રાચીન સાહિત્યનું જ્ઞાન, આદિથી તે એકદમ અગ્રેસર થઈ પડયો હતો. અત્યાર સુધીમાં તેણે અનેક વર્ષો સુધી અર્થમંત્રીનું કાર્ય કરી પ્રજા ઉપરથી કરનો બોજો ઓછો કર્યો હતો, તે સાથે રાજ્યની આવક વધારી હતી, અને દેશની સમૃદ્ધિ પણ પોષી હતી. '**શાંતિ, કરકસર**, અને **સુધારો**' એ તેનો મુદ્રાલેખ હતો. વળી **મધ્યમ** વર્ગો જે રાજકીય સત્તા ભોગવી રહ્યા છે, તેનો વિસ્તાર કરીને આમવર્ગને તે આપવી, એ તેની રાજનીતિનું તત્ત્વ હતું. દરમિઆન ઇ. સ. ૧૮૬૬માં તેણે પાર્લમેન્ટની સુધારણા માટે ખરડો આણ્યો, પણ તે પસાર ન થયો, એટલે કોન્ઝર્વેટિવ લૅાર્ડ ડર્બી મંત્રીપદે આવ્યો. તેની સાથે બુદ્ધિમાન બેન્જામિન ડિઝરાયેલી અધિકારપદે આવ્યો. સિબિલ અને કોનિંગ્સબીની નવલકથાનો એ પાંડુવર્ણા વદનનો યાહુદી લેખક તે સમયનો સમર્થ રાજદ્વારી પુરુષ હતો. ગ્લેડસ્ટનથી વિરુદ્ધ તેનો તો સિદ્ધાંત હતો, કે સામાજિક કલ્યાણ-નાં કાર્યોની ઉપેક્ષા કર્યા વિના જળ અને સ્થળ સૈન્યોને બળવાન બનાવી રાખવાં જોઈએ; કેમકે બ્રિટનની ખરી પ્રતિષ્ઠા તો પરદેશમાં રહી છે; છતાં તે દેશોદ્ધારના કાર્યને ચૂકતો નહિ. ઇ. સ. ૧૮૬૭માં તેણે કાયદો પસાર કરાવી પાર્લમેન્ટમાં સુધારા કર્યા. આ કાયદાથી પ્રત્યેક ઘરવાળા અને કર ભરનાર ઉપરાંત ૧૦ પૌન્ડનું (પરગણામાં ૧૨ પૌન્ડનું) વાર્ષિક ભાડું ભરનારને પણ મતાધિકાર મળ્યો. આ નવા કાયદાથી ખેતરમાં કામ કરનારા મજુરો

---

૧. આ અત્યંત તેજસ્વી, બુદ્ધિમાન, અને શુદ્ધ હૃદયના રાજદ્વારીનો જન્મ ઇ. સ. ૧૮૦૯માં શ્રીમંત અને કુલિન કુટુંબમાં થયો હતો. ઈ. સ. ૧૮૩૨માં સુધરેલી પાર્લ-મેન્ટમાં તે દાખલ થયો, તે ૧૮૯૫ સુધી માત્ર બે વખત સિવાય કાયમ રહ્યો. શરૂઆત-માં તે ટોરી હતો, અને પીલે તેને કોષાધ્યક્ષ બનાવ્યો; પણ એ સમર્થ નરના મરણ પછી ગ્લેડસ્ટનના વિચાર ધીમે ધીમે બદલાયા, અને આખરે ઇ. સ. ૧૮૫૯માં વ્હિગ તરીકે પામર્સ્ટનના મંત્રીમંડળમાં તે આવ્યો. રાજકાજ તેને મન રમત કે આજીવિકાનું સાધન ન હતું. તેનું અદ્‌ભુત નૈતિક બળ, રાજદ્વારી કુનેહ, અને અસાધારણ શક્તિને લીધે વિક્ટોરિઅન યુગમાં ગ્લેડસ્ટનનું નામ અમર અક્ષરે કોતરાયું છે.

સિવાય દરેક પ્રકારના કારીગરોની મોટી સંખ્યાને દેશના રાજ્યતંત્રમાં મત આપવાનો હક મળ્યો. આરંભમાં તો ઘણા લોકો આવા ઉદ્દામ મનાતા સુધારાની વિરુદ્ધ પડયા, પરંતુ ઘણી વાટાઘાટને અંતે ડિઝરાયેલી પોતાનું ધાર્યું કરવામાં સફળ થયો. વળી પાછળથી મજુરોને પણ ગ્લેડસ્ટનના ઇ. સ. ૧૮૮૪ના કાયદાથી રાજતંત્રમાં મત આપવાનો એવોજ હક મળ્યો.

આખરે ડર્બીએ પોતાની અસ્વસ્થ પ્રકૃતિને લીધે રાજીનામું આપ્યું, એટલે ડિઝરાયેલી મુખ્ય મંત્રી થયો. તેના નવ માસના અધિકારમાં આયર્લૅન્ડ-ના પ્રશ્નો વિષે ગ્લેડસ્ટન જોડે તેને વિરોધ થયા કર્યો. તેણે સર ચાર્લ્સ નેપિયરને મોકલી એબીસિનિઆના રાજાએ માગદલામાં કેદ કરેલા યુરોપી કેદીઓને મુક્ત કરાવ્યા. ઇ. સ. ૧૮૬૮માં ગ્લેડસ્ટન મુખ્ય પ્રધાન થયો.

**ગ્લેડસ્ટનનું મંત્રીમંડળ:** આ નવું પ્રધાનમંડળ ઇ. સ. ૧૮૬૮થી ૧૮૭૨ સુધી અધિકારમાં રહ્યું. તે દરમિઆન દેશમાં કેટલાક જરૂરી સુધારા થયા. ઇ. સ. ૧૮૭૦માં ફોર્સ્ટરે કેળવણીનો કાયદો કર્યો, તેથી દરેક બાળકને શાળામાં જવાની ફરજ પડી. આજ સુધી વ્યક્તિસ્વાતંત્ર્યની ખરીખોટી ભાવનામાં ઉછરેલા અંગ્રેજો એમ માનતા, કે અમારાં બાળકોનું શું કરવું તે અમારા અખત્યારની વાત છે. પરંતુ એ કાયદાને આધારે હવે તો પાંચથી બાર વર્ષના પ્રત્યેક બાળકને શાળામાં મોકલ-વાની માતાપિતા ઉપર કાયદે-સર ફરજ આવી પડી. વળી મતાધિકારના વિસ્તાર જોડે દેશમાં લાંચરૂશ્વત, પ્રપંચ, તરકટ, ધમકી, અને અપ્રમાણિકપણું ઓછાં થાય, એવા હેતુથી ઇ. સ. ૧૮૭૨માં કાયદો કરી ગુપ્ત રીતે મત આપ-વાની પ્રથા દાખલ કરવામાં



વિલિયમ યુવર્ટ ગ્લેડસ્ટન

આવી. આ ઉપરાંત એક બીજા કાયદાથી સૈન્યમાં અધિકાર ખરીદવાની પદ્ધતિ બંધ કરીને લશ્કરી નોકરીનો સમય પણ ટુંકાવવામાં આવ્યો. આયર્લૅન્ડનાં તોફાનો અને સંકટો ટાળવાના ગ્લેડસ્ટને અનેક ઉપાયો કર્યા હતા. ઇ. સ. ૧૮૭૦–૭૧માં ફ્રાન્સ અને જર્મની વચ્ચે વિગ્રહ થયો, પણ જર્મન મંત્રી બિસ્માર્કે અસાધારણ ચાતુરી દાખવી ગ્રેટબ્રિટન અને રશિઆને તટસ્થ રાખી દીધાં, અને નેપોલિયન ૩જાને પદભ્રષ્ટ કર્યો. પરિણામે ફ્રાન્સમાં વળી ત્રીજી વાર પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના થઈ, અને જર્મન મહારાજ્યનો ઉદય થયો.

**ડિઝરાયેલી બીજી વાર પ્રધાનપદે**: ઇ. સ. ૧૮૭૪–૧૮૮૦. ઇ. સ. ૧૮૭૪માં ડિઝરાયેલી બીજી વાર પ્રધાનપદે આવ્યો. ઇ. સ. ૧૮૭૬માં તેને **'બીકન્સફીલ્ડનો અમીર'** બનાવવામાં આવ્યો. તેના છ વર્ષના અધિકારમાં આયર્લૅન્ડનો પ્રશ્ન વિકટ બન્યો. આયરિશ પ્રજાનાં દારુણ દુઃખોનો સત્વર નિર્ણય લાવવાની આશાએ ચાર્લ્સ સ્ટુઅર્ટ પાર્નેલ નામના આયરિશ નેતાએ વિરોધનીતિ સ્વીકારીને પાર્લમેન્ટના કાર્યમાં હરકત કરવા માંડી. દેશાંતર નીતિમાં ડિઝરાયેલી પોતાના સિદ્ધાંત પ્રમાણે વર્તીને ગ્રેટબ્રિટનની વગ વધારતો ગયો. ઇ. સ. ૧૮૭૫માં તેણે મિસરના ઉડાઉ ખેદીવ પાસેથી ૪૦ લાખ પૌન્ડની કિંમતના સુએઝની નહેરના શેરો (Shares) ખરીદી લઈ જગતનો મહાન્ જળમાર્ગ હાથ કર્યો, હિંદ જોડેના વેપારનો ટુંકો માર્ગ મેળવ્યો, અને મિસરના આર્થિક વહીવટમાં ખરી સત્તા મેળવી લીધી. ઇ. સ. ૧૮૭૬માં રાણીને **'કૈસરે હિન્દ'** પદ ધારણ કરવાની સત્તા આપનારો



**ડિઝરાયેલી**

કાયદો કરવામાં આવ્યો. હિંદના વાયવ્ય કોણમાં 'શાસ્ત્રીય સીમા' શોધવાના પ્રયત્નમાં કંપનિ સરકારને અફઘાનિસ્તાન જોડે બે વાર દારુણ યુદ્ધ થયું, જેના પરિણામે દેશને ખર્ચના ખાડામાં ઉતરવું પડયું.

રશિઆના જે ભયથી પ્રેરાઈને તેણે અફઘાનો જોડે યુદ્ધ કર્યાં હતાં, તેજ ભયને લીધે તેને યુરોપમાં રશિઆ જોડે લડવાનો પ્રસંગ આવ્યો. હર્ઝેગોવિનિઆ અને બોસ્નીઆ પ્રાંતના ખ્રિસ્તીઓએ તુર્કોના જાલીમ ત્રાસથી છંછેડાઈને બળવો કર્યો, ઇ. સ. ૧૮૭૫–૭૬. તુર્ક અમલદારોએ અને સૈન્યે થોડી ઘણી કતલ કરી હશે, પણ રશિઆને ફરી પાછો તુર્કસ્તાનમાં વચ્ચે પડવાનો લાગ મળ્યો. તેણે તો સૈન્ય મોકલ્યું; બહાદુર અને જવાંમર્દ તુર્કો આ પરદેશીઓ જોડે માથું મૂકીને લડયા, પણ તેમના દુર્ભાગ્યે જોર કર્યું; રશિઅન સિપાઈઓ તો છુટા થએલા જળધોધની પેઠે કૉન્સ્ટન્ટિનોપલ તરફ દોડયા. આથી તુર્કસ્તાનના મામલા પ્રત્યે દૃષ્ટિ નાખી બેઠેલો ડિઝરાયેલી ચમકયો, અને રશિઆને અટકાવી તુર્કસ્તાનને સહાય આપવા તૈયાર થયો. તેણે એક કાફલો ડાર્ડેનલ્સમાં મોકલી દીધો. યુદ્ધ થયું નહિ, અને સેન્ટ સ્ટેફેનોની સંધિ થઈ; સાથે સાથે રશિઆ આ સંધિનો અસ્વીકાર કરે, તો ડિઝરાયેલીએ યુદ્ધ કરવાની ધમકી આપી, અને હિંદથી સૈન્ય બોલાવી માલ્ટામાં લાવી રાખ્યું. આથી રશિઆ ભય પામી ગયું. વળી ઇ. સ. ૧૮૭૮માં બર્લિનમાં સર્વ રાજ્યોની પરિષદે નવી સંધિ કરી. તેમાં રૂમાનિઆ, સર્વિઆ, અને મોન્ટીનીગ્રોને સ્વતંત્ર થવાની સત્તા આપી, હર્ઝેગોવિનિઆ અને બોસ્નીઆ ઑસ્ટ્રિઆના તાબામાં મૂકયાં, રશિઆને એશિઆ માઈનરમાં એક બંદર અને કિલ્લો આપવામાં આવ્યાં, બલ્ગેરિઆનું નવું રાજ્ય સ્થપાયું, અને ગ્રેટબ્રિટનને સાઈપ્રસ મળ્યો. આ સંધિને '**પ્રતિષ્ઠિત**' વિશેષણ લગાડવામાં આવે છે, છતાં રશિઆનું ધાર્યું થયું અને તુર્કસ્તાનનું રાજ્ય તો વહેંચાઈને ક્ષીણ થઈ ગયું, એટલે વિશેષણ માત્ર ઔપચારિક ગણાયું. આ ઉપરાંત ઝુલુ લોકો જોડે પણ એક યુદ્ધ કરવામાં આવ્યું હતું. આખરે મહામંત્રીની યુદ્ધપ્રિયતા પ્રજામાં અણગમતી થઈ પડી.

**ગ્લેડસ્ટન બીજી વાર પ્રધાનપદે**: ઇ. સ. ૧૮૮૦માં ગ્લેડસ્ટન બીજી વાર પ્રધાનપદે આવ્યો. જો કે વિગ્રહથી દૂર રહી કરકસર કરી દેશમાં પ્રગતિ

કરવાના ગ્લેડસ્ટનના અભિલાષ તો અધુરા રહ્યા. તેને દક્ષિણ આફ્રિકાના બોઅરો જોડે કલહ થયો. વળી 'અમારૂં તે અમારે માટે' કહી મિસરીઓએ બ્રિટન સામે સમશેર ઉઠાવી. આ ઉપરાંત આયર્લૅન્ડમાં અસંતોષ વધી ગયો, પાર્નેલે સ્વરાજ્યની આગ્રહપૂર્ણ માગણીઓ કરવા માંડી, અને આયર્લૅન્ડમાં થોડી ખૂનામરકી પણ થઈ; પણ આ મંત્રીમંડળની વિદેશનીતિ ઘણાને અકારી થઈ પડી, અને એક ક્ષુલ્લક બાબતમાં મતભેદ થવાથી ઇ. સ. ૧૮૮૫માં ગ્લેડસ્ટને રાજીનામું આપ્યું. તે પહેલાં તેણે પાર્લમેન્ટની સુધારણાનો ત્રીજો કાયદો કરી શહેરમાં કે ગામડામાં એક વર્ષ સુધી એકજ ઘરમાં રહેલા માણસોને મતાધિકાર આપ્યો, અને કેટલાક કસ્બાઓને પરગણાંમાં ભેળવી દઈ મોટા વિભાગોના ખંડ પાડી દઈ કેટલીક બેઠકની પુનર્વ્યવસ્થા કરી આપી.

**અંતનાં વર્ષો:** ડિઝરાયેલીનો પરમ પ્રશંસક અને તેની દેશાંતર નીતિનો ચુસ્ત હિમાયતી કૉન્ઝર્વેટિવ લૉર્ડ સોલ્સબરી પ્રધાનપદે આવ્યો, તે જાણે એકાદ વર્ષમાં જવાને માટે! ગ્લેડસ્ટન ત્રીજી વાર પ્રધાનપદે આવ્યો. આયર્લૅન્ડની વ્યાધિઓનો એક ઉપાય માત્ર સ્વરાજ્ય છે, એમ ખાત્રીપૂર્વક માની તેણે એવી મતલબનો ખરડો આણ્યો, પણ અનેક કારણોથી તેના અનુયાયીઓમાં પક્ષ પડયા. તેમણે નવો પક્ષ ( Liberal Unionists ) રચી આયર્લૅન્ડને સ્વરાજ્ય આપવાનો ખરડો ઉડાવી દીધો, એટલે ગ્લેડસ્ટને રાજીનામું આપ્યું. ફરી પાછો સોલ્સબરી પ્રધાન થયો. તેના છ વર્ષના અમલમાં તેણે ગ્રેટબ્રિટનમાં જિલ્લાસમિતિઓ ( County Councils )ની સ્થાપના કરી તેમને સ્થાનિક વહીવટ કરવાનો અધિકાર આપ્યો, અને પ્રાથમિક શાળાઓમાં કેળવણી મફત કરીને ફોર્સ્ટરના કાયદાને ફલિતાર્થ કર્યો. પરંતુ સર્વથી ચિરસ્મરણીય પ્રસંગ તો રાણીના રાજ્યારોહણના સુવર્ણમહોત્સવનો હતો. ઇ. સ. ૧૮૮૭માં રાણીના રાજ્યારોહણનાં પચાસ વર્ષ થયાં, એટલે પ્રજાએ પૂર્ણ ઉત્સાહથી **'સુવર્ણમહોત્સવ'** (Golden Jubilee) ઉજવ્યો. એ પચાસ વર્ષોમાં દેશમાં શતકો જેટલી પ્રગતિ થઈ હતી. ઇંગ્લેન્ડ કૃષિપ્રધાન દેશ મટી ઉદ્યોગપ્રધાન બની અસંખ્ય મનુષ્યોને પોષતો હતો, તેમજ આગગાડી અને આગબોટ તથા વિજળીના તાર આદિની શોધો વડે દિક્કાલનાં બંધનો કપાઈ ગયાં હતાં. સમુદ્રો ખંડની સીમા બનવાને બદલે વેપારના મહામાર્ગ બની

ગયા હતા, અને પૃથ્વીના ઘણા દેશો એક બીજાના સંબંધમાં વધારે આવ્યા, તે સાથે મુસાફરી ત્વરિત અને સુલભ થઈ પડી હતી. વળી પ્રતિદિન વૃદ્ધિ પામતી વૈજ્ઞાનિક શોધોએ દૈનિક જીવનમાં આનંદ, ઉલ્લાસ, આરામ અને સગવડ આપ્યાં હતાં. પ્રાચીન વિદ્યાઓના સંશોધનથી ઇતિહાસનાં વીસરાએલાં પ્રકરણો તાજાં થતાં હતાં. એ બધું જોતાં આ ઉત્સવ નિમિત્તે રાણી અને તેનાં સંતાનોએ પૂર દબદબાથી આટલાં વર્ષની સમૃદ્ધિ અને શાંતિ માટે પ્રભુની પ્રાર્થના કરી, અને તે સાથે અસંખ્ય પ્રજાજનોએ પણ પ્રાર્થનાઓ કરી પોતાની લાગણી પ્રદર્શિત કરી. દસ વર્ષ પછી તો **'હીરક મહોત્સવ'** (Diamond Jubilee) ઉજવવાનો છેલ્લો પ્રસંગ પ્રાપ્ત થયો. સામ્રાજ્યના પ્રત્યેક ખુણામાંથી અનેક માણસો આ ઉત્સવ માણવા લંડન આવ્યાં; ઉત્સવના આવેગમાં પ્રજા જાણે ગાંડીઘેલી બની ગઈ!

પરંતુ ઇ. સ. ૧૮૭૨માં ગ્લેડસ્ટન ફરી પાછો અઢાર માસ માટે ચોથી વાર પ્રધાનપદે આવ્યો. આયર્લેન્ડના પ્રશ્ન વિષે પાર્લમેન્ટમાં મતભેદ હોવા છતાં તેણે પોતાનો સ્વરાજ્યનો પ્રિય ખરડો યુક્તિપુરઃસર દાખલ કર્યો. આમની સભામાં તે મંજુર થયો, પણ અમીરોની સભાએ તેનો સ્વીકાર કર્યો નહિ. આ વખતે રાજીનામું આપવાને બદલે તેણે પોતાનો પક્ષ મજબુત બને તેવાં થોડાં લોકપ્રિય કાર્યો કરવા માંડયાં. હવે તે વૃદ્ધ થઈ ગયો હતો; તે નિવૃત્ત થઈ ગયો, અને તેના લાંબા કાળની રાજદ્વારી કારકીર્દિનો અંત આવ્યો. તે પછી લૉર્ડ રોઝબરી પ્રધાન થયો. એક વર્ષમાં તો લૉર્ડ સોલ્સબરી ત્રીજી વાર પ્રધાનપદે આવ્યો. સાત વર્ષ પછી અસ્વસ્થ પ્રકૃતિને લીધે તેને નિવૃત્ત થવું પડયું, ત્યાં સુધી તે અધિકારમાં રહ્યો. આ વર્ષોમાં પરસ્પર ઈર્ષાથી થએલા કલહો વિના બીજું કશું જાણવા જેવું બન્યું નથી. આ દરમિઆન ગ્રીસ અને તુર્કસ્તાને નિરર્થક વિગ્રહના મોરચા માંડયા, એટલે ક્રીટને તુર્કીના અધિકારમાંથી મુક્ત કરી યુરોપનાં મહારાજ્યોની દેખરેખ નીચે મૂકવામાં આવ્યું; વળી સંયુક્ત સંસ્થાનો અને ગ્રેટબ્રિટનને સરહદની તકરાર ઊઠી, પરંતુ ચતુર મંત્રીએ કુનેહથી યુદ્ધનો ભય ટાળી દીધો. આ ઉપરાંત સુદાન અને દક્ષિણ આફ્રિકામાં યુદ્ધો થયાં.

**રાણીનું મૃત્યુઃ** ઇ. સ. ૧૯૦૦માં વૃદ્ધ રાણીએ આયર્લૅન્ડનો છેલ્લો પ્રવાસ કરી ત્યાંની પ્રજાનો અપૂર્વ આદર મેળવ્યો. હવે તેની પ્રકૃતિ બગડતી જતી હતી. ઇ. સ. ૧૯૦૧ના જાન્યુઆરિની ૨૨મીએ સાંજે વાઇટદ્વીપમાં આવેલા ઓસ્બોર્નમાં તેણે શાંતિથી પરલોકપ્રયાણ કર્યું. તેની અથાગ કાર્યશક્તિ, જ્વલંત દેશભક્તિ, કુનેહ, અને સહાનુભૂતિથી તેણે લોકપ્રિયતાની જોડે પ્રજાનો ભક્તિભાવ અને આદર પણ સંપાદન કર્યો હતો. આ પવિત્ર, ઉદાર હૃદયની, અને મમતાળુ સ્વભાવની રાણીની હારમાં આવે તેવો કોઈ રાજકર્તા ઈંગ્લેન્ડની ગાદીએ આવ્યો નથી. પરદેશના મામલાઓમાં તો તેના નિપુણ મંત્રીઓને પણ તેની પાસેથી બોધપાઠ ભણવા પડતા હતા. રાણીની પ્રજાવત્સલતા અને સહૃદયતા તો તેના જીવનમાં પદેપદે જણાઈ આવે છે.

---

## પ્રકરણ ૯મું

### ઔદ્યોગિક અને સામાજિક પરિવર્તન

અઢારમા સૈકાના આરંભમાં ખેતી કરવાની પદ્ધતિમાં સુધારા થવા લાગ્યા, એટલે પાક પણ વધારે થવા માંડયો. વળી કંદ ઉગાડવાની પ્રથા દાખલ થવાથી ખેડુતોનાં ઢોરને માટે શિઆળાનો ખોરાક મળવા લાગ્યો, એટલે ઢોર અને ઘેટાંના ઉછેરમાં ઘણો ફેર પડયો. આ ઉપરાંત ગામની ગોચર કે પડતર જમીન પણ ખેતીના ઉપયોગમાં લેવામાં આવી, અને તેની આસ-પાસ વાડબંધી કરવામાં આવી, એટલે પ્રત્યેક ખેડુતને ઉત્તમ કાર્ય કરી બતાવવાની હોંસ થવા લાગી. આ સર્વનો લાભ આખરે જમીનદારોને મળવા લાગ્યો; કારણ કે નાના અને ગરીબ ખેડુતોને નવી સ્થિતિ અસહ્ય થઈ પડે, ત્યારે તે પોતાની જમીન વેચી દઈ ઊનનાં કારખાનાંમાં કે કોઈ સગવડવાળે સ્થળે મજુરી કરવા જતા. આમ ગરીબોના દુઃખનો પાર ન હતો. પરિણામે કેટલાંએ ગામડાં ભાગ્યાં, અને કેટલાંકને બળતણ અને ચારો મળતો બંધ થયો, એટલે ત્યાંના લોકો અકથ્ય દુઃખ સહેવા લાગ્યા.

**ઔદ્યોગિક પ્રગતિથી પણ મજુરો કરતાં મુડીદારોને વધારે લાભ થયો.** ઈંગ્લેન્ડમાં ઊનનું વણાટકામ **અસલથી** ચાલતું હતું. રાણી ઇલિઝાબેથે

ફ્લાન્ડર્સના વણકરોને આવકાર આપ્યો હતો. દરેક ખેડુત પોતાના મકાનમાં રેંટીઓ અને કોઈ વેળા શાળ રાખતો; ખેતીનું કામ ન હોય ત્યારે તે વણાટકામ કરતો, તેમાં તેની સ્ત્રી, પુત્રો અને નોકરો કે ઉમેદવારો મદદ કરતા. તેઓ ખેતરમાં કામ કરી આરામ, વિનોદ, અને ખોરાક મેળવતાં. આથી કામ નિયમિત થતું, અને માલીક અને નોકર વચ્ચે પિતાપુત્ર જેવો સંબંધ જળવાતો. જો કે મજુરીના દર સોંઘા હતા, પણ જીવનની જરૂરી વસ્તુઓ ક્યાં મોંઘી હતી? ધીમે ધીમે ઊન કરતાં રૂ વણવાનો ઉદ્યોગ વધારે લાભદાયક જણાતો ગયો, એટલે કેટલાક લોકો પોતાનો બધો વખત એ કામમાં ગાળવા લાગ્યા.

ઇ. સ. ૧૭૬૦થી ૧૮૨૦ સુધીનાં સાઠ વર્ષોને ઔદ્યોગિક પરિવર્તનનો યુગ કહેવામાં આવે છે; કેમકે તે વર્ષોમાં ઈંગ્લેન્ડ કૃષિપ્રધાન દેશ મટી ઉદ્યોગપ્રધાન થયો. પરંતુ ઉદ્યોગની પ્રચલિત પદ્ધતિમાં પણ ભારે ફેરફારો થયા. આર્કરાઈટ, કાર્ટરાઈટ, હાર્ગ્રીવ્ઝ, અને ક્રોમ્પ્ટન આદિ બુદ્ધિમાન પુરુષોએ વણવા કાંતવાનાં યંત્રોની શોધ કરી. આ સર્વ યંત્રો પાણીના પ્રવાહથી ચાલતાં હતાં, એટલે પાણીની છૂટવાળા લેંકેશાયર અને યોર્કશાયરમાં ઉદ્યોગ વધવા લાગ્યો. પરિણામે માલની નીપજ વધારે ત્વરાથી અને મોટા પ્રમાણમાં થવા લાગી, અને હાથવણાટને તો સ્થાન ન રહ્યું. તેમાં વળી જેમ્સ વૉટે શોધેલા વરાળયંત્રની સહાયથી આ યંત્રો ચલાવવાની શોધ થઈ, એટલે તો પ્રાચીન વણાટપદ્ધતિને જીવલેણ ફટકો પડયો. ધીમે ધીમે મોટાં કારખાનાં સ્થપાવા લાગ્યાં, અને ત્યાં કારીગરો એકત્ર થવા લાગ્યા, એટલે કાન ફોડી નાખે તેવા અવાજવાળાં આ યંત્રોનાં કારખાનાંની આસપાસ ધુમાડીઆ ઘરવાળાં અને કોલસાની રજથી કાળા થઈ ગએલા રસ્તાઓવાળાં, ગંદાં, અને ધુમસ-છાયાં શહેરો વસવા લાગ્યાં. દરમિઆન લોખંડ ગાળવા માટે ખાણનો કોલસો સારો પડે છે એમ જણાતાં ઉત્તર અને પશ્ચિમના પ્રદેશોમાં કારખાનાં સ્થપાવા લાગ્યાં, અને શેફીલ્ડ તથા બર્મિંગહેમ જેવાં નાનાં ગામડાં જાણે મોટાં નગરો બની ગયાં. હવે લોખંડનો ઉદ્યોગ પણ વધ્યો; ઇ. સ. ૧૮૦૦ના અરસામાં તો દેશભરમાં લોખંડનાં કારખાનાં ધમધોકાર ચાલવા લાગ્યાં.

વેપાર અને ઉદ્યોગમાં વૃદ્ધિ થતાં વ્યવહારનાં સાધનોમાં પણ સુધારા થવા લાગ્યા. ખાડાવાળા રસ્તા ઉપર ગાડામાં ભરીને માલ લઈ જવાની અગવડ લાગતાં નહેરો ખોદાવા લાગી. બીજી તરફથી આજ સુધી ઉપેક્ષા પામેલા રસ્તા સુધારી પાકા, મજબુત, અને પાણી ભરાઈ ન રહે તેવા સ્વચ્છ કરવાની યોજનાઓ થવા લાગી.[1] 'વિજ્ઞાનના યુગ'ને નામે ઓળખાતા ઓગણીસમા સૈકામાં જ્યૉર્જ સ્ટીવન્સને વરાળયંત્રથી આગગાડી ચલાવવાની શોધ કરી. થોડાં વર્ષો પછી તો લિવરપૂલ અને મૅન્ચેસ્ટર વચ્ચે આગગાડી ચાલી, અને પછી દેશભરમાં રેલવે સડકો નંખાઈ ગઈ.

આરંભમાં લોકો આ નવી શોધની સામે પડયા, અને કેટલાક અજ્ઞાન લોકો રોજી જવાની બીકે નવાં યંત્રોની ભાંગફોડ કરવા લાગ્યા. ખેડુતોને કોલસાના ધુમાડાથી ઢોર મરી જવાનો ભય લાગ્યો, વીશીવાળાઓને પોતાના ગ્રાહકો ઓછા થવાની દહેશત પેઠી, અને ગાડીવાળાઓને થયું કે જગતમાં ઘોડાની જરૂર હવે કોઈને પડવાની નથી. પરંતુ એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં માલ સત્વર જઈ શકે છે, કારીગરો કામની શોધમાં દેશભરમાં ફરી શકે છે, ઇત્યાદિ સ્થૂલ દૃષ્ટિએ પણ દેખાતા લાભોનો પરિચય થતાં વિરોધ ઘટવા લાગ્યો.

આગગાડીની પહેલાં આગબોટો તો કયારનીએ ચાલવા લાગી હતી. ઈ. સ. ૧૮૧૧માં વરાળથી ચાલતી હોડી કલાઈડ નદી ઉપર પ્રથમ ચાલી. તેમાં સુધારા કરતાં ઇ. સ. ૧૮૩૮માં ગ્રેટ વેસ્ટર્ન નામની આગબોટે આટલાંટિકમાં સફર કરી. ધીમે ધીમે તેની ગતિમાં વધારો કરવા માટે જોઈતા સુધારાવધારા કરવામાં આવ્યા. હવે ક્રમે ક્રમે તરતા મહેલ જેવી આગબોટોમાં માનવીની બુદ્ધિએ શોધેલાં સુખ, સગવડ, આરામ અને વિનોદનાં સાધનો ગોઠવવામાં આવે છે; તેમજ ટપાલ, ઉતારૂઓ, અને માલ આજે સુખચેનથી દરીઆપાર જાય છે. વળી ભર દરિયે સંકટમાં આવેલી આગબોટ દોરડાં

---

૧. મેક એડમ નામના એક સ્કૉટ ઈજનેરે પત્થર નાખી રસ્તાઓ પાકા બનાવવાની યોજના કરી, તેથી તેવી રીતે રસ્તા બનાવવાની રીતને 'Macadamise' કહે છે. ભાષામાં શબ્દસમૃદ્ધિ કેમ વધે, તેનું આ રસિક ઉદાહરણ છે. 'બોયકોટ' શબ્દની પાછળ પણ આવો ઇતિહાસ રહેલો છે, તે તમે ખોળી કાઢશો?

વગરના તારનો સંદેશો મોકલી સહાયની યાચના પણ કરી શકે છે. આમ સમુદ્રો પૃથ્વીની મર્યાદાને બદલે વેપારના મહામાર્ગ બન્યા છે. અમેરિકા, હિંદ, ન્યૂઝીલેન્ડ અને ઑસ્ટ્રેલિઆ આદિ અનેક દેશોની વસ્તુઓ ઇંગ્લેન્ડનાં બંદરો પર આગબોટદ્વારા આવે છે, અને જગતનાં અંતરો કાપે છે. વળી ૨૦મી સદીમાં તો મોટર ગાડીઓનો ઉપયોગ સર્વસાધારણ થઈ પડયો છે, અને વિમાનવિદ્યાની શોધને પરિણામે વ્યવહારમાં વિમાનનો ઉપયોગ થવા લાગ્યો છે.

આજના યુવકને બીજી અગણિત શોધોની ખબર કયાં નથી? રોલેન્ડ હિલે દાખલ કરેલું 'પોસ્ટેજ,' તાર, ટેલીફોન, ગૅસ, વિજળી, સિનેમા, ગ્રામો-ફોન, ટાઈપરાઈટિંગ, ફોટોગ્રાફી, મુદ્રાયંત્રો, રેડિઓ, બ્રૉડકાસ્ટ, આદિ અનેક અર્વાચીન શોધો વિષે કોઈ પણ સારૂં પુસ્તક જ્ઞાન આપી શકે તેમ છે.

આ સર્વ પ્રગતિમાં મુડીદારો અને વેપારીઓ તો ધનવાન થયા, પણ કામદારોની સ્થિતિ તો ત્રાસજનક રહી. રોજ તેમને અંધારાં, અસ્વચ્છ, ભેજ અને ગરમીવાળાં કારખાનાંમાં દસબાર કલાક કામ કરવું પડતું. રૂની રજ કે પોલાદનાં રજકણો શ્વાસદ્વારા શરીરમાં જવાથી તેમને ભયંકર રોગ લાગુ પડતા. ક્ષય તો તેમનામાં સાધારણ થઈ પડયો હતો. વળી કારખાનાંમાં પણ અનેક અકસ્માતો થતા. અનેક અનાથ તથા કુમળાં બાળકોને આશરે સોળ કલાકની સખત મજુરી કરવી પડતી, પૃથ્વીના ગર્ભમાં ભેજવાળી ખાણોમાં તેમને કેટલાએ કલાકો સુધી ભારે બોજા ખેંચવા પડતા, અને કેટલીક વાર તો સ્ત્રીઓની જોડે ગાડીમાં બળદની પેઠે પણ જોડાવું પડતું. આરામ અને તાજી સ્વચ્છ હવા માટે થોડો વખત મળે, ત્યાં રમતની તો વાતજ કેવી?[1]

આ સમયે સરકારે તો આ પ્રશ્નને ખાનગી ગણી તેના પ્રત્યે તટસ્થ વૃત્તિ ધારણ કરી હતી. પરંતુ કારખાનાંમાં ચાલી રહેલી હૃદયશૂન્યતાથી અને નિષ્ઠુરતાથી ઉદાર અને દયાળુ આત્માઓને લાગ્યું, કે નવા ઉત્પન્ન થએલા સંયોગોમાં બિચારા પશુ જેવું જીવન ગાળતા મજુરોની વહારે સરકારે ધાવું

---

૧. આવાં બાળકોની કરુણ કથા મિસિસ બ્રાઉનિંગના 'The Cry of the Children' નામે હૃદયદ્રાવક કાવ્યમાં આપી છે.

જોઈ એ.[૧] તેમણે પ્રશ્ન ઉઠાવ્યો, કે અમેરિકામાં રહેલા ગુલામોને બંધનમુક્ત કરવાના અખૂટ પ્રયાસો કરનાર ઇંગ્લેન્ડમાંજ અનેક બાળકો ગુલામો કરતાં વધારે દુઃખી જીવન ગાળે, તે સરકાર કેમ જોઈ રહે છે? અર્લ ઑવ્ શેફ્ટસ્બરી નામે સહૃદય અમીરે ખાણો અને કારખાનાંમાં ફરી મજુરોની દશાની બારીક તપાસ કરી. ઇ. સ. ૧૮૩૩માં તેણે પાર્લમેન્ટમાં કારખાનાંનો કાયદો આણ્યો, અને કામના કલાકો ઠરાવ્યા, એટલે તો સરકાર પણ સચેત થઈ; કારખાનાંના બીજા કાયદા પસાર કરી મજુરોની સ્થિતિ સુધારવાની માલિકોને તેણે ફરજ પાડવા માંડી. આવા કાયદાથી (૧) કામના કલાકો નક્કી કરવામાં આવ્યા, (૨) કારખાનાંમાં કામ કરવા માટે બાળકોની વય ઠરાવવામાં આવી, (૩) કારખાનાંની હવા, પ્રકાશ, ઠંડી, ઉષ્મા આદિ આરોગ્ય વિષેની સ્થિતિ સંબંધી નિર્ણય કરવામાં આવ્યો, અને (૪) અકસ્માત્ કે મંદવાડના સમયમાં મજુરોની અવદશા ન થઈ જાય, તેવા અગમચેતીના ઉપાયો લેવાનું ઠરાવવામાં આવ્યું. આ ઉપરાંત મજુરસંઘોનો કાયદેસર સ્વીકાર કરવામાં આવ્યો; વીસમી સદીમાં તો કામગીરી સંબંધી ચર્ચા કરવા માટે માલિકો અને કામદારોની સંયુક્ત સમિતિ નીમવામાં આવી.

આ પ્રમાણે ૧૯મા સૈકામાં બંધુભાવનો વિકાસ થયો છે, કામદારોની સ્થિતિ સુધરી છે, તેમનાં બાળકો વિદ્યા સંપાદન કરે છે, દાક્તરો અને દાઈઓ શાળાઓની નિયમિત તપાસ લે છે, અને ગંભીર પ્રસંગે તેમને માટે દવાખાનાં પણ મોજુદ છે. તેમના પૂર્વજો કરતાં અનેક રીતે તેઓ સુખી છે. આવી શોધો અને સુધારાથી અંગ્રેજી સમાજમાં જબરૂં પરિવર્તન થઈ ગયું છે. હેનોવર વંશના આરંભનાં વર્ષોમાં લોકોની રીતભાત અણઘડ અને ઉદ્ધત હતી, અને સહકારનું તો તેમને સ્વપ્ન પણ નહોતું; વળી પ્રતિષ્ઠિત ગૃહસ્થો

---

૧. માત્ર પેટગુજારા માટે જીવનનું સત્ત્વ હણી નાખે તેવા ધંધામાં પડેલા કારીગરોની દયાપાત્ર દશાનું મર્મવેધક ચિત્ર કવિ ટૉમસ હૂડે ‘The song of the shirt’ના અતિ કરુણ કાવ્યમાં આપ્યું છે. એક દરજણને મુખે તે કહેવરાવે છે કે—
**Oh men, with sisters dear, Oh men, with mothers and wives!**
**If is not linen you're wearing out, But human creatures' lives!**
**Sewing at once......... A shroud as well as a shirt.**

પણ ભોજન પછી નીશામાં ચકચૂર થવું એ તો એક હક સમાન ગણુતા હતા. દેશમાં ગુના અગણિત થતા, ગરીબનો બેલી કોઈ ન હતો, કેદીઓને બચાવ કરવા દેવામાં આવતો નહિ, સહૃદયતા અને સમભાવનો અગ્ર અધિકાર ધરાવનાર ગાંડાઓને નિર્દયતાપૂર્વક મારવામાં આવતા, અને તેમના પ્રત્યે અમાનુષી વર્તન ચલાવવામાં આવતું. વળી કચરાએલા, દબાએલા, અને નિર્બળ મનુષ્યોનું રક્ષણ કરવાનો દયાધર્મ તો કોઈ જાણતુંએ નહિ; ધર્મવૃત્તિ તો પ્રજામાંથી ઓસરી ગઈ હતી, એટલે રવિવાર તો નીશાબાજી, શિકારખેલ, સાઠમારી, કુસ્તી આદિ રમતગમતોમાંજ વ્યતીત કરવામાં આવતો. આવી દશામાં જ્યૉર્જ બીજાના ઉત્તર કાળમાં જ્હૉન વેસ્લી નામે પરમ સાત્વિક ધર્માચાર્યે દેશમાં સર્વત્ર ઘોડા ઉપર પ્રવાસ કરીને પ્રજાસમૂહને રસ્તામાં કે ખેતરોમાં ધાર્મિકતાના બોધપાઠો આપવા માંડયા હતા. સિપાઈઓ, મજુરો, ખાણવાળાઓ, અને ખેડુતો ઉપર તેના ઉપદેશની અસર અદ્ભુત પડતી. ઑક્સફર્ડમાં વિદ્યાર્થીદશામાંજ તેણે અને તેના કેટલાક મિત્રોએ અભ્યાસ માટે, ગરીબોને સહાય આપવા માટે, અને તુરંગના કેદીઓને મળવા જવા માટે કડક નિયમો રચ્યા હતા, તેથી તેઓ 'મેથોડિસ્ટ' કહેવાતા હતા. આજ પર્યંત વેસ્લીનું અનુયાયીમંડળ ચાલુ છે. આ બધા ધાર્મિક પુનરુદ્ધારનું એક શુભ પરિણામ એ આવ્યું, કે દુ:ખી, અનાથ, તથા પતિતને સહાય અને આશ્રય આપવાં, તેમજ પાપાચરણીને આશ્વાસન આપી ઉન્નત જીવનનો માર્ગ બતાવવો, એ ધર્મગુરુઓનું કર્તવ્ય લેખાવા લાગ્યું.

દેશમાં નાના અપરાધો માટે પણ કેવી ભારે સજા થતી તે તો કહેવાઈ ગયું છે. ગુનેગારોને ફાંસી દેવામાં આવે, ત્યારે હજારો સ્ત્રીપુરુષો અને બાળકો હોંસભેર જોવા જતાં; તેમજ ગુનેગારોને હેડમાં પૂરે કે કોરડા મારે તેમાં લોકોને ઉત્સવ માણવાનું મળતું. કેદખાનાં તો ગંદાં, ભરચક, અને ભયંકર દુર્દશામાં હતાં.[1] વૃદ્ધ કે બાળક, નિર્દોષ અને દોષિત, ધાડપાડુ અને ખૂની સર્વ બકરાંની પેઠે એકત્ર ખડકાતાં. વળી જ્હૉન હાવર્ડ નામે કેદખાનું સેવી આવેલા એક ફ્રેન્ચ ગૃહસ્થે કેદખાનાં સુધારવાનું વ્રત લઈ દેશમાં ફરવા માંડયું, અને કેદીઓની સ્થિતિની પૂર્ણ રીતે વાકેફગારી મેળવવા માંડી. તે તો ૧૭૯૦માં તુરંગમાં ચાલતા ઝેરી તાવથી મરણ પામ્યો. પરંતુ સત્પ્રયત્નો તો

૧. સુપ્રસિદ્ધ નવલકથાકાર ચાર્લ્સ ડિકન્સ પોતાના 'Little Dorrit'માં માર્શલસી કેદખાનાનું તાદૃશ વર્ણન આપે છે.

અમરજ રહે છે. એ પછી ઇલિઝાબેથ ફ્રાઈ નામે એક દયાળુ સન્નારીએ આ કાર્ય ઉપાડી લીધું. પરિણામે કેદમાંથી છૂટયા પછી પ્રમાણિક મહેનતથી કેદીઓને ભણતાં અને સીવતાં શીખવવાના વર્ગો તેણે લેવા માંડયા. આજીવિકા મેળવવામાં સરળતા મળે, તેવા સ્તુત્ય આશયથી ધીમે ધીમે કેદખાનાંમાં સુધારા થયા, અને સરકારે જુનાં કારાગૃહો તોડી અર્વાચીન ધોરણે નવાં કેદખાનાં બાંધવા માંડયાં.

આ સમયનું સાહિત્ય તેજસ્વી છે. શ્રીમંતોના આશ્રયનો બેપરવા સુપ્રસિદ્ધ કોષકાર ડૉકટર જહૉન્સન ૧૮મા સૈકાના ઉત્તરાર્ધમાં થયો, અને પોતાના પ્રિય મિત્ર ગોલ્ડસ્મિથના મરણનો શોક કરવા જીવતો રહ્યો. ગિબને 'રોમન મહારાજ્યની અવનતિ અને નાશ ' એ નામનું પુસ્તક આજ સમયમાં લખ્યું. સહૃદય કાઉપર, સ્વદેશવત્સલ બર્ન્સ, કુદરતપ્રેમી વર્ડ્ઝવર્થ, ઉજ્જવલ કલ્પનાવાળા શેલી અને કીટસ, તેમજ જગતદ્વેષી બાયરન ઉપરાંત કેમ્પબેલ કોલરિજ આદિ કવિઓ આ સમયે પ્રસિદ્ધ હતા. ડેનિયલ ડીફો પછી સ્કૉટ થેકેરે અને ડિકન્સ જેવા માન્ય થઈ પડેલા ગ્રંથકારોએ ઉત્તમ વાર્તાગ્રંથો રચી સમાજજીવનનાં વિધવિધ અંગોનો સ્પર્શ કર્યો, ત્યારે હેલમ ગ્રોટ અને મેકૉલે આદિ ઇતિહાસકારોએ ગદ્ય શૈલીને નવું વલણ આપી ઇતિહાસનું નવું સ્વરૂપ રચ્યું. વિક્ટોરિઆના અમલ દરમિઆન ઉચ્ચ સાહિત્યનો પ્રવાહ ચાલુજ રહ્યો. મજુરવર્ગની દયામણી સ્થિતિથી સંતાપ પામેલા ઋષિસમા કાર્લાઇલે પોતાનો આર્તનાદ પોતાના ગ્રંથોમાં ઉતાર્યો, અને રસ્કિને મધુર ભાષામાં ભૂતદયા જાગૃત કરી. ટેનિસન અને બ્રાઉનિંગ જેવા કવિવરોએ આશાવાદનું પ્રતિપાદન કર્યું. મેરીડીથ, મોર્લી, વેલ્સ, અને બર્નાર્ડ શોનાં નામો તો કેવાં સુપરિચિત છે? આ સમયમાં મુદ્રણકળામાં સુધારા થવાથી અનેક વિષયો પર સેંકડો ગ્રંથો પ્રસિદ્ધ થવા લાગ્યા, અને અનેક દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, ત્રિમાસિક, અને વાર્ષિક પત્રો થોકબંધ ઉભરાવા લાગ્યાં. આ ઉપરાંત શાસ્ત્રીય જ્ઞાનનો પણ વિસ્તાર થયો. યંત્રોની શોધ થયા પછી રસાયન, ભૂસ્તર, અને વિદ્યુત્ શાસ્ત્રોની પ્રગતિ થવા લાગી. 'જાતિની ઉત્પત્તિ' નામે ચાર્લ્સ ડાર્વિનના ગ્રંથમાં જીવનમાં વિકાસતત્ત્વ હોવાની કલ્પનાએ ભાષાશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, અને રાજકારણશાસ્ત્રમાં પ્રવેશ કર્યો. પરિણામે પ્રત્યેક વિષયનું ઇતિહાસદૃષ્ટિએ અવલોકન કરવાની પદ્ધતિ દાખલ થઈ.

# પ્રકરણ ૧૦મું

## લોકશાસનનો વિકાસ

**એડવર્ડ ૭મોઃ** ઇ. સ. ૧૯૦૧–૧૯૧૦. રાણી વિકટોરિઆના મરણ પછી તેનો જ્યેષ્ઠ પુત્ર એડવર્ડ ૭મો ૬૦ વર્ષની વયે રાણી એલેકઝાન્ડ્રા જોડે ગાદીએ આવ્યો. તેણે મહારાણીના અમલમાં 'પ્રિન્સ ઑવ્ વેલ્સ' તરીકે અનેક દેશોમાં પ્રવાસ કર્યો હતો. તેણે રાજ-કાજની નિપુણતા અને પ્રજાના પ્રેમ ઉપરાંત અનેક રાજ્યો વિષે અગાધ જ્ઞાન મેળવ્યું હતું. તે દીલદાર, મીલનસાર, અને મમતાળુ સ્વભાવ-નો રાજા હતો. ગાદીએ આવતા પહેલાં કોઈ પણ રાજદ્વારી પક્ષ પ્રત્યે તે ખાસ વલણ ધરાવતો ન હતો, એટલે તેના અમલમાં રાજા અને પ્રધાનો વચ્ચે ગેરસમજુતી થવાના પ્રસંગો ઉભા થયા નહિ. વિગ્રહનો તિરસ્કાર અને શાંતિ માટેની ઉત્કંઠાને લીધે એડવર્ડને '**શાંતિપ્રવર્તક**'નું ઉપનામ વર્યું છે.



**એડવર્ડ ૭મો**

**બ્રિટનની દેશાંતર નીતિઃ** વિકટોરિઆના પાછલા અમલમાં આરંભાએલા બોઆર વિગ્રહ દરમિઆન એવી વાત ચાલતી હતી, કે યુરોપનાં મહારાજ્યો એકત્ર થઈ બોઅર લોકોને સ્વરાજ્ય આપવાની ઈંગ્લેન્ડને ફરજ પાડનાર છે. ઓગણીસમા સૈકાને અંતે પરરાષ્ટ્રોના સંબંધમાં ઇંગ્લેન્ડે તટસ્થ નીતિ સ્વીકારી હતી, એટલે ભીડ પડે ત્યારે કોઈ રાજ્ય તેને સહાય આપે તેમ ન હતું.

ક્રીમિઅન વિગ્રહથી માંડીને તુર્કસ્તાનના મામલામાં પણ ઈંગ્લેન્ડે રશિઆ વિરુદ્ધની રાજનીતિ અંગીકાર કરી હતી. રશિઆના અફઘાનિસ્તાન અને ઈરાન જોડેના સંબંધ પ્રત્યે અને એશિઆ ખંડની હીલચાલ પ્રત્યે ઈંગ્લેન્ડ શંકાની નજરે જોતું હતું. મિસર અને આફ્રિકાના બીજા પ્રદેશોમાં

ઇંગ્લેન્ડ અને ફ્રાન્સ વચ્ચે વિરોધ ઉભો થયો હતો. જર્મની સાથે વેપાર, સંસ્થાનો, અને નૌકાબળ સંબંધી સ્પર્ધા જામવાથી એ દેશો વચ્ચેનો સંબંધ નષ્ટ થતો હતો. આવા સંયોગોમાં ચોખંડ પ્રસરેલા વિશાળ સામ્રાજ્યના રક્ષણ માટે નૌકાસૈન્યની વૃદ્ધિ કરવાની જરૂર હતી, તેમજ અન્ય દેશો સાથે સંધિ કરવાની ગ્રેટબ્રિટનને પણ તેટલીજ જરૂર હતી. એથી લૉર્ડ લેન્સડાઉન અને સર એડવર્ડ ગ્રે જેવા નિપુણ મંત્રીઓએ પરદેશો જોડે સલાહ, સંધિ, અને કરારો કરવા માંડયા. ઇ. સ. ૧૯૦૨માં ઉદયોન્મુખ જાપાન જોડે એવી સંધિ કરવામાં આવી, કે બન્ને દેશોમાંથી કોઈને અન્ય રાષ્ટ્ર જોડે વિગ્રહ થાય તો બીજાએ તટસ્થ રહેવું; પણ એમાંથી કોઈ દેશને એક કરતાં વધારે રાષ્ટ્રો જોડે યુદ્ધ કરવું પડે, તો બીજાએ યથાશક્તિ મદદ આપવી. આથી પણ વધારે મહત્ત્વની સંધિ ફ્રાન્સ જોડે થઈ, ઇ. સ. ૧૯૦૩–૪; તેમાં ફ્રાન્સે મિસર પર ઈંગ્લેન્ડનું આધિપત્ય માન્ય કર્યું, અને મોરોક્કો, માડાગાસ્કર અને ન્યૂફાઉન્ડલેન્ડના કલહો અને વિરોધનો નિર્ણય કરી નાખ્યો. ઇ. સ. ૧૯૦૭માં રશિઆ જોડે મૈત્રીસંબંધ બાંધી પશ્ચિમ એશિઆમાં તેનો રાજ્યવિસ્તાર કરવાની તૃષ્ણાને સંતોષવામાં આવી, અને એવું સમાધાન કરવામાં આવ્યું, કે ઇરાનના ત્રણ વિભાગ ગણી ઉત્તર વિભાગમાં રશિઆ તથા દક્ષિણ વિભાગમાં અંગ્રેજો પોતાની લાગવગ પ્રસારે, અને વચ્ચેનો પ્રદેશ તટસ્થ ગણી તેમાં બંનેમાંથી કોઈ પ્રવેશ કરે નહિ.

પરરાજ્યો જોડે રાજદ્વારી સંધિ કરવામાં નિયંત્રિત સત્તાવાળા રાજાનું કાર્ય કેટલું, અને પરદેશી મામલાનો તલસ્પર્શી અભ્યાસ કરનારા કાર્યદક્ષ મંત્રીઓનું કાર્ય કેટલું, તે કહેવું કઠણ છે. એડવર્ડની લાગવગ મોટી હતી, એમ હરકોઈ સ્વીકારે છે. તેની મમતા, સહૃદયતા, કુનેહ, મોહક રીતભાત, અને ઉદાર આતિથ્ય એ સર્વે અનેક રાજકર્તાઓ, રાજવંશીઓ, પ્રજાસત્તાક રાજ્યોના પ્રમુખો, અને મુત્સદ્દીઓ ઉપર મોહનમંત્ર નાખતાં હતાં. ફ્રાન્સ, ઈટલી, જર્મની, અને રશિઆના પ્રવાસો માત્ર વિનોદને અર્થેજ યોજાતા ન હતા. આવા પ્રવાસોને પરિણામે જુના સ્નેહસંબંધ તાજા થતા, નવા બંધાતા, અને બીજા અણકલ્પેલા રાજદ્વારી લાભો મળતા.

**મંત્રીમંડળમાં ફૂટ:** ઇ. સ. ૧૯૦૦–૧૯૦૫. એડવર્ડ ગાદીએ આવ્યો

ત્યારે સૉલ્સબરી પ્રધાનપદે હતો. પરંતુ ઇ. સ. ૧૯૦૨માં અસ્વસ્થ પ્રકૃતિને લીધે તેણે રાજીનામું આપ્યું, એટલે આમની સભામાં પ્રતિષ્ઠા પામેલો તેનો ભત્રીજો બાલ્ફર પ્રધાનપદે આવ્યો. તેણે કેળવણીનો કાયદો પસાર કરી દરેક પરગણાની પ્રાથમિક, માધ્યમિક અને બીજી શાળાઓ એકજ મધ્યવર્તી સત્તાને સોંપી દીધી. હવેથી સાંપ્રદાયિક શાળાઓને સરકારી મદદ મળવા લાગી.

તેજ વર્ષમાં સંસ્થાન ખાતાનો મંત્રી જોસેફ ચેમ્બર્લેઇન સંસ્થાનોની સ્થિતિ તપાસવા પ્રવાસે નીકળ્યો. તેણે પાછા આવી એવો મત દર્શાવ્યો, કે ઇંગ્લેન્ડે સંરક્ષિત વ્યાપારની નીતિ સ્વીકારવી જોઈએ. ઇ. સ. ૧૮૪૬થી ધાન્યના કાયદા રદ કરી ઇંગ્લેન્ડ નિરંકુશ વેપારની પદ્ધતિથી પરદેશી માલને બીન-જકાતે આયાત કરતું હતું, છતાં બીજાં રાજ્યોએ 'સંરક્ષક જકાત' (Protective Tariff) દાખલ કરી હતી, એટલે પરદેશમાં ઇંગ્લેન્ડને માલ પર જકાત ભરવી પડતી. ચેમ્બર્લેઇને કહ્યું કે ઇંગ્લેન્ડે 'સંરક્ષક જકાત' દાખલ કરી સ્વદેશી ઉદ્યોગને ઉત્તેજન આપવું જોઈએ. પરંતુ બોઅર વિગ્રહને પ્રસંગે સંસ્થાનોએ આપેલી સહાયની કદર પણ થવી જોઈએ, અને ઇંગ્લેન્ડને માતૃભૂમિ માનનારાં સંસ્થાનો સાથેનો સંબંધ દૃઢ કરી સામ્રાજ્યમાં સ્થિરતા અને બળ આણવું હોય, તો સંસ્થાનોમાંથી આવતા માલ પરની જકાતનો દર પરરાજ્યો કરતાં હલકો રાખવો જોઈએ. આ મતનો પ્રચાર કરવા માટે તેણે પ્રધાનમંડળમાંથી રાજીનામું આપ્યું. મંત્રીમંડળના નિરંકુશ વેપારના હિમાયતી સભ્યોએ આવા સિદ્ધાંતોથી ભયભીત થઈ બાલ્ફરનો સાથ છોડી રાજીનામાં આપ્યાં. સંરક્ષક જકાતની કલ્પના સામાન્ય પ્રજાને પસંદ પડી નહિ. પરદેશી માલ પર જકાત પડે, તો ગરીબોને મોંઘવારી થવાનો ભય લાગ્યો. લૅંકેશાયરના રૂના ધંધાદારીઓએ એમ માન્યું કે આવી નીતિ સ્વીકારવાથી આપણા ધંધાને આઘાત લાગશે. આ પ્રશ્ન પર દેશમાં તીવ્ર મતભેદ ઊઠ્યો, છતાં બાલ્ફર ચેમ્બર્લેઇન જોડે સહમત થયો; નાણાં ખાતાના પ્રધાન અને બીજા કેટલાક પ્રધાનોએ રાજીનામાં આપ્યાં. આમ ફૂટ પડેલા પ્રધાનમંડળ વડે કારભાર ચલાવવાનું બાલ્ફરને કઠણ લાગ્યું, એટલે છેવટે તેણે પણ રાજીનામું આપ્યું, ઇ. સ. ૧૯૦૫. પાર્લમેન્ટની નવી વરણીમાં માત્ર ૧૫૮ કૉન્ઝર્વૅટિવ આવ્યા; પણ લિબરલ પક્ષ અને તેના સહાયકોના ૫૧૨ સભ્યો આવ્યા, તે સાથે

ઇતિહાસમાં પહેલીજ વેળા મજુર પક્ષના સભાસદો પાર્લમેન્ટમાં બેઠા. તેમણે કોઈ પણ પક્ષ જોડે ભળી ન જતાં સ્વતંત્ર મત આપવાની પદ્ધતિ સ્વીકારી, એટલે બંને પક્ષને તેમની ગરજ પડવા લાગી.

**લિબરલ મંત્રીમંડળ અને સામાજિક સુધારણા:** આ વખતે સર હેનરી કેમ્પબેલ–બેનરમેન મુખ્ય પ્રધાન થયો, પ્રસિદ્ધ ધારાશાસ્ત્રી એસ્કિવથ અર્થમંત્રી થયો, વેલ્સનો ઉત્કૃષ્ટ વક્તા લૉઈડ જ્યૉર્જ સ્વદેશમંત્રી બન્યો, અને પ્રસિદ્ધ પંડિત જૉન મોર્લી ભારતમંત્રી થયો. ઇ. સ. ૧૯૦૮માં બેનરમેને રાજીનામું આપ્યું, એટલે મંત્રીમંડળમાં ફેરફાર થયો. હવે એસ્કિવથ મુખ્ય પ્રધાન થયો, અને લૉઈડ જ્યૉર્જ અર્થમંત્રી થયો. કોન્ઝર્વેટિવ પક્ષ તજનાર વિન્સ્ટન ચર્ચિલને પ્રધાનમંડળમાં દાખલ કરવામાં આવ્યો.

એસ્કિવથના નેતૃત્વ નીચે નવા પ્રધાનમંડળે શિક્ષણ અને માદક પદાર્થોના વેચાણ સંબંધી ખરડા રજુ કર્યા. તે આમની સભામાં પસાર થયા, પણ અમીરોની સભાએ તેમને નામંજુર કર્યા. આટલું બાદ કરતાં આ પ્રધાનમંડળની યશસ્વી કારકીર્દિમાં લોકહિતના કેટલાક કાયદા કરવામાં આવ્યા. અત્યાર સુધી એમ માનવામાં આવતું, કે મુડીદાર અને મજુરોની તકરારમાં સરકારે વચ્ચે પડવું, એ વ્યક્તિસ્વાતંત્ર્યનો ભંગ કરનારૂં છે. પરંતુ ઓગણીસમા સૈકાના ઉત્તરાર્ધમાં એવો મત બંધાયો, કે મજુરોની સ્થિતિ સુધારવા માટે કાયદા કરવા એ રાજ્યનો ધર્મ છે. ગ્લેડસ્ટને ઇ. સ. ૧૮૭૧માં મજુરસંઘો સ્થાપવાની રજા આપી તેમને કાયદેસર ઠરાવ્યા હતા, છતાં એકસંપ કરી કામ બંધ કરવાથી માલિકોને જે નુકસાન પહોંચે તે બદલ મજુરસંઘનું ભંડોળ જપ્ત કરી લેવાનો નિર્ણય ન્યાયાધીશો આપતા હતા, એટલે એ સંઘો માત્ર શોભારૂપ હતા. હવે એવો કાયદો થયો, કે મજુરસંઘોના ભંડોળનો આવો દુરુપયોગ કરવો નહિ. ઉપરાંત કારખાનાંમાં કામ કરતા મજુરો કે ઘરકામ કરતા નોકરોને અકસ્માત્ થાય, તો તેમને થએલું નુકસાન માલિકોએ ભરી આપવું એવો કાયદો કરવામાં આવ્યો. કેટલાક ધંધાઓમાં મજુરીના દર ઠરાવી તેમને સમાન રાખવા માટે વ્યાપારી મંડળો સ્થાપવામાં આવ્યાં. તેમની પેઢીઓએ મજુરોને કામ મેળવી આપવામાં સહાય કરવા માંડી, તેમજ જરૂર પડે તો તેમના કુટુંબને પરગામ જવામાં આર્થિક મદદ કરવા માંડી. કોલસાની ખાણમાં

કામ કરનારા મજુરોનું હિત વિચારી એવો કાયદો કરવામાં આવ્યો, કે આઠ કલાક કરતાં વધારે સમય કોઈ મજુરે પૃથ્વીના ગર્ભમાં રહેવું નહિ. આ ઉપરાંત નિર્ધનોને માટે જે કાયદો કરવામાં આવ્યો, તેથી ૩૧ પૌન્ડ ૧૦ શિલિંગ મુડી ન હોય, તેવાં ૭૦ વર્ષ ઉપરનાં સર્વ મનુષ્યોને ખર્ચ માટે દર અઠવાડીએ વધારેમાં વધારે પાંચ શિલિંગ મળવા લાગ્યા.

**રાજ્યબંધારણમાં મહત્ત્વનો ફેરફારઃ** ઇ. સ. ૧૯૦૯–૧૯૧૧. મજુરવર્ગની સ્થિતિ સુધારવામાં અને વૃદ્ધોને રાજ્ય તરફથી પેટગુજારાની રકમ આપવામાં ખર્ચ વધી જવા લાગ્યું. આ સિવાય ઇંગ્લેન્ડના બલાઢ્ય પ્રતિસ્પર્ધી જર્મનીએ સૈન્યની તડામાર વૃદ્ધિ કરવા માંડી. તેણે 'ડ્રેડનોટ' નામે નવીન પ્રકારની મનવારો બાંધવા માંડી, એટલે આત્મસંરક્ષણની દૃષ્ટિએ ઇંગ્લેન્ડે આ દિશામાં પ્રયત્ન કરવા માંડ્યો. પરંતુ આ સર્વને માટે જોઈતાં નાણાં લાવવાં ક્યાંથી ? કોષાધ્યક્ષ લૉઈડ જૉર્જે ઇ. સ. ૧૯૦૯નું વિખ્યાત અંદાજપત્રક રજુ કર્યું, અને તેમાં વધારાનાં નાણાં મેળવવા માટે જમીન પર નવી આંકણીના ધોરણે વધારાના કર નાખવાની, મધ્યમ વર્ગ કરતાં શ્રીમંતોની આવક પર વધારે કર લેવાની, અને માદક પદાર્થો પર ભારે કર નાખવાની યોજના રજુ કરી. આ પ્રમાણે વધારાનાં નાણાં આપવાનો સર્વ ભાર ધનિકો પર પડતો હોવાથી તે વર્ગમાં ક્ષોભ ઉત્પન્ન થયો. કોન્ઝર્વેટિવ પક્ષ તેમની જોડે ભળ્યો અને કહેવા લાગ્યો, કે આવા ભારે ફેરફારો કરતા પહેલાં પ્રજાની સંમતિ લેવાની જરૂર છે. પરિણામે અમીરોની સભાએ અંદાજપત્રક નામંજુર કર્યું, અને લોકમત જાણવા માટે પાર્લમેન્ટ બરખાસ્ત કરવામાં આવી.

છેવટે બંને પક્ષે પોતાનો કાર્યક્રમ મતદારો સમક્ષ પૂરી ખંતથી રજુ કર્યો. લિબરલો કહેવા લાગ્યા, કે અમીરો સ્વાભાવિક રીતે સંરક્ષક મતના હોવાથી કોન્ઝર્વેટિવ પક્ષની તરફદારી કરી તેમને સર્વ પ્રકારની સરળતા કરી આપે છે, અને અમારા માર્ગમાં વિઘ્ન નાખે છે. વળી બીનજવાબદાર તેમજ બીનગરજાઉ અમીરો પ્રજામતની વિરુદ્ધ જઈને લોકકલ્યાણના કાયદાઓ ઉડાવી દે છે, અને દરેક સમયે પ્રગતિનો માર્ગ રૂંધી રાખે છે,[1] માટે આ

---

૧. ગ્લેડસ્ટન કહેતો, કે There ate two things, which you can neither end nor mend. The House of Lords is one, the other is the Pope of Rome.

નવા કરો પ્રજાએ માન્ય રાખવા જોઈએ એટલુંજ નહિ, પણ આર્થિક વિષયોમાં ધનિકોના હિમાયતી અમીરોની સત્તા પર કાપ મૂકી બીજા કાયદાઓમાં તેમની સભાને મર્યાદિત કરી નાખવી જોઈએ. કોન્ઝર્વેટિવ પક્ષે જણાવ્યું કે સંરક્ષક જકાત નાખવાથી વધારાનાં નાણાં મળી જશે, એટલે આવા કરો નાખવાની જરૂરજ ક્યાં રહી? ઇ. સ. ૧૯૧૦ના આરંભમાં નવી મળેલી પાર્લમેન્ટમાં બંને પક્ષ લગભગ સમબળ થયા, પણ હવે જોમવાળો બનેલો મજુરપક્ષ અને આયર્લેન્ડનો રાષ્ટ્રીય પક્ષ લિબરલો જોડે ભળ્યો, એટલે પાર્લમેન્ટમાં તેમની બહુમતી થઈ. થોડા ફેરફાર સાથે ઇ. સ. ૧૯૦૯નું અંદાજપત્રક આમની સભામાં પસાર કરી અમીરો પાસે મોકલવામાં આવ્યું. તેમણે સંયોગો વિચારી આ સમયે તે મંજુર કર્યું.

એસ્કિવથે નવી પાર્લમેન્ટ મળતાં પ્રગતિના પંથમાં પ્રત્યેક સમયે વિઘ્ન નાખનાર અમીરોની સભાનો અધિકાર ઓછો કરવાનું કાર્ય હાથમાં લીધું. પોતાની સર્વ દરખાસ્તોને પ્રથમ ઠરાવ રૂપે રજુ કર્યા પછી તેણે પાર્લમેન્ટનો ખરડો દાખલ કર્યો, અને જણાવ્યું કે અમીરો આ ખરડાનો અસ્વીકાર કરશે તો નવા અમીરો બનાવીને પણ આ ખરડો પસાર કરવામાં આવશે. કોન્ઝર્વેટિવોએ આ ઠરાવોનો સખત વિરોધ કર્યો, પણ તેમનું કશું વળ્યું નહિ. પછી અમીરોએ પ્રતિષ્ઠા અને અધિકારને છાજે તેવા સુધારા પોતાની સભામાં કરવાનો ઠરાવ કર્યો. અનેક યોજનાઓ રજુ થઈ, પણ તેમાંની કોઈ સ્વીકારવામાં આવી નહિ. આમ વિરુદ્ધ નીતિવાળી અને પરસ્પર વિરોધી બનેલી બે સભાઓ અધિકારનું રક્ષણ કરવા કટિબદ્ધ થઈ, એટલામાં એડવર્ડનું મૃત્યુ થયું. જગતભરમાં શાંતિ પ્રવર્તાવનાર રાજા દેશના બે વિરોધી પક્ષો વચ્ચે સમાધાન કરાવી શકયો નહિ. તે ચિંતા અને વિષાદના ભારથી ભારે હૈયે ઇ. સ. ૧૯૧૦માં મરણ પામ્યો.

**પંચમ જ્યૉર્જ**: ઇ. સ. ૧૯૧૦–૧૯૩૬. એડવર્ડના મરણ પછી "**ખલાસી રાજા**" પંચમ જ્યૉર્જ ગાદીએ બેઠો, અને પાર્લમેન્ટનો આંતર કલહ થોડા વખત માટે શમ્યો. શરૂઆતમાં બંને સભાઓના અગ્રણીઓની સંયુક્ત પરિષદ્ મળી, અને સમાધાનીભર્યા તોડ માટે પ્રયત્ન કરવામાં આવ્યા, પણ સઘળું વ્યર્થ ગયું. દરમિઆન પાર્લમેન્ટની વરણી થયે થોડો સમય થયો

હતો, છતાં તે બરખાસ્ત કરી લોકહૃદય જાણવાનો પુનઃ પ્રસંગ ઉભો **થયો.** ફરી પણ લિબરલો અધિકાંશે આવ્યા, અને લોકમતની પુષ્ટિથી બળવા**ન્** બનેલા પ્રધાને ધમકી આપી, કે અમીરસભાની સત્તા સંબંધી કાયદો **પસાર**



પંચમ જ્યૉર્જ

કરવામાં જરૂર પડે એટલા નવા અમીરો બનાવવાની રાજાને સૂચના આપવા**માં** આવશે. પરિણામે અમીરોએ કાયદામાં અનેક સુધારા સૂચવ્યા, પણ તે **માન્ય** કરવામાં આવ્યા નહિ. ઇ. સ. ૧૯૧૧ની ગ્રીષ્મઋતુમાં પાર્લમેન્ટનો કાયદો

પસાર થયો, એટલે અમીરોની સત્તા ઉપર જબરો કાપ પડયો. આ વખતે આર્થિક બાબતોના ખરડામાં ફેરફાર કરવાની કે તે અમાન્ય કરવાની અમીરોની સત્તા લઈ લેવામાં આવી. બીજા વિષયોમાં એવું ઠર્યું કે કોઈ પણ ખરડો ફેરફાર વિના આમની સભામાં બે વર્ષે ઉત્તરોત્તર ત્રણ વાર પસાર થાય, તો તેને અમીરો સંમતિ મળે કે નહિ, છતાં તેને રાજસંમતિ મળતાં કાયદો થઈ શકે. આ ઉપરાંત ઇ. સ. ૧૭૧૬ના સપ્તવાર્ષિક કાયદામાં ફેરફાર કરી પાર્લમેન્ટનો સમય પાંચ વર્ષનો ઠરાવવામાં આવ્યો.

આજ વર્ષમાં પાર્લમેન્ટના સભ્યોને ૪૦૦ પૌન્ડનું વર્ષાસન આપવાની કોષાધિકારી લૉઈડ જ્યૉર્જે વ્યવસ્થા કરી, અને એટલેથી તેણે હકપ્રાર્થીઓ (Chartists) ના એક સ્વપ્નને સિદ્ધ કર્યું. [1]

પાર્લમેન્ટનો કાયદો પસાર કરવામાં આયરિશ સભ્યોની એકધારી સહાયથી ચડેલો ઉપકાર વાળવાની મુખ્ય પ્રધાનની વૃત્તિ પ્રબળ થઈ. આમની સભાની પ્રતિષ્ઠા સ્થાપ્યા પછી લિબરલ પક્ષના ઋણ સમા આયર્લૅન્ડને

૧. લિબરલ પક્ષે મજૂરોના હિતાર્થે કાયદા કર્યા, છતાં તેમનો અસંતોષ નિર્મૂળ થયો ન હતો. તેમને કામના કલાક ઓછા કરાવી વધારે રોજી લેવી હતી, અને તેમના મજુરસંઘોનો સ્વીકાર કરાવવો હતો. તેઓ હડતાલો પાડતા; ધીમે ધીમે એક ધંધાના મજુરો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવા બીજા ધંધાના મજુરો પણ તેમાં ભળવા લાગ્યા. ઈ. સ. ૧૯૧૧માં ખલાસીઓ, ગાડીવાળાઓ, અને ગોદામવાળાઓએ સંપ કરી દેશમાં એટલે સુધી સંકટ ઉત્પન્ન કર્યું, કે બાળકો માટે દૂધ મળવું દુર્લભ થઇ પડયું. તે જ વર્ષમાં રેલવેના મજુરોએ જબરી હડતાલ પાડી. ઈ. સ. ૧૯૧૨માં કોલસાની ખાણોવાળાઓએ સંપ કરી હડતાલ પાડી, એટલે લોખંડ–પોલાદનાં કારખાનાંને અને દેશના બીજા ઉદ્યોગોને સખત ફટકો લાગ્યો. આખરે સરકારને મધ્યસ્થ બની મજુરોની માગણી સંતોષવી પડી.

એસ્કિવથના અમલ દરમિઆન મજુરોના લાભાર્થે બે અગત્યના કાયદા થયા. ઇ. સ. ૧૯૧૧માં 'નેશનલ ઈન્સ્યુરન્સ'નો કાયદો પસાર થવાથી પ્રત્યેક સ્ત્રી કે પુરુષ કામદારને ૩–૪ પેન્સ જેવી રકમ ભરવાના બદલામાં વૈદ્યકીય સલાહ મફત મળે છે, અને મંદવાડના સમયમાં અઠવાડીએ ૧૦ શિલિંગ જેટલો પગાર મળે છે. બીજો કાયદો બેકાર મજુરોને કામે લગાડવા બાબતનો હતો.

સ્વરાજ્ય આપવાનું કાર્ય એસ્કિવથે આરંભ્યું. ઇ. સ. ૧૯૧૨માં તે માટે આમની સભામાં કાયદો પસાર થયો, પણ અમીરોએ પ્રજાની રૂખ જાણ્યા વિના નવીન પગલું ભરવાનું અશક્ય ઠરાવી તે અમાન્ય કર્યો. ઇ. સ. ૧૯૧૪માં પણ એનું એજ થયું. ત્રીજી વારનું વાચન કરી કાયદો પસાર કરવામાં આવ્યો, પણ એક નવો અણકલ્પ્યો વિરોધ ઉત્પન્ન થયો. અલ્સ્ટરવાસીઓએ એડવર્ડ કાર્સનના નેતૃત્વ નીચે ડબ્લિનની પાર્લમેન્ટમાં બેસવાની ના પાડી. તેણે સ્વયંસેવકો તૈયાર કરી તેમને શસ્ત્રવિદ્યાનું જ્ઞાન આપવા માંડયું, અને કવાયત શીખવવા માંડી. એથી આયર્લૅન્ડમાં આંતર વિગ્રહ ઉભો થવાનો સંભવ જણાયો, પણ તે દરમિઆન યુરોપની મહાભયંકર યાદવાસ્થળીનો આરંભ થયો.

---

## પ્રકરણ ૧૧મું

### ઇંગ્લૅન્ડની પરરાજ્ય નીતિ : ઇ. સ. ૧૮૧૫–૧૯૧૪

વૉટર્લુના યુદ્ધમાં જય મેળવ્યાથી ઇંગ્લૅન્ડની પ્રતિષ્ઠા વધી. જે સમયે સમગ્ર યુરોપ ખંડ નેપોલિયનના ત્રાસથી કંપી ઊઠયો, તે સમયે ઈંગ્લૅન્ડ તેની સામે ઝૂઝી રહ્યું. નેપોલિયનને હરાવવામાં ઈંગ્લૅન્ડની મહેનત ઘણી હતી, તેથી મિત્રરાજ્યો ફ્રાન્સની રાજ્યક્રાન્તિ શમાવી દેવા સમર્થ થયાં, અને તેના જશનો મોટો ભાગ ઈંગ્લૅન્ડને મળ્યો.

ત્રીસ વર્ષના મહાયુદ્ધને અંતે ઈંગ્લૅન્ડનું સામુદ્રિક બળ એવું અતુલ થઈ રહ્યું, કે સો વર્ષ સુધી તેના નૌકાસૈન્યની સામે જોવાની કોઈ રાજ્યની હામ ચાલી નહિ. તેને નવા મુલકો મળ્યા, અને ઑસ્ટ્રેલિઆ, કેનેડા, અને દક્ષિણ આફ્રિકાનાં સંસ્થાનોનો વિકાસ થવા લાગ્યો. આમ તેનું સામ્રાજ્ય વિસ્તાર પામવા લાગ્યું, અને તેનો વેપાર વધવા લાગ્યો. યુરોપનાં બંદરોમાં સંખ્યાબંધ અંગ્રેજી વહાણો માલ ભરીને જવા લાગ્યાં. વળી હિંદુસ્તાન, ચીન, વેસ્ટ ઈન્ડિઝ અને દક્ષિણ અમેરિકા સુધી માલની આવજા થવા લાગી. હવે જગદ્વ્યાપી વેપાર સુરક્ષિત રાખવાની ચિંતા ઈંગ્લૅન્ડના રાજદ્વારીઓને શિરે આવી. તેમને ઈંગ્લૅન્ડનો વેપાર ટકાવી રાખવા માટે યુરોપનાં તમામ અગત્યનાં

નાકાં જાળવવાની જરૂર લાગી. જે સાવધાનીથી તેઓ આયર્લૅન્ડના કિનારાની તપાસ રાખતા, તેજ સાવધાનીથી ઉત્તર સમુદ્રના મુખરૂપ બેલ્જીયમ ઉપર તેમની નજર મંડાઈ. બ્રાઝિલ અને કેપ જવાના માર્ગ માટે તથા જીબ્રાલ્ટરના રક્ષણ માટે લિસ્બન અગત્યનું દરિઆઈ મથક હતું; તેમજ સ્પેન મોરોક્કો ઉપર આધિપત્યનો દાવો ધરાવતું હતું, એટલે ભૂમધ્ય સમુદ્રમાં તેની વગ હતી, નેપલ્સ સાંકડા સમુદ્રમાર્ગોની કુંચી જેવું હતું, ઑસ્ટ્રિઆ પૂર્વ ભૂમધ્યના વેપારનું મથક હતું, સિરિઆ અને મિસરના અધિરાજ તરીકે ઇરાની અખાત અને રાતા સમુદ્રના જળમાર્ગો ઉપર તુર્કસ્તાન સત્તા ધરાવતું હતું, અને હિંદુસ્તાન જોડેનો વેપાર રાતા સમુદ્રમાં થઈ ભૂમધ્ય સમુદ્રને માર્ગે ચાલતો હતો. ઔદ્યોગિક પરિવર્તનથી ઉભાં થએલાં અનેક કારખાનાંનો માલ પરદેશના બજારમાં પહોંચાડી, ત્યાંથી કાચો માલ અને અનાજ લાવવા માટે ઈંગ્લેન્ડને નવાં બજારો શોધવાની જરૂર પડવા લાગી, અને પરદેશ જવાનો માર્ગ યુરોપ ખંડના સમુદ્રોમાં થઈને હતો. આથી આત્મસંરક્ષણ અને સ્વહિતની ખાતર ઈંગ્લેન્ડે તટસ્થ નીતિ તજી યુરોપના રાજદ્વારી મામલામાં ભાગ લેવાનો નિશ્ચય કર્યો.

ઓગણીસમા સૈકાના આરંભમાં યુરોપમાં અસાધારણ અવ્યવસ્થા પ્રસરી રહી. રાજ્યો છિન્નભિન્ન થઈ ગયાં, જુની સીમાઓ લોપાઈ ગઈ, સિંહાસનો સૂનાં પડયાં, અને અનેક રાજાઓ રઝળતા થઈ ગયા. દરમિઆન ઇ. સ. ૧૮૧૫માં વિએનાની પરિષદે ત્રીસ વર્ષના વિગ્રહનો અંત આણવાનો પ્રયત્ન કર્યો. તેણે રાજ્યોની સીમાઓ નક્કી કરી, ઘણાં રાજ્યોને રાજ્યબંધારણ ઘડી આપ્યું, અને યુરોપમાં શાન્તિ આણવાની મહેનત કરી. પેરિસની બીજી સંધિથી ફ્રાન્સ જોડે સલાહ થઈ, પણ ખરો વિકટ પ્રશ્ન તે પછી ઉભો થયો. પરિષદે જે સમાધાન અને જે નિર્ણયો કર્યાં હતા, તેને ટકાવી રાખવા અને તેનો યોગ્ય અમલ થાય છે કે નહિ તે જોવા, અને ભવિષ્યમાં આવા જબરા વિગ્રહ ન જાગે તે માટે શા ઉપાય લેવા, એ મહત્ત્વનો પ્રશ્ન હતો. ઇ. સ. ૧૮૧૫થી ૧૮૨૨ સુધી ઈંગ્લેન્ડનો પરદેશ ખાતાનો પ્રધાન કેસલરીધ હતો. તેણે વિએનાની પરિષદમાં સર્વ રાજ્યો વચ્ચે સમાધાની કરાવી યુરોપમાં શાન્તિ આણવાના પ્રયત્નો માટે તનતોડ શ્રમ કર્યો. તે માનતો હતો કે યુરોપની શાન્તિ જાળવવાનું કાર્ય અને ધર્મ વિજેતા રાજ્યોનો છે. જે

રાજ્યોએ એકત્ર થઈ યુરોપને ભયંકર નાશમાંથી બચાવ્યો છે, તે રાજ્યો એક દીલથી કામ લે તો પછી કોના ભાર છે? આથી તેણે ગ્રેટબ્રિટન, રશિઆ, ઑસ્ટ્રિઆ, અને પ્રુશિઆ વચ્ચે એક સંધિ કરાવી વિએનાની પરિષદ્ પાસે તેનો સ્વીકાર કરાવ્યો. પેરિસની સંધિની સરતો સ્વીકારવા, તેનો યોગ્ય અમલ થતો જોવા, અને સામાન્ય હિતના પ્રશ્નો સંબંધી વિચાર કરવા વારંવાર મળવાની તેમણે કબુલાત આપી.

પરંતુ કેસલરીધના મનોરથ મનમાં રહ્યા. એ સમયે યુરોપના રાજદ્વારી મામલામાં રશિઆનો શહેનશાહ એલેકઝાંડર અને ઑસ્ટ્રિઆનો પ્રધાન મેટરનીશ એ બે પ્રવીણ ગણાતા હતા, અને યુરોપનાં બીજાં રાજ્યો તેમને પગલે ચાલતાં હતાં. દરમિઆન રશિઆ, પ્રુશિઆ, અને ઑસ્ટ્રિઆના શહેન-શાહોએ '**પવિત્ર સંધિ**' ( Holy Alliance ) કરી, અને ભીડ પડે ત્યારે સહાય આપવાનું વચન આપ્યું. તેમણે લોકોની રાષ્ટ્રભાવના અને સ્વતંત્રતાની આતુરતા યુક્તિથી દબાવી દઈ આપઅખત્યાર, બીનજવાબદાર અને એકહથ્થુ રાજસત્તા સ્થાપવાની પેરવી કરી. ખ્રિસ્તી ધર્મને નામે મેટરનીશે દમનનીતિનો દોર ચલાવ્યો, અને લોકોની રાષ્ટ્રભાવનાઓ છૂંદી નાખી. આથી સ્પેન, પોર્ટુગલ, અને નેપલ્સની પ્રજાઓએ પોતાના રાજાઓની સામે ખુલ્લું બંડ કર્યું, અને મર્યાદિત રાજસત્તાવાળો બંધારણપૂર્વકનો રાજ્યવહીવટ ચલાવવાની માગણી કરી. મેટરનીશે પરિષદ્‌ને વચ્ચે પડવાનો આગ્રહ કર્યો, એટલે રશિઆ અને પ્રુશિઆનાં રાજ્યો તેમ કરવા તૈયાર થઈ ગયાં. પરંતુ કેસલરીધે કોઈ પણ સ્વતંત્ર રાજ્યના આંતર વહીવટમાં વચ્ચે પડવાની ના પાડી.

એટલામાં મેકિસકો, પેરૂ, ચિલી, અને કોલંબિઆએ સ્પેનની ધુંસરી ફેંકી દઈ સ્વતંત્રતા જાહેર કરી, અને ગ્રીસે પણ તુર્કસ્તાનના પંજામાંથી છૂટવાનો પ્રયાસ આદર્યો. બીજાં રાજ્યો પોતાનું ધાર્યું કર્યે ગયાં. નેપલ્સનું બંડ શમાવી દેવા માટે ઑસ્ટ્રિઅન સૈન્ય મોકલવામાં આવ્યું, અને સ્વતંત્રતાનો પોકાર ઉઠાવનાર ફ્રેન્ચ સૈનિકોએ સ્પેનની પ્રજાકીય હીલચાલને જોરજુલમથી બેસાડી દીધી. કેસલરીધે ઑસ્ટ્રિઆ અને ફ્રાન્સનાં જુલમી કૃત્યો પ્રત્યે વિરોધ જાહેર કર્યો.

કેનિંગ: ઇ. સ. ૧૮૨૨માં કેસલરીધે આત્મહત્યા કરી, એટલે તેને સ્થાને બાવન વર્ષનો, દેખાવડો, ચપળ, બુદ્ધિશાળી, અને હોંસીલો કેનિંગ પરદેશ ખાતાનો મંત્રી થયો. તે સ્વતંત્રતાનો શોખીન હતો, પણ ઇંગ્લેન્ડનું હિત જોવાની પરદેશનીતિમાં તે કેસલરીધને ચીલે ચાલ્યો. તે કહેતો કે દરેક પ્રજાએ પોતાનું હિત સંભાળવું, અને ઇશ્વર સર્વનું હિત સંભાળશે. દરમિઆન દક્ષિણ અમેરિકાનાં સંસ્થાનો સ્પેનથી સ્વતંત્ર થવા પ્રયાસ કરતા હતાં, તેમને તેણે ઉત્તેજન આપ્યું. સ્પેનને આશા હતી કે જેમ પૂર્વે ફ્રાન્સનાં શસ્ત્રોની સહાયથી પ્રજાનો બળવો શમાવી શકાયો હતો, તેમ સંસ્થાનોના બળવાના કટોકટીના મામલામાં એજ સહાય મળશે, અને સંસ્થાનોની વીફરેલી પ્રજાને દબાવી શકાશે. પરંતુ કેનિંગ ચતુર અને સાવધ હતો. તેણે ફ્રાન્સની વગ સ્પેનમાં વધી જાય, તો સ્પેનને શક્તિહીણું કરી નાખવાનો સંકલ્પ કર્યો. એથી તેણે સંસ્થાનોની સ્વતંત્રતા સ્વીકારી. તેણે તેમની જોડે વેપારી સંધિ કરી, અને જુદે જુદે સ્થળે ગ્રેટબ્રિટનના આડતીઆ નીમી દીધા. પરંતુ થોડા સમય પછી અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનોના પ્રમુખ મનરોએ જાહેર કર્યું, કે યુરોપના કોઇ પણ રાજ્યને અમેરિકાનાં પ્રકરણમાં વચ્ચે પડવાની જરૂર નથી. અમેરિકા કંઇ યુરોપી રાજ્યોને લૂંટ પાડવાનું સ્થળ નથી, અને કોઇ પણ યુરોપી રાજ્ય એ ખંડમાં પોતાનું રાજ્ય સ્થાપવા કે વધારવા પ્રયત્ન કરશે, તો સંયુક્ત સંસ્થાનો તેનો છચોક વિરોધ કરશે. કેનિંગે પણ મનરોના સિદ્ધાંતને અનુમોદન આપ્યું, એટલે ઇંગ્લેન્ડમાં કેનિંગના વિરોધીઓએ ખળભળાટ મચાવી મૂકયો. તેમણે જણાવ્યું કે સંસ્થાનોની સ્વતંત્રતા સ્વીકારવી એ આયર્લેન્ડના બળવાખોરોને ઉત્તેજન આપવા જેવું છે. પરંતુ કેનિંગ એવા કશા ભયથી ડરી જાય એવો ન હતો.

સ્પેન નિર્બળ થયા પછી પોર્ટુગલનો વારો આવ્યો. ચૌદમા સૈકાથી પોર્ટુગલ જોડે ઇંગ્લેન્ડનો મિત્રાચારીનો સંબંધ દ્વીપકલ્પીય વિગ્રહને લીધે ગાઢ બન્યો હતો. ફ્રાન્સના વિગ્રહો દરમિઆન પોર્ટુગલનું રાજકુટુંબ બ્રાઝિલના સંસ્થાનમાં જઇ વસ્યું હતું. ઇ. સ. ૧૮૨૧માં જ્યેષ્ઠ પુત્ર ડૉન પેડ્રોને સંસ્થાનમાં રાખી રાજા જ્હૉન સ્વદેશ પાછો આવ્યો હતો. ઇ. સ. ૧૮૨૬માં પિતાના મૃત્યુ પછી પેડ્રોએ બ્રાઝિલનું રાજ્ય લીધું, અને પોર્ટુગલનું રાજ્ય

પોતાની પુત્રી મેરિઆને સોંપી દીધું, પણ બાળરાણીના કાકા ડૉન મિગેલે રાજ્યલોભથી ગાદીનો દાવો કર્યો. કેનિંગે મેરિઆનો હક સ્વીકારી તેનો પક્ષ લીધો. આમ પોર્ટુગલની રાણી ઈંગ્લેન્ડના ઉપકારના બંધને બંધાય, ફ્રાન્સની વગ ઓછી થાય, પોર્ટુગલનું અમેરિકાના સંસ્થાનનું રાજ્ય કપાઈ જાય, અને ભૂમધ્ય સમુદ્રમાં કોઈ પણ સમયે જરૂર પડે તો લિસ્બન બંદરનો નૌકાસૈન્યના મથક તરીકે ઉપયોગ થઈ શકે, એવું ઈંગ્લેન્ડનું ચોવડું હિત આ ચતુર મંત્રીએ સાધ્યું: છતાં પોર્ટુગલમાં ગાદી માટે યુદ્ધ ચાલ્યું, અને ઇ. સ. ૧૮૩૩માં કેનિંગના ઉત્તરાધિકારી પામર્સ્ટનના પ્રયાસથી ગ્રેટબ્રિટન, સ્પેન, ફ્રાન્સ, અને પોર્ટુગલે સંધિ કરી મેરિઆનો હક સ્વીકાર્યો, અને મિગેલને દેશવટો દીધો.

**ગ્રીસનું સ્વાતંત્ર્ય માટે યુદ્ધ:** ઇ. સ. ૧૪૬૦થી તુર્ક અમલમાં જકડાએલા ગ્રીસે સ્વતંત્રતા મેળવવા માટે કેનિંગના અધિકાર દરમિઆન ભારે પ્રયત્નો આદર્યા, અને બંને પક્ષ જીવ સટોસટ ઉપર આવી ગયા. ગ્રીસની પ્રાચીન સંસ્કૃતિ માટે માન ધરાવનારાં યુરોપનાં રાજ્યોમાં તુર્કસ્તાન પ્રત્યે ક્રોધની લાગણી ઉભરાઈ આવી. શેલી અને બાયરન જેવા કવિઓએ ગ્રીસનો પક્ષ લઈ અંગ્રેજ પ્રજાની સહાનુભૂતિ ઉત્તેજિત કરવા માંડી, એટલે અનેક અંગ્રેજો ગ્રીસને નાણાંની સહાય આપવા તત્પર થયા. પરંતુ આ સમયે ગ્રીસનો પક્ષ લેવો કે નહિ, તે વિષે ઈંગ્લેન્ડની સરકાર નિશ્ચિત અભિપ્રાય બાંધી શકી નહિ. યુરોપી રાજ્યખટપટથી તટસ્થ રહેવાનું પોતાનું ધોરણ બદલવાની કેનિંગની ઇચ્છા ન હતી, પણ રશિઆનો શહેનશાહ તુર્ક લોકોનો વિરોધી હોવાથી ગ્રીસનો પક્ષ લઈ યુદ્ધમાં ઉતરે, અને તુર્કસ્તાન હારે તો દક્ષિણ અને પૂર્વ યુરોપમાં રશિઆ બળવાન્ થઈ બેસે એ મોટો સવાલ હતો. વળી ઈંગ્લેન્ડ તટસ્થ રહે, તો સંધિ થાય ત્યારે બીજાં રાજ્યો પોતાનું હિત સાધી લે, અને ઈંગ્લેન્ડને તે જોઈ રહેવું પડે એમ હતું. આ વાતનો વિચાર કરી ઈંગ્લેન્ડે ગ્રીસનો પક્ષ લીધો. ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, અને રશિઆએ ગ્રીસની સ્વતંત્રતાને સ્વીકારી, પણ તુર્કસ્તાને તે વાત મંજુર રાખી નહિ, એટલે ઇ. સ. ૧૮૨૭માં નેવેરિનો આગળ નાનું યુદ્ધ થયું. મિત્રરાજ્યો જીત્યાં, અને તુર્ક નૌકાસૈન્યનો નાશ થયો. દરમિઆન કેનિંગ મરણ પામ્યો, એટલે વેલિંગ્ટન પરદેશમંત્રી થયો. પાછળથી રશિઆ અને ફ્રાન્સે તુર્કસ્તાન જોડે યુદ્ધ ચાલુ

રાખ્યું, પણ ઇ. સ. ૧૮૨૯ની સંધિથી ગ્રીસને કાયમને માટે તુર્કસ્તાનથી સ્વતંત્ર બનાવ્યું.

**પામર્સ્ટનની દેશાંતર નીતિઃ** યુરોપમાં આ પ્રમાણે અવ્યવસ્થા અને રાજ્યક્રાન્તિ પ્રવર્તી હતી, ત્યારે ઇંગ્લેન્ડની દેશાંતર નીતિનો સૂત્રધાર પામર્સ્ટન હતો. તે મહા ચતુર, દૂરંદર્શી, તેજસ્વી અને રાજનીતિમાં નિપુણ હતો. કેનિંગે સ્વીકારેલી તટસ્થ નીતિ છોડી દઈ યુરોપના મામલામાં હાથ નાખવો, ઇંગ્લેન્ડની પ્રતિષ્ઠા વધારવી, તેનું હિત સંભાળવું અને વધારવું, અને ઇંગ્લેન્ડની પરરાજ્યો પાસે મહારાજ્ય તરીકે ગણતરી કરાવવી, એવી તેની મહેચ્છા હતી. ૩૫ વરસના ગાળામાં થોડાં વર્ષો સિવાય બધો વખત ઇંગ્લેન્ડની પરાજ્ય નીતિનું તંત્ર તેની પાસે રહ્યું. તે દરમિઆન ઇંગ્લેન્ડ પરદેશીઓથી બેપરવા રહે, અને પરદેશીઓ ઇંગ્લેન્ડના ગરજાઉ બને, એ તેની નીતિનો મર્મ હતો. તે કેસલરીધ અને કેનિંગના શિષ્ય સમો હતો. તેણે બ્રિટિશ સામ્રાજ્યના હિત પ્રત્યે દૃષ્ટિ ઠેરવી રાખી. ફ્રાન્સ એલ્જીરિયામાં આગળ વધે, કે પિરિનીઝ-ની પેલી પાર વગ વધારે, એ વાત તેને પરવડતી ન હતી. વળી સ્પેન ફ્રાન્સનું ઉપરાજ્ય બની પોર્ટુગલને પોતાની જોડે ખેંચી લે, અને ટેગસ નદીમાં અંગ્રેજી વેપારી વહાણોની આવજા થતી અટકાવી ન દે, તે માટે આ બંધો મંત્રી હંમેશાં ખબરદારી રાખ્યા કરતો. પોર્ટુગલમાં તેણે મેરિઆને સકારણ મદદ કરી હતી. પોર્ટુગલમાં ગાદી માટે યુદ્ધ ચાલતું હતું, ત્યારે સ્પેનમાં પણ એવા કારણસર ખુનરેજી ચાલતી હતી. સ્પેનનો રાજા ત્રણ વર્ષની બાળ કુંવરીને મૂકી મરણ પામ્યો, એટલે તેના ભાઈ ડૉન કાર્લોસે દાવો કર્યો, કે સ્પેનની ગાદી ઉપર સ્ત્રીને કાયદાપૂર્વક હક પ્રાપ્ત થતો નથી, અને હુંજ ખરો હક્દાર છું. પામર્સ્ટને કુંવરીનો પક્ષ લઈ અંગ્રેજોને સ્પેનના સૈન્યમાં જોડાવાની રજા આપી. આખરે કાર્લોસના પક્ષકારો નબળા પડયા, રાણી ઇસાબેલ ગાદીએ આવી, અને સ્પેનમાં બંધારણપૂર્વકનો રાજ્યવહીવટ દાખલ થયો.

**સ્વતંત્ર બેલ્જીયમ:** યુરોપના છેલ્લા મહાવિગ્રહમાં મશહુર થએલા બેલ્જીયમની સ્વતંત્રતાનો ઇતિહાસ કંઈ જુનો નથી. સોળમા અને સત્તરમા સૈકામાં એ દેશ સ્પેનના અધિકારમાં હતો, પણ અઢારમા સૈકામાં ઑસ્ટ્રિઆના અમલ નીચે આવ્યો. ઇ. સ. ૧૮૧૫માં વિએનાની પરિષદે તેને હોલેન્ડ જોડે

એકત્ર કરી દઈ ફ્રાન્સ અને જર્મની વચ્ચે એક મજબુત મધ્યસ્થ રાજ્ય ઉભું કરવાની યોજના કરી. બેલ્જીયમની પ્રજા જાતિ, ધર્મ, ભાષા અને આચારવિચારમાં વલંદાઓથી છેક જુદી હતી, એટલે તેમને આવો સંયોગ




બેલ્જીયમ
ઈ.સ. ૧૮૩૧

જરાએ રુચ્યો નહિ. ઇ. સ. ૧૮૩૦માં યુરોપમાં ફ્રાન્સ, જર્મની, ઈટલી, અને પોલેન્ડ આદિ યુરોપી રાજ્યોમાં ક્રાન્તિના ભડકા ફરી વળ્યા. ફ્રાન્સના લોકોએ જુલમી રાજા ચાર્લ્સ ૧૦માને પદભ્રષ્ટ કરી લુઈ ફિલિપ્પીને ગાદી આપી, એટલે બેલ્જીયનોમાં પણ સ્વદેશપ્રેમનો ઉત્કટ આવેશ પ્રકટ્યો. તેઓ બળવો કરી હોલેન્ડથી સ્વતંત્ર બન્યા.

હવે શું કરવું? વિએનાની પરિષદમાં ભાગ લેનાર રાજ્યોને પોતે કરેલી યોજનાનો કોઈ ખુલ્લો ભંગ કરે, એ વાત રુચતી ન હતી.

હોલેન્ડ પણ બેલ્જીયમની સ્વતંત્રતા સ્વીકારવા તૈયાર ન હતું એટલુંજ નહિ, પણ પોતાનું ઉપરીપણું ટકાવી રાખવા માટે વિગ્રહ જાહેર કરવા તૈયાર હતું. પામર્સ્ટનને ચિંતા થઈ, કે ફ્રાન્સ પોતાનું દૃષ્ટાન્ત વિચારી

પ્રસંગનો પૂરો લાભ ઉઠાવવા માટે બેલ્જીયમની વહાર કરશે, એટલે તે દેશમાં તેની વગ વધી જશે. અનેક સૈકાંથી ઈંગ્લેન્ડની રાજ્યનીતિનો એક અગત્યનો મુદ્દો એ હતો, કે શેલ્ટ નદી ઉપરથી ઈંગ્લેન્ડની સલામતીનો કોઈ મહારાજ્ય ભંગ ન કરે, એ ખાસ ધ્યાનમાં રાખવું. વળી બેલ્જીયનો પોતાનો દેશ હોલેન્ડ સાથે જોડાઈ ન જાય તે માટે ગમે તે ભોગ આપવા તૈયાર હતા, એટલે પ્રસંગ ઓળખીને પામર્સ્ટને લંડનમાં મહારાજ્યોની પરિષદ્ બોલાવી. આમાં ગ્રેટબ્રિટન, ઑસ્ટ્રિઆ, રશિઆ, પ્રુશિઆ, ફ્રાન્સ અને બેલ્જીયમનાં રાજ્યોએ સંધિ કરી બેલ્જીયમનું સ્વાતંત્ર્ય સ્વીકાર્યું, અને સેકસકોબર્ગના લિઓપોલ્ડને તેનો રાજા ઠરાવ્યો. હોલેન્ડથી આ રાજ્યહાનિ ખમાઈ નહિ. તેને નવી યોજના ખૂચી, એટલે તેણે યુદ્ધ ચાલુ રાખ્યું. ત્યાર પછી લગભગ આઠ વર્ષે પામર્સ્ટનના અથાક પ્રયત્નોથી ગ્રેટબ્રિટન, ઑસ્ટ્રિઆ, પ્રુશિઆ, ફ્રાન્સ, રશિઆ, અને હોલેન્ડ વચ્ચે સંધિ થઈ. પરિણામે બેલ્જીયમ સ્વતંત્ર રાજ્ય ગણાયું, અને યુદ્ધવેળા પક્ષકારોએ તે દેશને તટસ્થ ગણવો એવી જામીનગીરી લેવાઈ, ઇ. સ. ૧૮૩૯. આમ પામર્સ્ટનની નીતિને પ્રતાપે બેલ્જીયમ ફ્રાન્સના બુર્બોન કુટુંબના રાજ્યવંશીના હાથમાં જતાં બચ્યું, અને ઈંગ્લેન્ડનું મિત્ર બન્યું.

**મહમદઅલ્લી:** ફ્રાન્સની વગ બને તેટલી ઓછી કરી ઈંગ્લેન્ડની મહત્તા વધારવાની પામર્સ્ટનની નીતિનો પ્રતાપ અન્યત્ર પણ જણાય છે. મિસર તુર્કસ્તાનનો પ્રાંત હતો, અને ત્યાં મહમદઅલ્લી નામે પ્રતાપી આલ્બેનિયન સુબો હતો. તેણે કુનેહ, આત્મશક્તિ, અને ફ્રાન્સની મિત્રાચારીથી પોતાની સત્તા જમાવી પોતાનું જળ અને સ્થળ સૈન્ય એવું તો સબળ બનાવ્યું, કે ગ્રીસ જોડેના યુદ્ધમાં સુલતાનને તેની સહાય સોનાના મૂલની થઈ પડી. પરંતુ ત્યારપછી મહમદઅલ્લી અને સુલતાન વચ્ચે ઝગડો ઊઠયો. એથી મહમદઅલ્લીએ સૈન્ય સાથે કોન્સ્ટન્ટિનોપલ ઉપર ચઢાઈ કરી. પરંતુ રશિઆનો ઝાર સુલતાનની કુમકે ધાયો, અને તેના બદલામાં સુલતાન પાસેથી તેણે વચન લીધું, કે ડાર્ડેનલ્સની સામુદ્રધુનિમાં રશિઆ વિના કોઈ વિદેશી રાજ્યોનાં લડાયક જહાજોને આવવા દેવાં નહિ. પામર્સ્ટન આ છુપા કરારની જાણ થતાં લાગ તાકી બેસી રહ્યો. ઇ. સ. ૧૮૩૯માં મહમદઅલ્લી

અને સુલતાન વચ્ચે ફરી ટંટો જાગ્યો, ત્યારે પ્રથમના કરાર પ્રમાણે ઝાર સુલતાનની સહાયે આવવા તત્પર થયો. તુર્ક રાજ્ય આમ રશિઆનું ઉપરાજ્ય બની જાય, તો હિંદુસ્તાન જવાઆવવાના માર્ગો સુરક્ષિત રાખવા કઠણ પડે, એવા વિચારથી પામર્સ્ટને આ ઝગડામાં વચ્ચે પડવાનો નિશ્ચય કરી ફ્રાન્સનો સહકાર માગ્યો. પૂર્વ ભૂમધ્ય, ગ્રીસ, મિસર, અને મેસોપોટેમિઆમાં પ્રબળ વગ ધરાવનાર ફ્રાન્સનું ધારવું એવું હતું, કે જો મહમદઅલ્લી જય પામે તો અંગ્રેજોની વધતી જતી સત્તાનો તોર ઉતરે. આથી તેણે વચ્ચે પડવાની ના પાડી, એટલે પામર્સ્ટને એકલે હાથે મિસરીઓને હરાવ્યા, એકરનો કિલ્લો કબજે કર્યો, અને મહમદઅલ્લીને સિરિઆ છોડી જવાની ફરજ પાડી. હવે પામર્સ્ટન ફ્રેન્ચ સત્તાનો કટ્ટો વિરોધી ગણાવા લાગ્યો, અને તેની વિરુદ્ધ રોષની તીવ્ર લાગણીઓ પ્રકટી નીકળી. પરંતુ તુર્કસ્તાન અને ઈંગ્લેન્ડ મૈત્રીનાં દૃઢ બંધને બંધાયાં, અને કૉન્સ્ટન્ટિનોપલથી અફઘાનિસ્તાનની સીમા સુધીના પૂર્વના મધ્ય પ્રદેશોની ચિંતા ગ્રેટબ્રિટનને શિરેથી ટળી.

**રાજનીતિમાં ફેરફારઃ** ઇ. સ. ૧૮૪૧માં લૉર્ડ મેલ્બોર્નના લિબરલ પ્રધાનમંડળનો અંત આવ્યો, અને તેને સ્થાને ટોરી પીલનું પ્રધાનમંડળ આવ્યું. આથી લૉર્ડ એબર્ડિન પરદેશમંત્રી થયો, અને ઈંગ્લેન્ડની રાજનીતિમાં ફેરફાર થયો. નવા પ્રધાને રાજ્યવિસ્તાર પ્રત્યે વિરોધ દર્શાવ્યો, અને પરરાજ્યોના સમાન હક્કો સ્વીકાર્યા. તેણે પરરાજ્યો જોડે શાંતિ અને વિવેકભરેલી નીતિ આદરી. અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનો જોડે પામર્સ્ટને માંડેલા ઝગડાની પતાવટ કરવામાં આવી. ન્યૂ બ્રન્સ્વીક અને મૈન સંસ્થાનોની સરહદ સંબંધી તકરાર અને બીજી ગેરસમજુતીનો નિકાલ આણવામાં આવ્યો. ઑસ્ટ્રિઆ અને પ્રુશિઆ જોડે મૈત્રીસંબંધ કેળવવામાં આવ્યો, અને ફ્રાન્સ જોડેની નીતિમાં પણ પરિવર્તન થઈ ગયું. ફ્રાન્સનો પ્રધાન ગિઝો લૉર્ડ એબર્ડિનનો મિત્ર હોવાથી બંને દેશો વચ્ચેનો સંબંધ સુધર્યો. પરિણામે રાણી વિકટોરિઆ ફ્રાન્સ જઈ આવી, અને લુઈ ફિલિપ્પી ઈંગ્લેન્ડમાં રાણીનો અતિથિ થયો. આ ઉપરાંત પાસિફિક મહાસાગરમાં આવેલા એક દ્વીપ સંબંધી ઊઠેલી તકરાર પણ સલુકાઈથી સમાવી દેવામાં આવી.

પરંતુ ઈ. સ. ૧૮૪૬માં પીલનો અમલ ઉતર્યો, અને રસેલના પ્રધાનમંડળમાં પામર્સ્ટન પરદેશમંત્રી બન્યો, એટલે તેણે ફ્રાન્સ પ્રત્યે પોતાની જુની નીતિ ચાલુ કરી. દરમિઆન લુઈ ફિલિપ્પીએ સ્પેનની રાજપુત્રીઓનાં લગ્ન માટે કરેલી ગોઠવણથી ઈંગ્લેન્ડ અને ફ્રાન્સ વચ્ચે ઉંચાં મન થઈ ચૂક્યાં. લુઈ એ નાની કન્યાનું લગ્ન પોતાના કુંવર જોડે, અને મોટીનું તેના દૂરના સગા જોડે ગોઠવ્યું. સ્પેનનો રાજા અપુત્ર હોવાથી મોટી રાજકુંવરીનો પુત્ર સ્પેનનો ગાદીવારસ થાય તેવો સંયોગ હતો. આથી યુરોપના અનેક રાજકુંવરો એ ગાદી મેળવવાના લોભે માગાં મોકલતા. પરંતુ લુઈની ગોઠવણ મુજબ મોટી રાજકન્યાનો પતિ અનારોગ્ય હોવાથી તેને સંતાન ન થાય, તો લુઈના પુત્રને સ્પેનની ગાદી મળે એમ સૌ માનતા. એથી તો ફ્રાન્સ અને સ્પેનનાં રાજ્યો એકત્ર કરવાની લુઈ ૧૪માની રાજનીતિ અસ્તિત્વમાં આવવા જેવું લાગ્યું. પામર્સ્ટને લુઈ નો પ્રપંચ પામી જઈને વિક્ટોરિઆના કોઈ સગાને ઉમેદવાર તરીકે ઉભો કર્યો. આખરે લુઈની ધારણા મુજબ લગ્ન તો થયું, પણ સદ્‌ભાગ્યે મોટી રાજકન્યાને પુત્ર અવતર્યો, એટલે ગાદીવારસાના પ્રપંચોનો અંત આવ્યો.

ઈ. સ. ૧૮૪૮ની સાલ એટલે યુરોપમાં રાજ્યક્રાન્તિનું વર્ષ. ફ્રાન્સ, પોલેન્ડ, ઈટલી, હંગરી, જર્મની આદિ અનેક રાજ્યોમાં પ્રજાપ્રકોપનો અગ્નિ પ્રજળી ઊઠ્યો, અને પ્રચલિત રાજ્યપદ્ધતિ દૂર કરવાના પ્રયત્નો શરૂ થયા. ફ્રાન્સમાં નેપોલિયનના ભત્રીજા લુઈ નેપોલિયને ફ્રાન્સને પ્રજાસત્તાક રાજ્ય જાહેર કર્યું, અને પોતે તેમો '**પ્રમુખ**' બન્યો. ઈ. સ. ૧૮૫૨માં તેણે પોતાના સર્વ વિરોધીઓને ગમે તે પ્રકારે દાબી દઈ પોતાને ફ્રાન્સનો '**સમ્રાટ**' જાહેર કર્યો. રાજ્યક્રાન્તિની પાછળ રહેલો લોકોનો સ્વતંત્રતા માટેનો ઊંડો પ્રેમ પામર્સ્ટન પારખી શકતો હતો. પરંતુ લોકોએ સ્વતંત્રતાને નામે ઉદ્ધતાઈ અનાદર અને નિર્દય હત્યાકાંડ ચલાવવા માંડ્યા, ત્યારે તેમની તરફ તેની સહાનુભૂતિ ઘટી ગઈ. છતાં ફ્રાન્સની અંધાધુંધી ઓછી થઈ વ્યવસ્થિત તંત્ર ચાલશે એવી આશાએ લુઈ નેપોલિયનનાં આપઅખત્યારી કાર્ય પ્રત્યે રાણી કે પ્રધાનોની અનુમતિ વિના પામર્સ્ટને પોતે સંમતિ દર્શાવી. પામર્સ્ટનની રાજનીતિથી રાણીનો અસંતોષ તો કયારનોએ ધુંધવાઈ રહ્યો હતો, તેમાં વળી

આ બનાવે ઘી હોમ્યું. આથી પામર્સ્ટનને રજા આપવામાં આવી. રસેલનું પ્રધાનમંડળ પણ ત્યાર પછી થોડો સમય ટક્યું. રસેલના ઉત્તરાધિકારી ડર્બીનું પ્રધાનપદ ગણ્યાગાંઠ્યા મહીના ટક્યું, એટલે છેવટે લૉર્ડ એબર્ડિન વડો પ્રધાન, પામર્સ્ટન સ્વદેશખાતાનો પ્રધાન, અને રસેલ પરદેશમંત્રી થયો.

**ક્રીમિઅન વિગ્રહ:** એબર્ડિનના સમયમાં દેશમાં ચાલીસ વર્ષ સુધી અખંડ પ્રવર્તી રહેલી શાન્તિનો ભંગ કરાવનારો એક મહાવિગ્રહ જાગ્યો. તુર્કસ્તાનનું રાજ્ય ક્ષીણ થતું જતું હતું, એટલે તેમાં વગ વધારી પૂર્વમાં રાજ્યવિસ્તાર કરવાની રશિઆના ઝારની મહત્ત્વાકાંક્ષાને પરિણામે તેણે ક્રીમિઅન વિગ્રહ જગાડ્યો હતો. એ મરણશય્યા પર સૂતેલા મુસલમાની મહારાજ્યના ભાગલા પાડી વહેંચી લેવાની લાલચ આપી ઝારે ગ્રેટબ્રિટનને પોતાના પક્ષમાં ભેળવવાની યુક્તિ રચી. પરંતુ રશિઆની વિસ્તાર પામતી વગથી ચમકેલા અંગ્રેજ મંત્રીઓએ તુર્કસ્તાનનો પક્ષ લઈ રશિઆની સત્તા અને પ્રતિષ્ઠાને દાબી દેવાનો નિશ્ચય કર્યો. નેપોલિયન જેવું નામ કાઢવાના કોડીલા લુઈએ ગ્રેટબ્રિટનનો પક્ષ લીધો, અને ભયંકર વિગ્રહ ચાલ્યો. એબર્ડિન જેવા મધ્યમ બુદ્ધિશક્તિવાળા પ્રધાનથી એ વિગ્રહ જોસભેર અને વ્યવસ્થાપૂર્વક ચલાવી શકાયો નહિ. ક્રીમિઆમાં રશિઆની ગાત્રો ઠુંઠવી નાખે તેવી ટાઢમાં અંગ્રેજી સૈન્યની બેસુમાર ખુવારી થઈ, એટલે પ્રજામાં પ્રધાન વિરુદ્ધ જબરો કોલાહલ મચ્યો. આથી એબર્ડિને રાજીનામું આપ્યું, અને રાણીને કચવાતે મને પામર્સ્ટનને પ્રધાનપદ આપવું પડ્યું. પરંતુ ત્યાર પછી યુદ્ધનો રંગ બદલાઈ ગયો. ઇ. સ. ૧૮૫૬માં પેરિસની અકારી સંધિથી એ વિગ્રહનો એવો અંત આવ્યો, કે કોણ જીત્યું અને કોણ હાર્યું તેનો કશો નિર્ણય થઈ શક્યો નહિ. આ વખતે તુર્કસ્તાનને યુરોપી રાજ્યોના સંઘમાં દાખલ કરવામાં આવ્યું, કાળા સમુદ્ર પર કોઈ પણ રાજ્યને યુદ્ધસામગ્રી એકઠી કરવાની કે કિલ્લો બાંધવાની મના કરવામાં આવી, અને ડાર્ડેનલ્સમાં તુર્કસ્તાન વિના અન્ય કોઈ રાજ્યના કાફલાને જવાની બંધી કરવામાં આવી.

**સંયુક્ત ઈટલી:** પેરિસની આવી અપૂર્ણ સંધિથી યુરોપનાં અનેક રાજ્યોમાં અવ્યવસ્થા અને ગુંચવણો ઉભી થઈ. અગ્નિ કોણમાં રશિઆની વૃદ્ધિ થતી અટકી, પણ તેની મહત્ત્વાકાંક્ષા શમી નહિ. ગ્રીસ અને બેલ્જીયમનાં દૃષ્ટાંતથી

અનેક પ્રજાઓને સ્વતંત્ર થવાના કોડ થયા. પ્રુશિઆએ સામ્રાજ્યતૃષ્ણાથી ડેનમાર્કનાં સ્લેશ્વીગ અને હૉલ્સ્ટેન પરગણાં લૂંટવા માંડયાં. આ દરેક વિગ્રહમાં ગ્રેટબ્રિટનનો કંઈ ને કંઈ સ્વાર્થ રહેલો હતો, છતાં પામર્સ્ટનની નીતિથી દેશમાં શાંતિ રહી શકી.

આ સમયે એકત્ર દેશ થવાના પ્રયત્નો કરનારમાં હાલનું ઇટલી પણ હતું. તે હીણભાગી દેશના કેટલાક પ્રાંતો ઑસ્ટ્રિઆના જુલમી અમલમાં હતા, અને બાકીના બુર્બોન રાજવંશીઓના આપઅખત્યારી અને હીણપત લગાડનાર અમલ નીચે વહેંચાઈ ગયા હતા: માત્ર સાર્ડિનિયા, પિડમોન્ટ, અને સેવોયના રાજાઓ ઇટલીની દેશદાઝ જાણનારા, ઉદાર ચિત્તના, અને કાયદેસર રાજ્યપદ્ધતિના હિમાયતી હતા. ઇ. સ. ૧૮૫૯માં સાર્ડિનિયાના ઠાકોર વિકટર ઇમેન્યુઅલે ફ્રાન્સની સહાયથી ઑસ્ટ્રિઆની વિરુદ્ધ યુદ્ધ પોકાર્યું. પરંતુ રશિઆએ ક્રીમિઅન વિગ્રહમાં ઑસ્ટ્રિઆએ ધારણ કરેલી તટસ્થતા યાદ રાખી એ વફાદારીનું વેર લેવા તેને આ સમયે સહાય આપી નહિ. ઇ. સ. ૧૮૫૯માં ઇટલીએ ઑસ્ટ્રિઆની ધુંસરી ફેંકી દીધી. આ તોફાનમાં અંગ્રેજ સરકારે કોઈ પણ પક્ષને પ્રત્યક્ષ સહાય કરી નહિ, પણ ઇટલીના સ્વાતંત્ર્ય મેળવવાના પ્રયત્નો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી તેમાં ઉત્તેજન આપ્યું. ત્યાર પછી અડગ, દેશપ્રેમી, વીર ગેરિબાલ્ડી નામના સેનાપતિએ સિસિલી અને નેપલ્સનાં રાજ્યો જીતી લઈ ઇમેન્યુઅલના અધિકારમાં આપ્યાં. થોડા સમયમાં વેનિસ પણ પડયું, અને સંયુક્ત ઇટલીના રાજા તરીકે વિકટર ઇમેન્યુઅલે રોમ નગરમાં વિજયપ્રવેશ કર્યો. ઇટલી સંપૂર્ણ રીતે સંયુક્ત થયું, અને ઇટાલિયન ભાષા બોલનાર સર્વ લોકો એક છત્ર નીચે આવ્યા, ઇ. સ. ૧૮૭૦.

**ફ્રેન્કો-જર્મન વિગ્રહ:** ઇટલી સંયુક્ત થયા પછી પ્રુશિઆના નાનકડા રાજ્યના ઉદયથી યુરોપના રાજદ્વારીઓ ચકિત થઈ ગયા. ઇ. સ. ૧૮૬૦થી પ્રુશિઆનું રાજતંત્ર કાઉન્ટ બિસ્માર્ક નામે અતિ ચતુર, મહત્ત્વાકાંક્ષી, અને કુટિલ નીતિના રાજદ્વારી નરના હાથમાં આવ્યું હતું. ઑસ્ટ્રિઆને પોતાના પક્ષમાં મેળવી લઈ ઇ. સ. ૧૮૬૬માં પ્રુશિઆએ ડેનમાર્ક પાસેથી સ્લેશ્વીગ અને હૉલ્સ્ટેન પરગણાં પડાવી લીધાં, અને તેમાંનું એક પરગણું ઑસ્ટ્રિઆને

બદલા તરીકે આપી દીધું. પરંતુ સાત અઠવાડીઆંના યુદ્ધમાં પ્રુશિઆએ ઑસ્ટ્રિઆને હરાવી હેનોવર વગેરે પ્રદેશો જીતી લીધા, અને પ્રુશિઆના છુટા પડી ગએલા ભાગોને સળંગ બનાવી લીધા. ત્યાર પછી જર્મન રાજ્યોએ સંઘ રચી પ્રુશિઆના રાજાનું ઉપરીપદ સ્વીકાર્યું. પરંતુ એટલેથી કંઈ જર્મન મહારાજ્ય યુરોપમાં ગણુતરીમાં આવે તેમ ન હતું, એ વાત બિસ્માર્ક સારી રીતે જાણુતો હતો. તેણે લાગ જોઈ પોતાના પાડોશી ફ્રાન્સ ઉપર ચોટ માંડી. તેણે યુક્તિપ્રયુક્તિથી એવી સ્થિતિ ઉત્પન્ન કરી, કે ફ્રાન્સે જર્મની સામે યુદ્ધ કર્યું, ઇ. સ. ૧૮૭૦. ૭ માસમાં તાલીમબદ્ધ, સુવ્યવસ્થિત, જંગી જર્મન સેના સમર્થ અને દીર્ઘદર્શી સેનાપતિની સરદારી નીચે ફ્રાન્સની જમીન પર ફરી વળી, અને તેણે ફ્રેન્ચ સૈન્યને છિન્નભિન્ન કરી તેનો મદ ઉતાર્યો. આખરે લુઈ નેપોલિયન કેદ પકડાયો, એટલે ફ્રાન્સના પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના થઈ.

આ વિગ્રહ દરમિઆન ગ્લેડસ્ટન પ્રધાનપદે હતો. તે છેક તટસ્થ રહ્યો. તેણે એટલી ચિંતા રાખી, કે બંનેમાંથી એક પણ પક્ષ બેલ્જીયમની તટસ્થતાનો ભંગ કરી ઇ. સ. ૧૮૩૯ના કરારનો ભંગ કરે નહિ. બ્રિટિશ સરકારે ફ્રાન્સ અને પ્રુશિઆ જોડે સંધિ કરી એવો કરાર કર્યો, કે બેમાંથી એક પણ પક્ષ બેલ્જીયમની ભૂમિ પર પગ મૂકશે, તો ગ્રેટબ્રિટન યુદ્ધમાં ઉતરી અપરાધીને દંડ દેવામાં પાછી પાની કરશે નહિ, એથી બંને પક્ષે સાવધાની વાપરી, એટલે ગ્રેટબ્રિટનને યુદ્ધમાં ઉતરવાની જરૂર પડી નહિ.

ગ્લેડસ્ટનના અમલ દરમિઆન રશિઆએ પેરિસની સંધિમાં કરેલા કરારની ઉપરવટ થઈ કાળા સમુદ્રમાં કાફલો રાખવાનો પોતાનો નિર્ણય જણાવ્યો. આમ છતાં ગ્લેડસ્ટન તટસ્થ રહ્યો.

**બાલ્કન વિગ્રહ:** ગ્લેડસ્ટન પછી પ્રધાનપદે આવનાર ડિઝરાયેલી જબરો સામ્રાજ્યવાદી હતો. બ્રિટિશ મહારાજ્યનું ભાવિ મહાન્ છે એવી તેને અચળ શ્રદ્ધા હતી, અને તે માનતો કે એ મહારાજ્યની પ્રતિષ્ઠા જમાવવી હોય, તો તેણે જળસ્થળસૈન્યો સજ્જ રાખી બીજાની પાસે પોતાનો એકડો ખરો કરાવવો જોઈએ. આરંભમાં તેણે મિસરના ઉડાઉ અને વિલાસી ખેદિવ ઇસ્માઈલે વેચવા કાઢેલા સુએઝની નહેરના શેરો (Shares) જાતજોખમદારી ઉપર

ખરીદી લીધા, અને તેમ કરીને ઈંગ્લેન્ડ અને હિંદુસ્તાન વચ્ચેના વેપારના અને વ્યવહારના જળમાર્ગ ઉપર અખત્યાર મેળવ્યો.

એવામાં યુરોપના અગ્નિ કોણમાં આવેલાં બાલ્કન રાજ્યોમાં ખળભળાટ મચ્યો. આ રાજ્યોના લોકો ખ્રિસ્તી હતા, છતાં તેમને તુર્કોના અમલ નીચે રહેવું પડતું, તેથી વારંવાર ખટપટ ઉભી થતી. ઇ. સ. ૧૮૭૫માં હર્ઝેગોવિનિઆના લોકોએ બંડ જગાડયું, એટલે ઑસ્ટ્રિઆ, જર્મની, ઇટલી, વગેરે રાજ્યોએ એકત્ર થઈ તુર્ક સુલતાનને યોગ્ય સુધારા કરી ખ્રિસ્તીઓને સારી રીતે રાખવા માટે દબાણ કર્યું. ડિઝરાયેલી આ રાજ્યો જોડે ભળ્યો નહિ; કારણ કે તુર્કસ્તાનને શત્રુ બનાવવામાં ગ્રેટબ્રિટનનું હિત નહોતું. સુલતાને કશી દાદ દીધી નહિ, એટલે સ્લાવ જાતિના મુખી રશિઆના શહેનશાહે ધર્મબંધુનો પક્ષ લઈ કોન્સ્ટન્ટિનોપલ તરફ સૈન્ય રવાના કર્યું. રશિઆ કોન્સ્ટન્ટિનોપલ કબજે કરે એ વાત ડિઝરાયેલીને પરવડતી ન હતી, એટલે તેણે તુર્કસ્તાનની કુમકે બ્રિટિશ નૌકાસૈન્ય રવાના કર્યું, અને જરૂરને પ્રસંગે કામ આવે તે માટે હિંદુસ્તાનથી સૈન્ય બોલાવી માલ્ટામાં રાખ્યું. આથી રશિઆનો શહેનશાહ ભય પામ્યો, અને તેણે સુલતાન જોડે માર્મોરાના સમુદ્રકિનારા ઉપર આવેલા સાનસ્ટીફેનો મુકામે સંધિ કરી. આ સંધિ કદી અમલમાં આવી નથી, છતા બાલ્કન દ્વીપકલ્પના વર્તમાન ઇતિહાસ ઉપર તેની છાયા પડેલી છે. આ સંધિની મુખ્ય સરત એ હતી, કે બલ્ગેરિઆનું નવું વિશાળ રાજ્ય બનાવી તેને સ્વતંત્રતા આપવી. બલ્ગેરિઅન જાતિના સર્વ લોકોનો સમાવેશ થાય એવું મોટું રાજ્ય એ દ્વીપકલ્પમાં સ્થપાય, તો તે ઘણું બળવાન થઈ પડે; અને ત્યાં રશિઆની વગ રહે, એટલે પરિણામ એ આવે કે બાલ્કન દ્વીપકલ્પ, કોન્સ્ટન્ટિનોપલ, મિસર, અને છેક હિંદુસ્તાન સુધી રશિઆની રાજદ્વારી વગ પહોંચી જાય. ડિઝરાયેલીથી એ કેમ સહ્યું જાય? તેણે એ સંધિ સ્વીકારવાની ના પાડી અને કહ્યું, કે ક્રીમિઅન વિગ્રહને અંતે થએલી પેરિસની સંધિમાં તુર્ક રાજ્યોની અખંડતા જાળવવાનો કરાર છે, તેનો ભંગ કરીને આવી ખાનગી સંધિ કરી શકાય નહિ. તેના જબરા પ્રયાસને લીધે ઇ. સ. ૧૮૭૮માં બર્લિન મુકામે રશિઆ, ઑસ્ટ્રિઆ, જર્મની, ઇટલી, તુર્કસ્તાન, અને ગ્રેટબ્રિટનની સંયુક્ત પરિષદ્ બિસ્માર્કના પ્રમુખપદે મળી.

તેમાં બલ્ગેરિઆનું રાજ્ય નાનું કરવાનું ઠર્યું, સર્વિઆ, મોન્ટીનીગ્રો, અને રૂમાનિઆને સ્વરાજ્ય આપવામાં આવ્યું, અને રશિઆને એશિઆ માઇનરમાં એક કિલ્લો અને થોડો પ્રદેશ મળ્યો; ગ્રેટબ્રિટનને સાઇપ્રસનો દ્વીપ રાખી સુલતાનના એશિઆમાં આવેલા રાજ્યનું રક્ષણ કરવાનું વચન આપ્યું. બોસ્નિઆ અને હર્ઝેગોવિનિઆ પ્રાંતનો વહીવટ ઑસ્ટ્રિઆને સોંપવામાં આવ્યો.

આ પ્રમાણે તુર્ક મહારાજ્યની એકતા જાળવી તેને સજીવન રાખવાના બહાના નીચે યુરોપનાં ખ્રિસ્તી રાજ્યોએ તેના ભાગ વહેંચી લીધા. બર્લિનની સંધિ પછી ઇ. સ. ૧૯૧૪ના મહાવિગ્રહ પર્યંત પ્રત્યેક બાલ્કન રાજ્ય તુર્ક મહારાજ્યમાંથી મળે તેટલો ભાગ પડાવી લઈ પોતાની સીમા વિસ્તારી રહ્યું હતું; છતાં લગભગ ત્રીસ વર્ષ સુધી બાલ્કન દ્વીપકલ્પનો ગુંચવણભરેલો રાજદ્વારી મામલો શાંત રહ્યો, અને પૂર્વમાં વિસ્તાર પામવાની રશિઆની મહત્ત્વાકાંક્ષાને જીવલેણ ફટકો પડયો.

યુરોપનાં રાજ્યોના પ્રશ્નોનો આવો સમાધાનકારક નિર્ણય થયો, એટલે ત્યાંના રાજદ્વારીઓની દૃષ્ટિ બીજે વળવા લાગી. ગ્રેટબ્રિટનનો રાજ્યવિસ્તાર, વેપાર, વૈભવ, સંસ્થાનો અને સામુદ્રિક બળ જોઈ યુરોપનાં કેટલાંક મહારાજ્યોએ એવું સામ્રાજ્ય ઉભું કરવાનાં સ્વપ્ન સેવવા માંડયાં. ઔદ્યોગિક પરિવર્તનથી થએલી યંત્રોની શોધથી થોકબંધ નીપજ થવા લાગી, તેને માટે સર્વને જગતમાં બજાર શોધવાનાં હતાં. અમેરિકામાં જવાય તેમ ન હતું, એટલે સર્વે રાજ્યોએ આફ્રિકા અને એશિઆમાં મુલક મેળવવાની પેરવી કરવા માંડી.

---

# પ્રકરણ ૧૨મું

## ઇંગ્લેન્ડની પરરાજ્યનીતિ [ ચાલુ ]

ઇ. સ. ૧૮૭૮થી ૧૯૧૪ પર્યંત યુરોપની સ્થિતિ કેવા પ્રકારની હતી ? ઇ. સ. ૧૮૧૫ પછી યુરોપનાં રાજ્યો જોડે શાંતિભર્યો સંબંધ જાળવવાને માટે ગ્રેટબ્રિટને બે માર્ગ લીધાઃ દેશને અણધાર્યે સમયે અણચિંતવી આફતમાં ઉતારે એવી સંધિ કે કરારોથી દૂર રહી તેણે પોતાની તટસ્થતા જાળવી, અને યુરોપી રાજ્યોના સંઘને બને તેટલી સહાય આપી.

આ સંઘ આજના 'પ્રજાસંઘ'ની પેઠે બંધારણપૂર્વક સ્થપાયો ન હતો; માત્ર યુરોપની શાન્તિમાં વિઘ્ન નાખનારી સ્થિતિ ઉત્પન્ન થાય, ત્યારે યુરોપનાં મહારાજ્યો એક બીજાની સંમતિથી તેનો વિચાર કરી બને તો તોડ આણવા એકત્ર થતાં. આવી પરિષદ્‌માં ભાગ લેવા ઇચ્છતાં મહારાજ્યો રાજકાજમાં પ્રવીણ પ્રતિનિધિઓને મોકલતાં, અને તેમની મારફતે વિચારોની આપલે કરતાં. યુરોપી રાજ્યોનો સંઘ ( Concert of Europe ) એટલે આંતર રાષ્ટ્રીય પ્રશ્નોનાં સમાધાનીભર્યાં નિરાકરણ આણવા માટે જુદાં જુદાં રાજ્યોના પ્રતિનિધિઓની એકત્ર થએલી સભાઓ હતી. યુરોપમાં નેપોલિયને વર્તાવેલા કેર પછી તમામ રાજ્યોની હદ નક્કી કરી યુરોપનો નકશો ફરીથી ગોઠવવા માટે વિએનામાં ઇ. સ. ૧૮૧૪–૧૫માં મળેલી મહારાજ્યોની પરિષદ્‌થી આવી સભાઓ વચ્ચે વચ્ચે મળતી, પણ આ સંઘની છેલ્લી સભા ઇ. સ. ૧૯૧૩માં મળી. જો કે આવી પરિષદ્‌માં ભાગ લેવાની કોઈને માથે ફરજ ન હતી, તેમજ પરિષદ્‌ના નિર્ણયો પણ કોઈને કાયદેસર બંધનકર્તા નહોતા, એટલે કોઈ રાજ્યને શસ્ત્ર ઉગામવાની ઇચ્છા થઈ આવે તો તેને પરિષદ્‌માં ભાગ લેવાની ના પાડવાની સ્વતંત્રતા હતી.

ઇ. સ. ૧૮૭૮ પછી આ સંઘની ત્રણ સંપૂર્ણ સભાઓ થઈ હતી. ઇ. સ. ૧૮૭૮માં રશિઆ અને તુર્કસ્તાન વચ્ચેના વિગ્રહ પછી પહેલી સભાએ બાલ્કન રાજ્યોની સીમા નક્કી કરી, ઇ. સ. ૧૯૦૬માં એલ્જીસિરાસમાં મળેલી બીજી સભાએ ફ્રાન્સ અને જર્મની વચ્ચે મોરોક્કો સંબંધી ઊઠેલા ઝગડાનું નિરાકરણ કરી આપ્યું, અને ઇ. સ. ૧૯૧૩માં લંડનમાં મળેલી ત્રીજી પરિષદે બાલ્કન રાજ્યોની સરહદ નવેસરથી નક્કી કરી આપી. આ સિવાય અનેક વેળા નાની મોટી પરિષદોએ એકમત થઈને કેટલાક આંતર રાષ્ટ્રીય પ્રશ્નોનો તોડ આણ્યો, ચીન વિષે યુરોપી રાજ્યોની સામાન્ય નીતિ નક્કી કરી, અને બીજાં કેટલાંક ઉપયોગી રાજદ્વારી કાર્યો કર્યાં.

**તુર્કસ્તાન:** બર્લિનની સંધિ પછી લગભગ ચાલીસ વર્ષ સુધી યુરોપના રાજદ્વારીઓ સમક્ષ તુર્કસ્તાનનો પ્રશ્ન એક અથવા બીજે સ્વરૂપે આવ્યા કરતો. તે હીણભાગી દેશનું કરવું શું? છેલ્લાં ત્રીસ વર્ષમાં તુર્ક રાજ્યના નાના મોટા ભાગો ઝૂંટવી લઈ બીજાં રાજ્યો સમૃદ્ધ બનવા પ્રયત્ન કરતાં હતાં.

બર્લિનની સંધિથી તુર્કસ્તાનના યુરોપી રાજ્યનો મોટો ભાગ ખ્રિસ્તી રાજ્યોએ વહેંચી લીધો, તેમ છતાં ઇ. સ. ૧૮૮૧ની સંધિથી થેસેલી પ્રાંત ગ્રીસને સોંપી દેવાની સુલતાનને ફરજ પડી. ઇ. સ. ૧૮૮૫માં બલ્ગેરિઆએ પૂર્વ રૂમેલિઆ અને કેટલાક દક્ષિણના પ્રાંતો પોતાના રાજ્યમાં જોડી દીધા.

હજુ સુલતાન પાસે મેસિડોનિઆ, આલ્બેનિઆ, કૉન્સ્ટન્ટિનોપલ વગેરે કેટલોક યુરોપી મુલક રહ્યો હતો. તે મુલકમાં વસતી ખ્રિસ્તી પ્રજાઓ મુસલમાની અમલથી અસંતુષ્ટ થઈ જાતભાઈઓ જોડે એકત્ર થવાના હેતુથી વારંવાર બંડ કરતી અને લડતી, એટલે ઘણી વાર સજા પણ પામતી. આમ રાજાપ્રજા વચ્ચે અણબનાવ ચાલ્યા કરતો.




**યુરોપમાં તુર્ક સામ્રાજ્ય: ઈ. સ. ૧૬૬૭**

આવી વસ્તુસ્થિતિનો નિકાલ આણવાના પ્રયત્નો થયા, પણ તે બહુ સફળ થયા ન હતા. પેરિસ અને બર્લિનની સંધિથી સુલતાને રાજ્યના આંતર વહીવટમાં સુધારા કરી વિધર્મીઓને ધર્મછૂટ આપવાનું વચન આપ્યું. આથી

ગ્રેટબ્રિટન અને યુરોપનાં બીજાં રાજ્યો વચનનો અમલ કરવા માટે સુલતાન પર દબાણ કરતાં હતાં. ઈ. સ. ૧૯૦૩માં એવો ઠરાવ કરવામાં આવ્યો, કે મેસિડોનિઆમાં આંતર રાષ્ટ્રીય પોલીસ રાખવી; આટલું છતાં ત્યાં વસનારા ગ્રીક અને સ્લાવ લોકોનો અસંતોષ ચાલુ રહ્યો, અને તેમણે તે પ્રકટ રીતે વ્યક્ત કરવા માંડયો. પરિણામે તુર્ક સૈનિકો અને તેમની વચ્ચે વારંવાર રમખાણ થતાં, બન્ને પક્ષનાં થોડાં ઘણાં માણસો મરતાં, અને ઝેરમાં વધારો થતો. ઈ. સ. ૧૯૧૨ના બાલ્કન વિગ્રહના આરંભ સુધી આવી સ્થિતિ ચાલ્યા કરી.




**યુરોપમાં તુર્ક સામ્રાજ્ય: ઇ. સ. ૧૯૧૪**

ઈ. સ. ૧૯૦૮માં અનવર બે નામના લશ્કરી સરદારની આગેવાની નીચે કેટલાક સાહસિક અને દેશદાઝ ધરાવનાર તુર્કોએ '**તરુણ તુર્ક**' નામનો પક્ષ રચી લોકનિયંત્રિત રાજ્ય સ્થાપવાના ઉદ્દેશથી દેશમાં રાજ્યક્રાન્તિ કરી અને સુલતાન અબ્દુલ હમીદને પદભ્રષ્ટ કર્યો.

ઇ. સ ૧૮૭૮ની સંધિથી ઑસ્ટ્રિઆને બોસ્નિઆ અને હર્ઝેગોવિનિઆનો રાજ્યવહીવટ સોંપવામાં આવ્યો. ઇ. સ. ૧૯૦૮માં તેણે કોઈને કહ્યા વિના એ પ્રાંતોને પોતાના મુલકમાં ભેળવી દીધા. ચાર વર્ષ પછી ઇટલીએ લાગ જોઈ તુર્કસ્તાન સામે યુદ્ધ જાહેર કરી ઉત્તર આફ્રિકામાં આવેલો ટ્રિપોલી પ્રાંત જીતી લીધો.

**બાલ્કન વિગ્રહોઃ** ઑસ્ટ્રિઆની મહત્ત્વાકાંક્ષાથી ભય પામીને બલ્ગેરિઆના રાજા ફર્ડિનાન્ડ અને ગ્રીસના પ્રધાન વેનિઝિલોસની આગેવાની નીચે બાલ્કન રાજ્યોએ સ્વાર્થ વિચારીને '**બાલ્કન સંઘ**' ની સ્થાપના કરી, ઇ. સ. ૧૯૦૯. ઇ. સ. ૧૯૧૨માં એ સંઘે તુર્ક સુલતાનને મેસિડોનિઆ પ્રાંતમાં સુધારા દાખલ કરવાને જણાવ્યું, અને યુદ્ધને માટે આગળથી તત્પર થએલાં રાજ્યોએ તુર્કસ્તાન વિરુદ્ધ યુદ્ધ જાહેર કર્યું. સુલતાન પરાજય પામ્યો, અને ઘણો મુલક ખોઈ બેઠો.

આવા સંયોગોમાં ગ્રેટબ્રિટનના પરદેશમંત્રી સર એડવર્ડ ગ્રેએ લંડનમાં બાલ્કન રાજ્યોની પરિષદ્ બોલાવી તે સાથે મહારાજ્યોની પરિષદ્ ભરી, અને યુરોપની સત્તાતુલા સમાન રાખવાનો પ્રયત્ન કર્યો. એ સંધિમાં ઠરાવવામાં આવ્યું, કે આલ્બેનિઆ સિવાય યુરોપનો ઘણોખરો પ્રદેશ સુલતાને છોડી દેવો, અને ગ્રીસ, સર્વિઆ, તથા મોન્ટીનીગ્રોએ તે મુલક વહેંચી લેવો, તેમજ આલ્બેનિઆને સ્વતંત્ર રાજ્ય ગણવું. પરંતુ આ પ્રમાણે મળેલી લૂંટના ભાગ પાડવામાં બાલ્કન રાજ્યો લડી પડયાં, એટલે બીજો બાલ્કન રણસંગ્રામ મંડાયો. આમાં બલ્ગેરિઆ એકલે હાથે ગ્રીસ અને સર્વિઆ જોડે ઝૂઝયું; પણ પાછળથી રૂમાનિઆએ ગ્રીસનો પક્ષ કર્યો, એટલે બુખારેસ્ટની સંધિ કરી વિગ્રહની સમાપ્તિ કરવામાં આવી, ઇ. સ. ૧૯૧૩.

દરમિઆન બાલ્કન રાજ્યોના લોભ અને દ્વેષનો લાભ લઈ તુર્કસ્તાને એડ્રિઆનોપલ અને થ્રેસના મુલકો પાછા મેળવ્યા. પછી વધારે મુલક મેળવવાની તેની મહત્ત્વાકાંક્ષા સતેજ થઈ. આથી ઇ. સ. ૧૯૧૪માં યુરોપની ભયંકર યાદવાસ્થળી થઈ, ત્યારે તેમાં ભાગ લેવા માટે તુર્કસ્તાન સજ્જ થયું.

**ગ્રેટબ્રિટન અને જર્મનીઃ** વિક્ટોરિઆના અમલમાં માત્ર સ્લેશ્વીગ અને હૉલ્સ્ટેનના પ્રશ્ને યુરોપને ખળભળાવી મૂકયો હતો. તે સિવાય ગ્રેટબ્રિટન અને

જર્મની વચ્ચેનો સંબંધ મિત્રાચારી ભરેલો કહી શકાય. ઇ. સ. ૧૮૭૯માં જર્મની અને ઑસ્ટ્રિઆ વચ્ચે સંધિ થયાના સમાચાર સાંભળી લૉર્ડ સૉલ્સ બરીએ આનંદ દર્શાવી કહ્યું, કે મધ્ય યુરોપનાં મહારાજ્યો વચ્ચે સંગ્રામ મંડાવા બંધ થયા. ઇ. સ. ૧૮૮૨માં ઇટલીએ આ બે રાજ્યો જોડે ભળીને ત્રિપુટી રચી, ત્યારે યુરોપમાં શાન્તિ વધશે એમ માની બ્રિટિશ રાજદ્વારીઓ સંતોષ પામ્યા. જર્મન મહારાજ્યના સંયોગ પછી તેણે સંસ્થાનો વસાવવા માંડ્યાં ત્યારે પણ ગ્લેડસ્ટને કહ્યું, કે "**માનવ જાતિના કલ્યાણને અર્થે ઇશ્વરે ધારેલી મહાન્ યોજના ફળીભૂત કરવામાં એ આપણું સાથી અને ભાગીદાર બને છે પ્રભુ એને એ પ્રયત્નોમાં યશ આપો.**"

પરંતુ ઇ. સ. ૧૮૯૦ પછી ઇંગ્લેન્ડ અને જર્મની વચ્ચે મીઠો સંબંધ ટકી શકયો નહિ; પણ બંને રાજ્યો વચ્ચે ઉંચાં મન થવા લાગ્યાં. ઇ. સ. ૧૮૮૮માં વિલ્હેલ્મ બીજો જર્મન સમ્રાટ્ થયો, એટલે તેણે મહત્ત્વાકાંક્ષા સિદ્ધ કરવા માટે આરમાર અને નૌકાસૈન્યની તડામાર વૃદ્ધિ કરવા માંડી. બ્રિટિશ સરકારનું અનુકરણ કરી તેની જોડે સ્પર્ધા કરવાના હેતુથી તુર્ક રાજ્યની હીણી દશાનો લાભ લઇ જર્મનીએ કૉન્સ્ટન્ટિનોપલ ખાતે પોતાની વગ વધારવાના જબરા પ્રયત્નો કરવા માંડ્યા. ગ્રેટબ્રિટનને પણ જર્મનીના આશયો અને મહેચ્છાની શંકા પડી. તેણે માન્યું કે આ પ્રયાસોમાં જર્મનીનો હેતુ ગ્રેટબ્રિટન જોડે સ્પર્ધા કરવાનો છે.

જર્મન સમ્રાટ્ વિલ્હેલ્મને ઇંગ્લેન્ડ પ્રત્યે અંગત રોષ કે દ્વેષ ન હતો, તેમ તે ખાસ યુદ્ધપ્રિય પણ ન હતો. તેની મહેચ્છા એવી હતી, કે યુરોપમાં અને જગતમાં જર્મની મહાન્ થાય, અને સમુદ્ર કે જમીન પર કોઇ તેની બરોબરી કરી શકે નહિ. તેણે ગાદીએ આવીને બિસ્માર્ક જેવા ચતુર, દીર્ઘદર્શી, અને સંભાળથી કામ લેનાર મુત્સદ્દીને રજા આપી પોતાના કહ્યાગરા પ્રધાનો નીમ્યા, અને પોતાના મનોરથ સફળ કરવા ભગીરથ પ્રયત્નો આદર્યા. તેણે દેશમાં વેપારવૃદ્ધિ કરી તેની રાજદ્વારી વગ વધારી. ઇ. સ. ૧૮૯૦માં જર્મની પાસે લડાયક જહાજ ન હતાં. ખંડની મધ્યમાં આવેલા જર્મનીને સમુદ્રકિનારો ઝાઝો ન હતો; અને તેનાં સંસ્થાનો પણ થોડાં હતાં, એટલે નૌકાસૈન્ય રાખી ખર્ચનો બોજો વેંઢવાની તેને જરૂર ન હતી, છતાં સમ્રાટે આરમારો બંધાવી

અજબુત નૌકાસૈન્ય તૈયાર કરવા માંડયું. આથી ઘણાઓએ માન્યું કે ઈંગ્લેન્ડ પર હુમલો કરવાની પૂર્વ તૈયારી ચાલી રહી છે.

યુરોપનાં રાજ્યો એકત્ર થઈ તુર્કસ્તાનનું રાજ્ય મૃતપ્રાય કરવાના પ્રયત્ન કરતાં હતાં, એટલે આત્મરક્ષાને અર્થે તુર્ક લોકો જેની સહાય મળે તે સ્વીકારી લેતા હતા. દરમિઆન જર્મન સમ્રાટે પોતાની મહેચ્છાની સિદ્ધિને અર્થે સુલતાન જોડે મૈત્રીસંબંધ કેળવવા માંડયો. ઈ. સ. ૧૮૯૦ અને ઈ. સ. ૧૯૧૪નાં વર્ષોમાં એ સંબંધ યુરોપની આંખમાં આવે તેવો જામ્યો. પરિણામે જર્મન વેપારી પેઢીઓને તુર્કસ્તાનમાં ખાસ લાભ અને હક આપવામાં આવ્યા. એક પેઢીને એશિઆ માઈનરથી ઈરાની અખાત સુધી રેલવે બાંધવાનો હક આપવામાં આવ્યો. પરંતુ એ રેલવે બંધાય તો જર્મનો તૈગ્રીસ નદીના પ્રદેશમાં આવી પહોંચે, અને બ્રિટિશ તથા તેમની વચ્ચે હિતવિરોધ ઉત્પન્ન થાય એમ હતું. ઈ. સ. ૧૯૧૪ સુધી બગદાદ રેલવે પૂરી બંધાઈ ન રહી, પણ આશરે ૧,૨૦૦ માઈલ સુધી બંધાઈ ગઈ. બર્લિન-બગદાદ રેલવે પૂરી કર્યા પછી જર્મનીનો શો હેતુ હોય, તે કોણ કહી શકે તેમ હતું?.

ગ્રેટબ્રિટન અને જર્મની વચ્ચે ઉત્પન્ન થએલું વૈમનસ્ય દર્શાવનાર કેટલાક ઇતિહાસપ્રસિદ્ધ પ્રસંગો અનુક્રમે વિચારવા જેવા છે; ક્રુગરને તાર, ૧૮૯૬; ટેંજીરની મુલાકાત, ૧૯૦૫; એલ્જીસિરાસની પરિષદ્, ૧૯૦૬; અગાદીરનો મામલો, ૧૯૧૨; ઈ. સ. ૧૯૧૪નું મહાયુદ્ધ.

ઈ. સ. ૧૮૯૬માં મૂર્ખ ડૉક્ટર જેમ્સન પોતાનાં માણસો જોડે ટ્રાન્સવાલ પર આક્રમણ કરીને પરાજય પામ્યો, ત્યારે જર્મન સમ્રાટે ત્યાંના પ્રમુખ ક્રુગરને તાર કરી તેના વિજય માટે અભિનંદન આપ્યું. તે સાથે ભવિષ્યમાં પ્રસંગ પડે ત્યારે સંપૂર્ણ સહાય આપવાનું વચન આપ્યું. આ બનાવથી ગ્રેટ-બ્રિટનને જર્મની પ્રત્યે રોષ ઉપજ્યો. અલબત, જેમ્સનનું કાર્ય નિંદવા યોગ્ય અને હીણપત લગાડનારૂં હતું, પણ તેથી જર્મની ક્રુગરને અભિનંદન આપે એ વાત ગ્રેટબ્રિટનથી ખમાઈ નહિ. સહાય આપવાનું જર્મનીનું વચન માત્ર નામનું રહ્યું; કેમકે ઈ. સ. ૧૮૯૯-૧૯૦૨માં ફાટી નીકળેલા બોઅર વિગ્રહમાં જર્મનીએ બોઅરોને જાણવા જેવી સહાય કરી નહોતી.

ઇ. સ. ૧૯૦૪માં ફ્રાન્સે મોરોક્કોમાં પગપેસારો કરવા માંડયો, એ વાત જર્મન સમ્રાટ્‌ને અણગમતી થઈ. ઇ. સ. ૧૯૦૫માં જર્મન સમ્રાટ્ અણધાર્યો ટેંજીર જઈ પહોંચ્યો, અને ત્યાં તેણે મોરોક્કોની સ્વતંત્રતા ઉપર ભાષણ કરી પડકાર કર્યો, કે મોરોક્કોમાં જર્મનીના હિતનું રક્ષણ થવાની પણ જરૂર છે. ઈંગ્લેન્ડે ફ્રાન્સ જોડે સંધિ કરી ફ્રાન્સે મોરોક્કોમાં કરેલું કામ મંજુર કર્યું હતું, એટલે જર્મન સમ્રાટ્‌ના શબ્દોથી એ બંને રાજ્યોનો તેના પ્રત્યે વિરોધ ઉત્પન્ન થયો. મોરોક્કોના પ્રશ્નનો નિર્ણય આણવા માટે ઇ. સ. ૧૯૦૬માં ગ્રેટબ્રિટન, જર્મની, ફ્રાન્સ, રશિઆ, ઈટલી, અને સ્પેનનાં રાજ્યોની પરિષદ્ જીબ્રાલ્ટર પાસે આવેલા એલ્જીસિરાસ બંદરે મળી. તેમાં નિર્ણય થયો, કે મોરોક્કોના સુલતાનને સ્વતંત્ર રહેવા દેવો, તેણે સર્વ રાજ્યોના વ્યાપારી હિતને સરખું સંરક્ષણ આપવું, અને મોરોક્કોના પ્રાંતો અખંડ રાખવા.

દરમિઆન દેશમાં ચાલતી અવ્યવસ્થા, લૂંટફાટ, અને ખૂનામરકીથી કંટાળીને ઇ. સ. ૧૯૧૧માં સુલતાને ફ્રાન્સનું રક્ષણ માગ્યું. ફ્રાન્સે સુલતાનને સહાય આપવાનો નિર્ણય સર્વ રાજ્યોને જણાવી દીધો. હવે ફ્રેન્ચ પોલીસથી મોરોક્કોની પ્રજાનું રક્ષણ થવા લાગ્યું. એથી જર્મનીને પોતાના હિતમાં નુકસાન ભાસ્યું, એટલે મોરોક્કોમાં વસતી જર્મન પ્રજાનું રક્ષણ કરવાને જર્મન સામ્રાટ્ સમર્થ છે, એ આશયથી અગાદીર બંદરે લડાયક જહાજ મોકલવામાં આવ્યું. ઈંગ્લેન્ડે પડકાર કર્યો, કે યુદ્ધનો પ્રસંગ આવશે તો ઈંગ્લેન્ડ શાંત બેસી ન રહેતાં ફ્રાન્સની પડખે લડશે. જર્મની થંભી ગયું; તેનો યુદ્ધનો જુસ્સો શમી ગયો. પરંતુ પોતાનાં જળસ્થળસૈન્યો વધારવા માટે તેણે અઢળક દ્રવ્ય વાપર્યું.

હવે સ્પષ્ટ હતું કે પ્રત્યક્ષ વિરોધ નહિ હોવા છતાં ફ્રાન્સ અને જર્મની એક બીજા પ્રત્યે દુશ્મનાવટ વધારતાં હતાં, અને ઈંગ્લેન્ડની સહાનુભૂતિ ફ્રાન્સ તરફ હતી. જર્મન સમ્રાટ્‌ની ઇચ્છાથી લૉર્ડ હોલ્ડેન બર્લિન ગયો, ઇ. સ. ૧૯૧૨. જર્મનીએ તેની મારફતે ઈંગ્લેન્ડ જોડે વિષ્ટિ ચલાવવા માંડી. જર્મનીને જબરૂં નૌકાસૈન્ય રાખવાની જરૂર નથી એમ કહી લૉર્ડ હોલ્ડેને જણાવ્યું, કે ઈંગ્લેન્ડને જર્મનીના આશયો પ્રત્યે શંકા રહ્યાં કરે છે. આના બદલામાં યુરોપમાં મહાવિગ્રહનો દાવાનળ ફાટી નીકળે, ત્યારે ઈંગ્લેન્ડ તટસ્થ

રહેવાનું વચન આપે, તો પોતાનું નૌકાસૈન્ય ઘટાડવાની સમ્રાટે તત્પરતા દર્શાવી. પરંતુ ઈંગ્લેન્ડે કોઈ પણ પ્રકારની બાંહેધરી આપવાની ના પાડી, અને વિષ્ટિ એટલેથી અધુરી રહી. જર્મનીએ જોઈ લીધું કે ઈંગ્લેન્ડ અને ફ્રાન્સ વચ્ચેનો સંબંધ તોડ્યો તૂટે તેમ નથી.

**મિત્રરાજ્યોની ત્રિપુટી:** ઇ. સ. ૧૯૦૪થી ઈંગ્લેન્ડે ફ્રાન્સ જોડે ગાઢ સંબંધ બાંધી લીધો. ઇ. સ. ૧૯૦૪માં ફ્રાન્સ અને ગ્રેટબ્રિટને બે સંધિ કરી. એક સંધિમાં ફ્રાન્સે ઈંગ્લેન્ડનું મિસરમાં, અને ઈંગ્લેન્ડે ફ્રાન્સનું મોરોક્કોમાં આધિપત્ય સ્વીકાર્યું. યૂટ્રેક્ટની બીજી સંધિથી ન્યૂફાઉન્ડલેન્ડના વાયવ્ય અને ઈશાન કોણમાં માછીમારોનાં ઝુંપડાં અને કારખાનાં બાંધવાનો મળેલો હક છોડી દેવાનું ફ્રાન્સે સ્વીકાર્યું, અને તેના બદલામાં ગ્રેટબ્રિટને તેને પશ્ચિમ આફ્રિકામાં આવેલા ગેમ્બિઆમાં થોડો પ્રદેશ આપ્યો.

ત્રણ વર્ષ પછી ઈંગ્લેન્ડે રશિઆ સાથે સંધિ કરી ઈરાન, અફઘાનિસ્તાન અને ટિબેટના પ્રશ્નોનું નિરાકરણ કરી નાખ્યું. હવે બંને મહારાજ્યોએ એ દેશમાં ઉપરીપદ મેળવવાની કે રાજદ્વારી વગ વધારવાની સ્પર્ધા કરવાનું મૂકી દેવાનું કબુલ કર્યું. આ પ્રમાણે ગ્રેટબ્રિટને રશિઆ જોડે મૈત્રી વધારવાની નીતિ સ્વીકારી. ફ્રાન્સ અને રશિઆને તો છેક ઇ. સ. ૧૮૯૬માં સંધિ થઈ હતી, એટલે હવે ત્રણે રાજ્યો એકબીજાનાં મિત્ર બન્યાં. જર્મની, ઑસ્ટ્રિઆ, અને ઇટલીની મધ્ય યુરોપની ત્રિપુટી સામે આ બીજી ત્રિપુટી બંધાઈ. તેનો વિચાર યુદ્ધ જગાડવાનો નહિ, પણ યુદ્ધ ટાળવાનો હતો. એ ત્રણમાંથી કોઈ રાજ્ય અસહાય નહિ પણ એક બીજાની હૂંફમાં છે, એમ મહત્ત્વાકાંક્ષી જર્મનીને ઠસાવી યુરોપની સત્તાતુલા જાળવી રાખવાનો તેમનો ઉદ્દેશ હતો. પરંતુ દૈવની ઇચ્છા જુદી હતી, અને યુદ્ધનો દૈત્ય જાગી ઊઠયો હતો. ઇ. સ. ૧૯૧૧ની યુદ્ધ ટાળનારી શક્તિઓ ઇ. સ. ૧૯૧૪ના દારુણ જંગને અટકાવી શકી નહિ, અને વિગ્રહની સર્વભક્ષી જ્વાળાઓ યુરોપને ઘેરી વળી.

# પ્રકરણ ૧૩મું

## મહાવિગ્રહ અને વર્તમાન ઇતિહાસ

### યુરોપના મહાવિગ્રહનાં પૂર્વ કારણો

**જર્મનીનો ઉદય:** ઇ. સ. ૧૮૬૦થી બિસ્માર્કના આધિપત્ય નીચે જર્મન મહારાજ્યનો ઉદય થવા માંડયો. ત્યાર બાદ પ્રુશિઆના ફ્રેડરિકે મેરિઆ થેરિસા પાસેથી સાઇલીશિઆ પડાવી લઇ રાજ્યવિસ્તાર કર્યો. તેની દક્ષિણે આવેલાં નાનાં મોટાં સ્વતંત્ર સંસ્થાનોએ જોડે મળી એક નજીવો સંઘ રચ્યો, તેમાં ઑસ્ટ્રિઆનું પુરાતન સામ્રાજ્ય પ્રમુખપદે હતું. ૧૯મા સૈકાના ઉત્તરાર્ધમાં પ્રિન્સ બિસ્માર્ક નામે ધૂર્ત મુત્સદ્દીએ પ્રુશિઆના રાજ્યને સબળ બનાવી જર્મન સામ્રાજ્ય સ્થાપવાનો ભગીરથ પ્રયત્ન આદર્યો. તેણે ઑસ્ટ્રિઆ જોડે સ્નેહ બાંધી તેની સહાયથી સ્લેશ્વીગ અને હૉલ્સ્ટેન નામના ડેનમાર્કના બે પ્રાંતો જીતી લીધા. તેમાં પ્રુશિઆએ સ્લેશ્વીગ રાખી બીજો પ્રાંત પોતાના મિત્રને આપ્યો ખરો, પણ ઉત્તર જર્મનીમાં ઑસ્ટ્રિઆ પ્રબળ થઇ બેસે, એવી તેને ઇચ્છા ન હતી. ઇ. સ. ૧૮૬૬માં પ્રુશિઆ અને ઑસ્ટ્રિઆ વચ્ચે સાત અઠવાડીઆંનું યુદ્ધ થયું. તેમાં પ્રુશિઆએ ઑસ્ટ્રિઆનો પરાભવ કરી યુરોપને દિઙ્મૂઢ બનાવી દીધું. તેણે હેનોવર વગેરે પ્રદેશો જીતી લઇ પ્રુશિઆના રાજ્યના છુટા પડી ગએલા ભાગોને સળંગ કરી દીધા. આ વિગ્રહમાં ઇટલીએ પ્રુશિઆને સહાય આપી વેનિશિઆ મેળવી લીધું. સમગ્ર યુરોપ પર આ વિગ્રહની ભારે અસર થઇ. આખરે ઑસ્ટ્રિઆ સંઘમાંથી ખસી ગયું, બેવેરિઆ અને સેકસની જેવાં સ્વતંત્ર રાજ્યોના રાણાઓ પ્રુશિઆની આણ માનવા તૈયાર થયા, અને બિસ્માર્કે પ્રુશિઆના નેતૃત્વ નીચે ઉત્તર જર્મન સંસ્થાનોનો સંઘ સ્થાપ્યો. એથી પ્રતિષ્ઠાહીન ઑસ્ટ્રિઆએ જર્મની પરની આગેવાનીનો લોભ તજી દઇ યુરોપના અગ્નિ કોણમાં આવેલાં બાલ્કન રાજ્યો પર સત્તા મેળવવાની પેરવી શરૂ કરી.

મધ્ય યુરોપમાં સર્વોપરિ બનેલા પ્રુશિઆને યુરોપનાં મહારાજ્યોમાં પોતાની ગણતરી કરાવવાના કોડ થયા. ફ્રાન્સનો રાજા લુઇ નેપોલિયન પ્રુશિઆનો ઉત્કર્ષ સહી શકતો નહોતો, તેથી કોઇ દિવસ તેની જોડે યુદ્ધ કરવું પડશે, એ તો પ્રપંચી બિસ્માર્ક ધારતો હતો, એટલે તેને માટે તેણે જબરી તૈયારી કરી

રાખી. આમ સંખ્યા, શિક્ષણ, શસ્ત્ર, અને કવાયત એ સર્વમાં જર્મન સૈન્ય ફ્રેન્ચ સૈન્ય કરતાં ચઢિઆતું હતું, એટલે બંને વચ્ચે યુદ્ધ થતાં જોતજોતામાં ફ્રેન્ચોનો પરાભવ થયો, અને રાજા બંદીવાન થયો. વિજયી જર્મન સેનાએ પૅરિસ હસ્તગત કર્યું, અને ફ્રેન્ચોને અપમાનાસ્પદ સંધિ સિવાય બીજો ઉપાય ન રહ્યો. આલ્સેસ અને લોરેન પ્રાંતો અને વીસ કરોડ યુદ્ધદંડ ફ્રાન્સ પાસેથી લેવામાં આવ્યાં. જર્મનીમાં આનંદોત્સવ થઈ રહ્યો, અને રાષ્ટ્રીય ભાવનાની ભરતી આવી. હવે દક્ષિણ સંસ્થાનો સંઘમાં મળ્યાં, એટલે સંયુક્ત જર્મન રાજ્યની સ્થાપના થઈ, ઇ. સ. ૧૮૭૧. બિસ્માર્ક કૃતાર્થ થયો, અને પ્રુશિઆના રાજા વિલિયમ ૧લાનો સમ્રાટ્ તરીકે રાજ્યાભિષેક કરવામાં આવ્યો. વજ્રદંડ બિસ્માર્ક તેનો મુખ્ય મંત્રી થયો. પ્રુશિઆના વિજય સાથે તેની મહત્ત્વાકાંક્ષા વધી. જગતની મહાપ્રજાઓમાં ઉંચું સ્થાન મેળવવાની મીઠી આશાએ જર્મનીએ ધીમે ધીમે દઢતાપૂર્વક બળવાન્ નૌકાસૈન્ય અને ઉમદા તાલીમ પામેલું શૂરવીર લશ્કર તૈયાર કરવા માંડયું.

**જર્મની, ઑસ્ટ્રિઆ અને ઇટલીની ત્રિપુટી:** ડાન્યુબ નદીની પાર સુધી વિસ્તાર પામેલા તુર્કસ્તાનના રાજ્યમાંથી તારવી કાઢેલાં બાલ્કન રાજ્યોની પ્રજા મુખ્યત્વે સ્લાવ જાતિની હતી. રશિઆ, પોલેન્ડ, અને બોહિમિઆના લોક પણ સ્લાવ જાતિના હતા. યુરોપના અગ્નિકોણમાં આવેલાં આ રાજ્યોએ ઑસ્ટ્રિઆ અને તુર્કસ્તાનના આક્રમણથી બચવા માટે રશિઆના નેતૃત્વ નીચે સંગઠન કર્યું. રશિઆને તુર્કસ્તાનને હરાવી ભૂમધ્ય સમુદ્ર સુધી પહોંચવું હતું, એટલે ઇ. સ. ૧૮૭૮માં થએલા બાલ્કન વિગ્રહનો લાભ લઈ તુર્કસ્તાન પર તેણે ચડાઈ કરી. ગ્રેટબ્રિટનના પ્રયાસથી બર્લિનની પરિષદ્‌માં ઑસ્ટ્રિઆને બોસ્નિઆ અને હર્ઝેગોવિનિઆનો વહીવટ ચલાવવાની સત્તા મળી. રશિઆ વિરુદ્ધ કાયમનું રક્ષણ પ્રાપ્ત કરવા ઑસ્ટ્રિઆએ જર્મની જોડે પૂર્વનું વેર વીસારી મૈત્રીસંબંધ બાંધ્યો, ઇ. સ. ૧૮૭૯. જર્મનીને મધ્ય યુરોપનાં કોઈ પણ બે રાજ્યો જોડે મૈત્રી કરવી હતી, એટલે તેને રશિઆ કરતાં ઑસ્ટ્રિઆના સ્નેહભાવની વધારે જરૂર હતી. ઇ. સ. ૧૮૮૨માં ઇટલી જુનો સ્નેહસંબંધ યાદ લાવી આ બે રાજ્યો જોડે ભળ્યું, એટલે મધ્ય યુરોપમાં થએલી મિત્રત્રિપુટી ઇ. સ. ૧૯૧૪ પર્યંત ચાલી. પરંતુ મહાવિગ્રહમાં ઇટલીએ જર્મનીને સહાય

કરી નહિ; કેમકે એ ત્રિપુટીમાંથી કોઈ પણ રાજ્ય પર બીજાનું આક્રમણ થાય, તોજ તે સહાય આપવા બંધાયું હતું. એથી ઉલટું તેણે તો ઑસ્ટ્રિઆ સામે વિગ્રહ માંડયો.

**ગ્રેટબ્રિટનના મિત્રોઃ** આ પ્રમાણે જર્મની પોતાની સત્તા દૃઢ કરતું હતું, તે દરમિઆન ગ્રેટબ્રિટન, ફ્રાન્સ, અને રશિઆ પોતાના માર્ગમાં સાવધ રહેતાં હતાં. ઇ. સ. ૧૮૮૨માં ગ્રેટબ્રિટને સુદાનની વ્યવસ્થા કરવા માંડી, એટલે ફ્રાન્સને તેના પ્રત્યે અદેખાઈ થઈ. ગ્રેટબ્રિટન અફઘાનિસ્તાન અને બાલ્કન રાજ્યોમાં પણ રશિઅન નીતિને સંશયદૃષ્ટિએ જોતું હતું, એટલે તે ફ્રાન્સ અને રશિઆથી તટસ્થ થવા લાગ્યું. પરંતુ વીસમી સદીના આરંભમાં આ ઉભય રાજ્યો જોડે તેણે સ્નેહભાવ કેળવવા માંડયો. જર્મનીનો વિલિયમ ૧લો મૃત્યુ પામતાં તેનો પૌત્ર બીજો વિલિયમ ગાદીએ આવ્યો. આ મહત્ત્વાકાંક્ષી તરુણ શહેનશાહે ઑસ્ટ્રિઆની સાથે રશિઆ જોડે મૈત્રી રાખવાની બિસ્માર્કની જુની નીતિ તજી દીધી, અને સંસ્થાનો તથા વેપારની વૃદ્ધિ કરનારી જોસદાર નીતિ સ્વીકારી. તેણે ઑસ્ટ્રિઆની બાલ્કન રાજ્યો પ્રત્યેની નીતિને પ્રોત્સાહન આપી રશિઆ જોડે વેર ઉભું કર્યું. બિસ્માર્કની કુનેહ દૂર થતાં જર્મનીએ પોતાનો લોખંડી પંજો ફેરવવા માંડયો, એટલે યુરોપનાં અનેક રાજ્યો આત્મરક્ષણ માટે વ્યગ્રતાપૂર્વક મિત્રોની શોધ કરવા લાગ્યાં.

ફ્રાન્સ હજુ જર્મનીએ આપેલા પરાભવનું વેર લેવાની વૃત્તિ તજી શકયું ન હતું. તેણે જર્મનીને જળસ્થળસૈન્યોની વૃદ્ધિ કરતું જોઈ અસહાય દશામાંથી બચવા માટે રશિઆ જોડે દોસ્તી બાંધી, ઇ. સ. ૧૮૯૦. ઈંગ્લેન્ડે ઇ. સ. ૧૯૦૨માં નવા ઉદય પામેલા જાપાન સાથે સંધિ કરી. બે વર્ષ પછી મિસર સંબંધી જુના વિરોધનું સમાધાન કરી ફ્રાન્સ અને ઇંગ્લેન્ડ મૈત્રીનાં બંધને બંધાયાં. ફ્રાન્સ જોડે વિગ્રહ કરવા તૈયાર થઈ રહેલું જર્મની ઈંગ્લેન્ડના ભયથી પાછું પડયું. આવા ત્રણ પ્રસંગો સ્મરણીય છે.

ઇ. સ. ૧૯૦૪માં રશિઆ અને જાપાન વચ્ચે ઘોર સંગ્રામ થયો. તેમાં પોર્ટ આર્થર નામે રશિઆનું લશ્કરી મથક જાપાનને હાથ પડયું, અને જળયુદ્ધમાં રશિઆનું નૌકાસૈન્ય ચૂર્ણવિચૂર્ણ થઈ ગયું. હવે રશિઆથી ઈંગ્લેન્ડને ભીતિ રાખવાનું કારણ ન રહ્યું. ફ્રાન્સના તાબાના મોરોક્કોના પ્રશ્નમાં જર્મનીએ

વિરોધ ઉઠાવવાથી મળેલી આંતર રાષ્ટ્રીય પરિષદ્‌માં ઈંગ્લેન્ડે ફ્રાન્સનો પક્ષ ખેંચ્યો, એટલે જર્મનીએ વાત જતી તો કરી, પણ હવે રશિઆની દોસ્તી મેળવવાની તેને વધારે જરૂર ઉભી થઈ. અફઘાનિસ્તાન, ટિબેટ, અને ઈરાનના પ્રશ્નો વિષે સંતોષકારક સમાધાન આણી ઇ. સ. ૧૯૦૭માં બ્રિટને રશિઆ જોડે તહનામું કર્યું. પરિણામે ઇ. સ. ૧૯૦૭થી (૧) ફ્રાન્સ, રશિઆ, અને ઈંગ્લેન્ડ, તથા (૨) જર્મની, ઇટલી, અને ઑસ્ટ્રિઆ, એમ યુરોપમાં બે ત્રિપુટીઓ બની. સામુદ્રિક સત્તા, વેપાર અને સંસ્થાનો સંબંધી પ્રથમ પદ મેળવવાની કૈસરની અભિલાષાઓ સફળ કરવા માટે જર્મનીનું નૌકાસૈન્ય તડામાર વધવા લાગ્યું, એટલે બ્રિટનની જોડે તેને સ્પર્ધા થવા લાગી: છતાં બન્ને દેશો વચ્ચે પ્રકટ વૈરભાવ થયો નહિ, તેનું કારણ એ કે **'શાંતિપ્રિય'** એડવર્ડ કૈસરનો મામો થતો હતો, અને તેનામાં મુત્સદ્દીગીરી હતી.

ઇ. સ. ૧૯૦૯માં જર્મનીને યુરોપમાં ઉપરીપદ મેળવવાનો બીજો પ્રસંગ મળ્યો. તુર્કસ્તાનમાં પાશ્ચાત્ય શિક્ષણથી સંસ્કૃત થએલા **'તરુણ તુર્ક'** નામના પક્ષે જુના જુલમી સુલતાનને પદચ્યુત કરી નિયંત્રિત રાજ્યવ્યવસ્થા દાખલ કરી. આ રાજ્યક્રાન્તિનો લાભ લઈ ઑસ્ટ્રિઆએ પોતાના કાબુ નીચેના બે પ્રાંતો ખાલસા કરી સર્વિઆનો રોષ વહોરી લીધો; કેમકે હર્ઝ-ગોવિનિઆ અને બોસ્નિઆ તો સર્વિઅન રાજ્યના પ્રાંતો હતા, અને ભવિષ્યમાં તે પાછા મેળવવાની તેને આશા હતી. જાપાને કરેલા મર્મપ્રહારથી રશિઆની શક્તિ એટલી ક્ષીણ થઈ ગઈ, કે પોતાના સ્લાવ મિત્રને થતો અન્યાય તેને જોઈ રહેવાનો વારો આવ્યો. જર્મનીએ ઑસ્ટ્રિઆ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી બેસી ન રહેતાં પાશ્ચાત્ય સંસ્કૃતિ, લોકસત્તા, અને સ્વાતંત્ર્યનાં તત્ત્વોને તુર્ક-સ્તાનમાં પસાર કરવાની તરુણ તુર્કોની અભિલાષાને અનુમોદન આપી તુર્ક સૈન્યને તાલીમ આપવા માંડી, અને રાજ્યવ્યવસ્થામાં સહાય કરવા માંડી. તેણે બર્લિનથી કૉન્સ્ટન્ટિનોપલ પર્યંત સળંગ આગગાડી કાઢી બગદાદ સુધી લઈ જવાનો મનસુબો કર્યો. રશિઆના ભયથી પૂર્વે ઈંગ્લેન્ડે તુર્કસ્તાનને સહાય કરી હતી, તેવી રીતે હવે પોતાની મહત્ત્વાકાંક્ષાની તૃપ્તિ અર્થે જર્મનીએ કરવા માંડી. બાલ્કન રાજ્યોમાં પોતાનો હાથ રહે, અને પશ્ચિમ એશિઆમાં જર્મન પ્રતિષ્ઠા જામે એવા કૈસરના મનોરથ હતા.

જર્મન મહારાજ્યના ઉદયકાળથી વ્યાપાર, ઉદ્યોગ, અને શિક્ષણની ખૂબ વૃદ્ધિ થઈ, એટલે તેને સામુદ્રિક સત્તા મેળવવાનો લોભ થયો. ઈ. સ. ૧૮૯૫માં કીલની નહેર તૈયાર થતાં બાલ્ટિક અને ઉત્તર સમુદ્રો જોડાઈ ગયા. તે પછી જર્મનીએ લડાયક મનવારો અને સૈન્યની સંખ્યા વધારવા માંડી. આથી પર-રાજ્યોમાં તેની ધાક બેસવા માંડી, અને ઈંગ્લેન્ડ જોડે સ્પર્ધા જામવા લાગી. ઈ. સ. ૧૯૧૨માં મોરોક્કોના સુલતાને ફ્રાન્સના વર્ચસ્વથી કંટાળી તેની વિરુદ્ધ ખટપટ કરવા માંડી. આ તકરારનો લાભ લઈ જર્મનીએ અગાદીર બંદરે પેન્થર નામે લડાયક જહાજ મોકલી આપ્યું: પણ ઈંગ્લેન્ડે પડકાર કર્યો, કે તે ફ્રાન્સનો પક્ષ લેનાર છે. આથી જર્મની પાછું હઠયું, અને ફ્રાન્સ તથા ઈંગ્લેન્ડની મૈત્રી વધુ દૃઢ બની. પરંતુ જર્મનીમાં ઈંગ્લેન્ડ પ્રત્યે દ્વેષ વધ્યો.

**મહાવિગ્રહના ભણકારા:** તુર્કસ્તાનની નવી રાજ્યઘટનાથી ખ્રિસ્તીઓ ઉપરનો જુલમ ઘટ્યો નહોતો. મેસિડોનિઆના ખ્રિસ્તીઓએ ગેરઅમલથી




યુરોપનાં બાલ્કન રાજ્યો: ઈ. સ. ૧૯૧૪

ત્રાસીને તુર્કો વિરુદ્ધ બંડ ઉઠાવ્યું, એટલે પ્રસંગનો લાભ લઈને ઈટલીએ આફ્રિકામાં આવેલો તુર્ક અધિકાર નીચેનો ટ્રિપોલી પ્રાંત જીતી લીધો, ઈ. સ. ૧૯૧૧. આ જોઈ સ્ફૂર્તિમાં આવેલાં ગ્રીસ, બલ્ગેરિઆ, સર્વિઆ, મોન્ટીનીગ્રો આદિએ '**બાલ્કન સંઘ**' સ્થાપી તુર્કી સત્તાને ફટકો મારવાની તૈયારી કરી, ઈ. સ. ૧૯૧૨. તેમણે તુર્કીનો ઘણોખરો મુલક કબજે કર્યો, પણ થોડા સમયમાં એ રાજ્યોમાં પરસ્પર દ્વેષ ઉત્પન્ન થયો. એવામાં સર્વિઆ અને ગ્રીસે બલ્ગેરિઆ વિરુદ્ધ યુદ્ધ પોકાર્યું, એટલે બીજો બાલ્કન વિગ્રહ શરૂ થયો. પાછળથી રૂમાનિઆ ગ્રીસ જોડે ભળ્યું. આ અવ્યવસ્થાનો લાભ લઈ તુર્કોએ એડ્રિઆનોપલ અને પૂર્વ થ્રેસ પાછાં મેળવ્યાં. આખરે લંડનમાં મુખ્ય રાજ્યોની પરિષદ્ ભરાઈ, એટલે બાલ્કન વિગ્રહ પૂરો થયો. સર્વિઆને આડ્રિઆટિક પરનાં બંદરો અને આલ્બેનિઆ જોઈતાં હતાં, પણ તે વાત ઑસ્ટ્રિઆને રુચતી ન હતી; કેમકે એ સ્લાવ રાજ્ય સમૃદ્ધ થાય, તો પોતાના રાજ્યના કેટલાક પ્રાંતોમાં વસતા સ્લાવોની મહત્ત્વાકાંક્ષા જાગૃત થાય, અને તે સર્વ સંગઠિત થઈ નવીન સ્વતંત્ર રાજ્ય નિર્માણ કરી બેસે, એવો તેને ભય હતો. *આથી સર્વિઆને આડ્રિઆટિકમાં બંદર ન મળે*, એવી ખટપટ કરવા માંડી, અને આલ્બેનિઆને સ્વતંત્ર રાજ્ય તરીકે સ્વીકાર્યું. ઑસ્ટ્રિઆનું વર્તન સર્વિઆને શલ્ય સમું ખૂચ્યું, અને રશિઆને સ્લાવ રાજ્યને થએલા મર્મપ્રહારથી ઑસ્ટ્રિઆ પ્રત્યે રોષ ઉપજ્યો.

વીસમી સદીના આરંભમાં યુરોપમાં અનેક વિકટ પ્રશ્નો ઉભા થયા, અને રાજ્યોમાં પરસ્પર દ્વેષ વધ્યો. સ્વાભાવિક રીતે રશિઆને તુર્કસ્તાનનો નાશ કરવામાં જર્મનીનું નડતર હતું, ફ્રાન્સને આલ્સાસ, લોરેન પાછાં પ્રાપ્ત કરી જુનું વેર લેવું હતું, ઈટલીને ટ્રિએસ્ટ લેવામાં ઑસ્ટ્રિઆ વિઘ્નરૂપ હતું, જર્મનીને યુરોપમાં નેતૃત્વપદ અને સામ્રાજ્યસત્તાનાં સ્વપ્નાં આવતાં હતાં, અને ઈંગ્લેન્ડને સામુદ્રિક વર્ચસ્વ ટકાવી રાખવું હતું. તુર્કસ્તાન અને ઑસ્ટ્રિઆનાં રાજ્યોમાં રહેતા અનેક જાતિ અને ધર્મના લોકો સ્વતંત્ર રાષ્ટ્રો બનાવવાની ઇચ્છા રાખતા હતા. જર્મનીની સામ્રાજ્યતૃષ્ણાને લીધે ફ્રાન્સ, રશિઆ, અને ઈંગ્લેન્ડ જોડે તેને અણબનાવ થાય એ સ્વાભાવિક હતું. આથી મુખ્ય રાજ્યોએ પ્રબળ બનવાની આશાએ જળસ્થળસૈન્યો પાછળ કાંકરાની પેઠે

પૈસા વેરવા માંડયા. આ રાજ્યોએ પોતાના મહત્ત્વના ટંટાનો નિકાલ શસ્ત્રની સહાયથી આણવાનું ધાર્યું હોય, ત્યાં હેગનું આંતર રાષ્ટ્રીય ન્યાયમંદિર શું કરી શકે? યુરોપ દારૂ ભરેલી સુરંગ જેવી સ્થિતિમાં હતો; ભડાકો થવા માટે માત્ર અગ્નિકણની જરૂર હતી.

**મહાવિગ્રહનો પ્રારંભ**: ઇ. સ. ૧૯૧૪ના જુન માસની ૨૮મી તારીખે ઑસ્ટ્રિઆના યુવરાજનું બોસ્નિઆના સારાજેવો શહેરમાં ખૂન થયું. આ હત્યા જોડે સર્વિઆની સરકારને ગુપ્ત સંબંધ છે, એવો ઑસ્ટ્રિઆને સંશય આવતાં તેણે સર્વિઆને પત્ર લખી ચાર દિવસમાં સંતોષકારક ઉત્તર માગ્યો. ખૂનીઓને પકડી તેમને યોગ્ય શિક્ષા આપવાની ઑસ્ટ્રિઆની માગણી ગમે તેટલી ન્યાય્ય હોય, પણ એ સ્વીકારવાથી સર્વિઆને પોતાનું સ્વાતંત્ર્ય હરાઈ જતું લાગ્યું. પરિણામે ઠરાવેલે સમયે ઉત્તર ન આવ્યો, એટલે જર્મનીની સહાયની ખાતરી કરીને ઑસ્ટ્રિઆએ સર્વિઆ વિરુદ્ધ યુદ્ધ પોકાર્યું. પરંતુ બાલ્કન રાજ્યોમાં ઑસ્ટ્રિઆની નીતિ પ્રત્યે રોષની દૃષ્ટિ રાખનાર રશિઆએ પોતાના સ્લાવબંધુ સર્વિઆને સહાય આપવાની તત્પરતા દર્શાવી સૈન્યનો જમાવ કરવા માંડયો. આથી જર્મનીએ રશિઆના આ કૃત્ય પ્રત્યે વિરોધ દર્શાવ્યો, પણ રશિઆ તેને ગણકારે તેમ કયાં હતું? હવે જર્મનીએ રશિઆ વિરુદ્ધ યુદ્ધ જાહેર કર્યું. ફ્રાન્સ રશિઆનું મિત્ર હતું, એટલે ભાઈબંધની ભીડમાં તેણે રશિઆની કુમકે ચડવા શસ્ત્ર સજ્યાં, ૨જી ઑગસ્ટ. પરંતુ ફ્રાન્સ સજજ થાય તે પહેલાં તેનો પરાભવ કરવો, અને પછી રશિઆની ખબર લઈ યુદ્ધનો સત્વર અંત આણી દેવો, એવો ઠરાવ કરી જર્મનીએ ફ્રાન્સ ઉપર આક્રમણ કર્યું. ઇ. સ. ૧૮૭૧ના યુદ્ધમાં જર્મનીએ પૂર્વ દિશાએથી ચડાઈ કરી હતી, એટલે ત્યાર પછી ફ્રાન્સે ત્યાં કિલ્લા બાંધી તે દિશા સુરક્ષિત કરી હતી. આ સમયે જર્મનીએ ઈશાન કોણથી બેલ્જીયમમાં થઈને જવાનો નિશ્ચય કર્યો. જર્મનીના આ કૃત્યને બેલ્જીયમે સંમતિ આપવાની સ્પષ્ટ ના પાડી, છતાં જર્મનીએ પોતાનું સૈન્ય ત્યાંથી ચલાવ્યું. બેલ્જીયમનો કિનારો ઈંગ્લેન્ડની નિકટ હોવાથી આત્મરક્ષણની વૃત્તિથી પ્રેરાઈને ઇ. સ. ૧૮૩૧માં યુરોપનાં મુખ્ય રાષ્ટ્રો પાસે તેણે કબુલાત લેવરાવી હતી, કે તે દેશ તટસ્થ રહે ત્યાં સુધી કોઈ પણ રાજ્યે તેમાં યુદ્ધસામગ્રી લઈ જવી નહિ, કે યુદ્ધવેળા

પક્ષકારોએ તેમાં પ્રવેશ કરવો નહિ. જર્મનીએ આ તહનામાને "કાગળનું ચીથરૂં" કહીને તિરસ્કારી નાખ્યું. જો કે ઑસ્ટ્રિઆ અને સર્વિઆના ટંટાનો નિર્ણય હેગની ન્યાયસભા પાસે કરાવવાની સૂચના ઈંગ્લેન્ડના પરરાજ્ય ખાતાના પ્રધાન સર એડવર્ડ ગ્રેએ કરી હતી, પણ તે સ્વીકારવામાં આવી ન હતી. તેમાં વળી જર્મનીએ બેલ્જીયમની તટસ્થતાનો તિરસ્કારપૂર્વક ભંગ કર્યો, એટલે તો તે નાના રાજ્યના સંરક્ષણને અર્થે ઈંગ્લેન્ડે જર્મની વિરુદ્ધ યુદ્ધ જાહેર કર્યું, ૪થી ઑગસ્ટ ૧૯૧૪. પાર્લમેન્ટે યુદ્ધનો યશસ્વી અંત લાવવા મોટી રકમ મંજુર કરી. લૉર્ડ કિચનરને યુદ્ધખાતાનો સેક્રેટરી નીમવામાં આવ્યો, અને જેલિકો નામે નૌસેનાની પર નૌકાસૈન્યની વ્યવસ્થાનો બોજો નાખવામાં આવ્યો.

આ પ્રમાણે જર્મની અને ઑસ્ટ્રિઆનાં રાજ્યોનો પરાભવ કરવા માટે સર્વિઆ, રશિઆ, ફ્રાન્સ, ઈંગ્લેન્ડ, બેલ્જીયમ વગેરે રાજ્યો ઉદ્યુક્ત થયાં. પાછળથી બંને પક્ષમાં તુર્કસ્તાન, અમેરિકા, ઈટલી, બલ્ગેરિઆ, અને જાપાન ભળતાં જગતભરમાં આ દારુણ રણસંગ્રામનો દાવાનળ પ્રજળી ઊઠ્યો. પરિણામે જ્યાં જ્યાં શત્રુમિત્રોનો ભેટો થયો, ત્યાં ત્યાં યુદ્ધ થવા લાગ્યાં. ફ્રાન્સની ઉત્તર સીમા પાસે જર્મનો સામે અંગ્રેજ અને ફ્રેન્ચ સૈન્યો લડતાં હતાં, રશિઆની પશ્ચિમ સરહદ ઉપર જર્મન વિરુદ્ધ રશિઅનોનો જંગ મચ્યો હતો, ઑસ્ટ્રિઆની દક્ષિણ અને પૂર્વ સીમાએ સર્વિઆ અને ઈટલીનાં સૈન્યો ઑસ્ટ્રિઅન સિપાઈઓ જોડે ઝપાઝપી ચલાવી રહ્યાં હતાં, અને મેસોપોટેમિઆ, મિસર, તથા ડાર્ડેનલ્સમાં અંગ્રેજ અને તુર્ક સૈન્યોનો ભેટો થયા કરતો હતો. ઉત્તર સમુદ્રમાં અંગ્રેજ અને જર્મન નૌકાસૈન્યો વચ્ચે ચકમક ઝરી રહી હતી, અને દક્ષિણ આફ્રિકામાં આવેલાં જર્મન સંસ્થાનો કબજે કરી લેવા માટે અંગ્રેજ અને હિંદી સૈન્યો પ્રયત્ન કરતાં હતાં.

**પશ્ચિમ રણાંગણ:** લીજ, નામૂર અને એન્ટપર્વ ઇત્યાદિ કિલ્લા સર કરતી જંગી જર્મન સેના ફ્રાન્સ તરફ જળધોધની પેઠે ધપવા લાગી. મોન્સ પાસે અંગ્રેજ અને ફ્રેન્ચ સેનાઓનો પરાભવ કરી તેણે સમગ્ર બેલ્જીયમને હસ્તગત કરી લીધું. વિજયાનંદમાં મસ્ત થએલા જર્મનો પેરિસથી પચાસ માઈલ દૂર આવી પહોંચ્યા, એટલે ફ્રેન્ચ સરકાર ભય પામીને પેરિસ છોડી બોર્ડો બંદરમાં ભરાઈ. પરંતુ પ્રસિદ્ધિ પામેલા અનેક હિંદી વીરોના પરાક્રમથી

માર્ન નદીના યુદ્ધમાં જર્મન સૈન્ય હાર્યું, પાછું હઠયું, અને એન નદીની આસપાસના પ્રદેશમાં ખાહીબંધી કરી ત્યાં પડાવ નાખી ઉભું રહ્યું. અંગ્રેજ–ફ્રેન્ચ સૈન્યોએ પણ ત્યાંજ પડાવ નાખ્યો, અને ઉત્તર સમુદ્રથી સ્વિટ્ઝર્લૅન્ડની સરહદ સુધી ખાહીઓની જાળ પ્રસરી રહી. યુદ્ધના અંત સુધી ત્યાં આવી સ્થિતિ ચાલુ રહી. શત્રુની કમતાકાત કે ગફલતનો લાભ લઈ આ જંગી ફોજો તોપખાનું ચલાવતી, હલ્લા કરતી, અને લાખો મનુષ્યોનો સંહાર કરતી. આવા કેટલાક હુમલા પ્રસિદ્ધ છે; એપ્ર પાસે જર્મનોએ કરેલો અંગ્રેજો પરનો હુમલો, એપ્રિલ–મે, ૧૯૧૫; ફ્રેન્ચો પર કરેલો વર્ડૂન પાસેનો હલ્લો, ફેબ્રુઆરિ–એપ્રિલ, ૧૯૧૬; મિત્રરાજ્યોએ શત્રુ–સૈન્ય જોડે કરેલું સોમ નદીના કિનારાનું યુદ્ધ, મે, ૧૯૧૮. આવાં આક્રમણોમાં થોડો મુલક કબજે થાય, પણ તેમ કરતાં અતિશય પ્રાણહાનિ અને ખર્ચ થાય, અને યુદ્ધનો અંત આવવાનો રંગ દેખાય નહિ, એવી પરિસ્થિતિ ચાલ્યા કરતી હતી.

**રશિઅન રણાંગણ:** આ તરફ જબરૂં રશિઅન સૈન્ય પૂર્વ પ્રુશિઆ પર અને બીજું સૈન્ય ઑસ્ટ્રિઆ તરફ ચડી ચૂક્યું. હાં હાં કહેતામાં બર્લિન પડશે એમ તર્કો ઊડવા લાગ્યા, પણ અનુભવી અને કાબેલ જર્મન સેનાપતિ હિન્ડન્બર્ગે અસાધારણ ચાતુરીથી ટેનનબર્ગના યુદ્ધમાં રશિઅન સૈન્યને દાંતમાં તરણાં લેવડાવ્યાં, અને તેને પાછું હઠાવ્યું. ત્યારપછી તેણે રશિઆમાં આવેલા લિથુનિઆ અને બાલ્ટિક પ્રાંત પર્યંત પોતાનું સૈન્ય પહોંચાડી દીધું. ઑસ્ટ્રિઆએ સર્વિઆનાં સંસ્થાનોનો કબજો લેવાના વ્યર્થ પ્રયત્નો કર્યા, એટલામાં રશિઅન સૈન્ય હંગરી ઉપર ધસી આવ્યું. ઑસ્ટ્રિઆને પાછું હઠતું જોઈ મેકેન્સનની સરદારી નીચે જર્મન સૈન્ય મદદે આવી પહોંચ્યું, એટલે યુદ્ધનો રંગ પલટાઈ ગયો. રશિઅન સૈન્ય હાર્યું, પાછું હઠયું, અને મેકેન્સને પોલેન્ડ પર આક્રમણ કર્યું. હવે ઉત્તરેથી હિન્ડન્બર્ગે અને દક્ષિણેથી મેકેન્સને જોસભેર ધસારા કરવા માંડયા, અને પોલેન્ડની રાજધાની વૉર્સો કબજે કરવામાં આવી, ઇ. સ. ૧૯૧૫. ઇ. સ. ૧૯૧૬માં રૂમાનિઆ મિત્રરાજ્યો જોડે ભળ્યું, પણ જર્મન ધસારા સામે ટકી રહેવાની તેનામાં શક્તિ ન હતી. સમગ્ર રૂમાનિઆ ઉપર જર્મન સૈન્યો ફરી વળ્યાં. રશિઆએ પણ શત્રુઓની સામે થવાનો પ્રયત્ન કરી જોયો. સૈનિકોની મોટી સંખ્યા છતાં યુદ્ધસામગ્રીની

ન્યૂનતાને લીધે રશિઆનો પરાભવ થયો, પણ તેનો અપયશ પ્રજાએ અપ્રિય થઈ પડેલા શહેનશાહ (ઝાર) નિકોલાસ બીજાને શિરે ઢોળ્યો. રશિઆમાં રાજ્યક્રાન્તિ થઈ, અને ઝારને પદભ્રષ્ટ કરી ઠાર કરવામાં આવ્યો, માર્ચ ૧૯૧૭. રશિઆમાં બંધારણ વગરનું અર્થાત્ અવ્યવસ્થાનું સામ્રાજ્ય વ્યાપ્યું. તેના વિશાળ સામ્રાજ્યના પાયા ડગમગવા લાગ્યા. અંતે 'બોલ્શેવિક' નામથી પ્રસિદ્ધ અને માથાના ફરેલા ક્રાન્તિકારક કામદારોના હાથમાં સત્તા આવી. આવી આંતર અવ્યવસ્થાના સમયમાં શત્રુઓ જોડે યુદ્ધ કરવાનું અશક્ય હોવાથી રશિઆએ જર્મની અને ઑસ્ટ્રિઆ જોડે સંધિ કરી, ૩જી માર્ચ, ૧૯૧૮. જર્મનીએ પૂર્વ રણાંગણમાંથી મુક્ત થએલા સૈન્યને પશ્ચિમ સરહદ ઉપર મોકલી દીધું.

**મેસોપોટેમિઆ અને ગેલીપોલી**: અનેક કારણોથી તુર્કસ્તાન ઈંગ્લેન્ડથી નારાજ થયું હતું. બાલ્કન યુદ્ધમાં જર્મનીએ આપેલી સહાયનું ઋણ અદા કરવા તેણે જર્મનીનો પક્ષ લીધો, ઇ. સ. ૧૯૧૪. આથી ઈંગ્લેન્ડને સુએઝની નહેર સુરક્ષિત રાખવાની ચિંતા થઈ. તેણે મિસર ઉપરથી તુર્ક અધિરાજ્યનો દાવો ઉઠાવી લઈ તે દેશને પોતાનું 'સંરક્ષિત રાજ્ય' જાહેર કર્યું. તુર્કસ્તાન પ્રત્યે વલણ ધરાવનારા 'ખેદિવ'ને પદભ્રષ્ટ કરી રાજકુટુંબના બીજા પુરુષને ગાદી આપવામાં આવી. આમ ડાર્ડેનલ્સની સામુદ્રધુનિ કબજે કરી તુર્કસ્તાનનું નાકું કબજે રાખવાનો મિત્રરાજ્યોએ ઠરાવ કર્યો, અને અંગ્રેજ નૌકાસૈન્યે પોતાનું વર્ચસ્વ સ્થાપવાનો આરંભ કર્યો, ઇ. સ. ૧૯૧૫. *આખરે મિત્રરાજ્યોનું સૈન્ય ગેલીપોલી દ્વીપકલ્પમાં ઉતર્યું. પરંતુ બલ્ગેરિઆ,* ગ્રીસ, અને જર્મનીએ તુર્કસ્તાનને સહાય પહોંચાડી, એટલે આઠ માસના આ યુદ્ધમાં મિત્રરાજ્યોનાં સૈન્યનું કશું વળ્યું નહિ; ઉલટી અસંખ્ય માણસોની પ્રાણહાનિ થઈ, અને એ સામુદ્રધુનિ લેવાના પ્રયત્નો તજી દેવા પડયા. પછી આ સૈન્યો સેલોનિકામાં જઈ રહ્યાં.

દરમિઆન તુર્ક સામ્રાજ્યના મેસોપોટેમિઆ પ્રાંત ઉપર અંગ્રેજોએ આક્રમણ કર્યું, નવેમ્બર, ૧૯૧૫. બસરા બંદરે હિંદનું સૈન્ય ઉતરીને મેસોપોટેમિઆ જવા ઉપડયું, અને આ ભડવીરો બગદાદ હમણાં લઈ લેશે એમ લાગ્યું; પણ કુત–અલ–અમારામાં આ સૈન્યને તુર્કોએ ઘેરી લીધું, અને

સેનાપતિ ટાઉનશેન્ડને શરણ થવાની ફરજ પડી, ઇ. સ. ૧૯૧૭. ગેલીપોલી અને મેસોપોટેમિઆમાં પરાભવ પામેલાં મિત્રરાજ્યોના લશ્કરી તોરદોરનો પારો આમ નીચે ઉતર્યો.

**સામુદ્રિક યુદ્ધ:** મહાયુદ્ધના આરંભમાં જાપાને ઇંગ્લેન્ડનો પક્ષ લઈ કિઆઉચાઉ નામે જર્મન થાણું કબજે કર્યું. એમ્ડન નામે જર્મન જહાજે હિંદના કિનારા પર ગોળીબાર કર્યા, પણ ઑસ્ટ્રેલિઆની સિડની આરમારે તેનો નાશ કર્યો. આ તરફ અંગ્રેજ નૌકાસૈન્યની જાગૃતિને લીધે જર્મન કાફલો નિરુપયોગી થઈ પડયો, અને જર્મનીનો પરદેશો જોડેનો વેપાર બંધ પડયો. જર્મનીએ પણ ઇંગ્લેન્ડને હંફાવવા માટે ઉત્તર સમુદ્ર અને અંગ્રેજી ખાડીમાં સુરંગો પાથરી, અને જળડૂબી નૌકા (Submarine) વડે વહાણો ડુબાવવા ઉપરાંત વિમાનોમાંથી ગોળા ફેંકી શહેરોનો નાશ કરવા માંડયો. એથી લોકોમાં ત્રાસ વર્ત્યો, પુષ્કળ પ્રાણહાનિ થઈ, અને માલમતાનું નુકસાન થયું. પરંતુ સામુદ્રિક વર્ચસ્વની સ્પર્ધાનો નિર્ણય જટલેન્ડ પાસેના જબરા યુદ્ધમાં થયો. જર્મન નૌકાસૈન્ય પાછું હઠયું, અને કોઈ પક્ષનો નિશ્ચિત જય થયો નહિ, છતાં ઇંગ્લેન્ડ પર સવારી કરવાની અને સામુદ્રિક શ્રેષ્ઠતા મેળવવાની જર્મન મહત્ત્વાકાંક્ષાનો અંત આવ્યો. હવે જર્મનીનો સંસ્થાનો જોડેનો સંબંધ તૂટી જવાથી તેના શત્રુઓને અનુકૂળતા મળી. પરિણામે કિઆઉચાઉ જાપાનને હાથ પડયું, પેસિફિકનાં સંસ્થાનો ઑસ્ટ્રેલિઆ અને ન્યૂ ઝીલેન્ડે લીધાં, આફ્રિકાનાં સંસ્થાનો મિત્રરાજ્યોએ હસ્તગત કર્યા, અને પૂર્વ આફ્રિકાનાં જર્મન સંસ્થાનો હિંદી અને દક્ષિણ આફ્રિકાનાં સૈન્યે મળી જીતી લીધાં.

**ઇટલી અને ગ્રીસ:** યુદ્ધના આરંભમાં ઇટલી તટસ્થ રહ્યું હતું, છતાં ઑસ્ટ્રિઅન હકુમતનાં ઇટાલિયન વસ્તીવાળાં ટ્રેન્ટ અને ટ્રિએસ્ટ શહેરો લેવા માટે ઑસ્ટ્રિઆના સૈન્યને રોકી રાખવા જેટલી સેવા કરી. ઇ. સ. ૧૯૧૭માં જર્મન સૈન્યની સહાયથી ઑસ્ટ્રિઆએ ઇટલીને હરાવ્યું, પણ ઍંગ્લો-ફ્રેન્ચ સૈન્ય આવી પહોંચવાથી શત્રુઓનાં સૈન્યો પાછાં ફર્યાં.

ગ્રીસ પ્રથમ તટસ્થ રહ્યું, પણ પછી સેલોનિકામાં મિત્રરાજ્યોનું સૈન્ય ઉતર્યું. એથી સર્વિઆને ઑસ્ટ્રિઆથી છોડાવવામાં મિત્રરાજ્યો ગ્રીસની સહાયની અપેક્ષા રાખવા લાગ્યાં. રાજા કોન્સ્ટન્ટાઇન જર્મનીને સહાય આપવા

ઉત્સુક હતો, અને પ્રધાન વેનિઝેલૉસ મિત્રરાજ્યોના પક્ષમાં હતો. આખરે રાજા પદભ્રષ્ટ થયો, અને ગ્રીક સૈન્ય સેલોનિકામાં પડેલા સૈન્યને જઈ મળ્યું. પરંતુ આ સૈન્યોનું ઑસ્ટ્રિઅન અને બલ્ગેરિઅન સૈન્યો આગળ કશું ચાલ્યું નહિ.

**ઈંગ્લેન્ડની આંતર સ્થિતિ:** મહાયુદ્ધના આરંભમાં લિબરલ પક્ષનો ઍસ્કિવથ પ્રધાનપદે હતો. યુદ્ધનો યશસ્વી અંત આણવાને માટે પક્ષભેદ તજી દેવામાં આવ્યો, અને દેશના સર્વ બુદ્ધિધનનો ઉપયોગ કરવાના સ્તુત્ય હેતુથી પ્રધાનમંડળની પુનર્રચના કરવામાં આવી. આ પ્રધાનમંડળમાં કોન્ઝર્વેટિવ અને મજુર પક્ષના નેતાઓને લેવામાં આવ્યા, ઇ. સ. ૧૯૧૫. આ સંયુક્ત પ્રધાનમંડળમાં બોનરલૉ સંસ્થાનખાતાનો અને બાલ્ફર નૌકાખાતાનો પ્રધાન થયો. યુદ્ધસામગ્રી અને દારૂગોળાની ન્યૂનતા પૂરી પાડવા માટે ઉત્સાહી અને કાર્યદક્ષ લૉઈડ જ્યૉર્જના ઉપરીપદે એક મંડળ નીમવામાં આવ્યું. એ પછી ઈંગ્લેન્ડે ઉત્સાહપૂર્વક યુદ્ધ ચલાવ્યું, સંસ્થાનોએ તેને આ ભીડમાં સહાય કરી, અને હિંદી સૈન્ય ફ્રાન્સ, મેસોપોટેમિઆ, અને આફ્રિકાનાં મેદાનોમાં હાથ બતાવી રહ્યું. સામ્રાજ્યનાં સર્વ અંગોનો સહકાર, સહાય, અને સૂચના મેળવવા ઇ. સ. ૧૯૧૭માં સામ્રાજ્ય પરિષદ્ ભરવામાં આવી.

દરમિઆન સ્વેચ્છાથી જોડાનાર સૈનિકોની સંખ્યા અલ્પ થતી હતી, એટલે ફરજિઆત લશ્કરી ભરતીનો કાયદો પસાર કરવામાં આવ્યો, ઇ. સ. ૧૯૧૬. આયર્લૅન્ડને આ કાયદો લાગુ પાડવામાં આવ્યો નહિ. ત્યારપછી સિનફિન પક્ષની પ્રેરણાથી આયર્લૅન્ડમાં ઊઠેલું બંડ શમાવી દેવાવી આવ્યું. જટલેન્ડના યુદ્ધ બાદ લૉર્ડ કિચનર સમુદ્રમાર્ગે રશિઆ જવા નીકળ્યો, પણ ઑર્કની દ્વીપ પાસે જર્મનોએ મૂકેલી સુરંગ જોડે તેનું જહાજ અથડાવાથી તેણે જલસમાધિ લીધી, એટલે લૉઈડ જ્યૉર્જને તેને સ્થાને નીમવામાં આવ્યો. તેના આશાવાદ અને કાર્યદક્ષતાને લીધે પ્રધાનમંડળમાં તેની પ્રતિષ્ઠા વધી. આ વર્ષમાં મિત્રરાજ્યો પર સંકટોની પરંપરા આવી. દરમિઆન યુદ્ધની બાબતોનો સત્વર નિર્ણય લાવવા માટે લૉઈડ જ્યૉર્જે સ્વતંત્ર યુદ્ધમંડળ રચી ઍસ્કિવથનું નામ તેમાંથી કાઢી નાખ્યું, એટલે એ અપમાનથી ઉત્તેજિત થઈને તેણે રાજીનામું આપ્યું. આથી લૉઈડ જ્યૉર્જ મુખ્ય મંત્રી બન્યો. તેણે કોન્ઝર્વેટિવ મિત્રોને અધિકારે ચડાવ્યા, અને યુદ્ધમંડળ સ્થાપ્યું; પણ ખરી

સત્તા પોતાને હસ્તક રાખી એકતંત્રી રાજ્ય ચલાવવા માંડ્યું. તેણે દેશમાં નવું જોમ અને ઉત્સાહ પ્રકટાવ્યાં.

**અમેરિકા જોડાયું.** જર્મનીએ ઉત્તર સમુદ્રમાં સુરંગ પાથરી ઈંગ્લેન્ડના વેપારને ધક્કો પહોંચાડવા માંડ્યો. ઇ. સ. ૧૯૧૫માં તેણે અમેરિકાની કુનાર્ડ કંપનિની લુસિટાનિઆ નામે આગબોટ ડુબાડી. તેમાં અસંખ્ય ઉતારૂઓ ડૂબી ગયા, અને બીજું ભારે નુકસાન થયું, એટલે સંયુક્ત સંસ્થાનોના પ્રમુખ વુડરો વિલ્સને રોષે ભરાઈને જર્મનીને કડક પત્ર લખ્યો. જર્મનીએ સાવધાની રાખવાનું આશ્વાસન આપ્યું, પણ ત્યાર પછી ઈંગ્લેન્ડે ડેનમાર્ક, હોલેન્ડ આદિ તટસ્થ રાજ્યોનાં વહાણોને જર્મનીને અનાજ પહોંચાડતાં અટકાવવાનો નિશ્ચય કર્યો. હવે ભૂખમરાના સંકટની શંકાથી જર્મની વ્યાકુળ બન્યું. તેણે બ્રિટિશ ટાપુઓની આસપાસના સમુદ્રને યુદ્ધક્ષેત્રમાં આવેલો જાહેર કરી જળડૂબી નૌકાનું અનિરુદ્ધ યુદ્ધ આદર્યું, ઠેરઠેર સુરંગો પાથરી, અને વેપારી વહાણોને ડુબાડી મિત્રરાજ્યો જોડેના તટસ્થ રાજ્યોના વેપારને નિર્જીવ કરવા માંડ્યો. અમેરિકાએ આ પદ્ધતિનો વિરોધ કર્યો, પણ જર્મનીએ તે પર લક્ષ આપ્યું નહિ. જ્યારે અમેરિકન વેપારી વહાણોનો નાશ થવા લાગ્યો, અને જર્મનીની પ્રેરણાથી અમેરિકામાં કાવતરાં રચાવા લાગ્યાં, ત્યારે વિલ્સને જર્મની વિરુદ્ધ યુદ્ધ પોકાર્યું, ઇ. સ. ૧૯૧૮. રાજ્યક્રાન્તિમાં ઘેરાએલા રશિઆની સહાય ગુમાવી બેઠેલાં મિત્રરાજ્યોને અમેરિકાનાં તાજાં, તાલીમ પામેલાં સૈન્ય અને અઢળક સાધનોની સહાય અણમૂલી થઈ પડી.

પ્રચંડ અમેરિકન સૈન્યની કુમક આવ્યા પહેલાં મિત્રરાજ્યોને હરાવવાની આશાએ જર્મનીએ એક વધુ પ્રયત્ન કર્યો, પણ તેમાં તેને યશ મળ્યો નહિ. જર્મનીના ઈંગ્લેન્ડને ભૂખે મારવાના મનોરથ લૉઈડ જ્યૉર્જની કાર્યદક્ષતાએ તોડી પાડ્યા. જર્મનો આમીઆં લેવા દોડ્યા, પણ તેમાંએ નિષ્ફળ થયા. પછી દક્ષિણ તરફથી હલ્લો કરવાની આશાએ જર્મનોએ ધસી આવી માર્ન નદીનો તટ કબજે કર્યો, મે, ૧૯૧૮; પણ તે પહેલાં અમેરિકન સૈન્ય ફ્રાન્સમાં આવી પહોંચ્યું.

**પૂર્ણાહુતિઃ** આવી વિષમ પરિસ્થિતિ આવી પડે, તો તેનું સત્વર નિવારણ કરવાને માટે પશ્ચિમ રણાંગણ પરનું સૈન્ય એક આધિપત્ય નીચે

રાખવાની લૉર્ડ જ્યૉર્જે સૂચના કરી. એથી ફ્રેન્ચ સેનાની માર્શલ ફૉશને અંગ્રેજ અને ફ્રેન્ચ સૈન્યનો ઉપરી નીમી સર ડગલસ હેગને તેની જોડે રાખવામાં આવ્યો.

ત્રણ ચાર વર્ષના ભયંકર અને અપૂર્વ વિશ્વવિગ્રહથી યુદ્ધમાં પડેલાં રાજ્યો થાકી ગયાં. પ્રાણ અને દ્રવ્યની હાનિનો હિસાબ રહ્યો ન હતો. તેમાં અમેરિકા મિત્રરાજ્યો જોડે ભળ્યું, એટલે હવે તેમને જીતવાનું કાર્ય શત્રુઓને મન અશક્ય જણાવા લાગ્યું. એથી કરીને જર્મનીનાં સહકારી રાજ્યોએ મિત્રો જોડે સંધિ કરવાની દોડધામ કરવા માંડી. આ બાજુ મિત્રોની સ્થિતિ આશાસ્પદ બનતી જતી હતી. મૉડ અને માર્શલ સેનાપતિઓએ મેસોપોટેમિઆ જીતી લઈ અંગ્રેજ પ્રતિષ્ઠા પાછી સ્થાપી, જનરલ એલન્બીએ હિંદી અને સંસ્થાનોનાં સૈન્યની વહારથી પેલેસ્ટાઇનમાં ઉતરી જેરૂસલેમ આદિ નગરો કબજે કર્યાં, અને બીજી તરફ સેલોનિકામાં રહેલાં સૈન્યોએ બલ્ગેરિઆનો પરાભવ કર્યો. તુર્કસ્તાન અને બલ્ગેરિઆએ મદદની આશા મૂકી મિત્રરાજ્યો જોડે તહનામાં કર્યાં, ઑક્ટોબર, ૧૯૧૮. હંગરીમાં જોસબંધ ચાલેલી રાષ્ટ્રીય ચળવળથી બેહાલ બનેલા ઑસ્ટ્રિઆએ વિલ્સનની સૂચના સ્વીકારી યુદ્ધમાંથી નિવૃત્તિ લીધી, ૩જી નવેમ્બર, ૧૯૧૮. મિત્રોના પરાભવથી વિકટ સ્થિતિમાં આવી પડેલા જર્મનીમાં ખળભળાટ થયો, નૌકાસૈન્યે બંડ ઉઠાવ્યું, અને લોકમત તથા સમયનો વિચાર કરી શહેનશાહ વિલિયમ બીજાએ રાજપદનો ત્યાગ કરી હોલેન્ડમાં દેશવટો લીધો. છેવટે કાયમની સંધિ થતાં સુધી હાઇનના ડાબા તીર પરના મુલકમાં મિત્રરાજ્યોનાં સૈન્યને રહેવા દેવાની, અને યુદ્ધ-સામગ્રી હવાલે કરી દેવાની ફૉશે કરેલી સરતો સ્વીકારી જર્મનીએ યુદ્ધ-*વિરામની યાચના કરી, ૧૧મી નવેમ્બર, ૧૯૧૮.*

ઝેરી હવા, હોવિટ્ઝર તોપો, વિમાનો આદિ ભૌતિક શાસ્ત્રોની શોધોથી ઉપજાવવામાં આવેલાં સાધનોની સંહારક શક્તિનો પ્રથમ પરિચય કરાવનાર આ મહાવિગ્રહ બંધ થયો. યુરોપનાં કેટલાંએ રાજ્યો વેરાન થઈ ગયાં, કેટલાંક રાજ્યો છિન્નભિન્ન થઈ ગયાં, અને કેટલીક પ્રજાઓમાંથી ઉપપ્રજાઓ ફૂટી નીકળી. ૧,૧૦,૦૦,૦૦૦ મનુષ્યોના રુધિરમાંસનું ધરતીમાતાને ખાતર મળ્યું.

**વર્સેલ્સની સંધિ:** ઇ. સ. ૧૯૧૯ના આરંભમાં લૉઈડ જ્યૉર્જ, ફ્રેન્ચ પ્રધાન કલેમેન્શો, વુડરો વિલ્સન આદિ મુખ્ય રાજ્યોના પ્રતિનિધિઓ પેરિસમાં એકઠા થયા, અને પાંચ માસ પર્યંત ચાલેલી મસલતને પરિણામે વર્સેલ્સના 'આયના મહેલ'માં તેમણે જર્મન પ્રતિનિધિઓ જોડે સંધિ કરી. તેમાં એવું ઠરાવવામાં આવ્યું, કે જર્મન આફ્રિકાનાં સંસ્થાનો અંગ્રેજોને સોંપી દેવાં, આલ્સાસ અને લોરેન પ્રાંતો ફ્રાન્સને પાછા આપવા, ડેન્ઝિગ બંદર પોલેન્ડને આપવું, અને યુદ્ધદંડની ભારે રકમ મિત્રરાજ્યોને આપવી. આ રકમ ઠરાવવા માટે એક કમિશન નીમવામાં આવ્યું. આ દંડ ભરવામાં જર્મની શઠતા કે વિલંબ ન કરે, તે ખાતર તેના ઉદ્યોગના કેન્દ્રસ્થાન સમા રૂહર પ્રાંતમાં ફ્રેન્ચ સૈન્ય પડી રહે એમ ઠરાવવામાં આવ્યું. કેટલાંક સૈકાંથી રશિઆ, ઑસ્ટ્રિઆ, અને જર્મની વચ્ચે વિભક્ત થએલા પોલેન્ડને રાષ્ટ્રીય આકાંક્ષા અનુસાર સ્વાતંત્ર્ય આપવામાં આવ્યું. ઑસ્ટ્રિઆ અને હંગરીનાં રાજ્યો નિરાળાં કરવામાં આવ્યાં. ઉપરાંત ઑસ્ટ્રિઆના કેટલાક પ્રાંતો અલગ કરી ઝિકોસ્લાવિઆ અને યુગોસ્લાવિઆ નામે નવાં રાજ્યો નિર્માણ કરવામાં આવ્યાં, તુર્ક સામ્રાજ્યમાંથી મેસોપોટેમિઆ અને સીરિઆ ઈંગ્લેન્ડ અને ફ્રાન્સના વર્ચસ્વ નીચે આવ્યાં, અને મેસિડોનિઆ ગ્રીસને મળ્યો. આમ જગત્‌નો રાજકીય નકશો પલટી ગયો.

**પ્રજાસંઘ:** અનિષ્ટમાંથીએ ઇષ્ટ નીપજે છે. વુડરો વિલ્સનના આગ્રહથી વર્સેલ્સની સંધિના એક અંશ તરીકે '**પ્રજાસંઘ**' (League of Nations) ની સ્થાપના કરવામાં આવી. " આંતર રાષ્ટ્રીય સહકારને ઉત્તેજન આપવા, અવિગ્રહનીતિનો સ્વીકાર કરી દેશની શાંતિ અને સલામતીમાં વૃદ્ધિ કરવા, પ્રજાપ્રજાઓ વચ્ચે ન્યાય અને સન્માનનો સંબંધ જાળવવા, આંતર રાષ્ટ્રીય કાયદાને આધારે રાજ્યોનો પરસ્પર વ્યવહાર ચલાવવા, ન્યાય જાળવવા, અને સંગઠિત પ્રજાઓ જોડેના વ્યવહારમાં થએલી સર્વ સંધિને માન આપવા"–ના સ્તુત્ય ઉદ્દેશથી ૨૭ રાજ્યો આ સંઘમાં પ્રથમ જોડાયાં. પછી તેમની સંખ્યા વધીને ૫૫ જેટલી થઈ. આ સંઘના સભ્યો પોતાના કલહોનો શાંતિથી યુદ્ધ વિના નિર્ણય આણવા કબુલ થયા છે, છતાં કોઈ રાજ્ય હઠીલું થાય તો તેની જોડે ઉદ્યોગ અને વ્યાપારનો સંબંધ બંધ કરી તેની સાન ઠેકાણે

લાવવાનો પ્રયત્ન કરી જુએ છે. હાલમાં જર્મની, ઈટલી, જાપાન, રશિઆ અને યુનાઈટેડ સ્ટેટ્સ પ્રજાસંઘમાં નથી. પ્રજાસંઘની બેઠક જીનિવામાં મળે છે. તેઓ અરસ્પરસ મળી અંદર અંદરના ઝગડાઓનો નિકાલ લાવે છે. વળી રાજ્યોની યુદ્ધસામગ્રી ઓછી કરાવવી, એ પણ તેનો એક ઉદ્દેશ છે. આ સંઘના સભાસદો શત્રુઓ પાસેથી મિત્ર રાજ્યોએ જે જે પ્રદેશો લીધા, તે તે પ્રદેશો પર સુવ્યવસ્થિત રીતે રાજ્ય ચલાવી તે પ્રદેશની પ્રજાને સ્વરાજ્ય માટે યોગ્ય બનાવવા યુરોપનાં રાજ્યોને આદેશ ( Mandate ) આપે છે.

હાલમાં આંતર રાષ્ટ્રીય રાજકારણમાં પ્રજાસંઘ નિર્માલ્ય નીવડયો છે; કારણ કે ઈટલીએ બે વર્ષ ઉપર એબિસિનિઆ દેશ જીતી લીધો, અને હમણાં જાપાને ચીનના પ્રદેશોમાં આક્રમણ કર્યું છે, છતાં પ્રજાસંઘે આ બાબતમાં દરમ્યાનગીરી કરવાની તક લીધી નથી.

**લૉઈડ જ્યૉર્જનું પ્રધાનમંડળ-ચાલુ: ઇ. સ. ૧૯૧૯-૧૯૨૨:** ઇ. સ. ૧૯૧૮માં પાર્લમેન્ટની નવી ચૂંટણી થઈ. તેમાં લૉઈડ જ્યૉર્જ ફરીથી બહુમતીથી સત્તામાં આવ્યો. તેણે ૨૦-૨૨ સભાસદોનું મિશ્ર મંત્રીમંડળ સ્થાપ્યું. આ પ્રધાનમંડળના અમલ દરમિઆન નીચેના બનાવો બન્યા.

(૧) મહાન્ વિગ્રહ દરમિઆન સ્ત્રીઓએ બજાવેલી સેવાની કદર કરી તેમને પણ મતાધિકાર આપવાના હેતુથી ઇ. સ. ૧૯૧૮માં એક ખરડો પસાર થયો. આથી (૧) ત્રીસ વર્ષની ઉપરની જે સ્ત્રી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં મતદાર હોય, અથવા જે સ્ત્રી કોઈ વિદ્યાપીઠની પદવી ધરાવતી હોય, તેને પાર્લમેન્ટની ચૂંટણીમાં મત આપવાનો હક મળ્યો. (૨) વળી આ કાયદાથી એકવીસ વર્ષથી વધારે વયના પુરુષોને મતાધિકાર મળ્યો. આથી મતદારોની સંખ્યા વધીને ૨ કરોડની થઈ.

(૨) ઇ. સ. ૧૯૧૯માં હિંદના રાજ્યતંત્રમાં મહત્ત્વના ફેરફારો કરવા મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારા પસાર થયા. આ કાયદાથી હિંદીઓને ધારા ઘડવાની સત્તા મળી. વડી ધારાસભામાં અને પ્રાંતિક ધારાસભાઓમાં પ્રજાના ચુંટાએલા સભ્યોની બહુમતી થઈ. પ્રાંતોમાં દ્વિરાજ્ય પદ્ધતિ (Diarchy) દાખલ થઈ.

(૩) ત્યારબાદ ઇ. સ. ૧૯૧૪થી બાજુએ મુકાએલો આયરિશ પ્રશ્ન આ પ્રધાનમંડળે હાથ ધર્યો. આયર્લૅન્ડમાં યુદ્ધ દરમિઆન "સીનફીન"

(આપણે પોતે) લોકોએ બળવાખોર પ્રવૃત્તિ શરૂ કરી. ઇ. સ. ૧૯૧૬માં તેમણે બંડ કર્યું; પણ તે સમાવી દેવામાં આવ્યું. તેમણે સંપૂર્ણ સ્વતંત્રતાની માગણી કરી, અને ઠેરઠેર તોફાનો મચાવ્યાં. આથી ઇ. સ. ૧૯૨૧માં આયર્લૅન્ડના ઉત્તર અને દક્ષિણ એમ બે ભાગ પાડી દરેકને સ્વતંત્ર પાર્લમેન્ટ આપવામાં આવી. ઉત્તર આયર્લૅન્ડ–અલ્સ્ટર–ઈંગ્લેન્ડને વળગી રહ્યું. દક્ષિણ આયર્લૅન્ડ "આયરિશ ફ્રી સ્ટેટ"ને નામે ઓળખાવા લાગ્યું. આ કાયદાથી દક્ષિણ આયર્લૅન્ડને કૅનેડાના જેવું સ્વરાજ્ય મળ્યું, ઇ. સ. ૧૯૨૨.

લૉઈડ જ્યૉર્જના મિશ્ર પ્રધાનમંડળ પ્રત્યે પ્રજાને અણગમો ઉત્પન્ન થયો; કારણ કે હવે મંત્રીમંડળ એક પક્ષનુંજ રચાવું જોઈએ એવી વૃત્તિ જોર પકડવા લાગી હતી. હવે તો પ્રજાને શાંતિ અને સ્થિરતા બક્ષી વેપાર–ઉદ્યોગને ખીલવે એવી નીતિ જોઈતી હતી. આથી વિરોધીઓનું પ્રાબલ્ય વધ્યું; એટલે લૉઈડ જ્યૉર્જે રાજીનામું આપ્યું, ઇ. સ. ૧૯૨૨.

**મિ. બોનર લૉનું પ્રધાનમંડળ: ઇ. સ. ૧૯૨૨–૧૯૨૩:** લૉઈડ જ્યૉર્જે રાજીનામું આપ્યું તે પછી કૉન્ઝર્વેટિવ પક્ષ સત્તામાં આવ્યો, અને મિ. બોનર લૉ મુખ્ય પ્રધાન થયો. તેના પ્રધાનમંડળમાં લૉર્ડ કર્ઝન પરદેશ મંત્રી અને મિ. બૉલ્ડવિન અર્થમંત્રી હતો. પરંતુ બોનર લૉની નાદુરસ્ત તબીયતને અંગે તેણે રાજીનામું આપ્યું, એટલે બૉલ્ડવિન મુખ્ય પ્રધાન થયો.

**મિ. બૉલ્ડવિનનું પ્રધાનમંડળ: ઇ. સ. ૧૯૨૩–૨૪:** આ પ્રધાન–મંડળે દેશના વેપારઉદ્યોગના વિકાસને માટે, અને બેકારી ટાળવા માટે નિરંકુશ વ્યાપારની પદ્ધતિને તિલાંજલિ આપી સંરક્ષિત વ્યાપારની નીતિ ગ્રહણ કરી. સ્વદેશી ઉદ્યોગોને ઉત્તેજન આપી દેશની બેકારી ઓછી કરવાનો ઈરાદો આ પ્રધાનમંડળે રાખ્યો હતો; પણ આ નીતિથી લિબરલ પક્ષના અને મજુર પક્ષના આગેવાનો એકત્ર થઈ તેમની સામે પડયા. આથી મિ. બૉલ્ડવિને રાજીનામું આપ્યું, અને મજુર પક્ષનો નેતા મિ. રામ્સે મૅકડોનાલ્ડ મુખ્ય પ્રધાન થયો, ઇ. સ. ૧૯૨૪.

**મિ. રામ્સે મૅકડોનાલ્ડનું પહેલું મજુર પ્રધાનમંડળ: ઇ.સ.૧૯૨૪–૧૯૨૫:** મિ. બૉલ્ડવિને રાજીનામું આપ્યું તે પછી પાર્લમેન્ટની નવી ચૂંટણીમાં લિબરલ અને મજુર વર્ગની બહુમતી હોવાથી પંચમ જ્યૉર્જે મૅકડોનાલ્ડને પ્રધાનમંડળ રચવાનું સૂચવ્યું. આથી ઈંગ્લેન્ડના ઇતિહાસમાં પહેલીજ વાર

મજુર વર્ગનું પ્રધાનમંડળ સત્તામાં આવ્યું. આ પ્રધાનમંડળને લિબરલ પક્ષ પર આધાર રાખવો પડતો હતો. આથી કોઈ પણ પ્રશ્નમાં આ પ્રધાનમંડળ આગળ પડતી નીતિ ગ્રહણ કરી શકતું નહિ; છતાં તેણે ફ્રાન્સની સહાયથી યુરોપમાં શાંતિ આણવાનો પ્રયત્ન કર્યો, અને જર્મનીનું કરજ નિયમિત અને વ્યવસ્થિત રીતે વસુલ લેવાની ચતુર યોજના ઘડી કાઢી. વળી દુર્દશામાં આવી પડેલા રશિઆને નાણાં ધીરી તેનો ઉદ્ધાર કરવાની મૅકડોનાલ્ડની ઇચ્છા હતી, પણ એથી પ્રજામત ઉશ્કેરાઈ ગયો, અને નવી ચૂંટણીમાં તેની હાર થઈ. આથી ફરીથી કોન્ઝર્વેટિવ પક્ષ સત્તામાં આવ્યો, અને મિ. બૅાલ્ડવિન મુખ્ય પ્રધાન થયો, મે, ઇ. સ. ૧૯૨૫

**મિ. બૅાલ્ડવિનનું બીજું પ્રધાનમંડળ: ઇ. સ. ૧૯૨૫–૧૯૨૯:** આ ચાર વર્ષના અમલ દરમિઆન આ પ્રધાનમંડળે દમનનીતિનો દોર અજમાવ્યો. રશિઆની કોમ્યુનિસ્ટ ચળવળનો પ્રચાર અટકાવવા સામ્રાજ્યમાં ચાંપતા ઇલાજો લેવામાં આવ્યા. વળી મીસરની રાજ્યનીતિમાં પણ માથું મારવાની શરૂઆત થઈ ચૂકી હતી, અને પાર્લમેન્ટમાં પણ કોન્ઝર્વેટિવ અને મજુર પક્ષો વચ્ચે ઝગડા ચાલતા હતા.

આ પ્રધાનમંડળના અમલ દરમિઆન હિંદના રાજ્યવહીવટમાં સુધારા કરવા માટે એક શાહી કમિશનની નીમણુક કરવામાં આવી. આ કમિશનનો નેતા સર જ્હૉન સાઇમન હોવાથી તે સાઇમન કમિશનને નામે ઓળખાયું. આ કમિશન ઇ. સ. ૧૯૨૮માં હિંદમાં આવ્યું, અને ઠેરઠેર ફરી હિંદની પરિસ્થિતિનો તેણે બારીક અભ્યાસ કર્યો. ત્યારપછી એ કમિશને પોતાનો રિપોર્ટ અને ભલામણો પાર્લમેન્ટ સમક્ષ રજુ કર્યા. પરંતુ ધ્યાન ખેંચે એવી બાબત તો એ હતી, કે એ કમિશનમાં એક પણ હિંદીની નીમણુક ન હોવાને કારણે તે કમિશનનો હિંદી પ્રજાએ બહિષ્કાર કર્યો હતો.

આ પ્રધાનમંડળે ફરીથી વેપારની બાબતમાં સંરક્ષિત નીતિ ધારણ કરી. આ કૃત્યથી પ્રજા નિરાશ થઈ. મજુરોએ હડતાલો પાડી, પણ મુડીવાદીઓની સામે તેઓ ફાવ્યા નહિ. જો કે તેમણે બૅાલ્ડવિનને રાજીનામું આપવાની ફરજ પાડી, અને બીજી વખત મજુરપક્ષ સત્તામાં આવતાં ફરીથી રામ્સે મૅકડોનાલ્ડ મુખ્ય પ્રધાન થયો, ઇ. સ. ૧૯૨૯.

**મિ. મૅક્ડોનાલ્ડનું બીજું પ્રધાનમંડળ: ઇ. સ. ૧૯૨૯–૧૯૩૧:** આ પ્રધાનમંડળે ઈજિપ્તની સ્વતંત્રતા સ્વીકારી. રશિઆની સાથે પણ વ્યવહાર શરૂ કરવા વાટાઘાટ થઈ. ઇ. સ. ૧૯૩૦ના જાન્યુઆરિમાં પાંચ મોટાં રાજ્યોની મંડળી ઈંગ્લેન્ડમાં બોલાવવામાં આવી. આ વખતે જગતના દરેક ભાગમાં આર્થિક મુશ્કેલીઓ ઉપસ્થિત થઈ હતી. ઇ. સ. ૧૯૩૧માં એ મુશ્કેલી એટલી તો તીવ્ર બની, કે અંદાજપત્રના આવક–જાવકના આંકડા મેળવવાનું કાર્ય મુશ્કેલ બન્યું. જર્મનીની આર્થિક સ્થિતિ ડામાડોળ હતી. યુરોપના બીજા દેશોએ પોતાના પૈસા ઈંગ્લેન્ડની બૅંકમાંથી ખેંચવા માંડયા. આથી ઈંગ્લેન્ડની બેન્કને પણ ફ્રાન્સ અને યુનાઈટેડ સ્ટેટ્સમાંથી નાણાં ઉછીનાં લેવાં પડયાં. આવી આર્થિક પરિસ્થિતિમાંથી ઈંગ્લેન્ડને ઉગારી લેવાની યોજનાઓ સંબંધી પ્રધાનમંડળમાં મતભેદ પડયો, તેથી રાષ્ટ્રીય આફત દૂર કરવા રાજાએ રામ્સે મૅકડોનાલ્ડને રાષ્ટ્રીય પ્રધાનમંડળ ( National Government ) રચવા સૂચના કરી. આ પ્રધાનમંડળમાં લૉર્ડ સ્નોડન અને મિ. થોમસ જેવા તેના મિત્રો, મિ. બૉલ્ડવિન અને મિ. નેવિલ ચેમ્બરલેઈન જેવા કોન્ઝર્વેટિવો, અને સર જ્હૉન સાઈમન અને મિ. રંસીમન જેવા લિબરલો એકત્ર થયા, અને નવી ચૂંટણીમાં આ પ્રધાનમંડળ વધુમતીમાં ( ૫૦૦ સભ્યો ) આવ્યું.

**રાષ્ટ્રીય પ્રધાનમંડળ: ઇ. સ. ૧૯૩૨–૧૯૩૫:** આ પ્રધાનમંડળના અમલ દરમિઆન ઘણા અગત્યના બનાવો બન્યા. સાઈમન કમિશનની સૂચનાનુસાર હિંદના રાજ્યવહીવટ સંબંધી બંધારણ ઘડવા ઈંગ્લેન્ડમાં ત્રણ ગોળમેજી પરિષદો ભરવામાં આવી. વર્સેલ્સની સંધિ અનુસાર બદલાની રકમ અને દેવાના નિકાલ માટે મૅકડોનાલ્ડની આગેવાની હેઠળ "**લોઝાં પરિષદ્**" ભરવામાં આવી, પણ ફ્રાન્સના મક્કમપણાને લઈને આ પ્રશ્નનો નિર્ણય થઈ શકયો નહિ.

શાહી પસંદગી ( Imperial Preference ) સામ્રાજ્યમાં દાખલ કરવા ઓટાવા મુકામે કેનેડાના પ્રમુખ મિ. બેનેટની આગેવાની નીચે સામ્રાજ્ય પરિષદ્ ભરવામાં આવી. પરિણામે શાહી પસંદગીનું ધોરણ અખત્યાર કરવામાં આવ્યું.

આર્થિક મુશ્કેલીઓ દૂર કરવા કેટલાક નવા કરો ઉમેરાયા; અને ઈંગ્લેન્ડે પ્રથમ વાર સોનાનું ધોરણ તજી દીધું.

આયર્લૅન્ડમાં મિ. કૉસગ્રેવના અમલ દરમિઆન નવ વર્ષ શાંતિ રહી, પણ ઇ. સ. ૧૯૩૨માં ડી. વૅલેરા સત્તામાં આવ્યો. તેણે બ્રિટિશ તાજને સોગંદ ન આપવા સંબંધી કાયદો પસાર કર્યો. વળી જમીન મહેસુલ આપવાની પણ તેણે ઈંગ્લેન્ડને ના પાડી, અને જમીન મહેસુલની ચોક્કસ રકમ ઠેરવવા સામ્રાજ્ય બહારના લોકોના બનેલા "નિષ્પક્ષપાત કમિશન"ની માગણી કરી. પરિણામે ઇંગ્લેન્ડે આયર્લૅન્ડની આયાત–નિકાસ પર સો ટકાની જકાત નાખી, એટલે ડી. વેલેરાએ બ્રિટિશ માલ પર પ્રત્યુત્તર રૂપે જકાત નાખી. દક્ષિણ આયર્લૅન્ડને ઈંગ્લેન્ડથી તદ્દન સ્વતંત્ર કરવાના ડી. વેલેરાના પ્રયત્નો હજુ ચાલુ રહ્યા.

ઇ. સ. ૧૯૩૫માં તે પ્રધાનમંડળમાં પણ ફેરફાર થયો. મિ. રામ્સે મૅકડોનાલ્ડની વૃદ્ધાવસ્થાને લીધે તથા નાદુરસ્ત તબીયતને અંગે તેણે રાજીનામું આપ્યું, અને મિ. બૅાલ્ડવિન ત્રીજી વખત વડો પ્રધાન થયો.

**મિ. બૅાલ્ડવિન : ઇ. સ. ૧૯૩૫–૩૬:** સમ્રાટ્ પંચમ જ્યૉર્જને ગાદી પર આવ્યે પચીસ વર્ષ પૂરાં થવાથી તેની ખુશાલીમાં સમગ્ર બ્રિટિશ સામ્રાજ્યમાં ઇ. સ. ૧૯૩૫ના મે માસમાં **"રૌપ્ય મહોત્સવ"** ઉજવવામાં આવ્યો. આ સમયે સામ્રાજ્યનાં જુદાં જુદાં અંગોએ સમ્રાટ્ પ્રત્યે હાર્દિક સંદેશાઓ પાઠવ્યા.

વળી ઇ. સ. ૧૯૩૫માં હિંદના રાજ્યવહીવટનો ખરડો પસાર થયો. આથી હિંદમાં સમવાયતંત્ર (Federation) સ્થાપવાની યોજના અમલમાં આવી. ઇ. સ. ૧૯૩૭ના એપ્રિલની પહેલી તરીખથી હિંદના અગિઆર પ્રાંતોમાં પ્રાંતિક સ્વરાજ્ય (Provincial Autonomy)ની સ્થાપના થઈ. ઇ. સ. ૧૯૧૯ના કાયદાથી સ્થપાએલી દ્વિમુખી સતા (Diarchy)નો હવે અંત આવ્યો, અને દરેક વિષય પ્રજાના ચુંટાએલા પ્રતિનિધિઓના હાથમાં સોંપી દેવાની યોજના અમલમાં આવી. પરંતુ નવા બંધારણમાં ગવર્નરોને રાજકીય ક્ષેત્રમાં અને તેમની જવાબદારીના વિષયોમાં અપાએલી ખાસ સત્તાઓ એટલી બધી છે, કે જેથી હિંદી પ્રજામાં આ નવું બંધારણ અપ્રિય નીવડયું છે. હજુ મધ્યસ્થ સમવાયતંત્ર (Central Federation) અસ્તિત્વમાં

આવ્યું નથી. આ પ્રધાનમંડળના અમલ દરમિઆન સમ્રાટ્ પંચમ જ્યૉર્જ ઇ. સ. ૧૯૩૫ના જાન્યુઆરિની ૨૧મી તારીખે અવસાન પામ્યા.

સમ્રાટ્ પંચમ જ્યૉર્જે છવ્વીસ વર્ષ સુધી ઈંગ્લેન્ડની ગાદી દીપાવી. એમના અમલ દરમિઆન કંઈક અવનવા બનાવો બની ગયા. ઇ. સ. ૧૯૧૧ નો પાર્લમેન્ટનો કાયદો પસાર થયો, અને ત્યાર પછી સમગ્ર યુરોપના રાજકારણમાં ક્રાન્તિ ઉત્પન્ન કરનાર મહાન્ વિગ્રહ આરંભાયો. આ વિગ્રહ દરમિઆન રાજાએ દેશનું સુકાન ઘણીજ કુશળતાપૂર્વક ચલાવ્યું, અને પોતાના પ્રધાનોને યોગ્ય સલાહ આપી રાજા તરીકે પોતાની ફરજ અદા કરી. લડાઈ પછી પણ દેશની અંદર ઉત્પન્ન થતી અનેક આંટીઘુંટીઓમાં પોતાના અનુભવનો લાભ પ્રધાનોને આપી અનેક રાષ્ટ્રીય આફતોને દૂર કરી તેમણે ઈંગ્લેન્ડને એક આદર્શ બંધારણવાદી રાજા તરીકેનું સુંદર દૃષ્ટાંત પૂરૂં પાડયું છે.

**આઠમા એડવર્ડ: ઇ. સ. ૧૯૩૬:** સમ્રાટ્ પંચમ જ્યૉર્જના મૃત્યુ પછી તેમના પાટવી કુંવર એડવર્ડ આઠમાની રાજા તરીકે જાહેરાત થઈ. પરંતુ તેમના લગ્નનો પ્રશ્ન એટલો તો બારીક નીવડયો, કે તેની અસર રાજકારણ પર પણ થઈ. જુના સમયથી એટલે ઇ. સ. ૧૭૦૧ના ગાદીવારસાના કાયદાથી નક્કી થયું છે, કે ઈંગ્લેન્ડની ગાદીએ આવનાર રાજા અંગ્રેજ ધર્મસમાજમાં માનતો હોવો જોઈએ એટલુંજ નહિ, પણ તેણે તેજ ધર્મસમાજની સ્ત્રી સાથે લગ્ન કરવું જોઈએ. એડવર્ડની ઇચ્છા લેડી સીમ્પ્સન નામની રોમન કેથોલિક સ્ત્રી સાથે લગ્ન કરવાની હોવાથી રાજકીય પરિસ્થિતિ વિકટ બની; પણ બૉલ્ડવિને આ સમયે કુનેહપૂર્વક કામ લઈ આ મુશ્કલીનો અંત આણ્યો.



એડવર્ડ ૮મો

આઠમા એડવર્ડે પોતેજ ગાદીનો ત્યાગ કર્યો; અને તેમના નાના ભાઈ આલ્બર્ટને ગાદી સોંપવામાં આવી. ગાદી છોડયા પછી એડવર્ડને "ડયુક ઑવ્ વિંડસર" બનાવવામાં આવ્યા. ઈ. સ. ૧૯૩૭ના મે માસમાં નવા સમ્રાટ્નો રાજ્યાભિષેક થયો, અને **જ્યૉર્જ છઠ્ઠા** તરીકે તે ઈંગ્લેન્ડની ગાદીએ બિરાજે **છે.**

એજ અરસામાં મિ. બાલ્ડવિનના રાજીનામા પછી નેવિલ ચેમ્બરલેઈન મુખ્ય પ્રધાન થયો.

**સમ્રાટ્ છઠ્ઠા જ્યૉર્જ: ઇ. સ. ૧૯૩૯:** છઠ્ઠા જ્યૉર્જનો જન્મ ઈ. સ. ૧૮૯૫ના ડીસેમ્બરની ચૌદમી તારીખે થયો હતો. પાટવી કુંવર **એડવર્ડથી** તેઓ એકજ વર્ષે નાના હતા. મહારાણી વિકટોરિઆની ઇચ્છા મુજબ તેમનું નામ આલ્બર્ટ રાખવામાં આવ્યું હતું. તેમને પણ તેમના પિતાની માફક ખલાસીનું કામ શીખવવા માટે યોજના ઘડવામાં આવી. જો કે નાનપણમાં તેમની તબીયત ઘણીજ ખરાબ રહેતી; પણ અનેક પ્રયત્નોને અંતે તેઓ હાલમાં સુદૃઢ શરીર બનાવી શક્યા છે. તેમની પ્રકૃતિ મૂળથીજ શરમાળ છે, છતાં પિતાના મરણ બાદ તેમણે દરેક પ્રવૃત્તિમાં ભાગ લઈ પોતાની ફરજ અદા કરી છે. વિદ્યાભ્યાસમાં પણ તેઓ અત્યંત મહેનતુ અને કાળજીવાળા હતા. ઇતિહાસ, અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્રનો તેમણે સારો અભ્યાસ કર્યો છે. મુડીવાદ અને મજુરોના અનેક બારીક પ્રશ્નોમાં તેઓ રસ લેતા. આથી તેમને કેટલાક "ઔદ્યોગિક રાજકુમાર" (The Industrial Prince) તરીકે ઓળખતા. જો કે સ્વભાવે તેઓ શરમાળ છે, પણ તેમની ગંભીર મુખમુદ્રા પાછળ કટાક્ષપૂર્ણ હાસ્ય છુપાએલું માલમ પડે છે.



જ્યૉર્જ છઠ્ઠા

ઇ. સ. ૧૯૩૭ના મે માસમાં નવા રાજા જ્યૉર્જ છઠ્ઠાનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. તે સમયે પણ સામ્રાજ્યનાં તમામ અંગોએ હાર્દિક અભિનંદનના સંદેશાઓ પાઠવી પોતાની વફાદારી બતાવી હતી. આ નવા રાજાને દુનિયાની અત્યારની વિકટ બનતી પરિસ્થિતિને પહોંચી વળવાનું છે. પ્રભુ તેમને તે માટે બળ આપે !!

**આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ** : પંચમ જ્યૉર્જ ઇંગ્લેન્ડની ગાદીએ આવ્યા, ત્યારે સર્વત્ર શાંતિ પ્રસરેલી હતી. કોઈને શંકા પણ ન હતી કે મહાન્ વિગ્રહ ફાટી નીકળશે. જ્યૉર્જ છઠ્ઠાના રાજ્યારોહણના સમયથીજ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ કંઈક વિચિત્ર જણાય છે. આજે યુદ્ધના ભણકારા ચોતરફ વાગી રહ્યા છે. દરેક રાષ્ટ્ર બચાવને અર્થે શસ્ત્રોનું નવીન સર્જન કર્યે જાય છે. ઇટલીમાં ફેસીઝમનાં અમલ નીચે મુસોલિની, અને જર્મનીમાં નાઝીવાદના અમલ નીચે હેર હીટલર યુરોપના સમગ્ર દેશોને પડકાર આપી રહ્યા છે. પ્રજાસંઘ આવાં બળવાન રાજ્યોને દબાવવામાં ફળીભૂત થયો નથી. ઇટલી એબિસિનિઆને ગળી ગયું એ ગઈ કાલની વાત છે, અને આજે જાપાન ચીનના પ્રદેશોમાં આક્રમણ કરી રહ્યું છે. વળી બે વર્ષથી સ્પેનમાં ભીષણ હત્યાકાંડ ચાલી રહ્યો છે, અને અમાનુષી સંહાર પ્રવર્તી રહ્યો છે. પરંતુ બીનદરમ્યાનગીરીના દંભ નીચે પ્રજાસંઘ સ્પેનની લોકતંત્રના સિદ્ધાંત પર રચાએલી કાયદેસર સરકારનો નાશ થતો ઠંડે કલેજે નીહાળી રહ્યો છે. બ્રિટન અને ફ્રાન્સ તે તરફ તટસ્થતા બતાવે છે. ઇટલી અને જર્મની બીનદરમ્યાનગીરીના ઓથા નીચે જનરલ ફ્રાંકોને ગુપ્ત મદદ કરતા રહે છે. જર્મની પોતાનાં ગુમાવેલાં સંસ્થાનો પાછાં માગે છે. બેલ્જીયમ ઇ. સ. ૧૯૧૪ પહેલાંની પરિસ્થિતિ ઉપર પાછું ફરે છે. ન્યુ હેમ્બર્ગ પરિષદ્‌માં જર્મનીએ પોતાનાં સંસ્થાનો પાછાં મેળવવાનો પડકાર કર્યો છે. પેલેસ્ટાઇનની પવિત્ર ભૂમિ આરબોના લોહીથી ભિંજાઈ ગઈ છે. વડા મુફ્તી અને બીજા આગેવાનો સામે પ્રતિબંધો મુકાયા છે. પેલેસ્ટાઇનના ભાગલા પાડવાની વાતો કાને પડે છે. હિંદમાં નવું રાજ્યબંધારણ અમલમાં લાવવાની તૈયારીઓ થઈ રહી છે. લૉર્ડ લિન્‌લિથગો દેશી રાજ્યોને સમવાયતંત્રમાં દાખલ કરવા સમજાવી રહ્યા છે. ઇ. સ. ૧૯૩૭ના એપ્રિલની ૧લી તારીખથી પ્રાંતિક સ્વરાજ્ય (Provincial Autonomy) સ્થાપવામાં આવ્યું છે,

અને હિંદના અગિઆરમાંથી સાત પ્રાંતોમાં મહાસભા પક્ષે વધુમતીથી પોતાનાં પ્રધાનમંડળો રચ્યાં છે. હજુ સુધી ગવર્નરોએ મહાસભાના પ્રધાનમંડળના કારભારમાં ખાસ માથું માર્યું નથી. કોન્ગ્રેસ પ્રધાનમંડળો પોતાથી જેટલું બની શકે તેટલું કાર્ય પ્રજાહિતાર્થે બજાવી રહ્યાં છે. પરંતુ હિંદમાં કોમીવાદના ઝગડા હજુ ચાલ્યા કરે છે, અને મુસ્લીમ લીગ કોન્ગ્રેસનો વિરોધ કરી રહી છે.

આમ જ્યૉર્જ છઠ્ઠાની કારકીર્દિની શરૂઆતમાં આંતરરાષ્ટ્રીય મામલો વિકટ બન્યો છે એમ કહી શકાય.

## પ્રકરણ ૧૪મું

## સામ્રાજ્યનો વિકાસ

### ૧. હિંદુસ્તાન

દક્ષિણમાં અંગ્રેજો અને ફ્રેન્ચો વચ્ચે ચાલેલી સ્પર્ધાનું પરિણામ આપણે જાણીએ છીએ. તે વેળા કર્ણાટકનો નવાબ અને નિઝામ એ બે અંગ્રેજોના સ્નેહી હતા, અને કંપનિ પાસે ઉત્તર સરકાર, કલકત્તા, મુંબઈ, અને મદ્રાસની આસપાસનો થોડો પ્રદેશ હતો. ત્યાર પછી બંગાળા, બિહાર, અને ઓરિસ્સા પ્રાંતોની 'દિવાની' એટલે કર વસુલ કરવાની સત્તા કંપનિને મળી, એથી કરીને ત્યાં કંપનિનો પરોક્ષ અધિકાર થયો. પરંતુ બંગાળાના નવાબ મીરજાફર પછી આવેલા મીરકાસમે કંપનિ જોડે સંબંધ બગાડયો, અને અયોધ્યાના નવાબ જોડે મળી અંગ્રેજો સામે યુદ્ધ કર્યું; પણ બકસરના યુદ્ધમાં તે હાર્યો. એથી બંગાળા જેવા સધન પ્રાંત પર કંપનિનો પૂર્ણ અમલ જામ્યો, અને કલાઈવ સુબો થયો. તેણે કંપનિના નોકરોની રૂશ્વતખોરી સખત હાથે દબાવી દઈ રાજ્યવહીવટમાં સુધારા કર્યા; પણ તેની સખતીથી ત્રાસેલા તેના વિરોધીઓએ પોકાર ઉઠાવ્યો, એટલે કલાઈવને પાછો બોલાવી લેવામાં આવ્યો. ત્યાં પણ શત્રુઓએ તેને સુખવારો આવવા દીધો નહિ. તેનાં કાર્યો પર કડક ટીકાઓ થઈ, અને ઇ. સ. ૧૭૭૪માં કંટાળીને તેણે આત્મહત્યા કરી. પરંતુ તે પૂર્વે એવો નિર્ણય કરવામાં આવ્યો હતો, કે વેપારાર્થે હિંદ ગએલી કંપનિ બંગાળા જેવા પ્રાંતની અને બીજા મુલકની હાકેમી કરે છે, તો પાર્લમેન્ટે હવે

તટસ્થપણું છોડીને તે મુલકોની સુવ્યવસ્થા જાળવવાની ગોઠવણ કરવી જોઈએ. આથી ઇ. સ. ૧૭૭૩માં લૉર્ડ નૉર્થ મંત્રીપદે હતો, ત્યારે રેગ્યુલેટિંગ ઍક્ટ પસાર કરી વૉરન હેસ્ટિંગ્સને ગવર્નર જનરલ નીમવામાં આવ્યો. તેને મદદ કરવા માટે ચાર સભ્યોની એક સમિતિ સ્થાપવામાં આવી, અને તેની હકુમતથી સ્વતંત્ર ન્યાયાધીશની નીમણુક કરવામાં આવી. હેસ્ટિંગ્સે રાજ્યવહીવટમાં સુધારા કર્યા. ત્યાર બાદ ઈંગ્લેન્ડને અમેરિકાનાં સંસ્થાનો જોડે ચાલતા વિગ્રહનો લાભ લઈ ફ્રેન્ચોએ હિંદમાંથી અંગ્રેજોની જડ કાઢવાની પેરવી કરી. પરંતુ હેસ્ટિંગ્સે મુંબઈ પાસે મરાઠા જોડે જબરું યુદ્ધ કર્યું, મ્હૈસુરના હૈદરઅલ્લીને હઠાવવામાં યથાશક્તિ સહાય આપી, અને હિંદમાં આવેલા અંગ્રજી રાજ્ય ઉપર આવી પડેલું સંકટ ટાળ્યું. આ સર્વ વિગ્રહોનાં ભારે ખર્ચોને પહોંચી વળવા માટે તેણે લીધેલા ઉગ્ર ઉપાયો માટે તે ઇ. સ. ૧૭૮૫માં ઈંગ્લેન્ડ ગયો, ત્યારે તેના પર અન્યાય અને જુલમના આરોપ મૂકી કામ ચલાવવામાં આવ્યું. એડમંડ બર્ક જેવા સમર્થ વક્તાએ તેના પર ગંભીર આક્ષેપો કર્યા, પણ સાત વર્ષની તપાસ પછી તેને દોષમુક્ત ઠરાવવામાં આવ્યો.

તરુણ પિટ્ટ પ્રધાનપદે આવતાં તેને રેગ્યુલેટિંગ ઍક્ટ અસંતોષકારક લાગ્યો, એટલે તેણે હિંદની રાજ્યવ્યવસ્થાને વધારે નિયમિત કરવા માટે ઇ. સ. ૧૭૮૩માં એક કાયદો પસાર કર્યો. તેણે કંપનિ પાસે માત્ર વેપારનું કાર્ય રહેવા દીધું, અને રાજ્યવહીવટ માટે ગવર્નર જનરલને અધિક સત્તા આપી. તેના ઉપર દેખરેખ રાખવા માટે એક **'નિયામક મંડળ'** (Board of Control) સ્થાપ્યું, અને હિંદી પ્રધાનની નીમણુક કરી. લૉર્ડ કૉર્નવૉલિસ જેવા કુલીન અને કર્તવ્યપરાયણ અધિકારીએ દેશમાં સુધારા ચાલુ રાખ્યા. પરંતુ સર જોન શોરના અનુગામી લૉર્ડ વેલસ્લીને જુદી નીતિ સ્વીકારવી પડી. ઈંગ્લેન્ડ નેપોલિયન જોડે વિગ્રહ ચલાવતું હતું, તે સમયે અનેક દેશી રાજાઓનાં સૈન્યોને ફ્રેન્ચ અમલદારો તાલીમ આપતા હતા. મ્હૈસુરના ટીપુ સુલતાને અંગ્રેજોને હાંકી કાઢવાની સોનેરી આશાએ ફ્રેન્ચો જોડે સ્નેહ બાંધ્યો હતો. પરંતુ વેલસ્લીએ **'સહાયકારી સૈન્ય'**ની યોજના ઘડી તેનો અસ્વીકાર કરનારા રાજાઓ જોડે યુદ્ધ આદર્યું. તેણે મ્હૈસુર, અયોધ્યા, અને કર્ણાટકમાં અંગ્રેજોની આણ વર્તાવી. હોલકર સિવાય સર્વ મરાઠા રાજાઓએ અનેક

દારુણ યુદ્ધો પછી અંગ્રેજોનું વર્ચસ્વ સ્વીકાર્યું. જ્યારે તેની નીતિ પ્રત્યે વિરોધ દર્શાવી તેને પાછો બોલાવી લેવામાં આવ્યો, ત્યારે દેશમાં અંગ્રેજોની પ્રતિષ્ઠા જામી હતી, દેશી રાજાઓ નમી ગયા હતા, ફ્રેન્ચ કાવતરાં નિર્મૂળ થયાં હતાં, અને સુધારેલી રાજ્યપદ્ધતિનો આરંભ થઈ ગયો હતો.

ઓગણીસમા સૈકાના આરંભમાં રશિઆએ મધ્ય એશિઆમાં હાથપગ પ્રસારવા માંડયાં, એટલે ઉત્તર સીમા પર આવેલા અફઘાનિસ્તાનનો પ્રશ્ન ઉપસ્થિત થયો. અમીર શાહસુજા અને દાવાદાર દોસ્ત મહમદ વચ્ચે ખટપટ જાગી, તેનો લાભ લઈ લૉર્ડ ઑકલેન્ડે શાહસુજાનો પક્ષ ખેંચી અફઘાનિસ્તાનમાં સૈન્ય મોકલ્યું; પણ અજાણ્યા પહાડી પ્રદેશમાં તેનું બહુ ચાલ્યું નહિ. અંગ્રેજ એલચીનું ખૂન કરવામાં આવ્યું, અને પહાડી શત્રુઓથી ઘેરાયલા સૈન્યને બરફનાં તોફાનોમાં ખૈબરઘાટને રસ્તે પાછા ફરવું પડયું. એ જબરી સેનામાંથી માત્ર એકજ, થાકેલો, ભૂખ્યો, દુર્બળ ઘોડેસવાર રવડતો રઝળતો જલાલાબાદ પહોંચવા પામ્યો, ઇ. સ. ૧૮૪૧.

ત્યાર પછી પરમ સાહસિક, યુદ્ધકલામાં પ્રવીણ, અને સાધનસંપન્ન સીખોનો વારો આવ્યો. બે વિગ્રહોમાં ઘોર યુદ્ધો મચ્યાં, અને ઇ. સ. ૧૮૪૯માં પંજાબને અંગ્રેજી રાજ્યમાં ભેળવી દેવામાં આવ્યો. સિંધ અને દક્ષિણ બ્રહ્મદેશ આદિ સરહદ પર આવેલાં રાજ્યોની પણ એજ ગતિ થઈ.

સીખ લોકો સાથેનો વિગ્રહ સમાપ્ત થયો, એ અરસામાં લૉર્ડ ડેલહાઉસી ગવર્નર જનરલ હતો. તેણે સ્વીકારેલી '**ખાલસા નીતિ**'થી કેટલાક રાજાઓ અસંતુષ્ટ થયા. તેણે નહેરો, આગગાડી, રસ્તા, તાર, ટપાલ, અને કેળવણીના અનેક સુધારા કર્યા, પણ તેથી પ્રજામાં સંશય અને ભય ઉત્પન્ન થયાં, અને આ તો લોકોને ધર્મભ્રષ્ટ કરવાની યુક્તિઓ છે એમ મનાવા લાગ્યું. દેશમાં અસ્વસ્થતા આવવા લાગી, તેમાં વળી શૌર્યથી ઉન્મત્ત થએલા સિપાઈઓમાં વાત ચાલી, કે નવાં કારતુસોમાં ગાય અને ડુક્કરની ચરબી લગાડેલી છે. તેમને લાગ્યું કે સરકાર ધર્મમાં હાથ ઘાલે છે, અને સર્વને ફીરંગી બનાવી ધર્મભ્રષ્ટ કરવામાં આવનાર છે. હવે સુકા ઘાસમાં અગ્નિ પડયો હોય એમ બન્યું. મીરતમાંથી બંડ શરૂ થઈ ઉત્તર અને મધ્ય હિંદમાં પ્રસરી ગયું. બંગાળાનું સૈન્ય તેમાં ભળ્યું. સર્વે દિલ્હી દોડયા, એટલે મોગલ સામ્રાજ્ય

પુનઃ સ્થાપવાની આશાએ ત્યાંનો બાદશાહ તેમની જોડે ભળ્યો. અયોધ્યામાં અને ગંગાની ખીણના પ્રદેશોમાં બખેડા થયા, અને કાનપુરમાં અંગ્રેજ સૈન્યનો સંહાર કરવામાં આવ્યો, ઇ. સ. ૧૮૫૭.

ખારા સમુદ્રમાંએ મીઠી વીરડી હોય, તેમ કટોકટીને પ્રસંગે હોલકર, સિંધિયા, અને નિઝામ જેવા રાજકર્તાઓ, મુંબઈ અને મદ્રાસની પ્રજા, અને સીખ સૈન્ય રાજનિષ્ઠ રહ્યાં એટલુંજ નહિ, પણ તેમણે આ બંડ શમાવી દેવાના પ્રયત્નોમાં હાર્દિક સહાય આપી. સીખ અને અંગ્રેજ સૈન્યોએ દિલ્હી ઉપર આક્રમણ કરી તે જીતી લીધું. સેનાપતિ હેવલોક લખનૌ પર ચડી ગયો.[1] ધીમે ધીમે અંગ્રેજોનું વર્ચસ્વ પાછું જામ્યું, અને સર્વત્ર બંડ શમી ગયું, ઇ. સ. ૧૮૫૮.

સિપાઈઓનો બળવો શમ્યા પછી લૉર્ડ ડર્બીના પ્રધાનમંડળે કાયદો પસાર કરી હિંદના રાજ્યવહીવટનું સૂત્ર ઇસ્ટ ઇન્ડિઆ કંપનિ પાસેથી લઈ લીધું, અને ઇંગ્લેન્ડના રાજકર્તા ('તાજ')ને હસ્તક મૂક્યું. હવે હિંદનો પ્રધાન અને તેના મંડળની મારફત પાર્લમેન્ટે હિંદની રાજ્યવ્યવસ્થા કરવી એવો ઠરાવ થયો, અને રાજકર્તાના પ્રતિનિધિને વાઈસરોયનું પદ આપવામાં આવ્યું. મહારાણી વિક્ટોરિઆએ પ્રખ્યાત જાહેરનામું (ઢંઢેરો) પ્રસિદ્ધ કરી પ્રજાને અભય વચન આપી તેના કલ્યાણને અર્થે રાજ્ય ચલાવવાનું જાહેર કર્યું, 'ખાલસા નીતિ' રદ કરી હિંદના રાજકર્તાઓ જોડે થએલા કરારો પાળવાની તત્પરતા દર્શાવી, અને ધર્મમાં હસ્તક્ષેપ ન કરવાનું આશ્વાસન આપ્યું. ઇ. સ. ૧૮૭૭માં દિલ્હીમાં ભવ્ય દરબાર ભરવામાં આવ્યો, અને મહારાણીએ 'કૈસરે હિંદ'નું

---

૧. બળવાખોરોએ ૩૦મી જુનથી લખનૌ લેવાના પ્રયત્નો કરવા માંડયા, અને હેવલોક છેક ૨૫મી સપ્ટેમ્બરે પહોંચ્યો. તે દરમિઆન ઘેરાએલા અંગ્રેજોએ જે અપ્રતિમ સાહસ, અતુલ કર્તવ્યનિષ્ઠા, અને દેશપ્રેમની ઉત્કટ ભાવના દર્શાવી, તેનું તાદૃશ વર્ણન ટેનિસન વીર વાણીમાં આપે છે. તે કહે છે કે—

O banner of Britain, hast thou
Floated in conquering battle or flapt to the battle-cry
Never with mightier glory than when we had reared thee on high
Flying at the top of the roofs in the ghastly siege of Lucknow.

ગૌરવભર્યું પદ ધારણ કર્યું. હવે યુદ્ધો બંધ થયાં; માત્ર ઉત્તર બ્રહ્મદેશ અને અફઘાનિસ્તાન જોડે યુદ્ધનો પ્રસંગ આવ્યો. અમીરે અંગ્રેજ એલચી અનિચ્છાએ સ્વીકાર્યો, પણ થોડા સમયમાં તેનું ખૂન કરવામાં આવ્યું. સર ફ્રેડરિક રોબર્ટસ નામે પ્રસિદ્ધ સેનાપતિ સૈન્ય સહિત કાબુલ જઈ પહોંચ્યો. ત્યાં તેને સમાચાર મળ્યા કે અંગ્રેજો મૈવન્દ પાસે સખત હાર ખાઈ કંદહારમાં આશ્રય લેવા ભરાયા છે. તે તો જંગલી અને નિર્દય લોકોથી વસેલા ૩૦૦ માઈલના ડુંગરાળ પ્રદેશમાં ખડકોવાળા માર્ગ પર દડમજલ કરતો કંદહાર જઈ પહોંચ્યો. અફઘાનો હાર્યા, અને દેશ અંગ્રેજોના વર્ચસ્વ નીચે આવ્યો. હવે અફઘાનિસ્તાનનું સ્વતંત્ર રાજ્ય અંગ્રેજોનું મિત્ર બન્યું. ઈ. સ. ૧૯૧૯ સુધી તે બ્રિટિશ રાજ્યનું મિત્ર હતું, છતાં અમુક પ્રસંગોને લીધે અફઘાનિસ્તાન સાથે ફરી લડાઈ કરવાનો વખત આવ્યો. તુર્કીએ બ્રિટિશ પક્ષ વિરુદ્ધ મહાન્ વિગ્રહમાં ભાગ લીધો, તેથી અફઘાનિસ્તાનની પ્રજાનાં મન ઉશ્કેરાયાં હતાં. અમીર અમાનુલ્લાખાનનો વિચાર પરરાજ્યો સાથે વ્યવહાર ચાલુ કરવાનો થયો, અને તેણે પરરાજ્યના મંત્રીઓને દેશમાં બોલાવ્યા. ત્યાર બાદ સ્વતંત્ર થવાની ઇચ્છાથી તેણે અંગ્રેજો સાથે લડાઈ જાહેર કરી, પણ થોડાજ વખતમાં તે બંધ થઈ, અને રાવળપિંડી મુકામે સલાહ કરવામાં આવી. તે મુજબ હિંદુસ્તાનમાં થઈ અફઘાનિસ્તાનમાં હથિયાર લઈ જવાનું બંધ કરવામાં આવ્યું, અને અમીરની સ્વતંત્રતા કબુલ કરવામાં આવી.

અમીર અમાનુલ્લાખાને રાજ્યની બહુ સારી વ્યવસ્થા કરી, અને અફઘાનિસ્તાનમાં યુરોપી રાજ્યો માફક સુધારા કરવાનો વિચાર કર્યો. યુરોપના પ્રવાસે ઉપડવા તે મુંબઈ આવ્યો, ત્યારે તેને અપૂર્વ માન મળ્યું. આ પ્રવાસનો હેતુ બીજાં રાજ્યોના રાજ્યતંત્રનો અભ્યાસ કરવાનો હતો, અને તે ઉપરથી અફઘાનિસ્તાનમાં પ્રગતિ કરવાનો હતો. પ્રવાસેથી પાછા ફરીને તેણે પોતાના રાજ્યમાં સુધારા દાખલ કરવા માંડયા. પરંતુ અફઘાન પ્રજા વર્ષો થયાં જુની રૂઢિમાં ઉછરેલી હોવાથી લોકોને નવીન સુધારા પસંદ પડયા નહિ, તેથી લોકો ઉશ્કેરાયા, અને 'શીનવારી' વગેરે જાતિઓએ બળવા કર્યા. પરિણામે અમાનુલ્લાખાનને ગાદી છોડવાનો વખત આવ્યો એટલુંજ નહિ, પણ તેને સ્વદેશ છોડીને ચાલી જવું પડયું. હવે બચા–ઈ–સાકુ નામનો સિપાઈ આપબળથી

નાયક બન્યો, અને તેણે અફઘાનિસ્તાનના અમીરની પદવી ધારણ કરી. પરંતુ રાજ્ય ચલાવવામાં એકલું બળ કામ લાગતું નથી, એ નિયમને અનુસરીને નાદિરખાનની સરદારી નીચે લોકો એકત્ર થયા, અને બચા–ઈ–સાકુને તોપને ગોળે ઉડાવવામાં આવ્યો. અંતે બધી જાતિઓની સંમતિથી નાદિરખાને અફઘાનિસ્તાનના અમીરની પદવી લીધી. પરંતુ ત્યાર પછી અફઘાન રાજ્યતંત્રમાં સ્થિરતા દેખાતી નથી, અને અણકલ્પ્યા પ્રસંગો ઉભા થયે જાયે છે.

શાંતિ અને પ્રગતિના કાળમાં પ્રજાની આકાંક્ષાઓ જાગૃત થઈ, એટલે તે વ્યક્ત કરવા માટે ઇ. સ. ૧૮૮૫માં **'રાષ્ટ્રીય મહાસભા'** (Indian National Congress)ની સ્થાપના થઈ. તેના પ્રયત્નોથી ઇ. સ. ૧૯૦૯માં વાઇસિરોય લૉર્ડ *મિન્ટોના અમલમાં હિંદી પ્રધાન લૉર્ડ મોર્લીએ* કાઉન્સિલોમાં સુધારા કર્યા. ઇ. સ. ૧૯૧૨માં સમ્રાટ્ પંચમ જ્યૉર્જે દિલ્હીમાં ભવ્ય દરબાર ભરી તેને હિંદનું પાટનગર જાહેર કર્યું. યુરોપના ભયંકર મહાવિગ્રહમાં હિંદે બજાવેલી અણમૂલ સેવાથી કૃતજ્ઞતાભાવે પ્રેરાઈ ઇ. સ. ૧૯૧૭માં પ્રધાનમંડળે હિંદમાં ક્રમે ક્રમે જવાબદાર રાજ્યપદ્ધતિ સ્થાપવાનું જાહેર કર્યું, અને હિંદ વિષે પ્રત્યક્ષ જ્ઞાન મેળવવા હિંદી પ્રધાન મિ. મૉન્ટેગ્યુ હિંદમાં આવ્યો. તેણે અને વાઇસિરોય લૉર્ડ ચેમ્સફર્ડે રાજ્યવ્યવસ્થામાં સુધારાની યોજના (Montague–Chelmsford Reforms) ઘડી કાઢી, અને ઇ. સ. ૧૯૧૯માં પાર્લમેન્ટે તે મંજુર કરી.

ઇ. સ. ૧૯૧૯માં પાર્લમેન્ટે મંજુર કરેલા મૉન્ટેગ્યુ–ચેમ્સફર્ડ સુધારા પ્રમાણે હિંદનું રાજ્યતંત્ર ઇ. સ. ૧૯૩૬ સુધી ચાલ્યું. આ યોજનામાં નવા સુધારાને દસ વર્ષ થાય ત્યારે હિંદને જવાબદાર રાજ્યતંત્ર સોંપવાનો વિચાર ચલાવવા માટે કમિશન મોકલવાનું જાહેર કર્યું હતું. તે પ્રમાણે ઇ. સ. ૧૯૨૯માં સર જોન સાઈમનના પ્રમુખપણા નીચે સાત સભ્યોનું મંડળ હિંદુસ્તાનમાં આવ્યું. તે મંડળના સભ્યોએ મુખ્ય શહેરોમાં ફરી શા શા સુધારા કરવા, તે વિષે અભિપ્રાયો એકઠા કર્યા. સ્વતંત્રવાદીઓ આ મંડળની વિરુદ્ધ હતા, છતાં મંડળ પોતાનું કાર્ય બજાવી ઇંગ્લેન્ડ પાછું ફર્યું, અને તેણે ઇ. સ. ૧૯૩૦માં પોતાનો રિપોર્ટ બહાર પાડયો. તેના ઉપર પાર્લમેન્ટે વિચાર કર્યો. તે રિપોર્ટ ઉપર વિચાર ચલાવવા ત્રણ વાર "રાઉન્ડટેબલ કોન્ફરન્સ" ભરાયાં. એની પહેલી બેઠકમાં મહાસભાએ ભાગ લીધો નહોતો, પણ બીજી બેઠકમાં મહાસભા

તરફથી એકજ પ્રતિનિધિ તરીકે મહાત્મા ગાંધીજીએ હાજરી આપી હતી. તેમાં હિંદુસ્તાનના જુદા જુદા નેતાઓને આમંત્રણો આપવામાં આવ્યાં હતાં. આમ સાઈમન કમિશને ઇ. સ. ૧૯૨૯–૩૦ દરમિઆન પોતાનું કાર્ય પૂરું કરીને રિપોર્ટ પ્રસિદ્ધ કર્યો. તે પછી ઇ. સ. ૧૯૩૦માં ગોળમેજી પરિષદની પહેલી બેઠક ભરાઈ, ઇ. સ. ૧૯૩૧માં બીજી બેઠક ભરાઈ, અને ઇ. સ. ૧૯૩૨માં ત્રીજી બેઠક ભરાઈ. આને પરિણામે '**શ્વેતપત્ર**' પ્રસિદ્ધ થયું, અને સિલેકટ કમિટીએ ઇ. સ. ૧૯૩૪માં પોતાનો રિપોર્ટ પ્રસિદ્ધ કર્યો. છેવટના પરિણામ તરીકે નવા રાજ્યબંધારણનો ખરડો પાર્લમેન્ટમાં પસાર થયો, અને ઇ. સ. ૧૯૩૫ના ઑગસ્ટની ૧લી તારીખે સમ્રાટ્ પંચમ જ્યૉર્જે તેના ઉપર સહી કરી, એટલે તે ઇ. સ. ૧૯૩૫ના "ગવર્નમેન્ટ ઑવ્ ઇન્ડિઆ ઍક્ટ" તરીકે પ્રસિદ્ધિ પામ્યો. આ નવા બંધારણ મુજબ ઇ. સ. ૧૯૩૭ના એપ્રિલની ૧લી તારીખથી 'પ્રાંતિક સ્વરાજ્ય'નો અમલ શરૂ થઈ ગયો છે, અને હવે 'ફેડરેશન'ની સ્થાપના માટે પ્રયત્નો ચાલે છે.

## ૨. ચીન

જગત્ના આ પ્રાચીન દેશ જોડે ઈંગ્લેન્ડનો સંબંધ જુનો છે. ઇ. સ. ૧૮૪૦માં હિંદનું અફીણ ચીનમાં લઈ જવાના સંબંધમાં બંને દેશો વચ્ચે જે વિગ્રહ થયો, તેથી અંગ્રેજોને હોંગકોંગ દ્વીપ મળ્યો. ત્યાર પછી તેનો ઘણો ઉત્કર્ષ થયો, અને આજે તે વેપારનું અગત્યનું મથક અને બંદર ગણાય છે.

ઇ. સ. ૧૮૫૭–૬૦ દરમિઆન કેન્ટન બંદરમાં આવેલી વેપારી આગબોટ પરના અંગ્રેજ વાવટાનું અપમાન કરવા માટે જે યુદ્ધ થયું, તેમાં ફ્રાન્સે ઈંગ્લેન્ડને સહાય આપી, એટલે ચીનની સરકાર અંગ્રેજોને થએલું નુકસાન ભરી આપવા, પેકિનમાં અંગ્રેજ એલચી રાખવા, અને કેટલાંક બંદરો અંગ્રેજ વેપારીઓને માટે ખૂલ્લાં મૂકવા કબુલ થઈ.

હવે ઈંગ્લેન્ડની પેઠે બીજાં યુરોપી રાજ્યોની દૃષ્ટિ ચીન પર ચોંટી, એટલે તેઓ તેના સંબંધમાં આવવા લાગ્યાં. ફ્રાન્સે પેસિફિક મહાસાગરમાં વિસ્તીર્ણ પ્રદેશ હાથ કર્યો હતો. રશિઆએ પૉર્ટ આર્થર હસ્તગત કર્યું હતું. ઇ. સ. ૧૮૯૮માં બે ધર્મપ્રચારકોનાં ખૂન થયાને નિમિત્તે જર્મનીએ ક્યિઆઉ-ચાઉ કબજે લીધું, અને ઈંગ્લેન્ડે વેહાવેહી નગર લઈ લીધું. ત્યાર પછી યુરોપી પ્રજાઓએ ચીનમાં આગગાડી કરવાના અને ખનીજ પદાર્થોની શોધ

કરવાના પ્રયત્નો આદર્યો. પરંતુ પરદેશીઓના આગમન અને આક્રમણથી કેટલાક ચીનાઓનું દેશાભિમાન પ્રદીપ્ત થયું. કેટલાક ઉદ્દામ મતવાળાઓએ આ પરદેશીઓને હાંકી કાઢવા માટે 'બૉકસર' નામે મંડળ સ્થાપ્યું, અને ગોરા પાદરીઓની નિર્દય હત્યા કરવા માંડી. ઇ. સ. ૧૯૦૧માં આ મંડળે સર્વ એલચીખાતા ઉપર આક્રમણ કર્યું, અને યુરોપીઅનોના જાન જોખમમાં આવી પડયા. સર્વ યુરોપી રાજ્યોનું સંયુક્ત સૈન્ય આ તોફાનીઓની ખબર લેવા રવાના કરવામાં આવ્યું, અને તેથી ચીનને ભારે યુદ્ધદંડ ભરવો પડયો. આ પ્રમાણે દેશમાં આવેલી જાગૃતિને પરિણામે ઇ. સ. ૧૯૧૨માં રાજસત્તાનું ખંડન કરી ત્યાંની પ્રજાએ પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના કરી.

ચીનના પ્રશ્નનું સંતોષકારક સમાધાન થવા માટે ભવિષ્ય પ્રત્યે દૃષ્ટિ નાખવી પડે છે. હમણાં તેના કેટલાક પ્રદેશો પર જાપાનનું આક્રમણ ચાલુ છે.

### ૩. આફ્રિકા

૧૯મા સૈકાના મધ્ય સુધી આફ્રિકા સંબંધી યુરોપ અજ્ઞાત હતું. પછી ડૉ. લિવિંગસ્ટન અને સ્ટેનલીએ દેશની અંદર પ્રવાસ કરી નવા મુલકો શોધ્યા, એટલે પોતાના માલનું બજાર શોધનારાં યુરોપનાં રાજ્યોમાં ત્યાં વસવાટ કરવાની આતુરતા ઉભી થઈ. ફ્રાન્સે એલ્જીરિઆનો વિસ્તીર્ણ પ્રદેશ લીધો, જર્મનીએ આફ્રિકાના પૂર્વ પશ્ચિમ કિનારા પર અમલ જમાવ્યો, ઇટલીએ રાતા સમુદ્રની પાસે થાણું જમાવ્યું, બેલ્જીયમે કોંગો ફ્રી સ્ટેટનું સંસ્થાન સ્થાપ્યું, અને પોર્ટુગલે પૂર્વ અને પશ્ચિમ કિનારા પર થોડો મુલક મેળવ્યો.

આવા સંયોગોમાં ઈંગ્લેન્ડ કેમ સ્વસ્થ બેસી રહે? કેપ કોલોની, નાતાલ, સીએરા–લિઓની, અને ગોલ્ડ કોસ્ટ આદિ પ્રદેશો તેના તાબામાં આવ્યા. બુચાનાલેન્ડ અને રહોડેશિઆ ઉપર તેનો અધિકાર સ્થાપવામાં આવ્યો. પશ્ચિમ કિનારા પર સ્થપાએલી 'રૉયલ નાઇજર કંપનિ' પાસેથી વિસ્તીર્ણ પ્રદેશ લઈ તેને 'નાઇજીરિઆ' નામ આપ્યું, અને ઇ. સ. ૧૯૦૦થી ઈંગ્લેન્ડે તેના પર દેખરેખ રાખવા માંડી. પૂર્વ કિનારા પર ઇસ્ટ આફ્રિકા કંપનિ સ્થપાયાથી યુગાન્ડા અને બ્રિટિશ પૂર્વ આફ્રિકા અંગ્રેજોના વર્ચસ્વ નીચે આવ્યા. ઇ. સ. ૧૮૮૪માં સોમાલીલેન્ડ અને ઇ. સ. ૧૮૯૧માં ઝાંઝીબાર અંગ્રેજોને મળ્યા હતા.

મહાવિગ્રહની સમાપ્તિ પછી જર્મનોનું નૈર્ઋત્ય આફ્રિકા દક્ષિણ આફ્રિકાનાં સંસ્થાનોમાં ભળ્યું. પૂર્વ આફ્રિકા બેલ્જીયમ અને ગ્રેટબ્રિટને વહેંચી

લીધું. કામેરૂન અને ટોગોલેન્ડના બ્રિટન અને ફ્રાન્સ વચ્ચે ભાગ પડયા. એ વર્ષ ઉપર ઇટલીએ એબિસિનિઆનો પ્રદેશ જીતી લીધો.

### ૪. મિસર

પુરાતન સંસ્કૃતિ માટે પ્રસિદ્ધિ પામેલું મિસર તુર્કસ્તાનના નામના અધિ-



કાર નીચે હતું. ઇ. સ. ૧૮૩૩માં મહમદઅલ્લી નામે સરદારે તે દેશને કબજે કરી સુલતાનની પરવા કર્યા વિના સ્વતંત્ર રાજ્ય કરવા માંડયું એટલુંજ નહિ, પણ પછી તો ખુદ કોન્સ્ટન્ટિનોપલ પર તેણે હુમલો કર્યો. મિસરમાં વગવસીલો મેળવવાની આશાએ ફ્રાન્સે તેનો પક્ષ લીધો, ત્યારે અન્ય રાજ્યોએ સુલતાનનો પક્ષ લીધો. અંતે સમાધાન કરી મહમદઅલ્લીએ સીરિઆ પ્રાંત સુલતાનને પાછો આપી દેવો એવો નિર્ણય થયો, અને મહમદઅલ્લીને મિસરનો પાશા સ્વીકારવામાં આવ્યો.

**ખેદિવ ઈસ્માઈલ** : ઇ. સ. ૧૮૬૩માં આ પરાક્રમી સરદારના મરણ પછી તેનો પૌત્ર ઇસ્માઇલ તેને સ્થાને આવ્યો. તેણે સુલતાનને મૂલ્યવાન નજરાણું મોકલી ખેદિવનો ઇલ્કાબ મેળવ્યો. તેણે દેશમાં અનેક પ્રકારના સુધારા કરવા માંડયા. એ સર્વ સુધારામાં નાણાંની જરૂર પડતી, પણ એ મોજીલા રાજા પાસે નાણું ન હતું. તેના એશઆરામ અને ભોગવિલાસમાં પણ અઢળક દ્રવ્યની જરૂર પડતી. તેના જલસાનાં લખલૂટ ખર્ચ પ્રજા પાસેથી વધારે કર નાખીને વસુલ લેવામાં આવતાં. દેશનું કરજ બેસુમાર વધી ગયું, તોપણ એ વિલાસી રાજાની ખોટનો ખાડો પૂરાયો નહિ, એટલે તેણે સુએઝની નહેરના શેર ( Shares ) વેચવા કાઢયા. હિંદ જવાના ટુંકા જળમાર્ગની અગત્ય ઇંગ્લેન્ડ કયારનું પિછાણી ચૂકયું હતું, એટલે પ્રધાન ડિઝરાયેલીએ ૬ કરોડ રૂપીઆમાં શેર ખરીદીને સુએઝની નહેર પર વાસ્તવિક વર્ચસ્વ મેળવી લીધું. દરમિઆન દેશમાં આર્થિક દુર્દશા વધતી હતી, એટલે ઈંગ્લેન્ડ અને ફ્રાન્સે સુલતાન પર લાગવગ ચલાવી ઈસ્માઇલને પદભ્રષ્ટ કરી તેના પુત્ર તોફિક પાશાને ગાદી અપાવી. દેશની આર્થિક વ્યવસ્થા ઈંગ્લેન્ડ અને ફ્રાન્સે પોતાને હસ્તક રાખી.

**અરબી પાશાનું બંડ** : આ પ્રમાણે પરદેશીઓ દેશની આંતર વ્યવસ્થામાં હાથ ઘાલે, એ વાત મિસરીઓને ગમતી ન હતી. એથી અરબી પાશા નામે લશ્કરી અમલદારની આગેવાની નીચે પરદેશીઓને હઠાવવાની ચળવળ શરૂ થઈ, ઇ. સ. ૧૮૮૧. અસંતુષ્ટ સૈનિકોની સહાયથી તેણે બંડ જગાડયું, અને આશરે ૫૦ યુરોપીઅનોની કતલ કરાવી. અંગ્રેજ નૌકાસૈન્યે એલેકઝાન્ડ્રિઆ પર હલ્લો કરી તેને જમીનદોસ્ત કરી નાખ્યું. પરંતુ અંગ્રેજ

સૈન્યે ટેલ એલ કેબિરના યુદ્ધમાં અરબી પાશાનો ગર્વ ઉતાર્યો, ઈ. સ. ૧૮૮૨. તેને કેદ કરી સિલોન મોકલવામાં આવ્યો. ફરીથી ખેદિવની સત્તા દેશમાં સ્થપાઈ. આ વિગ્રહમાં ફ્રાન્સ તટસ્થ રહ્યું, એટલે તે પછી તેને વહીવટમાં ભાગ આપવાનું બંધ કરવામાં આવ્યું.

**સુદાનમાં યુદ્ધ** : આ પ્રથમ વિગ્રહ પૂરો શમ્યો નહિ, ત્યાં તો બીજો વિગ્રહ ઉભો થયો. સુદાનના વિસ્તીર્ણ પ્રદેશમાં એકાએક બંડ ઊઠયું. ત્યાંના એક ધર્મોપદેશકે પોતાને 'મહાદી' (મહંમદ પેગંબરનો ભાવી અવતાર) તરીકે ઓળખાવી સર્વત્ર મુસલમાની અમલ સ્થાપવાની હાકલ પાડી. ખેદિવના જુલમી અમલ અને અસહ્ય કરથી ત્રાસેલા અનેક ઉત્સાહી મુસલમાનો તેને આવી મળ્યા. ખેદિવે અંગ્રેજ સેનાપતિ હિકસને બંડખોરોને શિક્ષા આપવા દોડાવ્યો. પરંતુ ઇ. સ. ૧૮૮૩માં બંડખોરોએ હિકસના સૈન્યનો એવો ઘાણ વાળ્યો, કે અંગ્રેજ સરકારે સુદાન ખાલી કરવાની ખેદિવને સૂચના, આપી, અને મિસરના રાજકારણમાં હાથ ઘાલવાનો નિશ્ચય કર્યો. સુદાનમાં ભરાઈ પડેલા મિસરી સૈન્યને વ્યવસ્થિત રીતે પાછા આવવાનું ભગીરથ કાર્ય ગોર્ડન નામના સાહસિક, પરાક્રમી, અને ચતુર સેનાપતિને શિરે આવી પડયું.

**ગોર્ડનનું મૃત્યુ**: ઇ. સ. ૧૮૮૪માં ગોર્ડને ખાર્તુમ જઈ થોડું ઘણું સૈન્ય રવાના કર્યું. તેણે દેશમાં શાંતિ સ્થાપવા માટે વિષ્ટિ ચલાવવાના પ્રયત્ન કર્યા, પણ બ્રિટિશ સરકારે તેમાં સંમતિ દર્શાવી નહિ, એટલે મહાદીના અનુયાયીઓએ તેને ઘેરી લેવા માંડયો. તારનાં દોરડાં તોડી તેનો સર્વ વ્યવહાર બંધ કરી નાખવામાં આવ્યો. ગ્લેડસ્ટનના પ્રધાનમંડળે વિચારમાં પાંચ માસ વ્યર્થ ગાળી આ હીણભાગી સરદારને કંઈ સહાય મોકલી નહિ. આખરે વુલ્સીને સૈન્ય સહિત રવાના કરવામાં આવ્યો, પણ તે વેળાસર પહોંચી શકયો નહિ; તેના આવતા પહેલાં અદ્‌ભુત ધૈર્ય અને સાહસપૂર્વક ૩૧૭ દિવસ સુધી શત્રુઓને હંફાવી આખરે તે પરાક્રમી સરદાર શૂરાને છાજતી રીતે શત્રુઓને હાથે મરાયો, ઈ. સ. ૧૮૮૫. મહાદીને વશ કરવાના પ્રયત્નો તે સમયે તજી દેવામાં આવ્યા.

**ક્રોમરની રાજ્યવ્યવસ્થા**: સુદાનમાં આવી પરિસ્થિતિ હોવા છતાં મિસરમાં નવી સ્થિતિ નિર્માણ થઈ. ઈંગ્લેન્ડના સૈન્યની સહાયથી સત્તા ટકાવી રાખનાર ખેદિવને તેના વિના ચાલે તેમ ન હતું. તુર્ક સુલતાનને ખંડણી

ભરવાનું અને તેનું નામનું વર્ચસ્વ સ્વીકારવાનું ચાલુ રહેવા છતાં મિસરના સંરક્ષણને અર્થે રાખવામાં આવેલું અંગ્રેજી સૈન્ય, મિસરનો આર્થિક વહીવટ અને વ્યવહાર, એ સર્વ અંગ્રેજ કૉન્સલ જનરલ લૉર્ડ ક્રોમરની ઇચ્છા પ્રમાણે ચાલવા લાગ્યાં. તે ભલા મુત્સદ્દીએ દેશમાંથી અવ્યવસ્થા દૂર કરી ન્યાય, શિક્ષણ, અને કૃષિમાં યોગ્ય સુધારા કરી દેશની સમૃદ્ધિ વધારવાના ઉપાયો યોજી નવીન યુગનો આરંભ કર્યો. આથી તે 'અર્વાચીન મિસરનો વિધાતા' કહેવાય છે તે યોગ્ય છે.

**બીજો સુદાનવિગ્રહ:** આમ અંગ્રેજોની દેખરેખ નીચે દેશનો વહીવટ આવતાં તેમણે અર્વાચીન પદ્ધતિ પ્રમાણે મિસરી સૈન્યને તાલીમ આપવા માંડી. આવા કસાએલા સૈન્યની સહાયથી મહાદી પછી ગાદીએ આવેલા ખલિફા પાસેથી સુદાન ફરીથી જીતી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો, ઇ. સ. ૧૮૯૬. લૉર્ડ કિચનર જેવા કુનેહબાજ યોદ્ધાને અંગ્રેજ અને મિસરી સૈન્યની સરદારી આપવામાં આવી. તેણે ઇ. સ. ૧૮૯૮માં ઓમદુરમાનના યુદ્ધમાં ખલિફાના સૈન્યને સખત હાર ખવરાવી ખાર્તુમ કબજે કર્યું. ત્યાર પછી સુદાન અંગ્રેજ અને મિસરના સંયુક્ત અમલ નીચે આવ્યું.

**અર્વાચીન મિસર:** છેલ્લા યુરોપી મહાવિગ્રહમાં ખેદિવે તુર્કસ્તાનનો પક્ષ લીધો, એટલે ઈંગ્લેન્ડે જાહેર કર્યું, કે મિસર તુર્કસ્તાનથી છેક સ્વતંત્ર છે, અને તે અમારૂં સંરક્ષિત રાજ્ય છે, ઇ. સ. ૧૯૧૪. વિગ્રહની સમાપ્તિ પછી ઈંગ્લેન્ડે એ દેશને સ્વરાજ્ય આપવાનો નિર્ણય કર્યો, ઇ. સ. ૧૯૨૨. હવે માત્ર કેપ–કેરો રેલવે અને સુએઝની નહેરનું હિત સચવાય તેવા પ્રદેશો અંગ્રેજોના અધિકારમાં રાખવાનો ઠરાવ કરવામાં આવ્યો છે.[1] મહાયુદ્ધની સમાપ્તિ પછી મિસરનું સ્વાતંત્ર્ય સ્વીકારવામાં આવ્યું; માત્ર અંગ્રેજોનો મિસર ઉપર નામનો કાબુ છે. તેઓ મિસરની પરરાજ્યો સાથેની નીતિ ઉપર તથા

૧. ઈંગ્લેન્ડને પૂર્વના બીજા પ્રદેશો જુદે જુદે સમયે મળ્યા છે. ૧૯મા સૈકાના આરંભમાં મલાકા અને સિંગાપુર મળ્યાં. ઇ. સ. ૧૮૭૦–૧૮૯૬ના અરસામાં મલાયા સ્ટેટ્સ પર અંગ્રેજ અધિકાર સ્થપાયો. ઇ. સ. ૧૮૮૮માં નૉર્થ બોર્નિઓ અને સેરવાક અંગ્રેજોની દેખરેખ નીચે આવ્યાં. ઇ. સ. ૧૮૭૪માં ફિજીદ્વીપ અને પેસિફિકમાંના અસંખ્ય નાના ટાપુઓ મળ્યા.

સુએઝની નહેરની વ્યવસ્થા ઉપર દેખરેખ રાખે છે; છતાં જ્યારે કૉન્ઝર્વેટિવ પક્ષ અમલમાં હતો, ત્યારે પ્રધાનમંડળે મિસરની આંતરિક વ્યવસ્થામાં માથું મારવા માંડયું. આને પરિણામે મિસરમાં અશાંતિ અને અસંતોષ ફેલાયો. દરમિઆન ઇજિપ્ટના હાઈ કમિશનર લૉર્ડ લૉઈડે ત્યાં કેટલીક ડખલગીરી કરી. પરંતુ ઈંગ્લેન્ડમાં મજુર સરકારનો અમલ થયો, ત્યારે મિસર સંબંધી રાજનીતિમાં ફેરફાર થયો. હવે આંતરિક બાબતોમાં ઇજિપ્ટનું સ્વાતંત્ર્ય સ્વીકારાયું, અને લૉર્ડ લૉઈડને રાજીનામું આપવાની ફરજ પડી.

## અગત્યની તવારીખ

| | |
|---|---|
| ૧૮૮૧ અરબી પાશાનું બંડ | ૧૮૯૮ ઓમદુરમાનનું યુદ્ધ |
| ૧૮૮૫ ગોર્ડનનું મૃત્યુ | ૧૯૨૨ મિસરને સ્વાતંત્ર્ય મળ્યું. |

---

# પ્રકરણ ૧૫મું

# સામ્રાજ્યમાં સ્વરાજ્ય

## ૧. કેનેડા

ઇ. સ. ૧૭૮૩માં અમેરિકાનાં સંસ્થાનો સ્વતંત્ર થયાં, તેનું કારણ ઈંગ્લેન્ડની તેમના પ્રત્યેની રાજનીતિ હતું. ઇ. સ. ૧૭૮૩ની વર્સૈલ્સની સંધિ પછી ઈંગ્લેન્ડની સંસ્થાનો પ્રત્યેની નીતિ બદલાઈ. એ સાથે સંસ્થાનો સમૃદ્ધ થયા પછી સહેજે તેઓ માતૃભૂમિથી છુટાં પડી જવાનાં એવો મત ચાલવા લાગ્યો. વેપારી સ્વતંત્રતા આપ્યા પછી તેઓ માત્ર સ્વાર્થ જુએ છે, એથી સંસ્થાનો સ્થાપવામાં લાભ નથી, અને તેમના સંરક્ષણ માટે નૌકાસૈન્ય રાખવું એ નાણાંનો દુર્વ્યય કરવા જેવું છે, એવો મત પ્રબળ થવાથી સંસ્થાનો વિષે દેશમાં ઉદાસીનતા આવી. હવે સંસ્થાનોના મંત્રીની જગા કમી કરી તેનો વહીવટ યુદ્ધ ખાતાને સોંપવામાં આવ્યો. અમેરિકાનાં અમુક સંસ્થાનો સ્વતંત્ર થયા પછી કેનેડા, કેપ બ્રિટન, નોવાસ્કોશિઆ, ન્યૂબ્રન્સવિક, પ્રિન્સ એડવર્ડ બેટ આદિ ઈંગ્લેન્ડના તાબામાં રહ્યા, અને સ્વતંત્ર સંસ્થાનોમાંથી પણ ઈંગ્લેન્ડના અધિકાર નીચે રહેવા ઇચ્છનારા અનેક લોકો આ પ્રાંતોમાં જઈ વસ્યા. વિશેષે કરીને કેનેડામાં અંગ્રેજ વસ્તીનું પ્રમાણ વધવા લાગ્યું.

ફ્રેન્ચો પાસેથી કેનેડા જીતી લીધા પછી ઇ. સ. ૧૭૭૪માં લૉર્ડ નૉર્થે ત્યાંની ફ્રેન્ચ પ્રજાને રોમન કેથોલિક ધર્મમાં, આચારવિચારમાં, અને રાજ્યઘટનામાં કે કાયદામાં ફેરફાર નહિ કરવાનું વચન આપ્યું. તે પછી અંગ્રેજો પાણીના રેલાની પેઠે આવી કાયમી વસવાટ કરવા લાગ્યા, એટલે તેમની અને ફ્રેન્ચોની વચ્ચે ધર્મ, વિચાર, આદિ અનેક વિષયોમાં મતભેદ પડ્યો. આવી સ્થિતિમાં સમાધાન આણવા માટે તરુણ પિટ્ટે ઇ. સ. ૧૭૯૦માં કાયદો કરી કેનેડાના 'ઉત્તર' અને 'દક્ષિણ' એવા બે ભાગ પાડ્યા. મુખ્યત્વે કરીને ઉત્તર કેનેડામાં અંગ્રેજો અને દક્ષિણ કેનેડામાં ફ્રેન્ચો રહે એવો નિર્ણય થયો. આ બંને પ્રાંતોને પ્રતિનિધિ–સભા આપવામાં આવી. પરંતુ ગવર્નર તેને જવાબદાર ન હોવાથી તે માત્ર શોભાની રહી, એટલે કેટલીક વેળા ટંટા થતા. પછી ઉત્તર પ્રાંતમાં અંગ્રેજોએ વેપાર આદિમાં જબરી પ્રગતિ કરી, પણ એવી બાબતોમાં અજાણ્યા ફ્રેન્ચો જેવા ને તેવા રહ્યા. છેવટે ઉત્તર અમેરિકાનાં બીજાં સંસ્થાનોમાં કેનેડા જેવી રાજ્યપદ્ધતિ દાખલ કરવામાં આવી.

પરંતુ આ રાજ્યપદ્ધતિથી અંગ્રેજો અને ફ્રેન્ચો વચ્ચેનો સંબંધ સુધર્યો નહિ. ઉત્તર કેનેડાના અંગ્રેજો વધારે રાજકીય હકોની માગણી કરવા લાગ્યા, અને ઇ. સ. ૧૮૩૭માં નાનું સરખું બંડ થયું. લશ્કરી કાયદાની સહાયથી બંડ દબાવી દેવામાં આવ્યું, પણ સંસ્થાનીઓની સ્થિતિનો અભ્યાસ કરી તેમને અનુકૂળ થાય એવી યોજના તૈયાર કરવા **લૉર્ડ ડરહામ** નામે ઉદારચિત્ત અને પ્રવીણ મુત્સદ્દીને મોકલવામાં આવ્યો. તેણે પોતાના મશહુર નિવેદનમાં કરેલી સૂચના અનુસાર બંને પ્રાંતોને એકત્ર કરી બે ધારાસભા સ્થાપવામાં આવી, અને એ અધિકારીઓને તેના જવાબદાર બનાવવામાં આવ્યા. ત્યાર પછી ત્યાં આગગાડી, તાર અને બીજા સુધારા દાખલ થતાં કેનેડાની ઉન્નતિ થઈ. તેના ઉદ્યોગી વતનીઓનો ધીમે ધીમે ફેલાવો થયો, એટલે તેનું રાજ્ય વિસ્તાર પામ્યું. આ સર્વ સંસ્થાનોને એકત્ર કરી તેનું સંગઠિત રાજ્ય બનાવવાની યોજના ઇ. સ. ૧૮૬૭માં મૂર્ત થઈ. એથી કવેબેક, ઓન્ટારિઓ, ન્યૂબ્રન્સવિક, નોવાસ્કોશિઆ આદિ સર્વ સંસ્થાનોને '**કેનેડાનું સંગઠિત રાજ્ય**' બનાવ્યું, *અને તેના પર દેખરેખ રાખવા માટે ઇંગ્લેન્ડના પ્રધાનમંડળે ગવર્નર જનરલની નીમણુક કરી. પરરાજ્યના અને સામ્રાજ્યના પ્રશ્નો સિવાય બીજી બાબતોમાં*

તેમને સ્વાતંત્ર્ય આપવામાં આવ્યું. ગવર્નર જનરલ અને તેના મંત્રીમંડળને સહાય કરવા માટે ત્યાં સમસ્ત દેશના મતદારોએ મોકલેલા '**પ્રતિનિધિઓની સભા**' (The House of Commons) અને પ્રત્યેક **પ્રાંતના** પ્રતિનિધિઓની બનેલી '**સેનેટ**' એવી બે પ્રકારની રાજસભા હોય છે. પ્રત્યેક પ્રાંતમાં આવી જવાબદાર રાજ્યપદ્ધતિની વ્યવસ્થા દાખલ કરવામાં આવી છે. ઇ. સ. ૧૮૭૦માં મનિટોબા પ્રાંત, ઇ. સ. ૧૮૭૧માં બ્રિટિશ કોલંબિઆ, અને ઇ. સ. ૧૮૭૨માં પ્રિન્સ એડવર્ડ બેટ કેનેડામાં ભેળવી દેવામાં આવ્યા.

આમ સંયુક્ત કેનેડાનું સ્વતંત્ર સંસ્થાન થતાં લોકોની ઉન્નતિ ઝપાટાબંધ થવા લાગી. પોતાના કિનારાનું રક્ષણ કરવા અને ઇંગ્લેન્ડના નૌકાસૈન્યને સહાયરૂપ થવા માટે ઇ. સ. ૧૯૦૯માં કેનેડાની સરકારે લશ્કરી જહાજો બાંધવાનો ઠરાવ કર્યો છે. ઇ. સ. ૧૮૮૫માં "કેનેડિઅન પેસિફિક રેલવે" બંધાવાથી ત્યાંના વેપારને અને ખેતીને સારો વેગ મળ્યો છે. પ્રેરીનો ઘાસવાળો પ્રદેશ ઘઉંનાં ખેતરોથી સુશોભિત અને સમૃદ્ધ બન્યો છે.

## ૨. ઑસ્ટ્રેલિઆ

સત્તરમા સૈકાના પૂર્વાર્ધ પહેલાં ટાસ્મન નામના વલંદાએ ન્યૂઝીલેન્ડ અને ઑસ્ટ્રેલિઆના પૂર્વ કિનારાની શોધ કરી, ત્યારથી થોડો સમય આ દેશ 'ન્યૂ હોલેન્ડ' નામે ઓળખાયો. ત્યાર પછી ડેમ્પિયર નામના અંગ્રેજ નાવિકે આ પ્રદેશોમાં પ્રવાસ કર્યો, પણ આટલે દૂર સંસ્થાનો સ્થાપવાની કોની છાતી ચાલે? અઢારમા સૈકામાં કેપ્ટન જેમ્સ કૂક નામે સાહસિક નાવિકે પેસિફિક મહાસાગરમાં સફર કરવા માંડી. તેણે ઑસ્ટ્રેલિઆના પૂર્વ કિનારા પર પ્રવાસ કર્યો, અને બીજે વખતે સેન્ડવિચ દ્વીપ શોધી કાઢયો, પણ હાવાઇના જંગલી લોકોએ તેનો વધ કર્યો, ઇ. સ. ૧૭૭૯. પરંતુ તેના મરણ પહેલાં તેણે પૂર્વ ઑસ્ટ્રેલિઆને અંગ્રેજ મુલક તરીકે ગણાવવા માંડયો હતો, એટલે તેણે શોધેલા ભાગને 'ન્યૂ સાઉથ વેલ્સ' નામ આપવામાં આવ્યું. સંસ્થાનો સ્થાપવા પ્રત્યે પ્રસરેલી સામાન્ય બેદરકારીને લીધે તે સમયે પ્રજાએ આ દેશ પ્રત્યે લક્ષ આપ્યું નહિ. પરંતુ અમેરિકાનાં સંસ્થાનો ગયા પછી કાળા પાણીની સજા પામેલા કેદીઓને હવે કયાં મોકલવા, એ વિકટ પ્રશ્ન સરકાર સમક્ષ

આવતાં તેનું ધ્યાન આ નવા મુલક પર ચોંટયું. ઇ. સ. ૧૭૮૮માં કેપ્ટન ફિલિપ સૈનિકો અને કેદીઓથી ભરેલું વહાણ લઈ 'બોટની બે'ના જેકશન બંદરમાં દાખલ થયો, અને ત્યાં કેદીઓનું નાનું ગામ વસ્યું. તેનું નામ સિડની પાડવામાં આવ્યું. ત્યારપછી દેશનિકાલની સજા પામેલા કેદીઓનાં અનેક જૂથ આ દેશમાં ઉતર્યાં. તેમાંના ઘણાખરા પોતાની મુદ્દત પૂરી થઈ જાય, ત્યારે સ્વદેશ પાછા ન જતાં અહીં ખેતી કરી ગુજરાન ચલાવતા. નેપોલિયન જોડેનાં યુદ્ધોની સમાપ્તિ પછી દેશમાં પ્રસરેલી બેકારીને લીધે અનેક કુટુંબો નવાં સંસ્થાનોમાં પોતાનું ભાગ્ય અજમાવી જોવા આવ્યાં. સરકારે વસ્તી વધારવાની આશાએ મોંબદલો લીધા વિના તેમને જમીન આપવા માંડી. ઇ. સ. ૧૮૨૯માં અંગ્રેજોએ સમગ્ર ખંડ પોતાને તાબે કરી લીધો. તેમાં વળી દેશના મૂળ વતનીઓની સંખ્યા અલ્પ હતી, એટલે નવા સંસ્થાનીઓને યુદ્ધ વિના વસવાટ કરવાનું સુખ મળ્યું. ધીમે ધીમે કવીન્સલેન્ડ, વિકટોરિઆ, પશ્ચિમ ઑસ્ટ્રેલિઆ, અને ટાસ્માનિઆનાં સંસ્થાનોની સ્થાપના થઈ. તેમાં વસવા આવેલા સ્વતંત્ર આગંતુકોએ ત્યાં ગુનેગારોને મોકલવાનું બંધ કરવા માટે સરકારને વિનતિ કરવા માંડી. ક્રમે ક્રમે સરકારે ઇ. સ. ૧૮૬૮ સુધીમાં કેદીઓ મોકલવાનું સર્વથા બંધ કરી દીધું એટલુંજ નહિ, પણ ઑસ્ટ્રેલિઆનો વિકાસ કરવાની યોજનામાં તેણે સમભાવ દર્શાવવા માંડયો.

દેહાંતદંડથી ઉતરતી સજા પામેલાઓને નિયમમાં રાખનારી રાજ્યવ્યવસ્થા કેવી હોય? પરંતુ જેમ જેમ ઉદ્યોગી અને સ્વતંત્ર સંસ્થાનીઓ વધતા ગયા, તેમ તેમ લશ્કરી રાજ્યપદ્ધતિ બંધ કરી લોકોને રાજકારભારમાં ભાગ આપવો જોઈએ, એવો પ્રજામત થવા લાગ્યો. તે સમયે સંસ્થાનોના આંતર વહીવટમાં બને તેટલો ઓછો હસ્તક્ષેપ કરવાની નીતિ ઇંગ્લેન્ડે સ્વીકારવા માંડી હતી, એટલે ઇ. સ. ૧૮૫૦ના અરસામાં ધારાસભા સ્થાપી તેને હસ્તક દેશની જમીન મૂકવામાં આવી. આ સમયે ન્યૂ સાઉથ વેલ્સ અને વિકટોરિઆમાં સોનાની ખાણો મળી આવી. જગતભરમાં આ સમાચાર પ્રસરી ગયા, અને અસંખ્ય માણસો ધનવાન થઈ જવાની સોનેરી આશાએ ઑસ્ટ્રેલિઆમાં ઉતરી પડયા. કારકુનોએ કચેરીઓ છોડી, ખલાસીઓએ વહાણ છોડયાં, ખેડુતોએ જમીન અને ઓજાર વેચી નાખ્યાં, અને એ સર્વ નવા દેશમાં

વસવા ચાલ્યા. સોનું તો મળ્યું નહિ; માત્ર થોડા લોકો માલદાર થયા. પરંતુ નવા આવેલા ઉદ્યમી લોકો ત્યાં વસી ગયા, એટલે દેશમાં ખેતી વધી, અને તેથી સમૃદ્ધિ પણ વધી. એ સાથે સિડની, એડેલેડ, અને મેલ્બોર્ન જેવાં સમૃદ્ધ નગરો વસ્યાં. ઘેટાંના ઉછેરનો ઉદ્યોગ જાણે નવો અવતાર પામ્યો, અને પાંચ વર્ષમાં વસ્તી બમણી થઈ ગઈ. તાર અને આગગાડી દેશમાં થયાં, એટલે પ્રત્યેક સંસ્થાન સમૃદ્ધ થવા લાગ્યું. પછી પ્રત્યેકને કેનેડા જેવું 'સ્વરાજ્ય' આપવામાં આવ્યું. ઈ. સ. ૧૯૦૦માં આ સર્વ સંસ્થાનોનું સંયુક્ત સંસ્થાન સ્થાપવાનો કાયદો કરવામાં આવ્યો. ઈ. સ. ૧૯૦૧માં સમ્રાટ્ પંચમ જ્યૉર્જે (પ્રિન્સ ઑવ્ વેલ્સ તરીકે) આ નવા સંસ્થાનની નવી પાર્લમેન્ટની પહેલી બેઠક ખુલ્લી મૂકી નવીન રાજ્યપદ્ધતિને ગતિ આપી હતી.

ચીન અને જાપાન જેવા દેશોના લોકોનો ઑસ્ટ્રેલિઆમાં આવી વસવાનો મોહ જોઈ ભવિષ્યનું સંકટ ટાળવાની અગમચેતી વાપરી તેમણે એશિઆવાસીને વસવાટ કરવાની મના કરી છે. કેનેડાની પેઠે તેણે આરમારો તૈયાર કરી છે. દેશના પ્રત્યેક યુવકને ફરજિઆત લશ્કરી શિક્ષણ લેવાની વ્યવસ્થા આ દેશમાં હોય છે.

### અગત્યની તવારીખ

| | |
|---|---|
| ઈ. સ. ૧૭૬૯ | કેપ્ટન કૂક ઑસ્ટ્રેલિઆમાં ગયો. |
| ,, ,, ૧૮૫૦ | ઑસ્ટ્રેલિઆમાં સુવર્ણ મળ્યું. |
| ,, ,, ૧૯૦૦ | ઑસ્ટ્રેલિઆનું સંયુક્ત સંસ્થાન રચાયું. |

## ૩. ન્યૂઝીલેન્ડ

ટાસ્મન અને કેપ્ટન કૂક ન્યૂઝીલેન્ડ જઈ આવ્યા હતા, પણ ઈ. સ. ૧૮૪૦ સુધી ત્યાં સંસ્થાન સ્થાપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો ન હતો. 'ન્યૂઝીલેન્ડ એસોસિએશન' નામના મંડળના પ્રયાસથી એક વહાણ મોકલી કૂકની સામુદ્રધુનિ પાસે ઉત્તર દ્વીપોમાં પોર્ટ નિકલ્સન વસાવવામાં આવ્યું. ધીમે ધીમે તે વસાહત વેલિંગ્ટન પર્યંત પ્રસરી, એટલે ત્યાં મહારાણી વિક્ટોરિઆની આણ ફેરવવામાં આવી. ઈ. સ. ૧૮૪૦માં ત્યાંના અસલ વતની મેઓરીઓએ સંધિ કરી જમીનની માલિકીના હક વિના બીજી બાબતોમાં અંગ્રેજોનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું. પછી ઑકલેન્ડ, નેલ્સન, ઓટેગો, અને

કેન્ટરબરીની ક્રમે ક્રમે સ્થાપના થઈ. આ સર્વ સંસ્થાનોમાં ઑસ્ટ્રેલિઆની પેઠે જમીન મફત ન આપતાં વેચાણથી આપી તેનાં ઉપજેલાં નાણાંનો રસ્તા, પૂલ, વગેરે બાંધવામાં ઉપયોગ કરવામાં આવ્યો. ઇ. સ. ૧૮૫૪માં ન્યૂઝીલેન્ડમાં જવાબદાર રાજ્યપદ્ધતિ દાખલ કરવામાં આવી, એટલે તેની ઉત્તરોત્તર પ્રગતિ થવા લાગી. ઇ. સ. ૧૮૬૦–૭૦ દરમિઆન સંસ્થાનીઓને મેઓરી લોકો જોડે વિગ્રહો કરવા પડયા, પણ પાછળથી સમાધાન કરવામાં આવ્યું. એ ચતુર, બુદ્ધિશાળી પ્રજાને અંગ્રેજો જેટલા હક આપી વેલિંગ્ટનની પાર્લમેન્ટમાં પ્રતિનિધિ મોકલવાનો હક આપવામાં આવ્યો. ત્યારપછી ત્યાંનાં નાનાં સંસ્થાનો જોડાઈ ગયાં. કેનેડા અને ઑસ્ટ્રેલિઆની માફક ઇ. સ. ૧૯૦૭માં ન્યૂઝીલેન્ડે સંસ્થાનિક સ્વરાજ્ય મેળવ્યું.

### ૪. દક્ષિણ આફ્રિકા

આફ્રિકાની દક્ષિણે આવેલી કેપ ઑવ્ ગુડ હોપની શોધ પોર્ટુગીઝ લોકોએ કરી હતી, પણ તેની ઉપયોગિતા તેમને મન બહુ વસી નહોતી. પછી વલંદાઓએ પૂર્વના દેશો જોડે વેપાર કરવામાં અનુકૂળતા થાય એવી આશાએ ઇ. સ. ૧૬૫૨માં ત્યાં પોતાનું થાણું નાખ્યું, એટલે ધીમે ધીમે તેમની વસ્તી વધવા લાગી. અઢારમા સૈકાના અંતમાં ફ્રાન્સના રાજ્યવિપ્લવ સમયે નેપોલિયને હોલેન્ડને વશ કરી આ સંસ્થાન પડાવી લીધું, પણ તેની પાસેથી તે અંગ્રેજોને હસ્તક આવ્યું. શરૂઆતમાં અંગ્રેજોએ ત્યાં વસવાનો વિચાર કર્યો નહિ; તેમને મન તો હિંદ જતાં આવતાં અનાજ, પાણી લેવા માટે એ સ્થળ અનુકૂળ હતું. તે પ્રદેશમાં હબસી, હોટેન્ટોટ, બેટોસ, અને કાફર નામે જંગલી જાતો રહેતી હતી. જે ડચ ખેડુતો (બોઅરો) ત્યાં વસતા હતા, તેઓ પણ જુના અને સાંકડા વિચારના હતા. તેમણે જંગલી લોકોને પોતાના ગુલામ બનાવ્યા હતા. આમ નવા આવનાર અંગ્રેજો અને તેમના આચાર-વિચારમાં બહુ ભેદ હતો, એટલે તેમની જોડે સારો સંબંધ રહે એ સંભવિત ન હતું. કાફરોની સંખ્યા અધિક હતી; તેઓ ઢોરઢાંખર ઉપાડી જતા, અને ડચ ખેડુતોને અનેક રીતે ત્રાસ આપી કાયર કરતા. પરંતુ અંગ્રેજ સરકારે મજબુત હાથે કામ લઈ આવી ધાડો બંધ પાડી, અને ગુનેગારોને પકડીને સખત સજા કરવા માંડી, ત્યાં સુધી બધું ઠીક ચાલ્યું. તેમણે 'દીનબંધુ'

વિલ્બરફોર્સની પ્રેરણાથી થએલા ગુલામગીરીના કાયદા અનુસાર ઇ. સ. ૧૮૩૩માં સામ્રાજ્યમાં સર્વ ગુલામોને મુક્તિ આપી, પણ એ વાત બોઅરોને ગમી નહિ. અલબત, કાયદા પ્રમાણે ગુલામોને મુક્ત કરવાથી તેમને થતા નુકસાનનો બદલો આપવામાં આવ્યો, છતાં તેમણે પોકાર ઉઠાવ્યો, કે એ બદલો પૂરો તૃતીયાંશ પણ નથી, અને આ તો અમારા પર અન્યાય થવા બેઠો છે. ઇ. સ. ૧૮૨૮માં થએલા કાયદા પ્રમાણે ત્યાંના પરદેશીઓને યુરોપી લોકો જેટલા રાજકીય હક આપવામાં આવ્યા, તેથી કોપાયમાન થઈ ગએલા બોઅરોને બળતામાં ઘીની આહુતિ આપવા જેવું લાગ્યું. બોઅરો એમ માનતા કે અમે ઉચ્ચ છીએ, માટે એ લુચ્ચા, ધાડપાડુ, હત્યારા જંગલીઓને અમારા સમાન ગણવામાં અંગ્રેજો અમારૂં અપમાન કરે છે.

અંગ્રેજોને હાથે આવું અપમાન સહી લેવા કરતાં પોતાનું સ્વતંત્ર સંસ્થાન સ્થાપવું, એવો નિશ્ચય કરી ઇ. સ. ૧૮૩૬માં અનેક બોઅરો પોતાનાં સ્ત્રીપુત્રાદિક, ઢોરઢાંખર, ગાડાં, બાઇબલ, અને બંદુકો લઈને સ્થળાંતર કરવા લાગ્યા. આ પ્રમાણે અસલ વતન છોડી નવા દેશમાં પ્રયાણ કરવાનો બનાવ ઇતિહાસમાં '**મહાન્ સ્થળાંતર**'(The Great Trek)ના નામથી મશહુર છે. તેઓ ઉત્તરમાં પ્રસર્યા. તેમાંના કેટલાક પર્વત ઓળંગી નાતાલમાં ઉતર્યા, અને કેટલાક ઓરેન્જ અને વાલ નદી વચ્ચેના પ્રદેશમાં જઈ વસ્યા. બીજા કેટલાક વાલની પેલે પાર જઈ પહોંચ્યા. આ સંસ્થાનને 'ટ્રાન્સવાલ' નામ આપવામાં આવ્યું. ઇ. સ. ૧૮૪૩માં નાતાલ બ્રિટિશ સામ્રાજ્યમાં જોડી દેવામાં આવ્યું, અને બાકીનાં બેની સ્વતંત્રતા સ્વીકારવામાં આવી. અંગ્રેજો તેમની રાજ્યવ્યવસ્થામાં હાથ ઘાલશે નહિ એમ બોઅરો ધારતા હતા; કદાચ એમની ધારણા ખરી પડી હોત, પણ એક નવી પરિસ્થિતિ ઉત્પન્ન થતાં અંગ્રેજોને પોતાની નીતિ બદલવી પડી.

દરમિઆન અનેક નવા અંગ્રેજો કેપ કોલોનીમાં વસવા આવ્યા, અને છેક ઓરેન્જ નદી સુધી પ્રસરી ગયા. બીજી બાજુએ ઓરેન્જ ફ્રી સ્ટેટની પૂર્વે વસતા ઝુલુ નામે સાહસિક જાતિના યોદ્ધાઓ જોડે બોઅરોને વારંવાર યુદ્ધ કરવાના અને તેમનો ત્રાસ વેઠવાના પ્રસંગો આવતા. સર્વ સંયોગોનો વિચાર કરી અંગ્રેજ સરકારે ટ્રાન્સવાલ ખાલસા કર્યું, ઇ. સ. ૧૮૭૭. હવે

ઝુલુ અને અંગ્રેજો વચ્ચે યુદ્ધ જાગ્યું. તેમાં કેટેવાયો નામે ઝુલુ સેનાપતિએ ઈસિનધલ્વાના પાસે અંગ્રેજોનો પરાભવ કર્યો. પરંતુ થોડા સમયમાં ઊલૂન્ડી પાસે અંગ્રેજોએ ઝુલુઓને પૂરી હાર ખવરાવી, એટલે તેઓ અંગ્રેજોને શરણે ગયા.

**પ્રથમ બોઅર વિગ્રહ:** ઝુલુઓને હરાવ્યા, એટલે અંગ્રેજોને ટ્રાન્સવાલ કબજે રાખવાનું કારણ રહ્યું નહિ. બોઅરોમાં અસંતોષ થવા લાગ્યો, એટલે તેમણે ઇ. સ. ૧૮૮૧માં બંડ કર્યું. અંગ્રેજ સૈન્ય લૅંગ્ઝનેક અને માજુબાની ટેકરીનાં યુદ્ધોમાં હાર્યું. આ સમયે ઇંગ્લેન્ડમાં પ્રધાનપદે આવેલા ગ્લૅડસ્ટને તેમને સ્વાતંત્ર્ય આપ્યું, ઇ. સ. ૧૮૮૪.

સ્વતંત્ર ટ્રાન્સવાલના પ્રજાસત્તાક રાજ્યનો પ્રમુખ પૅાલ ક્રુગર અંગ્રેજોનો કટ્ટો દ્વેષી થયો. તેની ઇચ્છા અંગ્રેજોને દક્ષિણ આફ્રિકામાંથી હાંકી કાઢી પોતાનું રાજ્ય બળવાન્ અને મોટું બનાવવાની હતી. પરંતુ સેસિલ ર્‌હોડઝ નામે આફ્રિકામાં સ્થાયી થએલો રાજદ્વારી નર આફ્રિકાનો બને તેટલો ભાગ અંગ્રેજોની આણ નીચે મૂકવાના પ્રયત્નો કરતો હતો. આવી સ્થિતિમાં ઇ. સ. ૧૮૮૩માં ટ્રાન્સવાલમાં સોનાની ખાણ મળી આવતાં તેની આંતર દશા બદલાઈ ગઈ. જોહાનેસ્બર્ગ નામે નગર સમૃદ્ધ થયું, અને તે પ્રાંતમાં એટલા લોકો આવ્યા, કે બોઅરો કરતાં આવા પરદેશીઓની સંખ્યા વધી ગઈ. ક્રુગરે આ નવીન આગંતુકો ( Uitlanders ) પ્રત્યે કડક નીતિ રાખી તેમને દેશના રાજ્યવહીવટમાંથી દૂર રાખ્યા; તેમને મતાધિકાર આપવામાં આવ્યો નહિ. સોના પર એટલા ભારે કર નાખવામાં આવ્યા, કે રાજ્યનું લગભગ બધું ખર્ચ તેમાંથી ચાલે. સંખ્યા, આચાર, સંસ્કૃતિ, અને સંપત્તિમાં બોઅર કરતાં આટલી શ્રેષ્ઠતા છતાં પોતાને મતાધિકાર નહિ, એ વાતથી યુરોપી લોકોને લાંછન લાગવા માંડયું. તેમની અને બોઅરોની વચ્ચે અનેક વેળા અનેક બહાને ટંટા થયા. આખરે બંડ કરવાની ખાનગી ગોઠવણ પણ થઈ.

પરંતુ આવા બંડની કોઈ નિશ્ચિત યોજના ઘડાઈ નહિ. નેતાઓમાં મતભેદ પડયો: માત્ર ડૉકટર જેમ્સને ૬૦૦ ઘોડેસવારો સહિત ટ્રાન્સવાલ પર છાપો માર્યો. ચાર દિવસમાં તે કેદ પકડાયો, એટલે બંડનો અંત આવ્યો. અંગ્રેજો અને બોઅરોનો સંબંધ વધારે કડવો થયો, સેસિલ ર્‌હોડઝે કેપ કોલોનીના પ્રધાનપદનું રાજીનામું આપ્યું, અને જર્મન સમ્રાટે ક્રુગરને ધન્યવાદનો

સંદેશો મોકલ્યો. આવી વિકટ સ્થિતિમાં સંસ્થાન ખાતાના પ્રધાન ચેમ્બર્લેઈને સમાધાન માટે અનેક પ્રયત્નો કર્યા, પણ ક્રુગરે દુરાગ્રહ તજ્યો નહિ. હવે અંગ્રેજો અને બોઅરો વચ્ચે યુદ્ધ થશે, એ નિશ્ચિત થઈ ગયું. ઇ. સ. ૧૮૯૯માં વિગ્રહ જાહેર થયો, તેમાં ઑરેન્જ ફ્રી સ્ટેટ ટ્રાન્સવાલ જોડે મળી ગયું.

**બીજો બોઅર વિગ્રહ:** બોઅરોની ગુપ્ત તૈયારીઓ ક્યારની ચાલતી હતી. તેઓ શૂરા, સાહસિક, ચપળ, અને સર્વ પ્રદેશના માહીતગાર હતા, એટલે આરંભમાં અંગ્રેજો અનેક ઠેકાણે હાર્યા. તેમની પાસે પૂરતું સૈન્ય ન હતું, ત્યાં તૈયારી હોયજ ક્યાંથી? આથી લેડી સ્મિથ, કિંબર્લી, અને મેફકિંગમાં અંગ્રેજ સૈન્યો સત્વર ઘેરાઈ ગયાં. પરંતુ વિજયનો ગર્વ બોઅરોથી જીરવાયો નહિ. તેમને ઘણાં રાજ્યોએ ધન્યવાદ આપ્યો, પણ સૈન્ય તો ક્યાંથીએ આવ્યું નહિ. આફ્રિકાના કિનારા પર ફરતાં અંગ્રેજી વહાણોએ બીજાં યુરોપી રાજ્યોની સહાય આવવા દીધી નહિ. આ ઉપરાંત પ્રથમ વિગ્રહમાં અંગ્રેજોએ જલદી નમતું આપ્યું, એ જોઈ બોઅરો તેમના શૌર્યની કિંમત આંકી શક્યા નહોતા, એટલે તિરસ્કારમાં આ વખતે પણ પ્રમાદી રહ્યા. આ તરફથી ઈંગ્લેન્ડે સ્વયંસેવકોને હાકલ પાડી, એટલે માતૃભૂમિની ભીડની વસમી વેળાએ કેનેડા, ન્યૂઝીલેન્ડ, અને ઑસ્ટ્રેલિઆનાં સૈન્યો વહાર કરવા આવી પહોંચ્યાં. અફઘાનિસ્તાનમાં નામના પામેલો લૉર્ડ રૉબર્ટ્સ સેનાપતિ નિમાયો, અને લૉર્ડ કિચનર સુદાનમાંથી છુટો થતાં સહાયક તરીકે જઈ મળ્યો. અંગ્રેજોએ બોઅરો પર આક્રમણ કરી તેમને ઘેરો ઉઠાવી લેવા ફરજ પાડી, અને ભૂખે મરતાં અંગ્રેજ સૈન્યોને જીવિતદાન આપ્યું. તે પછી કુડસબર્ગના યુદ્ધમાં બોઅરોને હરાવી બ્લુમફોન્ટેન અને પ્રીટોરિઆ જીતી લેવામાં આવ્યાં. આખરે ક્રુગર દેશ છોડી હોલેન્ડ નાસી ગયો, પણ હજુ બોઅરોએ નમતું ન આપ્યું. હવે તેમણે અંગ્રેજોની યુદ્ધસામગ્રી અને ભોજનસામગ્રી પર ઓચિંતો છાપો મારી તેને લૂંટવા કે બાળવા માંડી. લૉર્ડ રૉબર્ટ્સ ઇ. સ. ૧૯૦૦માં પાછો ફર્યો, એટલે પછીનાં બે વર્ષ લૉર્ડ કિચનરને બોથા અને ડી વેટ જેવા સાહસિક યોદ્ધાઓ જોડે ધૈર્યથી વિગ્રહ ચલાવવો પડ્યો. પરંતુ આખરે બોઅરો થાક્યા, કંટાળ્યા, હાર્યા, અને ઇ. સ. ૧૯૦૨ના જુન માસમાં સંધિ કરવા તૈયાર થયા. પ્રીટોરિઆની સંધિથી બંને સ્વતંત્ર સંસ્થાનો સામ્રાજ્યમાં જોડી દેવામાં આવ્યાં.

યુદ્ધ પૂર્ણ થયા પછી દેશમાં સ્થિરતા અને વ્યવસ્થા આણવા માટે લૉર્ડ મિલ્નરને નીમવામાં આવ્યો. ત્રણ વર્ષની દેખરેખ પછી ઈ. સ. ૧૯૦૬માં અધિકારમાં આવેલા લિબરલ પ્રધાનમંડળે આ સંસ્થાનોને સ્વરાજ્ય આપ્યું. કેપ કોલોની અને નાતાલ તો અંગ્રેજ અધિકારમાં રહ્યાં હતાં, પણ તેમના



દક્ષિણ આફ્રિકા.

વેપાર, ઉદ્યોગ, રેલવે, અને સમાજની પ્રગતિને માટે એ સર્વ સંસ્થાનોને એક કરી દેવાની યોજના ઈ. સ. ૧૯૦૮માં વિચારવામાં આવી. પાર્લમેન્ટે તેને સંમતિ આપી, એટલે ઈ. સ. ૧૯૦૯માં કેપ ઑવ્ ગુડ હોપ, નાતાલ, ટ્રાન્સવાલ, અને ઓરેન્જ ફ્રી સ્ટેટનું દક્ષિણ આફ્રિકાનું 'સંયુક્ત રાષ્ટ્ર'

સ્થાપવામાં આવ્યું. એ સંસ્થાનોની સંયુક્ત પાર્લમેન્ટ ખુલ્લી મૂકવાનો સમારંભ ડ્યૂક ઑવ કૉનોટને હાથે થયો હતો.

ઈ. સ. ૧૯૧૪ના વિગ્રહ દરમિઆન અધીરા બોઅરોએ ગ્રેટબ્રિટન વિરુદ્ધ બળવો જગાડવાના પ્રયત્નો કર્યા, પણ સુવિખ્યાત બોઅર સેનાપતિ લુઈ બોથાની દૃઢ નીતિને લીધે સર્વ પ્રયત્નો વ્યર્થ ગયા. ઈ. સ. ૧૯૨૭માં દક્ષિણ આફ્રિકાએ "યુનિયન જૅક"ને બદલે રાષ્ટ્રધ્વજ ચડાવવાની ચળવળ ઉપાડી; પણ તેમાં ઈંગ્લેન્ડે છેવટે સમાધાન કર્યું, અને એવું ઠરાવ્યું કે અગત્યના પ્રસંગે બંને ધ્વજ ચડાવવા.

### અગત્યની તવારીખ

| | |
|---|---|
| ૧૪૮૬ કેપ ઑવ્ ગુડ હોપની શોધ | ૧૮૯૯ બીજો બોઅર વિગ્રહ |
| ૧૮૩૬ બોઅરોનું સ્થળાંતર | ૧૯૦૯ દક્ષિણ આફ્રિકાનું સંયુક્ત સંસ્થાન રચાયું. |

---

# પ્રકરણ ૧૬મું

## આયર્લૅન્ડનો ઇતિહાસ

આપણે જોઈ ગયા કે લિમરિકની સંધિનો ભંગ કરી સ્ટુઅર્ટ રાજાઓના પક્ષકાર કેથોલિકોને રંજાડવામાં આવ્યા. તેમને વિદ્યાપીઠોમાંથી દૂર કરવામાં આવ્યા, જમીન ખરીદતા અટકાવવામાં આવ્યા, અને પ્રોટેસ્ટન્ટ જોડે લગ્ન-વ્યવહાર કરવાની મના કરવામાં આવી. આમ પ્રોટેસ્ટન્ટ સભ્યોની બનેલી પાર્લમેન્ટે દેશની ⅘ જેટલી કેથોલિક પ્રજા વિરુદ્ધ કડક કાયદાઓ કરી તેનો સખત અમલ કર્યો. ધાર્મિક વિષયોમાં પણ કેથોલિકો ઉપર અણઘટતું દબાણ થયું. જ્યૉર્જ ૧લાના સમયમાં એવો કાયદો થયો, કે ઈંગ્લેન્ડને માટે થએલા ધારા આયર્લૅન્ડને પણ લાગુ પડે છે. આથી આયરિશ પાર્લમેન્ટની નામની સત્તા પણ જતી રહી. આયર્લૅન્ડનો વહીવટ કરનારા અમલદારો દેશથી અજાણ્યા હતા, અને તેઓ ઈંગ્લેન્ડનું હિત જોતા હતા, અમીરોની સભામાં અર્ધ સંખ્યા પ્રોટેસ્ટન્ટ ધર્માધિકારીઓની હતી, આમની સભામાં નવી પાર્લમેન્ટ ક્યારે

મળે તે માટે કોઈ નિયમ ન હતો, એટલે તે દેશની રાજ્યવ્યવસ્થા અસંતોષકારક રીતે ચાલતી. તેમાં અંગ્રેજ વેપારીઓ ઈર્ષ્યાથી આયર્લૅન્ડના વેપારઉદ્યોગમાં બને તેટલી અડચણ નાખતા. ચાર્લ્સ બીજાના અમલમાં ઘેટાંબકરાં કે ઢોર ઈંગ્લેન્ડમાં આયાત કરવાની મના કરવામાં આવી, અને વિલિયમ બીજાના સમયમાં તૈયાર માલ ઈંગ્લેન્ડ વિના બીજા દેશોમાં ન વેચવાનું ફરમાન થયું. આથી આયર્લૅન્ડનો ઊનનો ઉદ્યોગ નષ્ટપ્રાય થઈ ગયો. નૌયાનના કાયદાએ પણ આયર્લૅન્ડના વેપારને ફટકો માર્યો. ધીમે ધીમે પ્રૉટેસ્ટન્ટોને આ વાત સાલવા લાગી, અને ઈંગ્લેન્ડથી આયર્લૅન્ડને જુદું પાડવાની વૃત્તિ ઉદ્‌ભવવા માંડી. એથી ૧૮મા સૈકાના આરંભમાં અનેક દુ:ખી અને ગરીબ આયરિશો સ્વદેશ તજી સ્પેન અને ફ્રાન્સ જઈ વસ્યા. કેટલાક તો તે દેશોનાં સૈન્યોમાં જોડાયા, અને ફ્રાન્સ તથા ઈંગ્લેન્ડ વચ્ચેના વિગ્રહોમાં તે શૂરવીરો ઈંગ્લેન્ડની વિરુદ્ધ લડયા.

**અઢારમું સૈકું:** અમેરિકાના સ્વાતંત્ર્યવિગ્રહ દરમિઆન આયર્લૅન્ડને નામની સ્વતંત્રતા આપવામાં આવી. ફ્રાન્સે અમેરિકાને સહાય કરી, એટલે કોઈ પણ પ્રસંગે તે આયર્લૅન્ડ પર આક્રમણ કરશે, એવો ભય આયરિશોને રહ્યા કરતો. આથી દેશનું રક્ષણ કરવા અને ફ્રાન્સનો ભય ટાળવા સર્વ પંથના લોકો મતભેદ છોડી એકત્ર થયા, અને અપૂર્વ સ્વાર્થત્યાગથી સ્વયંસેવકોની ટુકડીઓ તૈયાર કરી. જો કે સરકારે તેમાં સહાય ન આપી, પણ પ્રસંગની ગંભીરતા વિચારી કશી હરકત ન કરી. પછી સંસ્થાનો સ્વતંત્ર થયાં, એટલે આયરિશોના હૈયામાં જોર આવ્યું. અમારી પાર્લમેન્ટને સ્વતંત્ર કરી અમારા ઉદ્યોગ ઉપરનાં બંધનો રદ કરવાં જોઈએ, એમ તેઓ એક મતે પોકારીને કહેવા લાગ્યા. પછી હેનરી ગ્રેટન નામના ચતુર આગેવાને લડત ઉપાડી, અને તેથી કરીને ઇ. સ. ૧૭૮૦માં આયર્લૅન્ડના વેપાર ઉપરનાં બંધનો રદ થયાં. પછી ઇ. સ. ૧૪૯૨માં થએલો પૉયનિંગ્ઝનો કાયદો રદ કરી પાર્લમેન્ટને સ્વાતંત્ર્ય આપવામાં આવ્યું, ઇ. સ. ૧૭૮૨. આ પછી સુધારાવધારા કરવાની જરૂર નથી, એમ ડબ્લિનના સરકારી અધિકારીઓ કહેવા લાગ્યા, તેમ છતાં કાર્યકુશળ ગ્રેટને વધુ સુધારા મેળવવાની લડત ચાલુ રાખી.

ફ્રાન્સના રાજ્યવિપ્લવમાં સમાનતા, સ્વતંત્રતા, અને બંધુતાના પોકારે આયર્લૅન્ડ ઉપર અજબ અસર કરી. આયરિશોએ એ બનાવને વધાવી લીધો, અને ફ્રાન્સની રાજ્યઘટનાને આદર્શ ગણી કેટલાક અધીરા આયરિશોને ઈંગ્લૅન્ડ જોડેનો સંબંધ તોડવાની કલ્પના થઈ. એથી તેમણે એક ઉદ્દામ પક્ષ સ્થાપ્યો. વુલ્ફટોન નામના જ્વલંત દેશભક્તિના આવેશવાળા ગૃહસ્થે રોમન કૅથોલિક અને અલ્સ્ટરના પ્રેસ્બિટિરિયનોને સમજાવી '**સંગઠિત આયરિશ લોક**' (United Irishmen) નો પક્ષ રચ્યો, ઇ. સ. ૧૭૯૧. તેની લોકપ્રિયતાને લીધે સભ્યોની સંખ્યા તડામાર વધવા લાગી. પ્રોટેસ્ટન્ટોએ 'ઑરેન્જમેન' નામે મંડળ સ્થાપી આ પક્ષનો બને તેટલો વિરોધ કરવા માંડયો. આખરે મુખ્ય પ્રધાન પિટ્ટને લાગ્યું, કે હવે કંઈક થવાની જરૂર છે. તેણે બને તેટલા પ્રયત્નો કરીને કૅથોલિકોને મતાધિકાર આપવાનો કાયદો આયરિશ પાર્લમેન્ટ પાસે કરાવ્યો. પછી તેઓ સભાસદ થવા દેવાની માગણી કેમ ન કરે ? ફિટ્ઝ વિલિયમ નામે આયર્લૅન્ડના ઉદાર વાઇસરૉયનો તેમ કરવા દેવાનો મત હતો, પણ આયર્લૅન્ડમાં પ્રોટેસ્ટન્ટો અને સરકારી અમલદારોના સંયુક્ત વિરોધને લીધે તેને નમ્યું આપીને દેશ છોડવો પડયો. છેવટે વુલ્ફટોનના સાથીઓએ આયર્લૅન્ડમાં બંડ જગાડી ફ્રેન્ચોની સહાય માગી. આથી ૧,૪૦,૦૦૦ સૈનિકોથી ભરેલાં ૪૩ ફ્રેન્ચ જહાજો ઇ. સ. ૧૭૯૫માં આયર્લૅન્ડ જવા નીકળ્યાં. રસ્તામાં તેમને તોફાન નડયું, અને એક પણ ફ્રેન્ચ બચ્ચો આયર્લૅન્ડને કિનારે ઉતરવા પામ્યો નહિ. બંડ બેસી ગયું, પણ ચીડાએલા પ્રોટેસ્ટન્ટોએ 'ઑરેન્જમેન' નામે નવો સંઘ રચી કૅથોલિકો સામે કમર કસી, એટલે દેશની સ્થિતિ વિકટ થઈ ગઈ. તેમાં અલ્સ્ટરના લોકોને નિઃશસ્ત્ર કરવાનું સરકારી ફરમાન નીકળ્યું. એથી દેશમાં ખળભળાટ થઈ રહ્યો, અને ઇ. સ. ૧૭૯૮માં જે બળવો ફાટી નીકળ્યો, તેમાં જમીનદારો જોડાયા. લોકોને પોતાની અનેક ફરિયાદોનો નિર્ણય કરી લેવો હતો. તેમને પ્રોટેસ્ટન્ટ ધર્માલયો માટે કર આપવો ભારે પડતો હતો, અને પાર્લમેન્ટની સુધારણા તથા ધાર્મિક છૂટ જોઈતી હતી. ઈંગ્લૅન્ડથી છુટા પડવા માટે આ સંધિસમય છે એમ તેઓ માનતા. સરકારે કડક ઉપાયો વડે બંડની જ્વાળાને સર્વત્ર ફરી વળતાં અટકાવી. આયરિશો તાલીમ કે સાધન વિનાના હતા, તેમનામાં પરસ્પરનો

સહકાર જોઈએ તેવો ન હતો, અને તેમની સામાન્ય પ્રજા ઉદાસીન રહી હતી, એટલે સરકારનું કાર્ય સરળ થઈ પડયું. અલ્સ્ટરના લોકોને નિઃશસ્ત્ર કરી ત્યાં લશ્કરી કાયદો જાહેર કરવામાં આવ્યો. છેવટે બંડખોરોના મુખી એડવર્ડ ફિટઝરેલ્ડને પકડવામાં આવ્યો. ન્યૂ રોસ અને વિનેગાર હિલનાં યુદ્ધોમાં બંડખોરોને યોગ્ય દંડ દેવામાં આવ્યો. થોડા સમયમાં શાંતિ પ્રસરી.[1] પિટ્ટને લાગ્યું કે આયર્લૅન્ડ જોડે સ્નેહભાવ કેળવવા માટે તેમજ કૅથોલિકો અને પ્રોટેસ્ટન્ટો વચ્ચેના દ્વેષનો નાશ કરવા માટે ગ્રેટબ્રિટન અને આયર્લૅન્ડ એક થઈ જવાં જોઈએ. બંનેમાંથી કોઈ ધર્મવાળાને આ વાત રુચતી ન હતી, પણ મંત્રીએ પ્રોટેસ્ટન્ટ સભ્યોને ઉમરાવપદ અને ભેટોની લાલચ આપીને તથા કૅથોલિકોને ધાર્મિક નિમંત્રણ દૂર કરવાનું વચન આપીને પોતાના પક્ષમાં મેળવી લીધા. દરમિઆન ઈ. સ. ૧૮૦૦માં બંને દેશોને જોડી દેવાનો કાયદો થયો. એ કાયદાથી આયર્લૅન્ડને ૪ ધર્માધિકારી અને ૨૮ અમીરો મળી ૩૨ સભ્યોને અમીર સભામાં, અને ૧૦૦ સભ્યો આમની સભામાં મોકલવાનો હક મળ્યો. વળી બંને દેશો વચ્ચે નિરંકુશ વેપાર કરવાની છૂટ મૂકવામાં આવી.

**ઓગણીસમું સૈકું:** હજુએ કૅથોલિકો પરનાં બંધનો રદ કરવાના અને જમીનના વિકટ પ્રશ્નોના નિર્ણયો બાકી રહ્યા. ૧૯મા સૈકામાં બ્રિટિશ પાર્લમેન્ટ સમક્ષ આયરિશ પ્રશ્ન વારંવાર આવવા લાગ્યો. ઈ. સ. ૧૮૨૯, ૧૮૩૪, ૧૮૪૬, અને ૧૮૮૬માં પ્રધાનમંડળો બદલાયાં, તે સર્વ આયર્લૅન્ડના પ્રશ્ન પર મતભેદ થવાને લીધે હતું.

**ડેનિયલ ઓકોનેલ:** વૉટર્લુના યુદ્ધમાં નેપોલિયનનો પરાજય થયા પછી ૩૦ વર્ષ સુધી આયર્લૅન્ડના રાજકારણમાં ડેનિયલ ઓકોનેલ નામે સુપ્રસિદ્ધ કૅથોલિક ધારાશાસ્ત્રી અગ્રેસર હતો. પોતાના વકતૃત્વ, વક્રોક્તિ અને

---

૧. બંડખોરો હાર્યા, છતાં તેમની દેશપ્રેમની ભાવના ઉત્કટ હતી, એ નિઃસંશય છે. તે ભાવનાની કદર કરતાં એક કવિ લખે છે કે—

They rose in dark and evil days, To right their native land:
They kindled here a living blaze, That nothing shall withstand.
Alas! that might can conquer right, They fell and passed away;
But true men, like you men, Are plenty here to-day.

. . . . . . . . . . . . . . . . . . .

*J. K. Ingram*

વિનોદમય છટાથી જનસમાજ પર તે ઉંડી અસર કરતો. તેણે પાર્લમેન્ટમાં સભ્ય થવાની કેથોલિકોની કાયદેસર અપાત્રતા દૂર કરાવવા માટે 'રોમન કેથોલિક એસોસિએશન' ની સ્થાપના કરી, ઇ. સ. ૧૮૨૩. સંખ્યાબંધ આયરિશો તેમાં જોડાયા, અને તેને ટકાવી રાખવા માટે નિયમિત નાણાં આપવા લાગ્યા. ઠામઠામ તેની શાખાઓ કાઢી તેમણે સમગ્ર દેશને ખળભળાવી મૂક્યો. ઓકોનેલે ગામેગામ સભાઓ ભરી ભાષણોદ્વારા લોકોને સમજાવવા માંડયું, કે કેથોલિકોને મુક્તિ આપવાનો મત ધરાવતા હોય તેવા સભ્યોને આપણે મત આપવો. પછી તો પોતે કેથોલિક હોવા છતાં કલેર પરગણા તરફથી ઉમેદવાર તરીકે બહાર પડયો, અને જ્યાં જ્યાં સભ્યોની જગા ખાલી પડે, ત્યાં પોતે ઉમેદવાર થવાની ઇચ્છા દર્શાવવા લાગ્યો. લોકોએ પણ તેની વરણી કરી. *આયર્લૅન્ડમાં કેથોલિકોના લાભમાં ભયંકર ચળવળ ચાલી, અને કોઈ પણ* વખતે પ્રજા તોફાન કરી બેસશે, એવો સરકારને ભય લાગ્યો. આથી વેલિંગ્ટનના ટોરી પ્રધાનમંડળે પ્રજામતને નમતું આપી ઇ. સ. ૧૮૨૯માં કેથોલિકોની મુક્તિનો કાયદો પસાર કર્યો. કેથોલિકોને પાર્લમેન્ટના સભ્ય થવામાં હવે બાધ રહ્યો નહિ. પછી ઓકોનેલે પ્રોટેસ્ટન્ટ ધર્માલયો વિરુદ્ધ ચળવળ ઉપાડી. કેથોલિક પ્રજાની બહુમતીવાળા દેશમાં અન્ય પંથનું ધર્માલય શા માટે નિભાવવું જોઈએ? લોકો તે બદલ કર શા માટે આપે? આવા આવા પ્રશ્નો ઉપર તેણે જોરદાર વ્યાખ્યાનો આપવા માંડયાં. કોઈ કોઈ સ્થળે કર ભરનાર અને વસુલ કરનારનાં ખૂન થયાં. વ્હિગ પ્રધાનમંડળે આવાં તોફાનો શમાવવા માટે કરેલા કાયદાથી લડતને વેગ મળ્યો. પરંતુ ઇ. સ. ૧૮૫૩માં લૉર્ડ મેલ્બોર્ન પ્રધાનપદે આવતાં તેણે ઓકોનેલ જોડે વિષ્ટિ ચલાવી યોગ્ય નિર્ણય આણવાનું વચન આપ્યું, એટલે ચળવળ નરમ પડી. કરમાં સુધારો થયો, ઈંગ્લેન્ડની પેઠે ગરીબીનો કાયદો પસાર કરવામાં આવ્યો, અને ગરીબો પરનો ભાર જમીનદારો પર પડયો. ઇ. સ. ૧૮૪૧માં પીલ પ્રધાનપદે આવતાં ઇ. સ. ૧૮૦૦માં આયર્લૅન્ડનો ઈંગ્લેન્ડ જોડે થએલો સંયોગ રદ કરાવવાની ચળવળ ઓકોનેલને નેતૃપદે ઉપડી. આયરિશોને સ્વતંત્ર પાર્લમેન્ટ સ્થાપી પોતાના અધિકારીઓ તેને જવાબદાર રહે એવું કરવું હતું. ઓકોનેલે સ્વરાજ્ય માટે સ્થળે સ્થળે ફરી વ્યાખ્યાનો કરવા માંડયાં. એથી દેશપ્રેમની ભરતી ચડી,

હજારો માણસો ભાષણો સાંભળવા એકત્ર થવા લાગ્યાં, અને સરકારને પ્રતિકાર શોધવાની જરૂર લાગી, એટલે સભાબંધીનો હુકમ કાઢી ઓકોનેલની જંગી સભા તેણે અટકાવી, ઇ. સ. ૧૮૪૩. પીલે તેના પર રાજદ્રોહી ભાષણો કરવાનો આરોપ મૂકી તેને કારાગૃહમાં મોકલ્યો, ઇ. સ. ૧૮૪૪. અમીરોની સભાએ તેને નિર્દોષ ઠરાવ્યો, પણ હવે ઓકોનેલની ઉતરતી કળા આવી. પીલની જોડે વિષ્ટિમાં તે નમ્યો, એટલે 'તરુણ આયર્લૅન્ડ' નામે નવા સ્થપાએલા જહાલ પક્ષે તેને મુખી તરીકે સ્વીકારવાની ના પાડી. ત્રણ વર્ષ પછી આ સમર્થ દેશસેવક ત્રીસ વર્ષની અખંડ સેવા કરીને મરણ પામ્યો, ઇ. સ. ૧૮૪૭.

**ફેનિઅન મંડળ:** દરમિઆન આયર્લૅન્ડમાં પાક નિષ્ફળ જવાથી ભયંકર દુકાળ પડયો, એટલે લોકોની સ્થિતિ અસહ્ય થઈ ગઈ. અનેક લોકોને ભૂખમરો વેઠવાનો વારો આવ્યો. અસંખ્ય લોકો મરણ પામ્યા, અને કેટલાક દેશ છોડી અમેરિકા જઈ વસ્યા. સરકારે લોકોને સહાય આપી, પણ તેના નિયમોને લીધે તે પૂરતા પ્રમાણમાં અપાઈ નહિ. આમ ભૂખમરો અને વિદેશ-વાસને લીધે એક વર્ષમાં વીસ લાખ મનુષ્યોની વસ્તી ઘટી. સરકારે ગરીબોના કલ્યાણ અર્થે જમીનવેચાણનો કાયદો કર્યો, પણ તેનું પરિણામ અનિષ્ટ આવ્યું. નવા જમીનદારોએ જુના ભાડુતોને હાંકી કાઢયા, એટલે તે લોકોના પેટ-ગુજારાનું રહ્યુંસહ્યું સાધન નાશ પામ્યું. દેશમાં બેરોજગારી વધતાં દંગાફિસાદ થવા લાગ્યાં, એટલે સરકારને ઉગ્ર દમનનીતિ આદરવી પડી. આથી સ્મિથ ઓબ્રાયન નામના અવિચારી ગૃહસ્થના અગ્રપદે સશસ્ત્ર રાજદ્રોહી ચળવળ શરૂ થઈ. તેને સત્વર શમાવી દેવામાં આવી, પણ દેશમાં તેમણે રોપેલું વિચાર બીજ કાયમ રહ્યું, અને આયર્લૅન્ડમાં પ્રજાસત્તાક રાજ્ય સ્થાપવાના હેતુથી ક્રાન્તિકારક બંડખોરોએ ઇ. સ. ૧૮૫૯માં ફેનિઅન મંડળની સ્થાપના કરી.

**ગ્લેડસ્ટન અને આર્યારિશ પ્રશ્ન:** ઇ. સ. ૧૮૬૯માં ગ્લેડસ્ટનના પ્રધાનપદે આયર્લૅન્ડ સંબંધી નીતિએ નવી દિશા લીધી. તેણે ઇ. સ. ૧૮૬૯માં પ્રોટેસ્ટન્ટ ધર્માલયો જોડે સરકારી સંબંધ બંધ કરી બચત નાણાંનો બીજે વ્યય કરવાનો કાયદો કર્યો. બીજે વર્ષે તેણે જમીનનો કાયદો કર્યો, ઇ. સ. ૧૮૭૦. આ કાયદો થયા પહેલાં ખેતરોના ભાડુતોને જમીનમાં ખાતર નાખવું

હોય, સુધારા કે મરામત કરવાં હોય, તો પોતીકાં નાણાં વાપરવાં પડતાં; જમીનદાર ઉપજનો ભાગ લઈને છૂટો થઈ જતો. વધારે ઉપજ આવે ત્યારે તે વધારે ભાગ માગી શકતો, પણ ખર્ચમાં તે ભાગ આપતો નહિ. આ ઉપરાંત ગમે ત્યારે ભાડુતને કાઢી મૂકી તેણે કરેલા ખર્ચ બદલ તેનો બદલો આપતો નહિ. હવેથી એવું ઠર્યું કે ભાડુતોએ કરેલા ખર્ચ બદલ તેમને યોગ્ય બદલો આપવો, અને યોગ્ય કારણ વિના તેમને રજા આપવી નહિ. આમ અન્યાય દૂર થયા છતાં આયરિશો રીઝયા નહિ, એટલે વધતા જતા અસંતોષને દાબી દેવા ગ્લેડસ્ટનને સખતાઈના કાયદા કરવા પડયા. ફિઝરાયેલી-ના પ્રધાનપદમાં અમેરિકન માતા અને આયરિશ પિતાને પેટે જન્મેલા ચાર્લ્સ પાર્નેલે આગેવાની લીધી. તે ઈંગ્લેન્ડથી આયર્લૅન્ડને સ્વતંત્ર કરવાનાં સ્વપ્નાં સેવતો હતો, એટલે તેણે ઇ. સ. ૧૮૦૦નો કાયદો રદ કરાવ્યો; તે આયર્લૅન્ડમાં સ્વતંત્ર પાર્લમેન્ટ સ્થાપવાનો પ્રયત્ન કરવા લાગ્યો. આથી તેણે પાર્લમેન્ટમાં વિરોધનીતિ ધારણ કરીને આયર્લૅન્ડ સિવાયના બીજા પ્રશ્નોમાં વિઘ્ન નાખવા માંડયાં. જમીનના કાયદામાં સુધારા કરાવવા માટે 'જમીન-સંઘ'નો પોતે સભ્ય બન્યો, અને સંઘની નીતિ વિરુદ્ધ ચાલનારનો સામાજિક અને રાજકીય બહિષ્કાર કરવાનો ઉપદેશ કરવા લાગ્યો. દરમિયાન લિબરલ પ્રધાનમંડળ અધિકારમાં આવ્યું, એટલે તેણે આયર્લૅન્ડના પ્રશ્નનો તોડ કાઢવાનો નિશ્ચય કર્યો. પાર્નેલના સંચલનને પરિણામે ઇ. સ. ૧૮૮૧માં જમીનનો બીજો કાયદો કરી જમીનદારોને ભાડું લેવાનો અધિકાર આપી તેના દર ઠરાવનારી જુદી અદાલત સ્થાપી, અને ભાડું નિયમિત મળે ત્યાં સુધી જમીનદાર ભાડુતને રજા આપી શકે નહિ તેવું બંધન નાખ્યું. પરંતુ લોકોમાં અસંતોષ પ્રસરતો ગયો; કોઈ કોઈ જમીનદારોનાં ખૂન થયાં, ઘરો અને વખારો બાળવામાં આવ્યાં, અને બીજાઓને જુદી જુદી ધમકીઓ આપવામાં આવી. આથી પાર્નેલને કેદ કરવામાં આવ્યો, પણ થોડા દિવસમાં પાછો છોડી દેવામાં આવ્યો. દરમિયાન લૉર્ડ ફ્રેડરિક કેવેન્ડીશ નામે આયર્લૅન્ડના મંત્રીનું ખૂન થયું. હવે ગ્લેડસ્ટનને પણ આ વિષમય દંગો એથી દેવા માટે કડક કાયદા રચવા પડ્યા. પરંતુ પરિસ્થિતિ વિકટ થતી ગઈ, એટલે તે દેશમાં શાંતિ સ્થાપવાના સમયાનુ ઉપાય તરીકે ગ્લેડસ્ટને તેને

'સ્વરાજ્ય' આપવાનો ખરડો આણ્યો, ઇ. સ. ૧૮૮૬. આખરે લિબરલો તડ પડયાં, અને ચેમ્બર્લેઇન અને બ્રાઈટે ગ્લેડસ્ટનનો સાથ છોડયો; એટલે ગ્લેડસ્ટનને રાજીનામું આપવું પડયું. પછી યુનિઅનિસ્ટ નામે નવો પક્ષ સ્થપાયો. ઇ. સ. ૧૮૯૨માં ગ્લેડસ્ટને ફરી અધિકારમાં આવતાં એજ ખરડો રજુ કર્યો, પણ અમીરોએ તેને ઉડાવી દીધો. યુનિઅનિસ્ટ પક્ષે ૧૮૮૬થી ૧૮૯૨ સુધી અને ૧૮૯૫થી ૧૯૦૫ સુધી આયર્લેન્ડમાં કડક નીતિ રાખી શાંતિ આણી. દરમિઆન પાર્નેલ એક ખાનગી મુકર્દમામાં પ્રતિષ્ઠા ખોઈ બેઠો, એટલે તેના અનુયાયીઓ ઘટયા, અને સરકારને પોતાના કાર્યમાં અનુકૂળતા મળી. એ પછી રેડમંડ નેતાએ ચળવળ આગળ ચલાવવા માંડી. તે દરમિઆન આયર્લેન્ડમાં કેટલાક સુધારા દાખલ કરવામાં આવ્યા. આગગાડીની નવી સડકો બંધાઈ, ઇ. સ. ૧૮૯૮માં સ્થાનિક સ્વરાજ્યમાં સુધારા કરવામાં આવ્યા, અને ઇ. સ. ૧૯૦૩ના કાયદાથી ખેડુતોને જમીનની ખરીદીના કાર્યમાં સુગમતા કરી આપવામાં આવી.

**વીસમી સદીઃ સ્વતંત્ર આયર્લેન્ડ** : ગ્લેડસ્ટન ઇ. સ. ૧૮૯૪માં જાહેર જીવનમાંથી વાનપ્રસ્થ થયો. ઇ. સ. ૧૯૦૬માં લિબરલો પુનઃ અધિકારપદે આવ્યા, એટલે તેમણે ફરીથી જુના પ્રશ્નો ઉપાડયા. ઇ. સ. ૧૯૧૨માં એસ્કિવથે આયર્લેન્ડને સ્વરાજ્ય આપવાના કાયદાનો ખરડો પાર્લમેન્ટમાં રજુ કર્યો. પરંતુ યુનિઅનિસ્ટ પક્ષના નેતા સર એડવર્ડ કાર્સને એ ખરડાનો વિરોધ કરી શસ્ત્ર ઉપાડવાની ધમકી આપી. તે ખરડો ઇ. સ. ૧૯૧૨, ૧૯૧૩, ૧૯૧૪માં આમની સભામાં પસાર થયો, એટલે તે કાયદો ગણાયો; પણ યુરોપમાં ભયંકર યાદવાસ્થળી જાગવાથી તેનો અમલ થયો નહિ.

ઇ. સ. ૧૯૧૬માં ડબ્લિનમાં બંડ થયું. તેને તરત શમાવી દેવામાં આવ્યું; પણ સ્વરાજ્ય પક્ષનું જોર ઘટયું, અને સ્વરાજ્ય લેવા માટે સશસ્ત્ર ચળવળ કરવાની હિમાયત કરનાર 'સિનફીન' પક્ષનું પ્રાબલ્ય થયું. ઇ. સ. ૧૯૧૭માં મળેલી પાર્લમેન્ટમાં આ પક્ષની બહુમતી થઈ, એટલે સ્વરાજ્યવાદીઓ નિર્માલ્યવત્ થઈ ગયા.[1] ઇ. સ. ૧૯૨૦ માં આયર્લેન્ડના 'દક્ષિણ' (૨૬ પરગણાં)

૧. આ પક્ષે 'ડેલ એરન' (Dail Eireann) નામે સ્વતંત્ર સભા સ્થાપી આયર્

અને 'ઉત્તર' (૬ પરગણાં) એવા બે વિભાગ પાડવામાં આવ્યા, અને બન્નેને સ્વતંત્ર પાર્લમેન્ટ આપવામાં આવી. ઈંગ્લેન્ડ જોડે સંબંધ ટકી રહેવાથી ખુશી થએલા ઉત્તરવાસીઓની નવી પાર્લમેન્ટ સમ્રાટ્ જ્યૉર્જે સ્વહસ્તે ખુલ્લી મૂકી, ઇ. સ. ૧૯૨૧.

પરંતુ દક્ષિણવાસીઓએ આવા વિભાગ સ્વીકારવાની ના પાડી, અને સમગ્ર દેશ માટે સ્વરાજ્યની માગણી જોસભેર ચાલુ રાખી. દેશમાં અવ્યવસ્થા થઈ રહી, અને રક્તપાત પણ થયો. ઇ. સ. ૧૯૨૧ના જુલાઈ માસમાં સરકારે આ પ્રશ્નનો નિર્ણય કરવાનું કાર્ય બંને વિભાગના શિષ્ટ મંડળને સોંપ્યું. ડીસેમ્બર માસમાં કોલકરાર થયો, અને આયર્લૅન્ડે બ્રિટનની નાવિક સુરક્ષિતતામાં આડે ન આવવાની, આયરિશ ફ્રી સ્ટેટમાં ભળવું કે નહિ તે અલ્સ્ટરની ઇચ્છા પર છોડી દેવાની, અને ગ્રેટબ્રિટનને રાજનિષ્ઠ રહેવાની કબુલાત આપી, એટલે ઇ. સ. ૧૯૨૨માં આયરિશ ફ્રી સ્ટેટનો કાયદો પસાર થયો. આ કાયદાથી બ્રિટિશ સામ્રાજ્યમાં સ્વયંસત્તાક સંસ્થાનો જેવો આયર્લૅન્ડનો દરજ્જો ઠરાવવામાં આવ્યો, અને આયર્લૅન્ડમાં રાજપ્રતિનિધિ તરીકે કેનેડાની પેઠે ગવર્નર જનરલ નીમવાનું ઠર્યું.

ચાર પાંચ સૈકાંથી સ્વાતંત્ર્ય માટે પ્રાણ સોંઘા કરનાર આ શૂરી પ્રજાનો સ્વાતંત્ર્યયજ્ઞ પૂરો થયો. તેના તપની સિદ્ધિ થઈ. તેને સામ્રાજ્યમાં સ્વરાજ્ય મળ્યું. ઇ. સ. ૧૯૩૮ના જાન્યુઆરિની ૧લી તારીખથી ડી વેલેરાએ દેશને 'આયર' નામ આપી પોતાના દેશની સ્વતંત્રતા જગજાહેર કરી છે.

---

લૅન્ડને લોકસત્તાક રાજ્ય જાહેર કર્યું, અને ડી વેલેરાને અધ્યક્ષ નીમ્યો. નવી સરકારને આ સભાએ કામ ન સોંપ્યું, અને ડી વેલેરાએ સશસ્ત્ર વિરોધ આદર્યો. સેનાપતિ કૉલિન્સ અને અધ્યક્ષ ગ્રિફિથના મરણથી બાલરાજ્ય ઉપર સંકટની પરંપરા આવી પડી. પરંતુ નવીન પ્રમુખ કૉસ્ગ્રેવે સિનફિનરો જોડે લડવાનું ચાલુ રાખ્યું. ઇ. સ. ૧૯૨૩માં ડી વેલેરાના પક્ષે શસ્ત્રો મ્યાન કર્યાં, એટલે તે પછી રાજ્યવહીવટ સરળ થયો.

# પૂરવણી ૧

## વર્તમાન જગત

આજના અભ્યાસીને વર્તમાન જગત્ તરફ દષ્ટિ નાખવાની જરૂર છે. એ માટે દુનિયાના કેટલાક આગળ પડતા દેશોની પરિસ્થિતિનો વિચાર કરીએ.

**જર્મની:** જર્મન મહારાજ્યનો પાયો નાખનાર મહાન્ મુત્સદ્દી બિસ્માર્ક હતો. તેણે ઑસ્ટ્રિઆને પ્રશિઆના રાજ્ય સાથે જોડી દઈ આધુનિક જર્મન મહારાજ્યનું સંગઠન કર્યું. ત્યારબાદ ઇ. સ. ૧૮૭૦માં ફ્રાન્સને હરાવી બિસ્માર્કે મહાન્ સત્તા સ્થાપી. કૈસરના સમયમાં સાત કરોડ જર્મન પ્રજાથી ભલભલી પ્રજાઓ ડરતી. મહાન્ યુદ્ધ પછી જર્મન સત્તા તોડી નાખવાને ફ્રેંચોએ બનતું કર્યું. એના પ્રદેશોમાં લશ્કર મૂક્યું, એના મોટા ઉદ્યોગો લઈ લીધા, શસ્ત્રબંધી કરી એના લશ્કરને વીખેરી નાખ્યું, અને લડાઈના ખર્ચ બદલ લાખો પૌન્ડ વસુલ કરી તેને તદ્દન નબળું બનાવી દીધું.

એવામાં હેર હીટલર નામના ઑસ્ટ્રિઅન જર્મને આની સામે ઝુંડો ઉપાડ્યો. એણે નાઝી પક્ષની સ્થાપના કરી. એના પક્ષમાં લાખો જર્મનો ભળ્યા. તે એટલો તો બળવાન બન્યો કે તેણે વિરોધી વર્તમાનપત્રો બંધ કર્યાં; અને વિરોધ પક્ષવાળાઓને અને યાહુદીઓને દેશપાર કર્યા. છેવટે પાર્લમેન્ટને સ્વાધીન બનાવી તે 'સરમુખત્યાર' બન્યો. તેણે નાઝી પક્ષનો ઝુંડો ફરકાવ્યો, અને લશ્કર બળવાન બનાવવા તરફ લક્ષ દોર્યું. ફરીથી આ નરવીરની હાકથી જર્મની ગાજવા લાગ્યું. તેણે ઇ. સ. ૧૯૩૫ના માર્ચમાં વર્સેલ્સના કરારો તોડી નાખ્યા, દંડના હપ્તા ભરવાની ચોકખી ના પાડી, રાષ્ટ્રસંઘને ફગાવી દીધો, અને ર્‌હાઇનના પ્રદેશમાં કિલ્લેબંધી કરી. તેણે ફેસિસ્ટ ઇટલી અને પોર્ટુગલ સાથે મૈત્રી કરીને જાપાન સાથે મસલતો કરવા માંડી. આમ જર્મન પ્રજાનો પુનરુદ્ધાર કરી તેણે પોતાનાં ગુમાવેલાં સંસ્થાનો પાછાં મેળવવાની માગણી કરી છે.

નાઝીવાદ એટલે એક સરમુખત્યારનું રાજ્ય. પ્રજાનો વિકાસ અને રાષ્ટ્રની ઉન્નતિ એજ એનું ધ્યેય. પ્રજાના વિકાસને માટે તેઓ પરદેશી

નિર્બળ પ્રજાઓનું જોડાણ દૂર કરવા માગે છે. યુદ્ધથીજ મનુષ્ય શક્તિશાળી બને છે, શાંતિથી દેશની શક્તિઓ નબળી પડે છે, અને એકજ રાષ્ટ્ર નીચે એકજ પ્રજા હોય, તોજ શાંતિ જળવાય, એમ તેઓ માને છે. રશિઆના સામ્યવાદ તરફ તેઓ ધૃણાની નજરે જુએ છે.

જર્મનીએ મહાન્ યુદ્ધ પછી સોનાનું ધોરણ છોડયું નથી. આથી તેનો વેપાર ઓછો થઈ ગયો છે. આયાત કરતાં નિકાસ વેપાર ઓછો હોવાથી તેની આર્થિક સ્થિતિનું ત્રાજવું સમતોલ નથી. તેને સમતોલ બનાવવા હેર હીટલર મથે છે. વિજ્ઞાન અને ઉદ્યોગોની દૃષ્ટિએ જર્મની મોખરે છે, એટલે તેનું ભાવી ઉજ્જવળ છે, એમ અનુમાન બંધાય છે.

હમણાં રાજ્યની સમગ્ર સત્તા હેર હીટલરના હાથમાં છે. તેજ કર્તા-હર્તા મનાય છે. તેણે પોલેન્ડ સાથે સંધિ કરી ફ્રાન્સને થાપ આપી છે. આ બળવાન બનતી પ્રજા તરફ ફ્રાન્સ ભયની નજરે નિહાળે છે.

જર્મની હમણાં ત્રણ દિશામાં પ્રગતિ કરે છે. (૧) સર્વદેશીય શસ્ત્રની તૈયારી, (૨) ખોરાક અને કાચા માલ માટે પગભર થવાના પ્રયત્નો, (૩) તે મધ્ય યુરોપ કે પૂર્વ યુરોપમાં આગળ વધે, તો મોટાં રાજ્યો વચ્ચે ન પડે તે વિષેનો નિર્ણય.

બ્રિટનને કોઈ રીતે લડાઈનું કારણ નહિ આપવાની નીતિને જર્મની બહુજ સંભાળપૂર્વક અનુસરે છે. જર્મની તરફ બ્રિટનની સહાનુભૂતિ સ્પષ્ટ જણાય છે, અને તેને લીધેજ તેણે ઇ. સ. ૧૯૩૬માં ર્‌હાઈન નદીનો પ્રદેશ કબજે કરી લીધો છે.

**ઈટલીઃ** મહાન્ યુદ્ધ પહેલાં ઈટલીનું રાજ્ય કંઈ ગણતરીમાં નહોતું. તેને જર્મની સાથે મૈત્રી હતી; પણ મિત્રરાજ્યોની મોટી મોટી લાલચોને વશ થઈ તે જર્મન પક્ષ તજી મિત્રરાજ્યો સાથે ભળ્યું હતું. યુદ્ધ પછી અંગ્રેજો અને ફ્રેન્ચોએ તેને કંઈ ન આપ્યું.

જેમ જર્મનીને હેર હીટલરે તૈયાર કર્યું, તેમ ઈટલીને અત્યારે મહા-રાજ્યની ગણતરીમાં લાવનાર વીર નર તે મુસોલીની છે. એ લુહારનો પુત્ર છે. તેણે સમાજવાદને તિલાંજલિ આપી કાળા ખમીસવાળા પક્ષની સ્થાપના કરી. વર્તમાનપત્રોદ્વારા અને ભાષણોદ્વારા તેણે દેશના યુવાન વર્ગને હાકલ

કરી. ક્રોમ્વેલની વજ્રદેહી ટુકડીની માફક આ પક્ષ પણ સખત શિસ્ત નીચે કેળવાવા માંડયો. દિન પ્રતિદિન આ પક્ષ બળવાન બનતો ચાલ્યો. છેવટે મુસોલીનીએ રોમ પર કૂચ કરી. રાજાએ પ્રજાની ઇચ્છા મુજબ પ્રધાન-મંડળને બરતરફ કરી મુસોલીનીને કારભાર સોંપ્યો. હવે કાળા ખમીસવાળા (Black Shirts) સત્તાધીશ બન્યા.

મુસોલીની એ ઇટલીનો પ્રાણ છે. તેણે પાર્લમેન્ટને દબાવી દીધી છે, અને રાજાને પશ્ચાત્ ભૂમિકામાં નાખી દીધો છે. તેણે ફેસિસ્ટવાદની શરૂઆત કરી છે. 'ફેસિસ્ટો' એટલે રાષ્ટ્રના સેવકો. નબળી પ્રજાઓનું અસ્તિત્વ ભૂસી નાખવું, રાષ્ટ્રના હિત ખાતર અહિંસાને વેગળી મૂકવી, મુડીવાદીઓને ન ધિક્કારતાં તેમને દેશના હિતકારક બનાવવા, અને સમાનવાદ કે સામ્યવાદ તોડી પાડવો, એ ફેસિસ્ટોનું કર્તવ્ય છે. ફેસિસ્ટ સત્તા યુવાનોના પગ પર ઝઝૂમે છે. તેઓ નાઝીઓની માફક માને છે, કે યુદ્ધ એજ આંતરિક શક્તિઓને બહાર લાવે છે. ટુંકામાં તેઓ "પવિત્રતા અને પુરુષાર્થ"માં માને છે.

મુસોલીનીએ ખેતીને ઉત્તેજન આપી, વહાણવટાને ખીલવી, અને ઉદ્યોગોનો વિકાસ કરી દેશની સર્વદેશીય પ્રગતિ સાધી છે. તેણે ઇટલીને પહેલા નંબરનું રાજ્ય બનાવ્યું છે. તેણે પહેલાં ટર્કી પાસેથી ટ્રિપોલી જીતી લીધું; અને ત્યારબાદ એબિસિનિઆ પણ જીતી લીધું. આથી પ્રજાસંઘે એના વેપાર પર અંકુશો મૂકયા, પણ ફ્રાન્સની સહાનુભૂતિથી મુસોલીનીએ પ્રજા-સંઘની પણ દરકાર કરી નહિ. હમણાં તો તેણે પ્રજાસંઘમાંથી રાજીનામું આપી દીધું છે, અને જર્મની સાથે સંધિ કરી છે. તેણે પોર્ટુગલ, ઑસ્ટ્રિઆ, હંગરી વગેરે રાજ્યો સાથે સંધિ કરી પોતાનો પક્ષ મજબુત બનાવ્યો છે.

આર્થિક દૃષ્ટિએ ઇટલી દેશ ધનવાન નથી; છતાં મુસોલીની જે કંઈ પગલું ભરે છે, તે જોઈ યુરોપનાં બધાં રાજ્યો ચોંકી ઊઠે છે. હજુ ભૂમધ્ય સમુદ્ર ઉપર બ્રિટનનું વર્ચસ્વ જળવાઈ રહ્યું છે. સ્પેન અને ઇટલી જ્યાં સુધી જુદાં છે, ત્યાં સુધી બ્રિટન સર્વોપરિ રહેશે એ નિઃશંક છે; પણ જો ઇટલી સ્પેન સાથે મળી જાય અથવા સ્પેન પર સત્તા જમાવે, તો બ્રિટન ભયમાં આવી પડે. આથી મુસોલીની જનરલ ફ્રાંકોને ત્યાંના રાજ્ય સામે મદદ આપી રહ્યો છે, એટલે હમણાં તો મુસોલીની સ્પેનનાં રણક્ષેત્રો ઉપર બ્રિટનને હંફાવવાની યોજના રમી રહ્યો છે.

**ફ્રાન્સ:** આ પ્રજાસત્તાક રાજ્ય યુરોપનાં મહારાજ્યોમાં જુના સમયથી આગળ પડતું છે. તેની પાસે અત્યારે મોટામાં મોટું સ્થળસૈન્ય છે. બ્રિટન સાથે મળી તે અત્યારે પ્રજાસંઘમાં અગત્યનો ભાગ ભજવે છે.

પ્રજા તરફથી ચુંટાએલી બે સભાઓમાંથી બનેલા પ્રધાનમંડળની મદદથી પ્રેસિડન્ટ ફ્રાન્સનું રાજ્ય ચલાવે છે. પ્રેસિડન્ટ પાંચ વર્ષ માટે ચુંટાય છે. પ્રધાનમંડળમાં હાલ સોશિઆલિસ્ટ પક્ષ આગળ પડતો ભાગ લે છે.

ફ્રાન્સ ખેતીપ્રધાન દેશ હોવાથી તેને બ્રિટનની માફક કાચા માલ માટે બીજા દેશો પર આધાર રાખવો પડતો નથી. તેના ઉદ્યોગો પણ સારા ખીલેલા હોવાથી ત્યાં બેકારી ઘણીજ ઓછી છે. યુદ્ધ પછી તેણે એક પૌન્ડના ૧૨૫ ફ્રેંક કરીને પોતાનો નિકાસ વેપાર વધારી પુષ્કળ સોનું એકઠું કર્યું છે. ઇ. સ. ૧૯૩૧માં તેણે બ્રિટનને સોનાનું ધોરણ છોડવાની ફરજ પાડી. ફ્રાન્સ હાલમાં લશ્કર પાછળ એટલો બધો ખર્ચ કરે છે, કે તેનું બજેટ સમતોલ થતું નથી. મહાન્ યુદ્ધ પછી તેણે જર્મની પાસેથી કરોડો પૌન્ડ દંડ તરીકે લીધાં, પણ પછીથી જર્મનીએ દંડ ભરવાની અશક્તિ બતાવી; હેર હીટલરે ફ્રાન્સની બાજી ઉંધી વાળી છે, અને વર્સેલ્સના કરારો વેગળે મૂકી દીધા છે. હમણાં હેર હીટલરની આગેવાની નીચે જર્મની બળવાન બન્યું છે. આથી ફ્રાન્સે પોતાના રક્ષણ માટે રશિઆ અને ઝેકોસ્લોવેકીઆ સાથે સંધિ કરી છે. ઝેકોસ્લોવેકીઆને લીધે યુગોસ્લેવીઆ અને રૂમાનીઆ પણ ફ્રાન્સ તરફ ઢળતાં છે; પણ હાલમાં ફ્રાન્સ રશિઆથી દૂર થતું જાય છે, અને વચ્ચેના પ્રદેશો ઉપર જર્મની–ઇટલીનું વર્ચસ્વ વધતું જાય છે. ફક્ત ઝેકોસ્લોવેકીઆ અને પોલેન્ડ સિવાય બધા દેશો જર્મની તરફ ઢળતા થઈ ગયા છે. અત્યાર સુધી બાલ્કન રાજ્યો ઉપર નાણાંની મદદને લીધે ફ્રાન્સનું જે વર્ચસ્વ હતું તે પણ હવે ઘટતું જાય છે, એટલે બ્રિટનની રાજનીતિને અનુસર્યા સિવાય ફ્રાન્સને છૂટકો નથી.

ફ્રાન્સનું જન્મપ્રમાણ અને મરણપ્રમાણ લગભગ (૧૯૩૪માં જન્મ-પ્રમાણ ૧૬૧ અને મરણપ્રમાણ ૧૫·૧) એકસરખું છે. આથી વસ્તી વધારવા માટે પ્રયાસો થાય છે. હંમેશાં તે રક્ષણનીતિમાં માને છે. તેણે પણ જર્મનીની માફક લશ્કરી કેળવણી ફરજિઆત કરી છે.

**ગ્રીસ:** ગ્રીસમાં પણ જનરલ મેક્ષટાસે સરમુખત્યારીપણાની જાહેરાત કરી દીધી છે. ત્યાંના પ્રજાકીય પક્ષોના ચુંટાએલા પંદર આગેવાનોને દેશપાર કરવામાં આવ્યા છે; બાકીનાને જેલમાં પૂરવામાં આવ્યા છે.

ગ્રીસ ખેતીપ્રધાન દેશ હોવાથી ત્યાં મુડીવાદીઓ ઓછા છે. ત્યાં પાર્લમેન્ટ હતી, પણ તેમાં ખેડુતોનું પ્રતિનિધિત્વ નહોતું. આથી લોકોમાં અસંતોષ થયો, અને ગયે વર્ષે રમખાણો પણ થયાં હતાં; પણ જનરલ મેક્ષટાસે એ રમખાણો સખત હાથે શમાવી દીધાં હતાં. ત્યારબાદ હમણાં તેણે પાર્લમેન્ટને વિસર્જન કરવાની જાહેરાત કરી દીધી છે.

આ સરમુખત્યારીમાં ફેસિસ્ટ તત્ત્વો બહુ નથી, પણ તે તરફ તેનું વલણ રહેવાનું એ નક્કી છે. જર્મનીને આથી ફાયદો થશે; કારણ કે ગ્રીસની લગોલગ આવેલા ઑસ્ટ્રિઆ, હંગરી અને રૂમાનીઆ ફેસિસ્ટ દેશો છે, અને જર્મનીની પૂર્વ તરફ વધવાની નીતિને તેઓ અપનાવે છે; એટલે જો જર્મની રશિઆ પર ચઢાઈ કરે, તો ગ્રીસ તરફનો માર્ગ તેને સુગમ પડે એમ છે.

**સ્પેન:** સ્પેનમાં પાછલાં બે વર્ષથી આંતર વિગ્રહ ચાલી રહ્યો છે, અને ભયંકર સંહાર પ્રવર્તી રહ્યો છે; પરંતુ બીનદરમિઆનગીરીના દંભ નીચે પ્રજાસંઘ સ્પેનની કાયદેસર સ્થાપિત થએલી સરકારનો વિનાશ થતો જોઈ રહી છે. ઈટલી અને જર્મની બંને જનરલ ફ્રાંકોને અંદરખાનેથી મદદ કરી રહ્યાં છે. જો બળવાખોરોનો વિજય થાય, તો ત્યાં પણ કદાચ ફેસિસ્ટ સત્તા સ્થાપન થાય. સ્પેન જો ઈટલીના વર્ચસ્વ નીચે આવે, તો બ્રિટનનું સામુદ્રિક વર્ચસ્વ ભયમાં આવી પડે, એવો સંભવ છે.

યુગોસ્લેવીઆ, ઝેકોસ્લોવેકીઆ અને રૂમાનીઆએ ઇ. સ. ૧૯૩૩ના ફેબ્રુઆરિમાં એવી સંધિ કરી છે, કે તેમણે પરદેશનીતિમાં સમાનતા જાળવી રાખવી. ત્રણે દેશની આર્થિક ઉન્નતિ માટે એક કમિશન પણ નીમ્યું છે. હંગરીમાં એડમિરલ હોર્થી રાજરક્ષક (Regent) તરીકે કાર્ય બજાવે છે.

આલ્બેનીઆમાં 'ઝોગ' નામના માણસે રાજ્યસત્તા પોતાના હાથમાં લઈ લીધી છે. આ ઝોગ અને ઈટલી વચ્ચે ઇ. સ. ૧૯૨૬ના નવેમ્બરમાં સંધિ થઈ. આથી આલ્બેનીઆ ઈટલીનું ખંડીઉં બન્યું છે. *ઈટલીએ તેની* આર્થિક સ્થિતિ પગભર કરવા માટે તેને નાણાંની પુષ્કળ મદદ આપી છે,

પણ હવે ઈટલી તરફનું તેનું વલણ બગડતું જાય છે. ઈટલી નાણાં ન આપે તો તે ઝેકોસ્લોવેકીઆને બારણે ઉભું રહે તો તેની ના નહિ. બલ્ગેરીઆ હંગરીની માફક જુની સંધિમાં સુધારો કરવા માગે છે. તેની પરદેશનીતિમાં તે યુગોસ્લેવીઆ તરફ નજર માંડી રહ્યું છે. પોર્ટુગલ સ્પેનની સત્તામાંથી ખસી ગયું છે, અને સ્વતંત્ર બન્યું છે. તેને પરિણામે ઉભી થએલી રાજકીય પરિસ્થિતિને અંગે સ્પેનમાં આંતરવિગ્રહ ફાટી નીકળ્યો છે.

ઈ. સ. ૧૯૨૨થી ગ્રીસ સાથેની લડાઈ પછી ટર્કી મુસ્તફા કમાલપાશાની આગેવાની નીચે બળવાન બન્યું છે. કમાલે આંતરિક વિકાસ સાધવાને ભગીરથ પ્રયત્નો કર્યાં છે. તેણે વેપારવૃદ્ધિ માટે સેમ્સન બંદરથી કાળા સમુદ્રના મર્સિના બંદર સુધી ટ્રાન્સ એનેટોલીઅન રેલવે બાંધી છે. વળી એક બીજી મોટી રેલવે અંગોરાથી રશિઆના છેડા સુધી બાંધી છે. લડાઈ પછી રશિઆ સાથે તેણે મૈત્રી રાખી છે. હમણાં તેણે જુનું વૈર ભૂલી જઈ ગ્રીસ સાથે પણ મૈત્રી બાંધી છે.

**રશિઆ:** સોવિયટ સત્તા નીચે વિકસતું રશિઆ આજે દુનિયાનાં મહાન્ રાજ્યોમાં એક ગણાય છે. લડાઈ પહેલાં રશિઆની પ્રજા ખેડુત હતી, પણ સોવિયટ સરકારે તેમાં મોટા ફેરફારો કરી દીધા છે. તેમની પંચવાર્ષિક યોજના દુનિયાના ઇતિહાસમાં અજોડ છે. આવા મોટા પ્રમાણમાં રાષ્ટ્રની ઉન્નતિને માટે પ્રયત્ન કરતા વિશાળ દેશને કુદરતે પણ સારી અનુકૂળતાઓ આપી છે. તેમાં ખનીજો પણ પુષ્કળ છે, એટલે ઉદ્યોગો પણ આગળ ધપતા જાય છે. ટ્રાન્સ સાઈબિરિઅન રેલવે દેશના એક છેડાથી બીજા છેડા સુધી બંધાએલી હોવાથી આંતરિક વેપારને વેગ મળ્યો છે. ફ્રાન્સ અને રશિઆ વચ્ચે મૈત્રી છે. તેને એક છેડે જર્મની તરફથી ભય છે, અને બીજે છેડે જાપાન તરફથી ભય છે; પણ તેમની સામે આત્મરક્ષણ માટે રશિઆ પાસે લશ્કરની ભારે તૈયારી છે.

**હિંદુસ્તાન:** ઈ. સ. ૧૯૩૫ના કાયદાનું નવું બંધારણ પ્રાંતોમાં દાખલ થઈ ગયું છે. હિંદના ૧૧ પ્રાંતોમાં પ્રાંતિક સ્વરાજ્ય (Provincial Autonomy)નો પ્રારંભ ૧૯૩૭ના એપ્રિલની ૧લી તારીખથી થઈ ગયો છે. મોન્ટ–ફર્ડ સુધારાએ સોંપેલા દ્વિમુખી રાજ્યતંત્ર (Diarchy)નો હવે અંત આવ્યો છે. હવેથી પ્રાંતિક વહીવટમાં વધુ જવાબદારીઓ હિંદીઓને સોંપવામાં આવી છે.

ફૈઝપુર ખાતે ભરાએલી હિંદી મહાસભાએ આ બંધારણનો વિરોધ કર્યો હતો, અને સ્પષ્ટ જાહેર કર્યું હતું કે હિંદનું બંધારણ હિંદી પ્રજાની લોકપ્રતિનિધિ સભાએજ ઘડવું જોઈએ. વળી ગવર્નરોની ખાસ સત્તાઓ, ખાસ જવાબદારીઓ અને સલામતીઓથી ભરપુર બંધારણ પ્રત્યે પ્રજામાં અસંતોષ ઉત્પન્ન થયો છે.

નવા બંધારણ પ્રત્યે લોકલાગણી વિરુદ્ધ હોવા છતાં પણ મહાસભાના આગેવાનોએ પલટાએલા સંજોગોને ધ્યાનમાં લઈ ને, અને ધારામંદિરના બહિષ્કાર કરતાં ધારામંદિરમાં રહીને લડત ચલાવવાનું પ્રજાકીય દૃષ્ટિએ હિતકારક જણાયાથી મહાસભાએ ધારામંદિરની બેઠકો માટે ઉમેદવારો બહાર પાડયા હતા; અને તે મુજબ મુંબઈ, મદ્રાસ, યુક્ત પ્રાંતો, મધ્ય પ્રાંતો, બિહાર, ઓરિસ્સા અને વાયવ્ય સરહદના પ્રાંતોમાં મહાસભાવાદીઓ બહુમતીમાં ચુંટાઈ આવ્યા હતા.

ત્યારપછી હોદ્દાસ્વીકારનો પ્રશ્ન ઉપસ્થિત થયો. મહાત્માજીએ અવસર જોઈને નવા બંધારણની કાર્યપદ્ધતિ કેટલે અંશે ફળીભૂત થાય છે તેનો સંપૂર્ણ અખતરો કરવા, તથા તેની પોકળતા સ્પષ્ટ કરી બતાવવા હોદ્દા સ્વીકારવાની મંજુરી આપી, અને એ મુજબ સાત પ્રાંતોમાં કોન્ગ્રેસ પ્રધાન-મંડળો રચાયાં છે. જ્યાં જ્યાં ગવર્નરોએ પ્રધાનમંડળોના કામોમાં માથું માર્યું નથી, ત્યાં ત્યાં કાર્ય સરળપણે ચાલ્યું છે; પણ હમણાં યુક્ત પ્રાંતોમાં અને બિહારમાં મતભેદને લીધે પ્રધાનમંડળે રાજીનામું આપ્યું છે.

કોમી ઝગડાનું નિરાકરણ હજુ સુધી આવ્યું નથી. મુસ્લીમ લીગે મહાસભાનો વિરોધ આદર્યો છે. આવા ઝગડાઓ રાષ્ટ્રની એકતા માટે હાનિકારક ગણાય છે.

**જાપાન** : ઓગણીસમી સદીમાં એક વખતે એક નાનકડા અમેરિકન નૌકાસૈન્યે જાપાનના કિનારા પર જાપાનીઝ સૈન્યને હરાવ્યું. ત્યારથી જાપાનના પ્રત્યેક નાગરિકમાં સ્વદેશાભિમાનની લાગણી ઉછળી આવી, અને જાપાને પાશ્ચાત્ય પદ્ધતિએ પ્રજાને તાલીમ આપવાનો નિશ્ચય કર્યો.

જાપાનની સરકારે પોતાના ઉગતા વિદ્યાર્થીઓ ઈંગ્લેન્ડ, જર્મની, અમેરિકા વગેરે સ્થળોએ મોકલી પાશ્ચાત્ય કેળવણીનો પ્રચાર કરવા માંડયો. તેણે જર્મન સૈનિકોને રોકી સૈન્ય તૈયાર કર્યું, અને આર્થિક મદદ આપી વ્યાપાર ખીલવ્યો.

જાપાને પહેલવહેલાં ૧૯૦૪–૫માં રશિઆને હરાવી યુરોપની મદમસ્ત સત્તાઓને બતાવી આપ્યું, કે પૂર્વમાં પણ તેમની સાથે સ્પર્ધા કરી શકે તેવી એક શક્તિ છે. આ રીતે જાપાને આંતરરાષ્ટ્રીય કીર્તિ પણ પ્રાપ્ત કરી.

જાપાનમાં જેમ કેળવણીનો પ્રચાર વધ્યો, અને વ્યાપાર ખીલ્યો, તેમ વસ્તી પણ વધતીજ ગઈ. અત્યારે જાપાનને વસ્તીનો મોટામાં મોટો પ્રશ્ન મૂંઝવે છે. જાપાનનું ક્ષેત્રફળ ઘણું થોડું છે, જ્યારે વસ્તી લગભગ ૭ કરોડ જેટલી છે. બીજી બાજુ જાપાન પોતાને જોઈતું અન્ન પોતાનીજ ભૂમિમાંથી ઉત્પન્ન કરી શકતું નથી. વળી વ્યાપાર ખીલે ત્યારે તેને માટે કાચા પદાર્થો મેળવવાનું સ્થળ અને પાકો માલ વેચવાનું બજાર પણ જોઈએજ ને? આથી જાપાનને સામ્રાજ્ય જોઈએ છે, કે જ્યાં જાપાનની વધતી જતી વસ્તી રહી શકે, કાચો માલ ઉત્પન્ન કરી શકાય, અને પાકો માલ વેચી શકાય. આને માટે સારામાં સારો માર્ગ એ છે કે જાપાને પોતાનું જન્મપ્રમાણ ઘટાડવું; પણ જાપાન હજી સંસ્કૃતિની એટલી ઉચ્ચ કક્ષાએ પહોંચ્યું નથી. આથીજ જાપાનને લશ્કરી સહાયથી સામ્રાજ્ય વિસ્તારવાની આવશ્યકતા જણાઈ છે.

જાપાન બે બાજુ સામ્રાજ્ય વિસ્તારી શકે તેમ છે. એક બાજુ પશ્ચિમમાં ચીન અગર સાઈબિરિઆ તરફ; બીજી બાજુ દક્ષિણમાં ફિલિપાઈનના ટાપુઓ અગર ઑસ્ટ્રેલિઆ તરફ. આમાં જાપાને ચીનને પસંદ કર્યું છે;કારણ કે જો સાઈબિરિઆ તરફ વધે તો રશિઆ જે સોવિયટ સત્તા હેઠળ એક પ્રબળ રાજ્ય બન્યું છે, તેની સાથે ચકમક ઝરે. ફિલિપાઈન તરફ આંગળી ચીંધે તો અમેરિકા, અને ઑસ્ટ્રેલિઆ તરફ દૃષ્ટિ ફેંકે તો બ્રિટનની સાથે મહાન્ વિગ્રહમાં ઉતરવું પડે. આ બધા સંજોગોનો બુદ્ધિપૂર્વક વિચાર કરીને તે યોગ્ય દિશામાં પગલાં માંડે છે.

ચીન તરફ વધવાનાં બીજાં કારણો પણ છે. ચીન જાપાનને ખૂબ નજીક પડે છે. તેની આબોહવા જાપાનને મળતી છે. વળી ચીનની વિશાળતા, અણખેડાયલી સમૃદ્ધિ (Potential richness) અને અસ્થાયી રાજ્ય વગેરે કારણો પણ છે. આથી ચીન તરફજ જાપાન મીટ માંડી રહ્યું છે.

ચીનનો ઇતિહાસ ધર્મશાળાના ઇતિહાસ જેવો છે. ત્યાં કેટલાંક સૈકાંથી બ્રિટિશ, રશિઅન, જર્મન, ફ્રેન્ચ, અમેરિકન વગેરે પાશ્ચાત્ય સત્તાઓ પોતાના અડ્ડા જમાવી બેઠી હતી, એટલે જ્યારે જ્યારે જાપાનને ચીન સાથે યુદ્ધમાં

ઉતરવું પડયું છે, ત્યારે ત્યારે આ સર્વ સત્તાઓ સામે તેને ઝુંબેશ ઉઠાવવી પડી છે. આમ છતાં જાપાને પાછી પાની કરી નથી, અને છેલ્લાં પચાસ વર્ષ દરમિઆન ચીનમાં પોતાની સત્તા જમાવવાની એક પણ તક તેણે જતી કરી નથી.

જાપાને ઇ. સ. ૧૮૯૪–૯૫માં ચીન પાસેથી ફોર્મોસાનો ટાપુ જીતી લીધો; ૧૯૦૪–૫માં મંચુરીઆની દક્ષિણે આવેલું પોર્ટ આર્થર અને સગેલિઅન ટાપુનો દક્ષિણ વિભાગ રશિઆ પાસેથી જીતી લીધો. વળી તેજ અરસામાં દક્ષિણ મંચુરીઆમાં દોડતી ચાઈનીઝ રેલવેનો પણ કબજો લીધો હતો. તેણે ૧૯૧૦માં ચીન પાસેથી કોરીઆ જીત્યું. જ્યારે બધી યુરોપીઅન સત્તાઓ મહાવિગ્રહમાં રોકાએલી હતી, ત્યારે જાપાને ચીનના શાન્ટુન્ગ પ્રાંતમાં આવેલાં ઝીંગ્ટાવો વગેરે જર્મન સંસ્થાનો પડાવી લીધાં. વળી તેજ કટોકટીના અરસામાં જાપાને ચીન પાસે કેટલીક માગણીઓ કરી, અને ચીનમાં કેટલીક સત્તા પ્રાપ્ત કરી. ઇ. સ. ૧૯૧૯ની વર્સેલ્સની સંધિથી જાપાનને પેસિફિક મહાસાગરમાં આવેલા જર્મનીના કેટલાક ટાપુઓ, જે યુનાઇટેડ સ્ટેટ્સ અને ફિલિપાઇનના ટાપુઓ વચ્ચેના રસ્તામાં આવેલા છે–તેનો કબજો મળ્યો.

જો કે જાપાનને આટલા વિજયો મળ્યા, તોપણ તેનો મુખ્ય પ્રશ્ન તો હજુ ઉભોજ રહ્યો; કારણ કે જાપાનને જે જે સંસ્થાનો મળ્યાં, તે જાપાનની સર્વ જરૂરિઆતો પૂરી પાડી શકે તેમ નથી. આથી જાપાનની દૃષ્ટિ મંચુરીઆના નવા શિકાર પર પડી. મંચુરીઆ ત્યાં સુધી એક અણખેડાયલો પ્રદેશ હતો. ત્યાં ઘઉં, બાજરી વગેરે સારા પ્રમાણમાં પકવી શકાય તેમ છે, અને ત્યાં કોલસાની ખાણો પણ છે.

ઇ. સ. ૧૯૩૧માં જ્યારે આખી દુનિયા મહાન્ આર્થિક મંદીમાંથી પસાર થઈ રહી હતી, અને રશિઆ પોતાની પંચવાર્ષિક યોજનામાં રચ્યું-પચ્યું હતું, ત્યારે તક સાધીને મંચુરીઆને પણ જાપાને જીતી લીધું. જો કે મંચુરીઆને પાછળથી મન્ચુકુઓના નામથી કોઈ રાજવંશજની સત્તા હેઠળ મૂકવામાં આવ્યું; પણ તે સત્તા નામનીજ હતી. ખરી સત્તા તો જાપાને પોતાને હસ્તક રાખી છે.

રાષ્ટ્રસંઘે જાપાનની આ જીતને માન્ય ન રાખી, એટલે ત્યારથી જાપાને રાષ્ટ્રસંઘને તિલાંજલિ આપી.

પશ્ચિમની સત્તાઓ ધારતી હતી કે હવે જાપાન મન્ચુકુઓને ખીલવવામાં રોકાશે; પણ તેમની એ ધારણા નિષ્ફળ નીવડી. મન્ચુકુઓની આબોહવા ઘણી ઠંડી હોવાથી જાપાનીઝ પ્રજાને રહેઠાણ માટે યોગ્ય નથી. વળી તેના અમુકજ ભાગમાં જોઈતી વસ્તુઓ પકવી શકાય તેમ છે. વધારામાં ત્યાંની પ્રજાની ખરીદશક્તિ છેક ઓછી છે, એટલે જાપાનનો પાકો માલ પણ ત્યાં બહુ ખપી શકે તેમ નથી. એથી પોતાની આર્થિક જરૂરિઆતો પોષવા જાપાનને તો હવે આગળજ વધવું રહ્યું.

ઇ. સ. ૧૯૩૨માં શાન્ઘાઈ નજીક યુદ્ધ થયું. તેમાં ચીનને શાન્ઘાઈ આગળથી પોતાનું સૈન્ય ખસેડવાની ફરજ પડી, અને જાપાનને કેટલીક સત્તાઓ મળી. ઇ. સ. ૧૯૩૩માં ઉત્તર ચીનમાં મન્ચુકુઓની નજીક આવેલા જીહોલ અને ચહારનો કેટલાક ભાગ જાપાને કબજે કર્યો; અને છેક પેકિંગ સુધી તે પોતાનું સૈન્ય લઈ ગયું. આ યુદ્ધમાં પણ હારવાથી ચીનને પોતાના ઉત્તરના પ્રાંતો જાપાનને હવાલે કરવા પડયા, અને યુદ્ધનો અંત આવ્યો.

મન્ચુકુઓની જીત પછી પોતે એક મહાન્ સત્તા છે, એમ જાપાનને લાગવા માંડયું છે. જાપાને રાષ્ટ્રસંઘને તિલાંજલિ આપી, એંગ્લો–જાપાનીઝ સંધિને વહેતી મૂકી, અને બ્રિટન, અમેરિકા અને તેની વચ્ચેની લડાઈ–જહાજો બાબતની સંધિનો પણ અંત આવ્યો. ફરીથી જ્યારે બ્રિટને જાપાન પાસે વ્યાપારી સંધિ કરવાની માગણી કરી, ત્યારે બ્રિટનની સીધી સત્તા હેઠળ ન હોય તેવા કોઈ પણ દેશ વિષે ચર્ચા કરવાની જાપાને ના પાડી. આ બધી પરિસ્થિતિથી એમ જણાય છે, કે જાપાન એક મહાવિગ્રહ માટે તૈયાર થઈ ગયું છે.

દરમિઆન જાપાને દુનિયાને ભ્રમમાં નાખી દીધી હોય, એમ લાગે છે. બધા દેશો માનવા લાગ્યા કે કિંમતનું ધોરણ ( Price–level ) વધવાથી જાપાન સસ્તા ભાવે માલ વેચવાને અશક્ત બન્યું હતું, અને જ્યારે બીજા બધા દેશો આર્થિક મંદી પછી સુધરવા લાગ્યા હતા, ત્યારે જાપાનની પરિસ્થિતિ બગડતી હતી. આથી બધા માનવા લાગ્યા કે હમણાં વિશ્વશાંતિ જળવાશે.

બીજી બાજુ જાપાનને અમૂલ્ય અવસર સાંપડયો. ચીન પોતાને સહીસલામત માનવા લાગ્યું. બ્રિટન, ફ્રાન્સ અને રશિઆને યુરોપના બે મુત્સદ્દીઓ-

હીટલર અને મુસોલીની–નો ભય લાગ્યો છે, તેથી તેઓ શસ્ત્રસરંજામ સજવામાં ગુંથાયા છે. દુનિયામાં શાંતિ જાળવવી હોય તો યુદ્ધને માટે તૈયાર થઈ રહેવું જોઈએ, એ સિદ્ધાંત પ્રમાણે અમેરિકા પણ શસ્ત્રપરિધાનની વિધિમાં રોકાયું છે. વળી બ્રિટનને હિંદમાંથી મદદ મળવાનો સંભવ ઓછો છે. આ પરિસ્થિતિમાં જાપાને ચીનની કમનસીબ અવસ્થાનો લાભ લીધો; કારણ કે જો અત્યારે જાપાન યુદ્ધ ન કરે તો ભવિષ્યમાં આવો અવસર મળશે કે કેમ એ શંકા છે.

૧૯૩૭ના જુલાઈની એક રાત્રે પીપિંગથી કેટલેક દૂર જાપાનીઝ અને ચાઈનીઝ લશ્કરોનો ભેટો થયો, અને યુદ્ધનાં પગરણ મંડાયાં. આ યુદ્ધમાં જાપાને જે માર્ગ લીધો છે, તે માર્ગ લેવાનાં કારણો સમજવાની ખાસ આવશ્યકતા છે.

જાપાનની ઇચ્છા આખુંએ ચીન સર કરવાની છે, પણ તેમ કરતાં ત્યાં જે પાશ્ચાત્ય સત્તાઓ પોતાના હક જમાવી બેઠી છે તેમને ત્યાંથી દૂર કરવી પડે તેમ છે; પણ આ વસ્તુ જાપાનને માટે મુશ્કેલ છે. હાલને તબક્કે જે જે સત્તાઓનું જોર ત્યાં વધતું જાય છે, તેને અટકાવવાનું કામ પહેલું છે. આમાં રશિઆ મુખ્ય છે. રશિઆની મુરાદ આખાએ ચીનને સામ્યવાદી બનાવવાની છે. વળી રશિઆની હદ છેક સીકીઆન્ગ અને ઉત્તર મોંગોલિઆ સુધી તો આવી ગઈ છે, એટલે ચીનમાં રશિઅન વિચારોનું જોર વધતું જાય છે. બીજી બાજુ બ્રિટન અને અમેરિકા છે. અમેરિકાને મહાસામ્રાજ્ય સ્થાપવાની મહત્ત્વાકાંક્ષા નથી; કારણકે પોતાની આર્થિક જરૂરિઆતો માટે તેને બીજા કોઈ દેશ પર આધાર રાખવો પડે તેમ નથી. બ્રિટન હાલ તેની પાસે જે છે તેનેજ સાચવવામાં ડહાપણ માને છે. તે સમજે છે કે જો હાલ જાપાનને ચીનમાં વધતું અટકાવવામાં આવશે, તો જાપાન ઑસ્ટ્રેલિઆ તરફ નજર ફેરવશે, અને પોતાને તેની સાથે સીધા વિગ્રહમાં ઉતરવું પડશે. આથી જાપાનને બ્રિટનની બહુ ચિંતા નથી.

બીજી બાજુ ભૌગોલિક કારણો તપાસીએ. ઉત્તર ચીનના પાંચ પ્રાંતો–શાન્ટુન્ગ, હોથીઆઈ, ચહાર, શાન્સી અને સુઇયિન–મન્ચુકુઓ કરતાં જાપાનને ઘણા ઉપયોગી નીવડે તેમ છે. ચહાર, શાન્સી અને દક્ષિણ હોથીઆઈમાં લોઢાની ખાણો છે. વધારામાં શાન્સીમાં ઉચ્ચ પ્રકારના કોલસાની ખાણો પણ છે. પાંચે પ્રાંતોમાંથી કલાઈ, ત્રાંબુ–અને સોનું પણ નીકળે છે. કેટલેક

સ્થળે પેટ્રોલિઅમ પણ છે. વધારામાં ઉત્તર ચીનમાં થઈને હોઆન્ગહો નદી વહે છે. તેનો આજુબાજુનો પ્રદેશ રૂને માટે ઘણો ઉત્તમ છે. વળી આ પ્રદેશોની આબોહવા પણ જાપાનીઝ લોકોને રહેવા માટે જોઈએ તેવી છે.

આ રાજકીય અને ભૌગોલિક કારણોથી મુત્સદ્દી જાપાને ચીનનો ઉત્તર વિભાગ પોતાને કબજે કરવાનો નિશ્ચય કર્યો છે. મન્ચુકુઓ પોતાને હસ્તક છેજ, ઉત્તરના પાંચ પ્રાંતો આર્થિક દૃષ્ટિએ ઉપયોગી છે, અને દક્ષિણ મોંગોલિઆ (Inner Mongolia) રશિઆના વધતા જતા જોરને અટકાવવા માટે જરૂરી છે.

વળી ઉત્તર ચીનનો માર્ગ લેવાનાં બીજાં પણ કારણો છે. ચીનનો ઘણો ભાગ પહાડી છે. ચીનના અંદરના ભાગમાં જવા માટે ત્રણ જળમાર્ગો—ત્રણ નદીઓ—છે. તેમાં છેક દક્ષિણે આવેલી સીકીઆન્ગ નદીના મુખ પર બ્રિટિશ સત્તા હેઠળનું હોન્ગકોન્ગ છે, એટલે ત્યાંથી બ્રિટન અટકાવે. મધ્યમાં આવેલી યાન્ગસેક્યાંગ નદીના મુખ પર શાન્ઘાઈ શહેર છે, જે આંતરરાષ્ટ્રીય શહેર છે, એટલે ત્યાંથી બીજી બધી સત્તાઓ અટકાવે તેમ છે. એથી ઉત્તરમાં સીકીઆન્ગ નદીનો માર્ગ રહ્યો. વળી જમીનમાર્ગ પણ ઉત્તરમાંજ છે.

આથી જાપાને લડાઈની શરૂઆત ઉત્તરમાંથી કરી. હાલ જાપાને લગભગ આખુંએ ઉત્તર ચીન કબજે કર્યું છે, પણ હવે જાપાન આગળ વધી શકતું નથી; કારણ કે જે જે વિભાગો જાપાન જીતે છે ત્યાં પણ સ્થાયી લશ્કર રાખવું પડે છે, અને જાપાન પાસે એટલું બધું લશ્કર નથી કે બધે પહોંચી વળે. વળી આ વખતના યુદ્ધમાં આખુંએ ચીન જાગૃત થઈ ગયું છે. ચીનનું સૈન્ય પણ વિશાળ છે. જ્યારે ચીનનું બધું સૈન્ય ઉત્તરમાં જમા થઈ ગયું, ત્યારે તે સૈન્યને ત્યાંથી ખસેડવા જાપાને ચીનના હૃદય સમા શાન્ઘાઈ શહેર આગળ લડાઈની આગ સળગાવી, અને તેના છાંટા છેક કેન્ટન સુધી પણ ઉડ્યા.

જો કે કોઈ કોઈ વાર છમકલાં થાય છે, પણ સામાન્ય દૃષ્ટિએ હાલની પરિસ્થિતિ શાંત છે. હવે જાપાન આગળ વધી શકતું નથી; કારણ કે જ્યાં જાપાનીઝ સૈન્ય એક પ્રદેશ છોડી બીજે જાય છે, ત્યાં પહેલો પ્રદેશ ચીન પોતાના કબજામાં પાછો લેવા પ્રયત્ન કરે છે. આથી હાલ તો માત્ર જીતાએલા પ્રદેશોની વ્યવસ્થા કરવામાં જાપાન રોકાયલું છે.

---

# પૂરવણી ૨

## જીવનચરિત્રો

**એડમંડ બર્ક:** એડમંડ બર્કનો જન્મ ઇ. સ: ૧૭૨૯માં ડબ્લિનમાં થયો હતો. ઇ. સ. ૧૭૬૫માં તે પહેલવહેલો રોકિંગહામનો ખાનગી મંત્રી બન્યો, ત્યારથી તેની રાજકીય કારકીર્દિ શરૂ થઈ. બીજે વર્ષે એ પાર્લમેન્ટમાં આવ્યો. તેણે પોતાની વકતૃત્વશક્તિનો સારો પરિચય કરાવ્યો. તેણે જૉર્જની પરદેશનીતિ સંબંધી ટીકા કરી. એથી તે પ્રકાશમાં આવ્યો. અમેરિકન સ્વાતંત્ર્ય-વિગ્રહ વખતે સંસ્થાનવાસીઓને મનાવી લઈ–તેમના પર નંખાએલા કરો દૂર કરી–સમાધાન કરી લેવા તેણે પાર્લમેન્ટમાં સચોટ ભાષણ કર્યું હતું. અમેરિકનો તરફ તેની સહાનુભૂતિ હતી. વળી ફ્રાન્સની રાજ્યક્રાન્તિનું સત્ય સ્વરૂપ સમજી જનાર એ એકલોજ બ્રિટિશ મુત્સદ્દી હતો. જ્યારે ફૉક્સે ફ્રાન્સની રાજ્યક્રાંતિના બનાવને વધાવી લીધો, ત્યારે બર્કે " ફ્રાન્સની રાજ્ય-ક્રાન્તિ પર ચિંતનો" બહાર પાડી પ્રજાને એ રાજ્યક્રાન્તિનું સત્ય સ્વરૂપ સમજાવ્યું, અને એ ક્રાન્તિના ભયંકર ભાવી તરફ સમગ્ર પ્રજાનું લક્ષ દોર્યું. ખરેખર, તેની એ આગાહી સાચી પડી!

**અર્થશાસ્ત્રી બર્ક** : ઇ. સ. ૧૭૮૦માં બર્ક નાણાં સંબંધી સુધારા-નો ખરડો લાવ્યો, પણ તે પસાર થયો નહિ. ત્યાર પછી ફરીથી તેણે બીજો ખરડો રજુ કર્યો. આથી " સિવિલ લિસ્ટ "માં રાજાને મળતાં નાણાંમાં ઘટાડો થયો, અને કેટલીક નકામી ઑફિસો કાઢી નાખી ખર્ચમાં બચાવ કરવામાં આવ્યો. તેણે કરેલા બીજા સુધારાથી એવું ઠર્યું, કે રાજાનું પેન્શન ખાનારા અને રેવન્યુ અમલદારો પાર્લમેન્ટમાં પોતાનો મત આપી શકે નહિ. તેણે રોમન કેથોલિક બંધનમુક્તિના પ્રશ્નને ટેકો આપ્યો.

અમીરોની સભામાં વૉરન હેસ્ટિંગ્સ સામે મુકર્દમો ચલાવી તેણે પાર્લમેન્ટના સભ્યોને હિંદની તે વખતની પરિસ્થિતિનો સંપૂર્ણ ખ્યાલ આપ્યો.*

---

* " Burke did not, I believe, leave a dry eye in the whole assembly."

આથી હિંદને જે મોટો ફાયદો થયો, તે એ કે ત્યાર પછી હિંદનો રાજ્ય-વહીવટ સુધારવાને પાર્લમેન્ટે પ્રયત્નો કર્યા. ઇ. સ. ૧૭૯૪માં તે પાર્લમેન્ટ-માંથી નિવૃત્ત થયો, અને ઇ. સ. ૧૭૯૭માં મરણ પામ્યો.

બર્ક ઉત્તમ વક્તા, સમર્થ મુત્સદ્દી અને તેના જમાનાનો ઉચ્ચ રાજકીય ચિંતક હતો. તેનાં લખાણોમાં ઉત્તમ મુત્સદ્દીગીરીના સર્વે ગુણો તરી આવે છે. વક્તા તરીકે તે સચોટ અસર કરનારો અને પ્રતિભાશાળી હતો એટલુંજ નહિ, પણ ઝીણામાં ઝીણી બાબતો ઉપર પણ તે કંઇક નવીન પ્રકાશ ફેંકી શ્રોતાઓને તાજુબ કરી દેતો. ગુલામી રદ કરવા તેણે કરેલા પ્રયત્નો, અને હિંદ તથા અમેરિકા તરફ બતાવેલી સહાનુભૂતિ તેના સ્વાતંત્ર્યપ્રેમી હૃદયની સાક્ષી પૂરે છે. મૅકોલેના શબ્દોમાં–"સર્વદેશીય સમજશક્તિમાં અને ઉત્તમ તર્કશક્તિમાં બર્કે પ્રાચીન તેમજ અર્વાચીન વક્તાઓમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે."

**ચાર્લ્સ જેમ્સ ફૉકસ:** ચાર્લ્સ જેમ્સ ફૉકસનો જન્મ ઇ. સ. ૧૭૪૯માં લૉર્ડ હોલેન્ડને ત્યાં થયો હતો. તે ઇ. સ. ૧૭૬૮માં પહેલવહેલો પાર્લમેન્ટમાં દાખલ થયો. બર્કની મદદથી તેણે વૉલ્પોલ અને પેલ્હામના વખતથી ચાલતી આવેલી લાંચરૂશ્વતની ગંદી પ્રથા પર પ્રહારો કર્યા. તેણે પોતાની અદ્‌ભુત વક્તૃત્વશક્તિથી વ્હિગ પક્ષને સંગીન પાયા પર મૂકયો. જ્યૉર્જ ત્રીજો ફૉકસને ધિક્કારતો, એથી તેની કારકીર્દિ વિરોધમાંજ પસાર થઇ, અને તેની અસાધારણ બુદ્ધિ અને ઉચ્ચ વક્તૃત્વશક્તિનો લાભ દેશને મળ્યો નહિ.

અમેરિકન સ્વાતંત્ર્યવિગ્રહ વખતે ફૉક્સે પણ બર્ક અને પિટ્ટની માફક સંસ્થાનવાસીઓ તરફ સહાનુભૂતિ બતાવી હતી, અને તેમની સાથે સમાધાની કરી લેવા સૂચવ્યું હતું; પણ જ્યૉર્જ ત્રીજાના દુરાગ્રહને લઇને આ સમર્થ મુત્સદ્દીઓનાં ભાષણોની કંઇ અસર થઇ નહિ. તેણે ઇ. સ. ૧૭૮૩ (એપ્રિલ) માં લૉર્ડ નૉર્થની સાથે મળી સંયુક્ત પ્રધાનમંડળ સ્થાપ્યું; પણ એ પ્રધાન-મંડળ લાંબો સમય ટકયું નહિ; કારણ કે ફૉકસ જો કે દયાળુ, સરળ હૃદયનો અને સમર્થ વક્તા હતો, તોપણ તે જુગારી હોઇ તેણે પાટવી કુંવરને એ ફંદમાં ફસાવ્યો હતો, એ જ્યૉર્જ ત્રીજાની જાણ બહાર નહોતું. આથી ફૉક્સે રજુ કરેલા હિંદના રાજ્યબંધારણના ખરડાનો રાજાએ સખત વિરોધ કર્યો, અને

જ્યૉર્જ ત્રીજાના પ્રયત્નોને લીધે એ ખરડો અમીરોની સભાએ ઉડાવી દીધો. આથી નૉર્થ અને ફૉક્સનું સંયુક્ત મંત્રીમંડળ વીખરાઈ ગયું, અને નાનો પિટ્ટ મુખ્ય મંત્રી બન્યો, ઇ. સ. ૧૭૮૪. ફૉક્સ સ્વતંત્રતાને ચાહતો હતો. ફ્રાન્સની રાજ્યક્રાન્તિસમયે તેણે ઉચ્ચાર્યું હતું કે–દુનિયામાં કેટલો બધો મહત્ત્વનો બનાવ બન્યો છે, અને તે પણ કેટલો બધો ઉત્તમ! આ શબ્દો કચડાતી પ્રજા પ્રત્યે તેની હાર્દિક સહાનુભૂતિના નમુનારૂપ છે.

ઇ. સ. ૧૭૯૭માં ફૉક્સ પાર્લમેન્ટમાંથી નિવૃત્ત થયો. ત્યારપછી ઇ. સ. ૧૭૯૭થી ૧૮૦૨ સુધીનો સમય તેણે જેમ્સ બીજાના રાજ્યનો ઇતિહાસ લખવામાં ગાળ્યો. એમીન્સની સંધિ પછી તેણે ફ્રાન્સમાં મુસાફરી પણ કરી હતી, અને જગવિખ્યાત નેપોલિયનના સમાગમમાં પણ તે આવ્યો હતો. નેપોલિયને પણ આ બાહોશ અને દૂરંદેશી મુત્સદ્દીની પ્રશંસા કરી હતી.

આ કાબેલ રાજદ્વારી પુરુષ અને ઉત્તમ વક્તા ઇ. સ. ૧૮૦૬ના સપ્ટેમ્બરની ૧૩મી તારીખે મરણ પામ્યો. બર્કના શબ્દોમાં કહીએ તો– “ફૉક્સ દુનિયામાં થઈ ગએલા ઉત્તમ વક્તાઓમાં ઘણોજ તેજસ્વી વક્તા હતો.”

**જેમ્સ વુલ્ફ:** (ઇ. સ. ૧૭૨૭–૧૭૫૯) જેમ્સ વુલ્ફ પંદર વર્ષની નાની વયે સૈન્યમાં જોડાયો હતો. તેણે પ્રથમ ડેટિંજનની લડાઇમાં પોતાની શક્તિનો સારો પરિચય કરાવ્યો. ત્યારપછી તેણે બીજી લડાઈઓમાં સાહસ અને વીરતાભર્યો ભાગ લઈ “યુવાન સૈનિક” તરીકે નામના મેળવી. સપ્ત-વાર્ષિક વિગ્રહ દરમિઆન અમેરિકામાં અંગ્રેજોની હાર થયાના સમાચાર મળ્યે જતા હતા, ત્યારે પિટ્ટની નજર આ યુવાન સેનાપતિ પર પડી. તેજ વખતે પિટ્ટે તેને ૯,૦૦૦ માણસો આપી કિવબેક સર કરવા મોકલ્યો. અનેક સંકટો અને મુસીબતોમાં પણ આ વીર સેનાપતિએ એક રાત્રે સેન્ટ લૉરેન્સ નદીને કિનારે અબ્રાહામની ટેકરીઓ ઓળંગી પોતાનું લશ્કર કિવબેકની સામે ઉતાર્યું. ફ્રેન્ચો તો આ સાહસ જોઈ છક થઈ ગયા; પણ ફ્રેન્ચ સેનાપતિ મોન્ટકામ કંઈ ગાંજ્યો જાય તેવો ન હતો. તેણે અંગ્રેજ સૈન્ય સાથે લડાઈ શરૂ કરી. અંગ્રેજ સૈન્યે ઘણીજ બહાદુરી બતાવી, અને વિજય મેળવ્યો. પરંતુ વિજયનો ભોગ કંઈ નાનોસૂનો ન હતો. અંગ્રેજ સેનાપતિ વુલ્ફ માર્યો ગયો હતો! અજાયબ

જેવું તો એ હતું કે ફ્રેન્ચ સેનાપતિ મોન્ટકામે પણ એ યુદ્ધમાં પ્રાણ છોડયો. ક્વિબેક જીતાયાથી અમેરિકામાંની ફ્રેન્ચોની સત્તા પર એક જીવલેણ ફટકો પડયો, અને ત્યારપછી ફ્રેન્ચ સત્તાની અવનતિ થતી ચાલી.

આ અજબ સાહસ અને અતુલ હિંમતને લઈને આજે પણ જેમ્સ વુલ્ફનું નામ ઇતિહાસમાં સુવર્ણાક્ષરે કોતરાઈ રહ્યું છે.

**એડમિરલ લૉર્ડ નેલ્સન:** (ઇ. સ. ૧૭૫૮–૧૮૦૫) નેલ્સનનો જન્મ ઇ. સ. ૧૭૫૮માં થયો હતો. નાનપણથીજ તેના શરીરનો બાંધો નબળો હતો; પણ તેનું મનોબળ અતુલ હતું. કલાઈવની માફક શાળાના જીવનમાં તેણે ઘણાં પરાક્રમો કર્યાં હતાં. બાર વર્ષની વયે તેણે ખલાસી તરીકે કેળવણી લેવા માંડી. ઇ. સ. ૧૭૭૭માં તે લેફ્ટેનન્ટ બન્યો. ટુલોનના ઘેરા વખતે અને સેન્ટ વિન્સેન્ટના યુદ્ધમાં તેણે બહાદુરી બતાવી નામના મેળવી. ઇ. સ. ૧૭૯૭માં તે નૌકાસૈન્યનો સેનાપતિ નીમાયો.

જ્યારે નેપોલિયન ઇજિપ્તને રસ્તે થઈ હિંદ જવાનાં સ્વપ્નાં સેવી રહ્યો હતો, ત્યારે નેલ્સને તેની પુંઠ પકડી; અને અબુકર બેના અખાતમાં લંગર નાખીને પડેલા નેપોલિયનના કાફલા પર હુમલો કર્યો. આ યુદ્ધ ઇતિહાસમાં **'નાઈલના યુદ્ધ'**ને નામે ઓળખાય છે. આજ યુદ્ધમાં નેલ્સને ફ્રેન્ચ કાફલાનો સંપૂર્ણ નાશ કર્યો. નેલ્સનના આ પરાક્રમને લીધે નેપોલિયન ઇજિપ્તમાં કેદી સમાન બન્યો; કારણ કે તેને ફ્રાન્સથી મળતી મદદ બંધ થઈ. ત્યારપછી નેલ્સને કોપનહેગનના યુદ્ધમાં ડેન લોકોના કાફલાનો નાશ કર્યો, ઇ. સ. ૧૮૦૧. નેપોલિયને ઈંગ્લેન્ડ પર ચડાઈ કરવા ફ્રાન્સની ઉત્તરે બ્રેસ્ટ બંદરે અને દક્ષિણે ટુલોન બંદરે નૌકાસૈન્ય તૈયાર રાખ્યું હતું. કેડિઝ બંદરે રહેલો સ્પેનિશ કાફલો પણ ફ્રેન્ચોને મદદ કરવા તૈયાર હતો. અંગ્રેજ નૌકાસૈન્યે બ્રેસ્ટ બંદરને ઘેરો ઘાલ્યો હતો. એ અરસામાં નેપોલિયને પોતાના નૌકાસૈન્ય સાથે વેસ્ટ ઇન્ડિઝ તરફ કૂચ કરવાનો દેખાવ કરવાનો બેત રચ્યો. આથી નેલ્સને તેમની પુંઠ પકડી; પણ તે તો નિરાશ થઈ પાછો આવ્યો. એ વખતે **'ટ્રફાલ્ગર'** ભૂશિર આગળ અંગ્રેજ અને ફ્રેન્ચ નૌકાસૈન્ય વચ્ચે ખુનખાર યુદ્ધ થયું. તેમાં નેલ્સને ફ્રેન્ચ કાફલાનો નાશ કર્યો, અને તેથી અંગ્રેજોને વિજય મળ્યો,

ઇ. સ. ૧૮૦૫. પરંતુ જેમ વુલ્ફે જીત મેળવી પ્રાણ છોડયો, તેમ નેલ્સન પણ ગોળી વાગવાથી આ લડાઈમાં મરણ પામ્યો, ઇ. સ. ૧૮૦૫. તેણે આ યુદ્ધમાં પોતાના સૈનિકોને એવો સંદેશો આપ્યો હતો, કે "દરેક માણસ પોતાની ફરજ બજાવશે એમ ઈંગ્લેન્ડ ઇચ્છે છે." (England expects everyman to do his duty.)

નેલ્સને પોતાના પરાક્રમથી ઈંગ્લેન્ડને ફ્રેન્ચોના હુમલામાંથી ઉગારી લીધું એટલુંજ નહિ, પણ નેપોલિયનની વધતી જતી સત્તા પર સખત ફટકો લગાવ્યો. તેણે કટોકટીને પ્રસંગે દેશની અદ્‌ભુત સેવા બજાવી ઈંગ્લેન્ડના **'તારણહાર'** તરીકે કીર્તિ સંપાદન કરી. લૉર્ડ ટેનિસન તેને માટે લખે છે કે–"અત્યાર સુધી ઉત્પન્ન થએલા ખલાસીઓમાં નેલ્સનને પ્રથમ પદે મૂકી શકાય."

**ડયુક ઑાવ્ વેલિંગ્ટન:** હિંદની અંદર "સહાયકારી લશ્કરની યોજના"થી બ્રિટિશ સામ્રાજ્યને સાર્વભૌમ બનાવનાર માર્કિવસ ઑાવ્ વેલેસ્લીનું નામ તો તમે જાણો છો. આર્થર વેલેસ્લી જે પાછળથી નેપોલિયનને હરાવી ડયુક ઑાવ્ વેલિંગ્ટન બન્યો, તે માર્કિવસ ઑાવ્ વેલેસ્લીનો નાનો ભાઈ થાય. તેનો જન્મ ઇ. સ. ૧૭૬૯માં થયો હતો. લશ્કર ખાતામાં તાલીમ મેળવી તે ઇ. સ. ૧૭૯૭માં હિંદમાં આવ્યો. આ રીતે તેણે હિંદની ભૂમિ ઉપર પોતાની કારકીર્દિ શરૂ કરી, અને પોતાના ભાઈને હિંદમાં કંપનિની સત્તા સર્વોપરિ બનાવવામાં મદદ કરી. બીજા મરાઠા વિગ્રહમાં તેણે સિંધીઆ અને ભોંસલેને અસાઈ અને આરગામ આગળ હરાવી નામના મેળવી, ઇ. સ. ૧૮૦૩. તે ઇ. સ. ૧૮૦૫માં ઈંગ્લેન્ડ પાછો ફર્યો. એ અરસામાં યુરોપમાં નેપોલિયનની હાક વાગી રહી હતી, અને ઈંગ્લેન્ડને પણ એ યુદ્ધોમાં ઉતરવું પડયું હતું. સ્પેનના દ્વીપકલ્પ પર લડાતા વિગ્રહોમાં આર્થર વેલેસ્લીએ પોતાની કુનેહ અને યુદ્ધકુશળતાથી અંગ્રેજોનો બચાવ કર્યો એટલુંજ નહિ, પણ ફ્રેન્ચોને સાલામાન્કા અને ટુલુઝના યુદ્ધમાં હરાવી દ્વીપકલ્પીય યુદ્ધની પૂર્ણાહુતિ કરી. એ પછી વેલિંગ્ટને પરાક્રમી અને જયવંત સૈન્ય સહિત ફ્રાન્સની "પુણ્ય ભૂમિ"માં પગલાં માંડયાં. આથી તેને 'ડયુક ઑાવ્ વેલિંગ્ટન'નો ઇલ્કાબ આપવામાં આવ્યો. ત્યારબાદ તેણે ઇ. સ. ૧૮૧૫માં નેપોલિયનને વૉટર્લુના યુદ્ધમાં હરાવી અદ્વિતીય સેનાપતિ તરીકે આખા યુરોપમાં નામના મેળવી.

એ પછી વેલિંગ્ટને રાજકારણમાં ભાગ લેવા માંડયો. ઇ. સ. ૧૮૧૮માં તે મુખ્ય પ્રધાન બન્યો. તે ચુસ્ત ટોરી હોવાથી પાર્લમેન્ટના સુધારાની વિરુદ્ધ હતો. તેનું પાર્લમેન્ટના સુધારા વિરુદ્ધનું ભાષણ સાંભળી લોકો ઉશ્કેરાયા, અને ઇ. સ. ૧૮૩૦ની નવી ચૂંટણીમાં તેની હાર થઈ. ઇ. સ. ૧૮૩૧નો સુધારાનો ખરડો પસાર ન થવા દેવા તેણે અમીરોની સભામાં સખત વિરોધ કર્યો હતો. પરંતુ સમરાંગણમાં વિજયની પરંપરાઓ મેળવનાર લોખંડી ડયુક પ્રજા સાથેના આ યુદ્ધમાં લોકપ્રિયતા ગુમાવી બેઠો. તેના અમલ દરમિઆન ઇ. સ. ૧૮૨૯માં "રોમન કેથોલિક બંધનમુક્તિ"નો ખરડો પસાર થયો. આથી રોમન કેથોલિકો સામેનાં લગભગ સર્વે બંધનો દૂર કરવામાં આવ્યાં. તે ઇ. સ. ૧૮૫૨માં મરણ પામ્યો.

સમરાંગણમાં વેલિંગ્ટનનું નામ સાંભળી શત્રુઓ ધ્રૂજી ઊઠતા; અને ઈંગ્લેન્ડના લોકો વૉટર્લુના એ વિજેતા તરફ સન્માનની લાગણીથી જોતા. પરંતુ મુત્સદ્દી તરીકે તે એટલો બધો લોકપ્રિય નીવડયો નહિ.

**વિલિયમ વિલ્બરફોર્સઃ** (ઇ. સ. ૧૭૫૯–૧૮૩૩) આ પરોપકારી પુરુષનો જન્મ ઇ. સ. ૧૭૫૯માં થયો હતો. ઇ. સ. ૧૭૭૨ની સાલ સુધી તો ઈંગ્લેન્ડમાં ગુલામોનો વેપાર ધમધોકાર ચાલતો. લિવરપૂલના વેપારીઓ ગુલામો પકડી લાવવા માટે પોતાના માણસોને વહાણો આપી મોકલતા. આ ગુલામો ઉપર અત્યંત ત્રાસ વર્તાવવમાં આવતો, અને ત્યારપછી તેમને વેસ્ટ ઇન્ડિઝ ટાપુઓમાં વેચી દેવામાં આવતા. વિલિયમ વિલ્બરફોર્સનું કરુણ હૃદય આ ગુલામો ઉપર વર્તાવવામાં આવતા ત્રાસનું વર્ણન સાંભળી તથા તેમની દયાજનક સ્થિતિ જોઈ પીગળ્યું, અને ત્યારપછી એ '**દીનબંધુ**'એ મનુષ્યજાતિ ઉપરના આ મહાન્ કલંકને દૂર કરવા કમર કસી. એક ચુસ્ત ખ્રિસ્તી તરીકે તે માનતો હતો કે ગોરાઓને સ્વતંત્રતા અને સમાનતાના જેટલા હકો છે, તે હકોથી એ કાળી પ્રજા શા માટે વિમુખ હોવી જોઈએ? આથી તેણે ગુલામી દૂર કરવા આજીવન ભગીરથ પ્રયત્નો આદર્યા. તેના આ કાર્યમાં ક્લાર્કસન, શાર્પ અને બીજા દયાળુ ગૃહસ્થોએ સાથ આપ્યો. તેમણે ચોપાનીઆં, લેખો અને ભાષણોદ્વારા આ અમાનુષી કૃત્ય તરફ પ્રજાનું લક્ષ દોર્યું. બર્કે તેને ટેકો આપ્યો, અને તરુણ પિટ્ટે તો ગુલામી રદ કરવા પાર્લમેન્ટમાં ખરડો રજુ

કર્યો; પણ સંજોગો અનુકૂળ નહિ હોવાથી તે પસાર થઈ શકયો નહિ. વિલ્બરફોર્સે પાર્લમેન્ટમાં દાખલ થઈ તે સંબંધી ચળવળ ચલાવી, અને ઇ. સ. ૧૮૦૭માં તેણે બ્રિટિશ ટાપુઓમાંથી ગુલામી રદ કરાવી. ત્યારબાદ સમગ્ર બ્રિટિશ સામ્રાજ્યમાંથી ગુલામી દૂર કરવાને તેણે પ્રયત્નો આદર્યા. છેવટે ઇ. સ. ૧૮૩૩માં તેના જીવનનું સ્વપ્ન ફળ્યું; અને સમગ્ર બ્રિટિશ સામ્રાજ્યમાંથી ગુલામીની પ્રથા નાબુદ કરવામાં આવી. પરિણામે ગુલામોને છોડાવવા બ્રિટિશ પાર્લમેન્ટે બે કરોડ પૌન્ડ મંજુર કર્યા. પોતાનું ધ્યેય આમ પાર પડેલું જોઈ તે ઇ. સ. ૧૮૩૩માં શાંતિથી મરણ પામ્યો. તેણે ગુલામોના એટલા બધા આશીર્વાદો મેળવ્યા, કે જેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે.

**સર રોબર્ટ પીલ**: સર રોબર્ટ પીલનો જન્મ ઇ. સ. ૧૭૮૮માં થયો હતો. તેનો પિતા સાધનસંપન્ન હોવાથી તેણે રાજકીય જીવનમાં ઝંપલાવ્યું, અને ઇ. સ. ૧૮૦૯માં તે પાર્લમેન્ટમાં દાખલ થયો. બીજેજ વર્ષે તે આયર્લૅન્ડનો મદદનીશ મંત્રી બન્યો, અને ઇ. સ. ૧૮૧૨માં મુખ્ય મંત્રી થયો. ઇ. સ. ૧૮૨૨માં તે સ્વદેશખાતાનો મંત્રી બન્યો; પણ પાર્લમેન્ટના આગેવાન તરીકે તો તેની કારકીર્દિ ઇ. સ. ૧૮૨૮થી શરૂ થઈ ગણાય. તે ટોરી હતો, અને તેથી તે પાર્લમેન્ટના સુધારાની વિરુદ્ધ હતો. આથી ઇ. સ. ૧૮૩૦માં તે પદભ્રષ્ટ થયો. ફરીથી ઇ. સ. ૧૮૪૧માં ટોરી લોકો સત્તામાં આવતાં તે મુખ્ય પ્રધાન બન્યો. તેના પ્રધાનમંડળમાં ડ્યુક ઑવ્ વેલિંગ્ટન અને ગ્લૅડસ્ટન જેવા પ્રતિભાશાળી પુરુષો ભળ્યા હતા.

**નાણાંશાસ્ત્રી પીલ**: આર્થિક બાબતોમાં પીલ વૉલ્પોલ અને નાના પિટ્ટને અનુસરનારો હતો. તે નિરંકુશ વ્યાપારની પદ્ધતિમાં માનતો હોવાથી તેણે આયાત–નિકાસ પરના ઘણા વેરા રદ કર્યા. આથી ઈંગ્લેન્ડના વ્યાપાર-ઉદ્યોગોને ઉત્તેજન મળ્યું, અને ગરીબો પરથી કરનો બોજો હળવો થયો. આ ખોટ પૂરવા માટે તેણે દેશના ઇતિહાસમાં કોઈ વખત નહિ લેવાએલો એક પૌન્ડે સાત પેન્સનો આવકવેરો દાખલ કરી દેશની નાણાં સંબંધી સ્થિતિને સંગીન પાયા પર લાવી મૂકી. તેણે ઇ. સ. ૧૮૪૪માં બેન્ક ચાર્ટર ઍક્ટ પસાર કરી ઈંગ્લેન્ડની બેન્કની ચલણી નોટો કાઢવાની સત્તાને મર્યાદિત બનાવી.

આથી બેન્કની કીર્તિ વધી, લોકોનો વિશ્વાસ દૃઢ થતો ગયો, અને ચલણ-પદ્ધતિમાં સ્થિરતા આવી.

**સુધારક પીલ:** જો કે પીલ ટોરી હોવાથી તેના તરફથી મોટા સુધારાની આશા ન રાખી શકાય, તોપણ આયરિશ રોમન કેથોલિકોની સ્થિતિ સુધારવા તેણે આયર્લૅન્ડમાં એક પાઠશાળા સ્થાપી, તથા આયરિશ ખેડુતોની સ્થિતિ સંબંધી તપાસ કરવા એક કમિશન નીમ્યું. એ અરસામાં ઇ. સ. ૧૮૪૫માં આયર્લૅન્ડમાં મોટો દુકાળ પડયો. આથી કમિશને દર્શાવેલી સૂચનાઓનો અમલ થઈ શકયો નહિ. દુકાળે એવું ભયંકર સ્વરૂપ ધારણ કર્યું, કે એ પરિસ્થિતિમાં '**અનાજનો કાયદો**' ચાલુ રાખવો એ પીલને ઠીક લાગ્યું નહિ. આથી તેણે ઇ. સ. ૧૮૪૬માં એ કાયદો રદ કરાવ્યો, અને અમેરિકાથી મકાઈ મંગાવી આયર્લૅન્ડ મોકલાવી. તેણે કારખાનાંમાં કામ કરતા મજુરોની સ્થિતિ સુધારવાને પણ યત્ન કર્યા. તેણે સ્ત્રીઓને અને છોકરાંને કોલસાની ખાણોમાં કામ કરતાં અટકાવ્યાં. તેણે લંડન શહેરનો બંદોબસ્ત રાખવાને પોલીસની વ્યવસ્થા કરી. આ પોલીસ "**પીલાઇટસ**" અથવા "**બૉબીઝ**"ના નામથી ઓળખાય છે. એ ઉપરાંત તેણે ફોજદારી કાયદામાં પણ સુધારા કર્યા. નજીવા ગુના માટે તે વખતે ફાંસીની સજા કરવામાં આવતી હતી, તેમાં તેણે સુધારો કર્યો.

**પીલની પરરાજ્યનીતિ:** પીલના પ્રધાનમંડળમાં લૉર્ડ એબર્ડિન પરદેશમંત્રી હતો. પરરાજ્યનીતિમાં પીલ શાંતિને ચાહનાર હતો. આથી તેના કારભાર દરમિઆન ઈંગ્લેન્ડને બીજા દેશો સાથે યુદ્ધમાં ઉતરવાનો પ્રસંગ આવ્યો નથી. તેના વખતમાં અફઘાનિસ્તાન સાથે સંધિ થઈ, અને હોંગકોંગ બંદર અંગ્રેજોને મળ્યું, ઇ. સ. ૧૮૪૨. એબર્ડિન અને ફ્રાન્સના પરદેશમંત્રી ગીઝો વચ્ચે સારો સંબંધ હોવાથી ફ્રાન્સ સાથે મૈત્રી જળવાઈ રહી.

ઇ. સ. ૧૮૪૬માં આયરિશ પ્રશ્ન સંબંધી મતભેદ પડતાં પીલે રાજીનામું આપ્યું. તે ઇ. સ. ૧૮૫૦માં મરણ પામ્યો.

**લૉર્ડ પામર્સ્ટન:** વિકટોરિઅન યુગમાં ઈંગ્લેન્ડની પરરાજ્યનીતિમાં માથું મારી ઈંગ્લેન્ડની કીર્તિ ઉજ્જવળ બનાવનાર પ્રધાનોમાં પામર્સ્ટનનું નામ ગણી શકાય. તેનો જન્મ ઇ. સ. ૧૭૮૪માં થયો હતો. તે ઇ. સ. ૧૮૦૭માં પ્રથમ પાર્લમેન્ટમાં દાખલ થયો. ઇ. સ. ૧૮૦૮માં નૌકાખાતાના બોર્ડનો તે

સભ્ય બન્યો. ઈ. સ. ૧૮૦૯–૧૮૨૮ સુધી તે યુદ્ધખાતાનો મંત્રી રહ્યો. ઈ. સ. ૧૮૩૧થી ૧૮૪૧ સુધી તે પરદેશખાતાનો પ્રધાન રહ્યો. ઈ. સ. ૧૮૪૧થી ૧૮૪૬ સુધી તે સત્તાવિમુખ રહ્યો; પણ જ્યારે ઈ. સ. ૧૮૪૬માં લૉર્ડ રસેલ મુખ્ય પ્રધાન બન્યો, ત્યારે તેને પરદેશખાતાના પ્રધાનની પદવી મળી. ઈ. સ. ૧૮૫૫માં તે પહેલી વાર વડો પ્રધાન બન્યો, અને તે હોદ્દા પર તે ત્રણ વર્ષ રહ્યો. ઈ. સ. ૧૮૫૮ની રાજ્યક્રાંતિ વખતે તેણે સંગીન કાર્ય કરી બતાવ્યું, પણ એજ સાલમાં તેને રાજીનામું આપવું પડયું. વળી પાછો બીજે વર્ષે તે ફરીથી સત્તામાં આવ્યો, અને ઈ. સ. ૧૮૬૫માં તે મરણ પામ્યો ત્યાં સુધી વડો પ્રધાન રહ્યો.

**પામર્સ્ટનની પરરાજ્યનીતિ** : પામર્સ્ટન આંતરનીતિમાં રૂઢિચુસ્ત હતો, પણ મુક્તિને માટે પ્રયત્નો કરનારાં બીજાં રાષ્ટ્રો તરફ સહાનુભૂતિની નજરથી જોતો. તેની દેશાંતરનીતિનાં સૂત્રો આ પ્રમાણે ગણાવી શકાય: (૧) બ્રિટિશ સામ્રાજ્ય અને બ્રિટિશ ગૌરવમાં વૃદ્ધિ કરવી, અને ઈંગ્લેન્ડની કીર્તિ પરરાજ્યમાં ફેલાવવી. (૨) રશિઆને તુર્કસ્તાન તરફ આગળ વધતું અટકાવવું, અને તુર્કસ્તાનનું સામ્રાજ્ય અખંડિત જાળવી રાખવું. (૩) રાષ્ટ્રની મુક્તિને માટે પ્રયત્ન કરનારાં રાષ્ટ્રોને મદદ આપવી, અને તેમના તરફ સહાનુભૂતિ બતાવવી. આવી પરરાજ્યનીતિ અમલમાં મૂકી જો કે તેણે કેટલીક વખત મહારાણીનો રોષ પણ વહોરી લીધો, પણ તે કોઈની પરવા કરે તેવો ન હતો. તેની સહાનુભૂતિ અને સૂચનાથી બેલ્જીયમ સ્વતંત્ર થયું; અને વિકટર ઇમાન્યુઅલે ઈટલીને એકત્ર કર્યું. રશિઆને તુર્કસ્તાન તરફ આગળ વધતું અટકાવવાને તેણે ક્રિમિઅન વિગ્રહમાં ભાગ લીધો. પરિણામે રશિઆની ભૂમધ્ય સમુદ્ર તરફ આગળ વધવાની મહત્ત્વાકાંક્ષા નાશ પામી.

જેમ રોમન લોકો 'રોમન' નામમાં ગર્વ લેતા, તેમ તે 'અંગ્રેજ' નામમાં ગર્વ લેતો; અને તેની ખાતર ગમે તેવું સાહસ ખેડવા તે તત્પર બનતો. એવાજ એક નજીવા કારણસર તેણે ઈંગ્લેન્ડને ચીન સાથે યુદ્ધમાં ઉતાર્યું.

એ ઉપરાંત તેણે સ્પેન અને પોર્ટુગલના રાજકારણમાં માથું મારી ત્યાંના હકદાર વારસોને ગાદી અપાવી. ઈ. સ. ૧૮૬૩માં પોલેન્ડના પોલ લોકોએ રશિઆ વિરુદ્ધ બંડ ઉઠાવ્યું. આ તકનો લાભ લઈ પ્રશિઆના બિસ્માર્કે

ઈંગ્લેન્ડને તટસ્થ રાખી ડેનમાર્કની પાસેથી શ્લેસ્વિગ અને હોલ્સ્ટેઈન પરગણાં લઈ લીધાં, અને ત્યારબાદ બિસ્માર્કે ઑસ્ટ્રિઆને હરાવી જર્મન મહારાજ્યનો પાયો નાખ્યો. પામર્સ્ટનની પરરાજ્યનીતિ આ વખતે ધાર્યું કામ આપી શકી નહિ. 'અલાબામા' વહાણના પ્રશ્નમાં પામર્સ્ટને સમાધાન કરાવ્યું.

આ ઉપરથી પામર્સ્ટનની ઉગ્ર પરદેશનીતિનો ખ્યાલ આવી શકે એમ છે. ઈંગ્લેન્ડની આંતરનીતિમાં તેણે કાંઈ ખાસ અગત્યનું કાર્ય કર્યું નથી. તે પાર્લમેન્ટના બંધારણના સુધારાની વિરુદ્ધ હતો. આથીજ તેને માટે એમ કહેવાય છે કે "તે આંતરનીતિમાં કૉન્ઝર્વેટિવ અને પરદેશનીતિમાં લિબરલ હતો."

**ગ્લેડસ્ટન:** વિકટોરિઅન યુગના અનેક તેજસ્વી મુત્સદ્દીઓમાં ગ્લેડસ્ટનનું નામ આજ પણ એક પ્રકાશિત તારાની માફક ઈંગ્લેન્ડના રાજકારણમાં ઝળહળી રહ્યું છે. તેનો જન્મ ઇ. સ. ૧૮૦૯માં લિવરપૂલમાં થયો હતો. તે ઇ. સ. ૧૮૩૨માં પાર્લમેન્ટમાં પહેલવહેલો દાખલ થયો. પીલ તેની શક્તિથી અંજાયો. આથી તેણે તેને નૌકાખાતામાં જગા આપી. ઇ. સ. ૧૮૩૫માં પીલે રાજીનામું આપ્યું, એટલે એ પણ નિવૃત્ત થયો. ફરીથી ઇ. સ. ૧૮૪૧માં પીલના પ્રધાનમંડળમાં તે વેપારખાતાનો મંત્રી બન્યો. ઇ.સ. ૧૮૪૬માં તે સંસ્થાન-ખાતાનો મંત્રી થયો. ઇ. સ. ૧૮૫૦–૫૧માં તે ઇટલી ગયો. ત્યાંના નેપલ્સ રાજાનો જુલમ જોઈ તેનું હૃદય પીગળી ગયું, અને ત્યારથી તે લિબરલ બન્યો. ઇ. સ. ૧૮૫૨માં ફરીથી તે એબર્ડિનના સંયુક્ત પ્રધાનમંડળમાં ખજાનચી થયો, અને તેણે ક્રિમિઅન વિગ્રહના ખર્ચને પોતાની સંગીન આર્થિક નીતિથી નીભાવ્યું. તેણે ઇ. સ. ૧૮૫૫માં રાજીનામું આપ્યું, ત્યારપછી ફરીથી ઇ. સ. ૧૮૫૯માં તે પામર્સ્ટનના પ્રધાનમંડળનાં ખજાનચી થયો, અને ઇ. સ. ૧૮૬૫માં પામર્સ્ટનના મૃત્યુ બાદ તે આમની સભામાં આગેવાન બન્યો. ઇ. સ. ૧૮૬૮માં તે વડો પ્રધાન બન્યો, અને ૭ વર્ષ સુધી એ પદે કાયમ રહ્યો. ત્યારપછી ફરીથી તે ઇ. સ. ૧૮૮૦માં, ત્યારપછી ઇ. સ. ૧૮૮૬માં અને ઇ. સ. ૧૮૯૩માં એમ એકંદરે ચાર વખત તે મુખ્ય પ્રધાન બન્યો.

**અર્થશાસ્ત્રી ગ્લેડસ્ટન:** એક સમર્થ અર્થશાસ્ત્રી તરીકે ગ્લેડસ્ટને ઘણા સુધારા કર્યા, અને ઈંગ્લેન્ડની આર્થિક સ્થિતિને સંગીન પાયા પર મૂકી. તરુણ પિટ્ટની માફક તે પણ પ્રખ્યાત અર્થશાસ્ત્રી આદમ સ્મિથનો અનુયાયી

હતો. તેણે ખર્ચમાં કાપકૂપ કરી, આયાત–નિકાસ પરની ઘણી જકાતો કાઢી નાખી, અને નિરંકુશ વ્યાપારની પદ્ધતિ દાખલ કરી. **“શાંતિ, કરકસર અને સુધારા”** એ તેનું મુખ્ય સૂત્ર હતું. તેણે ફ્રાન્સ જોડે સંધિ કરી, એટલે બ્રિટિશ માલ વગર જકાતે ફ્રાન્સમાં જવા લાગ્યો. તેણે કાગળ ઉપરની જકાત કાઢી નાખી, અને ચા તથા ખાંડ પરની જકાત ઓછી કરી અંગ્રેજ પ્રજાનો નાસ્તો સસ્તો બનાવ્યો. તેણે આવકવેરો પણ ઘટાડી નાખ્યો. પરંતુ ખર્ચોને પહોંચી વળવા લશ્કર અને નૌકાસૈન્યમાં ઘટાડો કર્યો. એ સિવાય દરેક ખાતામાં કરકસર દાખલ કરી. ગ્લેડસ્ટનની ખરી ખુબી તો એ હતી, કે તેણે આટલા આટલા વેરા ઓછા કર્યા, છતાં પણ તેનાં અંદાજપત્રોમાં બચત રહેતી. આ બચતની રકમ તેણે રાષ્ટ્રનું દેવું ઓછું કરવામાં વાપરી. આમ ગ્લેડસ્ટને નિરંકુશ વ્યાપારની પદ્ધતિ દાખલ કરી ઈંગ્લેન્ડના વ્યાપારને ઉત્તેજન આપ્યું. તેને પરિણામે દેશ સમૃદ્ધ થયો. “ઓછા વેરા અને ઓછો ખર્ચ” એ સિદ્ધાંત અમલમાં મૂકી તેણે નાણાંશાસ્ત્રી તરીકે નામના મેળવી.

**સુધારક ગ્લેડસ્ટન:** ગ્લેડસ્ટનના પહેલા કારભાર દરમિઆન (ઇ. સ. ૧૮૬૮–૧૮૭૪) તેણે ઘણા સુધારા કર્યા. (૧) **કેળવણી વિષયક સુધારા:** તેણે ઇ. સ. ૧૮૭૦માં ફોર્સ્ટરની મદદથી ફરજિઆત કેળવણીનો કાયદો પસાર કરી બાર વર્ષ સુધીનાં બાળકોને શાળામાં ફરજિઆત મોકલવાની ગોઠવણ કરી. (૨) **સૈન્યમાં સુધારા:** કાર્ડવેલે ઇ. સ. ૧૮૭૧માં લશ્કરી સુધારાનો ખરડો પસાર કરી, લાંચરૂશ્વતની પ્રથાને દૂર કરી. (૩) તેણે ઇ. સ. ૧૮૭૨માં ગુપ્ત રીતે મત આપવાની પ્રથા (Voting by ballot) દાખલ કરી. (૪) વળી તેણે મજુરમંડળોને કાયદેસર ઠરાવનારો કાયદો પસાર કરાવ્યો. (૫) આયરિશ પ્રશ્નમાં તેણે ઉદારતાથી ભાગ લીધો, અને આયર્લેન્ડને કલંક સમાન ત્યાંનું પ્રોટેસ્ટન્ટ દેવળ કાઢી નાખ્યું. એ ઉપરાંત આયરિશ ખેડુતોનાં દુ:ખો દૂર કરવા તેણે ઇ. સ. ૧૮૭૦માં “આયરિશ લેન્ડ ઍક્ટ” પસાર કર્યો. આથી એમ ઠરાવવામાં આવ્યું, કે સબળ કારણ સિવાય જમીનદાર ખેડુતને કાઢી મૂકે નહિ; અને જો તે તેમ કરે તો ખેડુતને જમીનમાં સુધારા કરવાને કરેલા ખર્ચ બદલ નુકસાની ભરી આપે. વળી તેણે આયર્લૅન્ડમાં કેળવણીને ઉત્તેજન આપવા પ્રયત્ન કર્યો; પરંતુ ફીનીઅન ચળવળ બંધ પડી નહિ.

ગ્લેડસ્ટને બીજા કારભાર દરમિઆન (ઇ. સ. ૧૮૮૦–૮૫) આયરિશ પ્રશ્ન હાથમાં લીધો. ઇ. સ. ૧૮૮૧માં તેણે આયરિશ લોકોને સંતોષવા જમીન સંબંધી બીજો ખરડો ઘડયો. આથી ખેડુતો અને જમીનદારોના ઝગડાનો નિકાલ લાવવા એક 'લેન્ડ કોર્ટ' સ્થાપવામાં આવી; પણ તેનું શુભ પરિણામ આવ્યું નહિ. આયર્લૅન્ડમાં તો ચળવળ ચાલુજ રહી. આથી છેવટે તેને ખાતરી થઈ, કે આયર્લૅન્ડને 'હોમરૂલ' આપ્યા સિવાય છૂટકોજ નથી.

ગ્લેડસ્ટને ઇ. સ. ૧૮૮૪–૮૫માં પાર્લમેન્ટના સુધારાનો ખરડો પસાર કરાવ્યો. આથી સાધારણ ખેડુતોને અને મજુરોને પણ મતાધિકાર મળ્યો, અને પાર્લમેન્ટ લગભગ સંપૂર્ણ પ્રતિનિધિત્વવાળી થઈ.

ગ્લેડસ્ટનના બીજા અને ત્રીજા કારભાર દરમિઆન તેણે આયરિશ પ્રશ્નનો છેવટનો નિકાલ લાવવાના ઇરાદાથી 'હોમરૂલ બિલ' રજુ કર્યું; પરંતુ આ વખતે તેના પોતાના સાથીઓ વિરુદ્ધ પડયા, અને તેમણે લિબરલ–યુનિયનિસ્ટ પક્ષ સ્થાપ્યો. આ પછી એ જ્યારે ચોથી વખત વડો પ્રધાન થયો, ત્યારે તેણે ફરીથી આયરિશ 'હોમરૂલ બિલ' રજુ કર્યું. આ વખતે પણ તેનો પ્રયત્ન નિષ્ફળ નીવડયો. ત્યારપછી તે રાજકીય ક્ષેત્રમાંથી નિવૃત્ત થયો.

**દેશાંતરનીતિ:** ગ્લેડસ્ટનની દેશાંતરનીતિ નિર્માલ્ય હતી. તે શાંતિને ચાહનાર હતો. આથી આફ્રિકામાં ટ્રાન્સવાલના બોર લોકોએ બળવો કર્યો, ત્યારે તેણે તેમને સ્વરાજ્ય આપી સંતોષ્યા. ઇજિપ્તમાં અરબી પાશાની આગેવાની હેઠળ બળવો જાગ્યો, તેનું પણ સમાધાન કરવાનું વચન આપી તેણે લશ્કર પાછું ખેંચી લીધું. આયર્લૅન્ડમાં પાર્નેલની સરદારી નીચે સ્વરાજ્યની ચળવળ પૂર જોસમાં ચાલી. આમ પરરાજ્યનીતિ સંબંધી ગ્લેડસ્ટનનું વલણ શાંતિભર્યું હતું.

આ ઉપરથી સમજી શકાય છે કે ગ્લેડસ્ટનમાં ત્રુટિઓ તો હતી, પરંતુ તેની કામ કરવાની ધગશ અને ઉચ્ચ સ્વદેશપ્રેમ આગળ તે ઢંકાઈ જતી.

**ડિઝરાયેલી:** (ઇ. સ. ૧૮૦૪–૧૮૮૧.) બેન્જામિન ડિઝરાયેલીનો જન્મ ઇ. સ. ૧૮૦૪માં લંડનમાં થયો હતો. તે મૂળ યહુદી હતો; પણ ખ્રિસ્તી ધર્મનો ઉપાસક હતો. વીસ વર્ષની વયે તેણે "વિવિયન ગ્રે" નામની નવલકથા લખી અંગ્રેજ પ્રજાનું ધ્યાન ખેંચ્યું. ઇ. સ. ૧૮૩૭માં તે પાર્લમેન્ટમાં દાખલ થયો. પાર્લમેન્ટમાં આપેલું તેનું પહેલું ભાષણ કોઈએ સાંભળ્યું નહિ, ત્યારે

તે બોલ્યો હતો કે "આજે તો તમે મને સાંભળતા નથી, પણ એવો વખત આવશે કે તમારે મને સાંભળવો પડશે." ઇ. સ. ૧૮૪૯માં તે કૉન્ઝર્વેટિવ પક્ષનો આગેવાન બન્યો. ઇ. સ. ૧૮૫૨માં, ઇ. સ. ૧૮૫૮માં અને ઇ. સ. ૧૮૬૭માં—એમ ત્રણ વાર તે ખજાનચી થયો. તેણે ઇ. સ. ૧૮૬૭માં પાર્લમેન્ટની સુધારણાનો ખરડો પસાર કરી ટોરી પક્ષના સિદ્ધાંતોમાં નવી ભાત પાડી. તે ઇ. સ. ૧૮૭૪થી ૧૮૮૦ સુધી વડો પ્રધાન રહ્યો. એ દરમિઆન તેણે ઘણા સુધારા કર્યા. તે ઇ. સ. ૧૮૮૦માં બીકન્સ-ફીલ્ડનો અર્લ બન્યો. બીજેજ વર્ષે તે મરણ પામ્યો, ઇ. સ. ૧૮૮૧.

**સામ્રાજ્યવાદી ડિઝરાયેલી:** પરરાજ્યનીતિમાં તે પામર્સ્ટનનો શિષ્ય હતો. તેની દેશાંતરનીતિ ઘણી તેજસ્વી નીવડી હતી. તેણે રશિઆની વધતી જતી સત્તા અટવાવવા હિંદમાંથી લશ્કર બોલાવી માલ્ટામાં રાખ્યું, અને લડાઈની બધી તૈયારી કરી હતી. એથી રશિઆ ડરી ગયું, અને બર્લિનમાં પરિષદ્ મળી. ડિઝરાયેલીએ આ પરિષદ્‌માં આગળ પડતો ભાગ લઈ બર્લિનની સંધિ કરી, અને ટર્કીના સામ્રાજ્યની હદ મુકરર કરી. આ "માનભરી સુલેહ" પછી તે ઈંગ્લેન્ડ પાછો ફર્યો. બ્રિટનના હિતની ખાતર ઈંગ્લેન્ડે પરરાજ્યમાં પણ માથું મારવું જોઈએ, એમ તે માનતો. વળી તેણે સુએઝની નહેરના ૪૦ લાખ પૌન્ડની કિંમતના શેરો ખરીદી લઈ દુનિયાનો મહાન્ જળમાર્ગ હસ્તગત કર્યો. આમ પરરાજ્યનીતિમાં ડિઝરાયેલીએ ઈંગ્લેન્ડની કીર્તિ વધારી.

**સુધારક ડિઝરાયેલી:** જો કે તે કૉન્ઝર્વેટિવ હતો, પણ સુધારામાં માનતો હોવાથી તેણે જરૂરના સુધારા કરવામાં પાછી પાની કરી નથી. તેણે ઇ. સ. ૧૮૬૭માં પાર્લમેન્ટની સુધારણાનો ખરડો પસાર કરી કારીગરો વગેરેને મતાધિકાર આપ્યો. ઇ. સ. ૧૮૭૫માં તેણે શહેરોની સુધરાઈ માટે એક કાયદો પસાર કરી મજુરોને માટે સારાં, હવા–ઉજાસવાળાં ઘરો બાંધવાની યોજના કરી. ઇ. સ. ૧૮૭૬માં મજુરવર્ગનાં મંડળો સંબંધી કાયદો પસાર કરી તે મંડળો કાયદેસર ગણવાનું તેણે નક્કી કર્યું. આથી મજુરોની સ્થિતિ સુધરી. ઇ. સ. ૧૮૭૭માં ઈંગ્લેન્ડની રાણી વિક્ટોરિઆને હિંદુસ્તાનનાં 'સમ્રાજ્ઞી'–પદ આપવાનો ખરડો તેણે પસાર કર્યો. ઇ. સ. ૧૮૭૮માં કારખાનાંને લગતો ખરડો પસાર કરી તેણે દસ વર્ષથી ઓછી વયનાં

છોકરાંઓને કારખાનાંમાં કામ કરવાની બંધી કરી. વળી સ્ત્રીઓને અઠવાડીઆમાં સાઠ કલાકથી વધુ કામ નહિ આપવું એમ ઠરાવ્યું.

આયર્લૅન્ડની બાબતમાં અને ધાન્યના પ્રશ્નમાં તેની નીતિ રૂઢિચુસ્ત હતી. ડિઝરાયેલીએ પાર્નેલની ચળવળને સખતાઈથી દાબી દીધી, અને ધાન્યનો કાયદો રદ ન કરવા તેણે પાર્લમેન્ટમાં સચોટ ભાષણો આપ્યાં હતાં.

ડિઝરાયેલીએ પોતાની સામ્રાજ્યવાદી નીતિથી ઈંગ્લેન્ડની પ્રતિષ્ઠા યુરોપમાં વધારી. આથીજ વિક્ટોરિઅન યુગના મહાન્ મુત્સદ્દીઓમાં ગ્લેડસ્ટન પછી ડિઝરાયેલીના નામની ગણતરી થાય છે.

**ડેનિયલ ઓકોનેલ:** ઓગણીસમા સૈકામાં આયરિશ પ્રશ્ને એવું તો વિકટ સ્વરૂપ ધારણ કર્યું, કે એ પ્રશ્નનો નિકાલ લાવવા જતાં અનેક મંત્રીમંડળો સત્તાભ્રષ્ટ થયાં. ઇ. સ. ૧૮૦૦માં તરુણ પિટ્ટે યુક્તિપૂર્વક આયર્લૅન્ડને ઈંગ્લેન્ડની સાથે જોડી દેનારો કાયદો પસાર કર્યો. પરંતુ તે સમયે રોમન કેથોલિકો સામેનાં બંધનો રદ કરવાનું જે વચન પિટ્ટે આપ્યું હતું, તે એ પાળી શક્યો નહિ. શાથી? જ્યૉર્જ ત્રીજાના વિરોધને લીધે. આથી વૉટર્લુની લડાઈ પછી આયરિશ પ્રજાએ એક પ્રતિભાશાળી વ્યક્તિની આગેવાની નીચે ચળવળ ઉપાડી. આ પ્રતિભાશાળી વ્યક્તિ એજ ડેનિયલ ઓકોનેલ. તે એક પ્રસિદ્ધ ધારાશાસ્ત્રી હતો, છટાદાર વક્તા હતો, અને કુશળ નેતા હતો. તેણે વિનોદમય અને જ્વલંત ભાષણોથી આયરિશ પ્રજાનાં મન સંપાદન કરી લીધાં. ઇ. સ. ૧૮૨૩માં તેણે 'રોમન કેથોલિક એસોસિએશન' નામની સંસ્થા સ્થાપી, અને ઠેરઠેર ભાષણો આપી તેણે સમગ્ર આયર્લૅન્ડને જાગૃત કરી દીધો.

ત્યારબાદ ઇ. સ. ૧૮૨૮માં તેણે કલેર પરગણા તરફથી પાર્લમેન્ટની ચૂંટણીમાં ઉમેદવારી કરી, અને તે બહુમતીથી ચુંટાયો. પાર્લમેન્ટે ત્રણ વખત તેની ચૂંટણી રદ કરી, અને ત્રણે વખત તે અસાધારણ બહુમતીથી ચુંટાયો. આથી વેલિંગ્ટનના પ્રધાનમંડળ સમક્ષ આ પ્રશ્ન એવો વિકટ બન્યો, કે પીલની સૂચનાથી તેણે "રોમન કેથોલિક બંધનમુક્તિ"નો ખરડો પસાર કર્યો, અને તેમને પાર્લમેન્ટમાં બેસવાની તેમજ બીજી દરેક છૂટ આપી. આમ તરુણ પિટ્ટ પણ જે કરી શક્યો નહોતો, તે આ વીર નરે કરી બતાવ્યું.

આ વિજય મળ્યા પછી ડેનિયલ ઓકોનેલે 'પરદેશી દેવળ'નો પ્રશ્ન

ઉપાડયો. આયરિશ લોકોને આ દેવળના નિભાવ માટે કરો (Tithe) ભરવા પડતા, એટલે આ દેવળ તેમને માટે એક અપમાન સમાન હતું. ઓકોનેલે જુસ્સાદાર ભાષણો આપી લોકોને એ કર ન ભરવાને ઉશ્કેર્યા. આથી તોફાનો થયાં. સરકારે તે દબાવવાને જેમ જેમ પ્રયત્નો કર્યા, તેમ તેમ આયર્લૅન્ડમાં અશાંતિ વધી. આથી લૉર્ડ મેલ્બોર્ને આયર્લૅન્ડ માટે પણ ગરીબીનો કાયદો ઘડી, તથા ધર્મસમાજ–વેરો જમીનદારો પાસેથી લેવાનો ઠરાવી, તેમને શાંત પાડવા યત્ન કર્યો, ઇ. સ. ૧૮૩૫.

ત્યારપછી રોબર્ટ પીલના પ્રધાનમંડળ દરમિઆન આયર્લૅન્ડ અને ઇંગ્લૅન્ડનો સંયોગ રદ કરી 'સ્વરાજ્ય' મેળવવા તેણે જોસભેર ચળવળ ઉપાડી. મામલો ગંભીર બનતો દેખી પીલે કડક પગલાં લીધાં. સભાબંધીનો કાયદો પસાર થયો, અને એક જંગી સભા અટકાવી. ઓકોનેલ તે હુકમને તાબે થયો. તેને પકડવામાં આવ્યો, અને કેદની સજા કરી; પણ પાછળથી અમીરો-ની સભાએ તેને છોડી મૂકયો. પરંતુ ઓકોનેલ સરકારના હુકમને તાબે થયો, એ વાત આયરિશ યુવાનોને ગમી નહિ. આથી આટલું આટલું આત્મબલિદાન આપનાર આ મહાન્ પુરુષને પણ જાહેર જીવનમાંથી નિવૃત્ત થવું પડયું. તે ઇ. સ. ૧૮૪૭માં મરણ પામ્યો.

આ મહાન્ દેશસેવકે અણીને વખતે માતૃભૂમિની મુક્તિ ખાતર બહાર પડી જે આત્મસમર્પણ કર્યું, તે પ્રશંસાપાત્ર કેમ ન બને ?

**પાર્નેલ:** ઓગણીસમા સૈકામાં આયરિશ પ્રશ્ન એટલો બધો બારીક બનતો ગયો, કે બ્રિટનના દરેક મુત્સદ્દીને તેમાં માથું મારવું પડયું. આયર્લૅન્ડમાં પ્રોટેસ્ટન્ટ જમીનદારો ગમે ત્યારે ખેડુતોને પોતાની જમીનમાંથી હાંકી કાઢતા; અને ખેડુતોએ કરેલી મહેનતનો બદલો પણ મળતો નહિ. એક તો ખેડુતોને મજુરી કરી ગુજરાન ચલાવવાનું રહ્યું, તેમાંએ જમીનદારોનો ત્રાસ તો ખરોજ. આ પરિસ્થિતિમાં પાર્નેલ નામના ત્યાંના જમીનદારેજ ગ્લેડસ્ટનના બીજા પ્રધાનમંડળ દરમિઆન ખેડુતોની સ્થિતિ સુધારવા ચળવળ ઉપાડી. તેણે ત્રણ માગણીઓ કરી. (૧) વાજબી વિઘોટી, (૨) વેચાણનો હક, અને (૩) ભોગવટા માટે ચોકકસ મુદત. ગ્લેડસ્ટને આ માગણીઓ પૂરી પાડવા જમીન સંબંધી બે કાયદા પસાર કરાવ્યા; પણ પાર્નેલ અને

તેના અનુયાયીઓ આથી શાંત પડયા નહિ. તેમણે એક રાષ્ટ્રસંઘ સ્થાપ્યો, અને ‘સ્વરાજ્ય’ એ તેમનું ધ્યેય બન્યું. જે જમીનદારોએ તેમની નીતિ પ્રમાણે વર્તવાની ના પાડી, તેમના તરફ સામાજિક બહિષ્કારનું શસ્ત્ર અજમાવવામાં આવ્યું. વખત જતાં આ ચળવળે ભયંકર સ્વરૂપ પકડયું, અને ઠેરઠેર તોફાનો પણ થયાં. આથી પાર્નેલ અને બીજા આગેવાનોને પકડવામાં આવ્યા; પરંતુ તેઓ છૂટી ગયા. ત્યારપછી તેણે પાર્લમેન્ટમાં દાખલ થઈ પોતાનો પક્ષ સંગઠિત બનાવ્યો. આ વખતે પાર્લમેન્ટના બંને આગેવાન પક્ષોનું સંખ્યાબળ લગભગ એકસરખું હતું. આથી પાર્નેલ અને તેના સભ્યો જેને મત આપે તે પક્ષ સત્તામાં આવે એવી પરિસ્થિતિ બની. પહેલાં તો તેમણે કૉન્ઝર્વૅટિવ પક્ષને ટેકો આપ્યો, પણ તેઓ ‘હોમરૂલ’ આપી શકયા નહિ; એટલે બીજી વખત ગ્લેડસ્ટનને ટેકો આપ્યો. આથી ગ્લેડસ્ટન ત્રીજી વાર વડો પ્રધાન બન્યો. ગ્લેડસ્ટને આ વખતે ‘આયરિશ હોમરૂલ બિલ’ રજુ કર્યું; પણ તે પસાર થયું નહિ. સ્વરાજ્યનું સ્વપ્ન ઉડી જતાં પાર્નેલ નિરાશાથી ભગ્ન હૃદયે મરણ પામ્યો, ઇ. સ. ૧૮૯૧. જો કે પાર્નેલ પોતાના પ્રયત્નોનું શુભ ફળ જોઈ શકયો નહિ, પણ તેના પ્રયત્નો નિષ્ફળ ગયા એમ કેવી રીતે કહેવાય? કારણ કે તેણે વાવેલાં સ્વતંત્રતાનાં બી ભવિષ્યમાં ફળદાયી નીવડયાં. એથી આયર્લૅન્ડના સ્વાતંત્ર્યના ઈતિહાસમાં પાર્નેલનું નામ અમર છે.

**રામ્સે મૅકડોનાલ્ડ:** મૅકડોનાલ્ડ વીસમી સદીમાં ઇંગ્લૅન્ડમાં પ્રતિભાશાળી પુરુષ થઈ ગયો. તે બુદ્ધિશાળી, કલ્પનાશાળી, વ્યવહારકુશળ, લેખક, વક્તા, અને મુસાફરીનો શોખીન હતો. તેનું જ્ઞાન સર્વદેશીય હતું; વિજ્ઞાન, અર્થશાસ્ત્ર, અને તત્ત્વજ્ઞાનના વિષયોનો તે જાણકાર હતો. તેનું મિત્રમંડળ બહોળું હતું. પોતાની બાહોશીથી તે પાર્લમેન્ટમાં આગળ આવ્યો, અને મજુરપક્ષનો નેતા બન્યો. ઇ. સ. ૧૯૨૪માં પાર્લમેન્ટની વરણીમાં લિબરલ પક્ષે મજુરપક્ષને ટેકો આપ્યો, તેથી પહેલીજ વાર મજુરપક્ષ અધિકારમાં આવ્યો, અને રામ્સે મૅકડોનાલ્ડ વડો પ્રધાન થયો.



પરંતુ લિબરલ પક્ષનો આધાર તૂટી જતાં તેને રાજીનામું આપવું પડયું. ફરી પાછો ઇ. સ. ૧૯૨૯માં તે વડો પ્રધાન થયો, પણ આર્થિક મુશ્કેલીઓનો પ્રશ્ન ઉપસ્થિત થતાં રાજાની સૂચનાથી તેણે રાષ્ટ્રીય પ્રધાનમંડળ રચ્યું, અને પોતાના પક્ષને થાપ આપી તે વડા પ્રધાનના સ્થાન ઉપર ઇ. સ. ૧૯૩૫ સુધી ચાલુ રહ્યો. પરંતુ તે દરમિઆન જગતની પ્રજાએ તેને માટે જે જે આશાઓ બાંધી હતી, તેમાંનું કોઈ પણ કાર્ય તેને હાથે ફળીભૂત થયું નહિ. તે ઇ. સ. ૧૯૩૭માં ૭૧ વર્ષની ઉંમરે મરણ પામ્યો.

**સ્ટેન્લી બાલ્ડવિન:** સ્ટેન્લી બાલ્ડવિન અત્યારના ઇંગ્લેન્ડના રાજકારણમાં અગત્યની વ્યક્તિ છે. તેનો જન્મ ઇ. સ. ૧૮૬૭માં વર્સેસ્ટર શાયરના વેડલી ગામમાં થયો હતો. તેનો પિતા આલ્ફ્રેડ બાલ્ડવિન "ગ્રેટ વેસ્ટર્ન રેલવે કંપનિ"નો ચેરમેન હતો. તેની માતા સ્કૉચ હતી. તેનો પિતા વેલ્સ હતો. સ્ટેન્લી બાલ્ડવિન ૪૧ વર્ષની ઉંમરે પાર્લમેન્ટમાં દાખલ થયો હતો. પહેલી નવ વર્ષની કારકીર્દિ દરમિઆન તેણે પાંચજ ભાષણો આપ્યાં હતાં. જ્યારે ઇ. સ. ૧૯૧૬માં બોનર લૉ ખજાનચી બન્યો, ત્યારે તેણે બાલ્ડવિનને પોતાનો પાર્લમેન્ટરી ખાનગી મંત્રી બનાવ્યો. બીજેજ વર્ષે તે નાણાંકીય મંત્રી બન્યો. લડાઈ પછી તેણે પોતાની મિલ્કતનો પાંચમો ભાગ (£. 1,50,000) રાષ્ટ્રને અર્પણ કરતો પત્ર 'ટાઇમ્સ'ને લખ્યો. આથી તે એકદમ ખ્યાતિમાં આવ્યો. ઇ. સ. ૧૯૨૧માં તે બોર્ડ ઑવ્ ટ્રેડનો પ્રમુખ બન્યો. બીજેજ વર્ષે લૉઇડ જ્યૉર્જનું મિશ્ર પ્રધાનમંડળ તૂટી જવાથી બોનર લૉ મુખ્ય પ્રધાન થયો. આ નવા પ્રધાનમંડળમાં બાલ્ડવિન ખજાનચી બન્યો. ઇ. સ. ૧૯૨૩માં બોનર લૉએ રાજીનામું આપ્યું. આથી રાજાએ બાલ્ડવિનને વડો પ્રધાન બનાવ્યો. ઇ. સ. ૧૯૨૩નું તેનું પ્રધાનમંડળ ઝાઝો સમય ટકયું નહિ, અને ઇ. સ. ૧૯૨૪માં રામ્સે મૅકડોનાલ્ડ વડો પ્રધાન બન્યો; પણ "ઝેનોવ્યુ પત્ર" પર તેની હાર થઈ, અને ફરીથી બાલ્ડવિન મુખ્ય પ્રધાન બન્યો. આ વર્ષો દરમિઆન (ઇ. સ. ૧૯૨૪–૨૯) તેના



પરદેશમંત્રી ઑસ્ટિન ચેમ્બરલેઈનને "લોકર્નો સંધિ"માં સહી કરી, આલ્બેનિઆ અને એબિસિનિઆ જીતવામાં ઈટલી તરફ સહાનુભૂતિ બતાવી, અને "કેલોગ પૅક્ટ"માં સહી કરી.

ફરીથી તે ઈ. સ. ૧૯૩૫માં વડો પ્રધાન થયો. આ વખતની આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ વધુ ને વધુ બારીક બનતી જતી હોવાથી તેના જેવા બુઝર્ગ મુત્સદ્દી ઉપર પ્રજાની નજર પડી. આ વખતના પ્રધાનમંડળ દરમિઆન પંચમ જ્યૉર્જનું અવસાન થયું, ઈ. સ. ૧૯૩૬. આથી એડવર્ડ આઠમાને ગાદી મળી; પણ એ અરસામાં એડવર્ડના લગ્નના વિકટ પ્રશ્નનો તોડ તેણે એવી કુનેહ અને શાંતિથી આણ્યો, કે એડવર્ડે પોતેજ ગાદીનો ત્યાગ કર્યો, અને જ્યૉર્જ છઠ્ઠાને ગાદી મળી. ત્યારપછી તેણે રાજીનામું આપ્યું, અને નેવિલ ચેમ્બરલેઈન વડો પ્રધાન થયો, ઈ. સ. ૧૯૩૬.




બાલ્ડવિન એક બાહોશ અર્થશાસ્ત્રી, વ્યવહારકુશળ અને ઠરેલ ધંધાદારી, અને સારો વક્તા છે. શ્રોતાઓને ખૂશ કરવાની તેનામાં કળા છે. જો કે હાલમાં તેના ઉપર રાજકીય ટીકાઓ થઈ છે; પણ એટલું તો ખરૂંજ કે સમકાલીન યુરોપીઅન પ્રજાપક્ષીઓમાં તેનું સ્થાન ચોક્કસ અને શ્રેષ્ઠ છે. સંજોગો ઉપર ચારિત્ર્ય શી અસર કરી શકે છે, તેનું ઉત્તમ દૃષ્ટાંત તે પૂરૂં પાડે છે. પંદર વર્ષ પૂર્વે અજાણ ગણાતી વ્યક્તિ આજે ગ્લેડસ્ટોનિઅન જાહોજલાલી માણે છે; કારણ કે પ્રજાને તેનામાં વિશ્વાસ છે. આજે તે ૬૮ વર્ષનો છે, છતાં તે સદા શાંત અને ઠરેલ જણાય છે. જે વચન તે ન પાળી શકે, તેવું વચન તે આપતો નથી. જ્યારે તેના બોલવાની ખાસ જરૂર હોય, ત્યારેજ તે બોલવા ઉભો થાય છે. તેની સચોટ દલીલો, અને હૃદયના તેના ઉદ્‌ગારો અંગ્રેજ પ્રજામાં કંઈક નવીન ચેતન રેડે છે, અને નવા પ્રાણ પૂરે છે.

# બ્રિટિશ રાજ્યબંધારણ

# પ્રકરણ ૧લું
# પાર્લમેન્ટનો વિકાસ

**પાર્લમેન્ટનો ટૂંકો ઇતિહાસ:** પ્રાચીન સમયમાં લોકો રાજાને પસંદ કરતા, અને રાજા લોકોની મરજી અનુસાર તેમનામાંથી ચૂંટેલા ડાહ્યા માણસોની સલાહથી રાજ્ય ચલાવતો. આ ડાહ્યા પુરુષોની સભા **'વિટન–એ–ગેમટ'**ના નામથી પ્રસિદ્ધ છે. આ સભા રાજાને કાયદા ઘડવામાં, કર નાખવામાં, અને સંધિ–વિગ્રહ કરવામાં સલાહ આપતી. આ સભામાં રાજાના ચૂંટેલા જાગીરદારો, રાજકુટુંબીઓ અને બીજા અમીર–ઉમરાવો તથા ધર્માધ્યક્ષો બેસતા. આમ 'વિટન'માં અમીરોની ભાવી સભાનું મૂળ રહેલું જણાય છે.

નોર્મન રાજાઓનાં સમયમાં સ્થિતિ બદલાઈ ગઈ. વિલિયમે **'સરંજામ પદ્ધતિ'** દાખલ કરીને અમીરોનો બળવાન પક્ષ ઉભો કર્યો, અને રાજસત્તા ઘણી વધારી દીધી. નોર્મન રાજાઓના સમયમાં જુનું 'સુજ્ઞ મંડળ' (વિટન) કોઈક વખતે મળતું; પણ તે અસ્તિત્વમાં હતું એમ કહી શકાય.

પ્લેન્ટેજીનેટ રાજાઓએ અમીર–ઉમરાવો, ધર્માધ્યક્ષો અને જમીનદારોની મદદથી રાજ્યતંત્ર ચલાવવાની પદ્ધતિ દાખલ કરી. હેન્રી બીજાએ તો પ્રધાનમંડળની પણ સ્થાપના કરી. જ્હૉનના સમયમાં આ સભાનું મહત્ત્વ એકદમ વધી ગયું. જો કે રાજાએ આપખુદી ચલાવી, પણ અમીરોએ એકત્ર થઈ રાજા પાસે પોતાના હકો પર સહી લેવડાવી. આ દસ્તાવેજને **'મેગ્ના–ચાર્ટા'**ના નામથી ઓળખવામાં આવે છે. આ મહાન્ પટ્ટાથી લોકોએ ન્યાય, કાયદા અને નાણાં સંબંધી બાબતોમાં પોતાનો અધિકાર સ્થાપન કર્યો, ઇ. સ. ૧૨૧૫. હેન્રી ત્રીજાના સમયમાં રાજા અને અમીરો વચ્ચે તકરાર થતાં સાઇમને અમીરોની આગેવાની લીધી, અને રાજાને હરાવી રાજસત્તા પોતાના હાથમાં લીધી. **સાઇમને** તમામ પરગણાંમાંથી અને કસ્બાઓમાંથી પ્રજાના પ્રતિનિધિઓ બોલાવી ઇ. સ. ૧૨૬૫માં એક સભા મેળવી. આ સભા **'પાર્લમેન્ટ'**ને નામે ઓળખાવા લાગી. આ પ્રમાણે આમની સભાની પ્રથમ ઉત્પત્તિ ઇ. સ. ૧૨૬૫માં થઈ. એડવર્ડ પહેલાએ સાઇમનની નીતિનું અનુકરણ કરી ઇ. સ. ૧૨૯૫માં પૂર્ણ પ્રતિનિધિત્વવાળી પાર્લમેન્ટ બોલાવી. તે

'**આદર્શ પાર્લમેન્ટ**'–Model Parliament ને નામે ઇતિહાસમાં પ્રસિદ્ધ છે; કારણ કે તેમાં મોટાં શહેરોમાંથી, કસ્બાઓમાંથી અને પરગણાંમાંથી લેખીત આમંત્રણો (writs) આપીને પ્રતિનિધિઓ બોલાવવામાં આવ્યા હતા. એમાં ધર્મખાતું, અમીરો અને સામાન્ય પ્રજા–વર્ગ એમ સ્વરાજ્યનાં ત્રણે અંગોનું યોગ્ય પ્રતિનિધિત્વ પહેલીજ વાર જળવાયું હતું, અને તેમણે વેરા, ન્યાય અને નાણાં સંબંધી ચોક્કસ હકો મેળવ્યા હતા.

**ઇ. સ. ૧૩૪૦ની પાર્લમેન્ટ:** એડવર્ડ ત્રીજાએ નાણાંની જરૂર પડતાં પાર્લમેન્ટ બોલાવી. આ પાર્લમેન્ટે રાજાને 'ટનેજ' અને 'પાઉન્ડેજ' ઉઘરાવવાનો હક આપ્યો, પણ તેના બદલામાં પ્રધાનો નીમવાનો, અવિશ્વાસુ પ્રધાનો ઉપર કામ ચલાવવાનો (Impeachment) અને રાજાના ખર્ચનો હિસાબ તપાસવાનો હક મેળવ્યો. ઇ. સ. ૧૩૩૨થી અમીરો અને આમવર્ગના લોકોએ જુદા જુદા ઓરડાઓમાં બેસવાનું શરૂ કર્યું. આ સમયથી પાર્લમેન્ટના '**આમની સભા**' અને '**અમીરોની સભા**' એવા બે જુદા ભાગ પડયા. શરૂઆતમાં અમીરોની સભાની સત્તા વિશાળ હતી; આમની સભા તો નામનીજ હતી. ચૌદમા અને પંદરમા સૈકામાં કર નાખવાની અને કાયદા ઘડવાની બાબતોમાં આમની સભાએ પોતાનો હાથ ઉપર રાખ્યો. એજ પ્રમાણે રાજ્યકારભાર પર ટીકા કરવાનો અને રાજાને ખોટી સલાહ આપવા માટે પ્રધાનોને જવાબદાર ગણી તેમના ઉપર કામ ચલાવવાનો રિવાજ પણ દાખલ થયો.

**ટયુડર રાજાઓ અને પાર્લમેન્ટનો અરસપરસ સંબંધ**: 'ગુલાબના વિગ્રહો' પછી હેન્રી સાતમાએ તે વખતની અનુકૂળ પરિસ્થિતિનો પૂરતો લાભ લઈ ઉમરાવોની સત્તા તોડી નાખી, અને લોકસત્તાને દાબી દઈ રાજસત્તા આપખુદ બનાવી. ટયુડર અમલ દરમિઆન જો કે સર્વ સત્તાનું કેન્દ્ર રાજા હતો, તોપણ ટયુડર રાજ્યકર્તાઓએ પાર્લમેન્ટનું અસ્તિત્વ ટકાવી રાખ્યું હતું, અને પાર્લમેન્ટને મધ્યસ્થ રાખીને રાજ્યસત્તા ચલાવી હતી. કર, વેરો, અને કાયદા ઘડવાની બાબતમાં પાર્લમેન્ટનો અધિકાર તેમણે માન્ય રાખ્યો હતો.

**સ્ટુઅર્ટ અમલ દરમિઆન રાજસત્તા કેવી રીતે નિયંત્રિત બનતી ગઈ?** સ્ટુઅર્ટ વંશ એટલે રાજા અને પ્રજા વચ્ચે સર્વોપરિપણા માટે ઉભી થએલી તકરારનો યુગ. આ વંશના રાજ્યકર્તાઓ '**ઇશ્વરી હક**'ના

સિદ્ધાંતને અનુસરી ટ્યુડર રાજાઓને પગલે ચાલવા ગયા; પણ હવે એ જમાનો બદલાઈ ગયો હતો. આથી કર ઉઘરાવવાની બાબતમાં રાજા અને પ્રજા વચ્ચે વાંધો પડયો. જેમ્સ પહેલાના અમલ દરમિઆન 'બેટસ' નામના વેપારીએ આયાત માલ પરની વધારાની જકાત આપવાની ના પાડતાં રાજાએ તેના પર કામ ચલાવ્યું, અને ન્યાયાધીશોએ તેને દોષિત ઠરાવ્યો. એવીજ રીતે ચાર્લ્સ પહેલાના સમયમાં 'શિપમની' વેરો ન ભરવા માટે હેમ્પ્ડનને સજા થઈ. આમ રાજા–પ્રજા વચ્ચેની મર્યાદા નક્કી થએલી ન હોવાથી તેમ કરવા ઇ. સ. ૧૬૨૮માં '**પિટિશન ઑવ્ રાઇટ્સ**' અને ઇ. સ. ૧૬૮૯માં '**બિલ ઑવ્ રાઈટ્સ**' નામના કાયદા ઘડવામાં આવ્યા; જેને લીધે દરેક બાબતમાં પાર્લમેન્ટનો અધિકાર સર્વોપરિ છે, અને રાજા પાર્લમેન્ટની સંમતિ વિના કંઈ કરી શકે નહિ એમ નક્કી થયું. વિલિયમ ત્રીજાના વખતમાં 'કેબિનેટ પદ્ધતિ' અને 'પક્ષપદ્ધતિ'નાં મંડાણ મંડાયાં. ઇ. સ. ૧૭૦૧માં પસાર થએલા '**ઍક્ટ ઑવ્ સેટલ્મેન્ટ**'થી રાજા પ્રોટેસ્ટન્ટ હોવો જોઈએ એમ ઠર્યું. રાજાથી ન્યાયાધીશને સ્વચ્છંદે રજા આપી શકાય નહિ, અને પાર્લમેન્ટની સંમતિ વિના પરદેશી ઝગડાઓમાં પડાય નહિ, એવું ઠર્યું.

**હેનોવર વંશ** : હેનોવર વંશના અમલમાં પાર્લમેન્ટનું પ્રાબલ્ય વધતુંજ ગયું. હવે 'પ્રાઇમ મિનિસ્ટર'ની નવી પદવી નીકળી. આમની સભાની બહુમતીથીજ રાજ્ય ચાલવું જોઈએ, મંત્રીમંડળમાં બધા એક મતનાજ હોવા જોઈએ, અને મંત્રીની સૂચના અનુસાર સર્વ પ્રધાનોએ વર્તવું જોઈએ—આ અને બીજી અનેક માન્યતાઓ વૉલ્પોલના વખતથીજ શરૂ થઈ. જ્યૉર્જ ત્રીજાએ રાજસત્તા સર્વોપરિ બનાવવા ખૂબ પ્રયાસો કર્યા; પણ તેમાં તે ફાવ્યો નહિ. ઇ. સ. ૧૮૩૨, ૧૮૬૭, ૧૮૮૪, ૧૯૧૧, ૧૯૧૮ અને ૧૯૨૮ના સુધારાના કાયદાઓથી પાર્લમેન્ટ ઉત્તરોત્તર વિશાળ પ્રતિનિધિત્વવાળી થઈ, અને લોકસત્તાનું બળ વધવા લાગ્યું. એક સમય એવો પણ આવ્યો કે રાજ્યતંત્રનો કળશરૂપ રાજા માત્ર શોભાનો હોવાથી તેની જરૂર નથી એવો મત પ્રવર્ત્યો. પરંતુ આજે એમ મનાવા લાગ્યું છે કે રાજા જગતભરમાં પ્રસરેલા વિશાળ સામ્રાજ્યના ભાગોને એકત્ર કરી રાખનાર અંકોડારૂપ છે, અને રાજ્યતંત્ર સ્થિર અને મજબુત રાખવા માટે વંશપરંપરાના રાજપદ જેવી બીજી એકે સંસ્થા નથી.

# પ્રકરણ ૨જું

## બ્રિટિશ રાજ્યબંધારણની વિશિષ્ટતા અને તાજ

કોઈ પણ દેશના રાજ્યવહીવટને અંગે કાયદા–કાનુનો ઘડવામાં આવે છે, અને તે નિયમો તથા કાયદા મુજબ રાજ્યવહીવટ ચાલે છે. દરેક રાષ્ટ્રના વહીવટને માટે ઘડાએલા બંધારણના મુખ્ય બે પ્રકાર છે : (૧) લેખીત અને (૨) અલેખીત. કેટલાક દેશોમાં સમગ્ર રાજ્યવહીવટ એકજ કાયદાથી ઘડાએલા કાનુનો મુજબ ચાલે છે. આપણા દેશનું રાજ્યબંધારણ આવા પ્રકારનું છે; કારણ કે તેનો વહીવટ પાર્લમેન્ટે ઘડેલા કાયદા મુજબ ચાલે છે. બ્રિટિશ રાજ્યબંધારણ મોટે ભાગે અલેખીત છે; કારણ કે તેનો ઘણો વહીવટ પ્રાચીન સમયથી ચાલતી આવેલી પ્રણાલિકાઓ, ( Conventions ) રૂઢિઓ, દૃષ્ટાંતો, અનુભવો, નિયમો, દેશના સામાન્ય કાયદાઓ, સનદો, અને રાજાપ્રજા વચ્ચેના કરારો મુજબ ચાલે છે. બ્રિટિશ રાજ્યબંધારણની બીજી વિશિષ્ટતા એ છે કે તેમાં સહેલાઈથી ફેરફારો કરી શકાય છે, એટલે સાધારણ કાયદાની માફક બંધારણમાં ફેરફાર કરી શકાય છે.

**બ્રિટિશ રાજ્યબંધારણની ત્રણ અગત્યની સંસ્થાઓ :** દરેક દેશના રાજ્યવહીવટને માટે નીચેની ત્રણ સંસ્થાઓ હોય છે: (अ) કાયદા ઘડનાર સંસ્થા–( Legislatures ) (ब) કારોબારી સંસ્થા ( Executive ) (क) ન્યાયસંસ્થા ( Judiciary ) નીચેની કોઠા પરથી તે બરાબર સમજાશે.

**રાજા**

- **કાયદા ઘડનાર સંસ્થા**
  - **આમની સભા**
  - **અમીરોની સભા**
- **કારોબારી સંસ્થા**
  - **પ્રધાનમંડળ**
    - **મુખ્ય પ્રધાન અને બીજા પ્રધાનો**
- **ન્યાય**
  - **અમીરોની સભા**
    - **અપીલની અદાલત**
      - **વરિષ્ટ અદાલત. બીજી અદાલતો**

## —બ્રિટિશ રાજ્યબંધારણમાં તાજનું સ્થાન—

**(૧) તાજની ઉપયોગિતા :** આપણે વાંચી ગયા કે સ્ટુઅર્ટ અમલ દરમિઆન રાજા અને પાર્લમેન્ટ વચ્ચે શ્રેષ્ઠતા માટે ચાલેલો ઝગડો ઇ. સ. ૧૬૮૯માં પૂરો થયો, અને રાજસત્તા પર કાયમના અંકુશો મૂકવામાં આવ્યા. ત્યારપછી મર્યાદિત રાજસત્તાનો અમલ શરૂ થયો. હાલ આમની સભામાંથી નીમાએલું પ્રધાનમંડળ ( Cabinet ) સમગ્ર દેશનો રાજ્યવહીવટ ચલાવે છે, અને વાસ્તવિક રીતે અમલ ચલાવવામાં રાજાની સત્તા નામનીજ બની રહી છેઃ છતાં હજુ સુધી બ્રિટિશ પ્રજા રાજા અને રાણી તરફ સન્માનની નજરથી નિહાળે છે. તેમના તરફની વફાદારીથી તેમનાં હૃદય ધડકી ઊઠે છે. તેઓ પણ રાજસત્તાની કેટલીક ઉપયોગિતા સ્વીકારે છે.

રાજકારણમાં બાહોશ રાજા પોતાની નૈતિક અસર વાપરી શકે છે. રાજા પક્ષપદ્ધતિથી પર હોય છે, એટલે પ્રધાનમંડળોના ફેરફારની અસર તેના પર થતી નથી. આથી વિદેશનીતિ સંબંધી ઊઠેલા પ્રશ્નોમાં રાજાના વ્યક્તિત્વની ઘણી અસર થાય છે. વળી તે પોતાના લાંબા અનુભવનો લાભ પ્રધાનમંડળને આપી શકે છે. સંધિ કે વિગ્રહ દરમિઆન તેની સલાહ સોનેરી ગણાય છે. સામ્રાજ્યની એકતા સાધવામાં રાજા એક ઉપયોગી અને પ્રેરક બળ છે. લડાઈને સમયે રાજા સામ્રાજ્યના દરેક અંગનું કેન્દ્ર બને છે, અને પ્રજા તેનેજ વફાદાર રહે છે. સામ્રાજ્યના વિકાસથી સામ્રાજ્યના ઐક્યની લાગણી મૂર્તિમંત દર્શાવનાર રાજાજ છે. વળી રાજાની પ્રતિભા, રાજાનો યુરોપી રાજકુટુંબો સાથેનો સંબંધ, તેનો વિશાળ અનુભવ અને રાજપદથી જળવાતી એકતાની ભાવનાથી રાજાની સંસ્થા બ્રિટિશ રાજ્યબંધારણમાં ઘણી અનિવાર્ય છે.

**(૨) તાજ અને તેના ખાસ હકોઃ** (Prerogatives of the Crown)

દેશમાં રાજપદ વંશપરંપરાનું છે; પરંતુ રાજ્યક્રાન્તિ પછી થએલા કાયદાની રૂએ રાજા અંગ્રેજ ધર્મસમાજનો હોવો જોઈએ, અને તેણે તેજ સમાજની રાજકુંવરી સાથે લગ્ન કરવું જોઈએ. ઇ. સ. ૧૯૩૬માં એડવર્ડ આઠમાએ રોમન કેથોલિક સ્ત્રી સાથે લગ્ન કરવા માટે ગાદીનો ત્યાગ કર્યો, એ

આપણી જાણીતી વાત છે. વળી રાજગાદીએ સ્ત્રી પણ આવી શકે છે. પરંતુ ગાદીએ આવતાંજ દેશના કાયદાઓ અને રૂઢિઓને માન આપી તે અનુસાર વર્તવાની, સર્વ પ્રજાને સમાન ન્યાય આપવાની, અને ધર્માલયોની સ્વતંત્રતા જાળવવાની રાજા કે રાણીને પ્રતિજ્ઞા લેવી પડે છે.

**ખાસ હકો કેટલે અંશે વાપરી શકાય?**

(अ) **રાજા અને પાર્લમેન્ટ**: રાજાને પાર્લમેન્ટ બોલાવવાની, તેને મોકુફ રાખવાની અને તેને વિસર્જન કરવાની ખાસ સત્તા છે. રાજાની આ સત્તા કેટલી અનિયંત્રિત હતી, એ ટયુડર અને સ્ટુઅર્ટ સમયમાં આવી ગયું છે. પરંતુ હવે તો રાજા એ સંબંધમાં કેબિનેટની સલાહ સિવાય કંઈ કરી શકતો નથી. રાજાનું સ્થાન પાર્લમેન્ટમાં નહિ હોવાથી પાર્લમેન્ટે પસાર કરેલા કોઈ પણ ખરડા ઉપર જ્યાં સુધી રાજાની સહી ન થાય, ત્યાં સુધી તે કાયદા તરીકે લેખાતો નથી. જો કે આ બાબતમાં પણ રાજાની સત્તા પર અંકુશ છે; કારણ કે પ્રજાની પ્રતિનિધિરૂપ આમની સભાએ પસાર કરેલા ખરડા ઉપર સહી કરવાની રાજા ના પાડી શકતો નથી.

(ब) **રાજા અને રાજ્યવહીવટ**: પ્રાચીન સમયમાં રાજા પોતાની મરજી મુજબ પ્રધાનો નીમતો; પણ વિલિયમના વખતથી એવી નીતિ સ્વીકારવામાં આવી છે, કે જે પક્ષ આમની સભામાં બહુમતી ધરાવતો હોય તે પક્ષમાંથીજ રાજા પોતાના પ્રધાનો નીમી શકે: એથી કરીને આમની સભાની ચૂંટણી પછી રાજા વધુમતી પક્ષના આગેવાનને બોલાવી પ્રધાનમંડળ રચવાનું સૂચવે છે; અને તે નેતા પોતાના પક્ષના સભ્યોમાંથી પ્રધાનમંડળ રચે છે.

આમ રાજાને મુખ્ય પ્રધાન (Prime Minister)ની નીમણુક કરવાનો હક છે; છતાં એ પ્રધાનમંડળ રાજાને નહિ, પણ પાર્લમેન્ટનેજ જવાબદાર રહે છે. રાજા આ પ્રધાનમંડળની સંમતિ વિના કંઈ પણ કરી શકતો નથી, એટલે રાજાનાં તમામ કાર્યો માટે પ્રધાનો પાર્લમેન્ટને જવાબદાર રહે છે. રાજા કંઈ અનિષ્ટ કરે તો તેને માટે સલાહ આપનાર પ્રધાનજ જવાબદાર ગણાય છે. આથીજ ઈંગ્લેન્ડના રાજતંત્રમાં "**રાજા કંઈ ખોટું કરી શકે નહિ**" (The King can do no wrong) આ સૂત્ર સર્વમાન્ય થઈ પડયું છે.

**(क) ઇલ્કાબો અને માનચાંદ આપવાનો રાજાનો હક:** બ્રિટિશ રાજ્યબંધારણમાં રાજાને માન અને પદવીના ઉદ્‌ભવ સ્થાન તરીકે ગણવામાં આવે છે, એટલે રાજાને રાજ્યના સર્વ મહાન્ અધિકારીઓની નીમણુક કરવાનો, તેમજ તેમને બરતરફ કરવાનો હક છે. સામ્રાજ્યનાં જુદાં જુદાં સંસ્થાનોના ગવર્નરો અને ગવર્નર જનરલોની નીમણુક પણ રાજા કરે છે. એ ઉપરાંત રાજા ઇલ્કાબો આપી શકે છે. નવા અમીરો બનાવવાનો રાજાનો હક આજ પણ તાજોજ છે. રાજા પોતાના હકથી ગમે તેટલા નવા અમીરો બનાવી તેમને અમીરોની સભામાં બેસવાની સત્તા આપી શકે છે. વિક્ટોરિઆ રાણીએ લગભગ ૩૦૦ નવા અમીરો બનાવ્યા હતા. પંચમ જ્યૉર્જ એ હકનો ઉપયોગ કરશે, એમ ધારી ઇ. સ. ૧૯૧૧નો પાર્લમેન્ટનો કાયદો અમીરોની સભાએ પસાર કર્યો હતો. આ ઉપરથી સમજી શકાય છે, કે રાજાની આ સત્તાથી અમીરોની સભા ઉપર રાજાનો અંકુશ રહે છે.

**(ड) રાજા : સમાજનો નેતા અને ધર્મનો વડો:** ઈંગ્લેન્ડનો રાજા એ સમાજનો નેતા ગણાય છે, અને દેશની તેમજ પરદેશની સામાજિક અને રાજકીય પ્રવૃત્તિઓ રાજાની મારફત ચાલે છે. જેમ રોમન કેથોલિક લોકો પોપને પોતાના ધર્મનો વડો માને છે, અને મોટા ધર્માધિકારીઓની નીમણુક કરવાનો હક પણ પોપનોજ ગણાય છે; તેમ ઈંગ્લેન્ડનો રાજા અંગ્રેજ ધર્મ-સમાજનો વડો ગણાય છે, અને ધર્માધ્યક્ષો અને વડા ધર્માધ્યક્ષોની નીમણુક રાજા પોતે કરે છે.

**(ई) રાજા અને ન્યાયવહીવટ:** જેમ રાજા સન્માનનું મૂળ (Fountain of Honour) ગણાય છે, અને પરદેશમાં બ્રિટિશ પ્રજાના પ્રતિનિધિ-રૂપે સન્માન મેળવે છે; તેમ તે ન્યાયનું ઉદ્‌ભવસ્થાન (Fountain of Justice) લેખાય છે. સામ્રાજ્યના બધા મોટા ન્યાયાધીશોની નીમણુક રાજા કરે છે; પણ તેમને કાઢી મૂકવાની રાજાને સત્તા નથી.

કોઈ પણ ગુનેગારને ક્ષમા આપવાનો હક રાજા ધરાવે છે. જો કે એ સંબંધમાં રાજાની સત્તા મર્યાદિત છે; કારણ કે આમની સભાએ અમીરોની સભા સમક્ષ જેના ઉપર મુકર્દમો ચલાવી દોષિત ઠરાવ્યો હોય, તેને રાજા ક્ષમા બક્ષી શકતો નથી.

**(फ) રાજા અને પરદેશનો સંબંધ:** પરદેશ સાથે સંધિ–વિગ્રહ કરવાનો હક પણ રાજાને છે. રાજાનો આ હક પણ બીજા હકોની માફક મર્યાદિત છે; કારણ કે તેને માટે પ્રધાનો આમની સભાને તથા પ્રજાને જવાબદાર હોવાથી જવાબદાર પ્રધાનોની સંમતિ વગર રાજા એ બાબતમાં પોતાની મરજી અનુસાર વર્તી શકતો નથી. રાજા અને તેના પ્રધાનમંડળે કરેલી સંધિ અને કરારો પાર્લમેન્ટની મંજુરી વિના પણ કાયદેસર ગણાય છે. પ્રધાન-મંડળની પરદેશનીતિ આમની સભાને પસંદ ન પડે, તો તેની સામે ઠપકાની દરખાસ્ત લાવી શકે છે; પણ પ્રધાનમંડળે કરેલા કોલકરારો ફેરવી શકાતા નથી.

**(ग) રાજાના બીજા ખાસ હકો:** ઉપર જણાવેલા રાજાના ખાસ હકો ઉપરાંત નાણાં પાડવાનો, મહત્ત્વની કંપનિઓને સનદ અગર પટ્ટો આપવાનો, અને નૌકાસૈન્ય, સ્થળસૈન્ય અને હવાઈસૈન્યના અધિકારીઓની નીમણુક કરવાનો હક રાજાને છે. તે ધારે તો લશ્કરને ગમે ત્યારે વીખેરી અમલદારોને રજા આપી શકે છે. રાજાની આ સત્તા પણ મર્યાદિત છે; કેમકે રાજા જો આ હકનો ઉપયોગ કરે, તો રાજ્યતંત્ર અટકી પડે; પણ આ હકનો તે કદી ઉપયોગ કરતો નથી. રાજાને પ્રધાનમંડળને ચેતવણી આપવાનો, ઉત્તેજન આપવાનો અને સલાહ આપવાનો ખાસ હક છે; છતાં તેનો મોટો આધાર રાજાના વ્યક્તિત્વ પર રહે છે. મહારાણી વિકટોરિઆએ તાજના આ હકનો બહુ છૂટથી ઉપયોગ કર્યો હતો. તેણે આ હકની અવગણના કરવા માટે પામર્સ્ટનને રાજીનામું આપવાની ફરજ પાડી હતી; અને ઇ. સ. ૧૮૫૮માં લૉર્ડ ડર્બીને પોતાના ખાસ હકોનું સંસ્મરણ કરાવ્યું હતું. આમ સિદ્ધાંતની દૃષ્ટિએ જોઈએ, તો બ્રિટિશ રાજ્યબંધારણમાં રાજાને અપૂર્વ હકો છે; પરંતુ આ હકો અમલમાં મૂકી શકાતા નથી. આથીજ એમ કહેવાય છે કે બ્રિટિશ રાજ્યબંધારણમાં રાજાનું સ્થાન રાજા તરીકેનું છે, પણ શાસનકર્તા તરીકેનું નથી. ( The King reigns, but does not rule. )

## પ્રકરણ ૩જું

# પાર્લમેન્ટ

રાજાને રાજ્યવહીવટમાં મદદ કરવાને જે પ્રજાકીય તત્ત્વો છે, તેના ત્રણ વિભાગોને " Three Estates of the Realm " કહેવામાં આવે છે. આ ત્રણ પ્રજાકીય તત્ત્વો આ પ્રમાણે છે;

(૧) ધર્માધિકારીઓ: (Lords Spiritual)

(૨) અમીરો : (Lords Temporal)

(૩) લોકપ્રતિનિધિઓ.

પાર્લમેન્ટની સંસ્થા રાજ્યબંધારણમાં ઘણીજ અગત્યની છે. રાજા અને પાર્લમેન્ટનાં બંને ગૃહો મળી ગમે તે કાયદો પસાર કરી શકે છે, અથવા રદ કરી શકે છે. પાર્લમેન્ટની સંમતિ સિવાય રાજા કંઈ કરી શકતો નથી.

**પાર્લમેન્ટ**

| **આમની સભા** | **અમીરોની સભા** |
|---|---|
| **(પ્રજાના પ્રતિનિધિઓ: ૬૧૫ સભ્યો.)** | **(કાયમના સભ્યો : સંખ્યા મુકરર નથી.)** |

**આમની સભા:** ચૌદમા સૈકાના મધ્યમાં સ્વતંત્ર રીતે અસ્તિત્વમાં આવનાર આ મહાન્ મંડળનો ઇતિહાસ, તે ઈંગ્લેન્ડના પ્રજાજીવનના વિકાસનો ઇતિહાસ છે. જેમ જેમ પ્રજાની સ્વરાજ્ય ભોગવવાની શક્તિ ઘડાતી ગઈ, અને દેશના તંત્રમાં પોતાનો અવાજ રજુ કરવાની આકાંક્ષા તીવ્ર બનતી ગઈ, તેમ તેમ આ મંડળનો વિકાસ થયો, અને તેમાં લોકપ્રતિનિધિત્વ વધતું ગયું.

આરંભમાં તો આ સભામાં ગરાસીઆઓ અને શ્રીમંત શહેરીઓ બેસતા; પણ તેમને રાજકારણમાં ખાસ રસ નહિ હોવાથી રાજાને જોઈતાં નાણાંની મંજુરી આપવા સિવાય તેઓ બીજું કાર્ય થોડુંજ કરતા. **ટયુડર રાજાઓના** અમલ દરમિઆન મધ્યમ વર્ગની ઉન્નતિ થઈ; અને રાજકારણમાં તેઓ આગળ આવ્યા. વળી ગુલાબના વિગ્રહોમાં અનેક અમીરોનો નાશ થવાથી, પોતાની આપખુદ સત્તા ટકાવી રાખવા ટયુડર રાજાઓએ નવા

અમીરો ન બનાવવાથી, અને મઠોના નાશથી અનેક ધર્માધ્યક્ષો ભ્રષ્ટ થવાથી અમીરોની સભા દબાતી ગઈ. હેન્રી ૮માના સમયમાં અમીરોની સભામાં માત્ર ૭૨ સભ્યો રહ્યા હતા. આ સંધિસમય દરમિઆન આમની સભાનાં સંખ્યા, જોર અને વગ વધતાં જતાં હતાં. નવી વિદ્યાના પ્રચારથી દેશના અનેક નવજુવાનો ઉચ્ચ વિદ્યા મેળવતા, વિદેશમાં પ્રવાસ કરી આવતા, અને સેવા કરવાની ઉચ્ચ ભાવનાથી પાર્લમેન્ટમાં બેસતા. આવા સંસ્કારી, દેશ-પ્રેમી અને બુદ્ધિમાન સભ્યોની સંખ્યા વધી, એટલે આમની સભાની પ્રતિષ્ઠા પણ વધી. આવાજ સભ્યોએ સ્ટુઅર્ટ રાજાઓના ઈશ્વરી હકનો સામનો કર્યો. છેવટે રાજ્યક્રાન્તિ પછી આમની સભાની સર્વોપરિ સત્તા સ્થાપિત થઈ, અને રાજસત્તા મર્યાદિત બની; પણ ધીમે ધીમે લાંચરૂશ્વત અને અનીતિએ પગપેસારો કર્યો. પરિણામે આમની સભા વ્હિગ આગેવાનોના એક દુર્ગ સમી બની. જો કે સભ્યો પોતાનો મતાધિકાર વેચવા લાગ્યા; અને જમીનદારો પોતાની લાગવગ અને લક્ષ્મી વાપરી પોતાના માણસોને આમની સભામાં મોકલવાની બાજીઓ ખેલવા લાગ્યા. દરમિઆન દેશમાં થએલા ઔદ્યોગિક પરિવર્તનને લીધે લીડઝ, મેન્ચેસ્ટર અને બર્મિંગહામ જેવાં મોટાં અને સમૃદ્ધ શહેરો ઉભાં થયાં. પરંતુ ચૂંટણીની જુની પ્રથાને લઈને તેમને પોતાના પ્રતિનિધિઓ મોકલવાનો હક ન હતો, એટલે ત્યાંના લોકોએ ચળ-વળ ચલાવી. પરિણામે ઈ. સ. ૧૮૩૨માં જુની પ્રથામાં સુધારો થયો, અને એવાં મોટાં શહેરોને પ્રતિનિધિઓ મોકલવાનો હક મળ્યો. આમ પ્રજાનો મતાધિકાર વિસ્તૃત થયો. ત્યારપછી તો ઈ. સ. ૧૮૬૭, ૧૮૮૪, ૧૯૧૮ અને ૧૯૨૮ના પાર્લમેન્ટના કાયદાઓથી ક્રમશઃ પુખ્ત ઉંમરનાં દરેક સ્ત્રી-પુરુષને મતાધિકાર આપવામાં આવ્યો છે.

**આમની સભાનું બંધારણ:** હાલ આ સભામાં બેસતા કુલ ૬૧૫ સભ્યોમાંથી ૪૯૨ ઈંગ્લેન્ડના, ૩૬ વેલ્સના, ૭૪ સ્કૉટલેન્ડના, અને ૧૩ ઉત્તર આયર્લેન્ડના છે. આ સભ્યો પાંચ વર્ષ માટે ચૂંટવામાં આવે છે. નાનાં મોટાં શહેરો, પરગણાં, કસ્બા અને વિશ્વવિદ્યાલયોને આવા પ્રતિનિધિઓ મોકલવાનો હક હોય છે. સ્ત્રીઓને પણ મતાધિકારની તેમજ પાર્લમેન્ટના

સભ્ય થવાની છૂટ આપવામાં આવી છે. ઇ. સ. ૧૯૧૧ના પાર્લમેન્ટના કાયદાથી દરેક સભ્યને વાર્ષિક ૪૦૦ પૌન્ડ વર્ષાસન આપવામાં આવે છે.

૨૧ વર્ષની ઓછામાં ઓછી વયવાળા નિષ્કલંક ચારિત્ર્યવાળા સર્વ પુરુષોને, તેમજ ૩૦ વર્ષથી વધારે ઉંમરની સ્ત્રીઓને મત આપવાનો અધિકાર હોય છે. લૂંટારા, પરદેશી, ગાંડા અને અમીરો મત આપી શકતા નથી.

**સ્પીકરઃ** પાર્લમેન્ટની ચૂંટણી થઈ ગયા પછી તરતજ એક ચતુર, પ્રતિષ્ઠિત અને વિશ્વાસપાત્ર માણસને '**પ્રમુખ**' તરીકે પસંદ કરવામાં આવે છે. તેને '**સ્પીકર**' કહેવામાં આવે છે. તે સર્વ પક્ષોથી પર ગણાય છે. અમુક કાર્ય કાયદેસર છે કે નહિ, એવા વિવાદગ્રસ્ત પ્રશ્નોમાં તેનો નિર્ણય છેવટનો ગણાય છે. ચર્ચા દરમિઆન તે આમની સભાના કાનુનો અને નિયમો જાળવે છે. કોઈ સભાસદ શિષ્ટાચાર વિરુદ્ધ વર્તે, તો તેને સભામાંથી કાઢી મૂકવાનો તેને હક છે. બંને પક્ષના સરખા મત થાય, તો નિર્ણયાત્મક મત આપવાનો તેને અધિકાર છે. કોઈ પણ ખરડો નાણાં સંબંધી છે કે નહિ, તે જાહેર કરવાની સત્તા તેને એકલાનેજ છે. તેને ૫,૦૦૦ પૌન્ડનો વાર્ષિક પગાર આપવામાં આવે છે.

**આમની સભાનું કાર્યક્ષેત્રઃ** આમની સભાનું કાર્યક્ષેત્ર વિશાળ છે. તેના ચાર ભાગ પાડી શકાયઃ (૧) કાયદા ઘડી શકે છે. (૨) નાણાંકીય ખરડા અને અંદાજપત્ર મંજુર કરે છે. (૩) લોકહિતનાં કાર્યો સંબંધી ચર્ચા કરે છે. (૪) કારોબારી ખાતાના વહીવટ પર દેખરેખ રાખે છે.

(૧) આમની સભાને કાયદા ઘડવાનો અધિકાર છે. એની સંમતિ વગર કોઈ પણ ખરડો પસાર થઈ શકતો નથી. કોઈ પણ સભાસદને ખરડો રજુ કરવાની છૂટ હોય છે; પણ મોટે ભાગે પ્રધાનમંડળ તરફથી રજુ થતા ખરડા તરફ વધુ ધ્યાન અપાય છે. આવા ખરડાઓની ત્યાં ચર્ચા થાય છે, અને ચર્ચાને અંતે તે પસાર થાય છે અથવા ઊડી જાય છે. સામાન્ય ખરડા ગમે તે ગૃહમાં રજુ થઈ શકે છે; અને બંને ગૃહોની સંમતિ પછી રાજાની સહીથી તેને કાયદાનું સ્વરૂપ અપાય છે. ઇ. સ. ૧૯૧૧ના પાર્લમેન્ટના કાયદાથી નક્કી થયું છે, કે કોઈ પણ ખરડો (Bill) એ

વરસની બેઠકમાં એકી સાથે ત્રણ વખત પસાર થાય, તો અમીરોની સંમતિ વગર પણ તે કાયદો થઈ શકે છે.

(૨) નાણાંકીય બાબતોમાં આમની સભાની સત્તા સર્વોપરિ છે. કરવેરા સંબંધી અને નાણાંકીય ખરડા પહેલાં આમની સભામાંજ રજુ કરી શકાય છે. તિજોરી ખાતાનો પ્રધાન વાર્ષિક આવક-જાવકનું અંદાજપત્ર તૈયાર કરે છે, અને ચર્ચાને અંતે તેમાં સુધારો-વધારો થયા પછી તે ખરડો અમીરોની સભામાં જાય છે. ઇ. સ. ૧૯૧૩ના કાયદા પછી નાણાં સંબંધી ખરડાઓમાં અમીરોની સત્તા નહિ જેવી રહી છે; કારણ કે આમની સભાએ પસાર કરેલા નાણાંકીય ખરડાને અમીરોની સભા એક માસમાં મંજુરી ન આપે, તો તે રાજાની સહીથી પસાર થાય છે.

(૩) અમીરોની સભાની માફક આમની સભાને પ્રજાહિતાર્થની બાબતો-માં ચર્ચા કરવાનો પૂર્ણ અધિકાર હોય છે. તે સંબંધી પ્રધાનોને પ્રશ્નો પૂછવાનો ( Interpellation ) હક હોય છે, અને તે પ્રશ્નો ઉપર વધુ પ્રશ્નો પણ પૂછી શકે છે.

(૪) આ સભા પ્રધાનમંડળ ઉપર પણ દેખરેખ રાખે છે, એટલે આમની સભાએ ઘડેલા કાયદા કારોબારી સભા અમલમાં મૂકે છે કે નહિ, તે જોવાનું કામ પણ તેનુંજ છે. પ્રધાનમંડળના કોઈ પણ કાર્ય ઉપર ટીકા કરવાનો અને પ્રશ્નો પૂછવાનો આમની સભાને અધિકાર છે. પ્રધાનમંડળની નીતિ આમની સભાને પસંદ ન પડે, તો તેના અગત્યના ખરડાને ફેંકી દે છે, અથવા કોઈ પણ પ્રધાન પર અવિશ્વાસનો ઠરાવ લાવે છે, એટલે પ્રધાનમંડળને રાજીનામું આપવાની ફરજ પડે છે. આથી સમજી શકાય છે કે જે આમની સભા 'કેબિનેટ'ને જન્મ આપે છે, તે તેનો નાશ પણ કરી શકે છે. આ પ્રમાણે આમની સભા રાજ્યનાં તમામ અંગો ઉપર પોતાની વિશાળ સત્તા અજમાવી શકે છે. ડી. લોમ નામના લેખકે તેની વિશાળ અને અપરિમિત સત્તાના સંબંધમાં લખ્યું છે, કે * "આમની સભા સ્ત્રીનો

---

* "It can do everything, but make a woman a man and a man a woman" De. Lolme.

પુરુષ અને પુરુષની સ્ત્રી સિવાય બધું કરી શકે છે.'' આથીજ સર જૉન સીલી તેને 'સરકાર ઘડનાર સંસ્થા' (Government–making Organ) કહે છે.

**અમીરોની સભા: તેનું બંધારણ:** આ સભા જુનામાં જુની સંસ્થા છે. આપણે શરૂઆતમાં જોઈ ગયા કે તેની સત્તા આગળ રાજાઓને પણ નમતું આપવું પડયું હતું. પરંતુ હાલમાં એ સભાની સત્તા અને અધિકારો આમની સભાએ છીનવી લીધા છે. રાજાને નવા અમીરો બનાવવાની સત્તા હોવાને લીધે આ સભાના સભાસદોની સંખ્યામાં ફેરફાર થયાજ કરે છે. હાલમાં અમીરોની સભામાં કુલ ૭૩૫ સભાસદો છે. ધર્માધ્યક્ષો સિવાયના અમીરોની સભામાં બેસતા ઉમરાવો ચાર પ્રકારના હોય છે: (૧) વંશપરંપરાના ઉમરાવો, (૨) ચુંટાએલા આજીવન ઉમરાવો, (૩) પાર્લમેન્ટની મુદત સુધીના ઉમરાવો, (૪) આજીવન ઉમરાવો એટલે પોતાના હોદ્દાની રૂએ ઉમરાવપદ ભોગવતા અમીરો.

હાલમાં અમીરોની સભામાં ૭૩૫ ઉમરાવો છે, અને તેમની સંખ્યા આ પ્રમાણે છે: ૪ રાજકુટુંબના માણસો, ૬૫૭ વંશપરંપરાના ઉમરાવો, ૧૬ સ્કૉટલેન્ડના ચુંટાએલા ઉમરાવો (પાર્લમેન્ટની મુદત સુધીજ બેસે છે.), ૨૮ આયર્લેન્ડના આજીવન ઉમરાવો, ૨૬ ધર્માધ્યક્ષો, ૪ આજીવન બેસતા ન્યાયાધીશો.

આ ઉમરાવોના પાંચ દરજ્જાઓમાં ડયૂક સર્વશ્રેષ્ઠ ગણાય છે, અને તે પછી અનુક્રમે માર્કિવસ, અર્લ, વાઈકાઉન્ટ, અને બૅરન ગણાય છે.

**લૉર્ડ ચાન્સેલર:** જેવી રીતે આમની સભામાં 'સ્પીકર' પ્રમુખ તરીકે બેસે છે અને સભાનું કામકાજ ચલાવે છે, તેમ અમીરોની સભામાં લૉર્ડ ચાન્સેલર પ્રમુખ તરીકે બેસે છે. તેની નીમણુક વડો પ્રધાન કરે છે, અને તે પ્રધાનમંડળમાંનો એક હોય છે. અમીરોની સભાના સભાસદોનો માનમરતબો સાચવવાની તેમની ફરજ હોય છે. તે અમીરોની સભાના કાયદા અને કાનુનો સાચવી કામકાજ ચલાવે છે. અમીરોની સભા છેવટની અપીલની અદાલત તરીકે ન્યાય સંબંધી કાર્ય બજાવે, ત્યારે લૉર્ડ ચાન્સેલર તે અદાલતના મુખ્ય ન્યાયાધીશ તરીકે કામ કરે છે. તેને વાર્ષિક ૧૦,૦૦૦ પૌન્ડ મળે છે.

**અમીરોની સભાના હક અને કર્તવ્યો:** (Functions and Powers)

(૧) **ધારાવિષયક સત્તા:** આમની સભાની માફક અમીરોની સભાને પણ સામાન્ય ખરડા રજુ કરવાની સત્તા છે, અને તેમાં પ્રત્યેક ખરડો * ત્રણ વાચનમાંથી પસાર થાય, ત્યારે તે આમની સભામાં જાય છે. કાયદા ઘડવાની બાબતમાં ઇ. સ. ૧૯૧૧ પછી અમીરોની સભાના સમાન હક ઉપર કાપ મૂકવામાં આવ્યો છે; કારણ કે આમની સભાએ બે વરસની બેઠકમાં ત્રણ વખત પસાર કરેલા ખરડાને અમીરોની સભા સંમતિ ન આપે, તોપણ તે રાજાની સહીથી કાયદો બને છે.

(૨) **નાણાં સંબંધી:** ખરડા અને અંદાજપત્રો પહેલાં તો આમની સભામાં રજુ થવાં જોઈએ એવી પ્રથા છે, પણ તેમાં અમીરોની સભાની સંમતિ લેવાય છે. અમીરોની સભા એવા નાણાંકીય ખરડાને એક માસમાં પસાર ન કરે, તો રાજાની સહીથી એ પસાર થએલો ગણાય છે. આમ જોતાં નાણાંકીય બાબતોમાં અમીરોની સભાની સત્તા નામનીજ રહી છે.

---

*** ખરડો કેવી રીતે કાયદો બને છે?** પ્રથમ તો કોઈ પણ ખરડો રજુ કરવા દેવા માટે સભાની રજા માગવી પડે છે. રજા મળતાં તે ખરડો વાંચવાનો દિવસ નક્કી કરવામાં આવે છે. ઠરાવેલે દિવસે ખરડો સભામાં દાખલ થાય છે, અને તે શા વિષય ઉપર છે તે જણાવવામાં આવે છે. તે દિવસે તેના ઉપર ચર્ચા થતી નથી. આ પ્રમાણે પહેલા વાચન (Reading)માંથી પસાર થયા પછી ખરડો છપાવી દરેક સભ્યને મોકલવામાં આવે છે. આ પ્રમાણે ખરડાના સ્વરૂપ, મુદ્દાઓ અને પ્રયોજન વિષે અભ્યાસ કરવાની તક આપ્યા પછી તેનું બીજું વાચન થાય છે. તે પ્રસંગે તેના હેતુ, મુદ્દાઓ વગેરે ચર્ચાય છે. મહત્ત્વના કાયદાઓના ખરડાનું આ વાચન કેટલીક વખત તો અઠવાડીઆં સુધી ચાલે છે. જો ખરડો પસાર થાય તો તેને ઝીણવટથી તપાસવા અને ફેરફારો સૂચવવા તેને એક ખાસ સમિતિ (Sellect Committee) ને સોંપવામાં આવે છે. એ ખરડાની સંપૂર્ણ ચર્ચા પછી સમિતિ એ ખરડો પોતાના હેવાલ સાથે રજુ કરે છે, એટલે તેનું ત્રીજું વાચન થાય છે. આ વેળા સભ્યોએ માત્ર સામાન્ય ચર્ચા કરવાની હોય છે. આખરે તે ઉપર મત લેવાય છે; અને બહુમતી મળે તો એવાજ સંસ્કાર પામવા ખરડો બીજી સભામાં જાય છે. બંને સભામાં પસાર થએલો ખરડો રાજાની સહીથી કાયદો બને છે.

(૩) **રાજ્યવહીવટને લગતી સત્તા:** આમની સભાની માફક અમીરોની સભાને પણ પ્રશ્નો પૂછવાનો અને ઠરાવો રજુ કરવાનો હક છે. સરકારની સ્વદેશનીતિ અગર પરદેશનીતિ સંબંધી પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતો ઠરાવ ચર્ચા માટે રજુ કરવાનો હક અમીરોની સભાના કોઈ પણ સભાસદને છે. જાહેર હિતની બાબતોમાં આ સભા ચર્ચા કરી શકે છે, અને ઠરાવો પસાર કરે છે; પરંતુ તે બાબતમાં પ્રધાનમંડળને તેમની નીતિ ગ્રહણ કરવાની ફરજ પાડી શકે નહિ. આ ઉપરથી નક્કી થાય છે કે કેબિનેટ આમની સભાને જવાબદાર છે, અમીરોની સભાને નહિ.

(૪) **ન્યાય સંબંધી:** અમીરોની સભા ન્યાયની બાબતમાં સર્વોપરિ સત્તા ભોગવે છે. સામ્રાજ્યમાં અપીલની તે છેવટની અદાલત ગણાય છે. જુના સમયથી આ સત્તા અમીરોની સભા ભોગવે છે. કોઈ પણ મોટા અમલદાર સામે આમની સભાને મુકર્દમો (Impeachment) ચલાવવો હોય, તો તે અમીરોની સભા સમક્ષ ચલાવવામાં આવે છે. વૉરન હેસ્ટિંગ્સનો મુકર્દમો આમની સભાએ અમીરોની સભા સમક્ષ ચલાવેલો, તે તો તમે જાણો છો. અમીરોની સભા અપીલો સાંભળે છે; પણ કાર્યની સગવડ ખાતર ૭ ન્યાયાધીશોનું એક 'સ્વતંત્ર મંડળ' નીમવામાં આવે છે. તેમાં ચાર ન્યાયાધીશો જિંદગી પર્યંત બેસે છે, અને તેમાં લૉર્ડ ચાન્સેલર અને માજી ચાન્સેલર તેમને મદદ કરે છે.

આ ઉપરથી આમની સભા અને અમીરોની સભાની ફરજો અને કાર્યક્ષેત્ર વિષે ટુંકી નોંધ નીચે મુજબ તૈયાર કરી શકાય.

## —આમની સભા—

(૧) ખરડા રજુ કરી શકે. તેને પસાર કરી ઉપલી સભાની સંમતિ માટે મોકલી શકે. ઉપલી સભા સંમતિ ન આપે, તો લાગલાગટ બે વરસની બેઠકમાં ત્રણ વખત પસાર કરી તે ખરડાને રાજાની સહીથી પસાર કરાવી શકે.

(૨) નાણાંકીય ખરડા અને અંદાજપત્રો આમની સભામાંજ પહેલાં રજુ થઈ શકે. ખરડો નાણાંકીય છે કે નહિ, તે સંબંધી 'સ્પીકર'નો નિર્ણય છેવટનો ગણાય. આમની સભાએ પસાર કરેલા નાણાંકીય ખરડાને અમીરોની સભા એક માસમાં પસાર ન કરે, તો રાજાની સહીથી તે પસાર થાય.

(૩) જાહેર હિતની બાબતોમાં ચર્ચા કરે; ઠરાવો પસાર કરી શકે. કેબિનેટના સભ્યોને પ્રશ્નો પૂછી શકે. કેબિનેટને અવિશ્વાસનો ઠરાવ લાવી રાજીનામું આપવાની ફરજ પણ પાડી શકે.

(૪) ન્યાય સંબંધી સત્તા નથી.

## —અમીરોની સભા—

(૧) ખરડા રજુ કરી શકે. ચર્ચા કરી શકે. ખરડા પર સુધારા સૂચવી શકે. આમની સભાએ પસાર કરેલા ખરડાને સંમતિ આપી પસાર કરાવી શકે; અથવા બે વર્ષ માટે મોકુફ રાખી શકે.

(૨) નાણાંકીય ખરડા અથવા બજેટ પર ચર્ચા કરી શકે. વધુમાં વધુ એક માસ મુલતવી રાખી શકે.

(૩) જાહેર હિતની બાબતોમાં ચર્ચા કરી શકે; ઠરાવો રજુ કરી શકે, પણ કેબિનેટ પર દબાણ લાવી શકે નહિ.

(૪) ન્યાયની બાબતમાં તે છેવટની અપીલની અદાલત તરીકે કાર્ય કરી શકે; મુકર્દમા પણ ચલાવી શકે.

---

# પ્રકરણ ૪થું

## પ્રધાનમંડળ (Cabinet)

**કેબિનેટની ઉત્પત્તિ અને વિકાસ:** રાજ્યવહીવટની સલામતી ખાતર સલાહકાર મંડળ નીમવાનો રિવાજ તો પરાપૂર્વથી હતો. પોતાના સલાહકારોને પસંદ કરવાની સત્તા રાજાનેજ હતી. પરંતુ ક્રમે ક્રમે આ સત્તા પાર્લમેન્ટે પોતાને હસ્તક લેવા માંડી, અને પંદરમા સૈકાના આરંભમાં પાર્લમેન્ટનો વિશ્વાસ મેળવ્યો હોય તેવાજ ગૃહસ્થો આ મંડળમાં બેસી શકે એમ ઠર્યું. એને 'પ્રિવિ કાઉન્સિલ'નું નામ આપવામાં આવ્યું. ધીમે ધીમે તેના સભ્યોની સંખ્યા વધવા લાગી. તેમાં કેટલાકને તો રાજકારણની ગંધ સરખી પણ ન હતી, એટલે તેમનામાં રાજાને સલાહ આપવાની યોગ્યતા કયાંથી હોય? આથી ધીમે ધીમે એવી પ્રથા પડવા લાગી, કે રાજાની ઇચ્છામાં આવે

તેની સલાહ તે લે. ચાર્લ્સ બીજો ગાદીએ આવ્યો, ત્યારે વહીવટની સરળતા ખાતર તેણે પાંચ માણસોનું એક મંડળ નીમ્યું. તે 'કેબલ પ્રધાનમંડળ'ના નામથી ઓળખાયું. આ મંડળના સભ્યો રાજાના વિશ્વાસુ માણસો હોવાથી તેઓ પાર્લમેન્ટને જવાબદાર ન હતા. ઇ. સ. ૧૬૮૮ની રાજ્યક્રાન્તિ પછી રાજ્યસત્તા મર્યાદિત બની, અને પાર્લમેન્ટની સત્તા સર્વોપરિ બની. વિલિયમે શરૂઆતમાં તો વ્હિગ અને ટોરી બંને પક્ષમાંથી પ્રધાનમંડળ નીમ્યું હતું; પરંતુ પાર્લમેન્ટમાં પક્ષપાત પ્રબળ થતો ચાલ્યો, અને પ્રધાનોના કામમાં હરકતો ઉભી થવા માંડી. આથી વિલિયમે સંડરલેન્ડની સૂચનાથી બહુમતી ધરાવનાર પક્ષમાંથી પ્રધાનમંડળ નીમવાની શરૂઆત કરી. આ પદ્ધતિમાં એકધારી નીતિ આવવાથી સામુદાયિક બળ વધ્યું, અને રાજકારભાર સરળ બન્યો. **એન** રાણીએ એ પદ્ધતિ ચાલુ રાખી; પણ કેબિનેટ પદ્ધતિનાં બીજાં સૂત્રો વૉલ્પોલના કારભારમાં અમલમાં આવ્યાં; કારણ કે પરદેશી રાજાઓના અંગ્રેજી ભાષાના અજ્ઞાનપણાને લઈને પ્રધાનમંડળમાં રાજાએ બેસવાનું બંધ કર્યું. આથી વડા પ્રધાન (Prime Minister)નું પદ અસ્તિત્વમાં આવ્યું. વળી વૉલ્પોલના સત્તાલોભને લીધે એકજ રાજકીય પક્ષના અને વડા પ્રધાનની આગેવાની સ્વીકારે તેવા સભ્યો પ્રધાનમંડળમાં આવવા લાગ્યા. જ્યૉર્જ ત્રીજાએ પ્રધાનમંડળની સત્તા તોડી નાખવાનો પ્રયત્ન કર્યો; પરંતુ તેથી તો પક્ષપદ્ધતિ પ્રબળ થઈ, અને પ્રધાનમંડળદ્વારા રાજ્ય ચલાવવાની પ્રથાને બમણો વેગ મળ્યો.

**કેબિનેટ અને મિનિસ્ટ્રી :** પ્રધાનમંડળના સભ્યોની સંખ્યા મુકરર નથી; તેમાં આશરે ૨૦ સભ્યો હોય છે, પણ બધા પ્રધાનોની કુલ સંખ્યા તો ૭૦ જેટલી થાય. એને 'મિનિસ્ટ્રી' કહે છે. પાર્લમેન્ટનો સેક્રેટરી, આસિસ્ટંટ સેક્રેટરી અને અમીરોની સભામાં બેસતા બીજા જવાબદાર અમલદારો મિનિસ્ટ્રીમાં ગણાય છે. મિનિસ્ટ્રીને કેબિનેટની રાજનીતિને ધોરણેજ ચાલવું પડે છે.

**કેબિનેટ : તે કેવી રીતે રચાય છે?** આમની સભાની ચૂંટણી થઈ ગયા પછી રાજા વધુમતી પક્ષના આગેવાનને બોલાવી પ્રધાનમંડળ

રચવાની વિનંતી કરે છે. ત્યારપછી તે પોતાના સાથીઓની પસંદગી કરી તે નામોની યાદી રાજાને સાદર પેશ કરે છે, અને રાજા તે યાદીમાંના સભ્યોને પોતાના પ્રધાનો નીમે છે. આ પ્રમાણે રચાતા પ્રધાનમંડળદ્વારા રાજા સમગ્ર દેશનું રાજ્યતંત્ર ચલાવે છે. પ્રધાનમંડળમાં સામાન્ય રીતે દરેકને રાજ્યનું એકેક ખાતું સોંપવામાં આવે છે. નીચે જણાવેલા પ્રધાનોની યાદી ઉપરથી રાજ્યનાં વિવિધ ખાતાં અને કાર્યની વહેંચણીનો તમને ખ્યાલ આવશે.

| | | પગાર | |
|---|---|---|---|
| ૧. | તિજોરી ખાતાનો પ્રથમ લૉર્ડ—મુખ્ય પ્રધાન. | ૫,૦૦૦ | પૌન્ડ |
| ૨. | ચાન્સેલર ઑવ્ ધી એકસચેકર—ખજાનચી. | ૫,૦૦૦ | ,, |
| ૩. | લૉર્ડ હાઈ ચાન્સેલર—ઉમરાવની સભાનો પ્રમુખ. | ૧૦,૦૦૦ | ,, |
| ૪. | લૉર્ડ પ્રિવિ સીલ—અમીરોની સભાનો આગેવાન. | ૨,૦૦૦ | ,, |
| ૫. | લૉર્ડ પ્રેસિડન્ટ ઑવ્ ધી કાઉન્સિલ—પ્રિવિ કાઉન્સિલનો પ્રમુખ. | ૨,૦૦૦ | ,, |
| ૬. | સ્વદેશ ખાતાનો પ્રધાન—આંતરનીતિ. | ૫,૦૦૦ | ,, |
| ૭. | પરદેશ ખાતાનો પ્રધાન—પરદેશખાતું. | ૫,૦૦૦ | ,, |
| ૮. | સંસ્થાન ખાતાનો પ્રધાન. | ૫,૦૦૦ | ,, |
| ૯. | હિંદુસ્તાનનો પ્રધાન. | ૫,૦૦૦ | ,, |
| ૧૦. | વિમાન ખાતાનો પ્રધાન. | ૩,૦૦૦ | ,, |
| ૧૧. | સ્કૉટલેન્ડ ખાતાનો પ્રધાન. | ૨,૫૦૦ | ,, |
| ૧૨. | નૌકા ખાતાનો પહેલો લૉર્ડ. | ૪,૫૦૦ | ,, |
| ૧૩. | વેપાર ખાતાના બોર્ડનો પ્રમુખ. | ૫,૦૦૦ | ,, |
| ૧૪. | આરોગ્ય ખાતાનો પ્રધાન. | ૫,૦૦૦ | ,, |
| ૧૫. | કેળવણી ખાતાનો પ્રધાન. | ૨,૦૦૦ | ,, |
| ૧૬. | ખેતીવાડી અને મચ્છીમારના ધંધાના ખાતાનો સેક્રેટરી | ૨,૦૦૦ | ,, |
| ૧૭. | યુદ્ધખાતાનો પ્રધાન. | ૫,૦૦૦ | ,, |
| ૧૮. | મજુર-વિષયક ખાતાનો પ્રધાન. | ૨,૦૦૦ | ,, |
| ૧૯. | ફર્સ્ટ કમિશનર ઑવ્ વર્કસ. | ૨,૦૦૦ | ,, |
| ૨૦. | ચાન્સેલર ઑવ્ ધી ડચી ઑવ્ લેન્કેસ્ટર. | ૨,૦૦૦ | ,, |

૨૧. એટર્ની જનરલ ૭,૦૦૦ ,,
૨૨. પોસ્ટ–માસ્તર–જનરલ
૨૩. પેન્શન ખાતાનો પ્રધાન.

**હાલનું પ્રધાનમંડળ** નીચે જણાવેલા પ્રધાનોનું બનેલું છે.

(૧) તિજોરી ખાતાનો પ્રથમ લૉર્ડ—વડો પ્રધાન (નેવિલ ચેમ્બરલેઈન)
(૨) લૉર્ડ પ્રિવિ સીલ. (૩) પ્રિવિ કાઉન્સિલનો પ્રમુખ.
(૪) લૉર્ડ ચાન્સેલર. (૫) ચાન્સેલર ઑવ્ ધી એકસચેકર.
(૬) પરદેશમંત્રી. (૭) સંસ્થાનિક મંત્રી. (૮) યુદ્ધમંત્રી. (૯) ગૃહમંત્રી.
(૧૦) હિંદી વજીર. (લૉર્ડ ઝેટલેન્ડ) (૧૧) નૌકાખાતાનો પ્રથમ લૉર્ડ.

**પ્રધાનમંડળને લગતા અગત્યના સિદ્ધાંતો:** (Main features of the Cabinet)

(૧) **એકજ રાજકીય પક્ષ:** પ્રધાનમંડળના સભ્યો આમની સભામાં બહુમતી ધરાવનાર પક્ષમાંથીજ ચૂંટવામાં આવે છે. કોઈ પણ કારણસર પ્રધાનમંડળ આમની સભાનો વિશ્વાસ ગુમાવે, તો તેમને રાજીનામું આપવું પડે છે, અને નવું પ્રધાનમંડળ ચુંટાય છે.

(૨) **સંયુક્ત જવાબદારી:** ચાર્લ્સ બીજાના સમયમાં પાર્લમેન્ટે કલેરન્ડન અને ડેન્બી ઉપર રાજાને ખોટી સલાહ આપવા બદલ કામ ચલાવ્યું હતું. એ બતાવે છે કે તે વખતમાં દરેક પ્રધાન પોતાના કાર્ય માટે પાર્લમેન્ટને જવાબદાર ગણાતો. પરંતુ હાલમાં એ સ્થિતિ બદલાઈ ગઈ છે. પ્રત્યેક પ્રધાનના કાર્ય અને ધારણ કરેલી રાજ્યનીતિ માટે સમગ્ર પ્રધાનમંડળ પાર્લમેન્ટને જવાબદાર ગણાય છે; એટલે કોઈ પણ પ્રધાન પર આમની સભા અવિશ્વાસનો ઠરાવ લાવે, અથવા તેણે રજુ કરેલો ખરડો ફેંકી દે, તો બધા પ્રધાનો એકી સાથે રાજીનામું આપે છે.

(૩) **વડા પ્રધાનની આગેવાની:** પ્રધાનમંડળના બધા સભ્યો વડા પ્રધાનની આગેવાની સ્વીકારે છે. અગત્યની દરેક બાબતમાં પ્રધાનો તેની સલાહ અનુસાર વર્તે છે. વડા પ્રધાન સાથે મતભેદ ધરાવનાર સભ્યને રાજીનામું આપવું પડે છે.

(૪) **એકચારી રાજ્યનીતિ:** જો કે જુદાં જુદાં ખાતાંઓનો વહીવટ જુદા જુદા પ્રધાનોના હાથમાં હોય છે; પરંતુ પરદેશનીતિ કે તેવા અગત્યના પ્રશ્નોમાં તેઓ એકમત થઈ કાર્ય બજાવે છે, એટલે પ્રધાનમંડળના દરેક સભ્યને પ્રધાનમંડળના બહુમતીથી થએલા નિર્ણય સાથે સંમત થવું પડે છે. ઈટલી અને એબિસિનિઆના પ્રશ્ન ઉપર પરદેશમંત્રી સર સેમ્યુઅલ હોરને પ્રધાનમંડળના અન્ય સભ્યો સાથે મતભેદ પડયો હતો. પરિણામે સર સેમ્યુઅલ હોરે રાજીનામું આપ્યું હતું.

(૫) પ્રધાનમંડળની દરેક ચર્ચા છૂપી રાખવી જોઈએ.

**પ્રધાનમંડળની ફરજો અને જવાબદારી :**

(૧) દેશની શાંતિ, જાહેર વ્યવસ્થા, સારો રાજ્યકારભાર, પરરાજ્યનીતિ, નાણાંની વ્યવસ્થા, વેપારઉદ્યોગની ખીલવણી, નૌકાખાતું, હવાઈ કાફલો વગેરેની દેખરેખ તથા સંસ્થાનો તેમજ સામ્રાજ્યના બીજા ભાગોની દેખરેખ તથા વ્યવસ્થા જાળવવાનું કામ પ્રધાનમંડળનું છે.

(૨) સ્વદેશના અને સામ્રાજ્યના બીજા ભાગોના મુખ્ય હોદ્દેદારોની નીમણુક રાજા પ્રધાનમંડળની સલાહથીજ કરે છે.

(૩) દેશના હિતને માટે જરૂરી ખરડા પ્રધાનમંડળ ઘડે છે; અને તેને આમની સભા ટેકો આપે છે. પોતાના ખાતાના વહીવટ વિષે દરેક પ્રધાનને પાર્લમેન્ટના સભ્યોના પ્રશ્નોનો સંતોષકારક જવાબ આપવો પડે છે. પોતે ધારણ કરેલી નીતિના બચાવને અર્થે દરેક પ્રધાને તૈયાર રહેવું જોઈએ.

(૪) નાણાંકીય ખરડા પ્રધાનો રજુ કરે છે. અંદાજપત્ર (Budget) તો તિજોરી ખાતાનો પ્રધાન ઘડે છે, અને આમની સભામાં રજુ કરે છે. પાર્લમેન્ટે મંજુર કરેલા કરો વસુલ કરવાનું કામ, અને તેની મંજુરી પ્રમાણે ખર્ચ થાય છે કે નહિ તે જોવાનું કામ પણ પ્રધાનમંડળનું છે.

(૫) વડો પ્રધાન પ્રત્યેક રાજકીય બાબતમાં રાજાને સલાહ આપે છે, અને તેને પ્રધાનમંડળના કામકાજથી વાકેફ રાખે છે.

(૬) પાર્લમેન્ટની બંને સભાનો કાર્યક્રમ પ્રધાનમંડળજ નક્કી કરે છે.

આ ઉપરથી તમે સમજી શકશો, કે ઈંગ્લેન્ડમાં રાજાને નામે ચાલતા સમગ્ર રાજ્યતંત્રની દોરીના સંચાલક હોવાનું માન પ્રધાનમંડળને ઘટે છે.

**વડો પ્રધાન: પ્રધાનમંડળમાં તેનું સ્થાન** : હોદ્દાની રૂએ વડો પ્રધાન બ્રિટિશ રાજ્યબંધારણમાં અનેરૂં સ્થાન ભોગવે છે. તે પોતાના સાથીઓની પસંદગી કરતો હોવાથી પ્રધાનમંડળમાં તે નેતા ગણાય છે. તેની સાથે મતભેદ ધરાવનાર સભ્યને રાજીનામું આપવું પડે છે. દેશપરદેશની નીતિ તેની સલાહ મુજબ ઘડાય છે. વળી તેને રાજાને મળવાની સત્તા હોવાથી પ્રધાનમંડળની ચર્ચા અને ધારણ કરેલી નીતિ સંબંધી બધી હકીકતથી તે રાજાને વાકેફ રાખે છે, તેમજ રાજાનો મત પણ પ્રધાનમંડળ સમક્ષ તેજ રજુ કરે છે. આથીજ તેને રાજા અને પ્રધાનમંડળ વચ્ચે સંયોગી કડી સમાન ગણવામાં આવે છે. સામ્રાજ્યના મોટા મોટા અમલદારોની નીમણુક પણ રાજા તેની સલાહથીજ કરે છે. સમગ્ર દેશના રાજ્યવહીવટ માટે તે જવાબદાર ગણાતો હોવાથી પ્રધાનો અગત્યની નીતિ તેની જાણ બહાર રજુ કરી શકતા નથી, અને તેનો અભિપ્રાય જાણ્યા વિના પ્રધાનો છેવટનો નિર્ણય કરી શકતા નથી. *તે કેબિનેટ રૂપી કમાનનો મધ્યવર્તી ભાગ ગણાય છે. ઈંગ્લેન્ડના રાજ્યબંધારણમાં વડા પ્રધાનનો હોદ્દો ન હોવાથી તે "ફર્સ્ટ લૉર્ડ ઑવ્ ધી ટ્રેઝરી" નો હોદ્દો ધારણે કરે છે. તેને વાર્ષિક ૫,૦૦૦ પૌન્ડનો પગાર મળે છે. વડો પ્રધાન જ્યાં સુધી આમની સભાનો અને પ્રજાનો સંપૂર્ણ વિશ્વાસ ધરાવતો હોય, ત્યાં સુધી બ્રિટિશ રાજ્યતંત્રમાં તેનું સ્થાન અદ્વિતીય છે.

**વડો પ્રધાન અને આમની સભા**: વડો પ્રધાન આમની સભામાં બહુમતી ધરાવતા પક્ષનો આગેવાન હોય છે. જ્યાં સુધી તે આમની સભાનો વિશ્વાસ જાળવી રાખે, ત્યાં સુધી તે અધિકાર ઉપર રહે છે. વડો પ્રધાન રાજ્યતંત્રની બધી માહિતી આમની સભાને આપે છે; અને કારોબારી મંડળના અભિપ્રાયો જણાવે છે. વિરુદ્ધ પક્ષની ટીકાઓના જવાબ આપી તે પોતાની નીતિનો બચાવ કરે છે. આમની સભા કોઈ પણ સભ્ય ઉપર અવિશ્વાસનો ઠરાવ લાવે, તો સંયુક્ત પ્રધાનમંડળ રાજીનામું આપે છે.

આમ વડો પ્રધાન આમસભા, પ્રધાનમંડળ અને રાજા—એ ત્રણેને જોડનાર સુવર્ણકડી ( Golden link ) સમાન છે.

---

* "Keystone of the Cabinet Arch." (Marriot).

**રાજકીય પક્ષ**: હાલમાં ઈંગ્લેન્ડમાં ત્રણ રાજકીય પક્ષ અસ્તિત્વમાં છે: (૧) કૉન્ઝર્વેટિવ, (૨) લિબરલ, (૩) મજુરપક્ષ.

**કૉન્ઝર્વેટિવપક્ષ** : આ પક્ષના લોકો સામ્રાજ્યનો વિસ્તાર અને સંગઠન, તેમજ રાજપદ અને અમીરોની સભા ટકાવી રાખવાના મતના છે. તેઓ શાંતિપ્રિય હોઈ વસ્તુસ્થિતિ જેમ હોય તેમ રાખવા ઇચ્છે છે. તેઓ વધારે પડતા સુધારાની વિરુદ્ધ છે. મજુરવર્ગ અને તેમના પ્રતિનિધિઓ તરફ તેઓ અણગમાની દૃષ્ટિથી જુએ છે. હાલમાં આ પક્ષનો નેતા સ્ટેન્લી બાલ્ડવિન છે.

**લિબરલપક્ષ**: આ પક્ષના લોકો પ્રગતિ અને સુધારામાં માનનારા છે. તેઓ નિરંકુશ વ્યાપારપદ્ધતિ, સુધારણા, તેમજ પ્રજાકીય સ્વાતંત્ર્યના હિમાયતી છે. આ પક્ષનો નેતા મિ. ડેવિડ લૉઈડ જ્યૉર્જ છે.

**મજુરપક્ષ**: આ પક્ષ ખાસ કરીને વીસમી સદીમાં પ્રબળ બન્યો છે. ઇ. સ. ૧૯૦૬માં આ પક્ષના સભાસદો પાર્લમેન્ટમાં આવ્યા. ઇ. સ. ૧૯૧૦માં મિ. જે. કેર હાર્ડિએ આ પક્ષની સ્થાપના કરી. આ પક્ષ આર્થિક બાબતોમાં સરકારની મદદ ઇચ્છે છે. તેઓ મુડીવાદીઓને ધિક્કારનારા છે. રાજપદ અને અમીરોની સભાની તેમને જરૂર જણાતી નથી. તેઓ આર્થિક ભેદભાવો મટાડી સમાનતા દાખલ કરવાનાં સ્વપ્ન સેવે છે.

આ ત્રણે પક્ષોની સંસ્થાઓ જુદે જુદે સ્થળે હોય છે. તેઓ વર્તમાનપત્રો દ્વારા પોતાના સિદ્ધાંતોનો પ્રચાર કરે છે. દરેક પક્ષનું સારૂં ભંડોળ હોય છે. ચૂંટણીને સમયે તેઓ પોતપોતાના ઉમેદવારો ઉભા કરે છે. જે પક્ષ ચૂંટણીમાં આમની સભામાં બહુમતી મેળવે, તે પક્ષ સત્તામાં આવે છે.

**ન્યાયપદ્ધતિ**: ઈંગ્લેન્ડમાં ન્યાયને માટે ત્રણ જાતની અદાલતો હોય છે.

(૧) **ફોજદારી અદાલતો**: નાના નાના ફોજદારી ગુનાઓનો ન્યાય નાની અદાલતો કરે છે. મોટા ગુના શહેરોની અને પરગણાંની મોટી અદાલતોમાં ચાલે છે. ગંભીર ગુના લંડનની વડી અદાલતમાં અથવા "**રા**" વર્ગની વડી અદાલતમાં ચાલે છે. તેના ન્યાયાધીશોની નીમણુક લૉર્ડ ચાન્સેલર કરે છે. કેટલીક અદાલતોમાં પંચ ( Jury ) ન્યાયાધીશોને મદદ કરે છે.

(૨) **દિવાની અદાલતો** : નાના દિવાની દાવાઓનો નિર્ણય પરગણાંની કોર્ટોમાં થાય છે. તેવી કોર્ટોના નિર્ણય વિરુદ્ધ વડી અદાલતોમાં અપીલ થઈ શકે છે.

(૩) **વડી અદાલતઃ** આમાં ત્રણ પ્રકારની અદાલતો છે. આ અદાલતોની વિરુદ્ધ "અપીલની અદાલત"માં અપીલ થઈ શકે છે; અને તે "અપીલની અદાલત" ના નિર્ણય વિરુદ્ધ અમીરોની સભામાં અપીલ કરી શકાય છે. અમીરોની સભા એ રાજ્યમાં છેવટની અપીલની અદાલત ગણાય છે.

**સૈન્યઃ** સૈન્યના બે વિભાગ છે. (૧) ખાસ, અને (૨) સ્વયંસૈનિકઃ (Regular and Territorial). ખાસ સૈન્યમાં બાર વર્ષ નોકરી કરવી પડે છે. તેમાં સાત વર્ષ પ્રત્યક્ષ અને પાંચ વર્ષ મુલકી ફોજમાં કરવાની છે. આ સૈન્યને બ્રિટનની બહાર પણ નોકરી કરવા જવું પડે છે. સ્વયંસૈનિકોને ચાર વર્ષ નોકરી કરવાનું બંધન છે. તે ઉપરાંત પ્રતિવર્ષ પંદર દિવસ લશ્કરી મથકોમાં તાલીમ લઈ યુદ્ધવિદ્યાનું જ્ઞાન તાજું રાખવા જવું પડે છે. આ સૈન્ય પરદેશ જવા બંધાએલું નથી, એટલે યુદ્ધસમયે દેશની રક્ષાનો ભાર તેના શિર પર રહે છે. સૈન્યમાં તોપખાનાં અને એન્જિનિયરની તાલીમ માટે વુલીચની રૉયલ મિલિટરી એકેડેમી છે; સેન્ડહર્સ્ટની રૉયલ મિલિટરી કૉલેજમાં હયદળ અને પાયદળના અમલદારો થવાનું શિક્ષણ અપાય છે.

**નૌકાસૈન્યઃ** ઈંગ્લેન્ડના વિશાળ સામ્રાજ્યની રક્ષા માટે તેનું સૈન્ય પૂરતું નથી. ઈંગ્લેન્ડનાં સામર્થ્ય અને વૈભવ તો તેના આવા પ્રબળ નૌકાસૈન્ય ઉપર ટકી રહ્યાં છે, એ વાત રાણી ઇલિઝાબેથના સમયથી જાણીતી છે. એ નૌકાસૈન્યને જોરેજ તેણે સ્પેન, હોલેન્ડ, અને ફ્રાન્સ જેવા પ્રતિસ્પર્ધીઓની જોડે ટક્કર લઈ તેમને હરાવ્યા હતા. આજ પણ ઈંગ્લેન્ડનું નૌકાબળ કોઈ પણ દેશના નૌકાબળ કરતાં શ્રેષ્ઠ છે. ઇ. સ. ૧૭૦૮થી તેની વ્યવસ્થા સાત સભ્યોની એક સમિતિ (Board of Admiralty) દ્વારા ચાલે છે; તેનો મુખ્ય સભાસદ પ્રધાનમંડળનો સભ્ય હોય છે, અને તે નૌકાખાતાને માટે પાર્લમેન્ટને જવાબદાર હોય છે. ન્યૂઝીલેન્ડ, ઑસ્ટ્રેલિઆ, અને કેનેડાએ પોતાનાં લડાયક જહાજો બાંધી તે પર કામ કરનારા માણસોનું ખર્ચ પોતે ભોગવવાનો ઠરાવ કર્યો છે, એટલે સામ્રાજ્યના સર્વ ભાગોને સુરક્ષિત રાખવાનો ઈંગ્લેન્ડના નૌકાખાતાનો ભાર હળવો થયો છે.

આ ઉપરાંત છેલ્લા મહાવિગ્રહમાં વિમાનો પણ ઉપયોગમાં આવ્યાં હતાં, અને ભવિષ્યમાં વધારે પ્રમાણમાં આવશે, એમ માની ઇંગ્લેન્ડે વિમાની દળ (Air Force) સ્થાપી તેની વ્યવસ્થા વિમાન–સમિતિ (Air Council) ને સોંપી છે. આ ખાતાનો પ્રધાન પણ પ્રધાનમંડળમાં બેસે છે.

**સામ્રાજ્યવ્યવસ્થા** : છેલ્લાં સાડાચારસો વર્ષમાં ઈંગ્લેન્ડે પોતાની ઉત્ક્રાન્તિ સાધી જગત્‌ભરમાં પોતાનું વિશાળ સામ્રાજ્ય શી રીતે સ્થાપ્યું, તેની કથા આ ગ્રંથમાં આવી ગઈ છે. એ સામ્રાજ્યની વ્યવસ્થા કેવી છે, અને જુદા જુદા દેશો ગ્રેટબ્રિટન સાથે કેવા સંબંધથી જોડાએલા છે, એ હવે જોઈએ.

પાંચે ખંડમાં પ્રસરેલા આ સામ્રાજ્યનું ક્ષેત્રફળ ૧ કરોડ ૪૦ લાખ ચો. માઇલ છે. તેની ૪૩ કરોડની એકંદર લોકસંખ્યામાંથી માત્ર ૫ કરોડ ૩૦ લાખ ગોરાઓ છે, અને બાકીના કાળી, પીળી, અને તપખીરિઆ ચામડીવાળા લોકો છે; આ બધા આચારવિચાર અને સંસ્કૃતિમાં એકમેકથી ભિન્ન છે.

સામ્રાજ્યમાં આવેલા દેશોના ગ્રેટબ્રિટન જોડેના સંબંધમાં પણ વિવિધતા છે; કેટલાક દેશોને સઘળી આંતર વ્યવસ્થા કરી લેવાનો સંપૂર્ણ હક આપી દેવામાં આવ્યો છે, ત્યારે કેટલાકમાં પ્રતિનિધિ સંસ્થાઓ સ્થાપી અમુક વિષયોમાં જવાબદાર રાજ્યપદ્ધતિ દાખલ કરવામાં આવી છે; બીજા કેટલાક દેશોમાં ઈંગ્લેન્ડનોજ સંપૂર્ણ અધિકાર પ્રવર્તે છે.

સામ્રાજ્યમાં શ્રેષ્ઠ સત્તા તો ગ્રેટબ્રિટનની પાર્લમેન્ટનીજ છે. સામ્રાજ્યના કોઈ પણ ભાગ સંબંધી તે કાયદા કરી શકે છે. સ્વરાજ્ય ભોગવતાં સંસ્થાનોના આંતર વહીવટમાં તે નિયમ તરીકે વચ્ચે પડતી નથી, છતાં તેવી કોઈ પણ બાબતનો કાયદો કરવાનો તેને સંપૂર્ણ હક છે; કેમકે એમને સ્વરાજ્ય આપવાનો કાયદો બ્રિટિશ પાર્લમેન્ટેજ પસાર કરેલો છે, એટલે તેને રદ કરવાની પણ તે સત્તા ધરાવે છે. પાર્લમેન્ટને જવાબદાર પ્રધાનમંડળને હાથે સામ્રાજ્યનો રાજ્યકારભાર ચાલે છે. સામ્રાજ્યના રક્ષણના જોખમદાર કાર્ય માટે પ્રધાનમંડળમાંથી મુખ્ય પ્રધાનના પ્રમુખપદે 'ઇમ્પીરિઅલ ડિફેન્સ કમિટી' નીમેલી હોય છે. તેમાં યુદ્ધ, પરદેશ, જળસ્થળ સૈન્યો, અને હિંદના મંત્રીઓ ઉપરાંત આકાશ, જળ, અને સ્થળ સૈન્યના જાણકાર સભાસદો હોય છે.

ભિન્ન ભિન્ન રાજ્યપદ્ધતિવાળા આ સર્વ દેશો ઉપર બ્રિટિશ પાર્લમેન્ટ,

પ્રધાનમંડળ, અને ન્યાયખાતાનો ઓછેવત્તે અંશે અંકુશ હોય છે. વળી પાર્લમેન્ટે કરેલા કાયદાથીજ આવી રાજ્યપદ્ધતિ અસ્તિત્વમાં આવી છે. એ દેશો માટે ગવર્નર જનરલ, ગવર્નર, કમિશનર, ઇત્યાદિ અધિકારીઓ પ્રધાન-મંડળ નીમે છે; તે દેશોના વરિષ્ટ ન્યાયમંદિરના ચુકાદા ઉપર પ્રિવિ કાઉન્સિલમાં અપીલ કરી શકાય છે.

કેનેડા, ઑસ્ટ્રેલિઆ, ન્યૂઝીલેન્ડ, દક્ષિણ આફ્રિકા, ન્યૂફાઉન્ડલેન્ડ, અને ઉત્તર તેમજ દક્ષિણ આયર્લેન્ડને સ્વરાજ્ય મળ્યું છે, એટલે તે દેશોમાં ઇંગ્લેન્ડના જેવી પદ્ધતિથી પ્રધાનમંડળદ્વારા વહીવટ ચાલે છે.

**કેનેડા**: સર્વ સંસ્થાનોમાં આ સંસ્થાન જુનું છે; તેમાં ૯ પ્રાંતો છે. તેની પાર્લમેન્ટમાં 'સેનેટ' અને 'કૉમન્સ' એવી બે સભા છે. સેનેટમાં એક વખત દાખલ થએલો સભ્ય મરણ પર્યંત તેમાં રહે છે. સેનેટમાં ૯૬ અને કૉમન્સમાં ૨૫૫ સભ્યો છે. પ્રધાનો કૉમન્સને જવાબદાર છે. ઈંગ્લેન્ડ તરફથી નીમાએલો ગવર્નર જનરલ આમની સભાને જવાબદાર પ્રધાનમંડળની મદદથી રાજ્યકારભાર ચલાવે છે.

**ન્યૂઝીલેન્ડ**: ઇ. સ. ૧૮૫૨માં તેને સ્વરાજ્ય મળ્યું છે. તેમાં ૯ પ્રાંતો છે. 'જનરલ એસેમ્બ્લી' નામથી ઓળખાતા દેશના કાયદા ઘડનાર મંડળમાં 'લેજિસ્લેટિવ કાઉન્સિલ' અને 'હાઉસ ઑવ્ રેપ્રિઝેન્ટેટિવ્ઝ' એવી બે સભા છે. પહેલીમાં ૪૦ અને બીજીમાં ૮૦ સભાસદ છે. પ્રધાનમંડળ બીજી સભાને જવાબદાર છે. ઈંગ્લેન્ડ તરફથી નીમાએલો ગવર્નર જનરલ પ્રધાન-મંડળની મદદથી રાજ્ય ચલાવે છે.

**ઑસ્ટ્રેલિઆ**: આ પ્રદેશનાં સંયુક્ત સંસ્થાનો માટે કાયદા કરનારા મંડળને 'ફેડરલ પાર્લમેન્ટ' કહે છે; તેમાં 'સેનેટ' અને 'હાઉસ ઑવ્ રેપ્રિ-ઝેન્ટેટિવ્ઝ' એવી બે સભા છે. પહેલીમાં ૩૬ અને બીજીમાં ૭૫ સભ્યો બેસે છે. આ સંસ્થાનોની સંયુક્ત રાજ્યવ્યવસ્થાનો કાયદો ઇ. સ. ૧૯૦૦માં પસાર કરવામાં આવ્યો હતો. સંયુક્ત પાર્લમેન્ટનું કેન્દ્રસ્થાન કેનબેરા નગરમાં રાખવામાં આવ્યું છે. ઇ. સ. ૧૯૨૭ના મે માસમાં રાજપુત્ર ડયૂક ઑવ્ યૉર્કે શહેનશાહના પ્રતિનિધિ તરીકે પોતાનાં પત્ની સાથે જઈ આ નગરમાં પાર્લમેન્ટના નવા મકાનને ખુલ્લું મૂકયું હતું.

**દક્ષિણ આફ્રિકા:** એનાં સંસ્થાનો ઇ. સ. ૧૯૧૦માં એકત્ર થયાં છે. ત્યાં પણ 'સેનેટ' અને 'હાઉસ ઑવ્ એસેમ્બ્લી' એવી બે સભાવાળી પાર્લમેન્ટ છે. પહેલીમાં ૪૮ અને બીજીમાં ૧૩૫ સભ્યો છે.

**દક્ષિણ આયર્લૅન્ડ:** આ ભાગને તો ઇ. સ. ૧૯૨૨માંજ 'આયરિશ ફ્રી સ્ટેટ' નામ આપી સ્વરાજ્ય આપવામાં આવ્યું છે. તેની સેનેટમાં ૬૧ અને ચેમ્બર ઑવ્ ડેપ્યુટીઝમાં ૧૫૩ સભ્યો બેસે છે. ઉત્તરમાં આવેલું અલ્સ્ટર હજુ ઇંગ્લેન્ડની મધ્યવર્તી સરકારનાજ તાબામાં છે; કેમકે તે દક્ષિણ આયર્લૅન્ડ જોડે ભળવા માગતું નથી. તેના ૧૩ પ્રતિનિધિઓ આમની સભામાં બેસે છે. 'આયરિશ ફ્રી સ્ટેટ' હવે સંપૂર્ણ સ્વતંત્ર બન્યું છે, અને તેનું નામ 'આયર' પાડવામાં આવ્યું છે.

આવાં સ્વરાજ્ય ભોગવતાં સંસ્થાનોનો પરરાજ્યો જોડે સંબંધ બાંધવાનો અધિકાર સંપૂર્ણપણે મર્યાદિત કરવામાં આવ્યો છે. તેઓ પોતાની જવાબ-દારીથી પરરાજ્યો જોડે રાજકીય વ્યવહાર કરી શકતાં નથી. આ સર્વ સંસ્થાનોમાં રાજાના પ્રતિનિધિ તરીકે જે ગવર્નર જનરલ હોય છે, તેને રાજાના પ્રતિનિધિ અને સંસ્થાનના ઉપરી અધિકારી એવી બેવડી દૃષ્ટિથી રાજ્ય કરવું પડે છે. જો કે પ્રત્યેક કાયદામાં તેની મંજુરી મેળવવી પડે છે, પરંતુ મહત્ત્વના કાયદામાં શાહી સરકારની મંજુરીની અપેક્ષા રહે છે. સંસ્થાનોનો વહીવટ ત્યાંની ધારાસભાને જવાબદાર એવા પ્રધાનમંડળની સહાયથી આ સુબો ચલાવે છે; માત્ર અમુકજ વિષયોમાં તેને ગ્રેટબ્રિટનની સરકાર પર આધાર રાખવો પડે છે: બાકી એ પ્રધાનો પોતાના કાયદામાં ફેરફાર કરી શકે છે, પોતાના અધિકારીઓ નીમી શકે છે, અને પોતાનું સ્વતંત્ર જળ-સ્થળ સૈન્ય નિભાવી શકે છે. પ્રજાસંઘમાં તેમની બેઠક પણ જુદી હોય છે.

આ સિવાય સિલોન, જમૈકા, ફિજી, મોરિશ્યસ, આદિ ક્રાઉન કૉલો-નીઝનો વહીવટ ઘણે અંશે ઇંગ્લેન્ડે નીમેલા ગવર્નરના હાથમાં હોય છે. નવા મળેલા નાઇજિરિઆ, બ્રિટિશ ઇસ્ટ આફ્રિકા, આદિ 'સંરક્ષિત પ્રદેશ'ને નામે ઓળખાતા દેશોનો કારભાર કમિશનર અથવા રેસિડેન્ટ કરે છે. તેઓ સંસ્થાન ખાતાના મંત્રીના હાથ નીચે ગણાય છે.

**બ્રિટિશ હિંદ :** હિંદના કારભાર માટે હિંદી વજીરની સત્તા સર્વોપરિ છે. તે હિંદના અમલ માટે પાર્લમેન્ટને જવાબદાર હોવાથી હિંદનાં દરેક અમલદારને હુકમ મોકલી શકે છે. ઇ. સ. ૧૯૩૫ના કાયદાથી તેની સત્તામાં કાપ મુકાયો છે; કારણ કે હવેથી જે વિષયો પ્રજાના ચુંટાએલા સભ્યોને સોંપવામાં આવ્યા છે, તે વિષયોમાં તે માથું મારી શકે એમ નથી. પરંતુ હજુ પણ ગવર્નરોની ખાસ જવાબદારીના વિષયોમાં તે પોતાનું ધાર્યું કરાવી શકે એમ છે. ઇ. સ. ૧૯૧૯ના સુધારાથી પ્રાંતિક વહીવટમાં દ્વિમુખી સત્તા (Diarchy) દાખલ કરવામાં આવી હતી, પણ એ યોજના સફળ નહિ થવાથી તેમાં યોગ્ય ફેરફાર કરવા ઇ. સ. ૧૯૨૮માં સાઇમન કમિશન નીમવામાં આવ્યું. આ કમિશનની ભલામણોથી અને રાઉન્ડટેબલ કોન્ફરન્સની બેઠકોને અંતે હિંદના રાજ્ય-બંધારણનો નવો ખરડો પસાર કરવામાં આવ્યો. આથી પ્રાંતિક વહીવટમાં બધાં ખાતાં પ્રજાના પ્રતિનિધિઓના હાથમાં સોંપાયાં છે; જો કે તેમાં ગવર્નરોની ખાસ જવાબદારીવાળા વિષયોમાં ગવર્નર ધારે ત્યારે પોતાની ખાસ સત્તાઓનો ઉપયોગ કરી શકે એમ છે. મધ્યસ્થ સમવાયતંત્ર હજુ અસ્તિત્વમાં આવ્યું નથી, એટલે હાલમાં વાઇસરોય ધારાસભાને જવાબદાર ન હોય તેવી કારોબારી સભાની સંમતિથી વહીવટ ચલાવે છે. સમવાયતંત્રમાં એ કારોબારી સભા ધારાસભાને જવાબદાર બનશે; પણ ૮૦ ટકા જેટલા ખર્ચમાં ધારાસભા માથું મારી શકશે નહિ; ફક્ત ૨૦ ટકા જેટલા ખર્ચમાં ધારાસભાનો અંકુશ રહેશે.

ગવર્નરોને હવે તેમની ખાસ જવાબદારીના વિષયો સિવાય ગવર્નર-જનરલને જવાબદાર રહેવાનું નથી. આ કાયદાથી ગવર્નરોને એટલી બધી સત્તા આપવામાં આવી છે, કે 'પ્રાંતિક સ્વરાજ્ય' અને નવા 'સમવાય તંત્ર'થી હિંદી પ્રજાને સંતોષ થયો નથી.

**ઇંગ્લેન્ડની જામીનગીરીથી ચાલતા રાજ્યવહીવટવાળા પ્રદેશો :** (Mandatory States) મહાન્ વિગ્રહ પછી પ્રજાસંઘે મેસોપોટેમિઆ, પેલેસ્ટાઇન, જર્મન ઇસ્ટ આફ્રિકા અને વેસ્ટ આફ્રિકા–વગેરે પ્રદેશો ઇંગ્લેન્ડના વર્ચસ્વ નીચે મૂક્યા છે. તેમના વહીવટને માટે બ્રિટન પ્રજાસંઘને જવાબદાર છે.

# પરિશિષ્ટ ૧લું

## બ્રિટિશ રાજ્યબંધારણના સીમાસ્તંભો

| ઇ. સ. | બનાવ | પરિણામ |
|---|---|---|
| ૧૨૧૫ | મોટો પટ્ટો. | રાજસત્તા પર બંધન મુકાયાં. |
| ૧૨૬૫ | સાઈમન ડી મોન્ટફર્ડે લોકપ્રતિનિધિ તેડયા. | પ્રજાના આમવર્ગનો અવાજ રાજ્યવહીવટમાં દાખલ થયો. |
| ૧૨૯૫ | આદર્શ પાર્લમેન્ટ. | અર્વાચીન પાર્લમેન્ટનું બીજ નંખાયું. |
| ૧૩૪૧ | આમની સભા અને ઉમરાવોની સભા જુદી પડી. | હાલનું આમગૃહ અને અમીરગૃહ એમ બે સભાઓ બની. |
| ૧૩૭૪ | ભલી પાર્લમેન્ટ. | રાજાના અધિકારીઓની તપાસ ચલાવવાના હકનો દાવો પાર્લમેન્ટે કર્યો. |
| ૧૪૦૧ | પાર્લમેન્ટ મળી. | પાર્લમેન્ટે રાજાને આપવાનાં નાણાં મંજુર કરતાં પહેલાં પ્રજાનાં દુઃખ દૂર કરવાની માગણી કરી. |
| ૧૬૦૩ | જેમ્સ ૧લાનું રાજ્યારોહણ. | ઈંગ્લેન્ડ અને સ્કૉટલેન્ડ એક રાજાની આણ નીચે આવ્યાં. |
| ૧૬૨૮ | હકની અરજી. | રાજાની આપઅખત્યારી સત્તા પર અંકુશ મુકાયો. |
| ૧૬૪૦–૬૦ | લાંબી પાર્લમેન્ટ. | ચાર્લ્સ ૧લાનાં આપઅખત્યારી કાર્યો રદ કરી તેના સલાહકારોનો વધ કરવામાં આવ્યો. સૈન્યસત્તાનું રાજ્ય સ્થપાયું. |
| ૧૬૬૦ | ચાર્લ્સ બીજો ગાદીએ આવ્યો. | સૈન્યસત્તાનો અંત. પ્યૂરિટનોએ કરેલી રાજ્યક્રાન્તિ નિષ્ફળ ગઈ. |
| ૧૬૭૯ | હેબિઆસ કોર્પસ કાયદો. | રાજસત્તા પર કાપ મુકાયો. ન્યાયપદ્ધતિ નિર્મળ કરવામાં આવી. |
| ૧૬૮૮ | રાજ્યક્રાન્તિ. | લોકસત્તાનો જય: ઈશ્વરી હકના સિદ્ધાન્તને ફટકો. |
| ૧૬૮૯ | હકપત્રિકા. સૈન્યનો કાયદો. | રાજાપ્રજા વચ્ચે કરાર થયા. |
| | ધર્મસહિષ્ણુતાનો કાયદો. | પાર્લમેન્ટનું ઉપરીપદ સ્થપાયું. |
| ૧૬૯૪ | ત્રિવાર્ષિક કાયદો. | |

| | | |
|---|---|---|
| ૧૭૦૧ | ઉત્તરાધિકારનો કાયદો. | રાજહક પર દબાણ. વંશપરંપરાથી નહિ, પરંતુ લોકની ઇચ્છાથી રાજગાદી મળે, એવો સિદ્ધાંત સ્થપાયો. |
| ૧૭૦૭ | ઈંગ્લેન્ડ અને સ્કૉટલેન્ડની પાર્લમેન્ટનો સંયોગ. | ઈંગ્લેન્ડ–સ્કૉટલેન્ડ વચ્ચેની નિત્યની ઈર્ષા દૂર થઈ. બંને દેશનું હિત એક થયું. |
| ૧૭૧૫ | વિદ્રોહનો કાયદો. | દેશમાં વ્હિગ પક્ષનો પગ મજબુત થયો. |
| ૧૮૦૧ | ગ્રેટબ્રિટન અને આયર્લૅન્ડનું જોડાણ. | કેથોલિકોનો અસંતોષ તીવ્ર થયો. |
| ૧૮૨૯ | કેથોલિક ધર્મવાળાને છૂટ. | પાર્લમેન્ટમાં આવવા માટે કેથોલિક ધર્મવાળાને છૂટ થઈ. |
| ૧૮૩૨ | સુધારાનો કાયદો. | પાર્લમેન્ટમાં પેઠેલો સડો દૂર કરી તેને પ્રજાની ખરેખરી પ્રતિનિધિ બનાવવાનો પ્રથમ પ્રયત્ન કરવામાં આવ્યો. |
| ૧૮૬૭ | સુધારાનો બીજો કાયદો. | મતાધિકારનો વિસ્તાર. |
| ૧૮૭૨ | ગુપ્ત મત આપવાનો કાયદો. | પ્રતિનિધિ પસંદ કરવામાં બહારનું દબાણ ટાળી દઈ મતદારનું સ્વાતંત્ર્ય સાચવવામાં આવ્યું. |
| ૧૮૮૪ | સુધારાનો ત્રીજો કાયદો. | મતાધિકારનો વધારે વિસ્તાર. |
| ૧૯૧૨ | પાર્લમેન્ટનો કાયદો. | અમીરોની સભાની સત્તા પર કાપ પડયો. આમની સભા સર્વોપરિ બની. |
| ૧૯૧૮ | *પ્રજાપ્રતિનિધિત્વનો કાયદો.* | ૩૦ વર્ષ ઉપરની સ્ત્રીને મતાધિકાર મળ્યો. |
| ૧૯૧૯ | હિંદના રાજ્યવહીવટનો કાયદો. | મૉન્ટ–ફર્ડ સુધારા દાખલ થયા. |
| ૧૯૨૨ | આયર્લૅન્ડને સ્વરાજ્ય આપવાનો કાયદો. | આયરિશ પ્રજાના સ્વાતંત્ર્યયજ્ઞની સમાપ્તિ. |
| ૧૯૨૪ | મજુરપક્ષનું પ્રધાનમંડળ. | મજુરપક્ષ અધિકારપદે આવવાનો બનાવ પહેલવહેલો બન્યો. |
| ૧૯૨૮ | પાર્લમેન્ટનો સુધારો. | ૨૧ વર્ષની ઉંમરનાં સ્ત્રીપુરુષોને મતાધિકાર અપાયો. |
| ૧૯૩૧ | રાષ્ટ્રીય પ્રધાનમંડળ સ્થપાયું. | |
| ૧૯૩૫ | હિંદના રાજ્યવહીવટનો ખરડો. | હિંદમાં સમવાયતંત્રના ધોરણે રાજ્ય ચલાવવા નવો કાયદો પસાર થયો. |

# પરિશિષ્ટ ૨જું

## સમયરેખા

| રાજાનું નામ | બનાવો (બ્રિટન) | સાલ | બીજા દેશોના બનાવો |
|---|---|---|---|
| સ્ટુઅર્ટ વંશ. ૧૬૦૩–૧૭૧૪ | | ૧૬૦૦ | |
| જેમ્સ ૧લો ૧૬૦૩–૧૬૨૫ | જેમ્સ ૧લો ગાદીએ આવ્યો. | | |
| | હેમ્પ્ટન કોર્ટ કૉન્ફરન્સ | | |
| | દારૂગોળાનું કાવતરૂં | | |
| | | | સેમ્યુઅલ ડી ચેપ્લેને કિવબેકમાં ફ્રેન્ચ સંસ્થાન સ્થાપ્યું. |
| | | ૧૬૧૦ | |
| | અલ્સ્ટર પરગણું સ્થપાયું. | | અલ્સ્ટરની સ્થાપના |
| | | | ઇસ્ટ ઇન્ડિઆ કંપનિએ સુરતમાં કોઠી નાખી. |

| રાજાનું નામ | બનાવો (બ્રિટન) | સાલ | બીજા દેશોના બનાવો |
| --- | --- | --- | --- |
| | | | ૩૦ વર્ષની લડાઈ શરૂ થઈ. |
| | | ૧૬૨૦ | ન્યુ ઈંગ્લૅન્ડ સંસ્થાનની સ્થાપના. |
| | બેકન પર કામ ચલાવ્યું. | | વલંદાઓએ એમ્બોયનામાં અંગ્રેજોની કતલ કરી. |
| | ચાર્લ્સ ૧લો ગાદીએ આવ્યો. | | |
| ચાર્લ્સ ૧લો. ૧૬૨૫-૧૬૪૯ | | | |
| | પ્રજાના હકોની અરજી. | | |
| | | ૧૬૩૦ | કેરોલીના સ્થપાયું. |
| | | | મેરીલૅન્ડની સ્થાપના. |
| | નૌકાવેરો નંખાયો. | | |

દેશરક્ષક ક્રોમ્વેલ.
૧૬૪૯–૧૬૬૦

સ્કૉટ લોકોએ કરેલા કરાર — કૉનેકટીકટ સ્થપાયું.

૧૬૪૦ લોંગ પાર્લમેન્ટ મળી.

ગ્રાન્ડ રીમૉન્સ્ટ્રન્સ

આંતરવિગ્રહ

ન્યુ ઈંગ્લેન્ડ ફીડરેશન

ધર્માધ્યક્ષ લૉડને ફાંસી

પ્રાઈડઝ પર્જ

ચાર્લ્સને ફાંસી : પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના

૧૬૫૦

નૅવિગેશન ઍક્ટ

ઈન્સ્ટ્રુમેન્ટ ઑવ્ ગવર્નમેન્ટ

અંગ્રેજોએ જમૈકા મેળવ્યું.

ડન્કર્ક જીતાયું.

૧૬૬૦ ચાર્લ્સ બીજાનું પુનરાગમન

| રાજાનું નામ | બનાવો (બ્રિટન) | સાલ | બીજા દેશોના બનાવો |
|---|---|---|---|
| ચાર્લ્સ બીજો. ૧૬૬૦–૧૬૮૫ | | | પોર્ટુગલના રાજા પાસેથી ચાર્લ્સ બીજાને મુંબઈ બેટ પહેરામણીમાં મળ્યો. તે ઈસ્ટ ઇન્ડિઆ કંપનિને વાર્ષિક ૧૦ પૌન્ડે ભાડે આપ્યો. |
| | બીજો ડચ વિગ્રહ | | |
| | ત્રિરાજ્ય સંધિ | | |
| | ડોવરની ગુપ્ત સંધિ | ૧૬૭૦ | |
| | ધાર્મિક છૂટનું જાહેરનામું | | |
| | કસોટીનો કાયદો | | |
| | હેબિઆસ કૉર્પસ ઍક્ટ | ૧૬૮૦ | |
| | ચાર્લ્સ બીજાનું મૃત્યુ. જેમ્સ બીજો ગાદીએ. | | |

| | | | |
|---|---|---|---|
| જેમ્સ બીજો. ૧૬૮૫–૧૬૮૮ | | | અંગ્રેજોએ કલકત્તામાં કોઠી નાખી. |
| વિલિયમ ત્રીજો અને મેરી. ૧૬૮૯–૧૭૦૨ | રાજ્યક્રાન્તિ<br>પ્રજાના હકનું જાહેરનામું<br>બૉઈનની લડાઈ | ૧૬૯૦ | |
| | | | આયર્લેન્ડ માટે સજાના કાયદા. |
| | ગ્લૅન્કોની કતલ | | |
| | ઈંગ્લેન્ડની બૅંક સ્થપાઈ. | | |
| | | | ડૅરિઅનની યોજના. |
| | | ૧૭૦૦ | વિભાગ સંધિઓ. (સ્પેનના ગાદીવારસા માટે) |
| | ગાદીવારસાનો કાયદો<br>એન રાણી ગાદીએ આવી. | | |
| એન રાણી ૧૭૦૨–૧૭૧૪ | બ્લેનહીમની લડાઈ | | અંગ્રેજોએ જીબ્રાલ્ટર જીત્યું. |
| | ઈંગ્લેન્ડ અને સ્કૉટલેન્ડનું જોડાણ | | ઔરંગઝેબનું મૃત્યુ. |

| રાજાનું નામ | મુખ્ય પ્રધાન | બનાવો (બ્રિટન) | સાલ | બીજા દેશોના બનાવો |
|---|---|---|---|---|
| | | | ૧૭૧૦ | |
| | | | | ચાર્લ્સ છઠ્ઠો ઑસ્ટ્રિઆની ગાદીએ. |
| હેનોવર વંશ. ૧૭૧૪–૧૯૧૪ | | | | |
| | | યુટ્રેક્ટની સંધિ | | |
| જ્યૉર્જ ૧લો. ૧૭૧૪–૧૭૨૭ | | એનનું મૃત્યુ | | |
| | | જેમ્સ એડવર્ડનો બળવો | | લુઈ પંદરમો ફ્રાન્સની ગાદીએ આવ્યો. |
| | | સપ્તવાર્ષિક કાયદો | | |
| | | | | |
| | | | | |
| | | | ૧૭૨૦ | |
| | | સાઉથ સી બબલ | | |
| | વૉલ્પોલ ૧૭૨૧–૧૭૪૨ | વૉલ્પોલ પ્રધાનપદે | | |
| | | | | |
| | | | | |
| | | | | ચાર્લ્સ છઠ્ઠાનું વસીયતનામું. |
| | | | | |
| | | | | |
| | | જ્યૉર્જ બીજો ગાદીએ | | |
| જ્યૉર્જ બીજો. ૧૭૨૭–૧૭૬૦ | | | | |

| | | | |
|---|---|---|---|
| | | ૧૭૩૦ | |
| | વોલ્પોલનું એકસાઈઝ બિલ | | |
| | જેન્કીનના કાનનો વિગ્રહ | | |
| | ઑસ્ટ્રિઆનો ગાદીવારસાનો વિગ્રહ | ૧૭૪૦ | મૅરિયા થેરેસા ઑસ્ટ્રિઆની ગાદીએ. |
| વિલ્મિંગ્ટન અને પેલ્હામ. વ્હિગ. ૧૭૪૨–૧૭૫૪ | | | ફ્રેડરિકે સાઈલિશિઆ જીતી લીધું. |
| | ચાર્લ્સ એડવર્ડનો બળવો | | ફોન્ટેનૉયમાં અંગ્રેજોનો પરાજય. |
| | | | એ–લા–શાપેલની સંધિ. |
| | | ૧૭૫૦ | |
| | | | કલાઈવની આર્કટની જીત. |

| રાજાનું નામ | મુખ્ય પ્રધાન | બનાવો (બ્રિટન) | સાલ | બીજા દેશોના બનાવો |
|---|---|---|---|---|
| | ન્યૂકેસલ. ૧૭૫૪–૧૭૬૩ | | | |
| | | વિલિયમ પિટ્ટ–યુદ્ધમંત્રી સપ્તવાર્ષિક વિગ્રહ વુલ્ફે કિવબેક જીત્યું. જ્યૉર્જ ત્રીજો ગાદીએ | ૧૭૬૦ | વૉન્દીવાશના યુદ્ધમાં ફ્રેંચોની હાર. |
| જ્યૉર્જ ત્રીજો. ૧૭૬૦–૧૮૨૦ | | પેરિસની સંધિ | | |
| | બ્યુટ. ગ્રેન્વીલ. રોકિંગ-હામ. ચેધામ. ગ્રેફ્ટન. | સ્ટૅમ્પ ઍક્ટ | | |
| | | | ૧૭૭૦ | |
| | લૉર્ડ નૉર્થ ૧૭૭૦–૧૭૮૨ | બોસ્ટન ટી પાર્ટી | | |

| વડો પ્રધાન | ઇંગ્લેન્ડ | વર્ષ | અન્ય બનાવો |
|---|---|---|---|
| | | | સંસ્થાનોની પહેલી કૉન્ગ્રેસ મળી. |
| | | | બંકરહિલની લડાઈમાં ઈંગ્લેન્ડનો વિજય. |
| | | | સંસ્થાનોએ સ્વતંત્રતાનું જાહેરનામું બહાર પાડયું. |
| | | ૧૭૮૦ | |
| નૉર્થ–ફૉકસ | | | |
| પિટ્ટ. ૧૭૮૩–૧૮૦૧ | નાનો પિટ્ટ પ્રધાનપદે. વર્સેલ્સની સંધિ | | સંસ્થાનો સ્વતંત્ર થયાં. |
| | પિટ્ટનું હિન્દી બિલ | | |
| | ફ્રાન્સ સાથે વેપારી કરાર | | |
| | | ૧૭૯૦ | બેસ્ટીલના કિલ્લા પર હલ્લો. ફ્રાન્સની રાજ્યક્રાન્તિ. |
| | | | પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના. |
| | | | ફ્રાન્સનાં રાજા–રાણીનો વધ. |
| | | ૧૭૯૫ | |

| રાજાનું નામ | મુખ્ય પ્રધાન | બનાવો (બ્રિટન) | સાલ | બીજા દેશોના બનાવો |
|---|---|---|---|---|
| | પિટ્ટ ૧૭૮૩–૧૮૦૧ | નાઈલનું યુદ્ધ | | |
| | | નેપોલિયન સરમુખત્યાર બન્યો. | ૧૮૦૦ | ઈંગ્લેન્ડની પાર્લમેન્ટ અને આયરિશ પાર્લમેન્ટનું જોડાણ. |
| | | કોપનહેગનનું યુદ્ધ | | |
| | ઍડિંગ્ટન | | | |
| | પિટ્ટ | | | નેપોલિયન શહેનશાહ બન્યો. |
| | ગ્રેન્વીલ. પોર્ટલેન્ડ પર્સીવલ. | ટ્રફાલ્ગરનું યુદ્ધ અને નેલ્સનનું મરણ | | |
| | | નાના પિટ્ટનું મૃત્યુ | | બર્લિનનાં ફરમાન. |
| | | | ૧૮૧૦ | દ્વીપકલ્પીય વિગ્રહો. |
| | | | | મોસ્કો તરફ નેપોલિયનની કૂચ. |
| | લિવરપૂલ ૧૮૧૨–૧૮૨૭ | | | |
| | | વૉટર્લુનું યુદ્ધ | | નેપોલિયન સેંટ હેલીનામાં કેદી તરીકે. |

| | | | | |
|---|---|---|---|---|
| જ્યૉર્જ ચોથો. ૧૮૨૦–૧૮૩૦ | | | ૧૮૨૦ | |
| | | | | આયર્લૅન્ડમાં કૅથોલિક એસોસિએશનની સ્થાપના. |
| | | ઈંગ્લેન્ડમાં રેલવે | | |
| | કૅનિંગ. ગોડરીક. વેલિંગ્ટન. | | | |
| | | સ્ટીવન્સનનું રૉકેટ | | આયરિશ રોમન કૅથોલિક બંધનમુક્તિ. ગ્રીસની સ્વતંત્રતા. |
| વિલિયમ ચોથો. ૧૮૩૦–૧૮૩૭ | ગ્રે | | ૧૮૩૦ | |
| | | પહેલો સુધારાનો કાયદો | | |
| | | પહેલો ફૅક્ટરી ઍક્ટ. ગુલામીનો અંત | | |
| | મેલ્બોર્ન. પીલ | ગરીબોના કાયદામાં સુધારો | | |
| | મેલ્બોર્ન | હકપ્રાર્થીઓની ચળવળ | | સાઉથ ઑસ્ટ્રેલિયામાં સંસ્થાન સ્થપાયું. "ધી ગ્રેટ ટ્રૅક" |
| | | | | લૉર્ડ ડર્હામનું નિવેદન (કૅનેડા) |

| રાજાનું નામ | મુખ્ય પ્રધાન | બનાવો (બ્રિટન) | સાલ | બીજા દેશોના બનાવો |
|---|---|---|---|---|
| મહારાણી વિક્ટોરિઆ. ૧૮૩૭–૧૯૦૧ | | ટપાલની યોજના | ૧૮૪૦ | |
| | પીલ ૧૮૪૧–૧૮૪૬ | | | ચીન તરફથી હોંગકોંગ મળ્યું. |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | આયર્લેન્ડમાં દુકાળ. |
| | | અનાજના કાયદા રદ થયા. | | સ્પેનનો લગ્નપ્રશ્ન. |
| | લૉર્ડ જ્હૉન રસેલ ૧૮૪૬–૧૮૫૨ | | | |
| | | | | બળવાનું વર્ષ. |
| | | | | |
| | | | ૧૮૫૦ | |
| | | મહાન્ પ્રદર્શન | | |
| | ડર્બી | | | |
| | એબર્ડિન | | | |
| | | | | |
| | પામર્સ્ટન | | | |
| | | | | |
| | | | | હિંદમાં બળવો. |
| | ડર્બી | | | |
| | પામર્સ્ટન ૧૮૫૯–૧૮૬૫ | | | |
| | | | ૧૮૬૦ | |

| | | | |
|---|---|---|---|
| પામર્સ્ટન ૧૮૬૫ સુધી | પ્રિન્સ આલ્બર્ટનું મરણ | | બિસ્માર્ક પ્રશિઆનો મુખ્ય પ્રધાન બન્યો. |
| રસેલ. ડર્બી. ડિઝરાયેલી. | પાર્લમેન્ટના સુધારાનો બીજો કાયદો | | ઑસ્ટ્રિઆ-પ્રશિઆની લડાઈ |
| ગ્લેડસ્ટન ૧૮૬૮–૧૮૭૪ | પ્રજાકીય કેળવણીનો કાયદો | ૧૮૭૦ | જર્મન મહારાજ્યનો પાયો નંખાયો. |
| | બેલટ ઍક્ટ | | |
| ડિઝરાયેલી ૧૮૭૪–૧૮૮૦ | મજુરપક્ષ પહેલવહેલો પાર્લમેન્ટમાં આવ્યો. | | |
| | વિક્ટોરિઆ હિંદનાં મહારાણી બન્યાં. | | રશિઆ-ટર્કીની લડાઈ<br>બર્લિનની સંધિ |
| ગ્લેડસ્ટન ૧૮૮૦–૧૮૮૫ | | ૧૮૮૦ | બોર લોકોની મેજુબાહિલ આગળ જીત, અને રશિઆમાં ત્રીજો એલેક્‌ઝાન્ડર રાજા બન્યો. |

| રાજાનું નામ | મુખ્ય પ્રધાન | બનાવો (બ્રિટન) | સાલ | બીજા દેશોના બનાવો |
|---|---|---|---|---|
| મહારાણી વિક્ટોરિયા. ૧૮૩૭–૧૯૦૧ | | પાર્લમેન્ટની સુધારણાનો ત્રીજો કાયદો. | | |
| | સૅાલ્સબરી ગ્લેડસ્ટન સૅાલ્સબરી ૧૮૮૬–૧૮૯૨ | આયર્લૅન્ડનું પ્રથમ હોમરૂલ બિલ | | |
| | | | ૧૮૯૦ | બિસ્માર્કની પડતી. |
| | ગ્લેડસ્ટન ૧૮૯૨–૧૮૯૪ | આયર્લૅન્ડનું બીજું હોમરૂલ બિલ | | |
| | રોઝબરી | | | નિકોલસ રશિઆનો ઝાર બન્યો. |
| | સૅાલ્સબરી ૧૮૯૫–૧૯૦૨ | | | |
| | | | ૧૯૦૦ | ઑસ્ટ્રેલિઆનાં બ્રિટિશ સંસ્થાનોનું એકીકરણ. |
| એડવર્ડ સાતમો. ૧૯૦૧–૧૯૧૦ | | | | બોઅર લોકો તાબે થયા. |
| | બાલ્ફર ૧૯૦૨–૧૯૦૫ | | | |

| રાજા | પ્રધાન | દેશના બનાવો | વર્ષ | બીજા બનાવો |
|---|---|---|---|---|
| | કેમ્પબેલ બેનરમેન ૧૯૦૫–૧૯૦૮ | | | ટ્રાન્સવાલને સ્વરાજ્ય મળ્યું. |
| | એસ્કિવથ ૧૯૦૮–૧૯૧૬ | | | |
| જ્યૉર્જ પાંચમો. ૧૯૧૦–૧૯૩૬ | | | ૧૯૧૦ | સાઉથ આફ્રિકાનું સંયુક્ત રાજ્ય બન્યું. |
| | | પાર્લમેન્ટનો કાયદો | | |
| વિંડસર વંશ ૧૯૧૪–ચાલુ | | મહાન્ વિગ્રહની શરૂઆત | | |
| | લૉઈડ જ્યૉર્જ ૧૯૧૬–૧૯૨૨ | સ્ત્રીઓને મતાધિકાર | | |
| | | | ૧૯૨૦ | પ્રજાસંઘની સ્થાપના–રશિઅન ક્રાન્તિ. |
| | | | | આયર્લેન્ડ ફ્રી સ્ટેટ બન્યું. |
| | બોનર લૉ | | | |
| | બાલ્ડવિન | | | |
| | મૅકડોનાલ્ડ | પહેલું મજુર પ્રધાનમંડળ | | જર્મની પ્રજાસંઘમાં ભળ્યું. |

| રાજાનું નામ | મુખ્ય પ્રધાન | બનાવો (બ્રિટન) | સાલ | બીજા દેશોના બનાવો |
|---|---|---|---|---|
| | | પુખ્ત ઉંમરનાં સ્ત્રી-પુરુષોને મતાધિકાર | | કેલોગ પૅકટ<br>ર્‌હાઈનલેન્ડમાં જર્મનીનો પ્રવેશ. |
| | મૅકડોનાલ્ડ | | ૧૯૩૦ | |
| | | નેશનલ પ્રધાનમંડળ | | સ્પેન પ્રજાસત્તાક બન્યું.<br>દુનિયાની આર્થિક પરિસ્થિતિમાં મંદી |
| | બાલ્ડવિન | જ્યૉર્જ પાંચમાનો રૌપ્યમહોત્સવ | | હિંદ માટેનો બંધારણનો કાયદો. |
| જ્યૉર્જ છઠ્ઠો.<br>૧૯૩૬થી ચાલુ | | પાંચમા જ્યૉર્જનું મરણ | | |
| | | એડવર્ડ ગાદીએ-ગાદીત્યાગ | | |
| | નેવિલ ચેમ્બરલઈન | જ્યૉર્જ છઠ્ઠાનું રાજ્યારોહણ | | |
| | | | ૧૯૪૦ | |

## પરિશિષ્ટ ૩જું

# પ્રશ્નો

1. Write briefly about the political, social, and religious conditions of the people in England before the Normans came.

2. How was kingship established by the Tutons? How was the power of the king limited?

3. What do you know about Witan-a-Gamot? Describe its constitution and functions.

4. What do you know about William the Conqueror? Write a short note on his Feudal System.

5. Write short notes on Doomsday Book.

6. How was the throne of England transferred from the Norman family to the Anju family?

## —Plantagenates—

7. Why was there a quarrel between Henry II and Backet? What was the result?

8. What do you know about the Crusades? Name the kings that took part in the Crusades.

9. What is Magna-Charta? Under what circumstances was it signed by king John? Show that it is an important milestone on the way to liberty.

10. Under what circumstances did Wales become a part of England?

11. Write what you know about the main features of the Plantagenate period ?

12. Write short notes on :—

(a) Black Prince, (b) Good Parliament, (c) Lolards.

13. What do you know about the Hundred Years' War ? What was the condition of England at the end of it ?

14. Whom do you consider greater of the two Edward I or Edward III ? Give reasons.

15. What were the effects of the Wars of Roses upon the political condition of England ?

## —Tudors—

1. What was the condition of England when Henry VII came to the throne ? What measures did he take to pacify the country ? ( B. U. 1930 )

2. What were the measures employed by Henry VII to secure the throne to himself and his family and to strengthen the power of the crown ?

3. Briefly discuss the domestic and foreign policy of Henry VII.

4. Why is the accession of Henry VII regarded as marking the beginning of the New Era in the History of England ?

5. What is Reformation ? Why was it received so well in England ? How did Henry VIII break the papal power ? How was the reformed church finally established in England ? ( B. U. 1919 )

6. Discuss the home and foreign policy of Henry VIII.

7. Sketch the careers of Thomas Wolsey, and Martin Luther.

8. Write what you know of Marry Tudor, Marry Queen of Scots, and Lady Jane Grey.

9. What led Philip of Spain to send the Armada to England? How do you account for its defeat? What was the effect of this defeat upon the naval power of England? (B. U. 1927, 1928, 1932.)

10 "Elizabeth found England divided and weak; and left it united and strong." Explain this remark with reference to Elizabeth's difficulties and achievements. (B. U. 1921)

11. "Elizabeth's reign is said to be the Golden Age of the Tudor period." Justify the remark.

12. Describe the literary, commercial, and seafaring activities of the English people in the reign of Elizabeth. (B. U. 1925)

13. How will you show that Elizabeth's reign forms one of the most brilliant periods in English History? (B. U. 1928)

14. Estimate Elizabeth as a woman and as a sovereign. (B. U. 1933)

15. How do you account for the rivalry between England and Spain in tne reign of Elizabeth? How did this rivalry end? (B. U. 1934)

16. Why does the Tudor period indicate the dawn of a new era ? ( B. U. 1934 )

17. Give a brief sketch of the attitude of different Tudor Kings towards Reformation. ( B. U. 1926 )

18. Discuss the attitude of Henry VIII and Elizabeth towards Reformation. (B. U. 1931)

19. How do you account for the despotic power which the Tudor sovereigns were allowed to exercise ? Why were they popular ? (B. U. 1926)

20. What traits marked the character of most of the Tudor sovereigns ? How do you explain the servility of the parliaments of the Tudor period ? ( B. U. 1932 )

21. What were the characteristics common to the Tudor sovereigns ? How do you account for the fact that in the Tudor period the House of Commons increased very much in power and importance ! (B. U. 1928)

22. Write short notes on :—

Star Chamber Court, Statutes of Livery and Maintenance, Pilgrimage of Grace.

23. Write one characteristic sentence on each of the following persons :—

1. Lambert Simnel
2. *Perkin Warbeck*
3. Poyning.
4. Catherine.
5. *Duke of Summerset.*
6. Lady Jane Grey.

7. Marry–Queen of Scots. 
8. Bloody Marry. 
9. Walter Raleigh. 
10. Admiral Drake. 
11. John Hawkins. 
12. Cardinal Wolsey.

24. Arrange the following events in the chronological order :—

1. The Establishment of the E. I. Co.
2. Loss of Calais
3. Translation of Bible
4. Battle of Bosworth
5. The Act of Supremacy
6. Ruin of the Papal power in England.
7. Poyning's law.
8. Defeat of Spain.
9. Luther's protest against Pope.

## —Stuart Period—

1. What do you know of the character of James I ? What made him quarrel with his parliaments? (B. U. 1925)

2. "Never had a sovereign a higher notion of his dignity, never was any less qualified to sustain it." Justify the remark about James I. (B. U. 1925)

3. What are the main points of dispute between James I and his parliaments ?

4. "No man so good was ever so bad a king! No man so fallible believed so honestly in his infallibility." Explain the remark abont the character of Charles I.

5. Describe the main points of dispute between Charles I and the House of Commons.

6. Describe the absolute government of Charles I without parliaments from 1629 to 1640.

7. When and under what circumstances did the Long Parliament meet? Why was it so called? What was the general policy of this parliament in the beginning, and what were the measures passed by it during the first year of its sitting?

8. What were the main points of dispute between Charles I and his parliaments? What is the importance of the Petition of Rights?

9. Who were the chief advisers of Charles I? What influence did they excercise over his policy and with what result? (B. U. 1923)

10. Sketch the career of Oliver Cromwell, describing the part played by him in the Civil War.

11. Show how Oliver Cromwell rose into power. Analyse his system of Government.

12. How did Cromwell come to power after the execution of Charles I? Give a brief sketch of his home and foreign policy. (B. U. 1925)

13. What do you know of Oliver Cromwell as a man, a soldier and a ruler? ( B. U. 1931 )

14. Explain what is meant by the Convention Parliament. Describe the measures passed by it after the Restoration.

15. What do you know about the Cavalier Parliament? What are the acts passed by the said Parliament?

16. State the causes of Charles II's popularity in the beginning of his reign. Why did he grow unpopular after a few years? (B. U. 1924)

17. Describe the home and foreign policy of Charles II.

18. How did Cromwell raise the honour of England abroad? What can be said of Charles II in this respect? (B. U. 1933)

19. What were the relations of Charles II with his parliaments? Compare them with those of Charles I with his parliaments.

20. What was the position of England in the reign of Charles II? How far was the king responsible for it? (B. U. 1926)

21. Mention some of the unconstitutional means of James II, and show how they led to the revolution of 1688. (B. U. 1922–1934)

22. How did James II forfeit the good will of his subjects? (B. U. 1931)

23. What were the results of the revolution of 1688? Why is it called the glorious Revolution?

24. What were the effects of Revolution on (a) The Standing Army (b) Appointment of ministers (c) Position of the judges. (B. U. 1921)

25. How did the Revolution of 1688 affect (a) The relative position of the sovereign and the parliament, (b) Administration of Justice and (c) The grant of supplies of money. (B. U. 1928, 1932.)

26. Why did William accept the crown of England? How far was he supported by the English people in his foreign policy? (B. U. 1924)

27. Give a brief account of the domestic and foreign policy of William III, and account for his unpopularity. What was the position of the parliament in his time? (B. U. 1933)

28. How will you show that William III was a great statesman? Account for his unpopularity and also for the increase in the strength and power of the Parliament in his time. (B. U. 1927)

29. Why was it necessary to bring about the Union of England and Scotland? (1707). How did it affect each of them? (B. U. 1929, 1936.)

30. Write short notes on:—

1. Divine Right of Kings.
2. Petition of Rights.
3. Instrument of Government.
4. Habeas Corpus Act.
5. Declaration of Rights.
6. Civil List.
7. Act of Settlement.
8. Duke of Marlborough.

31. Arrange the following events in the order in which they occurred:—

1. The act of settlement.
2. The Glorious Revolution.
3. The Bill of Rights.
4. Habeas Corpus Act.
5. Secret treaty of Dover.
6. Union of England and Scotland.
7. Test Act.
8. Shipmoney Tax.
9. Death of Charles I.
10. Instrument of Government

32. Write one characteristic sentence on any one of the following :—

1. Buckingham.
2. Strafford.
3. Laud.
4. Hampdon.
5. Clarendon.
6. Denby.
7. Lord Shaftsbury.
8. Monmouth.
9. Marlborough.
10. Sunderland.

## —Hanoverian Period—

1. " The act of settlement gave us a foreign king, and the foreign king gave us a prime minister". Justify the statement of an English Historian.

2. Review the circumstances which enabled the Whigs to maintain their assendency under the first two Georges. (B. U. 1935)

3. Sketch the career of Walpole with particular reference to his services in regard to constitutional, colonial, and financial matters. (B. U. 1923)

4. What, in your opinion, were the strong and weak points of Walpole's administration ? (B. U. 1928)

5. Estimate Walpole as an administrator and as a financier.

6. What was the nature of the rivalry between England and France during the 18th century ? What part did Elder Pitt play in this struggle ? (B. U. 1922)

7. What is the importance of the treaty of Paris ?

8. Show how the Seven Years' War paved the way for the war of Amercian Independence.

9. Explain clearly the meaning of "Patriot King" as used by George III. To what extent did he succeed in his ambition and how? (B. U. 1926)

10. What new principles of Government did George III try to introduce and with what results? (B. U. 1930)

11. Sketch the career of Elder Pitt with special reference to his work as a war minister. (B. U. 1925)

12. Discuss the claims of William Pitt the Earl of Chadham to greatness as a patriot and as a statesman. (B. U. 1933)

13. Briefly describe the causes and effects of the American war of Independence. What was the attitude of the leading English statesmen of the time towards the question ? ( B. U. 1928)

14. How did England's quarrel with the American Colonies begin ? How far were the Americans justified in their resistance ? (B U. 1924)

15. "The blunder of Grenville's ministry cost England her richest colonies in America." What was the blunder ? *What was its result ?*

16. What was the main cause of quarrel between England and the American colonists ? Summarise the views of different English statesmen of the time.

17. Review the policy of Pitt–the Younger before the outbreak of the French Revolution. How did this event affect his domestic policy ? (B. U. 1934)

18. Describe the foreign policy of Younger Pitt and say how far he was successful as a war minister.

19. Compare two Pitts as peace and war ministers. Point out the common features of their character. (B. U. 1927)

20. Briefly describe the causes of the French Revolution.

21. Describe in brief the opinions of the English statesmen on the French Revolution.

22. What was the part played by sea-power in the defeat of Napoleon Bonaparte ? (B. U. 1930)

23. Write short notes on Berlin Decrees versus Orders in Council. Describe their effects. (B. U. 1921)

24. How did Napoleonic wars affect the commerce of England ? To what, do you attribute, the unrest of people after those wars ? What were the results ?

25. What reforms were introduced in the reign of George IV by Huskisson and Peel ?

26. Mention the events under which the disabilities of the Roman Catholics were finally removed. Who were the greatmen whose names are associated with this relief ? (B. U. 1929-1933)

27. What was the state of Franchise in England before the reform Act of 1832 ? Give an account of the struggle that preceded the passing of Reform Bill of 1832. State its provisions and general effects.

28. Give an account of the important political and social reforms introduced in England during the reign of William IV. (B. U. 1925)

29. What were the political and economic grievances of the people of England from the end of the Napoleonic wars to the middle of the 19th century? How were they remedied? (B. U. 1923)

30. What do you know of the Corn-Laws? How did the Anti-Corn-Law League agitate against them? How and when were its efforts rewarded? (B. U. 1636)

31. Explain the reasons which led to the Chartist Movement. What were the demands of the Chartists? How far have those demands been granted? (B. U. 1935)

32. How was England affected by the industrial revolution during the latter half of the 18th century? (B. U. 1921)

33. Give a brief sketch of the career of Lord Palmerston. Why is he called a conservative at home and revolutionist abroad?

34. Give a brief sketch of Gladston's career, and your estimate of him as a statesman. (B. U. 1929)

35. Give a brief estimate of Gladstone as a financier and as a statesman.

36. Sketch the carrer, principles and policy of Disraeli.

37. What were the views of Disraeli on the (a) Abolition of Corn-Laws, (b) The Irish Question, (c) The Eastern Question. (B. U. 1925)

38. Compare and contrast the domestic and foreign policies of Gladstone and Disraeli. (B. U. 1934)

39. Describe briefiy the parliamentary and other reforms in the reign of Victoria.

40. Trace briefly the history of Ireland from the aceession of Henry VII (1485) to the Union of Ireland in 1800.

41. Give a short summary of the relations between England and Ireland from 1800 to 1893. (B. U. 1930)

42. What were the various attempts made to grant Home Rule to Ireland? What has been the attitude of Ireland towards them? (B. U. 1921)

43. Trace the foreign policy of England from 1815 A. D. to 1900 A. D.

44. How was England affected by the Industrial Revolution during the 19th century?

45. Describe, in brief, the social and scientific progress in the 19th century and after.

46. What was the state of Franchise in England before the reform act of 1832? By what stages has this right been extended since then? (B. U. 1922)

47. What were the chief measures of political and social reforms which were passed between 1832 and 1837? (B. U. 1930).

48. Write a note on the growth of the British Empire.

49. Which are the five great self-governing colonies in the British common wealth? What important features are common to them all?

50. How did the Union of south Africa come about?

51. How did Walpole and Newcastle maintain their power as Prime Ministers? State in brief how Pitt the Elder changed the policy and advanced the national interests of England. (B. U. 1936. Nov.)

52. Rearrange the events in Group I in a chronological order and place them opposite the names in Group II with which they are associated:—

| Group I | Group II |
|---|---|
| Repeal of Corn-Laws | Peel |
| Invention of the "Mule" | Feargus O'connor |
| Excise Bill | Walpole |
| Battle of the Nile | Napoleon |
| Berlin Decrees | William Pitt |
| Chartist Movement | Lord North |
| Heights of Abraham | Grenville |
| *Regulating Act* | *Crompton* |
| Stamp Act | Nelson |
| Union between England & Ireland | Wolfe |

53. Rewrite the following in order in which they took place.

(1) Bank Charter Act
(2) First Reform bill
(3) Battle of Trafalgar
(4) Abolition of Slavery
(5) Chartist Movement
(6) South sea Bubble

(7) Capture of Sebastopole

(8) Capture of Quibec

(9) Manchester Massacre

(10) Rebellion of Young Pretender

54. What is the Eastern Question ? How far England succeed in solving it ?

55. What important constitutional measures were passed by the British Parliament in the 19th century ?

56. What were the circumstances that led to the Union of England and Ireland ?

57. Explain the following:—

(a) " Durham made an empire but marred a career ".

(b) " Palmerston was a conservative at home but a liberal abroad ".

58. Answer the following:—

(a) What were the constitutional effects of the Hanoverain Succession ?

(b) How did Gladstone complete his master's work ?

(c) Mention the law governing to the succession to the British throne ?

59. Write short notes on:—

(i) Walpole's Excise Scheme.

(ii) Stamp Act.

(iii) Importance of the battle of Nile.

(iv) The Union of England and Ireland.

(v) Roman Catholic Emancipation.

(vi) The Home Rule Bill for Ireland.

(vii) The Berlin Decree.

(viii) Septennial Act.

60. Write a short character sketch of each of the following:—

(a) James Wolfe (b) John Wilkes (c) Edmond Burke (d) James Fox (e) William Wilberforce (f) Daniel O'connel.

61. Mention in one sentence each the outstanding work or event with which the following persons are associated:—

(1) Bolingbroke
(2) Stanhope
(3) Townshend
(4) John Wesley
(5) General Wolfe
(6) Captain Cook
(7) John Wilkes
(8) Grenville
(9) George Washington
(10) Florence Nightingale

62. Write briefly what you know of the following persons:—

(1) Duke of Wellington
(2) Sir Robert Peel
(3) Palmerston
(4) Gladstone
(5) Disraeli
(6) Parnell

63. Write two characteristic sentences about the following:—

(1) John Cabot
(2) Benjamin Franklin
(3) William Wilberforce
(4) Adam Smith
(5) Rousseau
(6) Lord Nelson
(7) James Watt
(8) Parnell

(9) Thistlewood
(10) George Stephenson
(11) James Macadam
(12) Rowland Hill
(13) Huskisson
(14) David Livingstone
(15) Lord Durham
(16) Richard Cobden

## —British Constitution—

1. Discuss briefly how limited monarchy has been gradually established in England.

2. What are the prerogatives of the British Sovereign? How will you show that they cannot be exercised against the wishes of the House of Commons? (B. U. 1927)

3. Mention the prerogatives of the British Sovereign. How far does he exercise them? (B. U. 1935)

4. What is the position of the Sovereign in the British Constitution? How does he stand in relation to the House of Commons so far as the exercise of his powers is concerned? (B. U. 1931)

5. Write what yon know about the position of the Sovereign and the supremacy of the House of Commons in British Constitution. (B. U. 1923)

6. Write what you know of the composition, constitution, and powers of the House of Commons.

7. Describe the functions and powers of the House of Commons. (B. U. 1935)

8. Describe the present position and functions of the House of Lords. (B. U. 1934)

9. What are the privileges of the House of Lords?

10. State briefly the special functions of the House of Lords and the House of Commons. How far is the upper house useful as a revising chamber? (B. U. 1936)

11. Write what you know of the constitutional functions and the powers of the House of Commons. What are the relations between the two houses of the parliament in matter of money Bills and ordinary Bills?

12. How is the Cabinet formed? Describe the composition of the Cabinet and the position of the Prime Minister as its leader. (B. U. 1936)

13. What do you understand by the Cabinet Government? What are its principal features? How does it secure harmony between the rulers and the ruled?

14. Carefully explain the functions and the constitutional position of the cabinet? How far do you agree with the view that the parliament has vested its powers to the Cabinet?

15. What are the principles observed in the appointment of cabinet ministers? Write what you know of the responsibility of ministers before and after the revolution. (B. U. 1927)

16. What are the relations between the Prime Minister and (a) The Cabinet, (b) The House of Commons, (c) and the King. (B. U. 1930)

17. What causes led to the Parliament Act of 1911, and what charges did it introduce ? (B. U. 1930)

18. Explain :—

(a) " In England the king reigns but does not govern. "

(b) " The cabinet has no existence in the law of the constitution. "

19. Write short notes on :—

(a) Payment of members to the parliament.

(b) Royal prerogatives.

(c) Importance of the House of Lords in the British Constitution.

20. Mention the powers and functions of the House of Lords, and show that it is not an effective check upon the House of Commons.

21. Describe the process by which a bill becomes a law in the British Constitution.

22. What provision is made in the Constitution to overcome a dead lock ? (B. U. 1936 Nov.)

સમાપ્ત